शुभसंग्रह-भाग २ जो

(ટૂંકા અને ઉપયોગી ૧૪૯

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद

સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૫૪૪, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૭

મૂલ્ય રૂપિયા ૧।।।, માર્ગવ્યય અલગ

शुभसंग्रह-भाग २ जो

(ટૂંકા અને ઉપયોગી ૧૪૮ લેખો)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशक: भिक्षु अखंडानंद

સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૫૪૪, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૭

મૂલ્ય પોણા બે રૂપિયા

આવૃત્તિ ૧ લી, પ્રત ૬૦૦૦, સંવત ૧૯૮૪
આવૃત્તિ ૨ જી, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૩

અમદાવાદ—"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
—ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

प्रकाशकनुं निवेदन

આ " શુભસંગ્રહ ભાગ ૨ જા "ની બીજી આવૃત્તિ હોઈ તેની ૫૫૦૦ પ્રતો છપાઇ છે.

પહેલી આવૃત્તિ " વિવિધ ગ્રંથમાળા " દ્વારા સંવત ૧૯૮૨ના ચૈત્ર થી શ્રાવણ માસના અંક તરીકે પ્રસિદ્ધ થઇ હતી. તે ખલાસ થતાં આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથની યોજના સંબંધી આ પછી છપાયલી પહેલી આવૃત્તિના નિવેદનમાં સવિસ્તર જણાવેલું છે. એમાં જણાવેલા ધોરણે શુભસંગ્રહના નવ ભાગો આજસુધીમાં પ્રસિદ્ધ થયા છે. એમાંના ખલાસ થયેલા ૨ થી ૮ ભાગોમાં અપાયલાં મહાન પુરુષોનાં ચરિત્રો જુદાં તારવી કાઢીને " શ્રી આદર્શ ચરિત્રસંગ્રહ ભાગ ૨ જો " નામે ગ્રંથ બે–એક માસ પહેલાં પ્રકટ થયો છે. એ ઉપરાંત એ ભાગોમાં અપાયલા વૈદક સંબંધી લેખો જુદા તારવીને જુદા ' વૈદક સંબંધી વિચારો 'ના નવા ભાગરૂપે અનુકૂળતાએ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ગ્રંથની પહેલી આવૃત્તિમાં આપેલાં ચરિત્રો ઉપલા " આદર્શ ચરિત્રસંગ્રહ ભાગ ૨ જા "માં આવી જતાં હોવાથી તથા વૈદક સંબંધી લેખો હવે પછી જુદા ગ્રંથરૂપે પ્રસિદ્ધ થવાના હોવાથી, આ આવૃત્તિમાંથી તે કમી કર્યાં છે. તદુપરાંત હાલના દેશકાળમાં ઉપયોગી નહિ જણાતા બીજા પણ કેટલાક લેખો કમી કર્યા છે. આ ફેરફારને

લીધે આગલી આવૃત્તિમાં આપેલા ૨૬૦ લેખોને બદલે આમાં ૧૪૮ લેખો છપાયા છે.

પહેલી આવૃત્તિ કદ ઇંચ ૬।।।×૧૦ના ૫૯૨ પૃષ્ઠમાં છપાઈ હતી; તેને બદલે આ આવૃત્તિનાં ૫×૭ાના કદનાં ૫૪૪ પૃષ્ઠ થયાં છે; અને મૂલ્ય ૧।।। રૂપિયા રખાયું છે. તે સરખામણીમાં અગાઉ કરતાં કંઇક વિશેષ જણાશે; પરંતુ કાગળ, બંધામણીના સામાન તથા શાહી ઇત્યાદિના ભાવ પહેલાં કરતાં લગભગ દોઢા થઇ ગયા છે; તેથી આમ મૂલ્યમાં થોડો વધારો કરવો પડયો છે.

આ પછીનાં પૃષ્ઠોમાં પહેલી આવૃત્તિનું વિસ્તૃત નિવેદન અને તે પછી શુદ્ધિપત્ર છપાયું છે; એ તરફ વાચકબંધુઓનું ધ્યાન ખેંચી,

हरिः ॐ तत्सत् ॥

પોષ સુદિ-૧૧,
સંવત ૧૯૯૭.

—ભિક્ષુ અખંડાનંદ

आगली आवृत्तिनुं निवेदन

આ પુસ્તકમાં સંગ્રહાયલા જુદી જુદી બાબતોને લગતા જાણવા-વિચારવા જેવા લેખો સાથે તેના લેખકોનાં નામ તેમજ જે જે સામયિક પત્રો ઉપરથી તે લેવાયા છે તેમનાં નામ પણ બનતાં સુધી અપાયાં છે. આ સ્થળે તે તે તમામ લેખકો, સંપાદકો તેમજ પ્રકાશક મહાશયોનો આભાર માનવામાં આવે છે.

× × × ×

સામયિક પત્રો દ્વારા અનેકવિધ લખાણોનો જે બહોળો પ્રવાહ વહ્યા કરે છે; તેમાં કોઇ કોઇ લેખ રત્ન જેવો હોય છે; તે પણ બીજાં સામાન્ય લખાણો ભેગો સ્વલ્પ સમયમાં હંમેશ માટે નષ્ટ થઇ જાય છે. એવા વિશેષ ઉપયોગી લેખોને ચૂંટતા ચાલી, તેને સંગ્રહગ્રંથરૂપે દીર્ઘાયુષી અને જનસમાજના સદા માટે વફાદાર સાથી બનાવવા, એ પણ આ સેવકને મન એક અગત્યનું સેવાકાર્ય છે. તેથી આજથી બારેક વર્ષ પર "વિવિધ ગ્રંથમાળા" દ્વારા એક લેખસંગ્રહ ગુજરાતી લિપિમાં અને હિંદી ભાષામાં છપાયો હતો. એના નિવેદનમાં બીજી હકીકત ઉપરાંત એવા સંગ્રહોની આવશ્યકતા અને હિતાવહતા વિષે તેમજ તે દેશભાષા (હિંદી)માં પ્રસિદ્ધ કરવાના વિશેષ લાભો વિષે કેટલુંક જણાવાયું હતું; તેથી આ સ્થળે પણ તેમાંનો ઘણોખરો ભાગ આ સેવકની તેની તેજ ભાંગીતૂટી હિંદી ભાષામાં આ નીચે (સહજ ફેરફાર સાથે) અપાય છે.

"તીસ કોટી જનસંખ્યા કો ધારણ કરનેવાલા યહ વિશાલ ભારતવર્ષ કો અપને હી પૈદા કિયે હુએ ઔર બઢાયે હુએ ભેદભાવ, સ્વાર્થવૃત્તિ ઔર દ્વેષાદિ દૈત્યોં કી દુષ્ટતા સે કૈસી કૈસી કાતિલ દુર્દ-

શાયેં ઇ. સ. ૧૦૦૦ કે બાદ ભોગની પડી; ઔર ઉનકે મારે વહ અપની અસલી દશા કો તો ક્યા, પરંતુ તત્કાલીન દુર્દશા કો ભી ભૂલતા હુઆ કૈસી બેહોશી મેં ગીર પડા થા, યહ દુઃખપ્રદ બાત યહાં યાદ આ જાતી હૈં."

"કોઈ ભી વ્યક્તિ અથવા પ્રજા કે ઉપર કિસી મહાપીડા કા આ પડના ખુદ ઉનકા હી કોઇ ભારી દોષ વા પાપ કે બિના નહીં બન સકતા, જહાં તક ઉનકે અપને અંગ મેં કોઇ મુખ્ય અવગુણ-રૂપી અંતઃશત્રુ ઉદિત હોકર બઢ જાતા નહીં; વહાં તક મકદુર નહીં કિસી બાહ્યનિમિત્ત કી કિ વહ આકર ઉનકો સતા સકેં. સ્થૂલદષ્ટિ સે ભલે હી કહા જાવેં કિ ભારત કો સતાને ઔર ગીરાનેવાલી અમુક બહાર કી પ્રજા અથવા વ્યક્તિયાં થી; પરંતુ યથાર્થ દષ્ટિ સે દેખા જાય તો વહ સબ માત્ર બાહ્યનિમિત્તરૂપ હી થી ઔર સચ્ચે શત્રુ તો વહ અંદર કે હી શત્રુ થે. ઉન શત્રુઓં કે વશ હોકર જબ ઉનકે મુખ્ય અંગભૂત પ્રાન્ત હી એકદૂસરે સે લડલડતે હુએ નિર્બલ હો ચલે થે; તબ ફિર કિસી બાહર કી લોભી પ્રજા આ ચઢેં ઔર નિર્બલતા કા લાભ અચ્છી તરહ ઉઠાવેં યહ બાત સ્વાભાવિક હી થી."

"જયચંદ અગર અપને પડોશી દેશબંધુ પૃથ્વીરાજ કે પ્રતિ અતિદ્વેષી નહીં બનતા; બન કર કે ભી દેશ કે ભીતર હી ભીતર કામ લેતા ઔર શાહબુદ્દીન ઘોરી કો બહાર સે નહીં બુલાતા; તો પૃથ્વીરાજ ચહુઆન કી ગૌ બન કર છૂટનેવાલા વહ બાદશાહ કી મકદૂર હી ક્યા થી જો ફિર યહાં આ સકે? વહ ચઢ ભી આયા, પરંતુ પૃથ્વીરાજ કી વિલાસપ્રિયતા અગર ઉતની બઢ ગઇ નહીં હોતી ઔર સામના કરને મેં વહ ઇતના પ્રમાદ નહીં કરતા, તો સાક્ષાત્ રુદ્ર જૈસા મેવાડેશ્વર રાના સમરસિંહ જૈસા સહાયક હોને પર ભી ઉન પૃથ્વીરાજ કી હાર કૈસે હો સકતી થી? તાત્પર્ય યહ કિ અવગુણરૂપ અંતઃશત્રુઓં કે બઢ જાને સે હી દેશ કો સેંકડો વર્ષ તક બાહ્યશત્રુ કે અધીન હોકર મહાદુર્દશા ભોગની પડી થી. દેશ કે પુનરુદ્ધાર કે અભિલાષી સુપુત્ર અકબર ઔર શિવાજી જૈસે કોઇ કોઇ સિતારે ભારત કે કાલે ભાગ્યાકાશ મેં ચમક ભી ચૂકે; પરંતુ

જહાં તક જ્ઞાનરૂપ સૂર્ય કા ઉદય તથા ઉનકી સદ્‌ગુણરૂપી કિરણોં કા અસલી પ્રકાશ દૂર થા; જહાં તક અજ્ઞાનરૂપ કાલી રાત્રિ હર જગહ અપના અમલ ચલા રહી થી; જહાં તક ઉન અંતઃશત્રુરૂપ નિશાચરોં કા કાબૂ દેશવ્યાપી હો રહા થા; વહાં તક ઉન સિતારોં કા પ્રકાશ સ્થાયી ઔર સુખસંપત્તિદાયક કૈસે હો સકતા થા ? કુછ આશ્વાસનરૂપ હો કર કે ભારત કે વહ પ્યારે સિતારે ભી એક પીછે એક આયે, ઔર અપની અશાશ્વત ચમક દમક દિખા કર ચલ બસે. બસ હો ચૂકા; અબ વહ નિશાચર સબ કા સબ જોર લગાતે હુએ વિશેષ પીડા દેને લગે."

"મહારાષ્ટ્રીય સેનાનાયકોં કે આન્તરિક દ્વેષ કે મારે અંતિમ ભારતીય મહાયુદ્ધ મેં દુરાની કે હાથ લક્ષાવધિ ભારતીય વીરોં કા નષ્ટ હોના; તથા ઈનકે મારે લક્ષાવધિ સ્ત્રી, વૃદ્ધ ઔર બાલકોં કા અનાથ, અનાશ્રિત હોકર અતિ આક્રંદ કરના; યહ ભારત કે લિયે થોડે દુઃખ કી બાત નહીં થી."

"એક દૂસરી અંતઃપીડા ને ભારત કા દુઃખ ઔર ભી બઢા દિયા. મહાન મોગલસમ્રાટોં કી દરબાર મેં અપની વજ્રમય છાતી નિકાલકર અડનેવાલા; ઉનકા દક્ષિણ હસ્તરૂપ બન કર અપને બાહુબલ સે સારે ભારત મેં ઔર કાબૂલ-કંદહાર મેં ભી ઉનકી બાદશાહી કો ફૈલાનેવાલા વો વીરભૂમિ રાજસ્થાન; પિછલે જુલ્મી સમ્રાટોં કી દી હુઇ અસહ્ય યાતનાઓં કો સહ કર કે ભી અબ તક અપને કો થોડા બહુત સમાલ સકનેવાલા વહ રાજસ્થાન; ઇનકા અપને હી છોટે ભાઇ મહારાષ્ટ્ર કે હાથ સે લૂટા જાના, જલાયા જાના ઔર પ્રબલ હત્યાકાંડ મચાયા જાના ! ભલા ઇસ સે બઢ કર કે વિશેષ પેટ-પીડા યહ ભારતપિતા કે લિયે દૂસરી કૌન હો સકતી થી ?"

"પરંતુ ઇતની મહાપીડા સહ કર કે ભી ભારત કા છૂટકા કહાં હો સકતા થા ! અંદર અંદર કી કુટ-ફાટ તથા સંકીર્ણતા કે બોયે હુએ બીજોં સે બના હુઆ 'અંતર્દ્વેષ' નામક વૃક્ષ, જો અબ સારે ભારત કો અપની વિષમય છાયા મેં દબા ચૂકા થા, ઇનકે ઔર ફલ ભી ઇનકો ભુગતને બાકી થે."

" સોમનાથ જૈસે ધર્મસ્થાન કા લૂટે જાના તો યહ ભારત શુરૂ મેં હી ભોગ ચૂકા થા; પરંતુ વહ તો વિદેશી વિધર્મી કે હાથ સે હુઆ થા ! અબ કિસી હિંદુ કે હાથ સે ભી તો હોના ચાહિયે ? હોલ્કર કે હાથ સે વહ ભી હો ચૂકા. નાથદ્વારે કે હિંદુધર્મતીર્થ પર ઉન હિંદુ કે હાથ સે હી અત્યાચાર હોના, શ્રીકૃષ્ણ કી મૂર્તિ કો ગાલી ઔર તિરસ્કાર સે અપમાનિત કરના તથા ઉન મંદિર કો લૂંટા જાના ભી બન ચૂકા ! ! "

" પાઠક ! ગભરાઇયે મત, ઇતને સે છૂટકારા નહીં. ઘોર દોષ-પાપ તો પ્રાણ કો લે કર કે હી પલ્લા છોડ સકતે હૈં, ઐસા ન હોવે વહાં તક એક સે એક બઢિયા પ્રયોગોં કા ઉનકે પાસ ઘાટા નહીં થા. અબતક તો હુઆ થા માત્ર શ્રીકૃષ્ણ કા હી અપમાન. અબ કૃષ્ણા કી ભી દુર્દશા હોની ચાહિયે ન ! આપને પઢા હોગા કિ ભારત કે અધઃપાત કા યંત્રરૂપ વો પ્રાચીન ભારતીય યુદ્ધ કી જડ, વહ ભારત કે શીલ-સૌંદર્ય કી મૂર્તિ કૃષ્ણા (દ્રૌપદી) કે ઘોર અપમાન સે હી શુરૂ હુઇ થી. નિર્દોષ સ્ત્રીજાતિ કે વૈસે હી ગહરે શાપરૂપી બલ કી ઉન દુર્ગુણ-દૈત્યોં કો આવશ્યકતા થી. ઉસી કૃષ્ણા અથવા દ્રૌપદી સે ભી અત્યંત નિર્દોષ ષોડષ વર્ષીયા કુમારિકા-મેવાડેશ્વર રાના ભીમસિંહ કી પુત્રી " કૃષ્ણાકુમારી " થી. ઇનકે લિયે દો પ્રબલ રાજપૂત રાજાઓં કી ઉમ્મીદવારી આ ચૂકી થી, ઔર ઇસી કારણ સે કિસી ન કિસી એક ઉમ્મીદવાર કે હાથ રાના કા બાહ્યસ્વાર્થ નષ્ટ હોનેવાલા થા. ઇસસે બચને કે લિયે વહ સિસોદિયા કુલદુલારી, રૂપગુણ કી પિટારી કૃષ્ણાકુમારિકા કા વધ અપને હી સ્વાર્થી પિતા કે હાથ હોના ! પરંતુ ઉનકે અપને હાથ ન ચલ સકે. તબ અપને કુટુંબી પટાવત કો આજ્ઞા દી ગઇ ! વહ ધર્મવીર રાજ-સેવક કહતા હૈઃ-" **રાજાજ્ઞા સે ભી ધર્માજ્ઞા વિશેષ હૈ. ધર્માજ્ઞા કે અનુકૂલ આજ્ઞા હોવે, તબ તો ઉનકે લિયે શિર ભી દે દેના મંજૂર હૈ; પરંતુ ધર્મવિરોધી આજ્ઞા કે પાલન મેં ઉંગલી ભી નહીં હિલેગી.** " દૂસરે કુટુંબી પટાવત કો આજ્ઞા હોતી હૈ. ધર્મ સે ભી રાજાજ્ઞા કો બડી માનનેવાલા વહ ધર્મહીન

કટાર ભોંકને કો તત્પર હોતા હૈ. સ્વર્ગીય ગુણસૌંદર્ય કી દેવી અડગ ભાવ સે પિતૃહિત કે લિયે પ્રાણ દેને કો સામને ખડી હૈ. કન્યા કી માતા યોગમાયા કી તરહ વહાં ખડી ખડી ગંગાયમુના કી તરહ અશ્રુપ્રવાહ બહા રહી હૈ, ઔર શિર કો પટકતી હુઈ બ્રહ્માંડભેદી આક્રંદ કર રહી હૈ. અંતઃપુર કી તમામ સ્ત્રીયોં કા, રાજમહાલય કે તમામ પુરુષવર્ગ કા, તમામ દાસદાસી ઔર બાલબચ્ચોં કા ભી હૃદયફાટ રોદન સમગ્ર રાજમહાલય મેં હાહાકાર વર્તા રહા હૈ."

"કન્યા કે નિર્દોષ મુખને ઔર અડગ તત્પરતા ને ઉસ નીચ કા હૃદય ભી હિલા દિયા! કટાર ગીર પડી, મારનેવાલા દૂર જા બૈઠા. હાથ મેં કલમ લિયે હુએ વિધાતા ભી અદૃશ્ય ભાવ સે યહ સબ દેખ રહે હૈ. યહ ઘોરાતિઘોર પાપ અગર બન હી જાયગા, તબ તો ભારત કે ભાવી મેં જો શબ્દ લિખના પડેગા, ઉનકો સોચ કર કે વો કાંપ રહે હૈ કટાર કા ગીરના માનો ઉનકી કલમ કા હી ગીરના થા. વિધાતાજી ને ઉન બૂરે ભાવી કો હટાને કે લિયે અપને યોગબલ સે ઐસે તીન પ્રયોગ તો નિષ્ફલ હી કર દિયે. અબ ચૌથે પ્રયોગ મેં જહર કા પ્યાલા દિયા ગયા! કૃષ્ણાકુમારી અપને પિતા કા જીવન તથા શ્રીવૃદ્ધિ કી પ્રાર્થના કરતી હુઈ સરલ-અચલ ભાવ સે વિષ કા પ્યાલા પી કર, અપને પલ્લે સે અપની માતા કે આંસુ પોંછતી હુઇ ધીર નમ્ર ભાવ સે કહતી હૈઃ-"માઁ! ક્યા મૈં તેરે ઉદર સે નહીં જન્મી હું? ક્યા તેરી પુત્રી હો કર કે ભી મૈં યહ સંસારપીડા સે છુડાનેવાલે મૃત્યુદેવતા સે ડર સકતી હું?" પ્યાલા તો કન્યાને પી લિયા, પરંતુ વહાં ભી વિધાતાજી ને અદૃશ્ય ભાવ સે યોગબલ દે કર ઉનકે પ્રાણ બચા લિયા. દૂસરે ઔર તીસરે પ્યાલે કા ભી વહી પરિણામ હુઆ. વિધાતાજી ને થકિત હો કર અંતર્દૃષ્ટિ સે દેખા તો માલૂમ હુઆ કિ, જબ ખુદ ભારતવાસી હી ભારત મૈયા પર ઘોર પાપ બઢાના ચાહતે હૈં, તબ તો ફિર યહ અધર્મરૂપી શત્રુ ઇન કૃષ્ણા કા બલિદાન ભી લેગા હી લેગા! બસ સસમ પ્રયોગરૂપ કાતિલ વિષ કા ચતુર્થ પ્યાલા સફલ હો ચૂકા!"

"રાજમહિષી કે રૂપ મેં ખડી હુઇ યોગમાયા અબ શાપ દે કર અપને પતિ કો, સારે રાજસ્થાન કો અથવા ભારત કો ભી નષ્ટ કર સકતી થી; પરંતુ વો તો થી અપને પત્નીધર્મ કો તથા દેશ-ધર્મ કો સમઝનેવાલી મહાન આર્યદેવી! ઉસને બિચાર લિયા કિ યહ સબ અનર્થ કા કારણ અપના પતિ, પ્રદેશ અથવા ભારત નહીં હૈ; પરંતુ દેશસંતાનોં કે હૃદય મેં અડ્ડા જમાએ હુએ નીચ સ્વાર્થ ધ૦ શત્ર હી હૈ. બસ. વો ભારત કે સચ્ચે શત્રુ કો હી યોગમાયા ને શાપ દે દિયા કિ 'ભારત સે તેરી હી જડ ઉખડ જાય.' બસ, વિધાતાજી રાજી રાજી હો ગયે. ગીરી હુઇ કલમ ઉઠાકર ભારત કે ભાગ્યાકાશ મેં "સુખ" કે દો અક્ષર લિખ કર વહ સર્વાતીત પરમ પિતા કા મહિમા ગાતે હુએ નાચતે-કૂદતે બ્રહ્મલોક મેં ચલે ગયે. યહાં માતાજી કા ભી દેહાન્ત હો ગયા. ધન્ય માતા ભારતે-શ્વરી! **वंदे मातरम्.**"

"અસ્તુ. યે તો ભાવી કી બાત રહી. તત્કાલ કે લિયે તો ઉક્ત ઘટના અતિપીડિત ભારતપિતા કે કલેજે મેં અત્યંત ગહરા આઘાત પહુંચાનેવાલી હુઇ. હાડપિંજર બના હુઆ વૃદ્ધ ભારત મેં અબ યહ નિર્દોષ કૃષ્ણા કી ઘાત કા આઘાત સહને કી તાકત નહીં રહી થી. રાજમહિષી કે ગીરતે હી વો ભી અપની શુધબુધ ખો કર ગીર પડા! ગીરતે ગીરતે ઉનકે મુંહ સે બડી દુઃખભરી આહ અપને સંતાનોં કે લિયે નીકલ પડી."

"ઘોર બેહોશી મેં પડને કે બાદ યા તો જાન કા નીકલ જાના, યા તો વ્યાધિસુધાર કી શરૂઆત હોના; દો મેં સે એક બાત અકસર હુઆ કરતી હૈ, ભારત કા ભારતીયત્વ—ભારત કા સર્વસ્વ—ભારત કા જી જાન અથવા જી જાન સે ભી અધિક પ્રિય અગર કોઇ ચીજ ઉનકે લિયે થી તો વહ ઉનકા 'ધર્મ' હી થા. યહ પુરાને જગદ્‌ગુરુ કે લિયે ઔર સબ બાતેં ધર્મ કે પીછે હી રહ સકતી હૈ. બસ, ચાહે યહ ધર્મરૂપી પ્રાણ અબ ભારત-પિતા કા ચલા જાય, ચાહે વ્યાધિરૂપ આન્તરિક શત્રુ પિછે હઠતે ચલેં! દો મેં સે કોઇ ભી એક બાત હોની અબ અનિવાર્ય થી."

"ભારત કા યહ ધર્મરૂપી પ્રાણુ તો નિકાલ ભી કૈસે સકતા થા? જો પ્રાણુ ઉનકી હડ્ડી હડ્ડી તક–ઉનકી સપ્તધાતુ તક–પ્રવેશ કર ચૂકા થા; જીસ પ્રાણુ કો બ્રહ્મવિદ્યારૂપી અમૃત–વલ્લી કા સહારા અબ ભી કાયમ થા; વહ કૈસે નીકલ કર જા સકતા થા? વૃદ્ધ હુઆ હૈ તબ ભી ભારતપિતા ને અપને ધર્મ-પ્રાણુ કો અન્ય પ્રજાઓં કી તરહ બ્યવહારસિદ્ધિ કા સાધન નહીં સમઝ રખ્ખા થા કિ જીસકે મારે વહ એસી આપત્તિયોં સે ભયભીત હો કર બિલકુલ નિકલ જાવેં ઔર અપની આશ્રિત આર્ય હિંદુ પ્રજા કે નામનિશાન તક મિટા દેવેં!! ધર્મજ્ઞ ભારતપિતા ને તો યહ ધર્મ–પ્રાણુ કી અપેક્ષા યાવત્ વ્યાવહારિક સુખ–સંપદાઓં કો તુચ્છાતિતુચ્છ માન રકખા થા, શતકોં કે શતકોં તક ઉન આન્તર્બાહ્ય મહાશત્રુઓં કી ઘાતક પીડાયેં સહતા આયા થા તૌ ભી અપને ધર્મરૂપી પ્રાણુ કો, યહ બૂઢા ભારત અપને હાડપિંજરવત્ શરીર કે પ્રત્યેક અંગ મેં કિસી ન કિસી ઢંગ સે કાયમ રૂખ સકા થા. કિસી ન કિસી ગુપ્ત અંગ મેં તો યહ પ્રાણુ કી પૂર્ણ ઔર શુદ્ધ માત્રા ભી ઉસને બચા રખી થી, કિ જો માત્રા કુછ શાંતિ કા મૌકા આતે હી અપના મહાપ્રભાવ દિખા દેને કી યોગ્યતા રખતી થી. "જીવ કા શિવ–નર કા નારાયણુ" બના દેનેવાલી વહ બ્રહ્મવિદ્યા કો, તથા અપને વહ ઇશ્વરાવતાર ઔર મહર્ષિગણુ કી ચરણુધૂલિ કો શિરોધાર્ય કરના, અબતક ભારતવર્ષ ભૂલ નહીં સકા થા. ઉન પુરુષોત્તમોં ને પ્રદાન કિયે હુએ શુભ સંસ્કાર ઔર મહોપદેશોં કો વહ અબ તક ભી થોડે બહુત યાદ રખ સકા થા. બ્યાસ–વસિષ્ઠાદિ કે મસ્તિષ્કરૂપી હિમાલયદ્વારા બહી હુઇ વહ ગંગા–યમુના કો, ઔર સરસ્વતી જૈસી વેદોપનિષદરૂપી જ્ઞાનસરિતા કો વો અપને હૃદયપ્રયાગરૂપી બ્રહ્મવેત્તાઓ મેં અબ તક જીંદી રખ સકા થા. પ્રાચીન મહાજનોં કે ચારિત્ર્ય–યશ કો સિંધુ ઔર બ્રહ્મપુત્રા કી તરહ વિસ્તૃત રૂપ સે ધારણુ કરતી હુઈ રામાયણુ ઔર મહાભારત કી કથાયેં, વ્યાધિગ્રસ્ત નાડિયોં કી તરહ સંકીર્ણ ઔર મંદ પ્રવાહ સે ભી ભારત કે મસ્તિસ્ક, હૃદય ઔર જઠરપ્રદેશોં મેં (બ્રાહ્મણુ, ક્ષત્રિય ઔર વૈશ્યોં મેં)

થોડા બહુત ધર્મપ્રાણ કા દાન દે રહી થી. સ્મૃતિ ઔર પુરાણરૂપ નર્મદા ઔર ગોદાવરી કા પ્રવાહ ભી અધોવાહિની નાડિયાં કી તરહ ઉનકી જંઘા સે લેકર પાદતલ તક (શૂદ્ર ઔર અંત્યજ વર્ગ તક) કિસી ન કિસી અંશ મેં ધર્મ–પ્રાણ પહુંચા રહા થા. પ્રાતઃસ્મરણીય શુક ઔર જનક કી તરહ બ્રહ્મનિષ્ઠા કો પ્રાપ્ત કરકે નિવૃત્તિ યા પ્રવૃત્તિપૂર્વક પ્રારબ્ધ વ્યતીત કરનેવાલે ગૌરાંગ, રામાનુજ, રામાનંદ, કબીર, નાનક, તુલસીદાસ, જ્ઞાનદેવ, તુકારામ, એકનાથ, રામદાસ, નરસિંહ, મીરાં ઇત્યાદિ સેંકડો મહાત્માઓં કી પરંપરા જારી રહતી હુઇ, ભારત કે જીર્ણ પ્રાણ મેં ચેતનાસિંચન કરતી હુઇ તથા સમયાનુકૂલ સંસ્કાર દેતી હુઇ હિમાલય કી તરહ અડગ ભાવ સે ભારત કે મસ્તિષ્કસ્થાન કો શોભા રહી થી. ઇન મહાત્માઓંને તથા પ્રાચીન મહર્ષિ ઔર રાજર્ષિઓંને બોધ કિયા હુઆ વ્યવહારધર્મરૂપી વાયુ, વો મસ્તિષ્કસ્થાન પર ખીલી હુઈ બ્રહ્મવિદ્યા કે પ્રાણપોષક બીજોં કો બહાતા હુઆ મંદ ગતિ સે ભી ભારત કે પ્રત્યેક અંગ પર છીડક રહા થા. ઇન બીજોં કી તાસીર કે સાથ ભારત મેં જન્મે હુએ શતાવધિ પુત્ર–પુત્રિયોં ને પાની કી જગહ અપના ખૂન, ખાદ (ખાતર) કી જગહ માંસ, વાયુ કી જગહ પ્રાણ, પ્રકાશ કી જગહ રૂપ–સૌંદર્ય ઔર આધાર કી જગહ અપની હડ્ડી–ખોપરી તક કો ભી દે કર કે ભારત કે યહ ધર્મરૂપી પ્રાણ–પખેરૂ કો કાયમ કર રખ્ખા થા. કૃષ્ણાકુમારી ભી ભારતપિતા કે યહ ધર્મરૂપી સચ્ચે પ્રાણ કાયમ રખને કે હી લિયે અપને નશ્વર શરીર કા બલિદાન દે ચૂકી થી."

"જીવન કી ઐસી ઐસી સંગીન સામગ્રીયોં કો થોડી બહુત ભી ભુગતતા આયા હુઆ યહ પ્રભુ કા પ્યારા–એક સમય કા દેવદુલારા જગતભર કા મહાન ગુરુરૂપ વૃદ્ધ ભારત કા સર્વપ્રાચીન ધર્મપ્રાણ ઉસે છોડ કૈસે જા સકતા થા? બસ, અબ યહી માર્ગ રહા થા કિ ઉન પ્રાણ કે બદલે મેં વહ મહાઅંતઃશત્રુ–વહ નિશાચરગણ કા અમલ હટતા ચલેં, ઔર અંત મેં પૂરા નષ્ટ હો કર કે ભારતપ્રદેશ મેં જ્ઞાનસૂર્ય ઔર સુખસામર્થ્ય બઢને કા પૂરાપૂરા

અવકાશ મિલ જાવે!"

"કુદરત કા કાનુન હૈ કિ—

अमल किसी का कभी यकसा जमा रहता नहीं,
घटा बादल सदा युं ही बना नहता नहीं;
रही गीरपडा लडका हो चाहे अपनी गलती के सबब,
आहको सुन ली पितानेफिर पडा रहता नहीं.

મહારાજ તુલસીદાસજી ને ભી ફરમાયા હૈ કિ:—

तुलसी हाय गरीब की, कभी न खाली जाय; ।
मुवे ढोर के चाम से, लोहा भस्म हो जाय."॥

"ક્યોંકિ કોઇ ભી વ્યક્તિ અથવા સમાજ કી અંતિમ આહ બડી ગહરી ઔર જોરદાર હોતી હૈ. બડે બડે કર રાક્ષસ, કોટ્યાધિપતિ ધનિક, પરાક્રમી રાજા-મહારાજા ઔર ચક્રવર્તી સમ્રાટોં કો, યહ વિદ્યુત્ સે ભી મહાબલવતી આહ ને ઉનકે અપાર ધન-વૈભવ, સેનાસમૂહ ઔર બડી બડી બાદશાહીઓં કે સાથ ઉખેડ ડાલા હૈ. કિસી વ્યક્તિ અથવા સમાજ કી ગહરી આશિષ ભી ઐસા હી મહાન પ્રભાવ રખતી હૈ, જીસ તરહ દુઃખી કી આહ, સમય આને પર જુલ્મી કો મૂલસહિત ઉખાડ દેતી હૈ; વૈસે કિસી દુઃખી પ્રાણી અથવા સમાજ કી શુભાશિષ ભી' સ્વર્ગેચ્છુ કો સ્વર્ગ તક ઔર નિષ્કામ કો મોક્ષ તક પહુંચા દેને કી તાકાત રખતી હૈ. જગતભર કી તમામ લૌકિક-અલૌકિક વિદ્યાઓ પર અપના પ્રભાવપૂર્ણ ઝંડા ફહરાતી હુઇ બ્રહ્મવિદ્યા ઇસી સબબ સેં ઉચ્ચહસ્ત ઔર મુક્તકંઠ સે અપના ગંભીર આદેશ સુના રહી હૈ કિ:—'ખબરદાર! અય સંપત્તિવાનો! અપને ધન, કુલ, વિદ્યા અથવા સત્તા ઇ૰ કે મદ મેં મત્ત બન કે કોઈ ભી પ્રાણી અથવા સમાજપર અન્યાય વા અત્યાચાર મત કરો. તુમ્હારે પાસ ચાહે આકાશ કે સમાન પુણ્ય હોગા; ચાહે વિશ્વવ્યાપી સત્તા ઔર મેરુસમાન સંપત્તિ હોંગી તબ ભી ઉનકી આહ ઉન સારે પ્રાણી પદાર્થ કો એકદમ નષ્ટ-ભ્રષ્ટ કર દેગી, ઔર તુમ કો મહાનારકી બના દેગી. જગત કે ઇતિહાસ કા પ્રતિપ્રકરણ તુમકો યહી બાત બતા રહા હૈ."

"બસ, ભારત કી વો અંતિમ આહ ને ભી વહી કામ કિયા. વહ ગહરી આહ કો ઉન પરમ પિતા ને સુન લિયા ઔર—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

યહ અપને મહાવ્રત કે અનુસાર આપને ઉન દુર્ગુણ-દૈત્યદલ કો હટાને કી ઠાન લી."

"વહ ધર્મપ્રાણ નમ્રશરીરી ભારત કી આરત (દુઃખ) શાન્ત કરને મેં સબકે પહિલે યહ આવશ્યક થા કિ ઉનકો, ઉનકે સજાતીય ઔર સચેત પ્રાણી (બહાર કે દૂસરે ચૈતન્યવાન દેશ) ઉનકો અપ ને અંક મેં (ખોળામેં) ઉઠા લેવેં ઔર અપને તાજે અંગ કી ગરમી પહુંચા કર ઉનકે જકડે હુએ ઠંડે ગાત્રોં મેં ચેતના દેવેં. મુસલમાન જાતિ તો ઈન કો પાપપ્રારબ્ધ ભુગતાને મેં નિમિત્ત ભૂત બન હી ચૂકી થી. એશિયા કી ઔર પ્રજાયેં તો અબ તક ઇસ કાર્ય કે લાયક હી નહીં હુઇથી. માત્ર યૂરપ કે હી દેશ ઇસ કાર્ય કે લિયે કુછ યોગ્ય હોતે ચલે થે. સર્વજ્ઞ પરમપિતા કો સબ કુછ જ્ઞાત થા. ઉન્હોંને ભારત કો ઇન યૂરોપીય જાતિયોં કી હુંફ મે રખ દિયા ઔર ઇનકી બેહોશી દૂર કરા કે ચેતના પ્રદાન કિયા."

"યહ યૂરોપીય જાતયોં ભી વ્યાપારી-સ્વાર્થી તો થી હી. ઇન જો જો જાતિ ને ભારત કે જો જો અંગોં પર (પ્રદેશોં પર) અપની કુછ કુછ હુંફ-ગરમી પહુચાઇ થી; ઉસપર ઉન્હોંને અપના કાબુ ભી જમાના ચાહા. વ્યાપારી કે નાતે સે સહાયકપદ કો પ્રાપ્ત હોનેવાલી યહ સ્વાર્થી પ્રજાઓં ને અબ માલિક ભી બન બૈઠના ચાહા, ઔર ખુદ ઉનકે હી અંગોં કો હથિયાર બના કર લડના લડાના ચલા દિયા! પરંતુ યહ ગરબડ સે ભી આખિર વહ કૃપાલુ પિતા કા કુછ હિતાવહ ઉદ્દેશ હી નિકલ આયા!"

"અન્ય સબ યૂરોપીય જાતિયોં કી અપેક્ષા બ્રિટનજાતિ ઉનકો વિશેષ યોગ્ય દિખાઇ દી. હજારોં કોષ દૂર તથા યૂરપ કે ભી પરલે છેડે પર રહનેવાલી યહ વિદેશી ઔર જાતિ કી બલિષ્ટતા, કળાકાશલ્ય,

એકતા ઔર મહત્ત્વાકાંક્ષા દેખકર પરમાત્મા ને ઉનકો હી સબ યૂરોપીય જાતિયાં પર વિજયી બના દિયા ઔર ભારત કી રક્ષા–ચિકિત્સા કા ભાર ઉન્હીંકો સૌંપ દિયા ગયા ! બ્રિટન વૈદ્યરાજ ને ઉન ત્રિદોષાવસ્થા મેં એક–દૂસરે સે લડતે હુએ અંગોં કો લડાનેવાલે તત્ત્વોં સે અલગ કર દિયે, ઔર ઉનકો અપને પ્રબલ કાબૂ મેં દબા કર કે યહ વિનાશક બખેડોં કો ચૂપ કર દિયે ! સબ અંગોં કે બીચ મેં મધ્યસ્થપદ કા રાજદંડ યહ બ્રિટન પ્રજા ને ધારણ કર કે ઉન સબકે ઉપર અપની શાંતિમયી છત્રછાયા ફૈલાતે ફૈલાતે સારે ભારત કો ઉસ છાયા કે નીચે લા દિયા ! ! "

"ઇન બ્રિટન જાતિ કી છત્રછાયા મેં આ કરકે, સો વર્ષ તક ઉનકા ઐક્ય, સ્વાતંત્ર્ય, સેવાવ્રત ઇત્યાદિ દેખતે રહને સે ભારત કો ભી અપની દુર્દશા કા કુછ કુછ ખ્યાલ આને લગા ! ઇસી કારણ સે ભારતવાસીયોં મેં ઐક્ય ઔર હક્ક કા બાજા અબ બીસોં બર્ષસે બજને લગા હૈ. ઔર સ્વાતંત્ર્ય કા નક્કારા ભી અબ આસ્તે આસ્તે ગર્જ રહા હૈ. યહ ભારત અસલ મેં કોઇ છોટાસા લડકા નહીં હૈ; યહ તો પકવ કો પહુંચા હુઆ ઔર એક સમયકા સર્વ દેશોં કા શિરમોર હૈ. સિર્ફ નિજપુત્રોં કી આંતરિક શત્રુતા કી હી વ્યથા સે બિમાર હો કર ગીરા થા. ઇનકે વહ દોષ–પાપ કે ભોગ ભી પૂર્ણ હો કર સુખસૂર્ય કા પ્રભાત ભી આના ચાહિયે. ઇનકો અબ ઉદય-સૂર્યકા સુખાનુભવ કરાના ઇશ્વરી સંકેત સે મુકરર હો ચૂકા હૈ. મહાન બ્રિટનજાતિ ઇસ કાર્ય મેં નિમિત્તભૂત બનકર "અતિમહાન" કી પદવી લેના ચાહતી હૈ અથવા અધર્મ બઢાકર બ્રિટિશ સામ્રાજ્ય કો ડૂબાના ચાહતી હૈ; ઉસકી પૂરી ખબર તો વિધાતા કો હી હો સકતી હૈ. પરંતુ ભારતવાસીયો કી તો અપની ઉન્નતિ કે લિયે યહી ફર્ઝ હૈ કિ અંદર કે સચ્ચે મિત્ર–શુભેચ્છકરૂપી સદ્ગુણસમૂહ કો (બાતોં કે સાથ અમલ ભી કરતે રહ કર) અચ્છી તરહ બઢાતે ચલે. વહ મિત્રોં કે નામ સંયમ, સેવાભાવ, સ્વાર્થત્યાગ, ભાષાઐક્ય, ધર્મનીતિ કી વિશુદ્ધિ, જ્ઞાનચારિત્ર્ય કી ઉન્નતિ, આચારવિચારોં કા સુધાર, દીનવાત્સલ્ય, આંતરૈક્ય ઇત્યાદિ અનેકાનેક હૈં. સબ સ્થૂલ

સંપત્તિયાઁ કા મૂલ ઐસી આંતરસંપત્તિયાઁ હી હૈ. વિશ્વ કા અબાધ્ય નિયમ હૈ કિ જો ભી વ્યક્તિ અથવા સમાજ ઇન આંતરસંપત્તિરૂપ મણિયાઁ કો પ્રાપ્ત કર લેતા હૈ, ઉન સ્થૂલ બાહ્યસંપત્તિયાઁ કો ભી છાયા કી તરહ અપને આપ આના પડતા હૈ. જગતમેં કોઇ ભી બાહ્ય ચીજ ઐસી નહીં હૈ કિ જો ઇસ પરિણામ પ્રાપ્ત કરને મેં બાધા ડાલ સકે."

"દેશાદય કો સત્વર આકર્ષને વાલે અનેકવિધ કાર્યોં મેં "દેશ-ભાષા કા પ્રચાર" ભી એક મુખ્ય વિષય હૈ. પ્રાન્તિક ભાષાઓં કા ભેદ જગત કે સભી બડે સભ્ય દેશોં મેં પાયા જાતા હૈ; પરંતુ ઇનકે સાથ ઐસે દેશો મેં સબકી અનુકૂલતા ઔર ઐક્ય બઢાને કે લિયે એક "દેશભાષા" ભી મુકરર રહતી હૈ કિ જીસકો દેશ કે પ્રત્યેક પ્રાંત મેં ફરજીયાત પઢાઇ જાતી હૈ. ઇસલિયે ભારત કો—યાને ઇનકે અંગરૂપ પ્રત્યેક પ્રાંત કો ઇસ માર્ગ કા ભી અવલંબન કરના આવશ્યક હૈ,"

"અંગ્રેજી કા શિક્ષણ પાયે હુએ સહસ્રોં મનુષ્ય પ્રત્યેક પ્રાંત મેં મિલેંગે. હમારી એકતામૂલક નેશનલ કૉંગ્રેસ ભી ઇસ ભાષા કે પ્રતાપ સે શુરૂ હો સકી. ભિન્ન ભિન્ન પ્રાંતવાસી અગ્રેસર ભી ઇસી ભાષાદ્વારા અપને હૃદયભાવ પરસ્પર કો દિખા સકે. પરંતુ ક્યા યહ વિદેશી ભાષા કભી ભારત કે તીસ કોટી સંતાનોં મેં પ્રચલિત હો સકતી હૈ? માન લિયા જાવે કિ હો ભી સકતી હૈ; તો ક્યા દેશી ભાષાઓં કે સાથ ગાઢ સંબંધ રખનેવાલી હિંદ કી અપની અનૂઠી પ્રજાકીયતા તથા ધાર્મિકતા ફિર કાયમ હો સકેગી? ઇસી લિયે દેશ-ભાષા કી પસંદગી દેશ કી હી કિસી ન કિસી વર્તમાન ભાષા કો દેની પડેગી. સબકે પહિલે દૃષ્ટિ જરૂર સંસ્કૃત કી ઓર જા સકતી હૈ. પરંતુ ઉનકો દેશભાષા બનાને કે લિયે અબતક યહ બૂઢે ભારત કા કોઇ ભી અંગ ન તો લાયક હુઆ હૈ, ન તો નજદીક કે સમય મેં હોનેવાલા હૈ. તામિલ ઔર દ્રાવિડ કા તો વિચાર ભી નહીં હો સકતા. રહી અબ હિંદી, બંગલા, મરહટી ઔર ગુજરાતી. ઇન ચારોં મેં સરલતા, સુલભતા, જોશ, મિષ્ટતા, પ્રચાર, ઇન સભી દૃષ્ટિ સે

દેખને પર સિવાય હિંદી કે ઔર કોઇ ભી ભાષા "દેશભાષા" કે લાયક નહીં જાન પડતી. ઔર પ્રાંત તો કયા, મદ્રાસ હોતે તક ભી થોડે બહુત યહ ભાષા કે સમઝને વાલે મિલ સકતે હૈં. ભારત કી કરીબ આધી જનસંખ્યા યહ ભાષા કો થોડી બહુત સમઝ સકતી હૈં. ઇસ વાસ્તે હિંદુસ્તાન કે લિયે હિંદી હી "દેશભાષા" હો સકતી હૈ. ઇતના હી નહીં પરંતુ હોને ભી લગી હૈ. ગુજરાતમેં તો અનપઢ સ્ત્રીયાં ઔર અંત્યજ લોગોં મેં ભી ઐસે મનુષ્ય થોડે હી હોંગે જો હિંદી કો બીલકુલ સમઝ ન સકતે હો. ફિર લિખને પઢનેવાલોં કા તો કહના હી કયા?"

"વિવિધ ગ્રંથમાલા" કે ગુર્જર પાઠકગણુ ઉત્તમ વિચારોં કે સાથ સાથ અપની યહ "દેશભાષા" સે ભી વિશેષ પરિચિત હોવે, યહી યહ પુસ્તક હિંદી ભાષા મેં નિકાલને કા મુખ્ય આશય હૈ. કોઇ ઐસા ગત સમઝેં કિ ઉનકી માતૃભાષા "ગુજરાતી" કો છુડા દેના ચાહતે હૈં. યહ સેવક કી ભી માતૃભાષા ગુજરાતી હી હૈ. માતૃભાષા કે સાથ સાથ "દેશભાષા" કા ભી મુંહાવરા બઢાયા જાવેં, યહી ઉદ્દેશ હૈ."

"હિંદી ભાષા કે અચ્છે અચ્છે વિદ્વાનોં કે હિંદી માસિકપત્રોં મેં છપે હુએ અનેક ઉત્તમોત્તમ લેખ જો કિ કંઈ એક હિંદી માસિકપત્રોં કે પઢને કે સિવાહ કભી ભી નહીં અવગત હો સકતે હૈ; વહ ઇસ ગ્રંથદ્વારા સંગ્રહિત હો કર પાઠકબંધુઓં કી સેવા મેં સાદર કિયે ગયે હૈં, સો ઉપરોક્ત હેતુ સે હી કિયે હૈં. હો સકા વહાં તક બહુત સે લેખ સરળ હિંદી ભાષાવાલે દિયે ગયે હૈં; તબ ભી કંઇ એક પાઠકોં કી સમઝ મેં કોઇ કોઇ શબ્દ નહીં આવેં, વહાંપર ઉનકો આસપાસ કે સંયોગ સે હી સમઝ લેના પડેગા. પરંતુ જબ વહ ઇસ બાત કા ખ્યાલ કરેંગે કિ આપ ઉમદા વાચન કે સાથ સાથ અપની દેશભાષા કા અભ્યાસ ભી બઢા રહે હૈં; તબ ઉનકો યહ શ્રમ કુછ ભી ગિનતી કા નહીં લગેગા. કયોંકિ અભ્યાસ કા આત્મા "શ્રમ" હી હૈ ઔર માત્ર શરૂ મેં હી વહ કઠિન લગતા હૈ. ખુદ યહી પુસ્તક કો દો મહિને કે બાદ પુનઃ પઢને મેં પહિલે કે જૈસા શ્રમ નહીં પ્રતીત હોગા. ઇશ્વરેચ્છા સે ઐસી દો-ચાર પુસ્તકેં નિકલને કે બાદ

તો આપ કો ગુજરાતી કે જૈસા હિ હિંદી કા મુંહાવરા હો જાયગા તથા ઐસી સુમિષ્ટ, જોરદાર ઔર સબ પ્રાન્તોં મેં ચલ સકનેવાલી દેશભાષા આપ કો અચ્છી તરહ અવગત હો જાયંગી."

"ભાષા કી તરહ લિપિ કા ઐક્ય ભી દેશ કે લિયે બહુત ઉપકારક હો સકતા હૈ, પરંતુ યહ વિષય કુછ વિશેષ શ્રમસાધ્ય ઔર મતભેદ કા હૈ. ગુજરાતી ઔર નાગરી લિપિ કે તીન હિસ્સે કે અક્ષર તો માત્ર ઉપર કી લકીર કે સિવાહ ઔર કોઇ ભી ફર્ક નહીં રખતે. યહ સેવક કા મંતવ્ય ઐસા હૈ કિ નાગરી લિપિ મેં સે ઉપર કી લકીર નિકલ જાની ચાહિયે ઔર થોડે અક્ષરોં મેં સુધારણા ભી હોની ચાહિયે. જૈસે કિ ख, ब, भ, प, पे. બહુમતિ કે અનુસાર અગર મુકરર હુઆ તો ગુજરાતવાસી ભી નાગરી લિપિ કા સ્વીકાર કરને મેં બાધા નહીં માનેંગે. યહ ગ્રંથ કી લિપિ હિંદી નહીં રખને કા સબબ યહ ભી હૈ કિ ભાષા ઔર લિપિ કા એકસાથ હિંદી હોના અનેક ગુજરાતી પાઠકોં કે લિયે દુષ્કર હો જાતા હૈ. સીધા સીધા લિખા જાવે ઇસી લિયે લકિર કી ઉત્પત્તિ માલૂમ પડતી હૈ. ગુજરાતી મેં ભી લકીર કે સાથ હી લિખા જાતા થા; ઔર છાપાખાને નિકલે તબ સે ઉપરોક્ત કારણ દૂર હુઆ, તબ લકીર ભી દૂર હો ગઈ હૈ."

"નાગરી અક્ષરોં મેં ઉચ્ચાર કા અમુક ભેદ દિખાના હો, વહાં પર નીચે બિંદુ (ટપકું) લગાને કી રીતિ થોડે સમય સે ચલાઇ ગઇ હૈ; પરંતુ ગુજરાતી લિપિ મેં યહ પ્રકાર વ્યાપક ન હોને સે યહ પુસ્તક મેં નહીં લિયા ગયા. હિંદી લેખકગણ વિશેષતઃ પૂર્ણવિરામ કે જગહ (।) ઐસા ચિહ્ન કિયા કરતે હૈં; ઇસકે બદલે મેં ભી ઇસ પુસ્તક મેં ગુજરાતી રૂઢિકા પૂર્ણવિરામ ચિહ્ન દિયા ગયા હૈ."

"દૈનિક, સાપ્તાહિક ઔર માસિકપત્રોં કા સંબંધ સામયિક લેખોં કે સાથ જ્યાદા હોને પર ભી કંઇ એક લેખ ઉસમેં ઐસે આતે હૈં કિ જો કિસી અચ્છે ગ્રંથ કી તરહ સંગ્રાહ્ય ઔર ઉપકારક માલૂમ હોતે હૈં. અંગ્રેજી સંપાદક ઔર પ્રકાશકગણ અપની ભાષા કે ઐસે અચ્છે સુપાઠ્ય લેખોં કે સંગ્રહ સમય સમય પર પ્રસિદ્ધ કિયા કરતે

હૈં ઔર વહાં કે પાઠકગણ ભી ઉન સંગ્રહગ્રંથોં કા બડા આદર કરતે હૈ."

× × × ×

"ચુને હુએ અચ્છે અચ્છે ગુજરાતી લેખોં કા ભી એકાદ પુસ્તક "વિવિધ ગ્રંથમાલા" દ્વારા પ્રતિવર્ષ નિકાલા જાવેં તો પાઠકોં કે લિયે વહ બડા રોચક વ ઉપયોગી હો સકતા હૈ; પરંતુ સંસ્થા કે અનેકવિધ કાર્યવશ અબ તક ઐસા એક ભી પુસ્તક નહીં નીકલ સકા. એકસાથ દો હેતુ સિદ્ધ હોને કી લાલચ સે હી યહ હિંદી લેખસંગ્રહ કિસી પ્રકાર તૈયાર હો ગયા હૈ. વૈસે તો એક એક દિન મેં એક એક સંગ્રહ ભી ઇકઠ્ઠા કર દેના બડી બાત નહીં હૈ; પરંતુ ભિન્ન ભિન્ન સામયિક પત્રોં કે સૈંકડો અંકોં મેં હજારોં લેખદેખતે-ઉલટાતે હુએ સો-દોસો લેખોં કા પઢને યોગ્ય નીકલ આના ઔર ઉસકો પઢને કે બાદ દસ-બીસ લેખ વિશેષતાયુક્ત મિલ જાના; ઔર ઇસી તરહ મિલે હુએ સો દોસો લેખ એકત્ર કરને કે બાદ ઉનકો કંઇ એક બાર પઢ પઢ કે ઉનમેં સે અધિક ઉપયુક્ત બીસ-તીસ લેખ ચુને જાના; ઐસા કામ જીસને કભી કિયા હોગા વહી જાન સકતા હૈ. યહ સેવક કી તરહ જીનકો યાદશક્તિ કી કમી ઔર પ્રકૃતિ કી જડતા ઇત્યાદિ હરકતેં ન હોવે, ઉનકી બાત દૂસરી હૈ."

"યહ સેવક કી માતૃભાષા હિંદી નહીં હોને સે ઇસ નિવેદન મેં ગલતિયાં દિખ પડે સો ક્ષમા કર કે સુધાર લીજીયેગા." ॐ तत्सत्

સંવત ૧૯૭૩, માર્ગશીર્ષ શુકલપંચમી. નવેમ્બર, ઇ. સ. ૧૯૧૬. } -ભિક્ષુ અખંડાનંદ મંત્રી-સ. સા. વ. કાર્યાલય

ઉપલા લેખમાં આવા સંગ્રહો દરવર્ષે પ્રસિદ્ધ કરવાની જરૂર જણાવવા છતાં અત્યાર સુધી અત્ર તરફથી તે મુજબ બન્યું નથી. આ સંગ્રહ વખતે પણ મનમાં એમ થયા કર્યું છે કે, "વિવિધ ગ્રંથમાળા" દ્વારા અથવા જુદા માસિકરૂપે ઉત્તમ લેખોના આવા સંગ્રહોજ માત્ર આપ્યા કર્યા હોય તો કેવું સારું ! ગુજરાતી કરતાં હિંદી માસિકોમાં કેટલાક લેખ વધારે મહત્ત્વના અને અસરકારક શૈલીમાં આવતા

હોવાથી માત્ર તેવા હિંદી લેખોના સંગ્રહ પણ ગુર્જર લિપિમાં નીકળ્યા કરે, તોપણ તે માનસિક ખોરાક ગુર્જર પાઠકો માટે મહત્ત્વનો, રસપ્રદ અને ઉત્સાહવર્ધક નીવડે અને તેની સાથે તેમને દેશભાષા પણ સારી પેઠે આવડતી ચાલે. ગુજરાતી પાઠકો માટે હિંદી ભાષા સમજવામાં જેમ સુગમ છે, તેમ તે યાત્રામાં અને બીજી રીતે પણ ઉપયોગી થાય તેવી છે. ઈશ્વરેચ્છા હોય તો અત્ર તરફથી પણ વહેલેમોડે આ ગ્રંથમાળાદ્વારા એવા સંગ્રહોજ મોટે ભાગે નીકળતા ચાલે, એ અશકય નથી. આ સંગ્રહમાં પણ લગભગ ત્રીજા ભાગ જેટલા (૯૦) લેખો હિંદી ભાષામાં અપાયા તે ઉપલીજ સમજણથી અપાયા છે.

× × × ×

આ લેખસંગ્રહમાંના દરેકે દરેક વિચાર સાથે આ સેવકને સંમત સમજવાનો નથી; તેમ સંમત કે અસંમત વિચારો માટે તે વાદવિવાદમાં પણ ઊતરે તેવો નથી.

આ સેંકડો પડવાળી–પત્રાવલિમાં જે જે વાનીઓ સમાયેલી છે, તેમાં કાંઇ પણ હિતાવહતા જણાય, તો તેનો સર્વ યશ તેને તૈયાર કરનારા વિદ્વાનોનેજ અપાવો જોઇએ. કેમકે આ સેવકે તો તેમની તૈયાર કરેલી વિવિધ પ્રકારની હજારો વાનીઓમાંથી યથામતિ જે જે પીરસવા જેવી લાગી, તે માત્ર પીરસવાનુંજ કામ બજાવ્યું છે. કયી ચીજ જમવી ને કયી ન જમવી, કયી ચીજ સારી લાગવી ને કયી ખરાબ લાગવી; એ તો પ્રત્યેક જમનારની પોતાની સ્થિતિ અને રુચિ ઉપર છે.

પસંદગી કરાયા પછી તેનાં પ્રૂફ જોવાનું આ સેવકથી બનતું નથી; આથી તેમજ બીજાં કારણોથી પણ આ સંગ્રહમાં કોઇ અગત્યની ભૂલચૂકો આવેલી જણાય તો તે સ્વાભાવિક સમજીને સજ્જનોને તે યોગ્ય સુધારણા સાથે લખી મોકલવા વિનતિ છે.

× × × ×

સર્વના પરમ સુહૃદ સર્વેશ્વરના સ્મરણપૂર્વક **હરિઃ ૐ તત્સત્**

સંવત ૧૯૮૩,
આસો વદિ ૯.

અવગુણસાગર
–ભિક્ષુ અખંડાનંદ

अनुक्रमणिका

૨૧

विषयवार अनुक्रमणिका

૩-સામાજિક અને રાજકીય

૪–વાર્તા, ચરિત્ર, નાટક ઇત્યાદિ

૮–પ્રકીર્ણ

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	૨	વદતર	બદતર
૫૮	૩	મહત્ત્વકાંક્ષાઓનું	મહત્ત્વાકાંક્ષાઓનું
૯૭	૧૯–૨૦	આસરિયાના	અસિરિયાના
૯૮	૧૦	सहनो	सहनौ
૧૦૭	૧૬	શૂરવાર	શૂરવીર
૧૨૯	૪	શાસ્ત્રી	શાસ્ત્રો
૧૩૧	૨૩	ग्रपति	स्वपति
૧૪૪	૧૪	નુકસાનકારય	નુકસાનકારક
૧૬૧	૧૩	रसाणघ	रसार्णव
૧૬૫	૮	ધ્યાહિક, ચાહિક	દ્વચાહિક, ત્ર્યાહિક
૨૨૬	૧૫	મૂછો કરી	મૂછો સાફ કરી.
૨૩૫	૨૧	મુહુમેં	મૂંહમેં
૨૪૭	૨૩	બર્તન–ભાડે	બર્તન–ભાંડે
૨૫૨	૧૦	मनोर मे	मनोरमे
૨૫૩	૬	માન	મનિ
૨૯૩	૨૬	છોડામણેના	છોડામણુના
૩૦૧	૧૬	ગઈ	થઈ
૩૩૩	૧૧	માનાપમાન	માનપાન
૩૫૨	૨૭	દારિત	દારિદ્ર
૩૫૪	૧૪	કલુપ	કલુષ
૩૮૫	૭	જસે	જૈસે
૩૮૭	૧૫	શુકી સે શુક	શુકી સે શુક
૪૦૦	૨૬	આશ્રમે	આશ્રમોમાં
૪૭૩	૨૨	ગડેકા	ગડેગા
૪૯૧	૨૩	દેવદીવાસો	દેહદીવાસો

શુભસંગ્રહ–ભાગ બીજો

૧–મહાન પુરુષોના ઉપદેશ

(સંગ્રહકર્તા–શ્રી. રામનાથ શર્મા–"કમલેશ" વિશારદ)

"ઉત્તમ કુળમાં જન્મવા કરતાં ઉત્તમ અને ગૌરવપૂર્ણ કીર્તિ પ્રાપ્ત કરવામાં વધારે મહત્તા રહેલી છે."

"મહાન કાર્યોના પ્રતિપાદનમાં જીવનનું મુખ્ય કર્તવ્ય સમાઇ જતું નથી; પરંતુ જાતેજ મહાન થવું એજ કર્તવ્ય છે."

"ઉત્તમ ચારિત્રની કિંમત હીરા, માણેક, સુવર્ણ, રાજસત્તા અને સિંહાસન કરતાં અનેકગણી વધારે છે."

"જે મનુષ્ય સદાચારી નથી, તે ઈશ્વરને વિદ્યાદ્વારા પણ નથી મેળવી શકતો."

"માણસની રહેણીકરણીજ દર્શાવી આપે છે કે, આ માણસ સારા કુળનો છે કે નહિ; શૂરવીર છે કે કાયર અથવા પવિત્ર છે કે અપવિત્ર."

"સદાચારજ વિદ્વાનનું ભૂષણ છે અને તેની જીવન–યાત્રાને સુગમ કરનાર છે."

"જે પરોપકારમાં રચ્યોપચ્યો રહે છે, ઈશ્વરમાં જેને વિશ્વાસ છે અને સત્યને જે અનુસરે છે, તેને માટે આ પૃથ્વીજ સ્વર્ગ સમાન છે."

"સાચા મનુષ્યના રક્તનું એક બિંદુ પણ મહાસમુદ્રના અગાધ જળ કરતાં વધારે મૂલ્યવાન છે."

"સંસારની સર્વ પદવીઓમાં મનુષ્યનું પદ સર્વશ્રેષ્ઠ છે."

"મનુષ્યોની સંખ્યા, નગરોનો વિસ્તાર અને તેમની સમૃદ્ધિ એ કોઇ પણ દેશની સાચી ઉત્કૃષ્ટતાનું પ્રમાણ નથી; પરંતુ તે દેશ જે જાતના માણસો ઉત્પન્ન કરે છે, તેજ તેનું સર્વોત્કૃષ્ટ પ્રમાણ છે."

"પુરુષ અથવા સ્ત્રીની સત્કીર્તિજ તેના આત્માનો સર્વશ્રેષ્ઠ અને પ્રથમ શણગાર છે."

"'સદ્ગુણ', મનુષ્ય માંદો પડતાં તેની સાથે માંદાયે નથી પડતા અને તેના મૃત્યુ સાથે નાશ પણ નથી પામતા."

"મહાન પાંડિત્ય અને વિદ્વત્તા તેમજ તર્કશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રના જ્ઞાનથી મનુષ્ય મહાન નથી થઇ શકતો. મહત્તાને માટે તો સુચારિત્ર્યનીજ આવશ્યકતા છે."

"મહાન કુબેર ભંડારી જેટલા દ્રવ્યવાન થવા કરતાં કીર્તિ અને પ્રેમના ભંડારી થવું વધારે મહત્ત્વનું છે."

"તમે ધનપતિ હો કે ગરીબ, અમીર હો કે ફકીર, એ બધું સો વર્ષ પછી ભુલાઇ જશે; પરંતુ તમારાં સદાચરણ યા દુરાચરણનો પ્રભાવ હજારો વર્ષ સુધી રહેશે."

"ગરીબાઇનો વારસો મળવો એ સદ્ગુણોનો વારસો મળવા જેવું છે."

"ધનની જરૂર નથી, સત્તાની જરૂર નથી, સ્વતંત્રતાની જરૂર નથી અને આરોગ્યની પણ એટલી જરૂર નથી–માત્ર સુચારિત્ર્યનીજ જરૂર છે."

"મનુષ્યના જીવનનું 'માપ' તેનાં કરેલાં કાર્યોથી થાય છે, ઉં-

મરથી નહિ. વિચારદ્વારા તેના જીવનનું 'માપ' થઇ શકે છે, નહિ કે શ્વાસોચ્છ્વાસદ્વારા. તેના હૃદયની લગનીથી જીવનનું 'માપ' થાય છે, નહિ કે ઘડિયાળના કાંટાથી. જે માણસ સારામાં સારા વિચાર રાખે છે, ઉત્તમ મનોવૃત્તિઓવાળો છે અને જે સારાં કામ કરે છે, તેજ માણસ સૌથી વધારે જીવે છે."

"દેશની પ્રત્યેક પાઠશાળામાં, પ્રત્યેક ઘેર, પ્રત્યેક રસ્તાની બાજુએ ને પ્રત્યેક યુવકયુવતીના શયનાગારમાં એ સૂત્રો ટાંગેલાં હોવા જોઇએ કેઃ–

સુચારિત્ર્યજ શક્તિ છે, સુચારિત્ર્યજ દ્રવ્ય છે, સુચારિત્ર્યજ ધર્મ છે, સુચારિત્ર્યજ મોક્ષ છે અને સુચારિત્ર્યજ બધી ઉન્નતિઓનું મૂળ છે."

("વિશ્વમિત્ર"ના એક અંકમાંથી)

ગુરુઓ, પંડિતો કે વક્તાઓ ઉપર પણ પથરા તો ફેંકાશેજ, પરંતુ તેથી ડરવાનું નથી. —સ્વર્ગનો પ્રકાશ

"નૈસર્ગિક સુંદરતા પર કૃત્રિમતાનો ઢોળ ચડાવવાની જરૂર નથી." —સત્યવાદી

"પુરુષોનો એ સ્વભાવ હોય છે કે, સદાસર્વદા તેઓ વિપથગામી બની જાય છે; પરંતુ તેમની પત્નીઓએ પોતાનાં બળ, છળ અને કૌશલ્યથી ગમે તેમ કરીને પણ તેમને સીધા માર્ગ પર રાખવા જોઇએ." —બાબુ રવીંદ્રનાથ ટાગોર

"બને તેટલી રીતે લોકો પાસેથી ઓછી સેવા લેવી અને તેમની અધિક સેવા ઉઠાવવી." —મ૦ ટૉલ્સ્ટૉય

"મનુષ્ય પોતાનું જીવન કોઇ ઉપયોગી કાર્યમાં રોકે છે કે નિરુપયોગી કાર્યમાં રોકે છે, એટલા ઉપરથી તેના જીવનનું ખરું મૂલ્ય નક્કી કરી શકાતું નથી; પણ તે કેટલે દરજ્જે ત્યાગી થયો છે અને નિરભિમાની બન્યો છે, તે ઉપરથીજ તેના જીવનનું મૂલ્ય આંકવું જોઇએ." —મ૦ ટૉલ્સ્ટૉય

२—आओ कृष्ण !

આઓ કૃષ્ણ કન્હૈયા, આઓ. ત્રિવિધ તાપસે સંતપ્ત હમારે હૃદયમંદિર કો એક બાર અમૃતબાણીસે ફિર ભી સિંચિત કર દો. હમારી આશાલતાયેં મુરઝા રહી હૈં, કર્મયોગરૂપી વારિ કી વૃષ્ટિ કર ઉન્હેં એકવાર ફિર હરાભરા બનાદો.

હમ તુમ્હેં અકારણ નહીં પુકાર રહે હૈં. તુમ્હેં કષ્ટ દેને કા હમેં બિલકુલ સાહસ નહીં હોતા, યદિ કુરુક્ષેત્ર કે મૈદાનમેં તુમને

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥

કી આશા નહીં દિલાયી હોતી ? પ્યારે કૃષ્ણ ! ક્યા અપની પ્રતિજ્ઞા ભૂલ ગયે જો આજ હમેં યાદ દિલાને કી આવશ્યકતા ઉપસ્થિત હુઇ હૈ ? તુમ તો સર્વજ્ઞ હો, ફિર ક્યોં આંખ મૂંદે પડે હો ? ક્યા ભારત કી બર્તમાન દશા કા ઔર ભી પતન દેખના ચાહતે હો ? ભગવન્, ઐસી નિષ્ઠુરતા તુમ મેં કબ સે ઉત્પન્ન હુઇ ? ક્યા કરુણાસાગર નામ કા તુમને બહિષ્કાર કર દિયા ? ક્યા તુમ્હારી કરુણા કા અગાધ સમુદ્ર ભી સૂખ ગયા ? નહીં તો એક બાર ભારત મેં આકર અપને બચન કી રક્ષા ક્યોં નહીં કરતે ? એક દ્રાપદી કી લાજ રખને કે લિયે તુમ કિતને ચિન્તિત હુએ થે ? આજ તો ભારતભૂમિ મેં લાખોં દ્રૌપદી વ્યાકુલ હોકર તુમ્હેં પુકાર રહી હૈં. એક કંસ કો મારને કે લિયે તુમને ક્યા ક્યા ખેલ દિખાયે થે ? આજ દેખો સૈકડોં કંસ તુમ્હેં ચુનૌતી દે રહે હૈં. એક સુદામા કી દીન દશા દેખકર તુમને આંસુઓં સે ઉનકે ચરણ ધો ડાલે થે, આજ તો લાખોં સુદામા તુમ્હારે દર્શન કે લિયે વ્યાકુલ હો રહે હૈં. તુમ્હારે લિયે તો અનન્ત કાર્યક્ષેત્ર પડા હુઆ હૈ. ફિર બતાઓ, તુમ્હારે નહીં આને કા કૌનસા કારણ હો સકતા હૈ ? ક્યા કાર્યભાર સે ડર તો નહિ ગયે ?

તુમ્હારી લીલાભૂમિ ભારતમહી કો આજ વિદેશીયોંને પદદલિત કર રખ્ખા હૈ, જીસ વ્રજભૂમિ કી ગાયેં તુમ્હારે જૈસે સેવક કો પાકર ભારત મેં દૂધ કી નદિયાં બહાતી થીં ઉન્હેં અબ ભરપેટ ચરને કી ભી સુવિધા નહીં હૈ. હે ગોપાલ ! લિખતે લેખની કાંપતી હૈં, તુમ ભી સુનકર એક બાર થર્રા જાઓગે કિ જીસ ભારત મેં ગોબધ કા નામ નહીં થા વહાં યવનોં ઔર બિદેશી ગોભક્ષકોં કે લિયે પ્રતિ ૫ સેકંડ મેં એક ગાય કસાઇયોં કે છુરે કે નીચે પડ કર હિંદુઓં કો કોસતી હુઇ તુમારે ધામ કો ચલી જા રહી હૈ. ક્યા ભારતવાસીયોં કે ઉત્કટ પાપકર્મ સે ક્રુદ્ધ હો તુમને સભી ગૌઓં કો ગોલોક હી મેં મગા લેને કા નિશ્ચય કિયા હૈ ? નહીં તો, જહાં એક નિર્દોષ ગજરાજ કો ગ્રાહકે મુખ સે બચાને કે લિયે તુમ નંગે પાંવ દોડ પડે થે, વહાં પ્રતિદિન હજારોં ગૌઓં કે રક્તપાત સે ભારતભૂમિ કો કલુષિત હોતે દેખકર ભી તુમ્હારી નિદ્રા ભંગ ક્યોં નહીં હોતી ? તુમને ભારત કો સુજલા, સુફલા ઔર શસ્ય શ્યામલા દેખકર અપની પ્રિયતમા લક્ષ્મી કે નિવાસ કે લિયે યહી સ્થાન ઠીક કિયા થા, પર તુમ્હારે આને મેં દેર દેખકર વે ભી રૂસકર સાત સમુદ્ર પાર તુમ્હારી ખોજ મેં ભટક રહી હૈ. શીઘ્ર આકર ઉન્હેં સાન્ત્વના ક્યોં નહીં દેતે ?

યોગિરાજ ! તુમને અર્જુન કો જીસ કર્મયોગ કી શિક્ષા દેકર મહાભારત કે યુદ્ધ મેં પ્રવૃત્ત કર દિયા થા, ઉસકા આજ સર્વથા લોપ હો રહા હૈ. લોગોં કો કર્મ અકર્મ કા જ્ઞાન હી નહીં હૈ, ફિર ઉસકો કુશલ રીતિ સે સંપાદન કિસ પ્રકાર કરેં ? તુમ્હેં તો માલૂમ હી હોગા કિ આજ ભારત મેં કિતને મનુષ્ય બ્રાહ્મી સ્થિતિ કો પ્રાપ્ત હોકર અમૃતત્વ કે અધિકારી બને હૈં ! તુમને **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। माकर्मफलहेतुर्भूर्मा ते संगोस्त्व कर्मणि॥** કા ઉપદેશ દેકર નિષ્કામ ભાવ સે કર્મ કરને કા આદેશ દિયા થા–પર ભારતબાસી ઉસે ભૂલકર દુઃખોં કે ભંવર મેં પડે હુએ હૈં. અબ તો યહાં સભી કામ ટકે સે તોલે જાતે હૈં “ પઢ બેટા ચંડી, જીસ સે

ચઢે હંડી" ઔર "પઢો ચંદ્રિકા, જીસ સે ચઢે હંડિકા" કા નિનાદ સર્વત્ર ગૂંજ રહા હૈ. કર્તવ્યકર્મ કી દૃષ્ટિ સે કામ કરને વાલે સરલ પ્રકૃતિ કે યા સાફ શબ્દોં મેં બે સીંગ કે ગધે સમઝે જા રહે હૈં. "નિરાશી ઔર નિર્મમ" હોકર કામ કરનેવાલે કહાં દિખાયી દેતે હૈં? ફલ યહી હુઆ હૈ કિ સમાજ કી સભી વ્યવસ્થાઓં મેં ગડબડ ઝાલા મચ ગયા હૈ. સમાજરૂપી ગાડી કે સભી પહિયે આજ બેકાર હો રહે હૈં—ગાડી ઉન્નતિ કે પથ મેં સરપટ કૈસે દૌડ લગાવે? સમાજ કે શીર્ષસ્થાનીય બ્રાહ્મણદેવતા જ્ઞાનબલ સે બલી હો સમાજ કા સંચાલન કહાં તક કરેંગે? વે પાની પાંડે, રસોઇયે ઔર ન માલૂમ ક્યા ક્યા બનકર શૂદ્રવૃત્તિ કા અવલમ્બન કર રહે હૈં. ક્ષાત્રધર્મ કા તો ભારત સે લોપ હી હો રહા હૈ.–નહીં તો તુમ્હારી લીલાભૂમિ ઇસ પ્રકાર પરાધીનતા કી કાલિમા સે કલંકિત ક્યોં હોતી? વૈશ્યોં કી ચર્ચા તુમ સે ક્યા કરેં? જીનકે હાથોં કૃષિ, ગોરક્ષા ઔર વાણિજ્ય કા ભાર તુમને સોંપા થા, વે આજ વિદેશી વ્યાપાર કા જૂઠન ચાટને મેં હી અપને કો કૃતકૃત્ય સમઝ રહે હૈં. પ્રતિ વર્ષ એક કરોડ પશુઓ કા બધ દેશ મેં હો જાતા હૈ, પર ઉનકે કાન મેં જૂં ભી નહીં રેંગતી. બહુત હુઆ તો ગ્રાહકોં સે ધર્મ ખાતે કે નામ પર ચંદા લેકર કહીં પિંજરાપોળ ખોલ દિયા ઔર ગોભક્ત હોને કા સર્ટિફીકેટ પા ગયે. ભગવન્! તુમ્હેં જાનકર આશ્ચર્ય હોગા કિ બહુત સે કુલાંગાર તો ઇન ધર્મખાતોં મેં એકત્ર દ્રવ્યોં કો ભી અપના હી સમઝ મનમાને તૌરસે અપવ્યય કરતે હૈં. દેશ કા વાણિજ્ય મિટ્ટી મેં મિલ ગયા હૈ ઔર કરોડોં ભારતવાસી ભૂખોં મર રહે હૈં. પર ઉન્હેં પૂછનેવાલા કોઇ નહીં હૈ. તુમને કહા થા, "**दरिद्रान् भर कौन्तेय**" પર યહાં તો લાટ ગવર્નરોં કો દાવતેં દેકર હી શેઠજી કૃતકૃત્ય હોતે હૈં. કહાં તક સુનાયે; આજ તુમ્હારે ગીતાધર્મ કો માનને કા ઢોંગ કરનેવાલે, બડે બડે તિલક લગાનેવાલે ઔર અપને કો ધર્માવતાર માનનેવાલે લોગ **शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः** કો જાનતે

હુએ ભી અછૂતોં કો કુત્તોં સે ભી વદતર સમઝતે હૈં. કુત્તે તો ઉનકી ગોદ મેં, ઉનકે કંધે પર, ઉનકી સુખશૈય્યા પર વિરાજ સકતે હૈં, પર અછૂત સૌ હાથ દૂર તક નહીં ફટકને પાતે. કહો ફિર ભારત મેં શુદ્ધ વર્ણાશ્રમ ધર્મ કી પ્રતિષ્ઠા કૈસે સ્થિર રહ સક્તી હૈ? શિલાધાર હી લોપ હો જાને સે ભવન કબ તક ખડા રહેગા. ઇસી સે આજ હિંદૂ મંદિર ધ્વંસ હોને પર હૈ! વાસુદેવ! એક બાર આ કર ઇસકી મરમ્મત કર જાઓ, નહીં તો ઇસે ઢહા કર કોઇ નયા હી મંદિર ખડા કર દો. યદિ દેર કરોગે તો તુમ્હેં પહચાનનેવાલા ભી કોઇ નહીં મિલેગા.

ભગવન્! તુમને ગીતા મેં ધર્મ કા સાર તો ભર હી દિયા હૈ, પર ઉસે સમઝાનેવાલા ઔર સમઝકર ઉસ કે અનુસાર ચલનેવાલે નહીં દિખાયી દેતે! આઓ, એકબાર અપની જાદૂ ભરી બંસી ફૂંક દો, જિસ સે હજારોં વર્ષ કી હમારી મોહનિદ્રા ટૂટ જાય ઔર હમ કર્મયોગ કે માર્ગ મેં પ્રવૃત્ત હો જાય. આજ ભારત મેં વહી સમસ્યા ઉપસ્થિત હૈ જિસ કા સમાધાન કર તુમને અર્જુન કા મોહ ભંગ કિયા થા. એક બાર આ જાઓ ઔર હમેં રાહ દિખા કર ગન્તવ્ય સ્થાન તક પહુંચા દો! સ્વાધીન ભારત હી તુમ્હારા શિક્ષા કા મર્મ સમઝ કર સંસાર મેં ઉસકા વિસ્તાર કર સકતા હૈ. યદિ તુમ પ્રતિજ્ઞા કી રક્ષા કરના ચાહતે હો તો એક બાર અવશ્ય આઓ, નહીં આના હો તો હમેં ઇસ તરહ ઘુલા ઘુલા કર મત મારો. એક વાર હી પ્રલય કી ભયંકર લીલા દિખા કર ભારત ભૂમિ કો મહાસાગર મેં પ્લાવિત કર દો. ('વિશ્વમિત્ર'ના એક અંકમાંથી)

"અતિ ઉચ્ચ સાધ્ય સિદ્ધ કરવા માટે કષ્ટ સહન કરવા ઉપરાંત લોકોનો ઉપહાસ પણ સહન કરવો પડે, તો એનાથી અધિક શ્રેષ્ઠ બીજું કંઈ નથી." —માર્કસ ઑરેલિયસ

"સુખી થવાનો સરળ માર્ગ પરોપકારાર્થે દેહ અર્પણ કરવો એજ છે." —મ૦ ટૉલ્સ્ટૉય

૩–અમેરિકાની એક જાણવા જેવી સંસ્થા

"ખરાબ" કહેવાતાં બાળકો માટેનો આદર્શ આશ્રમ

(અનુવાદકઃ–શ્રી. દિલખુશ બ. દિવાનજી)

"નિરુપયોગી થઇ પડેલા આ દિવસોના શુષ્ક અરણ્યમાં ભટકતો હું તમારી સંસ્થા જોવા આવી ચડયો અને ત્યાં તો એ શુષ્ક અરણ્યમાં ઝળકી ઊઠેલું જીવનનું ચૈતન્ય–ઝરણું મેં નિહાળ્યું. મોટી કહેવાતી બીજી વસ્તુઓ ભુલાઇ જશે, પરંતુ તમારી નાનકડી શાળાનાં સ્મરણો તો મારા જીવનમાં વણાઇ ગયેલાંજ રહેશે; કારણ કે તમારી શાળામાં મને સત્યનું દર્શન થયું છે–અને ત્યાંથી આવ્યા પછી મારા જીવનમાં કંઇક અલૌકિક વસ્તુ હું અનુભવી રહ્યો છું."

મિ૦ ફ્લોઇડ સ્ટાર માને છે કેઃ–

"ખરાબ બાળક જેવી વસ્તુજ દુનિયામાં નથી. જેને આપણે 'ખરાબ' કહીએ છીએ તે તો અવળે માર્ગે વળેલા બાળકની વૃત્તિમાત્ર છે. સુજનતા અને પ્રેમના અનુકૂળ વાતાવરણમાં રહેનાર સર્વ બાળકો હમેશાં સારાંજ નીવડે છે."

અને એ ફ્લોઈડ સ્ટાર કોણ છે?

સમાજે બાળકોને વંઠી ગયેલાં તરીકે ફેંકી દીધાં હોય તેવાં "ખરાબ" બાળકોમાંથી સરસ પુરુષો બનાવવા ફ્લોઈડ સ્ટારે બાર વર્ષ અગાઉ પોતાનો આશ્રમ ખોલ્યો હતો અને આજે તે આશ્રમ જગતમાં "સ્ટાર કોમનવેલ્થ" તરીકે મશહૂર છે. "ખરાબ" બાળક હોય છે એવું ફ્લોઇડ માનતાજ નથી અને એવા એમના વિચારો પર એમણે સ્ટાર કોમનવેલ્થની ભવ્ય સંસ્થા રચી છે. સમાજના અસહ્ય ત્રાસથી બાળકમાં સર્વ સદ્વૃત્તિઓ સર્વાંશે કચરાઇ ગઈ ન હોય, તો એ "ખરાબ" કહેવાતાં બાળકોમાંથી સરસ ચારિત્રવાન બુદ્ધિશાળી પુરુષો પ્રગટ થઈ શકે છે. એ સત્યની પ્રતીતિ ફ્લોઇડ

દર વર્ષે આશ્રમમાંથી નીકળતાં બાળકોદ્વારા આપી રહ્યા છે.

અને એ બાળકોનાં શરીર અત્યંત નીરોગી હોય છે. ક્વચિતજ તેઓ માંદગીથી પીડાય છે. સ્ટાર કોમનવેલ્થ શરૂ થયાને આજે બાર વર્ષ વહી ગયાં અને કેટલાંયે બાળકો તેમાં રહી ગયાં અને રહે છે; છતાં એક પણ મરણ ત્યાં થયું નથી. સ્ટારનો અનુભવ એવો છે કે, " તંદુરસ્ત શરીરમાંજ તેજસ્વી મન તથા પવિત્ર આત્મા નિરંતર વસેલો હોય છે."

શરૂઆતનાં થોડાં વર્ષો સુધી એ ખીલતી સંસ્થામાં છ થી બાર બાળકો રહી શકતાં. અત્યારે બાળકોની સંખ્યા સાઠની છે. છેલ્લાં બાર વર્ષોમાં સમાજનાં " વંઠી ગયેલાં " કહેવાતાં ત્રણસો બાળકોને ફ્લોઇડ સ્ટારે પોતાની સંસ્થામાં આશ્રય આપ્યો છે અને જ્યારે એ બાળકો સંસાર છોડી બહાર જીવનક્ષેત્રમાં પડે છે, ત્યારે સર્વ કોઇ સ્ટાર કોમનવેલ્થની યશપતાકામાં તેજસ્વી રંગ પૂરી તેના સત્કાર્યના સ્મરણસ્થંભો થઇ પડે છે. હજી સુધી સ્ટાર કોમનવેલ્થનો બાળક નિષ્ફળ નથી નીવડયો અને એમાંજ સ્ટારની તેજસ્વી ભાવનાઓનો વિજય પ્રકાશે છે.

સ્ટાર હજી યુવાનજ લાગે છે અને એનામાં એ યુવાવસ્થાનો ઊછળતો ઉત્સાહ એટલો પ્રબળ છે કે, એ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરશે કે કેમ એજ શંકા છે. સ્ટારની કારકિર્દીમાં કાર્યપરાયણતા પ્રથમ-થીજ ઝબકી ઊઠે છે.

જ્યારે તે બાળક હતા ત્યારે તેમની પાડોશમાં પતિ-પત્ની વાતો કરતાં હતાં કે, " આ બિચારાં બાળકોને કોઈ બોલાવતું નથી અને સર્વ કોઇ એને વંઠી ગયેલાં ગણી ફેંકી દે છે. આપણે એને રાખીશું અને એમનું જીવન સુધારવા પ્રયાસો કરીશું." પાછળથી ફ્લોઇડ જોઈ શક્યા કે, એ પાડોશી દંપતીએ ખરેખર પેલાં નિરાધાર બાળકો રાખ્યાં અને સમાજે જેમને કંટાળી વંઠી ગયેલાં તરીકે ફેંકી દીધાં હતાં, તેજ બાળકોને તેમણે ચારિત્ર્યવાન પુરુષો બનાવ્યા

અને તેમ કરવામાં તેમણે એકજ વસ્તુ પર ખાસ ધ્યાન આપ્યું; તેમનું વાતાવરણ એટલું શુદ્ધ બનાવી દીધું કે, તેમનામાં છુપાયેલી સદ્દવૃત્તિઓ ખીલવા લાગી. બાળક ફ્લોઇડ પર આ અખતરાઓની ઊંડી અસર થઈ! એના અંતરમાં પ્રેરણા જાગી કે, "બસ, આવા શિક્ષણકાર્યમાં જીવન સમર્પણ કરવામાં કેટલો બધો આનંદ પડશે!" અને તેજ દિવસથી ફ્લોઇડનાં ભાવી સ્વપ્નાંઓનું કેંદ્રસ્થાન એજ પ્રેરણાએ લઇ લીધું. આલ્બિયન મહાવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી મેળવી તેમણે પ્રસિદ્ધ મેકફેડનની વ્યાયામશાળામાં કામ કર્યું. તે સમય દરમિયાન ફ્લોઇડે મેકફેડનના શરીરવિકાસના નિયમો વિષે જે દૃઢ અભિપ્રાયો બાંધી લીધા, તે જીવનપર્યંત તેમણે આજ લગી સાચવી રાખ્યા છે અને તેમના શિક્ષણકાર્યમાં તે દૃઢ માન્યતાઓને યોગ્ય સ્થાન મળી ગયું છે.

વારસામાં મળેલી કંઇક મિલકત પર ફ્લોઇડે એમના જીવનનાં સ્વપ્નાંઓનો કાર્યપ્રદેશ રચવા માંડ્યો. એમણે આલ્બિયન પાસે ચાળીસ એકરનું ખેતર ખરીદ્યું અને તે પર એક નાનકડું મકાન બંધાવ્યું. એ મકાનને એમણે આનંદ–કુંજ(ગ્લેડસમ કૉટેજ) નું નામ આપ્યું; કારણ કે તેઓ માને છે કે, તે દિવસે તેમના જીવનમાં સર્વોત્તમ આનંદની શરૂઆત કરી દીધી હતી. હજી મકાન તો પૂરું બંધાયું પણ ન હતું, એટલામાં ફ્લોઇડે શાળા ખોલી અને ત્રણ બાળકોને દાખલ કરી દીધાં. મકાન બંધાતું હતું તે દરમિયાન બાળકો પાસેના તબેલામાં સૂતાં. વખત જતાં તેમણે તે ખેતર અને મકાન એક મંડળને સોંપી દીધાં અને પોતે તો પેલા બાળક જેટલા ગરીબ થઇ રહેવા લાગ્યા! અને જે પુરુષ આવા બલિદાન પર પોતાનું જીવનકાર્ય શરૂ કરે છે તેની સફળતા વિષે કોઇકનેજ શંકા આવે.

મિશિગાનની અદાલતોના ન્યાયાધીશો સમજી ગયા કે, સ્ટારની શાળા સુંદર કાર્ય કરી રહી છે. આથી તેમની પાસે આવતાં વંઠી ગયેલાં બાળકોને તેમણે સ્ટાર પાસે મોકલવા માંડ્યાં. સ્ટારની શાળા-

માં વિદ્યાર્થીઓ ઊભરાવા લાગ્યા, એટલે સ્થળસંકોચની મૂંઝવણ વધતી ગઈ. ફ્લોઈડે બીજું મકાન બાંધવાનું કામ શરૂ કર્યું. વખત જતાં નાણાં મળી રહેશે, એ આશામાં એમણે તે મકાન પાછળ ખર્ચ કરવા માંડ્યો; પરંતુ આખરે તો એ ખર્ચ કરતાં હજાર ડૉલરનું દેવું થઇ ગયું અને સ્ટાર પાસે તો કંઇ રકમ રહી ન હતી. એક દિવસે તો એમના ગજવામાં ફક્ત ૩. ૪૬ ડૉલરજ રહ્યા! નિરાશ થઇ સ્ટાર વિચાર કરવા લાગ્યા અને એવા પંદર પુરુષોની યાદી બનાવી, જે દરેક એમને સો સો ડૉલર આપી શકે. એમણે વિચાર કર્યો કે, "જો આ પંદરમાંથી પાંચ પુરુષો પણ ન આપે, તોયે હજાર ડૉલર મળી જશે; પરંતુ કદાચ પાંચથી વધુ ના પાડે તો? અને બધાજ ન આપે તો?"

એ ડૉલર ઉઘરાવવા સ્ટાર તૈયાર થયા, એટલામાં ટપાલી આવ્યો અને ટપાલમાંથી હજાર ડૉલરનો ચેક નીકળ્યો! ચેક મોકલનાર બહેન લીલી જી. ન્યૂટન હતાં. કાગળમાં લખ્યું હતું કે, સ્ટારના કાર્યથી તેમને ખૂબ સંતોષ થયો હતો અને જો સ્ટાર સંસ્થા ફિલાડેલ્ફિયામાં ખસેડવામાં આવે, તો પોતાનાં સર્વ નાણાં એમાં રોકવા એ બહેન તૈયાર હતાં.

સ્ટારે જવાબ લખ્યો કે, "સંસ્થાને ફિલાડેલ્ફિયામાં લઇ જઇ શકાય એમ છે નહિ અને જો એ શરત સિવાય નાણાંની મદદ એ બહેન તરફથી મળશે, તો સંસ્થાના બીજા મકાનને તેમનું નામ આપવામાં આવશે." જ્યારે ટપાલી જવાબ લાવ્યો, ત્યારે લીલી ન્યૂટન મરણપથારી પર પડ્યાં હતાં અને કાગળ વાંચી તરતજ તેમણે બે હજાર ડૉલરનો ચેક મોકલી આપ્યો. લીલી ન્યૂટનનું એ છેલ્લુંજ કાર્ય હતું. આવી રીતે "ન્યૂટન હૉલ" માં એ બહેનના ડૉલર ખર્ચાયા હતા, જેમણે સ્ટાર અથવા એમની સંસ્થાનાં કદી પણ દર્શન કર્યાં ન હતાં.

દિવસો પસાર થયા અને સ્ટાર સંસ્થાના ફાળામાં ઉમેરો થતો

ગયો; પરંતુ એનો ખર્ચ તો ફાળાથી કંઈક વધારેજ રહેતો; એટલા-માં કોઇ બીજી ભલી બહેને એક નવું ઘર બાંધવા નાણાં આપ્યાં. મિશિગાનના કેટલાક પ્રદેશોએ કાયદા પસાર કરી સ્ટાર સંસ્થાના નિભાવ માટે ખાસ નાણાં જુદાં કાઢ્યાં. "ગ્રાંડ રેપિડસ" સંસ્થાનાં બહેન એમિલિ જવેલ ક્લાર્કે શાળાના મકાન સારુ ૩૦,૦૦૦ ડૉલર આપી દીધા. વળી જુદે જુદે ઠેકાણેથી ફર્નિચર, વાજિંત્રો, ચિત્રો વગેરે ઉપયોગી વસ્તુઓ આવવા માંડી અને સ્ટાર સંસ્થા ખીલતી ગઈ. અત્યારે જમીન, મકાન ઇત્યાદિ મિલકતની કિંમત ૧૫૦,૦૦૦ ડૉલર છે.

ફ્લૉઇડ સ્ટારે પ્રથમથીજ એટલું તો સ્પષ્ટ કરી દીધું છે કે, એમની સંસ્થા કંઇ દવાખાનું નથી કે જેનાં ગમે તેટલાં ખરાબ થઈ ગયેલાં બાળકો દાખલ થઇ શકે. દાખલ થતી વખતે દરેક બાળકને બેનેટે યોજેલી માનસિક પરીક્ષામાંથી પસાર થવું પડે છે. વર્ષ સુધી તો કોઇ પણ પ્રકારની ડખલગીરી વિના વડીલ અથવા ન્યાયાધીશને બાળકની સર્વ જવાબદારી સ્ટારને સોંપી દેવી પડે છે. સ્ટાર એટલી પણ કાળજી રાખે છે કે, અદાલતની શિક્ષા તળે બાળકો આવી જાય તે પહેલાં એમને સંસ્થામાં લઇ લેવાં જોઇએ. આથી પેલી અદાલતની શિક્ષાની નૈતિક અસરમાંથી બાળકો મુક્ત રહે છે.

શરીર, મન અને આત્માનો એક સાથે વિકાસ થવો જોઇએ, એ સત્યનું પૂર્ણ ભાન સ્ટારને જેટલું થયું છે, તેટલું ભાગ્યેજ બીજાને થયું હોય. સ્ટાર માને છે કે, તેજસ્વી બુદ્ધિ અને પવિત્ર આત્મા રોગી શરીરમાં રહી શકે નહિ અને તેથીજ બાળકના વિકાસમાં નીરોગી શરીરને પ્રથમ સ્થાન મળે છે. સ્ટારનાં મકાનો હવાઉજાસથી ઊભરાઇ ગયેલાં હોય છે અને જાળિયાનું કદ પણ બારી જેટલું હોય છે. સ્વચ્છ પથારીમાં બાળકો ઊંઘે છે અને તેમને ખૂબ સારી નિદ્રા મળે છે. સૂતી વખતે બાળકો તકિયા વાપરતાં નથી. નાનાં બાળકો રાતના ૮ વાગે સૂઇ જાય છે અને કોઇ પણ બાળક ૯ા થી મોડો સૂતો નથી. સવારના ૭ વાગતાં ઊઠવાનો ઘંટ વાગે અને

પથારીઓ ચોગાનમાં મૂકી દેવામાં આવે છે. પછી બાળકો ઠંડા પાણીમાં નહાવા દોડી જાય છે. ૬-૩૦ વાગે નાસ્તો થાય છે અને પછી દરેક બાળક પોતાની પથારીને પાછી યોગ્ય સ્થળે મૂકી દે છે. બાળકોને દરરોજ વારાફરતી કંઇ ને કંઇ કામ કરવાનું હોય છે. કોઇક પવાલાં સાફ કરે છે, તો કોઇક ઝાડુથી ઓરડાઓ સાફ કરે છે. તે સિવાયનાં બાળકો રમવા દોડી જાય છે. ૮ વાગે એટલે પછી અભ્યાસનો સમય શરૂ થાય છે, પછી બાગમાં કંઇક કામ નીકળે અને પાછો અભ્યાસ શરૂ થાય. વળી સાંજ પડતાં રમતો શરૂ થાય. ૪૦ એકર જમીન ખેતીના ઉપયોગમાં લીધી છે અને લગભગ બધા વિદ્યાર્થીઓ તેમના ખોરાકની વસ્તુઓ ખેડી લે છે. વર્ષ દરમિયાન વિધવિધ જાતનાં ફળ અને વીસેક જાતનાં શાક ઉત્પન્ન કરવામાં આવે છે. વાસી વનસ્પતિને રસોઇયાઓ શિયાળા સારુ સાચવી રાખે છે.

સ્ટાર અથવા બાળકો કોઇને માંસ ખાવાની ટેવ નથી એટલે ખાટકીને કંઇ આ સંસ્થામાંથી લાભ નથી મળતો. બાર વર્ષ અગાઉ સંસ્થાની સ્થાપના થઇ, તે સમયે ખોરાકમાં માંસને સ્થાન ન હતું; પરંતુ બહારથી ખૂબ ટીકા થવા લાગી કે, સ્ટાર બાળકોને ભૂખ્યાં રાખે છે, એટલે ત્યાંના ખોરાકમાં માંસને કોઇક વખત સ્થાન મળવા લાગ્યું. થોડા સમય સુધી આમ ચાલ્યું. પછી તો અંતરના અવાજને માન આપવાનો નિશ્ચય કરી માંસનો સદંતર બહિષ્કાર થયો; જો કે સ્ટાર કેવળ વનસ્પતિ–આહારમાં માનતા નથી. માંસ હમેશાં હાનિકારક છે એમ એ માનતા નથી, છતાં એટલું તો એ કબૂલ કરે છે કે, માંસ ન લેવાય તો વિશેષ સારું; પરંતુ માંસાહારની નૈતિક અસર એટલી ખરાબ છે કે, બાળકો માટે તો ત્યાજ્ય ગણવામાં આવે છે. " બાળ–દૃષ્ટિમાં વિકારોનું સ્થાન જેવુંતેવું નથી અને માંસાહાર એ વિકારોને જરૂર ઉત્તેજિત કરે છે. વનસ્પતિઆહાર તથા માંસાહારના પ્રયોગો મેં છૂટથી કરી જોયા છે અને છેવટે એજ નિર્ણય પર હું આવ્યો છું કે, વિકારોના દોષમાંથી બાળકોને બચાવવા વનસ્પતિઆહારનું ઔષધ

રામબાણ ઔષધ છે. આથી જ્યાંસુધી મારા હાથમાં એ સંસ્થા છે, ત્યાંસુધી માંસાહારને લેશ પણ સ્થાન બાળકોના ખોરાકમાં નહિજ મળે. જો પાછો હું માંસાહાર દાખલ કરું તો એ વિકારદોષનાં દરદો પાછાં શરૂ થઈ જાય.

"અમારી સંસ્થામાં આવનારાં લગભગ બધાંજ બાળકોને પ્રથમથીજ માંસાહારની ટેવ હોય છે. મલિન વાતાવરણમાંથી આવેલાં એ બાળકો દુઃખી હોય છે; પરંતુ વનસ્પતિઆહારની એમને ટેવ પડતી જાય છે તેમ તેમ તેઓમાં ઇષ્ટ પરિવર્તન થઇ રહે છે. આ કદાચ અકસ્માત્ પણ હોય. વનસ્પતિઆહારથી ટેવાયેલાં બે બાળકો અમારે ત્યાં આવ્યાં, તે વખતે પ્રવેશપરીક્ષામાં તેમની બુદ્ધિ અત્યંત તેજસ્વી માલૂમ પડી.

"અમારી શાળામાં અમે વિદ્યાર્થીઓનું સ્વરાજ્ય ચલાવીએ છીએ. આથી જ્યારે મેં માંસાહારનો સદંતર બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો, ત્યારે મેં વિદ્યાર્થીઓ આગળ એ ઠરાવ મૂક્યો. માંસાહાર વિષેના મારા અનુભવો મેં એમને કહી સંભળાવ્યા અને તરતજ એમણે સર્વાનુમતે મારા ઠરાવને સંમતિ આપી. તેઓ માંસાહાર જવલ્લેજ કરતા એટલે એમને તેનો ત્યાગ બહુ આકરો ન લાગ્યો. રસોઇયાઓ પણ શાક અને ખાવાની વાનગી એટલી સ્વાદિષ્ટ બનાવતા કે, વિદ્યાર્થીઓના સ્વાદને સંપૂર્ણ સંતોષ મળતો; તેમને માંસાહારની ખોટ જણાતી નહિ. બાળકો એ સ્વાદિષ્ટ ભોજનમાં ખૂબ રસ લેતા. હું હિંમતપૂર્વક કહી શકું છું કે, મારી પાસે છે એવાં બળવાન, નીરોગી અને સ્વચ્છ બાળકો કોઈક ઠેકાણેજ હશે.

"જો કે અમારા શિક્ષકબંધુઓને તેમના ઘરમાં માંસાહારની છૂટ છે, છતાં બાળકોના વનસ્પતિઆહારમાં હું જોડાયો છું એટલે તેઓને માંસ ખાવાનું મન થતું નથી. અમારા આશ્રમના રસોડામાંથી અમે સર્વ તામસી પદાર્થનો બહિષ્કાર કર્યો છે. પ્રથમ ચા તથા કૉફીને તિલાંજલિ મળી અને પછી ધીમે ધીમે મરી, રાઇ વગેરે મસાલા-

ઓનો ત્યાગ થયો. બીજાઓ વાપરે છે તેનાથી મીઠું પણ અમે ઓછું વાપરીએ છીએ.

ફળ, શાકભાજી, દૂધ અને ઘઉંની રોટલી એજ અમારો મુખ્ય ખોરાક છે. શિયાળા માટે ઉનાળામાં સાચવી રાખેલાં ફળ તથા શાકભાજી અમને ખૂબ ખપ લાગે છે અને કિસમિસ, ખજૂર, અંજીર વગેરે સૂકો મેવો ખાવાથી અમારામાં તાકાત ઠીક આવી રહે છે. કેળાના લૂમખાના લૂમખા લાવવામાં આવે છે અને જ્યારે બરાબર પાકે છે ત્યારે તેનો ઉપયોગ થાય છે. ખોરાકમાં મધ પ્રિય થઇ પડ્યું છે. પીણામાં દૂધ સિવાય અમે છાશ અને પુષ્ટિકારક કોકો જેવી નીરોગી વસ્તુઓ વાપરીએ છીએ.”

સામાન્ય તંદુરસ્ત બાળક માટે નિયમિત કસરતની જરૂર રહેતી નથી; પરંતુ તેમના શરીરનો વિકાસ વ્યવસ્થિત રીતે થાય અને તેમાં અંદરના અવયવોને પણ યોગ્ય કસરત મળી રહે, તે દૃષ્ટિથી સ્ટારે કુશળ વ્યાયામશિક્ષક પાસે કસરતનું નિયમિત શિક્ષણ રાખ્યું છે. શિયાળા માટે વ્યાયામશાળા તો છેજ. બહારની સર્વ રમતો સારુ પૂર્ણ વ્યવસ્થા છે અને વિદ્યાર્થીઓમાં કસરત તથા રમતોને લગતાં વિધવિધ મંડળો છે.

પાસેની ટેકરીઓ પર બાળકોને ચડવાની ગમ્મત પડે છે અને ખેતર પાસે આવેલું રમણીય સરોવર તરવા સારુ તેમજ બરફ પરથી સરવા સારુ ઉપયોગી થઇ પડે છે. માર્ચ મહિનામાં હજી બરફ પૂરી રીતે ઓગળ્યો ન હોય ત્યાં તો કસરત–શાળામાંથી થાકેલાં બાળકો તળાવ તરફ દોડતાં આવે છે. જ્યારે બરફ પૂરતા પ્રમાણમાં પડે છે, ત્યારે બાળકો સ્ટાર પાસે બરફસ્નાનની માગણી કરે છે. સંમતિ મળતાંજ બાળકો બરફમાં આળોટે છે અને પછી અંદર જઇ ઊના પાણીથી નાહી લે છે. પછી તેઓ સૂવાની તૈયારી કરે છે. આવા બરફસ્નાનથી કોઇને હજી શરદી નથી લાગી.

શરીરવિકાસને આટલું સ્થાન અહીંજ મળે છે; એટલે આ

બાળકોની તંદુરસ્તી વિષે સાંભળી સર્વ અજાયબ થાય છે. કોઇ બાળકને સહેજ પણ તાવ આવ્યો હોય એવું ભાગ્યેજ બન્યું હશે. કોઇ બાળકને શીતળા કઢાવવાં નથી પડ્યાં. ઓરી, અછબડા કે શરદીના રોગમાંથી સ્ટાર કોમનવેલ્થ મુક્ત રહી છે. અત્યાર સુધી ત્યાં કોઇનું મરણ થયું નથી અને બાર વર્ષો વહી ગયાં છતાં ત્રણજ વખત ડોક્ટરને બોલાવવો પડ્યો છે. એક વખત કોઇક બાળકને હૃદયનો દુખાવો હતો, બીજી વખત ઘેરથીજ માંદા આવેલા બાળકને ડોક્ટરની જરૂર પડી હતી અને છેલ્લી વખત કંઇક ઇન્ફ્લુએન્ઝાથી પીડાતાં બાળકો સારુ ડોક્ટર આવ્યા હતા.

યોગ્ય ખોરાક મળતો હોય, ઊંઘ ખૂબ મળતી હોય, હવાઉજાસની સંપૂર્ણ સગવડ હોય અને શરીરની તંદુરસ્તીને અનુકૂળ પરહેજી પળાતી હોય, ત્યાં આવાં આશ્ચર્યજનક પરિણામ આવેજ !

સ્ટાર કોમનવેલ્થમાં બીજી વસ્તુ પણ તરી આવે છે. જ્યાં નીરોગી શરીર અને તેજસ્વી બુદ્ધિ હોય છે, ત્યાં પ્રેમ અને પ્રેમપૂર્વક થયેલી દલીલો ખરાબ બાળકોમાં અજબ પરિવર્તન પ્રકટાવે છે. વાતાવરણ અનુકૂળ હોય અને વિશ્વાસ ને પ્રેમથી બાળકો સાથે વર્તન રાખવામાં આવે, તો ઘણાં બાળકોમાં સત્ય, પ્રેમ, વિવેક અને સંસ્કારિતા એની મેળે કેળવાઇ રહે છે.

સ્ટાર એમ માને છે કે, સૈકાઓ થયાં બાળકની માનસિક સૃષ્ટિની કોઇએ શોધખોળ કરીજ નથી અને તેથીજ બાળક વિષે ભારે ગેરસમજ ઊભી થાય છે.

"બાળક તેના જીવનના વિકટ સમયમાંથી પસાર થાય છે, એટલે તેની તો પૂર્ણ કાળજી લેવામાં આવે છે; પરંતુ માબાપ શા માટે સમજતાં નહિ હોય કે, બાળકો પણ એવીજ દશામાંથી પસાર થાય છે. તેમને ક્યાં ખબર છે કે, યુવાવસ્થામાં કેટલાંક બાળકોમાં એક પ્રકારનું ક્ષણિક ગાંડપણ જાગે છે."

દૃષ્ટાંતથી સમજાવતાં સ્ટાર જણાવે છે કે, બાળક તેના શૈશવમાં

સુશીલ અને વિવેકી હોય છે, પરંતુ યુવાવસ્થામાં પ્રવેશ કરતી વેળાએ તે ઉદ્ધત અને ખરાબ બની રહે છે; પરંતુ જ્યારે યુવાવસ્થામાંથી તે પસાર થાય છે, ત્યારે તે પાછો વિવેકી, સુશીલ સત્યવાદી અને ચારિત્ર્યવાન બની રહે છે.

સ્ટાર જણાવે છેઃ—"પરંતુ વિચિત્ર વાત તો એ છે કે, બાળકની સદ્દવૃત્તિઓ મનુષ્યની સદ્દવૃત્તિઓથી તદ્દન જુદી હોય છે. જો યુવાવસ્થાના મંથનકાળમાં તે બાળકને અનુકૂળ વાતાવરણમાં ન રહેવા દીધો હોત અને તેની દુષ્ટ મલિન વૃત્તિઓ પ્રતિ સદ્દવર્તન રાખવામાં આવ્યું ન હોત, તો મિશિગાનમાં અત્યારે તે બાળક વંઠી ગયેલાંમાંજ ખપી જાત."

સ્ટારની મોટામાં મોટી ફરિયાદ એ છે કે, પિતાઓ બાળકના શિક્ષણની સર્વ જવાબદારી માતાઓ પર નાખે છે.

"પિતાઓ તેમનાંજ બાળકોને ઓળખતા નથી. ઘણી વખત બાળક અને પિતા એકલા રૂબરૂ મળતાં મૂંઝાય છે; કારણ કે તેઓ એકબીજાથી અજાણ્યા છે.

ઘણા પિતાઓ તેમનાજ બાળકને મારી પાસે લાવે છે; પરંતુ તે બાળકનો અભ્યાસ કેટલો થયો છે તેની તેમને ખબર હોતી નથી. ખરી રીતે કેવળ માતાઓ પરજ બાળકોની સર્વ જવાબદારી ન નાખવી જોઇએ.

ગમે તે રીતે, ગમે ત્યાંથી, જીવનના વિકટ પ્રશ્નોનું જ્ઞાન બાળક મેળવી લે, એના કરતાં પિતાઓજ એમને એ અગત્યના પ્રશ્નોનું શિક્ષણ પ્રથમથીજ આપે એજ ઇષ્ટ છે. બાળકો સાથે મિત્ર થઇ રહેતાં પિતાને આવડવું જોઇએ. તેમની સાથે માછલી પકડવામાં, દરિયામાં તરવામાં અને ક્રિકેટ રમવામાં પિતાએ ખૂબ ઉત્સાહ દર્શાવવો જોઇએ અને એવી રીતે બાળકના આંતર જીવનનો નિકટ પરિચય મેળવી લેવો જોઇએ. જો પિતા બાળકના અંતરને ઓળખી લઇ તેનો ઉત્સાહ મેળવી લેશે, તો પોતાના આયુષ્યને લંબાવી પોતે તો સુખી

શકીજ; પરંતુ બાળકનું ભવિષ્ય પણ તેવું સુધરી જશે."

જ્યારે જરૂર પડે છે ત્યારે સ્ટાર બેદરકાર માબાપોની સખત ઝાટકણી કાઢે છે. એક વખત એક માતા તેના વંઠી ગયેલા બાળકને સ્ટાર પાસે લઈ આવી. વાતો કરતાં સ્ટારને ખબર પડી કે, બાળક બાર વર્ષ ઉપરની ઉંમરનો હતો, છતાં માતાએ તેની અર્ધી ટિકિટ લીધી હતી. સ્ટાર એકદમ બોલી ઊઠ્યાઃ–

"તમે પણ બાળક પર સંસ્કાર ઠીક પાડતાં લાગો છો. એકાદ બે ડૉલર માટે તમે બાળકના દેખતાં જૂઠું બોલતાં બિલકુલ અચકાતાં નથી!"

આ પ્રસંગનું પુનઃ સ્મરણ થતાં સ્ટાર જણાવે છેઃ–"ખરેખર, દેશની ઉન્નતિ સારુ તો હવે માબાપને સારુ આશ્રમ ખોલવું પડશે! હું આ કંઇ મશ્કરીમાં નથી કહેતો. મને એટલે સુધી કહેવાનું મન થાય છે કે, બાળકની માનસિક દશાનું જેને ભાન નથી, તેમને લગ્ન કરવાની પણ છૂટ ન મળવી જોઇએ.

"પ્રથમ તો પરણતાં પહેલાંજ સ્ત્રીપુરુષોએ એક પ્રકારની પરીક્ષા પસાર કરવી જોઇએ. શિક્ષકોને તેમના ધંધા સારુ તૈયાર કરવા આપણે અધ્યાપન મંદિરો ખોલીએ છીએ, આપણાં પશુપક્ષીની કેળવણી માટે પણ આપણે એટલાજ ઉત્સુક હોઇએ છીએ; પરંતુ જ્યારે માબાપની વાત આવે છે, ત્યારે ગમે તેવાં મૂર્ખ માબાપને પણ આપણે ચલાવી લઇએ છીએ.

"એક દિવસ એવો પણ આવશે કે, જ્યારે લગ્નના પરવાના પ્રમાણે માબાપ થવાના પરવાના પણ રાખવા પડશે અને જ્યારે પરવાના આપવાની કચેરી ખોલવામાં આવશે, ત્યારે પ્રવેશદ્વાર પર મોટા અક્ષરે લખવામાં આવશેઃ–

'ભુડથલ અને નાલાયક સ્ત્રીપુરુષોએ પરવાના સારુ અરજી કરવાની તસ્દી પણ ન લેવી.'"

સ્ટાર કૉમનવેલ્થની મુલાકાત લેનાર પર બાળકોના વિવેકી

પુરુષાર્થની ઊંડી છાપ પડ્યા વિના નહિ રહે. આશ્રમમાં સ્વચ્છંદી વર્તન તો નહિજ દર્શાવે; એમ છતાં તેમની ઊછળતી સ્વાભાવિક વૃત્તિઓ કંઇ શિક્ષકો કચરી નથી નાખતા. ફર્નિચર બરાબર ગોઠવાયું હશે, દીવાલ તથા જમીન પણ સ્વચ્છ હશે અને મકાનની સુઘડતા પણ આકર્ષક લાગશે. આ પરથી એટલું તો સ્પષ્ટ થઇ જશે કે, જો બાળકોની આસપાસ યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવે, તો તેઓ કંઇ ધાંધલિયા અને તોફાની નથી નીવડતા.

રસોડામાં ડોકિયું કરીશું તો જણાશે કે, ત્યાં પચાસ–સાઠ બાળકો ગંમત કરતાં ખાણાના ટેબલ આગળ ગોઠવાઇ ગયાં છે. રસોડામાં સૂર્યનો પ્રકાશ ખૂબ આવે છે, ટેબલ પર સુંદર ફૂલનાં કૂંડાં ગોઠવાયાં છે અને સ્વચ્છ ચાદર ટેબલ પર પાથરેલી છે. એવા ટેબલ પર પછી ખાણું પણ એટલીજ કાળજીથી અને સ્વચ્છતાથી પિરસાય છે. દરેક ટેબલ સાથે એક અનુભવી યુવાન બેસે છે અને બાળકોને તેમના વર્તનમાં જરૂર પડતી સૂચના કરે છે. બાળકોમાં હલકું વર્તન જણાતું નથી, છતાં તેમની સ્વાભાવિક વૃત્તિઓ કચડાઈ નથી જતી.

સાંજના મોટા ખંડમાં બાળકો એકઠાં થાય છે અને કોઈક પુસ્તકો વાંચે છે, કોઇક સંગીત ચલાવે છે અને કોઇક રમતોમાં ગૂંથાય છે. નિયમન અને વ્યવસ્થા જાળવવા સારુ પણ બાળકોને જવાબદારી સોંપવામાં આવી છે. બાળકોનું એક મંડળ સ્થાપવામાં આવ્યું છે અને તેમાં સામાન્ય ગુનાઓની તપાસ વિદ્યાર્થીઓ પોતેજ કરે છે અને તેનો નિકાલ પણ એ મંડળજ કરી નાખે છે. સ્ટાર કોમનવેલ્થમાં આથી નિયમન એટલું સરસ જળવાય છે કે, માબાપોને ખબર પડતાં તેઓને એ સુંદર વ્યવસ્થાની અદેખાઇ આવે છે. જ્યારે બાળકો સંસ્થા છોડી જાય છે, ત્યારે પણ દીર્ઘકાળ સુધી એમનામાં પોતાની સંસ્થા પ્રતિ પૂજ્યભાવ અખંડ રહે છે.

સંસ્થાની દીવાલો પર સુંદર ચિત્રો મૂકેલાં હોય છે અને દર સાંજે ફોનોગ્રાફ તથા પિયાનો બાળકોને સંગીતની સારી પ્રસાદી

આપે છે. એક દિવસ કોઇક કુશળ "પિયાનિસ્ટ" એ ખરાબ કહે-વાતાં બાળકો આગળ પિયાનો વગાડવા આવી અને નવીનતા સારુ એક નવોજ સૂર શરૂ કર્યો. બાળકોમાં એકાએક ખળભળાટ જાગ્યો અને પેલી "પિયાનિસ્ટે" તેનું કારણ પૂછયું; ત્યારે સ્ટારે જવાબ આપ્યો: "બાળકોમાં કિલકિલાટ થઇ રહ્યો છે, કારણ કે તેઓને તમારા એ નવીન સૂરની ખબર છે. બાળકોને એવા સુંદર અને શ્રેષ્ઠ સૂરોજ સાંભળવા ગમે છે. જ્યારે તેજસ્વી બુદ્ધિના પરિચયમાં બાળકો આવે છે, ત્યારે તેમને અલૌકિક પ્રેરણા મળી રહે છે અને–પછી તે તેજસ્વિતા કોઇક ચિત્રકારમાં હોય કે કોઇ સંગીતશાસ્ત્રીમાં હોય–બાળકોને એ અલૌકિક પ્રેરણા મળતાં તેમની બુદ્ધિને તથા તેમના નીરોગી શરીરને અજબ રીતે પોષણ મળી રહે છે. ઉન્નત સંગીત, સુંદર ચિત્રો અને સંસ્કારી સાહિત્યથી ખરાબ દેખાતાં બાળકોમાં જે પરિવર્તન થાય છે, તે કદી પણ સોટીના ચમકારાથી થતું નથી. મારાં બાળકોને હું સદ્‌ગૃહસ્થો બનાવવા માગું છું અને તે માટે આવા સંસ્કારી વાતાવરણની ખાસ જરૂર છે.

છેલ્લાં વર્ષોમાં સત્તર સંસ્થાઓ તરફથી હજાર બાળકોને બચાવી લેવા સારુ સ્ટારને આમંત્રણ મળ્યાં છે સ્ટારની સમય–શક્તિને મર્યાદા હોય છે, એટલે બહારનાં બાળકોની વ્યવસ્થા કરવા તે અશક્ય છે; એટલુંજ નહિ પણ મિશિગાન સંસ્થાનાં બાળકોને પણ એ પૂરાં પડી શકતા નથી.

એક અંગ્રેજ બહેન સ્ટારની સંસ્થાની મુલાકાત લઇ ગયાં અને તેની છાપ એ બહેન પર એટલી ઊંડી પડી કે, તે ઇંગ્લૅંડ ગયાં અને સ્ટાર કૉમનવેલ્થની યોજના પ્રમાણે સેન્ટ હિલેરી આગળ એમણે એક સંસ્થા હમણાંજ ખોલી છે. સ્ટાર કૉમનવેલ્થની સંસ્થા માટે આ જેવુંતેવું પ્રમાણપત્ર નથી.

પરંતુ સ્ટાર પર તો હજારો પ્રમાણપત્રો આવ્યા કરે છે અને તેમાં સ્ટાર પોતે સર્વોત્તમ સ્થાન તો પૂર્વના કવિ અને તત્ત્વજ્ઞાની

રવીન્દ્રનાથ ટાગોરના પ્રમાણપત્રને આપે છે. ટાગોર બાળકોના મિત્ર છે અને થોડાજ સમય પર તે સંસ્થામાં આવ્યા ત્યારે ત્યાંનાં બાળકો સાથે તેઓ દોસ્તી બાંધી ગયા. ટાગોરે પછી સ્ટારને એક પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું:–

"નિરુપયોગી થઇ પડેલા આ દિવસોના શુષ્ક અરણ્યમાં ભટકતો હું તમારી સંસ્થા જોવા આવી ચડ્યો અને ત્યાં તો એ શુષ્ક અરણ્યમાં ઝબકી ઊઠેલું જીવનનું ચૈતન્યઝરણું મેં નિહાળ્યું. મોટી કહેવાતી બધી વસ્તુઓ ભુલાઇ જવાશે, પરંતુ તમારી નાનકડી શાળાનાં સ્મરણો તો મારા જીવનમાં વણાઇ ગયેલાંજ રહેશે; કારણ કે, તમારી શાળામાં મને સત્યનું દર્શન થયું છે અને ત્યાંથી આવ્યા પછી મારા જીવનમાં હું કંઇક અલૌકિક વસ્તુજ અનુભવી રહ્યો છું."

("હિંદુસ્તાન" ના દીપોત્સવી અંકમાંથી)

"આપણને એવા સુધારાની જરૂર છે કે, જેથી આપણામાં ભ્રાતૃભાવની લાગણી પરસ્પર વધે, આતિથ્યસત્કારની તીવ્ર પ્રેમભાવના આપણામાં ઉદ્ભવે અને વડીલોની આમન્યા–આજ્ઞાનું પાલન થાય."

—દિવ્યરશ્મિ

"સ્વધર્મના ગ્રંથોનો ત્યાગ કરી, સૌ પહેલાં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવાથી અમારું વિશેષ અનિષ્ટ થયું છે."

—બાબુ બંકિમચંદ્ર

"પોકળ દંભરૂપી દુર્ગુણ અન્યને વિશેષ અપાયકારક નથી પણ પોતાનેજ તે અત્યંત નુકસાનકારક છે." —મ૦ ટોલ્સ્ટોય

"જેની દાનત શુદ્ધ હોતી નથી તેનાથી કદીપણ મહત્કાર્ય સાધ્ય થતું નથી." —મ૦ ટોલ્સ્ટોય

"હાલની શિક્ષણપદ્ધતિમાં બાળકો માટે શિક્ષકો નથી, પણ શિક્ષકો માટે બાળકો ઉત્પન્ન થયેલાં છે." —મ૦ ટોલ્સ્ટોય

૪—लोकसेवाना साचा उमेदवारो माटे उत्तम तक

(લેખકઃ—શ્રી. અમૃતલાલ વિ. ઠક્કર)

આપણા બાપદાદાઓએ અફઘાનિસ્તાનને માર્ગે હિંદમાં ઊતરી આવી વસવાટ કર્યો, તે વખતે આ દેશ ઉજ્જડ ન હતો. આર્યો હિંદુસ્તાનમાં અથવા ભારતવર્ષમાં આવ્યા તે પહેલાં આ દેશમાં ઘણી કોમો વસતી હતી અને રાજ્ય પણ કરતી હતી; પણ નવા આવનાર આર્યો પુરાણી વસતીના કરતાં વધારે બુદ્ધિમાન, વધારે હિંસક હથિયારોથી સજ્જ અને સ્વરક્ષાને બહાને વધારે લડાયક હોવાથી અસલી કોમોને ફળદ્રુપ પ્રદેશોમાંથી મારી મારીને ઉજ્જડ અને ટેકરાવાળા તથા જંગલવાળા ભાગોમાં નસાડતા ગયા. આ અસલી કોમોના લોકોને રાક્ષસ, દાનવ, દસ્યુ, વાંદરા (એટલે વાનરમુખી,) અનાર્ય એવાં નામોથી આર્યો ઓળખવા લાગ્યા. બારમા સૈકામાં પંજાબ તરફથી રજપૂત લોકોએ ઊતરી આવીને રજપૂતાનામાં પોતાનાં રાજ્યો સ્થાપ્યાં, તે વખતે ત્યાંના અસલી ભીલ રાજાઓને મારી હઠાવ્યા, તેના વિજય-ચિહ્ન તરીકે હજુ કેટલાક રજપૂત રાજાઓ ગાદીનશીન થાય છે, ત્યારે ભીલની આંગળી કાપીને તેમાંથી નીકળેલા લોહીથી ટીલો અથવા ચાંલ્લો કરે છે. સુરત પાસે ડાંગના જંગલમાં નાનાં નાનાં રાજ્યો હતાં, તે ચાલુ સૈકાની શરૂઆતમાં વધારે સારો રાજ્યવહીવટ ચલાવવાને બહાને અંગ્રેજ સરકારે લઇ લીધાં. આસામના પહાડીઓમાં નાગા, લુશાઇ, ખાસી વગેરે અસલી કોમોનાં રાજ્યો ગયા સૈકામાંજ, જુદે જુદે બહાને લશ્કર મોકલાવી લઇ લીધાં છે. તેનું વર્ણન ગેઝેટિયરોનાં પાનાંમાં મોજૂદ છે. મધ્યહિંદના ગોંડ રાજાઓ એક ઉદાર અંગ્રેજ સિવિલિયનના કહેવા પ્રમાણે મહારાજાઓ હતા અને તેમનું રાજ્ય મધ્યપ્રાંતના મોટા ભાગ પર મોગલ શહેનશાહતના વખતમાં હતું.

રાક્ષસ મટીને દૂબળા

સમયના વહેવા સાથે આ જૂની કોમો રાક્ષસ મટીને 'દૂબળા'

થયા, રાજા મટીને હમાલ થયા અને માલિક મટીને ગુલામ થયા. તેમની જૂની મહત્તા ભુલાઈ ગઈ અને જાણે કે તેઓ આર્યોનું દાસત્વ અને હલકું કામ કરવા હજારો વર્ષથી સરજાયા હોય એવી માન્યતા થઇ ગઇ. કેટલીક કોમોને અંત્યજનું, મૂએલાં ઢોર ઢસડવાનું અને મનુષ્યોનાં મળ-મૂત્ર ઉઠાવવાનું કામ ગળે ઘાલવામાં આવ્યું, જેથી તેઓ અસ્પૃશ્ય થઇ ગયા. આજ મિતિએ પણ સાબરમતીની પ્રસિદ્ધ જેલમાં પંચમહાલના જે ભીલોને કેદી તરીકે જવા પ્રસંગ આવે છે, તેમની પાસે ઘણે ભાગે પાયખાનાં સાફ કરાવવાનું કામ કરાવાય છે. ગઇ મોટી યુરોપીય લડાઈમાં આસામમાં 'નાગા' કોમના મજૂરો મોકલવામાં આવ્યા. તેમને ફ્રાન્સમાં, મેસોપોટેમિયામાં અને બીજાં સ્થળોએ લશ્કરના સિપાઇઓના ભંગી તરીકે મેલું ઉપાડવાને જબરજસ્તીથી કામે લગાડ્યા. આવી રીતે વધારે સંસ્કારી મનાતી જાતો પછાત પડેલી કોમોને આજ પણ દાબીને, કચરીને, નીચ મનાતું કામ જબરજસ્તીથી કરાવતાં જરા પણ પાછું વાળી જોતી નથી.

આસામનો ચોથો ભાગ 'જંગલી'

પણ કોઈ કહેશે કે, એ તો બહુ જૂજ સંખ્યાની, કે છેકજ જંગલી લોકો જેઓ ઑસ્ટ્રેલિયાના કે અમેરિકાના અસલ વતનીઓની માફક નાશ થવાને સરજાયેલા છે, તેમની આ વાત છે અને તેને અણુઘટતું મહત્ત્વ આપવાની કાંઇ જરૂર નથી. પણ આપણા વસ્તીપત્રકના આંકડાઓ આ દલીલનું પોકળ બતાવી આપે છે. મધ્યપ્રાંતની ૧ કરોડ ને ૬૦ લાખની વસ્તીમાં પૂરા ૩૨ લાખ, એટલે આખી વસ્તીનો પાંચમો ભાગ આવા અસલ વતની ગોંડ, હલબા વગેરે લોકોનોજ છે. આસામની ૮૦ લાખની વસ્તીનો ચોથો ભાગ, એટલે પૂરા ૨૦ લાખ નાગા, ખાસી, લુશાઇ, અબોર, મિશ્મી, કાચારી, ગારો એવી પુરાણી જાતિઓના છે. મુંબઇ ઇલાકાની લગભગ ૨ કરોડ ૬૭ લાખની વસ્તીમાં ૧૮ લાખ ઉપર ભીલ, કાળીપરજ, ઠાકુર,

વારલી, કોકણા, કાતકરી એવી વસ્તીની સંખ્યા છે. આખા દેશની ૩૨ કરોડની વસ્તીમાં તેમની કુલ સંખ્યા ૧ કરોડ ૬૦ લાખની, એટલે સેંકડે પૂરા પાંચ ટકાની છે. એટલે દર સોની વસ્તીમાં પાંચ માણસ 'જંગલી' અથવા 'રાની' કહેવાતી જાતના લોકો છે. આ સંખ્યા નાની કહેવાય? આ વસ્તી ગણતરીમાંથી કાઢી નાખવા જેટલી છે? આસામ પ્રાંતની કુલ વસ્તીથી આ કોમોની વસ્તીસંખ્યા બમણી થાય છે. કચ્છ અને કાઠિયાવાડ બન્નેની વસ્તી કરતાં આ વસ્તી પાંચગણી કરતાં પણ વધારે છે અને મુંબઇ શહેરની પચરંગી વસ્તી કરતાં તેરગણી છે.

આપણેજ જવાબદાર

હવે આટલી મોટી અને ઐતિહાસિક દૃષ્ટિથી મહત્ત્વવાળી પ્રજા, અથવા પ્રજાઓ તરફ આપણે આજ સુધી કેવી વર્તણુક ચલાવી છે? ખરેજ તે આપણને શોભાવે તેવી તો નથીજ, બલકે શરમાવે તેવી છે. આપણે તેમની સારી ખેડેલી જમીનો—જંગલો કાપીને ખેડવાણ બનાવેલી જમીનો પડાવી લીધી છે. તેમને શાહુકારી ધંધામાં સારી રીતે છેતર્યા છે અને એક વખત થોડી રકમ લગ્ન કે એવાજ કામને માટે આપી જિંદગીભરના કે બેચાર પેઢી સુધીના પણ ગુલામ બનાવી લેવામાં આપણું બધું બુદ્ધિબળ વાપર્યું છે. તેમને દારૂના વ્યસને ચડાવીને પશુ જેવા બનાવી મૂક્યા છે. લાઠી વાપરનારા ભૈયા કે પઠાણને ભાડે રાખી તેમને ભયભીત બનાવી મૂક્યા છે. ટૂંકમાં તેમને ગુલામ અથવા પશુની સ્થિતિમાં લાવી મૂક્યા છે. કોઇ પરોપકારી ખ્રિસ્તી પાદરી કે અંગ્રેજ અમલદારની દયાથી તેમની સ્થિતિ સુધારવા પ્રયત્નો થયા હશે, પણ આપણા ધનાઢ્યોએ, આપણા ધર્માચાર્યોએ, આપણા પંડિતોએ, આપણા જીવદયાના હિમાયતી જૈન ભાઇઓએ કદી તેમના તરફ નજર સુધ્ધાંએ કરી છે? કદી તેમને માટે ધર્માર્થી દવાખાનાંઓ, કદી ધર્મનાં સ્થાનો, કદી જ્ઞાન મેળવવાની શાળાઓ આપણા વૈષ્ણ-

વોએ કરી છે? ઊલટું વ્યારા તાલુકાના વૈષ્ણવ કપોળો ત્યાંની કાળી-પરજોની જમીનો પડાવી લેવામાં કુશળ ગણાયા છે, નવસારી જિલ્લાના પારસીઓ રાની ગામડાંઓમાં દોરીલોટો લઇને જાય છે અને ત્યાં થોડાં વર્ષમાં જાગીરદાર, દારૂનો દુકાનદાર અને 'કાળીપરજો' ના રાજા બની જવાને પંકાયલા છે. સુરત જિલ્લાના અનાવલા તથા પાટીદારો "ધણિયામા" બનીને પોતાના "દૂબળાઓ" ને નાસી જાય ત્યારે માર મારીને પાછા પકડી આણવામાં પોતાની બધી બુદ્ધિ, કુશળતા અને કાર્યદક્ષતા વાપરે છે. વડોદરા રાજ્યે ગઈ સાલમાં કાળીપરજની સ્થિતિ તપાસવા એક કમિટી નીમી હતી. તેની પાસે એક વણિક વેપારીએ સાક્ષી આપી હતી કે, "આવા ભોળા, અજ્ઞાન અને બુદ્ધિહીન લોકોને છેતરીને પૈસાદાર થવાની કોને ઇચ્છા ન થાય?" આ કયી જાતનું મનુષ્યબંધુત્વ? આ તે આર્યત્વ કે રાક્ષસત્વ? પ્રભુ હિંદુસ્તાનને આમાંથી બચાવો.

મિશનરીઓ પાસેથી શીખો

આથી ઊલટું પરધર્મી–પરદેશી ખ્રિસ્તી મિશનો આ કોમોને માટે કેટલું બધું કરી રહ્યાં છે, તે આંખો ઉઘાડીને જોવાની પણ આપણે તસ્દી લેતા નથી; એટલુંજ નહિ પણ આના દાખલાઓ આપણે કાને અથડાય છે, ત્યારે પણ "તેઓ તો પોતાના સ્વાર્થ માટે, પોતાના ધર્મનો ફેલાવો કરવા માટે તેમ કરી રહ્યા છે" એવી બેશરમ દલીલો કરતાં આપણે અચકાતા નથી; પણ તમે તમારા સ્વાર્થ માટે, તમારા ધર્મ માટે, તમારા દેશ માટે આ જૂની કોમોને માટે, પારમાર્થિક કામો કેમ કરતા નથી? હજારો ગાઉથી, બીજા ખંડોમાંથી પરધર્મી લોકો આવીને તમારા દેશના લોકોને જ્ઞાન આપે, કરોડોની સહાય આપે, ધર્મને માર્ગે ચડાવે અને તે માટે પોતાની જિંદગી આ દેશમાં ખપાવી દે; અહીંયાં મરવાની, દટાવાની હોંસ રાખે, પણ તમારૂં તો રૂંવાડું સરખુંય ન ફરકે! એ જૂની વસ્તીને

તેમનાં જંગલોમાં જઇ સહાય તો ન કરો, પણ તેમનાં લોહી ચૂસવાને અને દુનિયામાંથી ગુલામી નાબૂદ થયા છતાં તમે ગુલામગીરીમાં તેમને સબડાવો એ શું તમારી પ્રજા તરીકેની લાયકી છે ? બિહારના સાંતાલ પરગણામાં ચાળીસ વર્ષથી કામ કરતો નોર્વેનો રેવ. બોડિંગ કે ગરીબ સાન્તાલોનાં લોહીપરુ ચૂંથનારા ડૉક્ટર મેકફેલ કે તેની પત્ની ડૉક્ટર મેકફેલ કે હમણાંજ પોતાને સ્વદેશ અમેરિકા સિધાવેલા અહમદનગરના ડૉક્ટર હ્યુમની જોડીમાં મૂકી શકાય એવો એક પણ હિંદી નર તમે બતાવી શકો તેમ છો ? " પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે " એ વૈષ્ણવની વ્યાખ્યા એકે વૈષ્ણવને લાગુ પાડી શકાય તેમ છે, એમ છાતી ઠોકીને કોઇ કહી શકશે ?

પોતપોતાની જ્ઞાતિ માટેજ ?

આપણો દેશ અનેક ધર્મ, અનેક જ્ઞાતિ અને પેટાજ્ઞાત તથા ટોળામાં વહેંચાઇ ગયેલો છે. તેમાં સુધરેલા પ્રકારના " કોમ્યુનાલિઝમ "—પોતપોતાના વાડાવાળા માટે કામ કરવાની ભાવનાએ તો હદજ કરી છે. હિંદુ તે હિંદુનેજ માટે, મુસલમાન તે કેવળ મુસલમાનનેજ માટે અને પારસી તો નાની કોમ રહી તેથી પોતાના અસ્તિત્વને માટે કામ કરી રહ્યા છે. હિંદુઓમાં વળી નાગર બ્રાહ્મણ પોતાની જ્ઞાતિવાળાઓ માટે, વાણિયા વાણિયા માટે, ભાટિયા ભાટિયા માટે, પાટીદાર પાટીદાર માટે એમ સૌ પોતપોતાને માટે ફોડી લેવાની પદ્ધતિ પર કામ કરી રહ્યા છે; પણ આ તો જે કોમો જાગતી છે, આગળ પડતી છે, બુદ્ધિમાન છે તેની વાત થઇ; પણ જેઓ ઘોર નિદ્રામાં છે, જેમને દેશનું કે પ્રજાપણાનું ભાન સુધ્ધાં નથી, જે કેવળ પોતાનું પેટ ભરવામાંજ ગૂંચવાઈ ગઇ છે, જે દારિદ્રયમાં ડૂબી ગયેલી છે તેનું કોણ ? નાગરોનાં મંડળો કોળીઓને સહાય કરવા માટે બંધાયાં સાંભળ્યાં નથી, વાણિયા કે ભાટિયાઓએ હલકી ગણાતી જ્ઞાતિઓને માટે શાળાઓ ખોલી નથી, (બલકે પોતે સ્થાપેલી સંસ્થાઓ ફક્ત

ઉચ્ચ વર્ણના હિંદુઓ માટે છે એમ આકાશગર્જના કરતાં લજ્જિત થતા નથી.) પાટીદારોએ અંત્યજોને સારી સ્થિતિએ ચડાવવા પ્રયત્નો કર્યાનાં આપણને સ્વપ્નાં પણ આવ્યાં નથી. નોર્વે-સ્વીડનના કે કેનેડાના પ્રોટેસ્ટન્ટ લોકો કે ફ્રાન્સના કે ઇટલિના રોમન કેથલિકો, કે ખ્રિસ્તી ધર્મના સેંકડો પંથોના અનુયાયીઓ હિંદના લોકોને ખ્રિસ્તી ધર્મનું જ્ઞાન આપવા કરોડો રૂપિયા એકઠા કરી મોકલે અને વાપરે પણ અમારાજ દેશના, અમારાજ ધર્મના, પોતાને ઉચ્ચ કહેવરાવતા લોકો અમારાજ ધર્મથી અજ્ઞાન ભાઇઓને માટે પૈસો પણ ન ખર્ચે, દવાખાનામાં તેઓને પેસવા પણ ન દે તથા શાળાઓમાં પરદેશી સરકારના હુકમ છતાં પણ અંત્યજ બાળકોને દાખલ ન થવા દે એ, જેટલું શરમાવનારું છે, તેટલુંજ સત્ય છે. એકાદો શિંદે પોતાને અંત્યજોના કલ્યાણના કામમાં ખપાવી દે, કે એકાદો નીલમણિ ચક્રવર્તી આસામની ખાસી ટેકરીમાં પોતાના બુઢાપામાં પણ સેવાકાર્ય કરે તેથી દેશનું દળદર ફીટવાનું નથી.

પરાઈ પીડ જાણો

પ્રાંતે પ્રાંતે અસલ વતની કોમો માટે કલ્યાણકારી મંડળીઓ સ્થાપવાની જરૂર છે. તેને અંગે આખી જિંદગીભર સેવા કરનારા હિંદી મિશનરીઓ-સેવકો-કોડીબંધ અને સેંકડો જોઇએ. સેવા કરનારા ડોકટરો લાખો રૂપિયા મેળવીને કીર્તિ પ્રાપ્ત કરનારા નહિ, પણ ગરીબોની સેવા કરી ખ્યાતિ પામેલા મીરજના ડોકટર વાનલેસ કે બામદાના ડૉકટર-યુગલ મૅકફેલની માફકના કાર્યકર્તાઓ જોઇએ છે. પોતાની વિદ્વત્તા ગરીબોનાં બાળકોને તેમની ઝૂંપડીઓમાં, પહાડોનાં શિખર ઉપર કે ગાઢ જંગલમાં જઇને જ્ઞાન આપનારા અધ્યાપકો અને આચાર્યો જોઇએ છે. કોઢિયા (પતિયા), લૂલા, લંગડા, આંધળા અને નવારસ બાળકોની સેવા કરનાર ડૉકટરો અને દુનિયાદારીમાં પીઢ થયેલા ગૃહસ્થો જોઇએ છે. ભીલ, ચોધરી, ગામીટ, દૂબળા, વારલી,

કાતકરી, વડર, વાદી, રાવળ, ઠાકુર, ઢેડ, ચમાર, ભંગી, શેણુવા, કાથુડિયા, કોટવાળિયા વગેરે એવી એવી કોમોનાં સ્થાનો શોધી કાઢી તેમની વચમાં જઈ વાસ કરી, તેમની બોલી શીખી, તેમને જ્ઞાનવાન, ધાર્મિક તથા ધંધાદારી બનાવનારા સેંકડો બલકે હજારો કાર્યકર્તાઓ જોઈએ છે. આવા સેવકો ભાડૂતી કે સારા પગારની લાલચે મળી શકશે નહિ. જેને ઈશ્વરી સંદેશો મળશે, કે જેને પોતાના દેશના કલ્યાણ માટે ધગશ હશે, કે જે ખરો ભ્રાતૃભાવ સમજતો થશે, કે જે યજુર્વેદના વાક્ય પ્રમાણે "હું મારા દેશને માટે અનેક કષ્ટો સહેવાને તૈયાર છું" એમ કહેશે; એટલુંજ નહિ પણ ખરેખર મનથી આચરશે તેજ આવું કાર્ય કરી શકશે. અલબત્ત, આવા લોકોને તથા તેમનાં બાળબચ્ચાંને ખાવાને રોટલો તો જોઈએજ અને તે પ્રજાએ-એકલા શ્રીમંતવર્ગે નહિ પણ સાધારણ જનસમૂહે પણ-પૂરો પાડવોજ જોઈએ. આ યુગને કળિયુગ માનનાર કળિયુગ પ્રમાણે આચરણ કરે અને બીજાઓ ના જુએ; પણ સત્યયુગનાં આચરણ કરનાર માણસ આજે પણ સત્યયુગ છે, એમ માને અને મનાવે. "પરાઇ પીડ" જાણવાને દિવ્ય ચક્ષુની જરૂર નથી. માનુષી ચક્ષુ અને અનુકંપાવાળું હૃદય બસ છે. એવાને પરાઇ પીડના ઉપાય કરવાનાં સાધન મળીજ રહેશે-પ્રભુ પૂરાં પાડશે.

("મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)

"આપણને અર્વાચીન કાવ્ય પસંદ પડે છે તો તે અતિ રમણીય અને શુદ્ધ છે એ કારણથી નહિ, પણ આપણી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે, તેથીજ તે કાવ્યો પસંદ પડે છે." —મ૦ ટોલ્સ્ટોય

"લાખો માણસોના સમૂહના આંતરભાગમાં નિદ્રાધીન પડેલી શક્તિ જે સાહિત્યથી જાગ્રત થાય છે, તેજ સાહિત્ય કળાની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે; માટેજ સામાન્ય સમાજના મુખે હમેશાં ગવાતાં પદ અથવા વાતોજ પસંદ કરવા જેવાં છે." —મ૦ ટોલ્સ્ટોય

५—दुर्गुणोनो असरकारक उपाय

(લેખકઃ—મિ૦ બેહમન શો. જા. બનાજી)

માણસજાત અપૂર્ણ છે અને તેથી ભૂલચૂકને પાત્ર છે. કમનસીબે કેટલાંક માણસો ખરાબ સોબતથી અથવા કુદરતી ખરાબ મનના વંલણને લીધે કેટલીક ખરાબ ટેવો અને દુર્ગુણોનો ભોગ થઇ પડે છે અને પોતાના નસીબનું નખ્ખોદ વાળે છે અને બીજાઓને દુઃખી કરે છે; તેમજ આપણે સઘળા અપૂર્ણ હોવાથી આપણા સર્વમાં કાંઇ ને કાંઇ ખોડખાંપણ તો હોયજ. નવા વર્ષના પવિત્ર દિવસે આપણી ખોડખાંપણ અને આપણા દુર્ગુણો ઉપર વિચાર કરવાની અને તેઓને દૂર કરવાની આપણી ફરજ છે.

સાધારણ રીતે જોતાં પતેતીનો દિવસ ખાસ એવીજ રીતે પસાર કરવાની આપણી ફરજ છે. આવી નેમથી તમારી આગળ આ અગત્યની બાબત વિષે સૂચના કરવાની રજા લઉં છું.

પશ્ચાત્તાપ—પશ્ચાત્તાપ એ બંદગીનો એક ભાગ છે. પશ્ચાત્તાપ કરતી વખતે બંદગી કરનાર પોતાથી જાણ્યે અજાણ્યે થયેલા ગુનાને માટે ખુદા આગળ પોતાની દિલગીરી જણાવે છે અને ફરીથી આવા ગુના ન કરવાને ઈશ્વરને વચન આપે છે; અને એ ગુના માફ કરવાને ખુદાને વિનતિ કરે છે. બંદગીનો આ ભાગ કેટલો ફાયદાકારક છે તે આપણને સહેલાઇથી માલૂમ પડે છે. બંદગીના આ ભાગથી માણસ દિવસે દિવસે વધારે ને વધારે સદ્દગુણી થવાની કોશિશ કરે છે અને ગુના કરતો અટકે છે. ગુનાભરેલાં કામોથી દૂર રહેવા અને સદ્દગુણોમાં વધારો કરવા બંદગી કરનારે આ ભાગ ઉપર ખૂબ ધ્યાન આપવું જોઇએ. હવે બીજા ગુના કરીશ નહિ એવું વચન દરરોજ આપવામાં આવે છે, તે પાળવાની કોશિશ કરવી જોઇએ; તોજ આપણે ઈશ્વરની કૃપા મેળવી શકીએ છીએ એવો

ખ્યાલ કુદરતી રીતે બંદગી કરનારના મનમાં આવે છે, તેથી તે ગુના કરતો અટકે છે. સદ્‌ગુણી બની સુખી થવાની આ રીત કેટલી સહેલી અને ફાયદાકારક છે ! જેઓ બંદગીના ફાયદા માનતા નથી તેઓને સવાલ કરવામાં આવે છે કે, તેઓની પાસે કાંઇ બીજી એવી સહેલી રીત છે, કે જેથી માણુસો ગુના કરતાં અટકે ? જેને ઇશ્વરનો ડર હોય છે તેજ નાની તેમજ મોટી ચીજોમાં ગુના કરતો અટકે છે પણ જેઓને ખુદાનો ભય હોતો નથી અને બંદગી ઉપર ઇતબાર હોતો નથી, તેઓ દરરોજ ગુનાભરેલાં કામો કરે છે અને છેવટે દુઃખી થાય છે. માણુસજાત ગુનાને પાત્ર છે; પણ જેઓ પોતાનો જે રીતનો ગુનો થયો હોય તેનો ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કરે છે અને હવેથી એ ગુનો ન થાય તે વિષે ખુદાને વચન આપે છે, તેથી તે ખુદાની કૃપા મેળવે છે અને તે ખુદાના રક્ષણમાં રહે છે. તે દિન પર દિન ગુનો કરતો અટકે છે અને છેવટે સદ્‌ગુણી બની ઉત્તમ સુખ મેળવવાને શક્તિમાન થાય છે. બંદગીના બળથી કેટલાક માણુસોએ પોતાની દુર્ગુણી ટેવો કેમ દૂર કરી હતી, તેના જાણુવાલાયક દાખલા વાંચનારની ખાતરી કરવા અહીંયાં રજૂ કરવામાં આવે છે.

બંદગીના બળથી એક વિદ્યાર્થીએ પોતાના દુર્ગુણો ઉપર મેળવેલી ફતેહ

એક ચોપાનિયામાં એક વિદ્યાર્થીએ પોતાની દુર્ગુણી ટેવો બંદગીના બળથી કેમ સુધારી તેનો નીચે પ્રમાણે હેવાલ આપ્યો છે.

“ હું જાણું છું કે હું એક ખ્રિસ્તી છું, પણ ખ્રિસ્તી તરીકેના સદ્‌ગુણો ધરાવતો નથી. વારંવાર પેલો લલચાવનારો સેતાન મને લલચાવી જતો હતો. મારા મનમાં સતત પાપી અને દુર્ગુણી વિચારો આવ્યા કરતા હતા અને મને એમ લાગતું હતું કે આવા વિચારો કરવા ન જોઇએ. હું આંખમાં આંસુ સાથે રડતો અને ખુદાને બંદગી કરતો કે, મને પવિત્ર બનાવ. પહેલાં થોડાક મહિના સુધી મને એમ લાગતું કે, મારાથી અંતરમાં મારી તપાસ કરવા, વાંચવા અને બંદગી

કરવા સિવાય બીજું કાંઈ કરી શકાતું નથી; અને જેમ જેમ હું મારી તપાસ કરતો ગયો, તેમ તેમ પેલા લલચાવનારા સેતાનની જાળ વધારે ને વધારે માલૂમ પડતી ગઇ અને વધારે ને વધારે જણાયું કે, તેઓને દૂર કરવા મારે માટે અશક્ય છે; પણ ઈશ્વર મારી નજદીક હતો અને તેની ફક્ત એક નજર પૂરતી હતી. હું પાપોથી દૂર રહી પવિત્ર જિંદગી ગુજારવાની કોશિશ કરતો હતો. આવી જિંદગી ગુજારવાને માટે હું આંખમાં આંસુ લાવી ઈશ્વરની બંદગી કરતો હતો. કેટલાંક અઠવાડિયાં સુધી આ પ્રમાણે મેં બંદગી કરવાનું ચાલુ રાખ્યું. રફતે રફતે મને રાહત મળવા લાગી. વસંતઋતુમાં પેલા લલચાવનારા સેતાન સાથે ખૂબ લડત ચલાવ્યા પછી અને ઘણીક રીતે હલકી સ્થિતિમાં આવ્યા પછી બે અઠવાડિયાં સુધી પૂરતી શાંતિ મળી. ત્યાર પછી વળી બીજી લાલચોની સામે લડત ચલાવવી પડી હતી, પણ ખુદાની કૃપાથી તેમાં ફતેહ મળી હતી. સઘળો વખત ખુદાની કૃપાને માટે હું કેટલો બધો નાલાયક છું તેનો મને ખ્યાલ આવતો, ત્યારે મારી આંખમાં આંસુ આવતાં હતાં. જૂન મહિનાના પહેલા અઠવાડિયામાં અમે બંદગી કરવા ભેગા મળ્યા. મને ઘણોજ આનંદ લાગ્યો, જો કે હું નાલાયક હતો. અમારી બંદગી વારંવાર થતી અને સઘળાઓને આશિષ મળતી હતી.

એક વખત રવિવારે અમારા પયગંબરે મરતી વખતે જે પ્યાર સઘળાઓ ઉપર જાહેર કર્યો હતો, તે વિષે અમે બંદગી કરતા હતા. બંદગી ખલાસ થયા પછી ભજન ગાતા હતા તેટલામાં મારા હૃદયમાં એકદમ એવી તો રોશની પ્રકટી નીકળી અને તેનો ઝળકાટ એટલો તો હતો કે, હું ભજન ગાઇ શક્યો નહિ અને મોટેથી બોલી ઊઠવાને અંકુશ રાખી શક્યો નહિ. કેટલાક દિવસો સુધી મને બીજું કાંઇ કરવાનું ગમ્યું નહિ કે રખેને જે આનંદ મેળવ્યો છે, તે ખુદાને ગુસ્સે થવાનું કારણ મારી તરફથી મળે તો જતો રહે; પણ રફતે રફતે મને મજબૂતાઇ આવી; મારો આનંદ નદીની માફક વહેવા

લાગ્યો અને વર્ણવી ન શકાય એવી ખુશાલી અને ઈશ્વરની આશિષ મારામાં પ્રકટ થયાં. ચૌદ મહિના પસાર થઈ ગયા છે, તે છતાં મારામાંથી કદી પણ આવો આનંદ જતો રહ્યો નથી. શરીરની નબળાઇ સિવાય આ આનંદનો બીજી કોઇ પણ રીતનો અટકાવ થયો નથી. સઘળો આનંદ ખુદાની મરજીને આધીન થવાનો છે.

બંદગીના બળથી એક બાનુએ ચીડિયા સ્વભાવ ઉપર કાબૂ મેળવ્યો

એક બાનુનો સ્વભાવ ઘણો ચીડિયો અને ગુસ્સાવાળો હતો; તે કેટલીક વાર એકદમ પોતાનો મિજાજ ખોઇ દેતી, જેથી તે ઘણી દિલગીર થતી હતી; કારણ તેને એમ લાગતું હતું કે, આવા સ્વભાવથી તે સદ્‌ગુણી બાનુ કહેવાય નહિ. આ પ્રમાણે જાણ્યા છતાં તે પોતાના સ્વભાવ પર કાબૂ રાખી શકતી ન હતી. પોતાના આવા સ્વભાવને લીધે તે પશ્ચાત્તાપ કરતી અને ખુદાની બંદગી કરતી હતી; પણ બંદગી પર અને ખુદા પર જે રીતનું આકીન રાખવું જોઇએ તે રીતનું તેમાં ન હોવાથી, તેની બંદગી અને તેની કોશિશો નિષ્ફળ નીવડતી હતી. બાનુઓની બંદગીને માટે સભા મળી હતી. તે વખતે તેને ખુદા પર અને બંદગી પર પૂરતું આકીન રાખવા અને ખુદાને પોતાને સોંપી દેવાને સઘળાંએ તાકીદ કરી હતી. તેણે એ પ્રમાણે કર્યું અને ઘેર જતાં જતાં તેણે બંદગી કરી કે, તેને ફતેહ મળે. તે જાણતી હતી કે પોતે કુટુંબમાં વારંવાર ગુસ્સે થતી હતી અને કોઇ પણ રીતે પોતાનો ગુસ્સો અટકાવવાનું તે અશક્ય ધારતી હતી; પણ હવે તેણે ખુદા પર ઇતબાર રાખ્યો હતો. તે હવે માનતી હતી કે, ખુદા સર્વશક્તિમાન છે અને તેની શક્તિ આપણી ઉપર રહે છે. ઘેર પહોંચીને પોતાનું બારણું ઉઘાડતાં તેણે જોયું કે, તેનો નોકર તેના આપેલા હુકમથી નાફરમાન થઇ આગલા દાદરેથી પાણીનું વાસણ લઇ જતો હતો. આ ખામોશ કરવાનું તેને ઘણુંજ મુશ્કેલ માલૂમ

પડ્યું; પણ સૌથી વધારે ખરાબ તો એ થયું કે, પેલા નોકરે પો-તાની બાઇને આવી રીતે ઓચિંતી આવી લાગેલી જોઇ અને પોતાને તેના હુકમથી વિરુદ્ધ કામ કરતાં જોયો, ત્યારે પેલો નોકર એક-દમ ગભરાઇ ગયો અને આવા ગભરાટમાં તેના હાથમાંનું પાણીનું વાસણ ઓરડાના ગાલીચા પર ઢોળાઇ ગયું. પેલી બાનુ એક બોલ બોલી નહિ પણ પોતાના મનથી ખુદા મને મદદ કર! ખુદા મને મદદ કર! એમ બોલવા લાગી. તેણે પોતાના સ્વભાવ પર કાબૂ રાખી સઘળું સાફસૂફ કરાવી નાખ્યું. બંદગીના બળથી આવું શિક્ષણ મળેલું જોઇ, તેને પોતાના સ્વભાવ ઉપર કાબૂ મેળવવાને પહેલાં અશક્ય લાગતું હતું તે હવે તેને લાગ્યું નહિ.

બંદગીના બળથી દારૂ-તંબાકુની ટેવો દૂર થઈ

વિલિયમ બ્રે નામનો ધર્મગુરુ, એક છાકટા માણસે બંદગીના બળથી પોતાની એ માઠી ટેવ કેમ છોડી હતી, તેનો આ પ્રમાણે હેવાલ આપે છે. પચીસ વરસથી વધુ વખતની તેને છાકટાપણાની માઠી ટેવ હતી. જ્યારે તે એ ટેવ છોડવાની કોશિશ કરતો હતો, તે વખતે એ ટેવની તલબ બહુજ જોરાવર થવા લાગી અને કેટલાંક વરસો સુધી કંટાળો લાગ્યો. એક દિવસે જ્યારે ઘણીજ ઠંડી પડતી હતી, તે વખતે તે બજારમાંથી માલ ખરીદી ઘેર પાછો ફરતો હતો. રસ્તામાં એક દારૂની દુકાન આગળથી પસાર થવાનું હતું. જેમ જેમ તે દુકાનની નજદીક આવતો ગયો, તેમ તેમ તેની આગલી ટેવ વધારે ને વધારે જોર કરવા લાગી અને તેને એવું લાગ્યું કે, હવે આગળ પસાર થઇ શકાવાનું નથી. તેને એવું લાગ્યું કે, તે દારૂની દુકાન આગળથી પસાર થઇ શકાતુંજ નથી. પોતે ખરીદેલો માલ બાજુએ મૂકી દીધો, પાસેના જંગલમાં ગયો અને ઘૂંટણિયે પડી ખુદાને કાકલૂદીથી બંદગી કરી કે, આ ખરાબ તલબમાંથી તેને છોડવે. તે કહે છે કે, "ખુદાએ મારી બંદગી સાંભળી અને તેનો મને જવાબ મળ્યો. હું જમીન પરથી ઊઠ્યો તે વખતે આ

ટેવથી છૂટો થયેલો માણસ થયો અને તે વખતથી તે આજ સુધી હું છૂટો છું."

બીજો દાખલો

ટેનિસિમાં એક અધિપતિ કે જે તંબાકુનો ગુલામ થઇ ગયો હતો, તે પોતાનો હેવાલ નીચે પ્રમાણે આપે છે: "તંબાકુની ટેવ છોડવાને હું દઢ મનથી વારંવાર નિશ્ચય કરતો હતો. કોઇ કોઇ વખત થોડાક મહિના કે અઠવાડિયાં સુધી નભતું. એક વખત બાર મહિના સુધી તંબાકુથી દૂર રહ્યો, પણ એની તલબથી તદ્દન છૂટો થયો ન હતો.

"તા૦ ૧ લી ડિસેંબર ૧૮૫૦ ને રવિવારે સવારે હું એકાંત જગ્યામાં ગયો. ઘૂંટણિયે પડીને ખુદાને અરજ કરી કે, આ ટેવ છોડવાને મને મદદ કર. ત્યાં ને ત્યાં તેણે પાકો નિશ્ચય કર્યો કે, ખુદાની મદદથી આ શાપપાત્ર ચીજને કદી પણ અડકીશ નહિ અને તે દિવસથી આજ સુધી મને બીડી પીવાની અથવા તંબાકુ ખાવાની તલબ થઇ નથી. જ્યારે પણ હું તંબાકુ જોતો તે વખતે ઈશ્વર તરફ મારું અંતઃકરણ રાખી, આ ચીજથી દૂર રહેવાને મને મદદ કરવાની તેને આજીજી કરતો હતો. હું આજે ત્રેવીસ વરસ થયાં એ ચીજની ઇચ્છાથી દૂર થયો છું."

પ્રિય વાંચનારને છેવટે મારી એટલીજ સૂચના છે કે, કોઇ ખરાબ ટેવ પડી હોય તો તે એકદમ દૂર થઇ શકશે નહિ. ઘણીક વખતે એ ટેવ ઉપર કાબૂ મેળવવામાં નિષ્ફળતા મળશે, તેથી કોશિશ છોડી દેવી નહિ; પણ ખંત રાખવી અને જ્યારે પણ ખરાબ ટેવ હુમલો કરે, તે વખતે બંદગી કરવી ચાલુ રાખવી. ઘણીક કોશિશો પછી બંદગીનું બળ જોરાવર થશે અને છેવટે એ ખરાબ ટેવોથી દૂર રહેવાની પૂરતી શક્તિ મળશે. છેવટે એટલુંજ ઇચ્છું છું કે, આ પતેતીના શુભ દિવસે સર્વ કોઇ પોતાની ખોડખાંપણ તપાસી બંદગીના બળ વડે તેઓને દૂર કરી, ખરું સુખ ભોગવવાને શક્તિમાન થાય ! આમીન ! ("સાંજવર્તમાન" ના એક અંકમાંથી)

६—मघनी सेवावृत्ति

હજારો વર્ષ પૂર્વે મગધ દેશમાં મચલ નામના એક ગામડામાં એક ખેડૂતના કુટુંબમાં મઘ જન્મ્યો હતો. તે જ્યારે ઉંમરલાયક થયો, ત્યારે પોતાના ગામના લોકોની સ્વાર્થપરાયણતા જોઇ મનમાં ખૂબ ખિન્ન થયો. તે પોતાના ગામના રસ્તા સાફ કરવાનું, ગંદવાડ વહી વહીને બહાર ફેંકવાનું, પીવાના પાણીમાં ગંદું પાણી જાય નહિ માટે કૂવાને પાળ બાંધવાનું, વગેરે બીજાં એવાંજ લોકોપયોગી કામો કરતો; પરંતુ તેના આ કામથી રાજી થવાને બદલે ગામના લોકો તેને દોષ દેતા. તેઓ ચોરાઓ પર કે દારૂનાં પીઠાં પર ભેગા થઈ કહેતા કે, "અરે! આ પેલો ગાંડિયો મઘ! પોતાના ઘરનું કામ છોડીને ચાલ્યો નકામી માથાફોડ કરવાને! એકલાથી તે કદી આખા ગામનું હિત થયું છે કે? આપણે ભલા ને આપણું કામ ભલું! તેને બદલે આ તો ગામનું ભલું કરવા નીકળ્યો છે! શું કરવું છે આપણે આખા ગામને! મઘને પોતાની મૂર્ખાઇ સારુ કોઇક દિવસ પશ્ચાત્તાપ કરવો પડશે."

મઘની છચોક નિંદા થતી, એટલુંજ નહિ પણ તેનાં સગાંઓ પણ તેની વિરુદ્ધ હતાં; તોપણ તેણે પોતાનું કર્તવ્ય છોડી દીધું નહિ. મઘ એક દિવસ એકાદ રસ્તો સાફ કરે અને બીજેજ દિવસે આસપાસનાં ઘરમાંથી સ્ત્રીઓ કચરો નાખી જાય. કોઇ વૃદ્ધ કહે કે, આ ગંદવાડ શું કામ કરો છો? તો તેઓ કહેતીઃ "તમારે શું? પેલો મઘ મૂઓ છે ને! તે આવશે અને કરશે સાફ!"

મઘના આત્મસંયમનું પરિણામ જૂના જમાનાના લોકો ઉપર તો કંઇ પણ થયું નહિ, પરંતુ મઘનો આ માર્ગ સારો કેમ ન હોય એવી એક બે તરુણોને શંકા આવવા લાગી.

ગામના બે તરુણ મિત્રો મઘથી આકર્ષાઇને તેને ગુરુ કરવાના

ઇરાદાથી તેની પાસે ગયા અને બોલ્યાઃ "આજ સુધી અમે તારી ઉપેક્ષા કરી, એ માટે અમને અત્યંત દુઃખ થાય છે. અભાગીને પોતાને ઘેર પડેલી થાપણની જેમ ખબર ન પડે, તેમજ તારા સદ્ગુણની તું અમારી પાસે હોવા છતાં અમને ખબર પડી નહિ. આજથી અમે તારા શિષ્ય થઇ તારું અનુકરણ કરી સત્કૃત્યમાં કાળ ગાળવાનો નિશ્ચય કર્યો છે." મઘ બોલ્યોઃ "મિત્રો! સદાચરણમાં કાળનો સદ્‌-વ્યય કરવાની તમારી ઇચ્છા માટે તમને ધન્ય છે; પરંતુ આ માટે મારું શિષ્યત્વ સ્વીકારવાની આવશ્યકતા નથી. મારા જેવા તો મર્ત્ય· નાશવંત છે, એ તમે જાણોજ છો; માટે આવા ક્ષણભંગુર પ્રાણીનું શિષ્યત્વ ન સ્વીકારતાં આપણે બધા ધર્મનું શિષ્યત્વ સ્વીકારીએ તો સારું; કારણ કે ધર્મ શાશ્વત છે, તે અનાદિ છે, તેને આપણી પાસેથી કોઇ પણ દૂર કરી શકે એમ નથી.

"કુમાર્ગથી નિવૃત્તિ અને સત્કર્મમાં પ્રવૃત્તિ એને સાધુ લોક "શીલ" કહે છે. પ્રાણીનો ઘાત ન કરવો, ચોરી ન કરવી, વ્યભિ-ચાર ન કરવો, અસત્ય ભાષણ ન કરવું અને માદક પદાર્થનું સેવન ન કરવું—એ પાંચ નિયમ એકનિષ્ઠાથી પાળીએ તો આપણે કુકર્મથી બચી જઇએ અને પરોપકારાદિ સત્યકૃત્યમાં આપણા કાળનો ઉપયોગ કરી શકીએ."

તરુણ બોલ્યાઃ "આજથી આ પાંચ નિયમો અમે બરાબર શ્રદ્ધાપૂર્વક પાળીશું અને ઘરકામથી બચેલો કાળ સત્કર્મમાં ગાળીશું."

આમ ધીરે ધીરે મઘને ત્રીસ અનુયાયી મળ્યા. તે સૌએ મળી રોગી લોકો માટે અને અનાથ, અપંગ લોકો માટે એક ધર્મશાળા સ્થાપન કરી. આસપાસના ગામના રસ્તા સાફ કર્યા, નાના નાના પુલો બાંધ્યા, તળાવો ખોદ્યાં અને એવાં બીજાં લોકોપયોગી કામો કર્યાં. આ ઉપરાંત તેઓ પોતાના પરગણાના લોકોને પંચશીલનો ઉપદેશ કરતા. તેમના આ કાર્યનું આખા પરગણા ઉપર એવું પરિ-ણામ થયું કે, થોડા અપવાદ બાદ કરતાં ત્યાંના બધા લોક સદાચારી

બન્યા. દારૂનાં પીઠાંવાળાને પોતાની દુકાનો બંધ કરવી પડી અને ત્યાંના મુખી—ન્યાય અને વસૂલી અમલદારને દંડના રૂપમાં ઘણીજ મોટી પ્રાપ્તિ થતી, તે નહિ જેવી થઇ ગઇ.

આ પરગણુાના લોકોમાં પહેલાં એટલા ટંટા થતા કે, તેનો નિકાલ કરતાં મુખીને જમવાની સુધ્ધાં ફુરસદ મળતી નહિ; પણ હવે મુખીને આખો દિવસ તકિયાને અઢેલી વાતો કરતાં બેસવું અને કચેરીનો વખત પૂરો થતાં ઘેર જવું, એટલોજ ઉદ્યોગ રહ્યો. પોતાના પરગણુામાં સ્થિતિ આવી કેમ પલટાઇ ગઇ, તેની તપાસ કરતાં મઘ અને તેના ત્રીસ અનુયાયીઓએ આ બધી ક્રાંતિ કર્યાનું મુખીને જણાવ્યું. આ ત્રીસને આ પ્રદેશમાંથી ઊંચકી લીધા સિવાય લોકો પહેલાંના જેવી સ્થિતિમાં આવશે નહિ, એમ વિચારી કાંઇ જરૂરી કામ માટે પોતે મગધદેશના રાજાને મળવા જાય છે, એમ પોતાના હાથ નીચેના લોકોને જણુાવી તેણે રાજધાનીનો રસ્તો પકડ્યો.

રાજાને મળી મુખી બોલ્યોઃ "મહારાજ! શું કહેવું ? અમારા દેશમાં ત્રીસ તોફાનીઓ અને તેમના નાયકે ઘણોજ ઉત્પાત મચાવી મૂક્યો છે. બધા લોક ગામ છોડી નાસે છે અને હરામખોરોના ડરથી અમારા પ્રદેશમાં બીજા લોક આવતા નથી. આ પ્રમાણે ખેતી, વેપાર-રોજગાર બધું બંધ પડી ગયું છે. હવે આપને અમારા પરગણુામાંજ નહિ, પણ આસપાસના સૌ પ્રાંતમાં પણ કર વસૂલ કરવો અશક્ય થઇ પડશે."

રાજા અતિશય સંતાપ પામી બોલ્યોઃ "આ વાત તમે મને જણાવી એ બહુ સારું થયું; તમારી સાથે હું નાની ફોજ આપું છું, તેની સહાયથી તમે તે તોફાનીઓને પકડી લાવો."

મુખીએ પોતાના પરગણુામાં જઇ, મઘ અને તેના સાથીઓને પકડ્યા. તેઓએ મુખીનો કાંઇ પણ વિરોધ કર્યો નહિ. તેમને પકડવા માટે રાજાનો હુકમ છે, એમ કહેતાંની સાથેજ તેઓ પોતાની મેળે સ્વાધીન થયા. તેમના હાથપગમાં બેડીઓ ઘાલી દીધી અને તેમને

પકડી આણ્યાના સમાચાર રાજાને આપ્યા. રાજા તે વખતે અંતઃપુરમાં હતો. આ હરામખોરોને જોવાની તેને ફુરસદ ન હતી. તેણે ત્યાંથીજ હુકમ છોડયો કે, તોફાનીઓને મહેલના આંગણામાં ઊંધા સુવાડી તેમનાં શરીર પર હાથી ચલાવો.

રાજાના હુકમ પ્રમાણે મઘ અને તેના સાથીઓને મુસ્કેટાટ બાંધી ઊંધા સુવાડવામાં આવ્યા. પછી હસ્તીશાળામાંથી એક મહા-મત્ત હાથી તેમના પર છોડવાને સજ્જ કરવામાં આવ્યો.

મઘે પોતાના અનુયાયીઓને કહ્યું: "ભાઇઓ! આજ સુધી આપણે સદાચારમાં કાળ ગાળ્યો છે. હવે આપણામાંના કોઇને એમ લાગવાનો સંભવ છે કે, સદાચરણથી મનુષ્ય સુખીજ થાય છે એમ નથી? અમે અમારું જીવન સત્કર્મમાંજ ગાળ્યું છે, છતાં અમારા પર આ સંકટ કેમ આવ્યું? પણ મિત્રો! આ સમયે એવા વિચારનો સ્પર્શ પણ તમારા દિલને થવા દેશો નહિ. આ લોકમાં ન્યાય-યુક્ત વ્યવહાર નહિ હોય, છતાં પરલોકમાં આપણાં કર્મોનું યોગ્ય ફળ આપણને મળવાનું છે. આ લોકમાં કોઇ લુચ્ચો માણસ પુષ્કળ સંપત્તિ મેળવે છે અને કોઇ સત્પુરુષ દારિદ્રયમાં દળાય છે; એટલે આ લોકમાં તો માણસને ન્યાય મળતો નથી એ ખુલ્લું છે, પરંતુ આપણા કર્મોથી આપણે એટલા બધા બંધનમાં આવી જઇએ છીએ કે, તેને લીધે પરલોકમાં આપણો છુટકારો થવો અત્યંત અશક્ય થઇ પડે છે; માટે આપણાં કુકર્મોજ આપણા રક્ષક અને આપણાં સત્કર્મોજ આપણા ન્યાયાધીશ થશે, એ ચોક્કસ ધ્યાનમાં રાખજો. વળી તમારા મનને ખોટું લાગતું હોય તે વખતે જો તમારું મરણ થશે. તો તેનું પરિણામ અત્યંત અનિષ્ટ આવવાનું; કેમકે મનુષ્યનું મન અસ્થિર હોય તેવે વખતે જો તેનું મરણ થાય, તો પુનર્જન્મમાં તે હીન યોનિમાં જન્મે છે, એવાં ઋષિ-મુનિઓનાં વચન છે; તેથી આ પ્રસંગે તમારી મૈત્રીભાવના દૃઢ કરો. જેવો તમારો લોકપર પ્રેમ હતો, તેવોજ તમારી ઉપર ફરિયાદ કરનાર મુખીપર, તમને મારવાનો હુકમ

કરનાર રાજાપર અને તમને મારવાને પ્રવૃત્ત થયેલા આ હાથીપર તમારો પ્રેમ થવા દો. શત્રુ, મિત્ર, તટસ્થ અને હું એવા ભેદો મનમાંથી કાઢી નાખી સર્વની ઉપર મૈત્રી થવા દો. એક દેહનાં જેમ ભિન્નભિન્ન અંગો હોય છે, તેમજ આપણે એક વિશ્વનાં અંગો છીએ, એ સમજ ઢીલી પડવા દેશો નહિ. આજપર્યંત કરેલાં સત્કૃત્યોનું તમે આ સમયે ચિંતન કરો!"

હવે જ્યારે મઘ અને તેના સાથીઓને મારવા માટે મહાવતે હાથીને આગળ આણ્યો, ત્યારે તે મોટેથી કિકિયારી પાડી એકદમ પાછળ હઠ્યો! કેમે કર્યો તે તેમના શરીર પર પગ દેજ નહિ. ફરી બીજો, ત્રીજો, એમ બેચાર હાથી આણ્યા; પરંતુ તે સર્વ મહાવતના અંકુશના મારની દરકાર ન કરતાં કિકિયારી કરી પાછળ હઠ્યા, એકે હાથીએ મઘને અને તેના સાથીઓને ઉપદ્રવ કર્યો નહિ!

આ સમાચાર રાજાને મળતાંજ તે બોલ્યોઃ "આ લોકો હાથીનો મંત્ર જાણતા હોવા જોઇએ કે તેમની પાસે કંઇ જડીબુટ્ટી હોવી જોઇએ."

મઘ બોલ્યોઃ "મહારાજ! અમારો મંત્ર કહીએ તો આજ સુધી અમે એકનિષ્ઠાથી શીલનું પાલન કરતા આવ્યા છીએ. જાણીબૂજીને અમે કોઇ પ્રાણીનો ઘાત કર્યો નથી. પરસ્ત્રીને અમે માતા સમાન માનીએ છીએ, અસત્ય ભાષણ અમે કદીયે કર્યું નથી અને મદ્યાદિ માદક પદાર્થોથી અમે અલિપ્ત રહ્યા છીએ; આ સિવાય આપની પ્રજાની સેવા અમે યથામતિ કરતા આવ્યા છીએ, અમારા પર એકાએક જ્યારે આ પ્રસંગ આવ્યો, ત્યારે મેં મારા મિત્રોને હિંમતથી કહ્યું કે, 'આપણને પકડનાર મુખી પર, મારવાનો હુકમ આપનાર મહારાજ પર અને મારનાર હાથી પર આપણે બધાએ મૈત્રીની ભાવના રાખવી. કોઇ પણ પ્રકારે દ્વેષનો સ્પર્શ આપણા મનને થવા ન દેવો.' અમારા આ શીલનો અને મૈત્રીનો પ્રભાવ એજ અમારો મંત્ર છે."

રાજાએ પોતાના દૂત મોકલીને મઘના ગામની અને આસપાસના ગામની ખરી સ્થિતિ શું છે, તેની ખાતરી કરી; ત્યારે તેને જણાયું કે, મઘ અને એના સાથીઓએ તે પ્રાંતની ઉત્તમ સુધારણા કરી છે. ત્યાંના લોક સુખી હોઈ પરસ્પર અત્યંત પ્રેમથી વર્તે છે. ચોરી, મારામારી, ટંટાફિસાદ વગેરે વસ્તુઓ તે પ્રાંતમાં નામશેષ થઇ છે. આ જાણીને રાજાએ ખોટી ફરિયાદ કરનારા પેલા મુખીને પકડીને એકદમ ફાંસી દેવાનો હુકમ આપ્યો અને તેની જગાએ મઘને નીમવામાં આવ્યો; ત્યારે મઘ રાજા પાસે ગયો અને મુખીને માફી આપવાની વિનતિ કરી તે બોલ્યો: “ મહારાજ ! આ મુખી ન હોત તો અમને આપનાં દર્શનનો યોગ ન મળ્યો હોત; અમારાં શીલને અને મૈત્રીને કસોટીએ ચડાવી જોવાની સંધિ મેળવી આપી તેથી એ અમને પ્રિય છે. મહારાજે એને જીવતદાન આપવું એવી અમારી નમ્ર વિનતિ છે. ”

મઘની વિનતિને માન આપી રાજાએ મુખીને છોડી મૂક્યો.

(‘ બુદ્ધલીલા સારસંગ્રહ ’ નામના પુસ્તકમાંથી)

“ બુદ્ધિવાદની બાહોશીવાળા વિદ્વાનો બહુધા કર્તવ્યશૂન્ય હોય છે.”

—મ૦ ટૉલ્સ્ટૉય

“ ઉચ્ચ કોટિના માણસો કોઇનુંય ધ્યાન ખેંચવા મથતા નથી. કોઇની આગળ હાથ ધરવાનું કે ખુશામત કરવાનું તેમને પસંદ હોતું નથી. આથીજ અલ્પ બુદ્ધિવાળા અને ખુશામતની ટેવવાળા લોકો ગમે તે મેળવી શકે છે. ” —ઓમાર્ક

“ લાયકાત વગર ઈશ્વરી જ્ઞાન મળતું નથી. ”

“ બીજાના દોષ જોવામાં ન રહી જતાં આગળ વધો. ”

“ ધાર્મિક વાતો કરવી એ કાંઇ મોટી વાત નથી. પરંતુ સંકટના વખતમાં પણ બરાબર ધર્મ પાળવો એજ મુશ્કેલ છે.

७–महान शोधक एडिसन बहेरा केम रह्या छे ?

(લેખકઃ–શ્રી. છ. હ.)

આ મહાપુરુષને નાનપણમાં કોઇએ માથા ઉપર જોરથી પ્રહાર કરવાથી એ બહેરા થઇ ગયા. તેમનાં પત્નીને તેમને માટે બહુજ લાગણી થતી હોવાથી તેમણે ડૉક્ટરોની સલાહ લીધી. મહા મહાપ્રયત્ને મિ૦ એડિસને કાન બનાવવાની હા પાડી. ડૉક્ટરોએ કહ્યું કે, "એક નાનુંસરખું ઑપરેશન કરવામાં આવે, તો કાન સાજા થઇ જાય." આ સાંભળી તેમનાં સ્ત્રી બહુજ ખુશી થયાં. પ્રયોગ માટે દિવસ નક્કી થયો; પણ તે દિવસેજ મિ૦ એડિસને પોતાની ઑફિસમાં આવીને પોતાના મદદનીશને કહ્યું: "ડૉક્ટરને ટેલિફોન કરી આજ ઑપરેરેશન બંધ રખાવો."

તેમનાં સ્ત્રીને કાને આ વાત આવી ત્યારે તે બિચારાં બહુ નિરાશ થઇ ગયાં. તેમણે પટાવી પટાવીને કારણ પૂછ્યું, ત્યારે તેમના પતિએ જણાવ્યું કેઃ—

"આસપાસની ગડબડ અને અવાજોની પીડા ટળી જવાથી હું વિચાર કરતાં શીખ્યો છું. હજી મારે મરતાં પહેલાં ઘણી બાબતો વિચારવાની છે. જો મારા કાન સુધરે તો મારે વિચાર કરવાનું બંધ પડી જાય ને નવી ટેવ પડે, માટે તેવી ટેવ પાડવા જેટલો હવે મને અવકાશ નથી; તેથી ભલે છે તેમજ રહે."

ફોનોગ્રાફની શોધ કરીને જગતમાં અવાજ પ્રસરાવી દેનાર તથા ટેલીફોનદ્વારા દૂર સુધી અવાજ પહોંચાડનાર આ મહાપુરુષે પોતે આ પ્રમાણે પક્ષીઓનાં મધુર ગાયન અને મનુષ્યોનું મોહક સંગીત કે બાળકોના કાલાકાલા બોલ સાંભળવાનો આનંદ લેવા માટે જાણીજોઇને પ્રયત્ન કર્યો નહિ અને તે લાભ ખોયો, એ ઓછો આત્મભોગ કહેવાય ? આથી બીજો વધારે પરોપકાર કયો ?

એમને મોટરમાં ફરવાનો બહુ શોખ છે અને પ્રખ્યાત ફોર્ડ મોટર બનાવનાર કરોડાધિપતિ તેમના ગાઢ સ્નેહી છે. ખોરાકમાં પોતે રોટલી અને દ્રાક્ષજ લે છે. ઘણી વાર રાતના બે વાગ્યા સુધી વાંચ્યા કરે છે ને સવારે સાત વાગે તો પાછા કામે વળગે છે.

પુષ્પોની સુવાસ અને તેમના ખીલતા વિવિધ રંગ તેમને બહુ પ્રિય છે, તેથી પોતાના સુંદર બગીચામાંજ તેઓ ઘણી વાર પોતાના મિત્ર મિ૦ ફૉર્ડ સાથે વિવિધ ચર્ચામાં આનંદ લે છે.

('મુંબઇ સમાચાર' ના એક અંકમાંથી)

૮-वीजळीथी सावचेत रहेवानी जरूर

આકાશમાં ઘનઘોર વાદળ છવાયાં હોય અને વીજળી ચમકાર કરી રહી હોય, ત્યારે કોઈ પણ અગાશીમાં નહિ જવું જોઇએ.

યાદ રાખવું કે ઊંચી ચીજો, જેવી કે ઝાડ, ધ્વજા યા કોઈ ઊંચી ઇમારત વીજળીને પોતાની તરફ ખેંચે છે, માટે આ ચીજોથી દૂર રહેવું જોઇએ. જો તમે કોઇ ઝાડવાળી જગામાંજ હો તો ઝાડની પાસે ન જવું. જો એકલા અને બીજાઓથી જુદા ઊભા હો તો ઝાડના ઝુંડમાં રહેવું, ઊંચાં ઝાડથી દૂર રહેવું.

વરસાદ વરસતો હોય અને વાદળાં ગાજી રહ્યાં હોય, તો દોડીને એક સ્થળેથી બીજે સ્થળે ન જવું; દોડવાથી હવામાં હલનચલન પેદા થાય છે, તેનાથી થતા વેગને લીધે વીજળી તેના તરફ ખેંચાઇ આવશે.

આવે વખતે તમે કોઇ ઘરમાં, હો તો બારીએથી દૂર રહેજો અથવા તો બારીઓ બંધ કરી દેજો.

ઘનઘોર વરસાદ, વાદળોની ગર્જના અને વીજળીના કડાકા થતી વખતે, છત્રી ઓઢીને કોરા રહેવા કરતાં ભીંજાઇ જવું સારું છે. કોરી ચીજો વીજળીને વધારે ખેંચે છે.

('ગૃહલક્ષ્મી' ના એક અંકમાંથી)

९–माबाप माटे प्रश्न

(લેખકઃ–શ્રી. કૃ. જો. બાગલ)

૧. છોકરાંઓએ સવારમાં વહેલાં ઊઠવું, પણ તમે વહેલાં ઊઠો છો કે કેમ?

૨. ઊઠતાંવેંતજ આળસને અલગ કરી, ઝાડે ફરી આવી, કોગળા કરી નાખી દાતણપાણી પરવારી લેવું; પણ તમે તેમ કરો છો કે કેમ?

૩. સવારમાં છોકરાં પાસે ભક્તિરસનાં ભજનો અથવા શ્લોક તમે બોલાવો છો કે કેમ? આપ પોતે કદી બોલો છો કે કેમ?

૪. છોકરાંઓએ કસરત કરવી; પણ તમે તેમને કોઇ વખતે ઉત્તેજન આપો છો કે કેમ? તમે જાતે વ્યાયામ કરો છો કે કેમ?

૫. જીવન ગાળવામાં ડગલે ડગલે શક્તિની જરૂર પડે છે. તમે તેવું કોઇ વખતે છોકરાંઓને સમજાવ્યું છે કે કેમ?

૬. તમે છોકરાંઓનાં દેખતાં ચા પીઓ છો અને ધૂમ્રપાન કરો છો કે કેમ?

૭. છોકરાંઓને સારુ તાજું દૂધ મળે તેવી વ્યવસ્થા તમે કરી છે કે કેમ?

૮. છોકરાંઓની સમક્ષ તમે ઘરગથ્થુ કંઇ વાત કરો છો કે કેમ?

૯. પોતાનું કામ જાતે કરવું, કોઇના ઉપર આધાર રાખવો નહિ તે મોટાઇ અને ડહાપણનું લક્ષણ છે, એવું તમે તેમને સમજાવ્યું છે કે કેમ?

૧૦. નહાતી વખતે શરીરનો કયો ભાગ કાળજી રાખી ધોવો જોઇએ તે તમે તેમને કોઇ વખતે કહ્યું છે કે કેમ?

૧૧. ટાઢા પાણીથી નાહવાના ફાયદા તમે કોઇ વખતે છોકરાંઓને સમજાવ્યાં છે કે કેમ?

૧૨. પથ્થરથી શરીર ઘસવું નહિ તેવું તમે તેમને કહ્યું છે કે કેમ ?

૧૩. છોકરાંઓને તરતાં તમે શીખવ્યું છે કે કેમ ?

૧૪. શરીરે તેલ ચોળવાથી શું ફાયદો થાય છે, તે તમે છોકરાંઓને સમજાવ્યું છે કે કેમ ?

૧૫. હમણાં જે તેલો બજારમાં વેચાય છે તે નુકસાનકર્તા છે, તેવું તમે તેમને કોઇ પણ વખતે કહ્યું છે કે કેમ ?

૧૬. નાહ્યા પછી શરીરે તેલ ચોળવાથી અથવા માથામાં તેલ નાખવાથી કેવા પ્રકારની ગંધ ઊડે છે, તે તમે તેમને કહ્યું છે કે કેમ ?

૧૭. નાહ્યા પછી શરીરનો કયો ભાગ ખૂબ ઘસીને લૂછવો જોઇએ, તે તમે સમજાવ્યું છે કે કેમ ?

૧૮. હમેશાં પ્રથમ ટાઢા પાણીથી માથું, દૂંટીની આસપાસનો ભાગ, ગુદા, જનનેન્દ્રિય અને તેની પાસેનો ભાગ તમે ધુઓ છો કે કેમ ?

૧૯. આંખને શી રીતે ધોવી તે તમે જાણો છો કે કેમ ?

૨૦. આંખો ધોવાની રીત તમે છોકરાંઓને શીખવી છે કે કેમ ?

૨૧. આંખો ધોવાથી થતા ફાયદા તમે છોકરાંઓને કોઇ વખતે કહ્યા છે કે કેમ ?

૨૨. તમારાં બાળકો દાતણ શાનાં કરે છે ?

૨૩. દાંત સાફ કરવા માટે અમુક દાતણ અથવા મંજન સારું છે, એવું તમે તેમને કહ્યું છે કે કેમ ?

૨૪. દાંતનો અને આરોગ્યતાનો સંબંધ તમે છોકરાંઓને કોઈ વખતે સમજાવ્યો છે કે કેમ ?

૨૫. થૂંક અને લાળનો આરોગ્યતા સાથેનો સંબંધ આપ જાણો છો ? છોકરાંઓને તમે તે કોઇ વખતે સમજાવ્યો છે કે કેમ ?

('વ્યાયામ'ના એક અંકમાંથી)

१०—ज्ञान अने विज्ञान

(લેખક:—શ્રી. 'જૂનો જોગી')

લોખંડનાં મકાન

પથ્થર, ઈંટ, લાકડાં વગેરેનાં બનાવેલાં મકાનોને બદલે થોડો વખત થયાં સિમેંટના બ્લોકનાં મકાનો થયેલાં આપણે જોઇએ છીએ. હાલમાં વિલાયતની મ્યુનિસિપાલિટીમાં લોખંડના ઢાળાનાં મકાનો બાંધવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ મકાનોમાં ખાસ સગવડ તો એ છે કે, તે તરતજ ઊભું થઇ શકે છે; તેમજ બીજી જગ્યાએ ખસેડવું પડે તોપણ કાંઈ પણ નુકસાની સિવાય બેસવી શકાય છે. સાધારણ અનુમાન એવું થાય કે, આવાં લોખંડનાં મકાનોમાં ગરમી ઘણીજ લાગે; પરંતુ આ લોખંડનાં બીડ એવી જાતનાં બનાવવામાં આવે છે કે, તેમાં ઠંડી–ગરમી પણ ઈંટ–ચૂનાના મકાનમાં લાગે તેવાંજ લાગે છે. ટૂંકામાં આ લોખંડનાં મકાનો પથ્થર, ઈંટ, ચૂના અને લાકડાંનાં બનાવેલાં મકાનો કરતાં વધારે સુગમતાવાળાં અને સગવડવાળાં ગણાય છે. હજુ આ મકાનોની શરૂઆત થઈ છે; પરંતુ એકાદ દશકાની અંદર તો આવાં મકાનો ઠેર ઠેર થઈ જવા પામશે. બિચારા કડિયા–સુતારનું શું થશે ? તેની રોજી ભાંગી પડશે કે શું ? એ તો પછી લોખંડનાં મકાનોના બોલ્ટ ફેરવતા થઇ જશે. પ્રભુએ દાંત આપ્યા છે તો ચાવણું આપી દે છે. જમાનો પ્રગતિનો છે તેમાં નવીનતા તો દિનપ્રતિદિન થયાજ કરવાની !

તંદુરસ્ત બીડી ?

ઘણા બીડીના બંધાણી શોખની ખાતર બીડી શરૂ કરે છે. બીડીની અંદર રહેલી સુગંધ ઉપર ઘણા ફીદા થઇ જાય છે, પરંતુ કમનસીબે બીડીમાં જે " નિકોટિન " ઝેર છે તે બીડી પીનારને સુખેથી જંપવા દેતું નથી. આ નિકોટિન ઝેરને લીધે બીડી પીનારને

ઊલટી થાય છે, માથું ફરવા માંડે છે અને બેચેની ઉત્પન્ન થાય છે. બે–ચાર વખત માથું મારીને બીડી પીવાથી મગજને ટેવ પડી જાય છે અને છેવટે માણસ બંધાણી બની જાય છે. બીડી બનાવવાવાળાએ આવા કુમળા મગજવાળા કે જેઓ બીડી એક વખત મોઢામાં નાખે કે ઊલટી થાય, તેવા બિચારા બીડીની લહેજત લઇ શકે તેટલા ખાતર તેમની દયા (?) ખાઇને બજારમાં તંદુરસ્ત બીડી–એટલે કે જે બીડીની અંદરથી ઝેર–નિકોટિન કાઢી નાખવામાં આવ્યું છે, એમ કહીને નવી બીડીઓ દાખલ કરી. આ બીડીઓમાં ઝેર–નિકોટિન–સિવાય બીજી બધી લહેજત છે એમ કહેવામાં આવે છે, જેથી કેટલાક દરદીઓને માનસિક સંતોષની ખાતર ડોક્ટરો આવી બીડી પીવાની સલાહ આપે છે, પરંતુ હમણાં આવી તંદુરસ્ત બીડીની તપાસ કરતાં માલૂમ પડયું છે કે, આવી બીડીની અંદરથી સેંકડે માત્ર દશથી વીસ ટકા નિકોટિન ઓછું કરી શકાયું હોય છે. વળી કહેવાતી કેટલીક તંદુરસ્ત બીડીની અંદર તો સાધારણ નિકોટિનના પ્રમાણ કરતાં વધારે નિકોટિન માલૂમ પડયું હતું. આનું કારણ એમ કહેવામાં આવે છે કે, નિકોટિનરહિત તમાકુ બનાવવાને માટે તેને ભીની હવામાં લાંબો સમય રાખવામાં આવે છે અને પછી તેને તદ્દન સૂકવી નાખવામાં આવે છે. આ ક્રિયામાં ભીની હવાને લીધે નિકોટિન ઓછું ન થયું હોય તો તે જ્યારે તમાકુ સૂકવવામાં આવે, ત્યારે તે સૂકી તમાકુમાં વધારે પ્રમાણ બતાવે છે. ગમે તે કહો, પરંતુ આવી તંદુરસ્ત બીડીથી પ્રજાએ કે ડોક્ટરોએ ઠગાવું નહિ. તંદુરસ્ત રહેવાનો સરસ ઉપાયજ એ છે કે, બીડી પીવીજ નહિ. કુદરત પહેલી ફૂંક લેતી વખતેજ ઊલટી કરાવે છે. તે ચિહ્ન ચોખ્ખું છે કે તમારે લાયક તે ચીજ નથી.

જ્ઞાનભંડાર

પૃથ્વીના મધ્યભાગમાં લોખંડ છે; એટલે ચાર હજાર માઇલ ઊંડે લોખંડ છે. આ લોખંડનો થર બે હજાર માઇલ સુધી છે. ત્યાર

પછી લોખંડ અને પથ્થર છે. ઉપલા ભાગમાં પથ્થર છે. પૃથ્વીના સપાટીના થરમાં જે ચીજ મળે છે, તે થર તો માત્ર આઠથી દશ માઇલજ ઊંડો છે.

માણસો સાડાપાંચ ઔંસ એટલે કે લગભગ ચૌદ તોલા ઘી એક દિવસમાં પચાવી શકે છે. આથી વધારે ખાવામાં આવે તો તે ઝાડામાં નીકળી જાય છે, મથુરાના ચોબા શું ચૌદ ભારજ પચાવી શકતા હશે ?

એકલું દૂધ ખાવા કરતાં તે રોટલો કે રોટલી સાથે ખાવું જરૂરનું છે. એકલું દૂધ હોજરીમાં પહોંચે છે, ત્યારે ત્યાં તેનું દહીં થઈ જઇ લોંદો જામી જાય છે જેને પચતાં વખત લાગે છે.

પોલકું કે કમખો ?

માણસો સાધારણ રીતે શરીરને સુરક્ષિત રાખવાને માટે કપડાં પહેરે છે. જંગલી અવસ્થામાં આપણે કપડાંનો બહુજ ઓછો ઉપયોગ કરતા; હવે સુધારાના વહેનમાં જરૂર કરતાં વધારે કપડાં શરીર ઉપર ઘાલવા મંડ્યા છીએ ! પરિણામે ઘણાં દરદો થવા લાગ્યાં છે અને ચામડીને "સન બાથ" આપવાની ભલામણો યુરોપાદિ દેશોમાં થવા લાગી છે. ઉપરાંત જર્મની આદિ દેશોમાં તો નગ્નાવસ્થામાં રહેનારાઓની મંડળીઓ સ્થપાઈ છે ! આપણા પુરુષવર્ગમાં કપડાંમાં યુરોપની નકલ થવા લાગી છે. જ્યાં એક ખાદીનો ઝભ્ભો અને એક ખાદીની પોતડીથી ચાલે ત્યાં કોટ, પાટલૂન, શર્ટ, જેકેટ, અંડરવેર વગેરે અનેક કપડાં પહેરી શરીરને કુદરતી હવાથી દૂર રાખીએ છીએ. સ્ત્રીઓ તો ફેશનમાં ફુલાઇ જાય તેવો તેમનો કુદરતી સ્વભાવ હોય છે; એટલે આંધળું અનુકરણ કરવામાં તે બુદ્ધિનો બિલકુલ ઉપયોગ કરતીજ નથી. એક સ્ત્રીએ અમુક ફેશનનું કપડું લીધું એટલે બીજી પોતાના ધણીનો જીવ ખાઇને પણ તેવી ફેશન ઘરમાં ઘાલવાનીજ. પછી ભલેને પતિ બિચારો પાંચ પૈસા પણ કમાઇ શકતો ન હોય! આવી રીતે

આપણી સ્ત્રીઓના પહેરવેશમાં પોલકાંએ ઘર ઘાલ્યું છે. અગાઉના જમાનામાં કમખા કે ચોળી પહેરવામાં આવતી. હજુ પણ સુધારાની સરહદ નહિ જોનારી સ્ત્રીઓમાં આ જાતનો પહેરવેશ કમખો, કાંચળી, ચોળી વગેરે નજરે પડે છે. શાસ્ત્રીય દૃષ્ટિએ ડૉક્ટરોએ એવો અભિપ્રાય જાહેર કર્યો છે કે, પોલકાં પહેરવાથી છાતી-સ્તન-ને બહુ લટકવું પડે છે. આવી રીતે રહેવાથી સ્તનની અંદરની દૂધની નળીઓ લંબાઇ જાય છે. સાધારણ રીતે લટકતાં સ્તનવાળી સ્ત્રીઓની ધાઈમાંથી દૂધ બહુ નીકળતું નથી અને તેને સ્તનના રોગો થઇ આવે છે. આટલા માટેજ આપણા બાપદાદાએ કમખો કે ચોળી શોધી હતી, કે જેથી સ્તન બરાબર જગ્યાએ રહે. ખાસ કરીને જો નાના બાળકવાળી સ્ત્રી કમખો કે ચોળી ન પહેરે, તો તેની ધાઈ દૂધના વજનથી લટકતી રહેવાને લીધે દૂધની નળીઓ તણાઇને સાંકડી થઇ જાય છે અને દૂધ-ની આવક બંધ થઇ જાય છે. પછી બાળકોને શીશીથી દૂધ પાવાની અને આયાઓ રાખવાની ફરજ ઉત્પન્ન થાય છે. આવા આપણા સાધારણ વાંધાને લીધેજ બચ્ચાંઓનું મરણપ્રમાણ વધી પડે છે. જે સ્ત્રીઓ કમખા કે ચોળી પહેરે છે, તેની છાતી મજબૂત અને ઊંચી હોય છે; જ્યારે ફ્રૉક કે પોલકાં પહેરનારની છાતી તદ્દન સપાટ હોય છે. ફૅશનમાં તણાઇ જતી સ્ત્રીઓ કાંઇક સમજે અને શરીરરક્ષણનો વિચાર કરી વસ્ત્રો ધારણ કરે તો સારું !

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

૧૧–વડોદરાનો લાભ માઇસોરે લીધો!

"સયાજીવિજય" પત્ર જણાવે છે કે, વડોદરા ઉપર હમેશનો એક આક્ષેપ છે કે, ઘણી વાર તેની કીમતી અને ઉપયોગી યોજનાઓ અને પ્રયત્નોનો લાભ બીજા લઇ જાય છે. શારીરિક કેળવણીના સંબંધમાં હાલ તેવું થયું છે. શ્રીમંતની ખાસ ઇચ્છાનુસાર પ્રો૦ માણેકરાવજીએ આરોગ્યમંદિરની યોજના તૈયાર કરી. શ્રી૦ સરકાર-માં રજૂ કરેલી જે અભિપ્રાય માટે ખાતામાં જતાં મરહૂમ મે૦ ક્લાર્ક સાહેબની સૂચનાઓ પ્રમાણે ફેરફાર સાથે ફરીથી રજૂ થઇ હતી, તે રેડ–ટેપિઝમના પ્રભાવે અદ્યાપિ જુમ્માદાદા વ્યાયામશાળા અને ખાતાં વચ્ચે ઝોલા ખાતી પડી રહી છે! મુંબઇની યુનિવર્સિટી પણ તેવીજ રીતે તેનો લાભ લેવા હજુ વિચાર કરે છે. દરમિયાન તે બાબતની જાણ માઇસોર રાજ્યને થતાં તેણે એ યોજના તરતજ મંગાવી જોઇ અને તે પસંદ પડવાથી પોતાને ત્યાં દાખલ કરવા હુકમ કર્યો છે અને તે માટે પ્રો૦ માણેકરાવજીને સલાહ આપવા રૂબરૂ માઇસોર બોલાવેલા છે. શારીરિક શિક્ષણની આવી પદ્ધતિસરની યોજના દાખલ કરવાની પહેલ કરવા માટે માઇસોર રાજ્યને મુબારક-બાદી ઘટે છે. હજુ પણ વડોદરા તરત અનુકરણ કરે તો મોડું થયું નથી. "સૌરાષ્ટ્ર" પત્ર જણાવે છે કે, વડોદરાના વ્યાયામવીર બંધુ માણેકરાવે આજે આટલાં વર્ષો સુધીની ગાયકવાડ સરકારની ઉપેક્ષા સહ્યા પછી, એના જીવન–કાર્યને એક મહાન સફળતા વરી છે. જુમ્મા-દાદા વ્યાયામ મંદિરની અંદર લગભગ અર્ધી શતાબ્દિ સુધી એ પુરુષે મથી મથી, દેશના દેહ–દારિદ્રયનો ઇલાજ શોધવામાં ઉંમર ગુજારી દીધી છે અને એ પ્રયત્નમાંથી પોતે એક વ્યાયામ વિશ્વવિદ્યાલયની આખી યોજના તૈયાર કરી કાઢી છે. એ યોજના શ્રીમંત સયાજીરાવ મહારાજે પોતેજ શ્રી. માણેકરાવ પાસેથી માગેલી હતી, પણ તેને

અમલમાં મૂકવા જેટલાં નાણાં શ્રીમંતને ગળેથી છૂટ્યાં નહિ. વીરત્વની વાટ શ્રીમંતને સૂઝી નહિ. અખાડો કરવાની કટકો જમીન અગર તો બીજી લેશ માત્ર પણ રાજસહાયની આશા વગર પ્રભુ પર વિશ્વાસ અને માતૃભૂમિ પર મમતા ધરીને વૃદ્ધ માણેકરાવે જે સાધના જારી રાખી હતી, તેનાં મૂલ આજે માઇસોર રાજ્યે મૂલવી લીધાં છે. માઇસોરે એ આખી યોજનાને પોતાને આંગણે અપનાવી લીધી છે, એ વાત સાંભળતાં અમારા દિલમાં ગોસ્વામી તુલસીદાસજીનો આર્તરવ ઊઠે છે કે:—

"તુલસી કબૂ ન જાઇએ, જહાં બાપકો ગામ,
તુલસી તુલસી સબ કહે, દૂસરે તુલસીરામ."

('વૈદ્યકલ્પતરુ'ના એક અંકમાંથી)

૧૨–उत्तम, मध्यम, अधम ने अधमाधम कोण?

(મનહર છંદ–સંત ગરીબદાસજી કૃત)

અર્થ જે પોતાનો છોડી પર ઉપકાર કરે,
જન તે જગતમાંહે ઉત્તમ જણાય છે;
પરનો પોતાનો બેઉ જણનો સુધારો કરે,
ભક્તજન માંહે તે તો મધ્યમ ભણાય છે.
અર્થ જે પોતાનો સાધી બીજાનો બિગાડે તેવા,
અવિદ્યાના ઓથ માંહે, અધમ ગણાય છે;
પરનું પોતાનું બેઉ જણનું બિગાડી નાખે,
અધમાઅધમ દાસ ગરીબ ગણાય છે.

१३—मूंगो समर्पणधर्म !

વસવાણીજીને તેમના પ્રવાસમાં લાધેલો અને તેમની રોજનીશીમાં નોંધાયેલો આ એક પ્રસંગ છે.

વાચસ્પતિ અને વિદ્યામાર્તંડ જેવા વિદ્વત્તાના અનેક અલંકારોથી વિભૂષિત એક પંડિત હતા. તેમની લેખિનીએ પાંડિત્યનાં અનેક પુસ્તકો લખી લખીને જગતની જનતાને ચરણે ધર્યાં હતાં અને એ પુસ્તકોની કિંમત તરીકે પંડિતજીને વિશ્વવ્યાપી કીર્તિ અને અઢળક દ્રવ્ય સાંપડ્યાં હતાં. પંડિતજીના શિરપેચમાં કીર્તિનાં અનેક સુવર્ણરંગી પીછાંઓ ચોડાયાં હતાં.

એ પંડિતજી એક દિવસ તેમના મિત્રજનને ઘેર એક ગામડે ગયા. થોડા દિવસ ત્યાં રહ્યા. દરમિયાન ઘરની એક બાલિકા સાથે તેમને ગાઢ મૈત્રી જામી. ગ્રામ્ય ફૂલવાડીના ઊઘડતા ફૂલસમી નિર્દોષ અને તોયે ચતુર એ બાલા અને દુનિયાદારીમાં પાવરધા એ પંડિતજી વચ્ચે અનેક અવનવી ગોઠડીઓ થઇ. પંડિતજીને જવાની વેળા આવી. વિદાયની ઘડીએ બાળા પંડિતજીની કોટે વળગી પડી: "દાદા! તમે ઘણાં પુસ્તકો લખ્યાં, પણ તેનું પરિણામ શું?"

"મારે કીર્તિની વાંછના હતી. વાંછના સંતોષાઈ. આજે હું જગદ્વિખ્યાત છું. બેટા! તારી શી ઇચ્છા છે?" દાદાએ પૂછ્યું.

બાળાએ પંડિતજીની કોટેથી હાથ ઉઠાવી લીધા. તે થોડે દૂર જઈ ઊભી રહી. થોડી પળ તાજુબીના મૌનમાં સ્તબ્ધ બની ગઇ. પંડિતજીના પ્રશ્નનો ઉત્તર શોધતી હોય, તેમ તેણે તેના અંતરમાં ઊંડી શોધ કરવા માંડી. આખરે કંઇ જવાબ મળ્યો હોય તેમ તે બોલી:

"હું? હું તો તમે જશો, એટલે આ પડખેની ઝૂંપડીમાં જઇ મારા કામમાં લાગી જઇશ. એ મઢૂલીમાં એક વૃદ્ધ વિધવા વસે છે. તે ગરીબ છે, બીમાર છે, પથારીવશ છે. તેની સારવાર કરવા કોઇ

તેની પાસે નથી જતું. અમારા ગામનાં માણસો તેના ઘર પાસેથી પસાર થાય છે, ત્યારે તે ડોસી ઉપર તિરસ્કારની–અવગણનાની એક કઠોર નજર ફેંકી ચાલ્યાં જાય છે; પણ કોઇ એ વિધવાને મીઠા શબ્દ-નોયે દિલાસો નથી દેતું. હું એ વિધવા પાસે જઇશ. હું તેનું ઘર વાળીઝૂડીને સાફ કરીશ, તેને માટે રસોઇ કરી આપીશ, તેની પથા-રીએ બેસી તેનું માથું ચાંપીશ, તેને માટે ઔષધિ લાવી આપીશ... અને ત્યાં તો સાંજ પડી જશે."

પંડિતજી ગયા; પણ એક ક્ષણના એ વાર્તાલાપથી તેમનું અંતર વલોવાવા લાગ્યું, એ ગ્રામ્ય બાલિકાના શાંત, નિર્દોષ શબ્દોદ્વારા કોઇ ઇશ્વરી ઠપકો તેમના હ્રદયમાં વ્યથા મચાવી રહ્યો. "તમે કીર્તિને માટે તલસો છો, હું શાંત આત્મ-સમર્પણ માગું છું." એ સ્વરો પંડિતજીના મગજમાં ઘૂંટાવા લાગ્યા.

"કીર્તિની ઝંખના નહિ, પણ શાંત આત્મ–સમર્પણ" એ શબ્દો પંડિતજીના કાનમાં રણકી રહ્યા. તેમની છાતીમાં એ શબ્દો કોતરાઇ ગયા. પંડિતજીએ પુસ્તકો લખવાનું છોડી દીધું. તેમણે કીર્તિને માટે વલખાં મારવાનું મૂકી દીધું. તેમણે તેમનો જરીનો શિરપેચ અને સુવર્ણનાં કીર્તિ–પદકો ઉતારી નાખ્યાં. "કીર્તિની ઝંખના નહિ, પણ શાંત આત્મ–સમર્પણ"ની સાધના તેમણે આદરી.

× × × ×

કીર્તિ નહિ, પણ મૂંગો ત્યાગજ આજના ભારતનું–તરુણ હિંદી-ઓનું જીવનધ્યેય હોવું જોઇએ. આત્મસમર્પણની ભાવનાજ આ યુગનો જીવનમંત્ર હોવો જોઇએ. એ મંત્રમાંજ આજના ઘવાયેલા, જખમી ભારતવર્ષને નવજીવન અર્પવાનું બળ છે. કીર્તિના કામી નહિ, પણ શાંત સમર્પણ–ધર્મનાજ અનુયાયી કેટલા હિંદીઓ આજે ભારત-માતાની મઢૂલીમાં ચૂપચાપ સેવાકાર્ય કરવા તૈયાર છે?

('સૌરાષ્ટ્ર'ના એક અંકમાંથી)

१४–चमत्कारी स्वामी

પ્રોફેસર રામમૂર્તિના ખેલમાં ચમત્કાર–હળાહળ ઝેર પીવાનો પ્રયોગ, ભલભલા ડૉકટરોની મૂંઝવણ

ગ્રાંટરોડ પર બાલીવાળા થિયેટરમાં પ્રો૦ રામમૂર્તિના આશરા હેઠળ થયેલા અંગબળ તથા કસરતના ખેલમાં, સૌથી ધ્યાન ખેંચનારી બાબત સિદ્ધપુરુષ સર્વભક્ષક શ્રીસ્વામીજીના પ્રયોગો હતા. આ સ્વામી એંસી વરસની ઉમરના છે; છતાં જુવાન દેખાય છે. તેઓ શરૂઆતમાં કાચના કકડા બિસ્કિટની માફક ખાઇ ગયા હતા અને ત્યાર પછી પાસેનું નાઇટ્રિક એસિડ પી ગયા હતા. તે બાદ તેમણે એક લોખંડની વાટકી દેવતા પર મૂકી તેમાં સીસું નાખ્યું હતું અને તે ઓગળીને રસ થતાં, તે ગરમ ગરમ પોતાના મોઢામાં રેડીને ગળી ગયા હતા. પ્રો૦રામમૂર્તિએ પ્રેક્ષકોમાંથી ડૉકટરો તથા બીજા ગૃહસ્થોને ખાતરી કરવા સ્ટેજ ઉપર બોલાવ્યા હતા. તેમણે સ્વામીજીનું મોઢું, દાંત વગેરે તપાસી જાહેર કર્યું હતું કે, આમાં કોઇ જાતનો દગો કે તદબીર નથી. ત્યાર બાદ ડૉકટર પાવરીએ પ્રુસિક એસિડની એક બાટલી કાઢી સ્વામીજીને પૂછ્યું કે, "આ પી જશો?" સ્વામીજીએ તરતજ તેમાંથી થોડુંક પોતાની હથેળીમાં કાઢ્યું અને તે દૂધની પેઠે ઠંડે કલેજે પી ગયા હતા; ત્યાર પછી તેઓ બીજો ડોઝ પણ એજ પ્રમાણે પી ગયા હતા; પણ તેમના પર કોઇ જાતની અસર થઇ નહોતી. આ પ્રયોગથી ડૉકટરો ઘણા અજાયબ થયા હતા. પછી ડૉકટર જી. ટી. મોદીએ પ્રેક્ષકોને સમજાવ્યું કે, પ્રુસિક એસિડ ઘણું જલદ અને કાતીલ ઝેર છે અને તેનાં થોડાં ટીપાં લેવાથી તેમજ તેને માત્ર સૂંઘવાથી માણસ મરી જાય છે. પણ સ્વામીજી બે વાર તેનો ડોઝ લઇને કંઇ પણ ઇજા પામ્યા વગર જીવતા રહ્યા એ ખરેખરો ચમત્કાર છે!

સ્વામીજીની શક્તિનું રહસ્ય

તે બાદ પ્રો. રામમૂર્તિએ સ્વામીજી વિષે ખુલાસો કરતાં કહ્યું કે, તેમણે પંદર વરસ હિમાલયમાં તપશ્ચર્યા કરીને ઉપાસનાસિદ્ધિ પ્રાપ્ત કરી છે. જૂના વખતમાં શંકરાચાર્ય તથા સ્વામી દયાનંદ સરસ્વતી પારો તથા ઝેર પી ગયાની વાત આપણે માનતા નથી, પણ પૂરતી લાયકાત મેળવી માણસ તેમ કરી શકે છે, તેનો સ્વામીજી જીવતોજાગતો પુરાવો છે.

પ્રોગ્રામમાં પ્રો. રામમૂર્તિના ચેલાઓ તથા બીજા પહેલવાનોની જોવા લાયક કસરતો પણ હતી. તેમાં પ્રો. બાલમૂર્તિ પાંચસો રતલનો પથ્થર છ ફીટની ઊંચાઇએથી પડતો પોતાની છાતી પર ઝીલે છે તથા એક મજબૂત લોખંડની સાંકળ પોતાના ખભા અને પગ વચ્ચે ખેંચીને તોડી નાખે છે, તે ખાસ વખણાયા હતા. તે સિવાય દેશી ઢબની આસનની કસરતો, કુસ્તી વગેરે પણ હતાં.

છેવટમાં પ્રો૦ રામમૂર્તિએ પ્રેક્ષકોનો આભાર માનતાં જણાવ્યું કે, આ ખેલની આવક હું કંઈ પોતે વાપરવાનો નથી. પણ પ્રજાને દેશી કસરત શીખવવાને મેં જે સંસ્થા કાઢી છે, તેના ખર્ચ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે. પછી તેમણે દેશી કસરતોના ફાયદા સમજાવતાં કહ્યું કે, આસનોની કસરતથી અપચો, કબજિયાત વગેરે રોગો મટી જઇને અંદરના અવયવો બળવાન થાય છે. વળી દેશી કુસ્તીથી જે શરીરની ખિલવણી તથા બળ મળે છે, તે યુરોપીય પદ્ધતિથી મળતાં નથી.

(દૈનિક 'હિંદુસ્તાન'ના એક અંકમાંથી).

૧૫–જેવું ઇચ્છો અન્યનું, તેવું આપનું થાય

(લેખકઃ–શ્રી. જયસુખલાલ કૃષ્ણુલાલ મહેતા, એમ. એ.)

ઈશુ ખ્રિસ્તનો એક શિષ્ય પિટર તેની પાસે એક વખત ગયો અને પૂછ્યું: "પ્રભુ! મારો ભાઇ મારી સામે કેટલી વખત ગુનો કરે ત્યાંસુધી મારે એને માફી આપ્યા કરવી જોઇએ? સાત વખત સુધી?" પ્રભુએ એને જવાબ વાળ્યો. "સાત વખત નહિ પણ સિત્તેર ગુણ્યા સાત." તે પછી પ્રભુએ પિટરને એક વાત કહી. એક રાજાએ એમ ઠરાવ કર્યો કે, પોતાના નોકરો જે તેના દેવાદાર હોય તેનો બધાનો હિસાબ લેવો. તેના નોકરોમાં એક નોકર એવો મળી આવ્યો જેણે રાજાની પાસે દસ હજાર ડચુકેટ (એક જાતનું નાણું) ઉછીના લીધા હતા. તે નોકરની પાસે તો એક પાઇ પણ હતી નહિ; એટલે રાજાએ હુકમ કર્યો કે તે નોકરને, તેની સ્ત્રી અને છોકરાંઓને બધાંને વેચી નાખવાં તથા તેની માલમિલકત પણ વેચી નાખવી અને તે બધાંના વેચાણમાંથી જે આવે તેનાથી પોતાનું દેવું વસૂલ કરવું. તે નોકર રાજાને પગે પડ્યો અને આજીજી કરી કે, તેને છૂટો કરવો અને તે પોતાનું દેવું ભરશે. રાજાને તેના ઉપર દયા આવી અને છૂટો કર્યો. તે નોકર છૂટો થયો કે તરતજ એક બીજો નોકર કે જે તેની પાસેથી ફક્ત થોડા પૈસા લઇ ગયો હતો, તેની પાસે ગયો અને પોતાના પૈસા પાછા માગ્યા. તે નોકર તે થોડા પૈસા પણ પાછા આપવાની સ્થિતિમાં નહોતો અને તેથી તેણે પેલા બીજાને આજીજી અને કાલાવાલા કર્યા કે, તેને થોડો વખત પણ જતો કરવો; પણ પેલો પહેલો નોકર માને એમ ન હતો અને તેણે તો પેલાને કેદમાં નખાવ્યો. આ વાતની રાજાને ખબર પડી એટલે તેણે પેલા નોકરને કહ્યું કે, "અરે દુષ્ટ નોકર! મેં તારું બધું દેવું માફ કર્યું અને તું આટલું દેવું પણ માફ કરી શકતો નથી?" એમ કહી તે રાજાએ તે નોકરને જેલમાં

મોકલાવી દીધો. આ વાત ઉપરથી ઈશુ ખ્રિસ્તે સાર સમજાવ્યો કે, "જો તમે તમારા ભાઇને ખરા અંતઃકરણથી માફી નહિ આપો, તો પરમેશ્વર પણ તમારા ગુના માફ નહિ કરે." જો આપણે આપણા ભાઇને એક નાના ગુનાને માટે પણ માફી આપી શકીએ નહિ, તો જે આપણા જીવનમાં સેંકડો પાપો કરીએ છીએ તેને માટે પ્રભુ કેવી રીતે આપણને માફી આપી શકે? પણ આપણે બધા આ વાત ભૂલી જઇએ છીએ અને આપણા ભાઇ, આપણા મિત્ર, આપણા પાડોશી, આપણાં સગાંવહાલાંઓએ આપણો કંઇ નાનામાં નાનો ગુનો કર્યો હોય, તે મનમાં યાદ કર્યા કરીએ છીએ અને વખત આવ્યે તે નાના ગુનાનું પણ વેર લેવા ચૂકતા નથી.

પડઘો શું છે તે તો બધાને ખબર હોવીજ જોઇએ. નિર્જન અરણ્યમાં કે પર્વતની ખીણોમાં કે જીર્ણ મકાનોમાં કે વિશાળ દેવાલયોમાં આપણે કાંઈ પણ બોલીએ ત્યારે તેનો પડઘો સંભળાય છે. જે પ્રમાણે આ પડઘો પ્રકૃતિમાં સંભળાય છે, તેજ પ્રમાણે આપણા ભાઇઓની સામે કંઈ પણ વેરની લાગણીઓ રાખી હોય, તેનો પડઘો પડ્યા વિના રહેતો નથી અને તે પડઘો આપણને નુકસાન કરે છે. આસ્ટ્રેલિયામાં એક જાતનું લાકડાનું હથિયાર છે, જેને બુમરેન્ગ કહે છે. આ બુમરેન્ગ કોઇના તરફ ફેંક્યું હોય તો તે ત્યાં જઇને પાછું ફેંકનારના હાથમાંજ આવે છે.

આ પ્રમાણે વૈરભાવ રાખ્યો હોય તો તે વૈરભાવ વધારે ભયંકર પરિણામ સાથે આપણા ઉપર આવીને અથડાય છે. પ્રભુએ તો એક વખત કહ્યું હતું કે, જો તારે તારા ભાઇ સાથે કજિઓ થયો હોય તો પ્રભુની પ્રાર્થના કરવા આવે ત્યાર પહેલાં તે કજિયો પતાવીનેજ આવજે; પણ આપણે તો દેવદર્શન કરીએ છીએ, શ્રીનાથજી અને પવિત્ર ગંગાજીએ યાત્રા કરવા જઇએ છીએ, ત્યારે પણ વૈરનું પોટલું હૃદયમાં રાખીનેજ જઇએ છીએ. સર્વે ધર્મોનું મૂળ તત્ત્વ એ છે કે, પ્રભુ તે પ્રેમ છે અને જગતમાં બધાં તરફ પ્રેમ રાખવો એ મૂળ

કર્તવ્ય છે; તેને બદલે નજીવાં કારણોથી આપણે વૈરભાવને સંઘરીએ છીએ અને "तु हि तु हि" પોકારવાને બદલે આપણા નવા નવા કજિયા અને વૈરભાવોથી જીવનને કલુષિત કરીએ છીએ. એક કુટુંબ સુખમાં રહેતું હોય છે અને કાંઇક નજીવું કારણ બને છે, કે તરતજ તે લીલી વાડીઓ સુકાઇ જાય છે અને તેને બદલે ખાવા ધાતી મરુભૂમિ ઊભી થાય છે. જીવનનું રહસ્ય જીવનને એકતાર બનાવવાનું છે. સંગીતશાસ્ત્રીઓ પોતાનું સંગીત શરૂ કરે ત્યાર પહેલાં બધાં વાજિંત્રોને એકસૂર કરવાનો પ્રયત્ન કરે છે અને એકસૂર થાય ત્યારેજ હૃદયને દ્રવી નાખતું અને પ્રભુ સાથે એકમય કરતું સંગીત શક્ય છે. તેજ પ્રમાણે જીવનને સંગીતમય બનાવવું હોય તો તે એકસૂર હોવું જોઇએ અને તે એવી રીતે એકસૂર ત્યારેજ બને કે જ્યારે જુદા જુદા કલહો નષ્ટ થયા હોય. જ્યાં કલહો શરૂ થાય કે તરતજ એકસૂરતા ચાલી જાય અને સંગીત બંધ પડે.

"તૂટ્યો મારો તંબૂરાનો તાર ને, ભજન અધૂરું રે રહ્યું ભગવાનનું."

એમ એક કવિએ ગાયું છે તે બરાબરજ છે. હિંદુ સંસારનાં દુઃખદ ચિત્રો ઘણાં છે. તેમાંનું એક દુઃખદ ચિત્ર સગાંવહાલાંઓ વચ્ચેના ઝઘડાનું છે. આ ઝઘડા મહત્ત્વના હોતા નથી, સિદ્ધાંતના હોતા નથી પણ બહુ ક્ષુલ્લક અને નજીવા હોય છે. હૃદયનું વિશાળપણું હોતું નથી, ક્ષમા આપવાની તૈયારી હોતી નથી. મનુષ્યોનાં શરીરો પ્રભુનાં મંદિરો ગણાય છે. તે મંદિરોમાં પ્રભુની પ્રતિમાને માટે જે ગોખો હોવા જોઇએ, તેને બદલે તેજ ગોખોમાં આપણા છોકરવાદી કજિયાઓને સ્થાન આપીએ છીએ અને પ્રભુની પ્રતિમાને ચંદનપુષ્પ ચડાવવાને બદલે આ ગોખોમાં મૂકેલા આપણા કજિયાઓને સવાર ને સાંજ વંદન કરીએ છીએ. જેવા દેવ તેવા પૂજારી. જો હૃદયમંદિરમાં પ્રભુની મૂર્તિની સ્થાપના થાય, તો જીવનમાં શાંતિનાં ઝરણાં રેલાય; પણ પ્રભુની મૂર્તિને બદલે કજિયા અને વૈરોની સ્થાપના થાય, તો શાંતિનાં ઝરણા સુકાઈ જાય અને મૃત્યુના ભયંકર ઘંટો

વાગવા માંડે. મૃત્યુ એટલે એકલું શરીરનું મૃત્યુ નહિ; પણ ઉચ્ચ આશાઓનું, મહત્ત્વકાંક્ષાઓનું, પવિત્રતાનું અને સર્વોચ્ચ આદર્શોનું. શબ્દો અને લાગણીઓ નિર્જીવ નથી. જે શબ્દો મુખમાંથી છૂટે છે અને જે લાગણીઓ હૃદયમાં થાય છે, તેની અસર થયા વગર રહેતી નથી. જો તે પવિત્ર શબ્દો અને લાગણીઓ હોય તો તેનું પરિણામ સુંદર આવે છે. જો તે વૈરભાવથી ભરેલા શબ્દો અને લાગણીઓ હોય તો તેનું પરિણામ ભયંકર આવે છે. ઘણી વાર જોવામાં આવે છે કે, જે કુટુંબમાં ક્લેશ શરૂ થાય છે તે કુટુંબમાં એકબે મૃત્યુ થયા વગર રહેતાં નથી. તેનેજ મેં ઉપર જણાવ્યું તેમ બુમરેન્ગ કહું છું. જે વરભાવો આપણે રાખ્યા અને જે દ્વેષની લાગણીઓને સંઘરી તેનાથી સામાવાળાને તો નુકસાન થાય કે ન થાય, પણ આપણાં પોતાના ઉપર તેનો ફટકો આવીને પડે છે અને એકબે વહાલાંઓને ઉપાડી જાય છે. ભરૂચ આગળ નર્મદા નદીને એક ઓવારે સંધ્યાકાળે એક વખત હું ઊભો હતો, તે દિવસે કાંઇ પર્વ હતું અને નાના દીવડાઓ પડિયામાં રાખી લોકો નદીમાં તરવા મૂકી દેતા હતા. આવા દીવડાઓની હારમાળ ચાલી જતી હતી. ગુજરાતના બીજા એક શહેરમાં એક રસ્તા ઉપર છેડે ઊભો હતો અને જોઉં છું તો ખાળકૂવાની હારમાળ લાગી રહી હતી. દરેક મનુષ્યે વિચાર કરવાનો છે કે, પોતાને તે નર્મદા નદીમાં તરતો અને જીવનને ઉજ્જવળ કરતો એક દીવડો થવું છે કે વૈર, દ્વેષ અને ક્લેશથી ભરેલો એક ખાળકૂવો થવું છે?

('ગુણસુંદરી' માસિકના એક અંકમાંથી)

૧૯—વીજળીની મદદથી પાકમાં થતો વધારો

ફ્રાંસના એક શોધક ક્રિસ્ટો ફ્લોરોએ વિદ્યુત્શક્તિનો ઉપયોગ કરીને પાકમાં કલ્પી પણ ન શકાય એટલો વધારો કરી બતાવ્યો છે. હવામાંની વિદ્યુત, પૃથ્વી ઉપરનું લોહચુંબક અને સૂર્યપ્રકાશમાંની વીજળીનો ઉપયોગ કરીને તે ઝાડની પેદાશ વધારે છે. તેણે સાદા ઝાડની પેદાશ વધારી છે અને વાંઝિયાં ઝાડોને ફળફૂલવાળાં બનાવ્યાં છે. પચીસ ફૂટ ઊંચા થાંભલા જમીનમાં દાટીને તેણે પોતાનું યંત્ર બનાવ્યું. દક્ષિણ તરફ પગ રાખી સૂનારાઓને ઘસઘસાટ ઊંઘ આવે છે, એ કલ્પનાના આધારે ક્રિસ્ટો ફ્લોરે પોતાનું યંત્ર દક્ષિણોત્તર ગોઠવ્યું. દરેક થાંભલા ઉપર એક ધાતુનો કાંટો દક્ષિણ તરફ ફેરવી રાખેલો હોય છે. આ કાંટાવતી હવાના જુદા જુદા પ્રવાહોનો ફાયદો લઈ શકાય છે. દરેક થાંભલાને એક એંટિના હોય છે અને તે હવામાંની વીજળી એકઠી કરે છે. એ સિવાય તે થાંભલા ઉપર એક ધાતુની નળી હોય છે. તાંબાના અને જસતના ટુકડા ભેગા બાંધીને તે બનાવેલી હોય છે. આ નળી સૂર્યની ગરમીમાંથી વિદ્યુત બનાવે છે. એ યંત્ર વડે એક પ્રવાહ ચાલુ થાય છે. એના સિવાય બીજો પ્રવાહ નળીની અંદર અને વાયુગતિદર્શક ગોળ ગોળ ફરનારા પદાર્થ વડે બહાર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જે શક્તિ હવામાંથી, પૃથ્વીમાંથી અને સૂર્યમાંથી ઉત્પન્ન કરવામાં આવે છે, તે લોખંડના તારદ્વારા જમીનમાં લઇ જવામાં આવે છે. આ વીજળી જમીનમાંનાં જીવડાંને મારી નાખે છે અને પાકમાં વધારો કરે છે.

('ખેતીવાડી' ના એક અંકમાંથી)

१७–शारीरिक नबळाई अने तेना उपायो

(પ્રો. રામમૂર્તિના જાણુવાજોગ વિચારો)

તંદુરસ્તી તથા તાકાત માટે માંસાહારની જરૂર છે કે?

હાલના જમાનામાં ભીમ તરીકે પ્રખ્યાત થયેલા અને યુરોપ-અમેરિકામાં પણ પોતાના અપૂર્વ શારીરિક બળ માટે નામના મેળવી આવેલા જાણીતા હિંદી પહેલવાન પ્રો૦ રામમૂર્તિ હાલમાં મુંબઈમાં આવ્યા છે અને મુંબઇગરાઓને પોતાના ચેલા બનાવવાની તક આપી રહ્યા છે. તેમણે હાલમાં ગિરગામ બેકરોડ પર કોંગ્રેસ હાઉસમાં એક કસરતશાળા સ્થાપી છે, જે થોડા દિવસ પર મિ૦ જિન્હા બેરીસ્ટરના પ્રમુખપણા નીચે ભરાયેલી મોટી ગંજાવર સભા સમક્ષ ખુલ્લી મૂકવામાં આવી છે. તેઓએ આ શાળામાં દેશી કસરતપદ્ધતિથી રોગો મટાડવા તથા શારીરિક બળ ખીલવવાના વર્ગો ખોલ્યા છે અને તેનો લાભ ઘણા જણાએ લેવા માંડ્યો છે. પ્રો૦ રામમૂર્તિએ દેશી હિંદી કસરતપદ્ધતિનો ઊંડો અભ્યાસ કરીને તેને સારા પાયા પર મૂકી છે.

તંદુરસ્તી તથા અંગબળ મેળવવા સંબંધી તેમના વિચાર જાણુવાજોગ હોવાથી અમારા પ્રતિનિધિએ તેમનો ઇન્ટરવ્યુ લીધો હતો.

પ્રો. રામમૂર્તિએ જણાવ્યું કે, આપણી દેશી કસરતપદ્ધતિ દરેક રીતે આપણા લોકોને અનુકૂળ આવે તેવી તથા તંદુરસ્તી અને શરીરબળ આપનારી હોવા છતાં, હાલમાં આપણા લોકો તે છોડી દઇને યુરોપિયન પદ્ધતિ તરફ જાય છે તે દિલગીરીભર્યું છે. યુરોપમાં સેંડો, સેમ્સન વગેરે પહેલવાનોએ પોતાની પદ્ધતિ કાઢી છે; પણ તેથી ફક્ત શરીરના સ્નાયુઓ (મસલ્સ) મોટા થઇને શરીર જાડું અને બેડોળ થઈ જાય છે; પણ તેથી હોજરી, ફેફસાં વગેરે શરીરની અંદરના અવયવો મજબૂત થતા નથી; જ્યારે આપણી દેશી કસરતથી અંદરના અવયવો બળવાન થાય છે અને તેથી ખરી તંદુરસ્તી તથા

તાકાત આવે છે. વળી યુરોપિયનો હમણાં જે રમતોમાં આગળ વધ્યા છે, તેમાંની કેટલીક તો આપણી કસરતનું અનુકરણ છે. દાખલા તરીકે બોક્સિંગ. આપણી "મુષ્ટિયુદ્ધ" નામની કુસ્તી ઉપરથી તેઓએ લીધું છે. વળી જાણીતી જાપાનિઝ કસરત "જો-જુ-સુ" હિંદી બાક કુસ્તી ઉપરથી આપણી દેશી કસરતનું અનુકરણ કરીને પરદેશી લોકોએ પોતાની પદ્ધતિ રચી છે.

શરીર, મન અને આત્માની ખિલવણી

પ્રો. રામમૂર્તિએ આગળ ચાલતાં જણાવ્યું કે, આપણી દેશી કસરતની પદ્ધતિ શરીરની અંદરના અવયવોને મજબૂત બનાવી તંદુરસ્તી અને શરીરબળ આપે છે; એટલુંજ નહિ પણ તેથી આત્મા અને મનની ખિલવણી પણ સારી રીતે થાય છે. આથી તે દરેક રીતે સાયન્ટિફિક એટલે સાયન્સના સિદ્ધાંતોને અનુસરીને રચાયલી છે. આપણી પદ્ધતિના બે ભાગ છે. પ્રાણાયામ અને વ્યાયામ. વ્યાયામ એટલે શરીરને મજબૂત બનાવવાની કસરત. પ્રાણાયામ એટલે પ્રાણ, મન તથા આત્માને ખીલવનારી કસરત. પ્રાણાયામ કરવાથી ફેફસાંમાં શુદ્ધ હવા જાય છે અને તેથી લોહી શુદ્ધ થાય છે; તેથી કામ કરવામાં સારી રીતે ધ્યાન આપી શકાય છે, એટલે કે મનની એકાગ્રતાની શક્તિ વધે છે અને એ રીતે અમુક બાબત ઉપર એક ચિત્ત રાખવાથી મનને તથા આત્માને શાંતિ મળે છે અને ફિકરચિંતા દૂર થઇ સુખ મળે છે. વળી પ્રાણાયામ તથા ધ્યાનથી પ્રાણશક્તિ અને શરીરની તથા મનની તાકાત વધી આવરદા લાંબો થાય છે. આ રીતે આપણી કસરતપદ્ધતિ શરીર, મન અને આત્માને ખીલવી આપણને સુખનું પરમ સાધન બક્ષે છે.

પ્રો૦ રામમૂર્તિના અદ્‌ભુત બળનું રહસ્ય

તેઓ તેમના અદ્‌ભુત પ્રયોગો કેવી રીતે કરે છે એમ પૂછતાં પ્રો૦ રામમૂર્તિએ જવાબ આપ્યો કે, "તેનું રહસ્ય પણ આપણી

પ્રાણાયામ અને ધ્યાનની પદ્ધતિમાં છે. જ્યારે મારી છાતી પરથી મોટર લઈ જવાની હોય કે ભારે પથરો તોડવાનો હોય, ત્યારે હું મારું બધું ચિત્ત છાતી ઉપરજ રોકું છું અને જાણે સમાધિ ચડાવી દીધી હોય તે પ્રમાણે બીજા દરેક ખ્યાલ તથા વિચારો ભૂલી જાઉં છું. આ રીતે હું બિલકુલ ઇજા વગર આ બધા પ્રયોગો કરી શકું છું; કારણ કે મન એ સૌથી સર્વોપરી સત્તા છે અને તે શરીરને કાબૂમાં રાખી શકે છે."

શરીરબળ તથા તંદુરસ્તીને માટે માંસાહારની જરૂર છે કે નહિ? એમ પૂછતાં પ્રો. રામમૂર્તિએ જણાવ્યું કે, "અનાજ તથા વનસ્પતિથી જેટલું બળ તથા શક્તિ મળે છે, તેટલું માંસાહારથી મળતું નથી. તેમાં સાત્ત્વિક ગુણો રહેલા હોવાથી મન મજબૂત થાય છે અને શરીર ઉપર કાબૂ રાખી શકે છે; પણ માંસાહારમાં રજો અને તમોગુણ હોવાથી મન તામસી પ્રકૃતિનું બને છે અને શરીર ઉપર તે સત્તા ચલાવી શકતું નથી.

વળી ઘઉં, કઠોળ વગેરે અનાજમાં પુષ્ટિ આપનારાં તત્ત્વો જોઇએ તેટલા પ્રમાણમાં છે. તેમાં અડદની દાળ એટલી બધી પુષ્ટિકારક છે કે તેને માંસદાળ કહેવામાં આવે છે, તેમજ ઇંડાંમાં જે તત્ત્વ છે તે બદામમાં પણ છે. એકંદરે આપણો અનાજ અને વનસ્પતિનો ખોરાક માંસાહાર કરતાં ચડિયાતો છે, આપણે હિંદીઓ હાલમાં નબળી દશામાં છીએ તે કંઇ માંસાહાર નહિ કરવાને લીધે નથી; પણ આપણા ઉત્તમ જૂના રિવાજો તથા આપણું શૌર્ય તથા વીરતા ભૂલી જવાથી આપણે આવી સ્થિતિમાં આવી પડ્યા છીએ. તેમાં આપણા ખોરાકનો દોષ નથી. આપણો ખોરાક તો એટલો ઉત્તમ છે કે, યુરોપ-અમેરિકાના ઘણા લોકો હવે માંસાહાર છોડીને અનાજ તથા વનસ્પતિનો ખોરાક લેવા લાગ્યા છે."

મુંબઈમાં રહીને શું કરવા માગે છે?

હવે ભવિષ્યમાં તમે શું કરવા માગો છો? એ સવાલના જવા-

બમાં પ્રો. રામમૂર્તિએ કહ્યું કે, " મેં મારું સરકસ ગયે વરસે બંધ કરી નાખ્યું છે અને હવે હું આપણી પ્રજાની તંદુરસ્તી તથા શારીરિક બળ ખીલવવાના કામમાં મારી જિંદગી ગુજારવા માગું છું. તે કારણથી મેં મુંબઇમાં કોંગ્રેસ હાઉસમાં એક કસરતશાળા ખોલી છે; તેમાં હું રોગ સારા કરવાની તથા શરીરબળ ખીલવવાની કસરત પ્રજાને શીખવવા માગું છું. તે સિવાય હું કેટલાક જણાને મારી પદ્ધતિની તાલીમ આપી શિક્ષકો તૈયાર કરવા માગું છું, કે જેથી તેઓ જુદા જુદા ભાગોમાં જઇને આપણી દેશી પદ્ધતિનો દેશને લાભ આપી શકે. મેં મુંબઇમાં હાલમાં શરૂઆત કરી છે તેનું કારણ એ છે કે, બીજાં બધાં શહેરો કરતાં મુંબઇમાં લોકો વધારે નબળા અને રોગી છે, તેથી તેમની તંદુરસ્તી ઉપર પહેલાં ધ્યાન આપવાની જરૂર છે. મારો હેતુ અહીં શારીરિક ખિલવણી માટે મોટી કૉલેજ સ્થાપવાનો છે અને હું આશા રાખું છું કે, તે માટે જોઈતી જમીન તથા બીજી સગવડ અહીંની સરકાર, મ્યુનિસિપાલિટી તથા પ્રજા તરફથી મળી શકશે. વળી બે વરસ પછી આખી દુનિયાના કસરતબાજો અને ખેલાડીઓને અહીં બોલાવી એક રમતગમતનો મેળાવડો કરવાની પણ મારી ઇચ્છા છે." શરીરબળ મેળવવા તરફ તમારું ધ્યાન કેવી રીતે વળ્યું ? આના જવાબમાં પ્રો. રામમૂર્તિએ જણાવ્યું કે, " હું નાનો હતો ત્યારે મારાં સગાંવહાલાં મને રામાયણ તથા મહાભારતની કથા સાંભળવા લઇ જતાં હતાં; ત્યાં ભીમ, અર્જુન, દુર્યોધન, હનુમાન વગેરેનાં પરાક્રમો સાંભળી મને પણ તેમના જેવા બળવાન થવાની ઇચ્છા થઇ અને મેં અખાડા તથા કસરતશાળામાં તાલીમ લેવા માંડી."

પ્રો. રામમૂર્તિએ આગળ ચાલતાં જણાવ્યું કે, " દુનિયામાં કામ કરવાને તથા તંદુરસ્તી અને સુખ ભોગવવાને શારીરિક કસરતની ખાસ જરૂર છે; એટલુંજ નહિ પણ આપણું સ્વમાન તથા મોભો જાળવવાને માટે પણ તેની જરૂર છે."

યુરોપે પ્રો૦ રામમૂર્તિની કરેલી કદર

પ્રો. રામમૂર્તિની કારકીર્દિ પહેલેથીજ યશસ્વી નીવડી છે. તેઓ ઈ૦ સ૦ ૧૮૮૩ માં મદ્રાસ ઇલાકાના વિજયાનગર પાસેના ગામમાં જન્મ્યા હતા. શરૂઆતથીજ તેમનું ધ્યાન શારીરિક ખિલવણી તરફ હોવાથી તેમણે બહુ અભ્યાસ કર્યો ન હતો. સને ૧૯૦૫ માં યુરોપનો પ્રખ્યાત સેંડો મદ્રાસમાં આવ્યો, ત્યારે પ્રો. રામમૂર્તિએ તેના ખેલ કરી બતાવવાની ચેલેંજ આપી હતી; પણ સેંડોએ તે કબૂલ રાખી નહોતી. ત્યાર પછી પ્રો. રામમૂર્તિ પણ પોતાની પાર્ટી સાથે હિંદમાં ફરીને પોતાના ખેલો દેખાડવા લાગ્યા. સને ૧૯૦૯ માં તે જાપાન જવા નીકળ્યા, પણ મલાક્કામાં ત્યાંના કોઇ અદેખા ખેલાડીએ ઝેર આપવાથી તેમની તબિયત બગડી અને તેઓ હિંદ પાછા આવ્યા. બાદ સને ૧૯૧૧ માં રાજ્યાભિષેક પ્રસંગે તેઓ વિલાયત ગયા હતા અને ત્યાં ભેગા થયેલા રાજા, મહારાજા તથા અમીરઉમરાવો આગળ પોતાના ખેલો બતાવી મોટી નામના મેળવી હતી અને તેમને કેટલાક સોનાના ચાંદો તથા સર્ટિફિકેટો મળ્યાં હતાં. ત્યાર પછી તેઓ ફ્રાન્સમાં ગયા હતા. ત્યાં પણ તેમની સારી કદર થઈ હતી અને ત્યાંનાં છાપાંઓએ તેમની તારીફ કરી જણાવ્યું હતું કે, પ્રો. રામમૂર્તિ આગળ યુરોપના સેંડો, સેમ્સન વગેરે કંઈ વિસાતમાં નથી અને તેમની જૂના જમાનાના હરક્યુલિસ, ભીમ વગેરે દૈવી બળવાળા પુરુષો સાથે સરખામણી કરી હતી.

ફ્રાંસમાં પ્રો. રામમૂર્તિને એક અકસ્માત નડવાથી હિંદ પાછા ફરવું પડ્યું. તેઓ પોતાની છાતી પરથી હાથીને જવા દેવાનો ખેલ કરતા હતા એટલામાં ત્યાંના કોઇ યુરોપિયન હરીફે તેમની છાતી પર મૂકેલા પાટિયાને છેડવાથી પાટિયું તૂટી ગયું હતું અને હાથીનો પગ પ્રો. રામમૂર્તિની છાતી ઉપર પડવાથી તેમની પાંસળીઓ ભાંગી ગઈ હતી. આથી પ્રો. રામમૂર્તિને કેટલાક મહિના માંદા રહેવું પડ્યું અને તેઓ હિંદ પાછા ફર્યા હતા. ('હિંદુસ્તાન'ના એક અંકમાંથી)

१८–सिंहणसमी माता!

એ જુલમી રાજાનો મદ તોડવા એણે શસ્ત્ર ઉપાડ્યાં. જેની છાયા હેઠળ શીતળ શાંતિ પામવાને બદલે લોકોનાં હૈયાંમાં ભડભડ દ્વેષ સળગતો, તેની સત્તાને ધૂળમાં રગદોળવાને શિરને સાટે એણે રણઘેલા પ્રજાજનોની સરદારી સ્વીકારી અને ચીનના એ મહાજાલિમ સમ્રાટને યુદ્ધનાં કહેણ કહાવ્યાં. સમ્રાટે દરબાર ભર્યો. “ કોણ છે આ પત્રનું લખનાર મગતરું ? ચીનના સાર્વભૌમ સત્તાધારી શહેનશાહ સામે ઊંચી આંખો કરનાર કોણ છે આ, જેને માથે કાળ ભમી રહ્યો છે ? યમરાજનાં એને તેડાં આવ્યાં છે કે શું ? ”

સેનાપતિએ પડકાર કર્યોઃ “ મહારાજ ! એની માતા તો આપણા કેદખાનામાં સબડે છે. હુકમ કરો, કે તેનું ધડ શિરથી જુદું પડે. ”

સમ્રાટે ફરમાન કાઢ્યુંઃ “ જણાવો એ ડોશીને કે તારા પુત્રને તલવાર મ્યાન કરવાનું ફરમાવ, નહિ તો તારું ડોકું ધડથી જુદું થશે. ”

હાથમાં ખંજર લઈ સેનાપતિ ડોશીના કેદખાનામાં ચાલ્યો.

× × × ×

નાનકડી કોટડીમાં એક ખૂણે એ બેઠી હતી. એનાં ગાત્ર ગળવા લાગ્યાં હતાં, શરીર હાડચામનો માળો હતું, પણ એ હાડચામના માળા પાછળ બ્રહ્માંડને ડોલાવે તેવો આત્મા ભભૂકતો હતો. બાર ઊઘડ્યાં ને ખંજરસહિત સેનાપતિએ આવી સમ્રાટનો સંદેશો કહ્યો.

“ ઓ ડોશીમા ! તારા પુત્રને તલવાર મ્યાન કરવાનું ફરમાવ નહિ તો, આ ખંજર તારી છાતીમાં ભોંકાઈ તને પળવારમાં હતી ન હતી કરશે. ”

પણ જગતના ઇતિહાસે જેનાં નામ જાણ્યાં નથી એવી એ તો સિંહણ હતી ! એ નનામી વીરાંગનાની ગગનભેદી ગર્જના ચીનના ઇતિહાસમાં સદાયે સુવર્ણાક્ષરે રહેશે !

"નરાધમ! નરાધમોના સરદાર! તારા સમ્રાટને કહેજે કે, સિંહણનાંજ બાળક સિંહ નીવડે છે. સમશેરની ધારે તું મને ડરાવવા ઇચ્છે છે? મારા રુધિરની નીક મારા દેશને કાજે ભલે વહો!" વૃદ્ધ વીરાંગનાએ સેનાપતિના હાથમાંથી ખંજર ઝૂંટવી લીધું ને પોતાની છાતીમાં આરપાર ભોંકી દીધું.

"નીચ! તારામાં કંઇ પણ હૈયું હોય, તો લઇ જજે આ રક્ત ગળતું ખંજર ને સંભળાવજે મારો છેલ્લો બોલ મારા સપૂતને કે, 'બેટા! જાલિમને કાજે તારી સમશેર સદા ભભૂક્તી રહો! તારી માતાના દેહની તને બીક હતી તે હવે ટળી છે. પ્રજાનાં દુઃખદર્દમાં તારી ભાગીદારી સદાય અવિચળ રહો અને પુત્ર! સુખી કરો મારું જન્મસ્થાન, મારી માતૃભૂમિને સ્વતંત્ર કરો!"

('રાષ્ટ્રશક્તિ'ના એક અંકમાંથી)

૧૯–मगरथी बचवानो उपाय

(લેખકઃ–શ્રી. જેઠાલાલ મોતીલાલ)

સાહેબ, "ગુજરાતી" પત્રના તા. ૩–૧૦–૨૫ ના અંકમાં પાના પંદરસો એકમાં લખ્યું છે કે, ચોમાસાની ઋતુમાં નદીનાળાં ઊતરતાં કંઇક માણસો મગરના ભોગ થઇ પડે છે, તો તે દૂર રહે ને માણસ પાસે આવે નહિ તેવો ઉપાય કોઇ બતાવશે તો જનસમાજમાં ઉપકાર થશે; તો તેનો ચોક્કસ ઉપાય નીચે મુજબ છેઃ–

જ્યાં મગરનો ભય છે ત્યાં ઊતરનાર માણસોએ આકડાના ઝાડનું એક ડાળખું પાસે રાખી ઊતરવું, જેથી મગર જીવ લઇને નાસી જાય છે ને પાસે બિલકુલ આવશે નહિ. મગરને આકડાના દૂધનું એક ટીપું અડકી જવાથી કોહી કોહીને મરી જાય છે, તે બીકથી મગર જીવ લઇને નાસી જાય છે.

('ગુજરાતી'ના એક અંકમાંથી)

२०—आ देशनी दुर्दशानुं दिग्दर्शन

(લેખકઃ—શ્રી. વૈદકવિ દુર્લભ શ્યામ ધ્રુવ)

વાતાવરણની અસર

વાતાવરણની કેટલી હદ સુધી અસર થાય છે તે સંબંધમાં હું તમને મારા અનુભવનો દાખલો આપીને તેનું રહસ્ય સમજાવવા માગું છું. એક દિવસ સુંદર પ્રભાતે હું અત્યંત આનંદની સાથે નિદ્રામાંથી જાગ્રત થયો. આ સમયે મારા શરીરમાં સ્ફૂર્તિ હતી અને મારું મન આનંદથી ઊભરાઈ જતું હતું. મારે અમુક ઠેકાણે જવાનું હતું. હું તરતજ સ્ટ્રીટકારમાં બેઠો. આ કારની અંદર મારી બાજુમાંજ એક ચિંતાતુર માણસ અગાઉથી બેઠો હતો. તેની કોઇ ઊંડી ચિંતાએ (વ્યગ્રચિત્તે) મારા મન ઉપર એટલી બધી અસર કરી કે, મારો આખો દિવસ ગમગીનીમાંજ ગયો ! પ્રથમ મને ખબર નહોતી કે એ માણસ શોકગ્રસ્ત હશે. તે એટલો બધો શોકમાં હતો કે તેની આવી સ્થિતિનાં આંદોલનો આસપાસ પ્રસરી રહ્યાં હતાં. આ વખતે મારા મનમાં કશાય વિચારો નહિ હોવાથી તેના શોકમય વિચારે મારા મન ઉપર ભારે અસર કરી ! તમે મને પૂછશો કે, હું જ્યારે એટલો બધો આનંદના આવેશમાં હતો, ત્યારે તે માણસના મન ઉપર મારા આનંદની અસર હું કેમ ન કરી શક્યો ? આ તમારો પ્રશ્ન વાજબી છે. મારા આનંદની અસર તેના શોક ઉપર થવી જોઇતી હતી, તેને બદલે તેના શોકની અસર મારા આનંદની ઉપર થઇ એ શું ? આનું સ્પષ્ટીકરણ હું કરું છું તે તમે ધ્યાન દઇને સાંભળો. એ માણસના અંતઃકરણમાંથી શોક (ગમગીની)નો બળવાન ધોધ (પ્રવાહ) કાયમ વહ્યા કરતો હતો. કહેવાની મતલબ એ છે કે, તે શોકમાંજ મગ્ન બની ગયો હતો અને શોક સિવાય તેના મનમાં બીજો વિચારજ ન હતો; જ્યારે હું કોઈ પણ વિચારમાં એકાગ્ર નહોતો. રસ્તામાં

જે જે દૃશ્યો આવતાં તે તરફ હું આમતેમ જોયા કરતો, તેથી તેના શોકમય પુદ્દગલોએ મારા ઉપર અસર કરી.

ઓજસ્વીના શરીરમાંથી ઓજસ વહે છે

તમો જ્યારે ભાષણ સાંભળવા જાઓ છો, ત્યારે તમને એટલો અનુભવ તો થતોજ હશે કે, કેટલાક વક્તાની શ્રોતાઓ ઉપર સચોટ અસર થાય છે અને કેટલાકની નથી થતી. જે ઓજસ્વી હોય છે તેના શરીરમાંથી ઓજસ સતત વહ્યાજ કરે છે. જેમ પુષ્પમાંથી સુગંધ વહે છે અને લોહચુંબકમાંથી અમુક પ્રવાહ વહે છે, તેમ ઓજસ્વીના શરીરમાંથી ઓજસ વહે છે. ઓજસ પોતાની આસ-પાસનાં માણસો ઉપર અજબ અસર કરે છે! આવી રીતે પેલા ગમગીન માણસના શરીરમાંથી વહેતા પ્રવાહે મારા શરીર પર અસર કરી હતી.

વિચાર ગમે ત્યાં અસર કરી શકે છે

આ ઉપરથી જોડાજોડ બેસવાથીજ આપણા મન ઉપર અસર થાય છે અને બીજી રીતે નથા થતી, એમ સમજવાનું નથી. વિચા-રની પ્રેરણા ઘણે દૂર સુધી પણ પહોંચી શકે છે. શાપના કે આશી-ર્વાદના વિચારોથી તમે માણસનું ભૂંડું અગર ભલું કરી શકો છો. એક હીલર પોતાના ઘર આગળ બેઠો બેઠો આરોગ્યનાં પ્રબળ આંદો-લનોથી દૂરના દરદીને રોગમુક્ત કરી શકે છે. હિમાલયના શિખર ઉપર જવાથીજ કલ્યાણ થઇ જાય છે એમ ન સમજશો. તે માણસ પણ વિચારોના આકારોથી છટકી જઇ શકતો નથી. જેવા અને જેટલા વિચારો, તેવી અને તેટલી તેની અસર.

કોઇની ઇર્ષ્યા કે નિંદા ન કરો

દરેક માણસ પોતાના દોષો ઓછાવત્તા પણ છુપાવવા માગે છે અને બીજાના દોષો ઉઘાડા કરવા માગે છે. આવી રીતે પરાયા દોષનું દર્શન કરવું તે સારું નથી. આ ટેવ બિલકુલ ખરાબ છે. આવા પારકા દોષનું દર્શન કરનારા માણસો પોતાનાં અંતઃકર-

ણુને ઇર્ષ્યાળુ અને સંકુચિત બનાવે છે. કોઇની નિંદા અગર ઇર્ષ્યા પોતાને તથા સામાને શું નુકસાન કરી રહ્યાં છે તેની તેને ખબર નથી હોતી. કોઈની નિંદા કરવી અગર કોઇનું વાંકું બોલવું, એ મોટામાં મોટો દુર્ગુણ છે. આપણે જેને માટે જ્યારે ખરાબ વિચાર કરીએ છીએ, ત્યારે તે વિચારમાં તેને નુકસાન કરવા થોડુંઘણું તત્ત્વ તો એની મેળેજ સમાઇ જાય છે. આ પ્રવાહ જેની આપણે નિંદા કે ઇર્ષ્યા કરવાનું ધાર્યું છે, તે તરફ વળે અને તેને નુકસાન પણ કરે છે. જો આપણા આ પ્રવાહની સામા માણસ ઉપર અસર ન થઈ, તો તે પ્રવાહ ત્યાંથી ઊછળીને પાછો આપણી તરફ વળે છે અને આપણને નુકસાન કરે છે. આ એક કુદરતનો ખાસ નિયમ છે કે, સારા વિચારોથી આપણી આસપાસ ફિરસ્તાઓ ઉત્પન્ન કરીએ છીએ; જ્યારે ખરાબ વિચારોથી આપણે આપણી આસપાસ સેતાનો પેદા કરીએ છીએ. તમારા શત્રુની પાસે સારા વિચારનાં આંદોલનો મોકલવાથી સમયપરત્વે તેજ માણસ તમારો શત્રુ મટીને મિત્ર બની જાય છે. સુવિચાર કરવામાં આપણે કશુંય ખર્ચ કરવું પડતું નથી. રંકમાં રંક પણ સુવિચારથી સમાજનું કલ્યાણ કરી શકે છે.

સારા થવું હોય તો સત્યને શોધો

અંતમાં એટલું સંભાળજો તથા સાંભળજો કે, તમે ખરાબ વિચાર નથી ધરાવતા. ભલે ન ધરાવતા હો, એટલા તમે પ્રશંસાપાત્ર છો; તોપણ એટલું સમજજો કે, મહાપુરુષે એ સત્યની કિંમત બહુ ભારે આંકી છે. તમે એકાગ્ર બની પ્રેમપૂર્વક તથા સાચી શ્રદ્ધાથી સત્યની ઉપાસના કરો. જો તમે સત્યની શોધમાં હશો, તો તમને તમારી ઇચ્છાનુસાર કોઇ પણ ઠેકાણે કોઇ સાચો માર્ગદર્શક પણ મળી જશે. જગતના ગુરુઓ અને પ્રભુના પ્રિય ભક્તો કહી ગયા છે કે, જીવનના ભોગે પણ સત્યને ચૂકશો નહિ. આ સત્ય તમને સારાના સંગથી મળશે અને તેથી તમે સુખી થશો.

(' હિંદુસ્તાન 'ના એક અંકમાંથી)

२१–आधुनिक केळवणी–युवानो पर माठी असर

પ્રો૦ રાધાકૃષ્ણનો મત

કલકત્તા યુનિવર્સિટીના પ્રોફેસર એસ. રાધાકૃષ્ણ જેઓ ઇંગ્લેંડ અને અમેરિકાનો પ્રવાસ કર્યા પછી મદ્રાસ થઇને આજે અહીં પાછા ફર્યા છે, તેમની મુલાકાત એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિએ લીધી હતી. તે મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, જો આપણા જુવાનિયાઓને પોતાનીજ સંસ્કૃતિ તરફ ધિક્કાર દેખાડવાની તાલીમ મળતી રહેશે, તો આપણો દેશ કે જે ક્યારનોય બહારથી ભાંગીને ભૂકો થયો છે, તેના પુનરુદ્ધારની આપણે થોડીજ આશા રાખવી રહી. પોતાના વ્યક્તિત્વ માટેનું માન આપણે આમવર્ગેજ કરવાના નૈતિક સુધારા અને શિક્ષણના સંગીન પાયારૂપે છે. કમનસીબે આપણી કેળવણીની પદ્ધતિએ આપણી સંસ્કૃતિને માટે પ્રેમ ધરાવતા કર્યા નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે, આપણામાંના ઉત્તમ પુરુષો પણ પ્રાચીન પ્રમાણોના આધારે આગળ વધવાને બદલે આગલી વાતોથીજ અટકે છે. જો આપણી કેળવણી આપણા જીવનમાં ઉતારી હોત, તો આપણે આપણા વહેમો કે જેમાં આપણને હજીયે વિશ્વાસ છે તે દૂર કર્યા હોત. આપણી કેળવણીના અઘટિત સાહિત્યના સ્વરૂપે આપણા જીવનના સવાલોનો સામનો કરવા માટે આપણને નાલાયક બનાવ્યા છે. આપણા ગ્રેજ્યુએટો ફક્ત કાયદા અને જાહેર નોકરી માટે લાયક છે. તેમાં તેઓ લાગેલા ન હોય ત્યારે તેઓ રાજદ્વારી ચળવળમાં ઝંપલાવે છે. હાલની આર્થિક અસ્વસ્થતા ટાળવી હોય, તો દેશના અગાધ બુદ્ધિબળને દેશનાં મોટાં રાષ્ટ્રીય સાધનો ખીલવવાના ઉપયોગમાં લેવું જોઇએ. કેળવણી માટે આપણે ત્યાં અલગ રખાતું નાણું પાશ્ચાત્ય પ્રજાઓની કેળવણી માટે તે રીતનાં રખાતાં નાણાંના પ્રમાણમાં કાંઇ હિસાબમાં નથી. કેળવણીના વિષયમાં એક મહાન રાષ્ટ્રીય પ્રયત્ન થવાની જરૂર છે. ('હિંદુસ્તાન'ના એક અંકમાંથી)

२२–ब्रह्मचर्याश्रमनी जरूर

(લેખકઃ–શ્રી. ડૉ૦ કલ્યાણદાસ દેસાઈ)

ગુજરાતમાં બ્રહ્મચર્યાશ્રમનું મીંડું છે. સ્વામીશ્રી નિત્યાનંદજી મહારાજ વ્યાખ્યાન આપતાં વારંવાર કહેતા કે, "ગુજરાતીઓ લડકે લડકી કી પ્રજા હૈ." તમારામાં શૌર્ય, નીડરતા તથા સાહસ ક્યાંથી હોય? ગુજરાતીઓ બુદ્ધિમાન છે, રસિક છે, વ્યાપારકુશળ છે; પણ તેઓમાં જોશ, ઝનૂન કે કોઇ પણ કાર્ય પાછળ મરી ફીટવાની તેમનામાં શક્તિ નથી. અનેક મુસલમાન બાદશાહોએ, અનેક મરાઠા સરદારોએ, આવા આ પ્રાંત પર ઘા કર્યા કે તેને શરણ ગુજરાત થયું છે. અહમદશાહે અમદાવાદ વસાવ્યું; ભરૂચ, સુરત અને ખંભાતના નવાબોએ નવાબશાહી ચલાવી. અનેકવાર આ શહેરો લૂંટાયાં. આખરે અંગ્રેજો માલિક થઇ બેઠા, પણ તેનો બચાવ કરવા ગુજરાતીઓ આ છેલ્લા થોડા સૈકામાં મરણિયા થઇ લડ્યા નથી. દુર્બળ તથા કાયર પ્રજા શી રીતે લડી શકે? આ સર્વ દોષોનું મૂળ બ્રહ્મચર્યનો અભાવજ છે. બ્રહ્મચર્ય એટલે વિવાહ ન કરવો અને લગ્નથી દૂર રહેવું એટલુંજ નથી. બ્રહ્મચર્ય એટલે ઇન્દ્રિયોનો નિગ્રહ, તપોમય તથા કઠણ જીવન છે. મોજશોખ–એશઆરામથી દૂર રહેવું, નિયમિત તથા સાદું જીવન ગાળવું એમાંજ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચારી કુદરતનાં બાળક છે અને કુદરત માતાના સ્વાભાવિક નિયમો પાળી જીવન ગાળે છે, ત્યારે આપણું જીવન બનાવટી, કપટી અને વ્યવહારને અવલંબીને હોય છે.

બ્રહ્મચર્ય પાળવા માટે નિત્ય નિયમપૂર્વક બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું જોઇએ. સૂર્યોદય સમયે સ્નાન ઇત્યાદિથી નિવૃત્ત થઇ સંધ્યા, અગ્નિહોમ વગેરે કરવાં જોઇએ, નિત્ય વ્યાયામ કરી શરીરને વજ્ર જેવું બનાવવું જોઇએ, સાદો પણ પૌષ્ટિક આહાર કરવો જોઇએ. નમ્રતા, વિનય, સત્યતા, સાધુતા ખીલવવાં જોઇએ અને વિદ્યાભ્યાસમાં મસ્ત

બનો શરીર, બુદ્ધિ તથા આત્માને પુષ્ટ કરવાં જોઇએ. કુદરતનાં સુંદર દૃશ્યોની વચમાં રહીને તેના નિયંતાની અનોખી કૃતિઓ નીરખી તેની સાથે આનંદની ગોષ્ટિ કરતાં શીખવું જોઇએ. આનુંજ નામ બ્રહ્મચર્ય છે. આ જીવન કંઇ ગૃહસ્થાશ્રમીઓની વચમાં રહી ગાળી શકાય નહિ.

અર્થ તથા કામમાં ચકચૂર ગૃહસ્થીઓની વચમાં બ્રહ્મચર્યના આદર્શો ફળીભૂત ક્યાંથી થાય ? વળી ગૃહસ્થીને પોતાનું જીવન નિભાવવાની ફિકર હોય, રાતદિવસ તેના પ્રયાસમાં રોકાયલા હોય, એવા તે ગૃહસ્થીને પોતાના બાળકને બ્રહ્મચર્ય પળાવી, નિયમપૂર્વક સાદું જીવન ગળાવી, વિદ્યા આપવાની ફુરસદજ ક્યાંથી હોય ? રંગરાગમાં અને અનેકવિધ ભોજન તથા અનેક રીતે શોભતા વસ્ત્રાલંકારમાં ચકચૂર તે ગૃહસ્થીઓ બ્રહ્મચારીને સાદાઇનો, ઇન્દ્રિયનિગ્રહનો પાઠ શી રીતે શીખવી શકે ? વળી શીખવે તો તે પાઠની અસર પણ બ્રહ્મચારી પર કેટલી પડે ? એ તો પોથીમાંનાં રીંગણાં જેવુંજ થાય ! વળી બિચારા શહેરીઓ ગંદી હવામાં કોઇ ખૂણામાં જ્યાં રોટલો આપે પણ ઓટલો ન આપે એવી સાંકડી જગ્યામાં માંડ જીવન ગાળતા હોય; જ્યાં સૂર્ય, ચંદ્ર તથા તારાનાં દર્શન અલભ્ય હોય, તેવા સ્થાન માટે બ્રહ્મચારી કુદરતનો બાળક હોઇજ ન શકે. ખરો મનુષ્ય પેદા કરવો એ કાંઈ જેમ અનાયાસે માતાપિતાના વિકારોથી બાળક સૃષ્ટિમાં આવે છે તેમ સહેલું નથી. ખર–મનુષ્ય પેદા કરવા હોય તો હાલની રીત ઠીક છે, પણ જો નર–મનુષ્ય પેદા કરવા હોય, તો તેનો સાંચો તો જુદોજ છે. આપણા પૂર્વજોએ નર બનાવવાનો એક સાંચો પેટંટ કર્યો હતો, એમાંથી દરેક બાળક પસાર થતું હતું. એ સાંચો તે ગુરુકુળ છે. જે આર્યપ્રજા એક વખત જગતની શિરતાજ હતી; જેની સંસ્કૃતિ તથા વિદ્યાનાં બ્યૂગલ દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી વાગી રહ્યાં હતાં; જેના બ્રાહ્મણો પાસે પૃથ્વીભરના માનવો શિષ્ય બની જ્ઞાનપિપાસા તૃપ્ત કરતા હતા; જેના યોદ્ધાઓનાં રણવાદ્ય પૃથ્વી પરની દરેક જાતિ પર જીતના જોસદાર ઘોષો સંભળાવતાં; જેના વૈશ્યો સમુ-

દ્રમંથન કરી, વ્યાપાર ખેડી, પોતાના હુન્નરોથી કાંચનમયી લક્ષ્મીદેવીને પોતાને ઘેર લાવી વસાવતા; તે આર્યપ્રજા–તે શૂર, વીર, ધીર, સત્યાગ્રહી, ઐક્યના બળથી સર્વ પર ઝઝૂમતી, સર્વની પર પોતાની હાક વર્તાવતી, તે ઉપદેશ્ય આર્યપ્રજા આજે છે નહિ; કારણ કે તે આર્યપ્રજાનો ઉત્પન્ન કરનાર ઋષિઓનો પેટંટ સાંચો ગુરુકુળ નષ્ટ થયો. તે સાંચાનો ચલાવનાર ગુરુ છે. ગુરુ બાળકને સાતઆઠ વરસની ઉંમરે યજ્ઞોપવીત આપી તેને દ્વિજ બનાવે છે–તેને બીજો જન્મ આપી તેનો બીજો જન્મદાતા બને છે. ઓછામાં ઓછું પચીસ વરસની ઉંમર સુધી બ્રહ્મચર્ય પળાવી, વિદ્યા ભણાવી, ઉત્તમ સંસ્કારો આપી, નિર્મળ વાતાવરણ રાખી, તેને નર બનાવી, પ્રજાને અર્પણ કરે છે. આ પ્રાચીન પ્રથાએજ આપણને એક જીવતીજાગતી પ્રજા બનાવી હતી. આ પદ્ધતિના નષ્ટ થવા સાથે આપણું પ્રજાત્વ નષ્ટ થયું, ગાઢ અજ્ઞાને પ્રજામાં વાસ કર્યો અને અંધપરંપરા શરૂ થઈ. પ્રજાનાં ભાષાઐક્ય, ધર્મઐક્ય તથા વિચારઐક્ય દૂર થયાં અને અવસ્થા છિન્નભિન્ન થઇ. આપણામાં જે કાયરપણું છે, આપણે કાર્યો આરંભ કરી પાછળ પડીએ છીએ, તેનું કારણ આપણામાં શરીરબળ નથી.

આપણામાં હિંમત, અડગતા, ધૈર્ય અને ખંત નથી તથા વૈદિક ધર્મની વીજળી આપણામાં ચમકારો જગાડી, પાછી મંદ પડી જાય છે તેનું કારણ તપાસો તો આજ છે. બ્રહ્મચર્યનો અભાવ તથા તેને પોષનાર કૃત્રિમ જ્ઞાતિઓનાં બંધનો એજ આપણી અધોગતિનું કારણ છે. શું આપણી સંતતિને આપણે તેમાંથી ઉગારી શકીશું ? શું તેઓને દઢ તથા આગ્રહી બનાવવા આપણે ઇચ્છીએ છીએ ? શું તેઓ દેશનો ઉદ્ધાર કરી શકે એમ આપણી સતત લાગણી છે ? જો તેમ હોય તો બ્રહ્મચર્યાશ્રમની પુનરુદ્ધાર કરનારી ગુરુકુળ સંસ્થાજ તે કાર્ય કરી શકશે. તે સંસ્થામાં આપનાં બાળકો મૂકો, તેમનું પોષણ કરો તથા તેના અગ્રગંતા બનો ! **उत्तिष्ठित ! जाग्रत ! प्राप्य वरान्निबोधत ॐ राम !** ('હિંદુસ્તાન' ના એક અંકમાંથી)

२३–उच्च उद्देशवाळुं जीवन

જગતમાં અસંખ્ય મનુષ્યો એવાં હોય છે કે, જેઓ પોતાના જીવનમાં કયા ઉદ્દેશને સિદ્ધ કરવા ધારે છે તેનો કદી વિચાર સરખો પણ કરતાં નથી. મનુષ્યજીવન એ એક સર્વોત્કૃષ્ટ જીવન છે અને તેમાં મનુષ્ય ધારે તેવા અનેક ઉદ્દેશોને સિદ્ધ કરી શકવા સમર્થ છે; પરંતુ જ્યાંસુધી મનુષ્ય પોતે એક પણ ઉદ્દેશને નક્કી કરતો નથી, ત્યાંસુધી તેના જીવનની સ્થિતિ સુકાન વિનાની નૌકાના જેવી થાય છે અને તેના સઘળા પ્રયત્નો નિષ્ફળતામાંજ પરિણામ પામે છે.

મનુષ્ય પ્રતિદિન બળના એક અસાધારણ સમૂહ સાથે જાણતાં કે અજાણતાં એકતા પામે છે અને તેમાંથી થોડા અથવા ઘણા પ્રમાણમાં બળ મેળવે છે. આ બળનો તે ઉદ્દેશ વિનાનાં કાર્યો કરવામાં ઉપયોગ કરે છે–અર્થાત્ મેળવેલા બળનો દુરુપયોગ કરી તેનો નાશ કરે છે.

આપણે જોઇએ છીએ કે, જગતમાં કોઇ પણ પ્રકારના બળનો ઉપયોગ કરતાં પહેલાં મનુષ્યો તેને કયા કામમાં ઉપયોગ કરવો છે તે નક્કી કરે છે. એક અજ્ઞાન રાંડીરાંડ ડોશી પણ ચૂલો કે સગડી સળગાવતાં પહેલાં તેના ઉપર શું મૂકવું છે તેનો નિર્ણય પ્રથમથી કરે છે. જો કંઇ પણ નિર્ણય અગાઉથી કરવામાં આવ્યો ન હોય, તો તે લાકડાં અથવા તો કોલસાનો દુરુપયોગજ થઇ તેનો નાશ થાય છે. આજ પ્રમાણે વિદ્યુત, વરાળ વગેરે વધારે બળવાન સામર્થ્યોના ઉપયોગનો પણ મનુષ્યો એક ઉદ્દેશ નક્કી કરી, તેને ઉપયોગમાં લે છે અને તેમ કરવાથીજ મનુષ્યો તે સામર્થ્ય વડે સામાન્ય નહિ પણ અસામાન્ય કાર્યો પણ કરી શકે છે.

મનુષ્ય પોતે ઉદ્દેશ વિનાનું જીવન ગાળવામાં અસાધારણ બળ-

નો નિત્ય આવી રીતે દુરુપયોગ કરે છે એવું તેને ભાગ્યેજ જ્ઞાન હોય છે. તે પોતાના નિત્યના વ્યવહારો અજ્ઞાનના પટમાં રહીને કર્યા કરે છે, અનેક ઉદ્દેશ વિનાની ક્રિયાઓમાં બળનો ક્ષય કરે છે; પરંતુ કેવું અસાધારણ બળ તેને પ્રાપ્ત છે અને તેના વડે તે કેવાં ચમત્કારિક કાર્યો કરવા સમર્થ છે તે, તે સમજતો નથી ! અજ્ઞાન! અજ્ઞાનનીજ એ બલિહારી છે !

આમ છતાં કેટલાક પોતાનાજ ડહાપણને સર્વોત્કૃષ્ટ માનનારા પણ હોય છે અને પોતાના જીવનમાં શું પ્રાપ્તવ્ય છે, અથવા પોતાના જીવનનો શો ઉદ્દેશ છે, તે પોતે સમજતા હોય તેમ માની ઢંગધડા વિનાના કોઇ કોઈ લક્ષ્ય બાંધે છે અને તેનાથીજ રાજી થઇ સંતોષ માને છે. તેઓ ઘડીમાં એક વસ્તુ પ્રતિ પોતાના પ્રયત્નને દોડાવે છે, તો ઘડીમાં બીજી વસ્તુને સિદ્ધ કરવા પ્રયત્ન આદરે છે. વળી કંઇ નવું જાણતાં કે સાંભળતાં, ત્રીજામાં મનને દોડાવે છે; પરંતુ એક સ્થાયી ઉદ્દેશ—એક અચળ લક્ષ્યને તે ધારણ કરી તેનેજ સિદ્ધ કરવા આગ્રહ સેવતા નથી. માનસશાસ્ત્રના વિદ્વાનો મનની આવી અસ્થિર અવસ્થાને પણ આ સંબંધમાં નીચા પ્રકારની ગણે છે. એક અચળ ઉદ્દેશને દૃઢતાથી વળગી રહેવું, એજ મનની બળવાન અવસ્થા છે.

મન જ્યારે એક આવા ઉદ્દેશથી ઓતપ્રોત થાય છે; મનના પ્રત્યેક અંશમાં આપણા ઉદ્દેશની છાપ સ્પષ્ટ પડી રહે છે; ત્યારે મન આપણા જાણતાં અને અજાણતાં બળને તેજ દિશામાં વાળવાનો પ્રયત્ન કર્યા કરે છે અને આપણા બળનો સદુપયોગ થાય છે, જેથી જીવનના એક મહાન કાર્યને આપણે સાધી શકીએ છીએ.

આપણા ઉદ્દેશનું સ્વરૂપ બને તેટલું વધારે સ્પષ્ટ રચવું, એજ મુખ્ય કર્તવ્ય છે. ઉદ્દેશનું ઝાંખું સ્વરૂપ રચવાથી કંઇજ ફળ નથી. આવા મનુષ્યો માટે એમજ કહી શકાય કે, તેઓ પોતાની સ્થિતિ

સમજતા નથી. પોતે ક્યાં છે, શું કરવું છે, ક્યાં જવું છે તેનું કશું-જ તેમને ભાન નથી. આવા મનુષ્યો જગતમાં શું એક પણ મહત્ત્વનું કાર્ય સાધી શકશે ? જીવનના મહાન ઉદ્દેશોમાંનો એક પણ ઉદ્દેશ સિદ્ધ કરી શકશે ? મનુષ્યજીવનમાં અનુભવાતાં અસંખ્ય ઉચ્ચ સુખોમાંના એક પણ ઉચ્ચ સુખને અનુભવી શકશે ? અદ્દભુત સામર્થ્યને ધારણ કરવાના અનુપમ લાભને પામી શકશે ? તમારું હૃદય આનો સ્પષ્ટ ઉત્તર આપે છે કે, આવું મહાન ફળ તે કદી પ્રાપ્ત કરી શકશે નહિ.

ઘરમાંથી બહાર નીકળી ક્યાં જવું છે, તેનો સ્પષ્ટ વિચાર ન કરનાર રસ્તા ઉપર આમથી તેમ ધક્કા ખાઇ પગનાં તળિયાં ઘસીને, ટાંટિયા નરમ કરીને અને મગજને અસ્વસ્થ કરીને જ્યાંનો ત્યાં પડ્યો રહે છે. જીવનપ્રવાસે નીકળનાર મનુષ્ય પણ ઉદ્દેશ વિનાનાં કર્તવ્યો કરવામાં આવીજ સ્થિતિનો અનુભવ કરે એમાં આશ્ચર્ય સરખું શું છે ?

મનુષ્યજીવન એટલું અદ્દભુત છે, તેમાં એટલા બધા સંભવો રહેલા છે, તેમાં એવાં અસાધારણ કાર્યો થઈ શકે એમ છે કે, તેની કલ્પના થઇ શકે તેમ નથી. અનેક પ્રજાઓમાં થયેલા અસંખ્ય મહાપુરુષોનાં જીવનનું અવલોકન કરો અને તમને જણાશે કે, જીવનમાં અનેક ઉચ્ચ અને ઉજ્જ્વળ કર્તવ્યો વડે મનુષ્યોએ પોતાનાં જીવન વિભૂષિત કર્યાં છે; પોતાના જીવનનાં જ્વલંત ઉદાહરણોથી અનેક અજ્ઞાન પ્રાણીઓના માર્ગને પ્રકાશિત કર્યા છે; અનેક દૃષ્ટાંતરૂપ પ્રવૃત્તિઓથી કર્તવ્યની દિશા દર્શાવી છે. આમાંની કોઇએક દિશાના, આ કર્તવ્યોમાંના કોઇ મહાન અને તેજસ્વી કર્તવ્યને, આ અસાધારણ ઉદ્દેશમાંના કોઇએક અપૂર્વ ઉદ્દેશને ધારણ કરો અને તેને સિદ્ધ કરો; એટલે તમે મનુષ્ય નહિ પણ દેવ ગણાશો, દેવ નહિ પણ ઈશ્વર ગણાશો !

પણ એ સર્વ ક્યારે ? આવા કોઇ મહાન ઉદ્દેશને ધારણ કરી

તેમાં પ્રયત્નને વાળશો ત્યારે. કોઈ મહાન ઉદ્દેશનેજ હજી ધારણ કરતાં તમને આવડતું ન હોય તો તે પ્રથમ શીખો, મહાન ઉદ્દેશને ધારણ કરી તેને વળગી રહેનાર અવશ્ય તેને સિદ્ધ કરે છે, અવશ્ય મહાપદને પામે છે. પ્રથમ એક ઉદ્દેશને નક્કી કરો–સારી રીતે–સ્પષ્ટપણે નક્કી કરો.

વિજય કહો કે સિદ્ધિ કહો, જીવનની સફળતા કહો કે ઉચ્ચ પદની પ્રાપ્તિ કહો, એ સર્વ ઉદ્દેશને અનુસરે છે–ઉદ્દેશની પાછળ ખેંચાય છે; ઉદ્દેશને ધારણ કરવામાં જેણે વિજય મેળવ્યો તે વીર વિજયીજ છે.

ઉદ્દેશના નિર્ણય વિના મનુષ્યના કર્મે નિષ્ફળતા લખાયેલી છે એ સુંદર ઘાસની ગંજીઓ વચ્ચે ઊભેલો એક ગધેડો નિર્ણય કરી ન શક્યો કે આ બેમાંથી કઈ ઘાસની ગંજીમાંથી ઘાસ ખાવું અને આખરે ભૂખે મર્યો! રમણીઓના વિશાળ ટોળામાં સ્વછંદે વિહરતી કઈ મનોહારિણી સ્ત્રીને લઉં? એનો નિર્ણય ન કરી શકનાર યુવક પોતાની કલ્પનાની સુંદર સ્ત્રીને પ્રાપ્ત કરી શક્યો નહિ. દ્રવ્યના પર્વતમાંથી શું લઉં ને શું ન લઉં? એવી મૂઢ અવસ્થાને પ્રાપ્ત થયેલો મૂર્ખ દરિદ્રીજ રહ્યો. તેજ પ્રમાણે મનુષ્ય! કયું ઉચ્ચ લક્ષ્ય ધારણ કરું એના નિર્ણયની કલ્પનામાંજ રહીશ ત્યાંસુધી તારું જીવન નિષ્ફળજ છે! ગમે તે એક ઉચ્ચ ઉદ્દેશને ધારણ કરી તેને સિદ્ધ કર. પુનઃ એથી ચડતું લક્ષ્ય જણાય તો તેને ધારણ કર; એમ આગળ વધી પરિણામે મહાપદને પ્રાપ્ત કર. પરમાત્માના અવર્ણનીય પદનો અનુભવ કર. એજ તારા જીવનનો અંતિમ ઉદ્દેશ, એજ તારા કર્તવ્યની પરાકાષ્ઠા!

('ચિત્રમય જગત'ના એક અંકમાંથી)

२४–भाग्य उदय कब होगा?

(લેખકઃ–શ્રી. અવધીય, રામપ્રિય શરણુસિંહ–'રત્નેશ')

તેરા ભારત! ભાગ્ય ઉદય કબ હોગા,
મંગલમય જગદીશ સદય કબ હોગા;
છૂટેગી કબ ઘર કી દુસહ લડાઇ,
જીસને તેરી યહ દુર્દશા કરાઇ.
કાલા કુલી રહેગા કબ તક ભારત?
વ્યાધિ–ગ્રસ્ત, બલહીન, દીન અતિ આરત.
કલહ શ્યામ મુખ લેકર કબ ભાગેગા?
સોકર કબ યહ દેશ પુનઃ જાગેગા.
ઉપજેંગે કબ ફિર આદર્શ–સુધારક?
મર્યાદા કે રક્ષક, દુષ્ટ વિદારક.
અડિયલ ટટ્ટૂ કબ તક અડે રહેંગે,
કબ તક પુનરુત્થાન ન હોને દેંગે.
કબ ગૂંજેગા રાગ સ્વદેશીપન કા,
હોગા કબ સ્વરાજ્ય લક્ષ્ય જીવન કા;
કબ ભાઇ સે ભાઇ ગલે મિલેંગે,
આપસ મેં હો એક, બલાએં લેંગે.
પલટેગા કબ સુખદ બસંત તુમ્હારા,
હોગા કબ કષ્ટોં કા અંત તુમ્હારા;
જીસને કભી નહીં દેશી પર તાકા,
સમઝેંગે કબ મર્મ દેશ સેવા કા.
અર્જુન સે બર બીર વ્યાસ વિજ્ઞાની,
જન્મેંગે કબ હરિશ્ચંદ્રસે દાની;
હોંગે કબ શુકદેવ જનકસે યોગી,
કબ તેરી આદર્શ–સભ્યતા હોગી.

રાવણારિ કબ આ ભૂ-ભાર હરેંગે,
કબ 'રત્નેશ' તુમ્હારા કોષ ભરેંગે;
આયેંગે કબ કૃષ્ણ ગોદ મેં તેરી,
કાટેંગે કબ પરાધીન કી બેરી.

('વિશ્વમિત્ર'ના એક અંકમાંથી)

૨૫–हसी ल्योने ! हसी ल्योने !

(લેખકઃ-શ્રી. ગિરીશ)

જહાંમાં જિંદગી ટૂંકી, નકામાં અશ્રુ આંખે શાં?
જવું ક્યારે ન જાણો છો, મુસાફરજી હસી લ્યોને!
સુખોની રોશની ચમકે, અગર દુઃખો સદા પજવે,
જહાંગીર કે ફકીર હો પણ, બિરાદર ઓ, હસી લ્યોને!
હૃદયમાં દુઃખ માનો તો, બધી આલમ દીસે રડતી,
દુઃખદ એ દુઃખભય છોડી, છૂટા કંઠે હસી લ્યોને!
કરીને સોગિયું મોઢું, ફર્યે શું આફતો જાશે?
વિપત્તિ દૂર કરવાને, હૃદય હળવે હસી લ્યોને!
હસે તેનું વસે છે ને, રહે રોતું સદા ખોતું,
ઉરે લોકોક્તિ એ સમજી, મળે તક ત્યાં હસી લ્યોને!
પ્રભુનો વાસ ત્યાં ત્યાં છે, હસિત હૈયાં વસે જ્યાં જ્યાં,
પ્રભુ પધરાવવા દિલમાં, પ્રભુભૂખ્યાં, હસી લ્યોને!
હસે આ વૃક્ષ ને સરિતા, હસે વાયુ અને વીજળી,
ઘૂઘવતો ત્યાં હસે સાગર, તમે પણ તો હસી લ્યોને!
હસે ચાંદો અને સૂરજ, હસે પંખી પણે પેલાં,
હસે કુદરત અમલહાસ્યે (તેમાં) પુરાવી સૂર હસી લ્યોને!

('શારદા'ના એક અંકમાંથી)

૨૬–રાષ્ટ્રીયતાની ભાવના

ઈસુનો ધર્મ પ્રચારવા દુનિયાના ખૂણેખૂણામાં પહોંચેલા પાદરીઓને હાથે ખ્રિસ્તીધર્મની દીક્ષા લઈ, તેમની નિશાળમાં દશ વર્ષ સુધી ચીની અને અંગ્રેજી શિક્ષણ લઈ, એક ચીની તરુણ સત્તર વર્ષની ઉંમરે આગળ અભ્યાસ કરવા અમેરિકા ગયો. અમેરિકાની એક વિદ્યાપીઠમાં તેણે ચાર વર્ષ સુધી ઔદ્યોગિક વિષયનો અભ્યાસ કર્યો અને તે દરમિયાન તેણે અમેરિકાનું જીવન ઝીણવટથી નિહાળ્યું. અમેરિકાની શક્તિ, અમેરિકનોની આબાદી અને દુનિયામાં અમેરિકાના પુત્રનું ઉચ્ચ સ્થાન, એ બધાની પાછળ કયું પ્રેરણાબળ ઊભું છે, તે પણ તેના અંતરમાં બરાબર ઊતરી ગયું.

તે ચાર વર્ષ પહેલાં ચીનથી આવ્યો ત્યારે તેના મોં ઉપર ઈસુએ પ્રબોધેલી નમ્રતા વિરાજતી, તેના મુખમાંથી બાઈબલનાં સુવચનો ઝરતાં અને તેણે તો અમેરિકાને ઈસુના પગલે ચાલનારો અને વિશ્વપ્રેમ તથા અહિંસાનાં પૂજન કરનારો પરમપવિત્ર સાધુ–દેશ કલ્પી લીધેલો. તે આવ્યો ત્યારે મનમાં નિરધાર રચીને આવેલો કે, "અમેરિકામાંથી ઉચ્ચ શિક્ષણ અને 'ખ્રિસ્તી' જીવનનો આદર્શ મેળવી હું ચીન પાછો આવીશ અને પાદરી બની એક શાળામાં જીવન સમર્પી ઈસુ પિતાનાં બોધવચનોનો પ્રચાર કરીશ."

પણ અમેરિકામાં ચાર વર્ષ રહ્યા પછી તેનું એ સ્વપ્ન ઊડી ગયું. અમેરિકામાં તેણે ઈસુની પૂજા નહિ, પણ કોઈ બીજીજ પૂજા જોઈ, તેના મોં ઉપરથી નમ્રતા અદૃશ્ય થઈ. તેની જગ્યાએ દૃઢતા અને નિશ્ચય ગોઠવાયાં. તેની આંખોમાંથી વિશ્વપ્રેમ અને માનવ–બંધુતાની કાવ્યમય મધુરતા ચાલી ગઈ અને તેને બદલે તેમાં ઝનૂન અને આગ ચમકવા લાગ્યાં, તેણે જીવનનું નવુંજ સ્વપ્ન રચ્યું.

અમેરિકાથી ઊપડતી વેળાએ તેના એક મિત્ર–અધ્યાપકે તેને

જીવનની યોજના પૂછી. તેણે જવાબ આપ્યો કે, "ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્તી સંસ્કૃતિને આ દેશમાં મેં ચાર વર્ષ સુધી નીરખી નીરખીને જોયાં અને એ મહાન ધર્મનાં અને એ વિશ્વવિસ્તૃત સંસ્કૃતિનાં મેં જે સ્વપ્નાં રચ્યાં હતાં તે બધાં ઓસરી ગયાં. એ મારો ભ્રમ હતો. હવે મને સાચી સ્થિતિનું ભાન થયું છે. આજ સુધી મેં આકાશમાં કલ્પનાનાં ઉડ્ડયનોનો આનંદ લીધો; અને હું આ નક્કર પૃથ્વી ઉપર મારા પગ સ્થિર કરી આ દુનિયાના રંગ જોવા માગું છું.

"ચીનમાં હતો ત્યાંસુધી અજ્ઞાનની ભ્રમણા નીચે એમજ સમજતો કે, ચીનમાં લૂંટ ચલાવતા યુરોપિયન વેપારીઓ તો કોઇ રખ્યાખડ્યા ધર્મચૂક્યા ખ્રિસ્તીઓ હોવા જોઇએ. આખી ખ્રિસ્તી પ્રજા એવી નહિ હોય; પણ અમેરિકાના મારા અનુભવે મારી એ માન્યતાને ભૂલભરેલી ઠરાવી. હવે તો હું અહીંથી એકજ નિરધાર રચીને જાઉં છું કે, જિંદગીમાં પગલે પગલે નફાતોટાનીજ ગણતરી કરનારી યુરોપની પ્રજાઓના ત્રાસમાંથી મારા પ્યારા વતન ચીન દેશને મુક્ત કરવાં, એ સામે જોરાવર બળવો ઉઠાવવા, હું મારા દેશભાઇઓને તૈયાર કરવામાં આખી જિંદગાની સમર્પીશ. યુરોપની ખ્રિસ્તી પ્રજાઓની પવિત્ર મુરાદો અને પુણ્યપ્રવચનોમાં શ્રદ્ધા મૂકવી એ આત્મદ્રોહ છે. હવે તો અમે તમારી સાથે લડીનેજ અમારી સ્વાધીનતા પાછી મેળવીશું.

"હું માનતો હતો કે, ઇસુના અનુયાયી કહેવડાવનારી પશ્ચિમની પ્રજાઓએ ઇસુના નવા કરારને જીવનના પાયામાં પધરાવ્યો હશે. આખા સમાજની રચના એ પાયાઓ ઉપર હશે; પણ મેં જોયું કે, પશ્ચિમની પ્રજાઓ કોઇ જુદીજ ભાવનાઓને પૂજે છે. હું ચીનમાં જઇને એ ભાવનાઓ પ્રચારવાનો છું.

"એ ભાવના તે રાષ્ટ્રવાદની ભાવના—પ્રથમ મારો દેશ અને પછી આખી દુનિયા—એ ઊછળતા દેશપ્રેમની જ્વલંત ભાવના. એ ભાવના ચીનના યુવાનોમાં થનગનાટ મચાવતી ચીનના ખૂણેખૂણામાં

પ્રસરી જશે ત્યારેજ હું જંપીશ.

"એક વાત ચોક્કસ છે કે, જ્યાંસુધી ચીનાઓ મજબૂત અને શક્તિશાળી ન બને, ત્યાંસુધી દુનિયામાં ચીનની કોઈ કોડીની પણ કિંમત કરવાનું નથી અને મજબૂત તથા શક્તિશાળી એટલે એ શબ્દોનો પશ્ચિમ જે અર્થ કરે છે તે. એ મજબૂતી અને એ શક્તિ રાષ્ટ્રીયતાની ભાવના વિના, 'સુજલાં સુફલાં મલયજ શીતલાં' માતાને નામે કેસરિયાં કરવા પ્રેરતી એ માતૃપ્રેમની ભાવના વિના, કદીયે આવવાની નથી. એટલે અમેરિકામાંથી હું એ સંદેશ ઝીલીને જાઉં છું અને જીવનભર એ સંદેશ મારા પ્રિય સ્વદેશમાં ફેલાવ્યા કરીશ. એ ભાવનાને બળે જાપાને જોતજોતાંમાં પોતાને માટે જે મગરૂબ સ્થાન મેળવ્યું છે, તેવુંજ સ્થાન ચીન પણ મેળવશે અને એ રીતે પોતાનું વ્યક્તિત્વ ખીલવીને-પોતાનું વિશિષ્ટત્વ જાળવીને, તે જગતની ઉત્ક્રાંતિમાં પોતાનો ભાગ ભજવશે."

એ પ્રકારના વાર્તાલાપને અંતે તે યુવકે અમેરિકા છોડયું અને તે ચીનમાં અદૃશ્ય બની મૂંગો મૂંગો તેની રાષ્ટ્રીયતાની ભાવનાને ફેલાવવા મંડ્યો.

આ દશ વર્ષ પહેલાંની વાત. આવા આવા ભાવનામસ્ત યુવકોનાં જૂથ જમાવી ડૅ૦ સુન-યાટ-સેને ચીનમાં રાષ્ટ્રીયતાનો શંખધ્વનિ ગજાવ્યો. એ ભાવના ઝીલીને મહાસાગર ભરતીને તોફાને ચડચો હોય, તેમ આજે ચીન ઊછળી રહ્યું છે. એ ભાવનાને પ્રતાપેજ શાંગહાઇના મિલમજૂરોની કતલ થતાં વિદ્યાર્થી-યુવકોનાં ટોળેટોળાં નીકળી પડ્યાં. નિશાળોને તાળાં દેવાયાં. ચીનમાં ભારે હડતાળો પડી અને જંગી સરઘસો નીકળ્યાં તથા વિદ્યાર્થીઓએ અંગ્રેજ સિપાઇઓની ગોળીએ વીંધાઇ, જાતની કુરબાની કરવાનું પસંદ કર્યું. એજ ભાવનાના પ્રેર્યા યુવકોએ ૧૯૦૯ માં જાપાની માલના બહિષ્કારની હિલચાલ આખા ચીનમાં ફેલાવેલી અને એજ ભાવનાને વશ બનીને ચીની જુવાનો પરદેશી આગબોટોને સળગાવી મૂકે છે અને વિદેશી વેપારીઓને નિ-

શાંતે જંપવા દેતા નથી. જ્યાંસુધી ચીનની બેડીઓ નહિ તૂટે, જ્યાંસુધી ચીનાઓ સાથે યુરોપિયનો સમાનતાનો વર્તાવ નહિ આદરે, ત્યાંસુધી આ ભાવનાનો દાવાનળ વધારે ને વધારેજ પ્રસરતો જશે.

હિંદના યુવાનો આવી રાષ્ટ્રીયતાની ભાવનાએ રંગાય અને તેમની પ્યારી ભારતમાતાની જંજીરો તોડવાના ભગીરથ કાર્યમાં ચીનના યુવાનોની જેમ ઝુકાવે, એ વેળા ક્યારે આવશે?

('સૌરાષ્ટ્ર' ના એક અંકમાંથી)

૨૭–મહત્તાનાં માપ

(લેખકઃ–શ્રી. "કુમુદકાન્ત")

લોકો કહેતાઃ "કેવો મૂર્ખ! આટઆટલું દુઃખ પડયું છતાં તેની અસર તેને કંઇ યે છે?" વળી કહે છેઃ 'ભલું થયું, જંજાળમાંથી છૂટયા.' તેને તેના પરિવારનીય પરવા છે?"

સોમપુરનું વાતાવરણ જ્યારે આમ ચકડોળે ચડયું હતું, ત્યારે જગદીશનું હૃદય આત્માના અવ્યક્ત ગાનમાં લીન થયું હતું.

× × ×

ગરીબ માબાપનો જગદીશ જન્મથીજ દુઃખી હતો. માબાપના સુખની તો તેને ઝાંખી થઇજ નહોતી અને દુઃખ એ તો ગરીબાઇની પ્રકૃતિજ હોય તેમ તેની સ્ત્રી ચાર બાળકોને મૂકી ગુજરી ગઇ હતી. આથી તેની ગરીબાઇ બેવડાઇ હતી; એ બેવડી ગરીબાઇમાંય જગદીશ આનંદ માનતો. સગાંઓના હાથમાં ઊછરેલ જગદીશ બાળ–ઉછેરના નિયમોથી અજાણ હતો, એટલે તે પોતાનાં બાળકોની પૂરતી સંભાળ લઇ ન શકતો.

પોતાના પાડોશીને દુઃખી જોઈ પોતાને સુખી માનવા, એ માનવ–જીવનની પ્રથા પડી રહી છે અને એ મુજબ ગરીબ જગદીશ

જ્યારે પોતાનાં દુઃખી બાળકોની પૂરતી સંભાળ લઇ શકતો નહિ, ત્યારે સગાંઓ દૂર રહી જગદીશનું દુઃખ જોઇ પોતાને સુખી ગણતાં. અહા ! માનવજીવનની મહત્તા ન સમજાય તો મનુષ્ય કેટલો અધમ બને છે, તે કહેવું મુશ્કેલ છે.

જગદીશને હમેશાં સવારના ત્રણ કલાક ને સાંજના પણ તેટલાજ કલાક ઇશ્વરસ્મરણમાં ગાળવાનો નિયમ હતો અને તે છ કલાક દરમિયાન તે કોઇને જવાબ દેતો નહિ.

લોકો પૂછતાઃ "જગદીશ ! એ છ કલાક તું શું કરે છે ?"

જગદીશ કહેતોઃ "ઇશ્વરસ્મરણ ને જિંદગીનું સાર્થક."

અને લોકો હસી પડતા ને કહેતાઃ "કેવો મૂર્ખ ! એમ ઇશ્વર મળી જશે."

લોકોની એ નિંદાનો જવાબ જગદીશ નિર્દોષ હાસ્યથીજ વાળતો અને તે હાસ્યમાં તેના આધ્યાત્મિક–અભ્યાસના પડઘા પડતા.

× × × ×

આજે જગદીશનાં ચારે ય બાળકો બીમાર હતાં. તે બનતી સંભાળ લેતો ને ઇશ્વરસ્મરણ ન ચૂકતો.

લોકો કહેતાઃ "કેવો મૂર્ખ ! બાળકો બીમાર હોય ત્યારે ઇશ્વરસ્મરણ ન થાય તો ય શું ? એમ ઇશ્વર મળી જશે ?"

દુઃખીનું દુઃખ હમેશાં ભયંકર હોય છે; તેજ પ્રમાણે જગદીશનાં બાળકોની બીમારી વધી પડી ને તેણે પોતાનાં વહાલાં બાળકોને પોતાને હાથે એક એક દિવસને અંતરે ચિતામાં સુવાડ્યાં !

જગદીશે પોતાનું ચોથું બાળક ચિતામાં સુવાડ્યું ત્યારે આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું હતું. જાણે કુદરત પણ તેનું દુઃખ રડતી હતી ! તે દિવસે આખા ગામનું હૃદય કકળી ઊઠ્યુંઃ "ગજબ થયો ! પ્રભુએ પડતાને પાટુ માર્યું !"

લોકો ખરખરો કરતાઃ "ભાઇ ! બાળકો વિના ઘર સૂનું થયું !"

જગદીશ કહેતોઃ "એ સૂનકારમાં ઇશ્વર જેટલો નજીક છે,

તેટલો આ જંજાળમાં નથી. ભલું થયું, ઈશ્વરે મારો માર્ગ સરળ કર્યો."

લોકો કહેતાઃ "કેવો મૂર્ખ! કહે છે, 'ભલું થયું' તેને તેના પરિવારનીય પરવા છે?"

ને જગતની નરી આંખે દેખાતી એ મૂર્ખાઇ પાછળ જગદીશની ઈશ્વરી પ્રેમગાથાનાં ગહન ગાન હતાં. લોકનિંદાને ન ગણકારતાં તે આધ્યાત્મિક ગૂઢ પ્રશ્નોના ઉકેલમાં મશગૂલ રહેતો.

જગદીશે પોતાને આંગણે રોવાકૂટવાની મના કરી. સગાંએ તેને સમજાવી કહ્યુંઃ "એમાં ચાલેજ નહિ. આ તો તારું જીવ્યું ધૂળ થયું, તારે લોકાચાર કરવોજ જોઇએ. ફૂલ જેવાં બાળકો આમ નજર સામેથી દૂર થાય ત્યારે લોકરૂઢિને અનુસરવુંજ જોઇએ."

જગદીશે કહ્યુઃ "પ્રભુ ન્યાયી છે, તેણે જેમ ધાર્યું હોય તેમજ થાય છે; માટે તેના એ ન્યાય માટે આપણે શોક કરવાનોજ ન હોય. તમે કોઇ એમ ન ધારશો કે, મારાં બાળકો માટે મને કંઇ લાગણી નહોતી. તમે જેઓ રોવાકૂટવાની સલાહ દેવા આવ્યાં છો, તેઓના કરતાં મારાં વહાલાં બાળકો માટે મને બહુ લાગે છે."

તેજ વખતે જગદીશની આંખમાંથી પહેલીજ વાર આંસુનું એક ટીપું પડયું.

જગદીશનું હૃદય પિતૃહૃદય બન્યું હતું અને તેને સાંસારિક માયાના આછા રંગ લાગ્યા હતા, એટલે તે ક્ષણભર દ્રવ્યું. જગદીશે તરતજ લાગણીઓ કબજે કરીને સગાંઓને રીતરિવાજ માટે મના કરી વિદાય કર્યાં.

સગાંએ કહ્યુંઃ "રોવાકૂટવાનીય મનાઇ! કેવો મૂર્ખ!"

હવે તો આખું ગામ કહેતું "મૂર્ખનો સરદાર!" ગામમાં કોઇ મૂર્ખ નીકળતો તો લોકો કહેતાઃ "આ મૂર્ખ પણ જગદીશથી સારો!"

ઘરે ઘરે, શેરીએ શેરીએ ને ચૌટે ચૌટે એજ ગવાતુંઃ "ઓ જગદીશ! કેવો મૂર્ખ!"

સગાં વિખેરાયાં ને જગદીશ એકલો પડ્યો, ત્યારે સંધ્યામાં નીલવર્ણાં આછા રંગ પુરાતા હતા. જગદીશ ઇશ્વિરસ્મરણમાં બેઠો તે પહેલાં તેને વિચાર આવ્યો, હજીય આ હૃદયમાં સંસાર માટે મમતા છે ને આંખમાં તેની માયા ભરી છે; નહિ તો હૃદય દ્રવે નહિ, આંખમાંથી આંસુ સરે નહિ. તે સર્વ જ્યારે તૂટી જશે, ત્યારે ઓ પ્રભુ ! તું દૂર નથી !"

ને ઇશ્વિરી પ્રેમે જગદીશને ગળગળો કર્યો. જાણે કે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરતો હોય !

જગદીશ હવે દિવસોના દિવસ ઇશ્વિરસ્મરણમાંજ ગાળતો. જગતની દષ્ટિએ મૂર્ખ ગણાતો જગદીશ હવે આત્માના ઊંડાણમાંથી ઊઠતા અવાજનો અટલ અભ્યાસી બન્યો અને તેમાંજ તેને જિંદગીનું સાર્થક લાગ્યું. આધ્યાત્મિક અભ્યાસ તેનાં ખાનપાન બન્યાં.

કોઇ પૂછતુંઃ "જગદીશ ક્યાં ?" તો લોકો કહેતાઃ "એ તો ઇશ્વિરસ્મરણ ને જિંદગીનું સાર્થક કરે છે." પૂછનાર જવાબની ઢબથીજ હસી પડતો.

કોઇ અજાણ્યો પૂછેઃ "એ જગદીશ કોણ ?" તો લોકો કહેતાઃ "ચાર ચાર બાળકોને ચિતામાં સુવાડનાર લાગણીહીન નરપશુ !"

અજાણ્યો થરથરી બોલી ઊઠતોઃ "કેવો મૂર્ખ !"

× × × ×

આજે જગદીશનું ઘર લોકોનાં ટોળાંથી ભરાઇ ગયું હતું ને જગદીશનું નિર્જીવ શરીર એક ખૂણામાં પાટલા ઉપર આસનવાળી બેઠું હતું, આંખોમાં તેજ, ચહેરા ઉપર હાસ્યમિશ્રિત ગુલાબી આછી છાયા ને શરીરના દરેક અવયવનું સામ્ય, એકઠા થયેલા સર્વ લોકોને શોક અને આશ્ચર્યમાં ડુબાડવાને બસ હતાં. તે શોક ને આશ્ચર્યમાં જગદીશની કહેવાતી મૂર્ખાઇ માટે ધિક્કાર તરી આવતો હતો.

દરેક માણસના મરણ પછી એક સમય એવો આવે છે કે, જ્યારે સર્વ કોઇ તેના દુર્ગુણો ભૂલી જઇ તેના મરણ માટે શોક

દર્શાવે છે અને તેના સદ્‌ગુણો ગાય છે; પણ જગદીશનું તેમાં સ્થાન ન હતું, તેની કહેવાતી મૂર્ખાઈથી સોમપુરનું બાળક પણ અજાણ ન હતું. હજીય લોકોએ કહ્યું: "કેવો મૂર્ખ! અંતે જીવ ખોયો!"

ને મહત્તાને મંદિરિયે પગલાં માંડનાર દરેક આત્માની પાછળ જગબત્રીસીનું અટ્ટહાસ્ય હોય છે, ન ગણકારનારો આગળ વધે છે, ગણકારનારો અધમતાના ઊંડાણમાં ગબડે છે.

('શારદા'ના એક અંકમાંથી)

૨૮–રે હિન્દુ સંસાર! ચેત! ચેત!

(બાળલગ્નની ચિતામાં બળીને ભસ્મીભૂત બનેલા એક ગુજરાતી હિંદુ નવજુવાને આપઘાત કરતાં છેલ્લી ઘડીએ કરેલા નિવેદનમાંથી કાળજાં કોરી નાખે તેવા ફકરા આજના હિંદુસમાજને અમે ભેટ કરીએ છીએ.)

મારી સાત વરસની વય હતી. ઢીંગલાઢીંગલોના ખેલ ખેલતો હતો. આછા ઝાંખા એકડા પાટી પર આલેખતો હતો. અરે! ગુલઝારના ગુલ જેવો હતો. હૈયે તેવું હોઠે ઊચરનારો બાળક હતો. કવિભાષામાં કહું તો પ્રભુવિહોણા સંસારમાં પ્રભુનો પયગંબર હતો. દેશનું નાનું જવાહિર હતો. દેશના ઉદયની દોરી મારા હસ્તમાં હતી. ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, ઢીંગલાઢીંગલીની રમત રમનાર પોતેજ ઢીંગલાઢીંગલીના સ્વરૂપમાં મુકાશે. ગુલના ગુલબદન પર વજનો બોજો મુકાશે. આછા ઝાંખા એકડા ઘૂંટનારને પ્રેમના પાઠો શીખવવા શરૂ થશે! અફસોસ! એકાદ સાંજે આવી બાપાએ મોંમાં ગોળ ખવરાવ્યો–રે, ઝેર ખવરાવ્યું અને કહ્યું કે, "બેટા! તારું વેવિશાળ કર્યું છે!" આમ કહી બાપાએ પોતે મારા નખોદનાં નગારાં પર પહેલી દાંડી પછાડી!

× × × ×

મારી બા મને અને મારી બાળકપત્નીને ઊભેલાં કે હસતાં દેખી હાસ્ય સાથે–રુદનમય હાસ્ય સાથે–કહેતી કે, " બેટા ! આ તારી નાની વહુ થાય ! " અહા ! ત્યારે તે કેવી હરખાતી ! એ જૂદા હરખમાં મારી મા· મારી પાયઝાલીનીજ પિપૂડી વગાડતી; થોડા દિવસ ગયા. દશ વરસની ઉંમરે પહોંચ્યો. બીજી ચોપડી પૂરી કરી હતી. એક સાંજે ચાર વાગે ઘરમાં મંગળ મંગળ વર્તી રહ્યું. બંદા વરરાજા બન્યા. લગન–અરે વણભડકે ને વણધુમાડે બાળી નાખનારી અમન આવી. કપાળમાં મોટો ચાંલ્લો ને અક્ષત ચોડી ગધેડાની માફક ડોકમાં ઘરેણાંનો જબરો બોજો લાદી ઘોડલે ચડયો. હું પરણ્યો.

× × × ×

હું વાંચવા બેસતો ત્યાં તે આવી મારી ચોપડી ખૂંચવી લેતી અને મને વાતોમાં કે અડપલે વળગાડતી. જે બાપાનું ધ્યાન દીકરાને ઘોડે બેસાડી ગીત ગવરાવીને વાજાં વગડાવવામાં પડયું–જે બાપાનું ધ્યાન ન્યાતવરામાં પડયું, તે મારી નિશાળની સ્થિતિની તપાસમાં ક્યાંથી પડે ? નિશાળ ગઇ. વિદ્યાર્થીજીવન તૂટયું. મારા નખોદનાં નગારાં પર ફરી મેંજ દાંડી લગાવી !

× × × ×

થોડા દિવસ વીત્યા. બાપ ગયો, મા ગઇ. જિંદગીના સંગ્રામની ઘંટીમાં હું પિસાવા લાગ્યો. અધૂરામાં પૂરું દેશનું દારિદ્રય વધારનાર એકાદ–બે બાળકનો પિતા થયો. એ સંતતિ ! પહેલો પુત્ર જન્મથીજ આંધળો અને પાંગળો હતો ! હાય રે ! ગુલામ દેશનાં ગુલામ સંતાન !

× × × ×

મારી સ્ત્રી પણ કાચના વાસણ જેવી નાજુક હતી. સંતોષથી કદી હું કેમ ખાઇ શકું ? બીમારીનો મેં ઇજારો રાખેલો ! બાપીકી મૂડીનો અર્ધો ભાગ ડૉકટરો ખાઇ ગયા. પુલ પરના પથરા દિવસે દિવસે લાંબે વખતે ઘસાઇ જાય, તેમ મારી સ્થિતિ પણ દિવસે દિવસે

ધસાતી હતી. હાય ! અત્યારે મારા ઘરમાં ચારેખૂણે ભૂખજ ડોકિયાં કરે છે. જોવી હોય તો આવો, બતાવું ! ક્ષયરાજની સવારી પત્ની પાસે ક્યારનીય આવી પહોંચી છે. પ્રભુ ! દુઃખનો સમુદ્ર તેં મારા પરજ ઢોળ્યો ! ના, ના ! મારા હિતેચ્છુઓએજ. હવે તો જીવન અકારું છે !

× × × ×

પિતા ! પિતા ! તમારા લાડલહાવાનો ભોગ થઇ પડેલો પુત્ર હવે તમને ત્યાંજ રડાવવા આવે છે ! હાય ! દુનિયા ! હું તો જાઉં છું ! ચેતજો ! ચેતજો ! ઓ બચ્ચાંના પિતાઓ ! ઓ વડીલો ! મારાં આ લોહીનાં આંસુથી ચેતજો !

પ્રભો ! તારે શરણે. (એમ કહી આત્મઘાત કરે છે.)

('ગાંડીવ' ના એક અંકમાંથી)

૨૯–સાચા માળીની પરબ

(લેખકઃ–શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ)

સાચો નામનો એક માળી હતો. તે અને તેની સ્ત્રી વૃદ્ધ થયાં. તેમને પેટ કાંઇ સંતાન નહોતું અને જિંદગી સુધી ખાઇ શકાય તેટલું ધન તેમની પાસે હતું.

એક વર્ષે પૂરો વરસાદ પડ્યો નહિ અને દેશમાં દુકાળ પડયો. સાચાએ વિચાર્યું કે, પોતે વૃદ્ધ થયો છે અને કાંઇ ધન રળવાની હવે જરૂર નથી; તો આ દુકાળના વંખતમાં પોતાને હાથે લોકોનું કાંઈ ભલું થાય તો ઠીક.

આ વિચારથી તેણે પોતાના ગામથી દૂર ત્રણેક ગાઉ પર એક કૂવાને કાંઠે પરબ બાંધી અને તે તથા તેની સ્ત્રી રાતદિવસ ત્યાં રહીને વટેમાર્ગુઓને તથા ઢોરઢાંખરને પાણી પાવા લાગ્યાં. સાચાની સ્ત્રીએ

સ્વામીના ઇરાદાને અનુકૂળ મત આપ્યો હતો, એટલે તે પણ રાત-દિવસ પરબમાં સ્વામીની સાથે રહેવા લાગી.

તે કૂવામાંથી પાણી ખેંચતી અને માટલાં ભરતી. સાચો પણ પાણી ભરતો અને પાતો; પરંતુ જેવી બુદ્ધિ સાચામાં હતી, તેવી તેની સ્ત્રીમાં નહોતી. કોઈ ઢેડનો છોકરો પરબે પાણી પીવા આવે તો સ્ત્રીના નાકનું ટીચકું ચડતું. પરબથી દૂર પાણી પાવા જવું પડતું, પોતાના ગામનો કોઇ વટેમાર્ગુ પાણી પીવા આવતો અને તેની સાથે સાચાની સ્ત્રીને કાંઇ અણબનાવ ભૂતકાળમાં થયેલો હોય, તો તે પાણી પાવા ઊઠતીજ નહિ; અને સાચો સ્ત્રીના સ્વભાવને સમજી પોતાની મેળે પ્રેમભાવથી પાણી પાવા ઊઠતો.

તેના ગામનો કોઇ શેઠ કે ગરાસીઓ પાણી પીવા આવતો ત્યારે સ્ત્રી ખુશામત કરતી અને કોઇ તરસ્યાં ઢોર આવતાં, ત્યારે તેની મોજમાં આવે તો પાણી પાતી અને નહિ તો ચોખ્ખી ના કહેતી. સાચા માળીને પોતાની સ્ત્રીનો આ સ્વભાવ ગમતો ન હતો; પણ કંકાસ નહિ થવા દેવાને ખાતર તે ચૂપ રહેતો અને પોતાથી બનતી સર્વ કોઇની સેવા કરતો.

એક વાર એક કુંભારનાં ઈંટો લાદેલાં દશ ગધેડાં નીકળ્યાં. કુંભારે પરબે આવીને ગધેડાંને થોડું પાણી પાવા માગણી કરી. ત્યાં સ્ત્રી બોલી ઊઠી: "હજુ માણસોને પાણી પહોંચતું નથી ત્યાં ગધેડાંને પાણી શાનું પાઇએ? તારે ગામ જઇને પાજે." કુંભારે કહ્યું કે, "ગધેડાં બહુ તરસ્યાં છે ને પાણી પાશો તોજ ગામ ભેગાં થશે, નહિ તો મરી જશે."

પણ સ્ત્રીએ માન્યું નહિ. સાચાને દયા આવી અને તે પાણી પાવા ઊઠયો; પણ તેની સ્ત્રી ખૂબ ચિડાઇ. તેણે પાણીનાં માટલાં ઝૂંટવી લીધાં અને સ્વામીને ઠપકો દીધો. સાચો બહુ દુઃખી થયો. તે તરતજ કૂવા પર ગયો અને પાણી ખેંચી ખેંચીને ગધેડાંને પાવા

લાગ્યો. ગધેડાં બહુ તરસ્યાં હતાં. પાણી ખેંચતાં ખેંચતાં તે થાકયો; પરંતુ સેવાબુદ્ધિથી થાકને ગણકાર્યો નહિ.

સાચો પાણી પાઇ રહ્યો ને પાછો પરબમાં આવ્યો અને જરા આરામ લેવાને સૂતો. તરતજ તેને તાવ ચડયો અને રાતે તો તે મરણ પામ્યો.

બીજી બાજુએ તેની ક્રોધી સ્ત્રીએ પરબની ચોકડીમાં જઇને ફાંસો ખાધો હતો. પોતાની ના ઉપર થઇને સ્વામીએ ગધેડાંને પાણી પાવા માંડયું, તેથી તે અભિમાની સ્ત્રીને બહુજ ગુસ્સો ચડયો હતો અને તેથીજ તેણે એ કુકર્મ કર્યું હતું!

સાચાની સ્થૂળ સેવા, તેની પાછળ રહેલી સેવાબુદ્ધિ કે જેમાં મૈત્રી તથા કરુણા રહેલાં હતાં અને તેથી ઊલટું તેની સ્ત્રીની વૈતરારૂપ સેવા, કે જેની પાછળ સેવાબુદ્ધિ તથા તેને અનુકૂળ આંતર્ગુણો નહોતા, તે બેઉનું સ્વરૂપ બીજા દિવસના પ્રભાતમાં વટેમાર્ગુઓના સમજવામાં આવ્યું. સાચો માળી ગરીબ કે તવંગર, નાના કે મોટા, ઢેડ કે બ્રાહ્મણ, ગાય કે કૂતરું, ગમે તેવા પ્રાણીપરત્વે કેવી સેવાબુદ્ધિ ધરાવતો હતો અને તેમને પાણી પાઇ સંતોષ આપતો હતો, તેમજ તેની સ્ત્રી પાણી પાતી હતી છતાં તેની સેવાની પાછળ કેવી કટુતા, ભાવહીનતા વગેરે અવગુણો હતા, તે લોકો તો જાણતાજ હતા; પરંતુ એકજ કામ કરનાર બેઉ જણની સેવાનાં બે જુદાં જુદાં પરિણામો આવેલાં જોઇને તેમનું હૃદય દ્રવ્યું.

ગામલોકોએ એકઠા થઇને બેઉનો અગ્નિસંસ્કાર કર્યો અને સાચાની પરબ જ્યાં હતી, ત્યાંજ પાકી પરબ બંધાવી "સાચા માળીની પરબ" ને નામે તેનું નામ અમર કર્યું.

('બાલજીવન' ના એક અંકમાંથી)

३०—एक पुरातन ग्रंथसंग्रह

"નામદાર નિઝામ સરકારના રાજ્યમાં પાસ્ચરલ હોલમાં મુખ્ય જાગીરદાર હકીમ સૈયદ કાસિમને ત્યાં એક ઘણોજ કીમતી પુરાતન ગ્રંથસંગ્રહ છે." એ સંગ્રહમાં હજારો પુસ્તકો અને કળા, વિજ્ઞાન, વૈદ્યક વગેરેને લગતાં તાડપત્રો વગેરેપર લખેલા હસ્તલિખિત ગ્રંથો છે. કેટલાક તો છેક વેદના વારાના દેખાય છે. પુસ્તકોમાં નીચે જણાવેલા વિષયોને લગતાં પુસ્તકો છેઃ—

(૧) સડો નહિ લાગવા માટે મસાલો ભરવા સંબંધી–ઇજિપ્તમાં જોવામાં આવ્યું છે, તેમ શબને સડો લાગ્યા વગર જેમનાં તેમ હજારો વર્ષ સુધી રાખી શકાય છે.

(૨) લાલ, પીળું, કાળું વગેરે કોઇ પણ રંગનું રૂ ઉગાડવાની કળા.

(૩) અજાયબ કાચ—એવો કાચ તૈયાર બનાવીને તેને દરિયાની સપાટી પર ધરવામાં આવે તો સમુદ્રના તળિયાની વસ્તુઓ સ્પષ્ટ દેખી શકાય.

(૪) હલકી ધાતુમાંથી સોનુંરૂપું બનાવવાની વિદ્યા; લોઢું ગાળવાની વિદ્યા; ઝવેરાત અને મોતીને ગાળીને મનપસંદ આકાર, કદ તથા રંગ બનાવવાની વિદ્યા; નીચી સપાટી ઉપરથી મોટા પર્વત ઉપર વહેવડાવવાની વિદ્યા; હજારો વર્ષો સુધી સતત પાણી ગરમ રાખી મૂકવાની વિદ્યા, આ સિવાય બીજી ઘણી નવાઇ ઉપજાવે તેવી બાબતો સંબંધી માહિતી આપનારાં પુસ્તકો તેમાં છે. જ્યારે આપણા હિંદુસ્તાનના રાજાઓમાંથી ભાગ્યેજ કોઇ નરેશ આવી વસ્તુઓમાં રસ લે છે, ત્યારે જર્મનો અને અમેરિકનો જેવા પરદેશીઓ આવા પુરાતન ગ્રંથો હિંદુસ્તાનમાંથી ખરીદી લઇ જાય છે એ શોચનીય છે. પહેલાં કરતાં હાલ સમય બદલાયો છે; પરંતુ હજુ એ દિશા તરફ વિશેષ ધ્યાન આપવાની ખાસ અગત્યતા છે.

(ત્રિમાસિક 'પુસ્તકાલય'ના એક અંકમાંથી)

३१–गुरुजीए क्यांथी अने केवी रीते मेळव्युं ?

(स्व० विज्ञानाचार्य श्री. જગદીશચંદ્ર બોઝને કલકત્તાની પ્રેસિડન્સી કોલેજના ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે ચાળીસ વર્ષ પૂરાં થયાં. ત્યારે એ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓએ તેમને માનપત્ર આપ્યું હતું અને શ્રી. જગદીશચંદ્ર તેનો જે જવાબ આપેલો, તે અહીંયાં નીચે આપીએ છીએ.)

ગુરુજીને ચરણે

ગુરુજી! આપનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે કે, આપને વર્ણવવાને પણ અમે અસમર્થ છીએ. આપને શું કહીએ? આપને ઉદ્ભિજ્જશાસ્ત્રી કહીએ કે ભૌતિકશાસ્ત્રી? આપની અર્ચના પ્રાણીશાસ્ત્રી તરીકે કરીએ કે માનસશાસ્ત્રી તરીકે? એ સૌ આપને તેમના હોવાનો દાવો ધરાવે છે. એશિયાના ઓ વિજ્ઞાનચક્રચૂડામણિ! આપની યુગપ્રવર્તક શોધો જગતભરની પ્રશંસા પામી છે. આપના વિજ્ઞાનમંદિરની સ્થાપના એ ભારતના ઇતિહાસમાં સ્થાન પામનારો બનાવ છે, આપની શોધો એ વિજ્ઞાનના ઇતિહાસને ઉજ્જવળ બનાવનારી ઘટનાઓ છે. વૈજ્ઞાનિકની તીક્ષ્ણ મર્મદ્રષ્ટાની દૃષ્ટિ સાથે આપનામાં કવિની મુગ્ધકર કલ્પનાનું મિલન થયું છે.

વયોવૃદ્ધ અને માનતૃપ્ત આપને અમે પ્રણામ કરીએ છીએ. મારકોનીના પ્રતિસ્પર્ધી, ન્યૂટનના સ્વજન, આપનામાં અમે ગર્વ ધરીએ છીએ. વિજ્ઞાનશાસ્ત્રી તરીકે મહાન અને મનુષ્ય તરીકે તો એથીયે વિશેષ મહાન, આપના ચરણમાં અમારાં પ્રીતિ–પુષ્પો ભેટ કરીએ છીએ. પ્રકાશના ઓ ફિરસ્તા! વિજ્ઞાનની દુનિયાના ઓ પુરુષવર! આપનું અમે સ્વાગત કરીએ છીએ. —**આપના પ્રેમપાત્ર શિષ્યો**

ગુરુજીની આશા

પશ્ચિમમાં પૂર્વજોને ગૌરવે પુત્રપરિવાર ગૌરવવંતો બને છે. પૂર્વ-

માં પુત્રો અને અનુજોની મહત્તા પૂર્વજોને ગરવા બનાવે છે; એટલે મારા ભૂતકાળના અને અત્યારના વિદ્યાર્થીઓ તેમની સિદ્ધિઓની મહત્તા વડે મને જે માન આપે, એના કરતાં વિશેષ માન બીજું કયું હોય ? હિંદુસ્તાનમાં સર્વત્ર વિદ્યાર્થીઓ મારા પ્રત્યે અત્યંત પ્રીતિભાવ ધરાવે છે અને મને તેમના શિક્ષક તરીકે સ્વીકારે છે, એના કરતાં કઇ વસ્તુ મારા હૃદયને વિશેષ સ્પર્શી શકે ? મને જે સફળતા મળી છે, તે મારી અંગત મહત્ત્વાકાંક્ષાને તૃપ્ત કરવાને તો જોઇએ તે કરતાંયે ઘણી વધારે છે; પણ તમારે માટેની મહેચ્છાઓને તો કોઇ સીમાજ નથી. કારણ કે અમે જે જે કામ અધૂરું મૂકીએ, તેને આગળ ધપાવનારા તો તમે–આજનો યુવકવર્ગ છે. જીવનની ત્યાગભરી તપશ્ચર્યાઓ તપીને ભાવિ મહાભારત સર્જવું એ જુમ્મેદારી તો તમારી છે.

તમે પૂછો કે, મેં જીવનમાં આ બધું બળ ક્યાંથી મેળવ્યું ? તમે જાણવા ઇંતેજાર છો કે, મારા માર્ગમાં પથરાયેલા એ અસંખ્યાત અંતરાયોને હું કેમ જીતી ગયો ? મારા જીવન ઉપર મોટામાં મોટી અસર મારા પિતાની છે. મારું આ જીવન તેમની દૂરંદેશીનો પ્રતાપ છે. મારા બાળપણમાંથીજ તેમણે મને સામાન્ય જનસમાજની સાથે મહોબત શીખવી. સાથે સાથે તેમણે મને ભૂતકાળના એ વીર્યવાન ભારતનું અને ભવ્ય આદર્શોનું દર્શન કરાવ્યું. તે ત્યારે જિલ્લાના સર્વશ્રેષ્ઠ દરજ્જાના અમલદાર હતા, તેમના હાથ નીચેના નોકરો તેમનાં બાળકોને શ્રીમંતો માટેની અંગ્રેજી નિશાળમાં મોકલતા, ત્યારે મારા પિતાએ મને ગામઠી નિશાળે મોકલ્યો. ત્યાં રાતદિવસ કાળી મજૂરી કરનાર મજૂરોના અને આજે જેમને હલકા વર્ણો ગણવામાં આવે છે, તેમનાં સંતાનો મારાં સાથીઓ થયાં. તેમની પાસેથી હું ખૂબ શીખ્યો. માછીમારોના છોકરાઓ પાસેથી મોટી મોટી નદીઓના ભીતરમાં વસતા વિચિત્ર મગરોની હું વાર્તાઓ સાંભળતો. તેમના સહવાસથી હું કુદરતનો પ્રેમી બન્યો અને જે ભાવનાવાદ યુવકોને

કૂદતા બનાવી મૂકે છે, તે મને વીર ભારતના એ મહાવીરકાવ્ય મહાભારતના દૈનિક પાઠથી મળ્યો. તેમાંથી હું શીખ્યો કે, જીવન એટલે સંગ્રામ–પ્રેમશૌર્યના ઉચ્ચતમ કાનૂનોની મર્યાદામાં રહીને ચાલ્યે જતું અવિરત યુદ્ધ.

એ ગામઠી નિશાળમાંથી મને શહેરની નિશાળે મૂકવામાં આવ્યો અને પછી જિંદગીની એથીયે મોટી શાળામાં, જિંદગીની લડત લડવાને ઊભો રાખવામાં આવ્યો. કલકત્તાની એ ' હેઅર સ્કૂલ 'માં મારા જેવો અજાણ્યો છોકરો આવે, એ ત્યાંના વિદ્યાર્થીઓને અઘટિત લાગ્યું. તેમણે તેમના નાયકની સાથે યુદ્ધ કરવાને મને બીડું મોકલ્યું. મારે એ સ્વીકાર્યેજ છૂટકો હતો, સદ્ભાગ્યે હું જીત્યો. અમે બન્નેએ હાથ મિલાવ્યા અને ત્યારથી સાચા મિત્રો બનીને રહ્યા. લડાઇનો એ નિયમ છે કે, લડાઇ પૂરી થઇ રહ્યા પછી મનમાં કોઇને માટે કશો વસવસો ન રાખવો; વિજય કે પરાજય એ વિધિના હાથની વાત માની તેને વિસારી મૂકવી. તમે આજે વિજયને દ્વારે ઊભા છો અને હું કદાચ કાલે તમારો સંગાથી બનું; પણ તે દરમિયાન આપણા મનને તો આપણે નિર્મળજ રાખવું, એ મારા આખા આ જીવનના અનુભવે આપેલું જીવનસૂત્ર છે.

મને જિંદગીમાં કશુંજ સરળ કે સુગમ નથી લાગ્યું, ડગલે ડગલે અને પગલે પગલે મારે લડાઇ લડીને અને જીત મેળવીનેજ આગળ વધવું પડતું અને આ લડાઇઓએજ મારામાં બળ પૂર્યું છે. જ્યાં જ્યાં મારે લડાઇમાં ઊતરવું પડ્યું છે, ત્યાં લડાઇને અંતે એકેય પક્ષમાં જરાય કડવાશ અમે નથી રહેવા દીધી. મારા પ્રતિપક્ષીઓ આજે મારા સર્વોત્તમ મિત્રો બન્યા છે.

ચાળીશ વર્ષ પહેલાં લોર્ડ રિપનની સરકારે, પ્રેસિડન્સી કૉલેજના પ્રિન્સિપાલ મિ. ટૉની અને ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સર આલ્ફ્રેડ ક્રાફ્ટનો સખ્ત વિરોધ છતાં મને ભૌતિકશાસ્ત્રના અ-

ધ્યાપકની જગ્યા આપી. સર આલ્ફ્રેડ ક્રાફ્ટે નિખાલસ દિલે મને કહ્યું કે, હિંદી અત્યારના વિજ્ઞાનને ચોકસાઇપૂર્વક શીખવવાને સ્વભાવથીજ નાલાયક છે અને ઉપરાંત, પ્રેસિડન્સી કોલેજના તોફાની તરીકે પ્રખ્યાતિ પામેલા વિદ્યાર્થીઓને કાબૂમાં રાખવા એ મારાથી નહિ બની શકે. તેના એ અજ્ઞાનને કારણે બંધાયેલા વિરુદ્ધ મતને માટે મેં જરાયે માઠું ન લગાડયું. મારે તો, તેઓ એવો મત બાંધવા માટે શરમિંદા બને, એ કરવાનું હતું અને મેં એ કર્યું. પરિણામે પ્રિન્સિપાલ અને ડિરેકટર બન્ને મારા સરસ મિત્રો બન્યા; એટલુંજ નહિ પણ તે મારા દૃઢ પક્ષપાતી થયા.

પછી હું ભૌતિકશાસ્ત્રીઓની દુનિયામાં પેઠો, ત્યારે પણ મારે એજ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કોઇ અજાણ્યો તેમના ટોળામાં પેસી જાય એ તેમને નહોતું પાલવતું. મારી વૈજ્ઞાનિક શોધો વિજ્ઞાનના સ્વીકૃત સિદ્ધાંતોને ખોટા ઠરાવનારી અને તેથી કોઈ ન માની શકે એવી હતી. મારાં યંત્રો કામ કરતી સ્થિતિમાં જાહેરમાં બતાવવાનું મને આમંત્રણ થયું. હું સાધનો લઇને વિલાયત ગયો; પણ મજૂરની બેદરકારીથી એ નાજુક યંત્ર નંદવાઇ ગયું અને એ વખતે તો પૂરેપૂરો પરાજય પામીને, મોટું આર્થિક નુકસાન સહીને, હું પાછો ફર્યો!

બીજી વખતે મેં વધારે મજબૂત યંત્ર બનાવ્યું અને તે મારી સાથેજ રાખીને હું વિલાયત ગયો. તે યંત્રનું નામ મેગ્નેટિક ક્રેસ્કોગ્રાફ, કે જે વસ્તુને દશકરોડગણી મોટી કરીને બતાવી શકે છે. આ સિદ્ધાંત તરીકે પણ અસંભવિત છે, એમ વિજ્ઞાનશાસ્ત્રીઓ માનતા; એટલે આ પ્રયોગ જોવાને જગતના મોટા મોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ લંડનમાં ભેગા થયેલા. હું એ યંત્ર લઇને ત્યાં ગયો; પણ દરવાજે મોટરમાંથી ઊતરતાં, જરાક હડદો લાગવાથી તેનો અતિ નાજુક દોરો તૂટી ગયો. વિધાત્રી એટલી અનુકૂળ કે મારા ખિસ્સામાં 'સેકોટાઇન કેપ્સલ' હતું. તેના વતી મેં દોરો તત્કાળ પાછો સાંધી લીધો અને

બધા પ્રયોગો કરી બતાવ્યા. આ બધા ઉપરથી તમને સ્પષ્ટ જણાશે કે, સામાન્ય અજ્ઞાનની સામે ઝૂઝીને માન્યતા મેળવવી કે સફળતા સાધવી, એમાં કેટલી ધીરજ અને કેટલો સતત પરિશ્રમ જોઇએ છે!

જગતનાં રાષ્ટ્રોના સંઘમાં હિંદને માટે માનભર્યું આસન મેળવવાના ઉદ્દેશમાં આપણે બધા એક છીએ. આપણે તે એકત્રિત અને અથાગ પ્રયત્નોથી તેમજ યુદ્ધના નિયમોનું બરાબર પાલન કરીને જરૂર સાધીશું. શરતમાં ઉતાવળિયો નહિ, પણ ડાહ્યો જીતે છે; પણ ડહાપણ એટલે નિર્બળોની પરાધીન વિવેકબુદ્ધિ નહિ પણ ડહાપણ એટલે શક્તિની અસ્મિતામાંથી જન્મતી કાર્યની ચતુરાઇ. હિંદુસ્તાન સંગ્રામ ખેલીને સ્વાધીન બને કે તેની પ્રાચીન સંસ્કૃતિને વધારે અનુરૂપ બીજા માર્ગોએ સ્વતંત્રતા પામે, પણ તેના ભાવિને માટે તો કશો સંદેહજ નથી; કારણ કે ભારતની સંસ્કૃતિમાં કંઇક એવું તત્ત્વ છે કે, જેમાં કોઇ અસામાન્ય અને અનંત ગુપ્ત શક્તિ ભરી છે અને તેને પ્રતાપેજ જગતભરને ખેદાનમેદાન કરી મૂકનારાં કાળનાં આક્રમણો સામે ભારતની સંસ્કૃતિ અજિત અને અજેય ઊભી છે. સાચેજ, આટલા બધા ફેરફારો અને હુમલાઓ સામે દૃઢ રહેવાની તાકાત તો એજ મહાસંસ્કૃતિમાં વસેલી હોય, કે જેણે નાઇલ નદીના તીરે મધ્યાહ્ન તપેલા એ મિસરના બુદ્ધિવૈભવને, બેબિલોન અને આસરિયાના સમર્થ સામ્રાજ્યોને વિનાશ પામતાં જોયાં અને જે આજેય એની એજ અજેય શ્રદ્ધાપૂર્વક ભાવી તરફ મીટ માંડતી ઊભી છે.

('સૌરાષ્ટ્ર'ના એક અંકમાંથી)

૩૨–ઈશ્વરપ્રાર્થના

વ્યાખ્યાન–હે સહનશીલેશ્વર! આપ અને અમે પરસ્પર પ્રસન્નતાથી રક્ષક થઇએ, આપની કૃપાથી અમે સદૈવ આપનીજ સ્તુતિ-પ્રાર્થના અને ઉપાસના કરીએ તથા આપનેજ પિતા, માતા, બંધુ, રાજા, સ્વામી, સહાયક, સુખદ, સુહૃદ, પરમગુર્વાદિ જાણીએ; ક્ષણુમાત્ર પણુ આપને ભૂલીએ નહિ, આપની તુલ્ય અથવા અધિક કોઇને ન જાણીએ. આપના અનુગ્રહથી અમે સર્વ પરસ્પર પ્રીતિમાન, રક્ષક, સહાયક, પરમપુરુષાર્થી થઇએ, એકબીજાનું દુઃખ ન જોઈ શકીએ, સ્વદેશસ્થાદિ મનુષ્યોને અત્યંત પરસ્પર વૈરરહિત, પ્રીતિમાન અને પાખંડરહિત કરીએ, **सहनोभुनक्तु** તથા આપ અને અમે લોક પરસ્પર પરમાનંદનો ભોગ કરીએ, અમે લોક પરસ્પર હિતથી આનંદ ભોગવીએ કે આપ અમને આપના અનંત પરમાનંદના ભાગી બનાવો. તે આનંદથી અમે લોક એક ક્ષણુ પણુ અલગ ન રહીએ. **सहवीर्यम् करवावहै** આપની સહાયતાથી પરમવીર્ય જે સત્ય વિદ્યા તેને પરસ્પર પુરુષાર્થથી પ્રાપ્ત થઇએ. **तेजस्विनावधीतमस्तु** હે અનંત વિદ્યામય ભગવન્! આપની કૃપાદૃષ્ટિથી અમારા લોકોનું પઠનપાઠન પરમ વિદ્યાયુક્ત થાઓ તથા સંસારમાં સર્વથી અધિક પ્રકાશિત થાઓ અને અન્યોન્ય પ્રીતિથી પરમવીર્ય પરાક્રમથી નિષ્કંટક ચક્રવર્તી રાજ્ય ભોગવીએ. અમારામાં સર્વ નીતિમાન સજ્જન પુરુષ થાઓ અને આપ અમારા પર અત્યંત કૃપા કરો, કે જેથી અમે લોકો નાના પ્રકારનાં પાખંડ, અસત્ય, વેદવિરુદ્ધ મતોને ઝટ છોડીને એક સત્ય સનાતન મતસ્થ થઇએ, કે જેનાથી સમસ્ત વૈરભાવનું મૂળ જે પાખંડમત, તે સર્વ તત્કાળ પ્રલય થઇ જાય. **मा विद्विषावहै** અને હે જગદીશ્વર! આપના સામર્થ્યથી અમારા લોકોમાં પરસ્પર દ્વેષ ન રહે–એટલે કે અમે પરસ્પર દ્વેષ ન કરીએ, કિંતુ સર્વ તન, મન, ધન અને વિદ્યાને પરસ્પર સર્વના સુખોપકારમાં પરમ

પ્રીતિથી લગાવીએ. ॐ शान्तिः । शान्तिः । शान्तिः । "હે ભગવન! ત્રણ પ્રકારના સંતાપ આ જગતમાં છે. એક આધ્યાત્મિક એટલે જે જ્વરાદિ પીડાથી થાય છે તે બીજો આધિભૌતિક—એટલે જે સત્ર, સર્પ, વ્યાઘ્ર, ચોર આદિથી થાય છે તે; તથા ત્રીજો આધિદૈવિક એટલે મન, ઇન્દ્રિય, અગ્નિ, વાયુ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અતિશીત, અત્યુષ્ણતા ઇત્યાદિથી થાય છે તે. હે કૃપાસાગર! એ ત્રણે તાપોની જલદીથી નિવૃત્તિ કરો, જેથી અમે અત્યાનંદમાં અને આપની અખંડ ઉપાસનામાં સદા રહીએ. હે વિશ્વગુરો! મને અસત્ (મિથ્યા) અને અનિત્ય પદાર્થ તથા અનિત્ય કામથી છોડાવીને સત્ય તથા નિત્ય પદાર્થ અને શ્રેષ્ઠ વ્યવહારમાં સ્થિર કરો. હે જગન્મંગલમય! સર્વ દુઃખોથી મને છોડાવીને સર્વ સુખો મને પ્રાપ્ત કરો. હે પ્રજાપતે! મને સારા પ્રજાપુત્રાદિ, હસ્તિ, અશ્વગજાદિ ઉત્તમ પશુ, સર્વોત્કૃષ્ટ વિદ્યા અને ચક્રવર્તી રાજ્યાદિ પરમૈશ્વર્ય જે સ્થિર સુખકારક છે, તે શીઘ્ર પ્રાપ્ત કરો. હે પરમવૈદ્ય! સર્વથા મને સર્વ રોગોથી છોડાવીને પરમ વૈરાગ્ય આપો. મહારાજાધિરાજ! જેથી હું શુદ્ધ થઇને આપની સેવામાં સ્થિર થાઉં. હે ઈશ્વર! કુકામ, કુલોભાદિ પૂર્વોક્ત દુષ્ટ દોષોને કૃપાથી છોડાવીને શ્રેષ્ઠ કામોમાં યથાવત્ મને સ્થિર કરો. હું અત્યંત દીન થઇને એજ માગું છું કે, હું આપ અને આપની આજ્ઞાથી ભિન્ન પદાર્થમાં કદાપિ પ્રીતિ ન કરું. હે પ્રાણપતે! પ્રાણપ્રિય! પ્રાણપિતા! પ્રાણાધાર! પ્રાણજીવન! સુરાજ્યપ્રદ! મારા પ્રાણવાળા આપજ છો, મારો સહાયક આપના વિના અન્ય કોઈ નથી. હે મહારાજાધિરાજ! જેમ સત્ય, ન્યાય અને રાજ્ય અમારા લોકનું પણ આપના તરફથી સ્થિર થાય. આપના રાજ્યના કિંકર આપના કૃપાકટાક્ષથી અમને શીઘ્ર બનાવો. હે ન્યાયપ્રિય! અમને પણ ન્યાયપ્રિય યથાવત્ કરો. હે ધર્માધીશ! અમને ધર્મમાં સ્થિર રાખો. હે કરુણામય પિતા! જેમ માતાપિતા પોતાનાં સંતાનોનું પાલન કરે છે, તેમ આપ અમારું પાલન કરો! ('આર્યપ્રકાશ'ના એક અંકમાંથી)

૩૩–શુકનમાં લાપસી શા માટે?

હિંદુસંસારમાં સાધારણ રીતે સારા પ્રસંગે હમેશાં શુકનમાં ઘઉંની લાપસી કે એરમું કરવામાં આવે છે. આ શુકનમાં બીજા કોઈ પકવાન્નને બદલે લાપસીને શા માટે પસંદગી આપવામાં આવી હશે, તે વાત સમજવા જેવી છે. અત્યારના જમાનામાં તો લાપસી કે એરમું એ ગામડાનું પકવાન્ન ગણાય છે અને સારા જમણવારમાં તે સ્થાન ભોગવતું નથી, છતાં પણ આપણે વિચારીશું તો જણાશે કે આપણા બાપદાદાઓ મૂર્ખ ન હતા.

જૂના કાળમાં જે જે રીતરિવાજો દાખલ કરવામાં આવ્યા છે, તે તે રિવાજો સારા હોવાથીજ ધર્મને નામે દાખલ થયા છે. ખાવામાં, પીવામાં, આચારમાં જ્યાં જ્યાં જે રિવાજો છે અને તેને ધર્મની બીક લગાડી દેવામાં આવી છે, તેમાં પણ ચતુરાઇજ છે. અત્યારના અર્ધદગ્ધ આપણે પૂરું રહસ્ય સમજ્યા સિવાય બુઢ્ઢાં માબાપો બેવકૂફ હતાં એમ કહી તેનું પાલન કરતા નથી. પરિણામ આપણે જોઇ ચૂકયા છીએ કે, આપણા બાપદાદા કરતાં આપણે ઓછું ખાઈ શકીએ છીએ, ઓછું પાચન કરી શકીએ છીએ, ઓછી શક્તિવાળા થઇ ગયા છીએ અને ઓછું આયુષ્ય ભોગવીએ છીએ.

જે જે વહેમ ગણી કાઢી તુચ્છકારવામાં આવે છે, તે વહેમ નથી; આવા વહેમની હકીકતમાં આગળ ઉપર ઊતરીશું ત્યારે તે સમજાશે. રજસ્વલા સ્ત્રીને ન અડાય, સુવાવડીથી આભડછેટ લાગે, નાહ્યાધોયા સિવાય મંદિરમાં ન જવાય, વગેરે રિવાજો છે તે વહેમ નથી; પરંતુ શારીરિક તંદુરસ્તીને અંગે વિચારીને દાખલ કરેલા રિવાજો છે. તેનું પાલન ન કરનારા અદેખાઈ કરે છે.

હવે અસલ વાત પર આવીએ. ઘઉંની અંદર જે પોષક તત્ત્વ છે, તે તેની અંદરના બીજમાં છે. આ બીજ ખાવાથી માણસની

જીવનશક્તિ વધે છે. જે અનાજ જીવનતત્ત્વ વિટામિન્સ કહેવામાં આવે છે, તે આ બીજમાં છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ તથા ખોરાકીને લગતી શોધખોળ કરનારાઓએ એકમતે જાહેર કર્યું છે કે, જેમ જેમ ઘઉંનો લોટ બારીક કરવામાં આવે છે, તેમ તેમ તેના બીજનો નાશ થાય છે. બીજનો નાશ એટલે તેની અંદર રહેલાં જીવનતત્ત્વ–વિટામિન્સનો પણ નાશ થાય છે. આવો લોટ તે આપણો પરસૂદી–મેંદો છે. આ લોટ શરીરને લાભ કરવાને બદલે નુકસાન કરે છે. એવા પ્રયોગો કરવામાં આવ્યા છે કે, એક માણસને ભૂખ્યો રાખવામાં આવ્યો, જ્યારે બીજા માણસને માત્ર પરસૂદીની રોટલી આપવામાં આવી. પરિણામે પરસૂદીની રોટલી ખાનારનું વજન અપવાસી કરતાં ઘણું ઘટી ગયું. એ સૂચવે છે કે, પરસૂદી શરીરને પોષવાને બદલે શરીરને નાશક છે. લાપસી કે ઓરમાની અંદર ઘઉં જાડા ભરડવામાં આવે છે. આવા જાડા લોટની અંદર તેનું બીજ જળવાઈ રહે છે અને એ બીજ શરીરને પોષણ આપે છે. આડે દિવસે તો તમે આવો પૌષ્ટિક ખોરાક ન ખાઓ, પણ શુકન તરીકે સારે પ્રસંગે આ લાપસી કે ઓરમું ખાઓ; તેટલા માટે બુદ્ધા બાપાએ શુકનમાં લાપસી રાખી છે. તલધારી લાપસી, અંદર ગોળ અને ઘીના ખોરાકને બીજું કોઇ પણ પકવાન્ન પહોંચે તેમ નથી. પછી ભલે તે દૂધપાક, શિખંડ, બાસુંદી, ઘેબર, મેસૂર વગેરે ગમે તે કહો. આ લાપસી અને ઓરમું બિનજોખમી અને પૌષ્ટિક છે. સુધરેલા ભાઇઓ આ બાબતની નોંધ લે તેટલા માટે આટલું ધ્યાન ખેંચ્યું છે. બચ્ચાંનું નામ પાડતી વખતે બારમે દિવસે તો આખા ઘઉંને બાફી તેની ઘૂઘરી કરવાનો રિવાજ છે. આ ઘૂઘરીમાં પણ ગોળ–ઘી નાખીને ખાવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો લાપસી–ઓરમા કરતાં પણ આ ઘૂઘરી ચઢે તેમ છે; પરંતુ હવે ઘૂઘરી તો જંગલીનો ખોરાક ગણાય છે. સુધરેલા માણસોને પાછા જંગલી થયા સિવાય છૂટકો નથી એમ અત્યારના ખોરાકશાસ્ત્રીઓ અને મોટા ડોકટરો યુરોપમાં બૂમ પાડી રહ્યા છે. ખોરાકની અંદર

આપણે ત્યાં ધાલમેલ હજુ પ્રભુકૃપાએ ઓછી છે. યુરોપાદિ દેશોમાં તે ટોચે પહોંચવા આવેલ છે, એટલેજ ત્યાંના ડૉકટરો તે તરફ વધુ લક્ષ આપવા મંડ્યા છે.

વિલાયતમાં ફળાહાર

હિંદુસ્તાનના ખોરાકમાં જો કોઇ ચીજની ખામી હોય તો તે ફળની છે. આપણને જોઇએ તેટલાં ફળ ખાવાનાં મળતાં નથી. ગરીબાઇને અંગે આપણે ફળ ખાઇ શકતા નથી. ઉપરાંત ફળ ખાવાં એ જરૂરિયાત નહિ પણ મોજશોખ છે, એમ આપણામાં ખોટો ખ્યાલ પેસી ગયો છે. આપણે ત્યાં જે ફળો થાય છે, તેનોજ આપણે છૂટથી ઉપયોગ કરીએ તો આપણો ખોરાકક્રમ વાજબી ગણાય. આપણે ત્યાં લાલ પાકાં ટામેટાં, પોપૈયાં, પાકાં ચીભડાં વગેરે થાય છે; પરંતુ આપણે જોઇએ તેટલા પ્રમાણમાં તે ખાતા નથી. વિલાયતના આંકડા બહાર પડ્યા છે, જે જાણવા જેવા છે. યુનાઇટેડ કિંગડમમાં એક માણસે એક વરસમાં સો સફરજન, પંચોતેર નારંગી અને ત્રીસ કેળાં ખાધાં. એક વરસમાં ૪૮,૩૦૦, ૦૦૦ પાઉંડની કિંમતનાં ફળ યુનાઈટેડ કિંગડમમાં આવ્યાં. આપણે ત્યાં તો માણસ આટલાં બધાં ફળ ખાતો નથી. વાજબી રીતે જે ફળની જે વખતે મોસમ હોય, ત્યારે તેણે તે ફળ ખૂબ ખાઇ લેવાં જોઇએ. હિંદુસ્તાનમાં સુભાગ્યે કેરીની મોસમમાં માત્ર કેરીઓ પુષ્કળ ખાવાની મળે છે અને ત્યારેજ ગરીબ તેમજ તવંગર તેનો ઉપયોગ કરી શકે છે. માણસોએ ધ્યાન રાખી ફળ ખાવાં જોઇએ; કારણ કે ફળની અંદર જીવનતત્ત્વ-વિટામિન્સ હોય છે. કેરીની મોસમમાં માણસને નવું લોહી આવી જાય છે, તેનું કારણ આ જીવનતત્ત્વ છે.

('હિંદુસ્તાન'ના એક અંકમાંથી)

૩૪-જુઓ જાપાનનું શિક્ષણ!

(ટોકિયોની કન્યાશાળાઓમાં ત્યાંની બુદ્ધિમતી સંચાલિકાઓએ કન્યાઓ સમક્ષ એક સુંદર પ્રશ્ન રજૂ કરેલો, 'તમને પુરુષત્વ ગમે કે સ્ત્રીત્વ?' ૬૬૦ જવાબ આપનારી બાળાઓમાં ૨૩૬ બાળાઓએ પુરુષ થવા પ્રત્યે પસંદગી બતાવી હતી અને ૨૮૮ બાળાઓએ અમુક સંજોગોમાં સ્ત્રી રહેવાની અને અમુક સંજોગોમાં પુરુષ થવાની રુચિ પ્રદર્શિત કરી હતી. માત્ર ૧૩૬ બાળાઓએ સ્ત્રીત્વ પસંદ કર્યું હતું. પેલી ૨૩૬ બાળાઓમાંની એકનો જવાબ અહીં રજૂ કરીએ છીએ.)

નારીપણું નથી ગમતું, ગુરુમાતા! નારીપણું નથી ગમતું! દેશની માટીમાંથી ઉત્પન્ન થઇ તેના અન્નજળ વડે દેહ પોષી, એજ દેહને પ્રાણથી પણ પ્યારી જન્મભૂમિ કાજે કુરબાન કરી નાખવાનું ન મળે તો જીવનનું સાર્થક શું? રણાંગણમાં માતૃભૂમિના સ્વાતંત્ર્યજ્યોતથી ઝળહળતા વાવટા નીચે બખ્તર અને કવચ સજી પોતાનું ખૂન વહાવવાની તક ન મળે તો એ જન્મવાં શા ખપનાં? પુરુષોને માયાજાળમાં ફસાવનારી, ધર્મપંથથી ભ્રષ્ટ કરનારી, મોહક પૂતળી બનવાનું, વિલાસ અને મોહમસ્તીની પ્રતિભારૂપી ઢીંગલી બની રમાડાયા કરવાનું જે અવતારે કપાળમાં લખ્યું, તે અવતાર એળે નહિ તો બીજું શું? જ્યાં તોપોની ગગનભેદી ગર્જનાઓ જાણે સારા બ્રહ્માંડને હચમચાવી મૂકતી હોય, મ્યાનમાંથી કેસરિયાં કરવા નીકળી પડેલી ખડ્ગ-સુંદરીઓનો ચકચકાટ વીજળીના ચમકારાનેયે ભુલાવી દેતો હોય, માતૃભૂમિને કાજે ઘા ઝીલવાની અને ઘા કરવાની જ્યાં હોડ બકાઇ રહી હોય, એ સ્થાને માથાને હથેળીમાં લઇને ઘૂમવાના લહાવા, એ રણસંગ્રામની રમતોનાં ખેલન જે દેહે ન ભોગવાયાં, તે દેહે સૂર્યનો પ્રકાશ દીઠો તોયે શું-ન દીઠો તોયે શું? પ્યારી નિપોનમૈયાના (જાપાન) દિગ્વિજયનો કીર્તિસ્થંભ જે રુધિરવડે

ચણાઇ રહ્યો હોય, તે રુધિરમાં જે દેહનાં રક્તબિંદુઓ ન ભળે, એ દેહ કરતાં તો ધન્ય એ લોખંડી ચોસલાંઓને, જેની તોપ ને તલવાર બને છે!

માતા! દેશને કાજે કુરબાની કરવાનો હક પુરુષો ભોગવે છે. એ લહાવો લેવા મને પુરુષત્વ જોઇએ છે. નિર્બળતાની પ્રતિમાસરખું આ નારીપણું નથી ગમતું-નથી ગમતું!

('ગાંડીવ'ના એક અંકમાંથી)

૩૫–चोवीस ईश्वरावतारनुं नामस्मरण

(ગંભીર ચોપાઈ)

જય જય આદિ વરાહ, મીન વામન મન્વંતર;
સનકાદિક નરસિંહ દેન, વર ધ્રુવ ધન્વંતર.
કપિલ કમઠ હયગ્રીવ, હંસ હરિ નર નારાયન;
ઋષભદેવ રઘુવીર, કૃષ્ણ પરિબ્રહ્મ પરાયન.
બુદ્ધ નિકલંકી વ્યાસ, પૃથુ પૃથવી કે ઈશ;
પરસુરામ અભિરામ, યજ્ઞદત એ ચૌવીશ.
તિનકે પદ અરવિંદ, વંદ પુનિ વંદન કરહોં;
તિનહિ ચરનકિ રેનુ, સદા મેરે શિર ધરહોં.
પાદકિ રેનુ પ્રસાદ, ખુલેં અનુભવ કે લોચન;
દેખ્યા ચૈનન બ્રહ્મ, ભયા જિન તેં ભવ મોચન.
અબ ન પરોં ભવકૂપ, રૂપ નિજ અપના પાયા;
દેવા ગુરુ દયાલ દયા કરી મોહિ બતાયા.

૩૬–ગરીબોના ઉદ્ધારક બનો !

સ્ત્રીઓ, બાળકો અને મજૂરવર્ગની કેળવણી પ્રત્યે બેદરકારી રાખવી એ તો જે શાખા પર આપણો આધાર હોય, તેજ શાખાને કાપી નાખવા સમાન છે; એટલુંજ નહિ પણ ખુદ પ્રજારૂપી વૃક્ષના મૂળમાંજ ઘા કરવા બરાબર છે.

હિંદુસ્તાનમાં અનેક હિલચાલો વિજયી ન નીવડવાનું કારણ એજ છે કે, કાર્ય કરનાર લોકોએ પોતાની સર્વ શક્તિ મૂળ તરફ ન વાપરતાં માત્ર ફૂળ અને પાંદડાંઓ જેવા–મોટા કહેવાતા લોકોને પાણી છાંટવામાં ગુમાવી દીધી છે. ખરી રીતે તો રાષ્ટ્રવૃક્ષના આધારરૂપ બિચારા શૂદ્રોનેજ પ્રકાશ અને ચૈતન્યની જરૂર છે.

આજ આપણા આ કમનસીબ દેશમાં એમની કિંમત મીંડા જેટલી ગણવામાં આવે છે અને આવાં ગરીબગુરબાંઓની સેવા કરવા તમે બહાર પડશો, તેમના ભલા કાજે ચિંતા કરશો એટલે લોકો તમને ઠપકો પણ દેશે, કેટલાક મશ્કરી કરવા લાગશે; પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે, આ મીંડાને એકડાની જમણી બાજુએ મૂકવાથી એકડાની કિંમતને દશગણી વધારવાની તેનામાં શક્તિ છે.

કમનસીબે હાલના ઉપદેશકોની વૃત્તિ એવી છે કે, સરકારી અમલદાર વગેરે મોટા લોકો પોતાના વ્યાખ્યાનમાં આવે એટલે તેઓ પોતાને કૃતકૃત્ય માને છે. એ ખરું છે કે, સરકારી નોકરો બીજા માણસો કરતાં વધુ હોશિયાર હોય છે અને તેથી તેઓ થોડાઘણા ઉપયોગી પણ છે; પરંતુ તેમનો જુસ્સો હમેશના ઘસડબોરાથી મંદ પડી ગયેલો હોય છે. એ લોકોને તેમના માનમરતબારૂપી કેદખાનાના શ્રેષ્ઠ આસન ઉપરજ બેસી રહેવા દો; કારણ દેશનો ખરો ઉદ્ધાર તો દેશરૂપી ઝાડનાં ગરીબ મૂળોથી થવાનો છે. એ બરાબર ધ્યાનમાં રાખજો કે, ગરીબ લોકો, સ્ત્રીઓ અને બાળકોના હાથથીજ સત્યની

સવારી આગળ વધશે.

લોકોની હાલની ધર્મબુદ્ધિ અને દાન કરવાની વૃત્તિ પણ બહુ બગડી ગયેલી છે. ભૂખમરાથી ટળવળતા ગરીબ લોકોની આપણે જરાયે ચિંતા કરતા નથી. માત્ર ભરેલાં પેટવાળાઓ, નિરુદ્યોગી અને આળસુઓનેજ ભોજનનું દાન કરવાથી સ્વર્ગે પહોંચી જવાય છે એમ માનીએ છીએ અને આ દાન સંબંધે પણ લોકોના વિચાર એવા થઇ ગયા છે કે, સમાજના એક ભાગને છેક નિચોવી નાખી, તેને તદ્દન કંગાળ બનાવી દઇને મેળવેલા પૈસામાંથી નહિસરખો ભાગ દાન તરીકે પાછો આપવો. પોતેજ નિચોવી લીધેલા ગરીબો તરફ તેમની ઘણી દુઃખી હાલતમાં કીર્તિ કે હોદ્દાને ખાતર એકાદ તુચ્છ કકડો ફેંકી દેવો એજ જાણે કે મોટું ધર્મ–દાન ન ગણાતું હોય, એમજ એ બિચારાઓ સમજે છે; પરંતુ ખરી ઉદારતા શું છે તે તમે જાણો છો ? દીન–ગરીબ અને પતિત–નીચે પડેલા લોકો તરફ સાચી લાગણીથી જે જુએ છે, તેજ ખરો ઉદાર મહાત્મા છે !

હિંદુસ્તાનના રાજારજવાડાઓ ! ધનાઢ્યો ! ધર્મગુરુઓ અને રાજકર્તાઓ ! થોડાંજ વર્ષોમાં શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ છે ?

આજ અસંખ્ય જાતિભેદ અને ચોકાધર્મથી શું પરિણામ આવ્યું છે તે જાણો છો ? એ સાચું છે કે, યુરોપ–અમેરિકાની જેમ અસંખ્ય હડતાળો નથી પડતી; પરંતુ આખો દેશ દુર્બળ અને મૂંગા મેંઢાથી પણ વધારે બીકણ બની ગયો છે. હાલના જરીપુરાણા થઇ ગયેલા ન્યાત–જાતરૂપી વસ્ત્રની નીચે શું છે ?–ગરીબ અને ભૂખે મરતા સાક્ષાત નારાયણસ્વરૂપ હિંદી ખેડૂતો !

કટોકટીના સમયમાં આપણે જન્મેલા હોવાથી દેશસેવા કરવાના પ્રસંગ જોઇએ તેટલા છે. આજ તમને દેશધર્મ આજ્ઞા કરે છે કે, રાષ્ટ્રીય બંધુભાવ આગળ તીવ્ર જાતિભેદને ગૌણ માનો ! પોતાનાં નાનામોટાં સઘળાં બાળકો પર એકસરખો પ્રેમ રાખનારી માતાના જેવું આપણા અંતઃકરણને બનાવવું, એજ જીવનની સફળતાનો સાર છે.

અને એ જીવન સફળ કરવા કાજે તમે જિંદગીને તિલાંજલિ આપવા તૈયાર છો? એટલી શક્તિ અને હિંમત તમારામાં હોય, તો ઊઠો, ગરીબોના ઉદ્ધારક બનો! *

૩૭–રાષ્ટ્રધર્મનો સાચો પયગંબર કેવો હોય?

જાણીતા વિચારક સાધુ વસવાણીએ છત્રપતિ શિવાજી મહારાજ વિષે નીચેનો લેખ લખ્યો છે. શિવાજી મહારાજની જયંતિ તાજેતરમાં રાયગઢના કિલ્લામાં ખૂબ ધામધૂમથી ઊજવાઇ હતી, તે મહત્ પ્રસંગે આ લેખ લખાયો હતો.

છત્રપતિ શિવાજી એ કંઇ મહારાષ્ટ્રની મિલકત નથી. શિવાજી એ હિંદનું અમૂલ્ય રત્ન છે અને એક દિવસ એવો પણ આવશે કે શિવાજી જગતજોધ તરીકે લેખાશે.

ખોટા ઇતિહાસ—શિવાજીનો વિચાર કરતાંજ મને ક્રોમ્વેલ, ગેરિબાલ્ડી કે અબ્રાહમ લિંકન જેવી સમર્થ વ્યક્તિઓનો વિચાર આવે છે. આપણા ઇતિહાસે આપણા મહાપુરુષોનાં જીવનચરિત્રોમાં છબરડો વાળી મૂક્યો છે. મહાન દેશભક્ત અને શૂરવાર શિવાજીને "ડુંગરના ઊંદર" અથવા "લૂંટારા" કહે છે. વિન્સન્ટ સ્મિથે પણ એ મહાન વ્યક્તિને એક લૂંટારાની ટોળીનો સરદાર કહ્યો છે, પણ મરાઠાઓ લૂંટારા ન હતા પણ દેશભક્તો હતા અને શિવાજી એવા પ્રખર દેશભક્તો અને દેશને માટે મરી ફીટનારા લોકોનો સમર્થ નાયક હતો.

હિંદનું દરદ—જ્યારે શિવાજી મહારાજ હિંદમાં પ્રકટ્યા,

* 'સ્વામી રામતીર્થના સદુપદેશ'માંથી 'દલિત કોમ'માં લેવાયલું, તે ઉપરથી.

ત્યારે હિંદની સ્થિતિ દયાજનક હતી. ઇસ્લામના મહાન આદર્શો ભુલાયા હતા. પહેલાંના ખલીફાઓ પવિત્ર સત્યવક્તા અને પયગંબર સાહેબનાં ફરમાનોને અનુસરનારા હતા. એટલે કે તેમનામાં સહિષ્ણુતા હતી, પરંતુ હિંદમાં મોગલોની પડતીના જમાનામાં એ ઇસ્લામના ઉચ્ચ આદર્શો ભુલાયા. લોકો કરના બોજાથી અને રાજકર્તાઓના જુલમોથી ત્રાસી રહ્યા હતા. પયગંબર સાહેબના નામે હિંદનાં કેટલાંક સુંદર શિલ્પ અને સ્થાપત્યના નમૂના જેવાં સ્થાનો એ અરસામાં નષ્ટ કરવામાં આવ્યાં. આ પ્રસંગે શિવાજી અને તેના બહાદુર મરાઠા સાગરીતોએ ઝંડો ઉઠાવ્યો અને તેમણે દક્ષિણમાં સ્વરાજની સ્થાપના કરી.

હિંદુ સંસ્કૃતિનો પૂજારી—શિવાજીને હિંદુ ધર્મરક્ષક કહેવામાં આવે છે અને તે તદ્દન સાચું છે. એ કાળમાં શિવાજી મહારાજ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેવાતા, પણ સાથે એ વાત યાદ રાખવાની છે કે, શિવાજીએ એક પણ મસ્જિદનો નાશ કર્યો ન હતો અને એ માટે તેણે કડક ફરમાનો કાઢેલાં હતાં. હિંદુધર્મનું સાચું રહસ્ય એના દિલમાં ઊતરેલું હતું. હિંદુસંસ્કૃતિનો એ અનન્ય પૂજારી હતો અને બધાં એકજ પ્રભુ–પિતાનાં સંતાનો છે, એમ એ માનતો.

એની બહાદુરીનાં કારણો—બે ખાસ કારણોથી શિવાજી અદ્વિતીય છે. એ બે કારણો માતૃભક્તિ અને ગુરુભક્તિ. એમના ગુરુ અને માતાએજ એમના જીવનને આવું ઉત્તમ બનાવ્યું. એમણે શાળામાં કેળવણી નહોતી લીધી, પરંતુ એમની માતા રામાયણ અને મહાભારતમાંથી વાતો કહેતાં અને હિંદના મહાન પુરુષોનાં જીવનચરિત્રો સંભળાવતાં. આ શિક્ષણમાંથી શિવાજી આત્મસંમાન, સાદાઈ, હિંમત અને સ્ત્રીસંમાનના પાઠ શીખ્યા હતા.

જ્યારે કલ્યાણનો કિલ્લો શિવાજીએ જીત્યો, ત્યારે તેના એક સેનાપતિએ શિવાજીને ખુશ કરવા ખાતર એ ગઢના કેદ થયેલા મુસ્લિમ સૂબાની સુંદર પુત્રીની શિવાજીને ભેટ ધરી; શિવાજીએ દરબાર ભર્યો. એ સુંદર યુવતીને ત્યાં બોલાવવામાં આવી. દરબારીઓ એ સૌંદર્ય

જોઇ આભા થઈ ગયા. તે પછી શિવાજીએ એ યુવતીને ઉદ્દેશીને કહ્યું: "એ મારી બહેન છે. રાવણ બળવાન હતો, પણ સીતાની લાલસામાં તેનો નાશ થયો. શાસ્ત્રી પુકારે છે કે, સ્ત્રીઓનું સન્માન કરવું જોઇએ." આમ કહીને શિવાજીએ એ મુસ્લિમ યુવતીને મુક્ત કરી તેને ભેટ-સોગાદો આપી તેના માબાપ પાસે સહીસલામત મોકલી હતી.

શક્તિધર્મનો પયગંબર—એના જીવનમાં બીજું પ્રેરક બળ તે ગુરુભક્તિ. ગુરુ રામદાસ જેવા સમર્થ યોગી એના ગુરુ હતા. એમના પ્રત્યે એની અવિચળ ભક્તિ હતી. આ ગુરુ રામદાસનું અસલ નામ નારાયણ હતું. નાનપણમાં એ હિંદની મુસાફરીએ નીકળી પડ્યા અને હિંદની પ્રજાની દુ:ખી અને દીન સ્થિતિ જોઇ એમનું હૃદય ધવાયું. એટલે એમણે સાધુજીવન ગાળવાનો અને આખા દેશમાં વિચરવાનો નિશ્ચય કર્યો. લગ્નની ચોરીમાંથી એ માબાપના પંજામાંથી ભાગ્યા. પછી તો ઘરના મટી પ્રજાના બન્યા. નારાયણ મટી રામદાસ થયા. રામદાસ એટલે ભગવાન રામના સેવક અને શ્રીરામ એટલે શક્તિનો અવતાર અને તેજ પ્રમાણે સ્વામી રામદાસે પણ શક્તિધર્મ–મહારાષ્ટ્રધર્મનો ઉપદેશ કરવા માંડ્યો. મહારાષ્ટ્રની નિંદમાં પડેલી પ્રજા એ સાધુના અહાલેકથી જાગી!

હિંદુધર્મના રક્ષણ માટે રામદાસે પડકાર કર્યો. ૧૬૫૯ માં સ્વામીજી અને શ્રીશિવાજીનો ભેટો થયો. શિવાજીએ એમને ગુરુ કર્યા. એક દિવસ રામદાસસ્વામી ઘેરઘેર ભીખ માગી રહ્યા હતા. શિવાજી પાસેના ઘરમાં હતા. તેમણે ગુરુનો સાદ સાંભળ્યો. શિવાજી આવ્યા, ગુરુને વિનતિ કરી પોતાને ઘેર તેડી ગયા. શિવાજીએ એમના ભિક્ષા-પાત્રમાં એક સીલ કરેલો દસ્તાવેજ મૂક્યો. સ્વામીએ કહ્યું: "આ તો અજબ આતિથ્ય! મને લાગી છે ભૂખ ત્યારે તું રોટલાને બદલે મને કાગળનો ટુકડો આપે છે!" તે પછી શિવાજી એ કાગળ વાંચી બતાવે છે. તેમાં શિવાજીએ પોતાનું આખું રાજ્ય સ્વામીને ચરણે ધરી દીધું હતું. સ્વામીએ જરા હસીને પૂછ્યું: "તમે મને બધું આપી

દીધું, ત્યારે તમારે શું કરવાનું રહેશે ?" શિવાજીએ જવાબ આપ્યોઃ "હું આપનો દાસ થઈ રહીશ." તે પછી સ્વામીની આજ્ઞા મુજબ સાધુવેશ ધારણ કરી શિવાજી ભિક્ષા માગવા નીકળે છે. આ નિષ્ઠા જોઇ સ્વામી પ્રસન્ન થાય છે અને તેને પોતાના રાજ્યમાં જઈ રાજ્ય ચલાવવા આજ્ઞા કરે છે. શિવાજી વાંધો ઉઠાવે છે, પણ સમર્થના સેવક તરીકે-ધર્મના સેવક તરીકે તે રાજકારભાર હાથમાં લે છે. શિવાજીની ગુરુભક્તિનું આ અનુપમ અને જ્વલંત દૃષ્ટાંત છે.

એ પછી તો શિવાજીએ પ્રજાને મુક્ત કરી, શિવાજીએ હિંદુધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું, દુઃખી અને દીનનો એ બેલી બન્યો, વિધવા અને અનાથોનો એ તારણહાર થયો અને એણે હિંદ સમક્ષ એકજ આદર્શ-એકજ સંદેશ મૂકયો અને તે "ધર્મની સેવા."

('મુંબઇ સમાચાર'ના એક અંકમાંથી)

ઊંચામાં ઊંચી ટોચે-ઊંચામાં ઊંચા શિખરે તમારે પહોંચવું હોય તો તમારા ઉદ્યોગની નીચામાં નીચી જગાએથી કામ શરૂ કરો. તમારા ધંધા સાથે જેનો સંબંધ હોય, એવી કોઇ પણ બાબતને નજીવી કે નિરુપયોગી નહિ સમજતાં તેને લગતી એકેએક વિગતનું પૂરેપૂરું જ્ઞાન મેળવો.

× × × ×

એક માર્ગ અથવા ધંધો પસંદ કરો. તેની સઘળી વિગતોનો અભ્યાસ કરો, તેનેજ માટે કામ કરો.

× × × ×

તમારે શું કરવું તે વિષે જગત કાંઇ કહેતું નથી; પણ તમે જે કંઈ કરવાનું માથે લો તેમાં સર્વોપરી શ્રેષ્ઠ બનો, એમ તેનું કહેવું છે. ("આગળ ધસો"માંથી)

३८–खादीनो प्रचार

(લેખકઃ–શ્રી. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય, બી. એ.)

(૧) પ્રથમ પ્રશ્ન તો એ ઉપસ્થિત થાય છે કે, ખાદી શા માટે વાપરવી ને તે વાપરવાથી શા લાભ થાય છે.

(૨) સાંપ્રત સમયનો મનુષ્ય, પાંચ કે દશ શતકના મનુષ્ય કરતાં સર્વ દિશામાં ઘણોજ આગળ વધ્યો છે. મિ. હ્યુજિસ નામના એક સુપ્રસિદ્ધ ઇંગ્લિશ સંશોધકે એવી અદ્‌ભુત શોધ કરી છે કે, 'સુધારા'–નો આરંભ ડેલ્યુજ પછીથી થયો તે વાત સાચી નથી. તે સંગીન પુરાવાની સહાયથી એમ સિદ્ધ કરે છે કે, આ સુધારો લગભગ ત્રીસ હજાર વર્ષ પહેલાં અમેરિકામાં આવેલા કાર્બિયન સમુદ્રની આસપાસના પ્રદેશમાં પૂરજોસમાં ચાલતો હતો. તે વખતનાં મનુષ્યપ્રાણીમાં મિ. હ્યુજિસ કહે છે કે, સુખ કે દુઃખ જાણવાની લાગણીનો અભાવ હતો. આ વાત એમ સાબિત કરે છે કે, જેમ જેમ સમય જતો જાય છે, તેમ તેમ માણુસના શરીરબંધારણુ અને મન–અંતઃકરણુ–રચનામાં સદાકાળ ફેરફાર થતો જાય છે. એક હજાર વરસ પહેલાં જે મનુષ્ય હતો તેના કરતાં આ જમાનાનું–આ ક્ષણુનું મનુષ્યપ્રાણી તદ્દન નિરાળુંજ છે એમ કહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. આજનો માણુસ બુદ્ધિવિશાળતા અને સંગીનતામાં ઘણો આગળ વધ્યો છે. આ વાત સ્વતઃસિદ્ધ છે કે, આખી સૃષ્ટિનાં ઇતર જંતુઓ અને પ્રાણીવર્ગમાં માત્ર મનુષ્ય પોતાના બુદ્ધિવિકાસથી કુદરત ઉપર પોતાની સ્વતંત્ર સત્તા જમાવે છે. આવા પ્રકારની સત્તા મનુષ્યે કુદરત ઉપર ક્યારનીયે જમાવી છે. આકાશ, વાયુ, જળ, તેજ અને પૃથ્વી આદિ પંચમહાભૂત તત્ત્વો ઉપર મનુષ્યે અસ્ખલિત અને સંપૂર્ણ કાબૂ મેળવ્યો છે. અફસોસની વાત એ છે કે, આ બધી સત્તા મેળવ્યા છતાં, આજના મનુષ્યમાં એવો શોચનીય ફેરફાર જોવામાં આવે કે, તે પોતે પોતાનો

વધારે ને વધારે ગુલામ બનતો જાય છે. ટૂંકામાં કહીએ તો સાંપ્રત સમયના સમાજની સર્વ પ્રકારની પરિસ્થિતિનું સૂક્ષ્મદષ્ટિથી અવલોકન કરનારને એમ જણાય છે કે, મનુષ્ય–જીવનવિકાસનાં મૂળમાંજ સળો પેઠો છે. આર્યાવર્તના મનુષ્યપ્રાણીનો મૂળ સ્વભાવ–ગુણ એ નિવૃત્તિ–પરાયણતા. આ નિવૃત્તિ–પરાયણતાએ અત્યારે પોતાની જગા ખાલી કરી છે અને તેની જગા આધુનિક યુગમાં પ્રવૃત્તિએ લીધી છે. પ્રવૃત્તિની ધમાલમાંથી પ્રગતિને બદલે વ્યાધિ પ્રાપ્ત થાય છે. અત્યારે મનુષ્ય એક વાત કે કામ પૂરું ન કરે ત્યાં હજાર રીતે એના જીવનમાં ફેરફાર થઇ જાય છે. આપણા દેશના યુવકો અને વૃદ્ધોમાં મનનો વેગ અતિશય વધ્યો છે. આનાં પરિણામ શુભ કે અશુભ, એ વાતનો નિર્ણય તો પરિણામ ઉપર આધાર રાખે. યુરોપના એક વખત સત્તા અને સમૃદ્ધિના શિરોબિંદુએ પહોંચેલા સઘળા દેશોની સ્થિતિ તો અત્યારે શોકજનક અને ભયંકર બની છે, પણ જ્યારે અમુક દેશ કે તેની પ્રજા અમુક શુભ દેખાતા માર્ગ ઉપર જોસભેર ધસતી હોય, ત્યારે જો તેના આ વેગને રોકવાનો પ્રયાસ કરવામાં આવે, તો પૂરજોસમાં દોડતી મોટરના જે હાલ થાય તેવા તે પ્રજાના પણ હાલ થાય.

આજે સંસ્કૃતિના ચિહ્ન તરીકે યંત્રોની ધમાલ આગળ ધરવામાં આવે છે. આજથી સો વરસ પહેલાં યુરોપમાં પણ એમજ હતું; પણ તે ખંડમાં તો એવો કડવો અનુભવ થવા લાગ્યો છે કે, આ દુનિયાને જેટલા કાચા–પાકા માલની જરૂર છે, તેના કરતાં પ્રમાણમાં ઘણો વધારે માલ તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રતિદિન તે માલમાં વધારો થતો જાય છે. મુંબઇ શહેરનું તાજું દૃષ્ટાંત લઇએ. આ શહેરની મિલોએ પેદા કરેલો કરોડો રૂપિયાનો માલ સિલિકમાં પડ્યો છે અને મિલોની સ્થિતિ એવી ગંભીર બની ગઇ છે કે, એકસાઇઝ જકાત કાઢી નાખવામાં આવી છે; છતાં મિલોની સ્થિતિમાં લેશમાત્ર પણ લાભપ્રદ ફેરફાર જોવામાં આવતો નથી. આવી સ્થિતિ દસ વર્ષ ચાલે તો મુંબઇ શહેર તારાજ થઇ જાય. આખા દેશની વ્યાપાર–

સમૃદ્ધિનો મુખ્ય આધાર માત્ર એકલા મુંબઇ શહેર ઉપર રહ્યો; એટલે થોડા સમયમાં આખા દેશની પણ દયાજનક હાલત થાય. ત્યારે કરવું શું? આ પ્રશ્નનો ઉત્તર વિકટ છે, પણ અમે તે ઉત્તર આપવાની હિંમત કરીએ છીએ.

જેને જોડો ખૂંચે તેને તેની વેદનાની ખરી ખબર પડે. જેમને મિલના હથોડાના માર વાગ્યા છે તે તો હવે કબૂલ કરે છે કે, સાયંકાળથી બહુ ઝાઝો લાભ નથી. આ મિલો કરતાં તો સો વરસ ઉપરના આપણા રેંટિયા હજાર દરજ્જે સારા હતા. આ ધમધમ કરતી મિલોના કરતાં સુરત શહેરનાં હાથવણાટનાં કારખાનાં સોગણાં સારાં હતાં. તે શહેરનો કિનખાબ અને ઉમદા ઝરીવાળું રેશમી કાપડ આખા યુરોપમાં જતું હતું અને તે વખતની આખી દુનિયામાં વખણાતું પણ હતું. આ બધાનો નાશ થયો. દુર્દૈવે તેનો સદંતર નાશ કર્યો અને તેનું સ્થાન મિલસંચાએ લીધું. આપણા દેશના પુનરુદ્ધારના બે રસ્તા છે અને તે બન્ને રસ્તા ઉત્તમ છે. તે રસ્તા નીચે પ્રમાણે છેઃ—

(૧) આપણે પશ્ચિમના સુધરેલા દેશોની અહિતકર સંસ્કૃતિને દેશવટો આપવો જોઇએ અને આપણા ઋષિ–મુનિ પ્રણીત સાદા જીવનનો પ્રારંભ કરવો જોઇએ. શ્રીયુત્ વિઠ્ઠલભાઇ પટેલની માફક પોતે હિંદી રાજકીય કાઉન્સિલના અધ્યક્ષ થાય તોપણ ખાદીનું ધોતિયું, ખાદીનો ઝભ્ભો અને ખાદીની પિછોડી પહેરી ખુદ નામદાર વાઇસરોય પાસે જવું. શ્રીયુત્ વિઠ્ઠલભાઇના દાદા હતા. તે ઢેડની વણેલી ખાદી પહેરતા હતા. ખાદીનું એક અંગરખું દેશી ગામડિયા દરજી પાસે સિવડાવે અને તે સાચવીને રાખી મૂકે. જ્યારે રાજદરબારમાં જવું હોય અથવા વિવાહવાજનમાં ઘૂમવું હોય, ત્યારે બાપા થોડો સમય તે કેડિયું પહેરે અને આ કામ પૂરું થયું કે તરત તે સાચવીને પેટીમાં મૂકી દે. આ રીતે માત્ર બે જાડાં ખાદીનાં ધોતિયાં અને એક જૂની પાઘડી વડે આપણા વૃદ્ધો આખી જિંદગી કાઢતા. આપણા દેશના ૯૦ ટકા લોકો એમ કહે છે કે, વીસ વરસ પહેલાં અમારી જે

સ્થિતિ હતી તે, હાલની ભપકાદાર દેખાતી સ્થિતિના પ્રમાણમાં સોગણી સારી હતી એમ અમને અત્યારે લાગે છે.

(૨) બીજો રસ્તો એ કે, આપણે ખાદીનો બહોળો ઉપયોગ કરતાં અને કરાવતાં શીખવું જોઇએ. ખાદીના સંબંધમાં આ હતભાગી દેશના દરેક માણસની બે પ્રકારની ફરજ છે. પહેલી તો એ કે, પોતે ખાદીના પોશાકનોજ ઉપયોગ કરવો. બીજી ફરજ એ કે, ખાદીપ્રચારકાર્ય યથાશક્તિ યથામતિ કરવું. જો આ દેશનો મોટો ભાગ આ બે કામ માથે લે, તો આખા દેશને લાભ થાય. મુદ્દલ ગેરલાભ તો નજ થાય.

ઉપર કહેવામાં આવ્યું તેમ આજે જીવનનો હેતુ ફર્યો છે. જીવનની હાલની વ્યાખ્યા એ કે, જીવન એટલે પ્રવૃત્તિ–પ્રગતિ; પરંતુ એ પ્રગતિ આધ્યાત્મિક નહિ. મનુષ્યના અભિવૃદ્ધ થતા વિલાસી સ્વભાવને જે સૌથી સારી રીતે પોષી શકે તેનું નામ આધુનિક પ્રગતિ. મુંબઇની ઘણી મિલોના એજન્ટો દિવસના ચોવીસ કલાક આત્મ–સ્વાર્થપરાયણતા અને આત્મ–હિત તરફજ પોતાની દૃષ્ટિ રાખે છે. તેઓ મિલમજૂરોનાં કલ્યાણ તરફ એક ક્ષણભર પણ જોતા નથી. ખુદ ગ્રેટબ્રિટનમાં પણ આના જેવીજ સ્થિતિ ઉપસ્થિત થઇ છે. પ્રગતિની ભાવના સંકુચિત બની છે અને તેથી મનુષ્યના જીવનમાં વ્યાવહારિક અને આધ્યાત્મિક દોષ પેઠા છે.

વરસો પહેલાં તો મનુષ્યો પોતાની જરૂરિયાત સમજીને સાદા ખેતરમાંથી હમેશાં સંતોષભર્યું જીવન ચલાવતા. એ મનોદશા અત્યારે આ દેશના કોઇ સ્થળમાં પ્રદર્શિત થતી નથી. જે મહાન ધમાલ મુંબઇ શહેરમાં ચોવીસ કલાક ચાલતી દેખાય છે, તેવીજ ધમાલ–શારીરિક અને માનસિક બન્ને, ગામડાંઓમાં પણ જાણ્યેઅજાણ્યે ઘૂસી ગઇ છે. આ બધો સમયનો પ્રભાવ છે એમ કહીએ તો ચાલે. સારાંશ એ કે, મનુષ્યનો વિકાસ જેમ આગળ આગળ વધે છે, તેમ એ વિકાસથી મનુષ્યવ્યક્તિ દૂર ને દૂર થતી જાય છે.

એક મનુષ્ય જથાબંધ જમીનનો કે મિલનો માલિક બને અને બીજો પ્રતાપની માફક સ્વબાળ-વૃંદના રોટલાના ટુકડા વિના પોતાનાં આંસુડાં પાડે એવી દયાજનક સામાજિક સ્થિતિ ક્યાં સુધી ટકવાની ? આનું પરિણામ તો નજીકના ભવિષ્યમાં એ આવવાનું કે, આધુનિક સમાજના ભિન્ન ભિન્ન સ્થિતિના વ્યક્તિસમૂહો વચ્ચે અત્યારે સોનાની સાંકળની જે ગ્રંથિઓ જોડાયેલી છે, તે વહેલી કે મોડી તડ દઈને તૂટવાની અને સમાજના હાલના સ્વરૂપમાં મહાન પરિવર્તન થવાનું. સામાન્ય જનસમાજ અને મજૂરવર્ગનું ઐક્ય એ શ્રીમંતવર્ગના નાશનું મુખ્ય કારણ બનવાનું. જો શ્રીમંતવર્ગ વખતસર ન ચેતે તો હાલના સમાજની "શેઠિયા ચાકર અને ચાકર શેઠ" એવી વિપરીત દશાના ગણેશ અવશ્ય બેસવાના. રશિયાએ આ વાત સિદ્ધ કરી. ગ્રેટબ્રિટનની રંગભૂમિ ઉપર આવા પ્રકારનો વેશ ભજવવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. હાલના બ્રિટિશ પ્રધાનમંડળે, મજૂરો માથું ન ઊંચકે તે માટે નાણાંની મોટી લાલચ મજૂરવર્ગ આગળ ધરી; પણ શાશ્વત ગોઠવણ વિના ભૂખે મરતા મજૂરો કદી પણ સંતુષ્ટ થાય તેમ નથી. ફ્રાન્સના રાજકીય પરિવર્તને આખા યુરોપની સમાજો ઉપર પોતાની છાયા પાથરી હતી. તે પ્રમાણે ગ્રેટબ્રિટનના મજૂરવર્ગોની પેઠે દાવાનળના છાંટા આ દેશની સમાજ ઉપર કાં ન પડે ? આ ભાવી આફતમાંથી બચવાનો ઉપાય માત્ર એકજ છે અને તે એ કે, આખા દેશના ઘરેઘરમાં ખાદીપ્રચાર-ખાદીઉપયોગ થાય અને લોકો સાદું જીવન ગાળતાં શીખે એવો પ્રબંધ સત્વર થવો જોઈએ. નર્મદા કે જમનાના ચોમાસાના અપ્રતિબંધ પ્રવાહને રોકવાની મનુષ્યમાં શક્તિ છે, તો પછી પોતાના મન-વિચાર-ઓઘને મનુષ્ય પોતાની અગાધ અને તીવ્ર બુદ્ધિ વડે અવશ્ય રોકી શકે. આ કાર્યમાં માત્ર ભગીરથ પ્રયાસ અને અત્યુગ્ર ઉત્સુકતાનીજ ખાસ જરૂર છે. સમાજ જે કાંઇ સાંખી શકે તે એટલુંજ કે દરેક મનુષ્ય, પોતાની જરૂરિયાતના પ્રમાણમાં, જમીનના

કકડા કે મિલ-ઉદ્યોગ-નીતિ લાભનો ભાગી થઈ શકે; કારણ કે સ્વ-રક્ષણ (આમાં સ્વકુટુંબરક્ષણનો સમાવેશ થાય છે.) કરવું તે પ્રત્યેક મનુષ્યનો સ્વાભાવિક હક છે. તે હક ઉપર ઇતર મનુષ્યસમૂહ કે રાજકીય સંસ્થા વાજબી રીતે ત્રાપ મારી શકે નહિ. " **आत्मरक्षणा ही कर्तव्या येन केन प्रकारेण** " એ આર્ય-ધર્મ-સૂત્ર સર્વાંશે સત્ય છે. આ મર્યાદા ઓળંગાઇ કે ભોગ મળ્યા સમજવા. એ જમીનના નાનકડા કકડા ઉપર ભલે તે મનુષ્યવ્યક્તિ યથોચિત પ્રગતિ કરે, તેમાં ઇતરજન આડે આવે નહિ. ભલે તે મનુષ્ય સ્વ-ક્ષેત્રમાં, પોતાનાં બચ્ચાં સાથે વરસતા વરસાદમાં પ્રમાણિક મજૂરી કરી અથવા મજૂરી કરાવી, ઇશ્વરદત્ત શુદ્ધ અને સાદો ખોરાક સહ-કુટુંબ આરોગે. આવાં અનેક આર્યગૃહો બંધાય ત્યારે દેશમાં સતયુગનું પુનરાવર્તન થાય. (' મુંબઇ સમાચાર 'ના એક અંકમાંથી)

૩૯–नवी मा होय तो नवो बाप पण थाय ने?

[બાપદીકરો ઓટલાપર બેસી વાતો કરતા હતા. બાપે છોકરાને કહ્યું કે, " આ તારી નવી માને તારે બા કહેવી. "]

છોકરો:—બાપા ! તમે મારે માટે નવી મા કેમ લઇ આવ્યા ?

બાપ:—તારી જૂની મા મરી ગઇ એટલે તને ગમે નહિ તેમાં.

છોકરો:—ત્યારે બાપા, તમે મરી જશો, ત્યારે મારી આ નવી મા મારે માટે કોઇ નવો બાપ લઈ આવશે કે ?

બાપ:—મેર ગધેડા, એમ તારાથી બોલાય કે ?

છોકરો:—કેમ બાપા ! એમાં ખોટું શું ?

બાપ:—તારી માથી બીજી વાર પરણાયજ નહિ.

છોકરો:—ત્યારે બાપા ! તમને પરમેશ્વરે પરવાનગી આપેલી, કે તમારાથી મારે માટે જોઇએ તેટલી મા અણાય ?

(' હિંદુસ્તાન 'ના એક અંકમાંથી)

૪૦–श्रीरामतीर्थ–यशोगान

(લેખક–' વિયોગી હરિ ')

(છપ્પય)

જયતિ દેશ ઉદ્ધરન, મોહ–તમ હરન–કલાધર;
સૌમ્ય મૂર્તિ, નિર્ભ્રાંત, શાંત, સમ, દાંત, દયાકર.
ઓજસ્વી, મતિમાન, ધ્યાન–રત, બ્રહ્મ–પરાયન;
બ્રહ્મચર્ય–બ્રત–બીર, ધીર–બર, ગ્યાન–રસાયન.
અતિ ઉદ્‌ભટ નિગમાગમ–સુભટ, શુભ્ર તપોધન, જય–જયતિ;
જય બ્રહ્મ–બિમલ–પંકજ–રસિક, રામતીર્થ–મધુકર જયતિ. ૧

જયતિ એક જાતિય ભાવ–ભાવક, બુધ–નાયક;
રાષ્ટ્ર—બાદ—આચાર્ય, રાષ્ટ્ર—ગૌરવ—ઉન્નાયક.
દેશ–ભક્તિ–રસ–મધુપ, દેશ–કલ–કીર્તિ–કલાપી;
સ્વર્ગાધિપ સ્વાતંત્ર્ય–મંત્ર–સ્વર મધુર અલાપી.
ભુવિ–ભારત–જનની–પ્રિય–સુવન, જીવન–ધન, સહૃદય, સદય;
જય બંધન મત્ત–ગયંદ–હિત, રામતીર્થ–મૃગપતિ અભય. ૨

જયતિ કૃષ્ણ–પદ–પદ્મ–સરસ–મકરંદ–મધુબ્રત;
શ્રીબૃંદાબન–રસિક, ભાવના–ભરિત, રાસ–રત.
જય હિમાદ્રિ–શિત–શિખર–રમણ, કૈલાસ–ઉપાસી;
'સોઽહમસ્મિ'ઇતિ-બૃત્તિ-બિમલ–ગિરિ-ગુહાનિવાસી.
નિત પરમ પૂત, અવધૂત–બર, સુંદર, સહજ સમાધિમય;
સુરસરિતા—ગંગ—તરંગ—કલ—કેલિ—કલોલ–મરાલ જય. ૩

નિખિલ શાસ્ત્ર–નિષ્ણાત, બેદ–બેદાંત–બિભૂષિત;
તપ્ત સ્વર્ણ–સમ શુદ્ધ, બુદ્ધ, અતિ અમલ, અદૂષિત.
ભાનુ પ્રચંડ, અખંડ દંભ–પાખંડ–બિનાસક;
દિવ્ય જ્યોતિધન, કર્મ–કુશલ, સદ્ધર્મ–પ્રકાશક.

પરિપૂરન પ્રતિભા—પ્રભા—ધર, પરાપરા—પંડિત—પ્રખર;
જય આર્ય ઈષ્ટિ-પથ-પથિક ઋષિ રામતીર્થ કલિ-કલુષ-હર. ૪
દિયૌ ત્યાગિ સરબસ્વ ધારિ કૌપીન કમંડલ;
ઢાય અસત-ગઢ સત્ય-ધુજા રોપી મહિ-મંડલ,
કિયા બિજય મદ-લોભ,કામ કૌ અજય સમર મુનિ;
સત્ય-સેતુબનિ યા ભૂતલ પૈ ભયૌ અમર-ધૂનિ.
નિત-નિત નૂતન તવ ગુન-ગનનિ ગાવૈં હમ સબ દ્રોહ તજિ;
સબ સદાચાર-રત રહૈં નિત લહિ સ્વતંત્રતા-સુખ સહજિ. ૫
('માધુરી'ના એક અંકમાંથી)

૪૧-आनुं नाम ते रामराज्य !

ઝાપાટાલૅન્ડ-એક ઉદ્યોગવાદી પ્રજાસત્તાક

જ્યાં ખાનગી મિલકત, નાણું, ખરીદ-વેચાણ જેવું કાંઈજ નથી-મોટા પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ્ય

એક ભાઇ અમને ૪૦૦,૦૦,૦૦ માણસોના બનેલા એક ઉદ્યોગી પ્રજાસત્તાકનો નીચેનો હેવાલ મોકલે છે. એની શરૂઆત ૧૯૧૧ માં દક્ષિણ મૅક્સિકોમાં કરવામાં આવી હતી. અહેવાલ ૧૯૧૯ માં પ્રકટ થયો હતો.

આ પ્રજાસત્તાકનું અસ્તિત્વ હવે છે કે નહિ તે અમે જાણતા નથી.

નામ

(ઝાપાટાલૅન્ડ નામ અહીં એક દક્ષિણ મેક્સિકોના મધ્યમાં આવેલા ઉદ્યોગી યુનિયનને આપવામાં આવેલું છે. પ્રજાસત્તાકના લશ્કરના કમાન્ડર-ઇન-ચીફ જનરલ ઝાપાટાના નામ ઉપરથી આ નામ પડયું છે. જનરલ ઝૅાગ, જેઓ હાલ કેલિફૅાર્નિયા યુનિવર્સિ-

ટીમાં અભ્યાસ કરે છે તેમના મોઢાનો નીચેનો હેવાલ છે. એમના પોતાના દેશમાં લશ્કરના ઇજનેરખાતામાં તેઓ મેજર જનરલ છે.

"તમે અમારા પ્રજાસત્તાકને ઝાપાટાલૅન્ડ કહો છો; કારણ કે અહીં અમેરિકામાં હજી વીરપૂજા છે; પણ અમે તો એને 'ઉત્તર અને દક્ષિણ અમેરિકાનું ઉદ્યોગી યુનિયન' એવું નામ આપ્યું છે. એક માણસની વ્યક્તિપ્રતિભાથી ચાલતો આ દેશ નથી; પણ આચરણમાં મૂકેલું એ સમાજવાદી રાજ્ય છે."

નાણું, ખૂન, છૂટાછેડા વગેરેનો અભાવ

નાણાં વગર, રાજતંત્ર વગર અને તકરાર કર્યા વગર સાત વર્ષ સુધી ૩૦ લાખ માણસો કેમ રહ્યાં હશે, એ તમારામાં અજાયબી ઊભી કરશે. ત્યાં દરેક વસ્તુ પુષ્કળ છે; છતાં કોઇ માણસને બે કલાકથી વધુ કામ કરવાની જરૂર નથી—જો કે છૂટાછેડાની સ્વતંત્રતા છે, પણ હજી એકે નોંધાયો નથી. દરેક સ્ત્રીપુરુષ બંદૂક સાથે તાલીમ લે છે, પણ આ વખત દરમિયાન એકે ખૂન થયું નથી; એ સાંભળી અજાયબી લાગશે. આ તો અમારે મન સાધારણ વાત થઇ ગઇ છે. એથી અમને અજાયબી ઉત્પન્ન થતી નથી. અમે તો એ પ્રમાણે રહીએ છીએ.

અમારા સોલ્જરો કમાન્ડરને ખબર આપીને ગમે તે વખતે રજા લઈ શકે છે; અમારી ગાડીઓ, જ્યાં જેને ઊતરવું હોય ત્યાં ઊભી રહે છે; જ્યારે સમાચાર હોય ત્યારેજ અમારાં છાપાં પ્રકટ થાય છે. જ્યારે હું આ બધી વાત અમેરિકનોને કહું છું ત્યારે તેઓ હસી પડે છે.

લૂંટ શું?

અમારો વગરલખેલો એક કાયદો એવો છે કે, કોઇ માણસ બીજાને ધૂતી શકે નહિ. આજ અમારું બંધારણ અને રાજ્યતંત્ર છે. જ્યારે કોઇ સ્ત્રીપુરુષ લગ્ન માટે પોતાનું નામ નોંધાવા જાય, ત્યારે તેઓ લગ્નની પ્રાર્થનામાં કહે છે કેઃ—

"વર અને વહુ તરીકે રહેવા અમે કબૂલ થઇએ છીએ અને પ્રજા ઉત્પન્ન કરીને તેમને લૂંટ નહિ કરવાનું શીખવવાની અમે આશા રાખીએ છીએ."

સરકાર અને કાયદા વગર કોઇ દેશને ચાલે નહિ; કોઇ સત્તામાં જોઇએ, નહિ તો ગૂંચવાડો થાય, એવું જ્યારે અમે લોકોને કહેતાં સાંભળીએ છીએ ત્યારે અમને હસવું આવે છે.

પણ બધો વખત લોકો કહે છે કે, ઝાપાટાલેન્ડ નામનું ઉદ્યોગી યુનિયન છે.

તંદુરસ્તી અને પૈસો

યુનિયનમાં દાખલ થવા માગનાર કોઇ અમેરિકન આવો વિચાર કરે કે, "આ લોકો તંદુરસ્ત અને સુખી તો જણાય છે; પણ તેઓ વધુ સમૃદ્ધિવાન નથી. ઘણા લોકોનાં ઘરમાં તો ફરસબંધીયે નથી અને જાડાં કપડાં સિવાય તેઓ બીજું કાંઇ પહેરતાંયે નથી." ઘણાં મેક્સિકનો જાણીજોઇને આવી રીતે રહે છે. એ વાત અમેરિકનોએ ભૂલવી નહિ. અમેરિકનોના રહેવાના ખર્ચ સાથેજ તેમના ખર્ચની સરખામણી કરવી જોઇએ નહિ; પણ કરંઝાના નોકરો સાથે તેમજ રાજ્યક્રાંતિ પહેલાં એજ યુનિયનિસ્ટો સાથે કરવી જોઇએ. અમેરિકામાં રાજ્યક્રાંતિ થાય તો પરિણામે રહેવાના ખર્ચમાં ફેર પડી જાય.

નવા માણસે યુનિયનમાં એક વાત ખાસ જોવી જોઇએ. સાત વર્ષની ઉપરનાં છોકરાંઓ ફિક્કાં માલૂમ પડશે અને એજ કુટુંબમાં એનાથી નાનાં છોકરાંઓ મજબૂત અને તોફાની જણાશે. છોકરાંના ચહેરા ઉપરથી તેઓ કહી શકે કે, સાત વર્ષ ઉપરજ માબાપોને પુષ્કળ ખોરાક અને આરામ મળવા લાગ્યો હશે. ઝાપાટાને પોતાને દસ વર્ષનો નબળો છોકરો છે અને સાત વર્ષની અંદરના બે નાના તોફાની છોકરા છે.

દરેક સ્થળે દરેક ઉદ્યોગની પોતાની સત્તા છે, કોઈ મધ્યસ્થ

સત્તા નથી. બધા ખાણ ખોદનારાઓ એક ખાણમાં મળે છે અને પોતાના ફોરમૅનને ચૂંટે છે. તેમની મરજી પડે તો તેજ દિવસે ફરીથી મળી તેઓ તેને કાઢી બીજાને ચૂંટે છે, પણ પ્રજાસત્તાકની સ્થાપના વખતે ચૂંટેલા કેટલાક ફોરમૅન એટલા હોશિયાર અને એટલા માનીતા થઇ પડ્યા છે કે, તેઓ હજી ફોરમૅન તરીકેજ કામ કરે છે, એ કુદરતીજ છે! અમુક ઉદ્યોગના ડાયરેક્ટરને (માલિક નહિ પણ ખરો ડાયરેક્ટર) માથે સાધારણ કામદાર કરતાં વધુ જવાબદારી છે. વધેલું કામ તેણે રાત્રે પોતાની સાથે પણ લઇ જવું જોઇએ.

પગાર જેવી વસ્તુ નથી

તેથી જે સમાજમાં ડાયરેક્ટરને પોતાના કામ માટે કાંઇ મળતું નથી અને જ્યાં એની શક્તિ ઉપર સારા કામનો આધાર રહે છે, ત્યાં લાયકાત વગરનો માણસ પોતેજ તે જગ્યાએથી ખસી જશે. ડાયરેક્ટરની પસંદગી બહુમતિથી થાય છે, પણ જો લઘુમતિને અસંતોષ હોય, તો તે બીજી ખાણમાં અથવા બીજા ઉદ્યોગમાં કામ કરવા જાય.

બીજા ઉદ્યોગો પણ એજ રીતે ચાલે છે. સોલ્જરો એક ઠેકાણે મળે છે અને પોતાના ઑફિસરને નીમે છે. રેલના કામદારો એક ઠેકાણે મળી પોતાના ઇજનેરને નીમે છે. અમુક ખાણમાં કામ કરનાર ખેડૂતો એક ઠેકાણે મળી પોતાના મુખ્ય ખેડૂતને નીમે છે. ડૉક્ટર ઇસ્પિતાલ ઉઘાડે અને નર્સ તથા દરદીઓ, પસંદ પડે તો ત્યાં જાય. શિક્ષક નિશાળ ઉઘાડે છે. બીજો માણસ ધંધો કરે છે. દરેક જણ પોતાની હોશિયારીથી ફાવે છે. કોઇ માણસ બીજાને શેઠ કહેતો નથી અથવા તેના નફા માટે કામ કરતો નથી. તે મુખ્ય કામદારના હાથ નીચે કામ કરે, પણ તે પોતે પસંદ કરેલા માણસના હાથ નીચેજ કામ કરે છે. તે કામ અથવા તે માણસ ગમે તે વખતે છોડી શકે એમ છે.

કામ કરવાનો વખત

દરેક ઉદ્યોગના કામદારો તે ઉપયોગ સંબંધી ધારા ઘડે છે

અને કામ કરવાના કલાક નક્કી કરે છે. સખત અને કંટાળો આપે એવા કામ માટે ઓછા કલાક રાખવામાં આવે છે. દાખલા તરીકે દિવસમાં ઇજનેર બે કલાક કામ કરે છે, ફોરમેન ફક્ત એક કલાકજ કામ કરે છે, કોઈ માણસ કામ કરવા ન ઇચ્છે તો તેને ફરજ પાડવામાં આવતી નથી. અમુક માણસ કેટલા કલાક કામ કરે છે, તેનો હિસાબ રાખવામાં આવતો નથી.

આળસુની મશ્કરી!

કામ છોડી જનાર માણસ સામે ઉપહાસ સિવાય બીજું શસ્ત્ર નથી; પણ એ શસ્ત્ર પૂરતું છે.

કામને માટે દિવસના બે કલાક સરેરાશ વખત છે; પણ પાક વખતે ખેડૂતોને ૧૪–૧૫ કલાક કામ કરતા મેં જોયા છે; પણ તેમને પાછળથી રજા મળે છે. નર્સ બે અઠવાડિયાં સુધી એકસામટું બાર કલાક કામ કરે છે અને પાછળથી મરજી પડે ત્યાંસુધી આરામ લે છે.

સાટાંનું અનસ્તિત્વ

અમારે ત્યાં સાટાંની સીધી પદ્ધતિ નથી. દાખલા તરીકે ખાંડના દાગીના માટે એક બુશલ બટાકા. ગામડાંમાં લોકો ખેતરમાં જઇને જોઇતો ખોરાક લાવે છે. શહેરમાં ખેડૂતો લોકોની સગવડ માટે બજારમાં ઉત્પન્ન લાવે છે. અમુક લત્તામાં ખાંડની જરૂર જણાય તો પાસેની મિલમાંથી મંગાવે છે. એક મોટી ખાંડની મિલમાં મોકલવામાં આવતી ખાંડનો હિસાબ રાખવામાં આવે છે. આનો હેતુ બીજા લત્તાઓ પર દેખરેખ રાખવાનો નથી, પણ કોઈ લત્તો રહી ન જાય એ જાણવાનો છે. વારંવાર કોઇ લત્તામાંથી ખબર મળે છે કે, અહીં ખાંડ પુષ્કળ છે અને બીજીની જરૂર નથી.

સોનું અને આયાત

જ્યારે અમે બીજા દેશમાંથી ખરીદીએ ત્યારે તો અમારે નાણું વાપરવુંજ જોઇએ; એટલે અમારી ખાણોમાંથી સોનું વાપરવુંજ જોઇએ.ધારો કે બટાકા ઉગાડતા એક વર્ગને ખેતરનું યંત્ર

જોઇએ છે અને તે યુનાઇટેડ સ્ટેટ્સમાંજ મળી શકે એમ છે. એ વર્ગના લોકો એક ઠેકાણે મળી ખરીદ કરવા એક માણસને નીમે છે. સ્ત્રીપુરુષ અને કામ કરવા અશક્ત બનેલાં વૃદ્ધ પણ મત આપી શકે છે; પણ વિદ્યાર્થીઓનો અવાજ નથી. અમુક માણસને મોકલવા ધારતા લોકો એક ખૂણે જતા રહે છે, બીજાને મોકલવા ધારતા બીજે ખૂણે જાય છે અને આવી રીતે ખરીદ કરનાર ચૂંટાય છે. ત્યાર પછી પાસે ખાણમાં કામ કરતા વર્ગ પાસે તે જાય છે અને જોઇતું સોનું માગે છે. ત્યાં સભા ભરાય છે અને લોકો તેને સોનું આપવા મત આપે છે, જેથી યુનિયન વધુ સમૃદ્ધિવાન થાય એવી વસ્તુઓ દુનિયા બહારથી મેળવવા સિવાય એ સોનાનો શો ઉપયોગ છે? આવી રીતે તે માણસ સોનું લઇને યંત્ર ખરીદ કરે છે. આ યંત્ર બટાકા ઉગાડતા વર્ગની માલિકીનાં થઇ જતાં નથી, પણ જ્યારે બીજા લત્તાને જરૂર પડે ત્યારે તેને આપવામાં આવે છે.

મફત મકાનો

અમારા યુનિયનના કોઈ માણસને ઘરની જરૂર હોય તો બાંધકામના ખાતા પાસે જઈ પોતાની ઇચ્છા દર્શાવે છે. ખાતું તેને કદાચ ખબર આપે કે, ફલાણા મહોલ્લામાં એક સુંદર ઘર ખાલી છે. ઘરને જોઇને તે કહે કે, આ ઘર પસંદ નથી; તો તેઓ કહે કે ભલે, તમારી યોજના મૂકી જાઓ અને તમારો વારો આવશે, ત્યારે તમારે માટે અમે મકાન તૈયાર કરીશું.

નાનું અથવા મોટું, મરજી હાવે તેવું ઘર તેને મળી શકે; પણ અલબત્ત, મોટા ઘરની સંભાળ રાખવી મુશ્કેલ હોવાથી તથા ગમે તેને એટલું મોટું ઘર મળી શકતું હોવાથી મોટા ઘરમાં કાંઇ લાભ નથી. સાઠ ઓરડાની હવેલી જોઇએ તોયે મળે, પણ કદાચ બીજાં વીસ કુટુંબો અંદર રહે.

દારૂ અને ઉપદેશકાર્ય સૌથી ઓછું

યુનાઇટેડ સ્ટેટ્સમાં જે કામ માટે પૈસા આપવામાં આવે છે તેનો

યુનિયનના કામમાં સ્વીકાર થતો નથી. દાખલા તરીકે ઉપદેશકાર્ય અને દારૂ બનાવવાનું કામ એમાંથી એકકે સામે કાયદો નથી; પણ નિયમિત કામ પૂરું થયા પછી એ કામ કરવાનું હોવાથી અને પૈસા જેવી વસ્તુ નહિ હોવાથી ઉપદેશ અને દારૂનું કામ સૌથી ઓછું થાય છે. રાજ્યક્રાંતિ વખતે અમારા ધર્મગુરુઓ નાસી ગયા. થોડા રહ્યા છે અને અમારી સાથે રહી કામ કરે છે અને જો કે તેઓ ધારે તેમ ઉપદેશ કરી શકે; પણ અમારાં પ્રજાસત્તાક ધર્મસ્થાનની સ્થાપના થઇ નથી.

વકીલો નથી

વકીલો કે રાજકીય પુરુષો નથી. તેમને માટે લૂંટ ચલાવવા કાંઇ નથી. ઊલટું બેંડ વગાડવું, સિનેમાનો ખેલ દેખાડવો અને બુલ-ફાઇટમાં ભાગ લેવો તેને કામ ગણવામાં આવે છે.

ઘરના કામકાજનો કામમાં સ્વીકાર થાય છે. આ કામ સામાન્ય રીતે સ્ત્રીઓજ કરે છે. કારણ કે એવી જાતની મજબૂત લાગણી છે કે, એમને માટે યોગ્ય જગ્યા ઘરજ છે. જો તેઓ વિરોધ દર્શાવે તો તેમને બીજું કામ કરવા દેવામાં આવે છે. આરામને ખાતર કેટલીક સ્ત્રીઓ આજ ઉત્પન્ન કરે છે.

સ્ત્રી અને પુરુષોનું સ્વયંસેવક સૈન્ય

સ્ત્રી અને પુરુષો બન્ને સ્વયંસેવક તરીકે કામ કરે છે અને દર-રોજ નિશાન તાકવાની તાલીમ લે છે. યુનિયન પાસે લોકોનું ખરેખરું સૈન્ય છે. આ સૈન્ય કોઇ મૂડીવાદી લશ્કરી સત્તાનો ભય હશે ત્યાં-સુધી ચાલુ રહેશે. બધા સૈનિકો સ્વયંસેવકો છે. તેઓ પોતાના ઑફિસરોને નીમે છે. આ ઑફિસરો પોતાના ઉપરી જનરલને ચૂંટે છે, તેઓએજ ઝાપાટાને નીમ્યા છે. તે હાલ લશ્કરના કમાન્ડર–ઇન ચીફ છે. જો જનરલ પર્શિંગ યુનાઇટેડ સ્ટેટ્સના રાજકર્તા કહેવાય તો તેમને રાજકર્તા કહી શકાય.

મુલકનો વિસ્તાર

સિપાઇઓ હમેશાં સરહદનું રક્ષણ કરવામાં રોકાયલા રહે છે અને કરંઝાના મુલકમાં સરહદ વધાર્યે જાય છે. આ સિપાઇઓ આગળ વધે એટલે રક્ષણ માટે વધુ સિપાઇઓ જોઇએ છે. પાસેના લત્તામાં અમુક સંખ્યાની માગણી કરવામાં આવે છે. માગ્યા કરતાં હમેશાં વધુ આવે છે તેથી કેટલાકને પાછા મોકલી દેવા પડે છે. તેઓ એક દિવસ, કદાચ એક અઠવાડિયું બે અઠવાડિયાં જરૂર પ્રમાણે કામ કરે છે. કેટલી ઝડપથી બંદૂક વગેરે સાથે તેઓ તૈયાર થઇ શકે છે, તે જોવા તેમને કેટલીક વાર એકદમ બોલાવવામાં આવે છે.

જ્યારે અમે કરંઝાના દેશમાં અમારી સરહદ વધારીએ છીએ અને કદાચ ફળદ્રુપ ખીણ સરજ કરીએ છીએ, ત્યારે અમને લાગે છે કે, અમે સ્વતંત્રતાની હદ વધારીએ છીએ; પણ અમે જાણીએ છીએ કે, જ્યાંસુધી આખી દુનિયા સ્વતંત્ર થાય નહિ, ત્યાંસુધી અમે તદ્દન સ્વતંત્ર થઇ શકીએ નહિ.

૯૫૦૦૦ ચોરસમાઇલ

અમારો મુલક હવે ૯૫૦૦૦ ચોરસમાઇલ છે. ૫૫૦ માઇલ લાંબી અને આશરે ૧૭૦ માઇલ પહોળી એ એક પટી મેક્સિકોની વચમાં થઈ પુર્વ અને પશ્ચિમ તરફ વળે છે અને પૂર્વના ભાગમાં પહેલાંના મિકોકન, ગુરેરો અને ઓક્ષાકા રાજ્યોનો સમાવેશ કરે છે. અમારી આજુબાજુ કરંઝાનું મેક્સિકો આવી રહેલું છે. અમારા મુલકમાં બંદર નથી અને અમારે જોઇતું પણ નથી; કારણ તેમ હોય તો કોઈ મોટી લશ્કરી સત્તા અમારો વિનાશ કરી શકે. અમારા દેશમાં પર્વતો અને જમીનનો નીચો ભાગ પણ છે અને આના મોટા ભાગમાં ખેતી થાય છે. આબોહવા ઉષ્ણથી માંડીને સમશીતોષ્ણ છે અને વસંતઋતુમાં દક્ષિણ કેલિફોર્નિયા જેવી છે.

૪૦૦,૦૦,૦૦ની વસ્તી

અમારે ત્યાં વસ્તીપત્રક નથી; પણ અમે જાણીએ છીએ કે,

અમારી વસ્તી ત્રીસ લાખથી વધુ છે. આમાં ફક્ત ૨૦૦૦ યુરેપિયન છે અને આમાંની ઘણી મેક્સિકન અને યુરોપિયન મિશ્ર પ્રજા છે.

પરદેશીઓ—શંકાની દૃષ્ટિએ

અમારા દેશમાં પરદેશીઓને હમેશાં લૂંટ ચલાવનાર તરીકે ગણવામાં આવે છે. વળી કેટલાક પરદેશીઓને સોનું આપી અમેરિકામાં ખરીદ કરવા અમે મોકલ્યા હતા, પણ તેઓ પાછા ફર્યા નથી. આ કારણથી પરદેશીઓ તરફ હજી શંકાની નજરથી જોવામાં આવે છે. જો કરંઝા તેમને આવવા દે તો પરદેશીઓના વસવાટમાં વાંધો નથી. અમારા દેશમાં ફરવા આવનાર ઘણાને તેણે પાછા કાઢ્યા છે. અમારા ધારવા પ્રમાણે એને બીક એ છે કે, એના દેશ કરતાં અમારા યુનિયનના સારા રિપોર્ટ બહાર જાય.

શાળાશિક્ષણ—એક રોગ

અજ્ઞાન અને રોગ સમાજવાદી રાજ્યમાંથી જતાં રહે છે. અમારી રાજ્યક્રાંતિ પહેલાં ૯૪ ટકાથી વધુ અભણ હતા. હવે ૪૦ ટકા સિવાય બીજા પોતાનું નામ તો લખી શકેજ છે. શિક્ષકોએ પોતે રચેલી, ટાઇપથી લખેલી ચોપડીઓથી તેમને શિક્ષણ આપવામાં આવે છે. બાળકો દિવસે શાળામાં જાય છે અને સ્ત્રીપુરુષો સાંજે જાય છે. જે માણસો ટપાલ લઇ જાય છે, તેઓ દરેક કાગળની પાછળ પોતાનું નામ લખે છે. તેમ કરવામાં તેઓ અભિમાન ધરાવે છે. કદાચ લખવાની ટેવ પડે માટે પણ તેમ હોય; પણ ટપાલ ઘણી હોતી નથી. મફત મુસાફરી અને પુષ્કળ વખત હોવાથી ઘણા લોકો પોતાના મિત્રોને મળવાજ જાય છે અને જે કહેવું હોય તે મોઢે કહે છે.

('હિંદુસ્તાન'ના એક અંકમાંથી)

૪૨–तुलसीरहस्य

(લેખકઃ–શ્રી. ગણેશદત્ત પ્રામાણિક)

બિનુ સત સંગ બિબેક ન હોઇ, રામ કૃપા બિનુ સુલભ ન સોઇ.
સત સંગતિ મુદ મંગલ મૂલા, સોઇ ફલ સિધિ સબ સાધન ફૂલા.

મહાત્મા તુલસીદાસ ને ઉપર્યુક્ત ચૌપાઇયાં સંતોં કી વંદના મેં કહી હૈં.

ઇસકે પૂર્વ સંતોં કે લક્ષણ ઇસ પ્રકાર બતલાયે હૈઃ–

જીસ પુરુષ મેં ભગવદ્પ્રેમ હો, જો સદા ભગવદ્કથા કી ચર્ચા કરતા હો, ભગવાન્ પર જીસકા પૂરા ભરોસા હો ઔર જો સ્વયં દુઃખ સહકર ભી દૂસરે કા દુઃખ દૂર કરને મેં તત્પર હો, વહી સત્પુરુષ કહાતા હૈ. ગૃહી ઔર ત્યાગી દોનોં શ્રેણિયોં ઐસે સત્પુરુષ હોતે હૈં. ઇનમેં વિશેષતા ઇતની હી હૈ કિ ત્યાગી સત્પુરુષોં મેં ઉક્ત લક્ષણોં કા અબાધરૂપ સે પ્રકાશિત હોના સરલ હૈ, કિંતુ ગૃહી સત્પુરુષોં મેં સંસાર કે ઝંઝટ ઉક્ત લક્ષણોં કે પૂર્ણરૂપ સે પ્રકાશિત હોને મેં બાધક હૈં. ઇસ વિશેષતા કે કારણ ગૃહી 'સત્પુરુષ' કી ઔર ત્યાગી 'સંત' કી સંજ્ઞા પ્રાપ્ત કરતા હૈ.

તુલસીદાસ સ્વયં ત્યાગી સંત થે, અતએવ ઉનકી કહી હુઈ ચૌપાઇયોં મેં આયા હુઆ 'સત્સંગ' શબ્દ કા અર્થ 'સન્તોં કી સંગતિ' કરના ઠીક હોગા. ઐસે દો–ચાર સંત જહાં એકત્ર હોંગે વહાં ભગવાન કી હી કથા કી ચર્ચા હોગી; અતએવ ભગવચ્ચર્ચા હી 'સંતસંગતિ' હૈ. ઉક્ત ચૌપાઇયોં મેં જો 'સંતસંગતિ' શબ્દ આયા હૈ ઉસકા અર્થ 'હરિકથા' હોના ચાહિએ. તુલસીદાસ ને સંતોં કી વંદના મેં એક ચૌપાઇ મેં કહા ભી હૈ–'હરિહર કથા વિરાજીત બેની'. અબ હમ યહાં ઉક્ત ચૌપાઇયોં મેં પ્રત્યેક કા અલગ અલગ અર્થ દેતે હૈં. પ્રથમ ચૌપાઇ કા અર્થ ઇસ પ્રકાર હૈઃ–

(૧) સંત પુરુષ કે સંગ બિના સત્-અસત્ કા જ્ઞાન (વિવેક) નહીં હોતા. ઔર યે દોનોં-સંત ઔર વિવેક ભગવાન્ કી કૃપા કે બિના સરલતા સે પ્રાપ્ત નહીં હોતે.

ટીકા-ઐસા દેખને મેં આતા હૈ કિ સંત-સમાગમ સે કિસી શ્રોતા મેં વિવેક ઉત્પન્ન હોતા હૈ, કિસી મેં નહીં ભી હોતા. અતએવ સંત પુરુષ કા મિલ જાના હી વિવેક કા કારણ નહીં હૈ. કિસી ને ઠીક કહા હૈ કિ 'નૌ નેજા પાની ચઢૈ તૌ ન ભીજૈ કોર.' અતએવ શ્રોતા કા હૃદય ભી કોમલ હોના ચાહિએ, જીસસે ઉસ પર હરિ-કથા કી છાપ પડ સકે. હૃદય કી ઇસ પ્રકાર કોમલતા ઔર બુદ્ધિ કી નિર્મલતા કે લિયે ભગવત-કૃપા આવશ્યક હૈ.

અબ દૂસરી ચૌપાઇ લીજીએ. ઇસકા અર્થ કરને મેં કિસી ને ઇસે રૂપક માના હૈ ઔર કિસી ને ઇસે ઉપમા માના હૈ. અતએવ દોનોં દષ્ટિયોં સે ઇસકા અર્થ કરના ચાહિએ. ઇસસે તુલસીદાસ કી ગૂઢ કવિત્વ-શક્તિ કા મહત્ત્વ હી વ્યક્ત હોગા.

પહલે હમ રૂપક કી દષ્ટિ સે અર્થ કરતે હૈં:-

સતસંગતિ યાને હરિકથારૂપી બેલિ કી જડ આનંદ આર કલ્યાણરૂપી હૈ. ઉસીકે ફૂલ સારે સાધન હૈં ઔર ફલ સિદ્ધિ યાને ભગવદ્ભક્તિ હૈ.

ટીકાઃ-સંતસંગતિ-સંતસમાગમ મેં ગૃહસ્થોં કો જો હરિકથા-ભગવાન્ કી ચર્ચા-સુનને કો મિલતી હૈ, ઉસકી જડ આનંદ ઔર કલ્યાણ હૈ. જૈસે જડ કે કારણ વૃક્ષ, બેલિ આદિ જીવિત રહતે હૈં, ઉસી તરહ હરિકથા કા જીવન યાને પ્રવાહ યા ચર્ચા આનંદ ઔર કલ્યાણ પર સ્થિત રહતા હૈ. ભગવાન્ કી કથા સુનને મેં તત્ક્ષણ આનંદ મિલતા હૈ ઔર શ્રોતા કે મન મેં યહ ભાવના હોતી હૈ, કિ ઇસસે મેરા કલ્યાણ હોગા. અતએવ સંસાર મેં ભગવચ્ચર્ચા કે રહને કે કારણ પ્રત્યક્ષ આનંદ ઔર ભવિષ્યત્ કલ્યાણ યે દોનોં બાતેં સત્સંગતિ કી જડ કહી ગઇ. યદિ યે દોનોં બાતેં ન હો તો કોઇ

ભગવત્કથા ક્યોં સુનતા ? ઔર શ્રોતા કે અભાવ સે ઉસકી ચર્ચા હી બંદ હો જાયગી.

મુક્તિ યા ભગવાન્ કી પ્રાપ્તિ કે લિયે જિતને સાધન હૈં–કર્મ યા આચરણ હૈ–વે ઇસ સત્સંગતિરૂપી બેલિ કે ફૂલ હૈં. અપને કલ્યાણ કી કામના સે ભગવત્કથા કે શ્રવણ સે શ્રોતા મેં ભગવદ્ભક્તિ પ્રાપ્ત કરને કી જો ચેષ્ટા ઉત્પન્ન હોતી હૈ, ઉસસે ઇંદ્રિય–સંયમ ઔર નામ-જપ આદિ જો કર્મ કરને પડતે હૈં, વે સાધન કહલાતે હૈં. ઇન્હીં સાધનોં સે કલ્યાણરૂપી ફલ કી પ્રાપ્તિ હોતી હૈ, ઇસ લિયે યે સાધન ફૂલ કહે ગયે, ઔર યે સત્સંગતિરૂપી બેલિ કે હી ફૂલ હુએ, ક્યોં કિ સત્સંગતિ સે હી ઇનકી ઉત્પત્તિ હુઈ.

ફૂલ સે ફલ ઉત્પન્ન હોતા હૈ, અતએવ સાધનરૂપી ફૂલ સે સિદ્ધિ-રૂપી ફલ ઉત્પન્ન હોગા. વૃક્ષ યા બેલિ કા જો ફૂલ સતેજ રહતા હૈ યાને જડ સે ઉસમેં રસ બરાબર પહુંચતા રહતા હૈ, ઉસ ફૂલ મેં ફલ લગતા હૈ. ઉસી તરહ જિસકી સાધના મેં આનંદાનુભૂતિ ઔર કલ્યાણ કા ભાવનારૂપી રસ પહુંચતા રહતા હૈ, ઉસે ભગવદ્–પ્રાપ્તિ, ભગવાન કી ભક્તિ કી પ્રાપ્તિ, જ્ઞાન કી પ્રાપ્તિ, જીવન–મુક્તિ-રૂપી ફલ કી પ્રાપ્તિ હોતી હૈ, યહ સત્સંગતિ કા ઉચિત પરિણામ હોને સે વહ સત્સંગતિરૂપી બેલિ કા હી ફલ હુઆ.

વૃક્ષ કે જો ફૂલ નિસ્તેજ હો જાતે હૈં ઉનમેં ફલ નહીં લગતે. ઉસી તરહ જો વ્યક્તિ કલ્યાણ કી કામના સે સાધન મેં પ્રવૃત્ત હોકર ભી, અપની સાધના મેં આનંદ નહીં પાતા ઔર કલ્યાણ કી ભાવના જિસમેં સદા નહીં બની રહતી, ઉસકો સિદ્ધિ નહીં મિલતી.

અબ હમ ઉપમા કી દૃષ્ટિ સે અર્થ કરતે હૈં:—

વહ સત્સંગ આનંદ ઔર કલ્યાણ કી જડ હૈ, વહી સબ સાધનોં કા ફૂલ હૈ, વહી સબ સિદ્ધિયોં કા ફલ ભી હૈ.

મનુષ્ય કે લિયે દુનિયા મેં જો સચ્ચા આનંદ હૈ, વહ હરિ-કથા મેં હી હૈ. ભગવચ્ચર્ચા સે હી મનુષ્યોં કા યથાર્થ કલ્યાણુ હોતા હૈ; અતએવ આનંદ ઔર કલ્યાણુ કા મૂલકારણુ સત્સંગ હી હૈ.

મનુષ્યોં ને અપને કલ્યાણુ કે લિયે જીતને પ્રકાર કે સાધનોં કો અબ તક ખોજ નિકાલા હૈ, ઉનમેં સત્સંગરૂપી સાધન યાને હરિકથા કી ચર્ચા હી ફૂલ કે સમાન સુગંધિત ઔર સુંદર સાધન હૈ, ક્યોંકિ ઇસી સે અનાયાસ આનંદ કી પ્રાપ્તિ ઔર તૃપ્તિ હોતી હૈ.

નાના પ્રકાર કી સાધનાઓં સે જીતને પ્રકાર કી સિદ્ધિયાં મનુષ્યોં કો પ્રાપ્ત હો સકતી હૈ, ઉનમેં ભગવદ્ભક્તિ હી શ્રેષ્ઠ હૈ, ક્યોંકિ અન્ય સિદ્ધિયોં મેં કોઇ મૃત્યુ કે સાથ લય હો જાતી હૈ, તો કોઈ કેવલ પરલોક મેં કામ દેતી હૈ; પરન્તુ ભગવદ્ભક્તિરૂપી સિદ્ધિ જીવન મેં આનંદપ્રદ ઔર મૃત્યુ કે બાદ કલ્યાણુકારક હોતી હૈ. ઐસી ભગવદ્ભક્તિરૂપી સિદ્ધિ સત્સંગ કા પરિણામ હોને પર ભી ઉસસે પુનઃ સત્સંગ હી ઉત્પન્ન હોતા હૈ. ઇસી લિયે સત્સંગ ફલ ભી કહા ગયા. ઇતર સિદ્ધિયોં કા દૂરસ્થ પરિણામ ભી ભગવદ્-ભક્તિ હી હૈ, ઇસ લિયે ભગવદ્ભક્તિ સબ સિદ્ધિયોં કા ફલ હૈ. હરિકથારૂપી સત્સંગતિ જૈસે સ્વયં એક સાધના હૈ, વૈસે હી વહ સ્વયં હી ઉસકા આનંદોપભોગરૂપી ફલ ભી હૈ. આનંદ કા ઉપભોગ હી સચ્ચા કલ્યાણુ હૈ. અતએવ ભગવચ્ચર્ચા સ્વયં હી મૂલ આનં-દમંગલ, મનોહર ઔર સરલ સાધના એવં સચ્ચી સિદ્ધિ હૈ.

(‘સરસ્વતી ’ના એક અંકમાંથી)

४३—असिधारा-व्रत

(લેખકઃ—શ્રી. લોચનપ્રસાદ)

અસિધારા-વ્રત કા ઉલ્લેખ 'રઘુવંશ' કે ૧૩ વેં સર્ગ મેં આયા હૈ. 'કથાસરિત્સાગર' ઔર 'પંચતંત્ર' મેં ભી ઉસકા વર્ણન હૈ. મલ્લિનાથ ને ઇસ પદ કી જો વ્યાખ્યા કી હૈ વહ ઠીક નહીં જંચતી, કિન્તુ 'દિનકર' કી ટીકા સે ઉસકા પ્રકૃત અર્થ જ્ઞાત હોતા હૈ. 'દિનકર' કહતે હૈં:—

एकस्यामेव शय्यायां मध्ये खड्गं निधाय स्त्रीपुंसौ यत्र ब्रह्मचर्येण शयाति तदसिधाराव्रतम् ॥

અર્થાત્ સ્ત્રી ઔર પુરુષ જબ એક હી બિછૌને પર અપને બીચ મેં તલવાર રખકર બ્રહ્મચર્યપૂર્વક શયન કરતે હૈં તબ ઉનકા વહ વ્રત અસિધાર હોતા હૈ.

જર્મની મેં ભી યહ પ્રથા પ્રચલિત થી. જેકબ ગ્રિમ અપને 'ડયૂસ રેસાલ્ટર્થમર' કે ૧૬૮ વેં પૃષ્ઠ પર લિખતે હૈં:—

યદિ કોઈ આદમી કિસી સ્ત્રી કે સાથ સોવે ઔર ઉસે વહ સ્પર્શ કરના ન ચાહે તો વહ બીચ મેં એક તલવાર રખ કર સોવેગા. યહ એક પ્રાચીન પ્રથા થી.

ઇસિ બાત સે બહુત વિદ્વાનોં કે ઇસ અનુમાન કી પુષ્ટિ હોતી હૈં કિ આર્ય-જાતિ કી ભારતીય જર્મનશાખા કે પૂર્વપુરુષ એક હી સ્થાન કે નિવાસી થે.

ઇસકા વિશેષ વિવરણ નવમ્બર, સન ૧૮૮૮ કે ઇંડિયન એંટીક્વેરી કે ૩૨૨ પૃષ્ઠ પર મિલેગા.

('સરસ્વતી'ના એક અંકમાંથી)

૪૪-खेतीवाडी अने बागबगीचो

(લેખકઃ—શ્રી. ડાહ્યાભાઇ છોટાભાઇ અમીન)

નાળિયેરની ખેતી અથવા

અઢાર માસમાં ફળનાર નાળિયેરની ખેતી

આ લેખમાં દુનિયાનાં સઘળી જાતનાં નાળિયેર અને તે દરેક જાતનું વર્ણન તથા તેની ખેતી, એ વિષય ટૂંકાણમાં સમજાવવામાં આવ્યો છે. સૌથી નવાઇ પમાડનારું તો એ છે કે, જમીનને લગભગ અડકીનેજ નાળિયેરનાં ફળ આવે છે. એવી જાતનું વર્ણન સાંભળીને જરૂર અજાયબ થવા જેવું છે, તમે ખોટું નહિજ માનતા. આ માટે અમોએ બહુ ચોકસાઇથી તેના પૂરતા નિષ્ણાતોના અભિપ્રાય મેળવ્યા છે અને ત્યાર પછી લોકોને તે માટે ભલામણ કરીએ છીએ. અઢાર માસમાં નાળિયેરીને ફળ આવે છે એ તમે જાણશો ત્યારે નવાઇ પામશોજ અને તેની મોટા પાયા ઉપર ખેતી કરનારે અમોને લખવાથી તેમને તેના છોડ માટેની વ્યવસ્થા કરી આપવામાં આવશે તથા નમૂના માટે જેને રોપવા હોય તેમને અમીન નર્સરી, ગીરગામ બેકરોડ એ સરનામે લખવાથી મળી શકશે.

નાળિયેર

૧-ઝાડની ઓળખ, વર્ગ અને જાતો

(ગુ.) નાળિયેર, (સં.) નારીકેલ, (મ.) નારળ, (હિં.) નારીકેળ, (ઇ.) કોકોનટ, (બં.) કોકસ—ન્યુસિફેરા.

આ તાડના વર્ગનું ઝાડ છે અને તે વર્ગમાં તાડ, ખજૂરી, સોપારી વગેરે જાતો આવી જાય છે.

નાળિયેરના ઝાડના તમામ ભાગો મનુષ્યના ઉપયોગમાં આવે છે અને તેથી હિંદુઓમાં અને મુખ્યત્વે કરીને કોંકણ અને મલબાર

કિનારાઓ ઉપર એવી માન્યતા છે કે, શ્રીપરશુરામે બ્રાહ્મણોને આપેલું આ એક કલ્પવૃક્ષ છે. આ માન્યતા યથાર્થ છે, કારણ કરોડો લોકોને તેની ખાસ જરૂર જણાય છે અને તેના વગર ચાલે તેમ નથી. જે પ્રાંતમાં આની મોટા પ્રમાણમાં ખેતી છે, એટલે કે મલબારકિનારા ઉપરના ત્રાવણકોર જિલ્લાના વતનીઓ આ ઝાડમાંથી તેમનું ઘર, ઘરમાંની ઉપયોગી ચીજો, ખેતીનાં ઓજારો વગેરે બનાવી જાણે છે અને તે બાજુમાં પાંચ માણસોના કુટુંબને એક એકર નાળિયેરીની વાડી હોય તો પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે છે. આનું મૂળ વતન હિંદી અને પાસિફિક મહાસાગરમાંના બેટો છે. ગરમ પ્રદેશોમાં આની જબરજસ્ત પ્રમાણમાં ખેતી થઇ રહી છે. આ પછી હિંદુસ્તાનમાં મલબારકિનારો આને માટે ખાસ વખણાય છે.

એકલા ત્રાવણકોર જિલ્લામાં આની ખેતી આશરે ૪૦૦,૦૦૦ એકર જમીનમાં થાય છે અને તેની વાર્ષિક ઉપજ લગભગ રૂા. ૫૦,૦૦૦,૦૦૦ ની છે.

૨–જમીન અને માવજત

હિંદુસ્તાનમાં એમ માલૂમ પડે છે કે, દરિયાની સપાટીથી એકદમ ઊંચા પ્રદેશો સિવાય બધે આની ખેતી થઇ શકે છે. કાળી અને ચીકણી જમીન આને માફક નથી આવતી; કારણ કે તેનાં મૂળિયાં રેષાવાળાં ન હોવાથી સમી જાય છે. મરડ તથા કાંકરીવાળી જમીનમાં પણ એને સારું પોષણ મળતું નથી, પણ જે જમીનમાંથી બિલકુલ પાણી ન મળે એવી રેતાળ જમીન આને માટે ઉત્તમ છે. આવી જમીનમાં ખારા પાણીનો અંશ અને મીઠા પાણીની ચીકાશ ન હોવાથી તે માફક આવે છે. આને સમુદ્રના પવનથી પણ વધારે ફાયદો થાય છે. સાધારણ રીતે સમુદ્રનો પવન જ્યાં લાગે છે અને જ્યાં ઉપલા પ્રકારની જમીન છે, ત્યાં નાળિયેર થઇ શકે છે અને તેથીજ મલબારકિનારો આજે સારી રીતે માફક આવે છે.

૩-રોપ તૈયાર કરવા અને રોપણી

બીજને માટે, નાળિયેરના ઝાડ ઉપરથી સુકાયલાં નાળિયેર ભેગાં કરી ઉપરથી ફેંકી ન દેતાં ધીમે રહીને નીચે ઉતારવાં, નહિ તો અંદરના ભાગને ઇજા પહોંચે છે. તેથી ઉપર ઝોળી રાખી તેમાં મૂકી ઉતારવામાં આવે છે. આમ ઉતાર્યા પછી જેમાં પાણી સાધારણ અને હલાવવાથી ધાતુ જેવો અવાજ થતો હોય તેવું નાળિયેર બીજને માટે પસંદ કરવું જોઇએ. જેમાં પાણી વધારે હોય અથવા તદ્દન ઓછું હોય તેવાં નાળિયેર બીજને માટે નકામાં છે; કારણ પહેલામાં કાચું હોવાને લીધે ઊગી શકતું નથી, તેમજ બીજાનો ફણગો મરી ગયેલો હોય છે તેથી તેની ઊગવાની શક્તિ નાબૂદ થઈ ગઇ હોય છે. ઉપર પ્રમાણે પસંદગી કર્યા પછી મૃગ નક્ષત્રમાં, છાયાવાળી અને પાણીની નજીકની જમીન પસંદ કરીને તેમાં રોપવાં. તે એવી રીતે કે પ્રથમ જમીનમાંથી સર્વ કચરો વગેરે કાઢી તેને સાફ કરવી અને એકદમ પોચી બનાવવી. પછી દોઢ ફૂટ ઊંડી અને દોઢ ફૂટ પહોળી નીકો બનાવી તેને એક-બે દિવસ સુધી પાણી પાઇ તર કરવી અને ત્રીજે દિવસે તેમાં નાળિયેર રોપવાની શરૂઆત કરવી. નાળિયેર જેવી રીતે ઝાડ ઉપર લાગે છે, તેવી રીતે નીકમાં રોપવાં. માથા ઉપર વધારે માટી નાખવી નહિ, પછી તેને પાણી પાવું અને આજુબાજુએ પાણી છાંટી જમીન ઠંડી રાખવી તથા હમેશાં ઠંડક રહે તેવી ગોઠવણ કરવી. ત્રણ-સાડાત્રણ મહિના પછી ફણગો નીકળે છે આ પછી પાણીનું પ્રમાણ વધારવું. આને છ મહિનામાં ત્રણ પાન ફૂટે છે અને આમ ત્રણ પાન ફૂટ્યા પછી તેને કાયમની જમીનમાં રોપવાને હરકત નથી. આમ બીજે ઠેકાણે રોપવા માટે મઘા નક્ષત્રથી તે વૈશાખ મહિના સુધી રોપવાને હરકત નથી; પણ કેટલાક પાણીની મહેનત બચાવવા ચોમાસાની શરૂઆતમાં રોપે છે; પણ એટલું યાદ રાખવું કે, ત્રણ પાન ફૂટ્યા સિવાય છોડને કાયમને ઠેકાણે રોપવા નહિ.

એક એકરમાં ૨૦ ફૂટને અંતરે છોડ વાવવાથી ૯૦ છોડ વાવી શકાય છે; માટે જ્યાં આગળ નાળિયેરીનું વાવેતર કરવું હોય ત્યાં વાવતા પહેલાં એક માસ અગાઉ (ઉનાળામાં) ખાડા ખોદાવી તપવા દેવા, ખાડાનું માપ ૬ ફૂટ ઊંડું, ૬ ફૂટ પહોળું અને ૩ ફૂટ લાંબું રાખવું. એક મહિનો તપ્યા પછી તેમાં નીચેનું ખાતર નાખી ખાડા ભરી દેવા. ખાતર ખાડામાંથી નીકળેલી માટીમાં મેળવી પછી ખાડા ભરવા.

ખાતર

૨ પાઉંડ રાખોડો, ૦ાા પાઉંડ મીઠું અને ૨ાા પાઉંડ ચૂનો (કળી). ખાડામાં છોડ મૂકતા પહેલાં તેમને એક–બે દિવસ મીઠાના પાણીમાં પલાળવા મૂકવા; એટલે એક મોટા વાસણમાં મીઠાનું પાણી કરી તેમાં પેલા છોડો મૂકી રાખવા. આમ કર્યાથી આગળ ઉપર તેમને ઉધેઇનો ઉપદ્રવ થતો નથી. હમેશાં યાદ રાખવું કે, છોડ ખાડામાં મૂકવા માટે સંધ્યાકાળ (સાંજ) ઉત્તમ છે. બીજું ખાડામાં છોડો એવી રીતે મૂકવા કે, તેમના ફણગાઓ દક્ષિણ દિશા તરફ રહે. આમ કર્યાથી પવનનો ભય રહેતો નથી. બીજું જે જગ્યાએ નાળિયેર રોપ્યાં હોય તે જગ્યાએ જો વરસાદમાં પાણી ભરાઇ રહેતું હોય, તો દરેક છોડના થડ આગળ માટીનો ઢગલો વાળવો, જેથી તેને પાણી લાગે નહિ અને તે કોહી જાય નહિ. છોડ રોપ્યા પછી બે વરસ સુધી તેની કાળજી રાખવી જોઇએ. તેને ખૂબ તડકો ન લાગે તે માટે તેના ઉપર છાંયો કરવાની ખાસ જરૂર છે. કોંકણમાં તાડના કે નાળિયેરીના પાનનો છાંયો કરે છે. વરસાદની મોસમમાં છાંયો કાઢી નાખવો. આ રીતે રોપ રોપવાથી આગળ સારું ઉત્પન્ન લેવાની આશા રાખી શકાય છે.

પાણી

છોડને પાણી આપવાને માટે ખાસ કરીને જુદી રીત છે. તે એ કે, છોડની ચોતરફ ખામણું કરવું અને તેમાં પાણી રેડી ભરવું. રોપ્યા પછી પહેલાં બે અઠવાડિયાં તેમને દિવસમાં બે વાર પાણીની

જરૂર છે. પછી બીજાં બે અઠવાડિયાં દિવસમાં એકજ વાર આપવું. આ પછી તેનાં મૂળિયાં જોર પકડશે. પછી બે અઠવાડિયાં એક દિવસ છોડીને પાણી આપવું. આ પછી જ્યાં જેવી હવા હોય ત્યાં તે પ્રમાણમાં પાણી આપવું. સાધારણ રીતે પહેલા વર્ષે રોજ એક ઘડો, બીજા વર્ષે બે ઘડા, ત્રીજે વર્ષે બે દિવસના અંતરે ત્રણ ઘડા, ચોથે વર્ષે ત્રણ દિવસના અંતરે ચાર ઘડા, આ પ્રમાણે પાણી આપવું અને આ રીતે પાણી વધારવું. કોસ કે પંપથી પાણી આપવું હોય તો ખામણું ભરાય ત્યાંસુધી પાણી એકાંતરે આપે તોપણ ચાલે. બીજા વર્ષે ત્રણ દિવસને આંતરે અને ત્રીજા વર્ષે ચાર દિવસને આંતરે અને આ પ્રમાણે આગળ કરવાનું છે. સામાન્ય રીતે તેનાં મૂળિયાં વધારે પાણી મળવાથી કોહી ન જાય તે સંભાળવાનું છે અને આનાં મૂળિયાં હમેશાં બીજાં ઝાડની માફક બહુ ઊંડાં જતાં નથી, તેથી સપાટી આગળ પુષ્કળ પાણીની જરૂર હોય છે. તેની સાથેજ મૂળિયાંમાં ઘણો વખત પાણી ભરાઇ રહે તેમ હોવાથી, તેની સંભાળ લેવી એટલે પાણીની બરાબર ગોઠવણ કરવી અને પાણી, ખાતર અને માવજત હોય તોજ સારું ઉત્પન્ન આપે છે.

ખાતર

નાળિયેરની ખેતીમાં ખાતરથી ઘણોજ ફાયદો થાય છે. ખાડામાં નાખતી વખતે જે નાખવામાં આવે છે તેનો ઉપયોગ ખાતર કરતાં ઉધેઇથી છોડનો બચાવ કરવામાં વધારે થાય છે; માટે નીચે ખાતર આપવાની જુદી જુદી રીતો આપી છે. ત્રાવણકોર અને મલબારકિનારા ઉપર નીચેનું ખાતર આપે છે.

પહેલી રીતઃ—રાખોડો, ખોળ, મીઠું અને હાડકાંનો ભૂકો દર વર્ષે નાખે છે અને ૧૦ વર્ષની ઉપર છાણ, બકરાંની લીંડી, લીલાં પાન અને થોડુંક મીઠું આપવાનો રિવાજ છે. આ ખાતર બનાવવાની રીત આ પ્રમાણે છેઃ—છાણ, લીંડી વગેરેને સારી રીતે ભેગાં

કરી જરા ભીંજાવી થોડું મીઠું અને ચૂનો નાખી પછી આપવું. બીજું–નાળિયેરીના છોડ નાના હોય ત્યારે જે ઠેકાણે તેનાં પાંદડાં ફૂટે છે ત્યાં મીઠું અને રાખોડો મિશ્ર કરીને લગાવે છે, તેથી ભમરાનો ઉપદ્રવ થતો નથી અને વળી તે હવાઇને નીચે આવી ખાતર તરીકે ઉપયોગમાં આવી જાય છે. આમ એક ઘાથી બે પક્ષી મરે છે.

આ જિલ્લામાં નીચેનું કૃત્રિમ ખાતર વપરાય છેઃ–એક સારી રીતે ખીલેલા ઝાડને ૧૦ શેર (પાઉંડ) ખોળ, ૨ શેર રાખોડો, ૨ શેર માછલીનો સૂકો ભૂકો અને ૧ શેર મીઠું મેળવીને થડ આગળ નાખી ઉપર માટી વાળી દે છે. આ દર વરસે કરે છે અને જો માછલાંનો ભૂકો ન મળે તો હાડકાંનો ભૂકો વાપરે છે. બીજું જો જમીનમાં ચૂનાનું પ્રમાણ ઓછું માલૂમ પડે તો, બે–ત્રણ વરસે એક વાર ૧૦ થી ૧૫ શેર કળીચૂનો પણ આપે છે. ઉપલા મિશ્રણમાં નીચેના અંશો રહેલા છેઃ નાઇટ્રોજન ૦.૫૩ ટકા, ફોસ્ફરિક ૧.૦૧ ટકા અને પોટાશ ૭૪ ટકા. જે જે જમીનમાં આ તત્ત્વોની ઓછપ હોય તેમાં આ ખાતરથી સારો ફાયદો થાય તેમ છે. ધારો કે, એક એકરે ૨૫૦૦ નાળિયેર ઊતરે તે જમીનમાંથી ૧૮ શેર નાઇટ્રોજન, ૫ શેર ફોસ્ફરિક ઍસિડ, ૩૮ શેર પોટાશ, આ ઉપરથી જો ઝાડને પોતાને જે ખોરાકની જરૂર છે, તે પણ ગણીએ તો દર વરસે એક એકરે ૨૪ શેર નાઇટ્રોજન, ૧૨ શેર ફોસ્ફરિક ઍસિડ, ૬૦ શેર પોટાશ અને ૧૦૦ થી ૨૦૦ શેર કળીચૂનો. આ પ્રમાણથી ઓછું ખાતર નહિ ચાલે. અહીંયાં બીજી પણ એક–બે રીતો આપીએ છીએ. (આ ખાતર ૧ વીઘાનું સમજવું.)

૧–સલ્ફેટ ઑફ એમોનિયા ૧૦૦ રતલ. ૨–હાડકાંનો બારીક ભૂકો (બોન–મિલ) ૧૫૦ રતલ, ૩–સુપર ફોસ્ફેટ ઑફ લાઇમ ૫૦ રતલ, ૪–કોપ્રનિટ ૧૦૦ રતલ, ૫–મ્યુરિયેટ ઑફ પોટાશ ૫૦ રતલ=કુલ ૪૫૦ રતલ.

આ રાસાયણિક ખાતર, રોપ્યા પછી પહેલાં ૭ વરસ અગર ફળ આવતાં સુધી આપવાનો રિવાજ છે.

ખાતર–બીજું

૧–સલ્ફેટ ઑફ એમોનિયા ૧૨૦ રતલ, ૨–બોન મિલ ૨૮૦ રતલ, ૩–કોઇનિટ ૧૦૦ રતલ, ૪–સુપર ફૉસ્ફેટ ૬૦ રતલ, ૫–મ્યુરિયેટ ઑફ પોટાશ ૭૦ રતલ=કુલ ૬૩૦ રતલ.

આ ખાતર જ્યારે ફળની શરૂઆત થાય, ત્યારે વાપરવું એમ જણાવવામાં આવે છે.

ખાતર–ત્રીજું

૧–એરંડાનો ખોળ ૨૫૦ રતલ, ૨–તળાવની માટીની ઉપરની પોપડી ૫૦૦ રતલ, ૩–રાખ ૨૦૦ રતલ, ૪–ચામડિયાને ત્યાંનો મેલ તથા સુકાયેલું લોહી ૧૦૦ રતલ, ૫–હાંડકાંનો ભૂકો ૧૦૦ રતલ=કુલ ૧૧૫૦ રતલ.

ઉપરનું વિલાયતી ખાતર મળવાને મુશ્કેલી નડે છે અને મોંઘું પડે છે. તે માટે આનો ઉપયોગ કરવાની કેટલાકો ભલામણ કરે છે.

ઉપરનાં કોઇપણ ખાતરોમાંથી જે વાપરવું હોય, તેજ દર વરસે વાપરવું અને તે, ઝાડને કેમ આપવું તે નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

મઘા નક્ષત્રમાં પહેલા પંદર દિવસ ઝાડનાં મૂળિયાં ઉઘાડાં કરી, જે આગળ ફૂટતાં હોય તેમને કાપી નાખવાં અને ખામણું બરાબર કરવું અને તેમાં ઉપરનું કોઇપણ ખાતર નાખવું અથવા તો નીચેનાં ખાતરો પણ વપરાય છેઃ–ખામણામાં છાણ નાખી તેના ઉપર દીવેલીના ઝાડનાં પાન અને ડાળો વગેરે તોડી નાખે છે અને બેત્રણ દિવસ પછી ખામણું માટીથી ઢાંકી દે છે. છાણને બદલે ખારી માટી પણ વપરાય છે. અગર તળાવની કે ખાબોચિયાની માટીની પોપડી પણ નાખે છે. વિષ્ટાના ખાતરથી પણ લાભ થાય

છે. ગોવા તરફ ઘાસનો રાખોડો અને મીઠું નાંખે છે અને ત્રણ ચાર દિવસ પછી માટીથી ઢાંકી દે છે. અહીંયાં બીજું એક વિલાયતી ખાતર પણ જણાવવામાં આવે છે.

૧–છાણ ૨૫ રતલ, ૨–પોટાસિયમ સલ્ફેટ ૩ રતલ, ૩–પોટાસિયમ કલોરાઇટ ૧ રતલ, ૪–હાડકાંનો ભૂકો ૪ રતલ, ૫–દીવેલીનો ખોળ ૪ રતલ=કુલ ૩૭ રતલ.

આ ખાતર પણ માફકસર આવે છે એમ કહેવાય છે.

પણ ઉપર કહી ગયા તેમ એટલું યાદ રાખવું કે, કોઈ પણ એકજ જાતનું ખાતર વાપરવું, નહિ તો ઝાડ કમજોર થશે.

દુય્યમ પાકો વિષે

નાળિયેરીની વાડીમાં કોઇપણ જાતના દુય્યમ પાકો લેવા સલાહકારક નથી. કારણ આમ કરવાથી જમીનનો કસ કમતી થાય છે અને તેથી કરીને મૂળ પાકને (નાળિયેરીને) બરાબર પોષણ નહિ મળે; માટે જો કંઇ દુય્યમ પાક તરીકે વાડીમાં વાવવું હોય તો તે ફક્ત અઢાર માસમાં ફળે તેવી નાળિયેરીઓ હાલ બહાર પડી છે અને તેનો સારો જથ્થો અમારી પાસે સ્ટોકમાં હોય છે, (નહિ તો ઓર્ડર લઇ મંગાવી આપવામાં આવે છે,) તેજ છે. આ નાળિયેરો રોપવાથી ફાયદો એ થશે કે, આને માટે ખાતર નાખવું પડશે. તેનો ઉપયોગ જમીનનો કસ વધારવામાં થશે; બીજું મોડાં ફળનારાં નાળિયેર તૈયાર થાય ત્યાંસુધી તો આના આઠથી દસ પાક આપણને લેતાં ફાવે છે. આ નાળિયેરો પથરાવાળી જમીનમાં પણ થઇ શકે છે. આ તેનો મોટો લાભ છે. આવી જમીનમાં પ્રથમ થોડી મહેનત કરી, ૭ ફૂટ લાંબા, પહોળા અને ઊંડા ખાડા ખોદાવી ત્રણ મહિના તપવા દેવા. પછી તેમાં નીચેનું ખાતર નાખી છોડ રોપવા અને રોપ્યા, તારીખથી અઢાર માસ પછી ફળ આવે છે.

તેને આપવાનું ખાતરઃ—ખાડા તપી રહ્યા પછી તેમાં સડેલું

છાણનું ખાતર અને રેતી અગર તળાવ અગર ખાબોચિયાની માટીની સુકાયેલી પોપડી અને તેમાં ૭ શેર (પાઉંડ) કળીચૂનો, ૧ શેર મીઠું મેળવીને ખાડામાં નાખવી. તેના ઉપર લીલાં પાંદડાંનો એક થર આપવો અને તેની ઉપર ખાડામાંથી નીકળેલી માટી નાખી ખાડો ભરી દેવો. પછી ત્રણ મહિના સુધી અઠવાડિયામાં એક વાર પાણી આપતા રહેવું અને ત્યાર બાદ ૭ મહિનાનો ફણગો ફૂટેલો રોપો ખાડામાં ઉપર મુજબ રોપવો. (મોટાં નાળિયેરો માટે જે રીત કહી છે તે રીતે) આની આસપાસ પણ ઉપર મુજબ ખામણું કરવું અને વચ્ચે થડની પાસે માટીનો ઢગલો કરવો. આ નાળિયેરો પંદર ફૂટને અંતરે વાવી શકાય છે. દર વરસે ઉપરની માફક ખાતર-પાણી બધું આપવું. આ પ્રમાણે જો માવજત કરવામાં આવશે તો અઢાર મહિનામાં જરૂર ફળ મળશે. બીજું, માવજતમાં આને થોડું વધારે પાણી જોઇએ તેમજ છાંયો પણ જોઇએ. પાણી પાઈ રહ્યા પછી ખામણાં ઉપર ઘાસ અગર પરાળ નાખી ખામણું ઢાંકી મૂકવું, જેથી પાણી જલદી સુકાઇ જાય નહિ.

આજ સુધીમાં આપણે કોઇએ આમ અઢાર મહિનામાં ફળ આવે તેવી નાળિયેરીનું નામ સાંભળ્યું નથી તેથી નવાઈ લાગે તેમ છે; પણ આ કેઈ ગપાટા નથી અને આનો અનુભવ તો દરેક નાળિયેરીની વાડીવાળાઓએ કરી પોતાના ઉત્પન્નમાં વધારો કરવાનો રહ્યો; માટે અમારી ખાસ ભલામણ છે કે, દરેક વાડીવાળાએ બીજા પાકો લઇને જમીનને કસરહિત કરવા કરતાં એનો પાક લઇ, તેને માટે જે ખાતર વાપરવામાં આવે, તેનાથી જમીનને જે સહેજે લાભ થવાનો છે, તે કરી આપવો. છેવટે અમો કહેવા માગીએ છીએ કે, જો કોઇને બીજા કોઇ પાકો લેવાના હોય, તો ફક્ત વટાણાની જાતોનાજ પાકો લેવા. આનાથી જમીનમાં નાઇટ્રોજનનો વધારો થશે અને સહેજે નાળિયેરીને તેનો ઉપયોગ થશે; માટે બીજા કોઇ પાક લેવાની લાલચ રાખવી નહિ.

નાળિયેરીના રોગો

(૧) પાનનો રોગ (૨) બડ-રોગ (૩) શડિયો રોગ (૪) મૂળિયો રોગ. આ સિવાય બે જાતના ભમરાઓનો પણ નાળિયેરીને ઉપદ્રવ થાય છે તે, (૧) કાળો શિંગડાંવાળો ભમરો અને (૨) લાલ ભમરો (ધનેડું.)

રોગોને અટકાવવાના ઇલાજ

(૧) પાનનો રોગઃ—આ રોગ પ્રથમ ટોચ ઉપરનાં કૂણાં પાંદડાંને થાય છે અને ત્યાંથી બીજા પાન ઉપર આની અસર થઇ ફેલાવો થાય છે. આને લીધે ઝાડની જીવનશક્તિ નબળી પડે છે અને ફળ મોટાં થતાં નથી તથા ખરી પડે છે. આ રોગવાળાં પાંદડાં કાળાશ પડતાં જણાય છે અને આખરે ચીમળાઇને જમીન ઉપર પડી જાય છે. આનો નાશ કરવા માટે, ચિહ્ન દેખાય કે તરતજ પાન કાપી બાળી મૂકવાં જેથી ફેલાવો અટકશે. આ અનુભવસિદ્ધ ઇલાજ છે.

(૨) બડ રોગઃ-આ રોગ પ્રથમ કુમળાં પાનને (અગર ડૂંખને) લાગુ પડે છે. પ્રથમ ચિહ્નો તરીકે કુમળાં નાળિયેરો કંઈ પણ ખાસ કારણ સિવાય એની મેળે ખરી પડે છે. પછીથી અર્ધાં પાકાં ફળો પણ આવી રીતેજ પડી જાય છે; પણ ઘણું કરીને પાકેલાં નાળિયેર ઉપર ને ઉપરજ મરી જાય છે. ફૂલ પણ કાળાં પડેલાં જણાય છે. આમ રોગ વધતો જઇ આખું ઝાડ મરી જાય છે. આ રોગોનો દેખાવ માલૂમ પડે કે તરત બોરડોમિશ્રણ નામની દવા તેનાં છેક ઉપલાં કુમળાં પાન ઉપર છંટાવી, આ ક્રિયા રોગ નાબૂદ થતાં સુધી છ થી નવ મહિનાના આંતરે કરવી.

આમ અઠવાડિયામાં એક વાર બીજી પણ ચીજો મેળવીને મિશ્રણ બનાવવું અને તે રેડવું. એવી રીતે કે, કુમળાં પાન ધોવાઇને નીચે પણ તે મિશ્રણ ઊતરે. મિશ્રણઃ-૬ રતલ મોરથૂથુ, ૪ રતલ ફળીચૂનો અને ૫૦ ગેલન પાણી એકત્ર કરી ઉપર કહ્યા મુજબ

અઠવાડિયામાં એક વાર રેડવું.

(૩) શડિયો રોગ:—આ રોગના ચિહ્ન તરીકે થડમાંથી લાલાશ પડતો રસ ગળે છે. આમ દેખાવ થાય કે તુરત તે જે જગ્યાએથી નીકળતું હોય તે કાપી કાઢવી અને બાળી મૂકવું અને કાપી કાઢેલા ભાગને ડામર ચોપડવો, જેથી ભમરાઓનો ઉપદ્રવ તે ઠેકાણે નહિ થાય. જો રોગ વધારે હોય તો જ્યાંથી ફાટ પડી હોય ત્યાં આપણો હાથ જાય એટલું મોટું કાણું પાડવું અને તેમાંથી તમામ સડેલો ભાગ કાઢી નાખવો. પછી તેમાં મીઠું ભરવું. ત્યાર પછી રેતી–સિમેન્ટથી બધો ભાગ ભરી કાઢવો અને ગરમ ડામરથી કાણું પૂરી દેવું. રોગ ભયંકર હોય તો ઝાડને બાળી મૂકવું.

(૪) મૂળિયાંનો રોગ:—આ રોગ મુખ્યત્વે કરીને બે જાતનો છે અને ફક્ત ફળ આપનારાં ઝાડોનેજ લાગુ પડે છે. પ્રથમ નિશાની તરીકે ઝાડનાં કુમળાં પાન ચીમળાઇ જાય છે અને પીળાં પડી છેવટે કાળાં પડે છે અને પડી જવા જેવાં લટકી પડે છે. આમ પાન ઉપર અસર થયા પછી ફળો એક પછી એક પડવા માંડે છે અને છેલ્લે ઝાડનું આખું મથાળું પડી જાય છે. બીજા પ્રકારના રોગોમાં જૂનાં પાનને પ્રથમ અસર થાય છે અને છેવટે પરિણામ તો પ્રથમના જેવુંજ આવે છે, એટલે આખું મથાળું તૂટી પડે છે. આમાં પ્રથમ રોગ લગભગ અસાધ્ય અને બીજો જરા કષ્ટસાધ્ય છે. આ પ્રમાણે મરી ગયેલા ઝાડનાં મૂળિયાંનો બહારનો ભાગ સડેલો હોય છે, તેમજ થડની અંદરનો બે–ત્રણ ફૂટ સુધીનો ભાગ પણ રતાશ પડતો જણાય છે. કેટલીક વખતે થડની બહાર પણ કૂંડાળાંના આકારની લાલ નિશાનીઓ જણાય છે. આને માટે કાંઇ ખાસ ઉપાયો લાગુ પડતા નથી; પણ વાડીની આરોગ્યતા ખાતર વગેરે ઉપાયોથી બરોબર સાચવવી. રોગી ઝાડને બોરડોમિશ્રણથી ધોતા રહેવું અને ઉપર બતાવેલા ચૂનો અને મોરથૂથુના મિશ્રણનો પણ ઉપયોગ કરવો અને છેલ્લે રોગી

ઝાડને તદ્દન નાબૂદ કરવું-એટલે બાળી મૂકવું. આવા ઝાડને છાણનું ખાતર આપવું નહિ; તેમજ જે જમીનમાં ઝાડ ઊભું હોય તેના ખાડામાં ચૂનો ભરવો અને ખાડાની આજુબાજુ બેથી ત્રણ ફૂટ જગ્યા છોડી તેનો કોઇપણ કામમાં ઉપયોગ કરવો નહિ; કારણ તેમાં જંતુઓ હોવાનો સંભવ રહે છે.

જંતુઓના ઉપદ્રવ વિષે

(૧) **કાળો શિંગડાંવાળો ભમરો**—આ ભમરો રાત્રે નીકળે છે અને નાળિયેરની ટોચમાં નીકળતાં કુમળાં પાન તોડી કોચી કાઢે છે, એટલે ઝાડ વધતું અટકે છે અને મરી જાય છે; કારણ તેણે કોચેલા કાણામાં પાણી જામી જાય છે અને આખું ઝાડ સડી જાય છે. આથી ખરાબ વાસ મારે છે. આ ભમરાની માદા સડેલા ખાતરના ઢગલામાં અગર સડેલા ઝાડમાં અગર સડેલા ભાજીપાલાનાં ઢગલામાં પોતાનાં ઈંડાં મૂકે છે. કેટલીક વાર નાળિયેરના થડમાં કાણું કરીને પણ માદા પોતાના ઈંડાં ત્યાં મૂકે છે. તેની ઇયળ થઈ થોડા દિવસમાં તેનો ભમરો થાય છે. થડમાંનો ભમરો કાઢવા માટે અમારો ખાસ અનુભવસિદ્ધ ઇલાજ આ પ્રમાણે છેઃ-એક લાંબો લોઢાનો સળિયો લઇ તેની અણી કાઢી તે અણીવાળો ભાગ સહેજ વાંકો વાળવો. (અર્ધ ગોળાકાર માફક.) આ સળિયો ધીમે રહીને કાણામાં નાખવો અને પોચા હાથે એક ગોળ ચક્કર પેલા સળિયાને આપવું. પછી સળિયો બહાર કાઢવો, તેની સાથે આ ભમરો બહાર નીકળશે. તેનો નાશ કરવો અને કાણાની અંદર એળિયાના પાણીની પિચકારી મારવી, જેથી અંદરની ઇયળ તથા ઈંડાં મરી જાય છે. પછી ડામર અને રેતીથી કાણું બંધ કરવું. આ ઇલાજથી અમોએ વાંસદા સ્ટેટમાં ઘણી નાળિયેરી બચાવી છે. આ ભમરો ઘણી ઝડપથી થડ કોચીને અંદર ઊતરી શકે છે; માટે હમેશાં ઝાડ તપાસતા રહેવું.

બીજો ઇલાજઃ-રાત્રે એક છાછરું વાસણ લઇ તેમાં ઘાસલેટ

અને પાણી ભેગું કરીને રેડવું પછી તેમાં એક સળગેલી બત્તી (ફાનસ વગેરે) મૂકવી અને આ વાસણ બત્તી સાથે વાડીમાં મૂકવું. ઉપર કહેલું છે કે, આ ભમરો રાત્રે બહાર નીકળ્યા પછી બત્તી ઉપર મોહ પામીને ઝડપ મારશે તેવોજ વાસણમાં પડી ઘાસલેટ હોવાને લીધે મરણ પામશે. ત્રીજો ઇલાજઃ–દીવેલાનાં બિયાં તળી તેનો ભૂકો બનાવવો અને ઉપર મુજબ છાછરું વાસણ લઈ પાણીમાં મેળવી તે વાસણ મૂકી દેવું. તેની વાસથી પણ ભમરો અંદર આવીને પડી મરી જાય છે. દસ–પંદર ઝાડ દીઠ ઉપરના ઇલાજવાળું એક વાસણ મૂકવું. ચોથો પણ એક ઇલાજ છે તે એ કે, વાડીમાં જુદી જુદી જગ્યાએ જૂના પડિયાનો ઢગલો કરવો. આમાં માદા પોતાનાં ઈંડાં મૂકશે. તે ભેગાં કરી બાળી મૂકવાથી તેમનો નાશ થશે.

(૨) **લાલ ભમરો (ધનેડું)**:–આ ભમરો લાલ રંગનો હોય છે અને ઉપરના ભમરા જેટલોજ નુકસાનકારય છે. એટલુંજ નહિ પણ જરા વધારે નુકસાનકારક કહીએ તોપણ ચાલે. આ ભમરાઓ ઝાડના દરેક જાતના ભાગમાં તેમજ સડી ગયેલા ભાગમાં પોતાનાં ઇંડાં મૂકે છે. આ જાતના ભમરાઓ ઝાડના નરમ અને કુમળા ભાગોને ખાઇને અને કાણાં પાડીને પુષ્ટ થાય છે અને તેમાંજ ફરી પોતાનાં ઇંડાં મૂકે છે અને વખતસર ઈંડાંમાંથી બીજા ભમરાઓ બની પાછો ઉપદ્રવ કરે છે. એમ ચાલ્યાજ કરે છે અને આમ ઝાડોને મોટા પ્રમાણમાં સડો લાગે છે. આને ઓળખવાની રીત એ છે કે, જ્યાં આગળ કાણું હોય તેની પાસે કાન ધરવાથી એક જાતનો અવાજ નીકળે છે. આનો ઉપાય જ્યાં કાણું હોય ત્યાંથી તેટલો ભાગ કાપી કાઢવો અને ઉપર મુજબ ડામરથી ઘા ભરી કાઢવો. ડામર અંદર જાય તેમ ન હોય તો ડામરનું પોતું પલાળી કાણામાં ખોસી દેવું અને ઉપરથી સિમેંટથી બંધ કરી દેવું. રોગ ભયંકર હોય તો ઝાડ કાપી બાળી મૂકવું. સારાં તંદુરસ્ત ઝાડોને આ રોગ લાગુ પડતો નથી; માટે તેમની તંદુરસ્તી ઉપલા ઉપાયોથી સાચવવાને કાળજી

રાખવી. ઝાડને હમેશાં તપાસતા રહેવું અને જરા પણ રોગની નિશાની જણાય તો તુરત ઇલાજ કરવો. આમ કરવાથી પણ રોગોનો અટકાવ થશે. બીજું, વાડીમાં મરી ગયેલાં ઝાડો અગર બીજી વસ્તુઓના કટકા કરી ઠેકઠેકાણે રાખી મૂકવા. તેમાં ઉપલાં જંતુઓ કદાચ થયાં હોય તો તે તપાસતાં રહેવું અને તેવું માલૂમ પડે કે તુરત તેમનો નાશ કરવો.

નાળિયેરની ઉપયોગિતા

ઉપર શરૂઆતમાં કહ્યું છે કે, નાળિયેરીને કલ્પવૃક્ષ માનવામાં આવે છે તે બિલકુલ યથાર્થ છે; કારણ નાળિયેરીના ઝાડમાંથી, ઘરસંસારની ઉપયોગી ચીજો બને છે. જેવી કે સાવરણી. (પાનના રેષામાંથી,) ઘર ઉપર નળિયાં તરીકે આનાં પાનનો, એક પ્રકારથી ગૂંથીને ગરીબ લોકો ઉપયોગ કરે છે. ઉપર જણાવ્યા મુજબ ત્રાવણકોર એટલે મલબારકિનારા ઉપરના લોકો આ ઝાડમાંથી પોતાના ઉપયોગની ઘણીખરી ચીજો બનાવી જાણે છે. અહીંયાં તેમાંથી નીકળતા કાચા પદાર્થો જેવા કે કોપરું, ફળની ઉપરની છાલ, કાચલીઓ વગેરેનું શું શું બને છે તે તપાસીએ. ઉપરની ચીજો સારા પ્રમાણમાં પરદેશ ખાતે જાય છે અને ત્યાં આપણને નવાઈ પમાડે એવી રીતની ચીજો તેમાંથી બને છે, જે આપણે ત્યાં પાછી આવે છે અને મોંઘી કિંમતે વેચાઇ આપણી જરૂરિયાતો પૂરી પાડે છે.

ફળ ઉપરની છાલનું રૂપાંતર

જે નાળિયેર આપણને બજારમાં વેચાતું મળે છે તે તેવીજ સ્થિતિમાં ઝાડ ઉપર નથી હોતું; પણ તેના ઉપર કુદરતે સખત રેષાવાળી છાલ ચઢાવેલી હોય છે. જો કે તે બહારથી સુંવાળી અને ખૂબસૂરત દેખાય છે પણ તે રેષાઓ બહુ ચીકણા હોય છે. રેષાઓને ખારા પાણીમાં ઘણો વખત રાખી કહોવડાવવામાં આવે છે. આ પછી તેને મોગરીથી કૂટીને રેષા છૂટા પાડી શકાય છે. તેની અહીં-

યાં અમુક જાતના લોકો (ખારવા વગેરે) દોરડીઓ, જેને આપણે કાથીની દોરડી કહીએ છીએ તે બનાવે છે. દોરડીઓ કેટલી ઉપયોગી છે તે કોઇ પણ હિંદવાસીથી અજાણ્યું નથી. ઘર બાંધવામાં, ઘરમાંની ચીજો, જેવી કે ખાટલા વગેરે ભરવામાં આનો મોટા પ્રમાણમાં હિંદુઓ ઉપયોગ કરે છે. આ દોરીની બરોબરી ભાગ્યેજ કોઇ બીજી જાતની દોરી કરી શકતી હશે; પરંતુ આ કરવાનું કામ ઘણી સખત મહેનતનું છે. આને માટેજ આપણી સરકારે આંદામાન જેવા બેટોમાં મોકલવામાં આવતા જન્મટીપના કેદીઓને કૂટવાનું કામ સોંપ્યું છે. ત્યાં આને માટે તેમના ઉપર કેવી રીતે જુલમ ગુજારવામાં આવે છે, તે અહીં બિલકુલ અસ્થાને હોવાથી લખ્યું નથી અને બીજા પ્રાંતોમાં જ્યાં આ ઝાડોની ખેતી છે ત્યાંના સખત મજૂરીના કેદીઓને પણ આ કૂટવાનું કામ સોંપવામાં આવે છે. તેના આમ કૂટી તૈયાર કરેલા રેષા પરદેશ ખાતે પણ ચઢે છે. ત્યાં આધુનિક મશિનરીની સહાયથી મોટાં દોરડાંઓ (જેવાં કે કોસમાં વપરાય છે તેવાં) બનાવવામાં આવે છે. આ રેષાઓનું પૃથક્કરણ કરી દોરડાંઓ બનાવવાના, પાથરવાનું કંતાન બનાવવાના, બ્રશ બનાવવાના, વાળવાની સાવરણીઓ બનાવવાના, એમ જુદા જુદા વર્ગ પાડે છે અને છેલ્લા વર્ગના એટલે નરમ વર્ગના રેષાઓ ગાદલાં, મોટરગાડીના તકિયા, કોચ વગેરે ભરવામાં વપરાય છે અને એકદમ ભૂકો રહે તેનો ઉપયોગ ખાતરમાં થાય છે.

(દૈનિક " હિંદુસ્તાન "ના એક અંકમાંથી)

૪૫–शारीरिक सुखाकारी विषे थोडीक सूचनाओ

(લેખકઃ–શ્રી. એન. ટી.)

જ્યારે તબિયત બગડે ત્યારે દવાની દરકાર નહિ રાખતાં દવા-વગરના કુદરતી ઉપચારો અજમાવો.

લાંબા સમયની કોઇ વેદના હોય તો એમ નહિ ધારવું કે, અઠવાડિયામાં સાજા થવાશે. નિયમિત વ્યાયામ ચાલુ રાખી મગજ-શક્તિનો ઉપયોગ કરવો.

તાપના વખતમાં કાળાં કપડાં પહેરવાં નહિ, તે ખરાબ દેખાય છે તથા તાપને ખેંચે છે.

શરીર પર અંદરના ભાગમાં ગરમ-ઊનનું કપડું સારા અસ્તર વગર પહેરવું નહિ.

તબિયતની સંભાળની પણ દરકાર ન રહી શકે એટલા ઉદ્યોગ-માં અહોરાત્ર મચ્યા રહેવું નહિ.

ઊંડા શ્વાસ લેવાની કસરત હરગીજ ભૂલવી નહિ.

કદી ઉન્માદકારક કેફી પીણાં પીવાં નહિ.

તદ્દન બંધ–અંધારી જગ્યામાં રહેવું નહિ. તદ્દન બંધ ઓરડા-માં સૂવું નહિ. પૂરતો પ્રકાશ અને સ્વચ્છ હવા બને તેટલી છૂટથી લેવાં.

આઠ કલાકથી વધારે નિદ્રા લેવી નહિ.

કોઇ પણ પ્રકારનો મ્લેચ્છ–માંસાહાર–ખોરાક ભૂલેચૂકે સહેજ પણ લેવો નહિ.

એડીવાળા બૂટ પહેરવા નહિ, તેમજ એકદમ સંકુચિત ટાઇટ કપડાં પહેરવાં નહિ.

દરરોજ થોડો પણ શારીરિક વ્યાયામ લેવાને ચૂકવું નહિ.

ઉતાવળે જમવું નહિ, ચાવીને ખાતાં પ્રસન્ન મન વડે પૂરતો સમય લો અને દીર્ઘ આયુષ્ય ભોગવો.

પુષ્કળ પાણી પીવાને જરા પણ અચકાતા નહિ.

જમતાં એક કલાક પહેલાં અથવા જમીને તરત કસરત કે મહેનતનાં કામ કરવાં નહિ.

કોઇ પણ રીતે તંબાકુનો ઉપયોગ કરવો નહિ.

માંદાને ખાવા કાંઇ પણ આપવું નહિ; માત્ર પ્રવાહી દૂધ, કાંજી, હલકો જૂજ ખોરાક આપી અંદરના અવયવોની શુદ્ધિ સ્વલ્પ સમય થવા દો.

દરરોજ નાહવાને અચકાવું નહિ. તેમ ન બને તો અઠવાડિયામાં ત્રણ વખત પણ ચૂકવું નહિ.

ચા, કોફી, ભાંગ, ચરસ, ગાંજો, ધૂમ્રપાનનું નિત્ય અતિસેવન જીવલેણ છે.

કબજિયાત માટે જુલાબ લેવો નહિ. એનિમા–પાણીથી કોઠો ધોઇ નાખવો.

તમારા અથવા તમારા કુટુંબ માટે દવા વગરના ઉપચારો અજમાવવાને ડરતા નહિ. જ્યારે કૂતરાંબિલાડાંને મારવા માગતા હો તો તેને લગતી દવા કરજો.

પેટના વિકાર–મળનો નાશ કરવા અવયવોની નિયમિત ગતિ–ચલનવલન માટે જુલાબ આદિનો ઉપયોગ નહિ કરતાં થોડે દિને તદ્દન નિરાહાર અપવાસનો અચૂક અખતરો અજમાવો.

તંદુરસ્તી, સુખ અને દવા વગરના ઉપચારોને લગતું સર્વ સાહિત્ય વાંચવાને આળસ રાખવું નહિ.

બાળકને નવ માસ સુધી માત્ર દૂધ તથા પાણી સિવાય કાંઇ આપવું નહિ.

જ્યાંસુધી સ્ત્રીપુરુષોના શરીરના બાંધા સબળ ન હોય, ત્યાંસુધી તેમનો લગ્નસંબંધ યોજવો નહિ.

કોઇના પણ હોઠ ઉપર ચુંબન લેવા કદી લલચાતાં નહિ.

ગમે ત્યાં ખુરસીમાં ઢીલા થઈ બેસવું નહિ, હમેશાં ટટાર સીધા બેસવાની ટેવ રાખવી.

જ્યારે સામાને હૃદયવેદના જેવી કાંઇ શિથિલ બેચેન પ્રકૃતિ જેવું ભાસે, ત્યારે તેની સાથે કુસ્તી કરવા યા બાથ ભીડવા યા ભેટવા જરા પણ હોશિયારી દાખવવી નહિ.

સર્વદા સૂર્યોદયપૂર્વે નિદ્રાત્યાગ કર્યા બાદ બિછાનામાં આળસથી ન આળોટતાં શૌચ, દંતધાવન ઇ૦ શુદ્ધક્રિયાથી મુક્ત થઇ સ્નાન-સેવાસ્મરણમાં સજ્જ રહો. એ નિયમિત અનુષ્ઠાન શરીર, મન, આત્મોન્નતિના અપૂર્વ આદેશ સહજસાધ્ય કરશે.

સર્વ ઇંદ્રિયોને સ્વાધીન રાખો. કોઇ પણ પ્રકારે તેને સ્વાધીન થવું નહિ. મનને સદા આનંદ સાથે અંકુશમાં રાખી, ઉજ્જવળ જીવન-ઉત્કર્ષ પ્રાપ્ત કરો.

ગૃહશુદ્ધિ અર્થે ધૂપ વગેરે સાહિત્યો વડે માર્જન કરો. અઠવાડિયે એક વાર હવન કરવો.

પ્રાતઃકાળે તેમજ સાયંકાળે ખુલ્લી હવામાં ફરવાની ટેવ શરીર-સુખ માટે અત્યંત હિતાવહ છે.

ભૂખતરસ વેઠી, મારવી નહિ. શરીરની પાચનશક્તિના પ્રમાણમાં નિયમિત ખોરાક લેવો. મળમૂત્રાદિ નૈસર્ગિક હાજતોમાં અવરોધ પાડવો નહિ.

માનસિક આધિ–ઉપાધિમાં કિંચિત ઉદ્વેગ રાખવો નહિ. 'જે થાય તે સારાને માટે.' ધૈર્ય અને શૌર્યથી સદા સંતોષનું સબળ સેવન ચાલુ રાખવું. જેથી પહાડ સરખાં સંકટો ક્ષણમાં તૂટી પડશે.

(દૈનિક 'હિન્દુસ્તાન'ના એક અંકમાંથી)

૪૬–*दूध केवी रीते वापरवुं ?

(લેખક:–શ્રી. મજમુદાર)

આપણા શરીરનો વિકાસ કરવા અને ટકાવી રાખવા જે જે પદાર્થોની અગત્ય છે તે સર્વ પદાર્થો એકલા દૂધમાંથી મળી શકે. આથી આપણે દૂધને એક સંપૂર્ણતા પામેલા ખોરાક તરીકે ઓળખી શકીએ; અર્થાત્ દૂધના જેવો ઉત્તમ ખોરાક બીજો એક પણ નથી. દૂધમાં મુખ્ય બે વસ્તુઓ હોય છે:–ઘી (ફૅટ) અને દૂધમાંથી બનતી ખાંડ, ઘી–માખણને આપણું શરીર એકદમ ઉપયોગમાં લઇ લે છે અને મિલ્કસૂગર ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

મિલ્કસૂગર (દૂધમાંથી બનતી ખાંડ) શરીરના વિકાસને અર્થે ઉત્તમ જણાઇ છે. આપણી શેરડીની ખાંડમાં જે હાનિકારક તત્ત્વો છે તે બધાંથી આ ખાંડ તદ્દન મુક્ત છે; પણ આ ખાંડ (મિલ્કસૂગર) પ્રાણીઓનાં દૂધ સિવાય કુદરતના બીજા કોઈપણ ખૂણામાંથી જડી શકી નથી.

આપણે જાણીએ છીએ કે, દૂધ વાસી થાય છે ત્યારે ખાટું થઇ જાય છે, પણ માંસની પેઠે બગડી જતું નથી. આનું કારણ આ ખાંડજ છે. મિલ્કસૂગર ધીમે ધીમે પાચન થાય છે અને માલ્ટસૂગર કરતાં ચોથા ભાગના વખતમાં શરીરમાં શોષાઇ જાય છે. એ વળી ધીમેથી પચતી હોવાથી જઠરની આગળ વધીને આંતરડાં લગી જાય છે. ત્યાં લગણમાં ધીમે ધીમે પચે છે અને ત્યાં લેક્ટિક એસિડના રૂપમાં ફેરવાઇ જાય છે. આ લેક્ટિક એસિડ શરીરમાં થતા બિગા-

* અમેરિકાના ગોવાળિયાઓ અને ખેડૂતો આગળ ડૉ. જે. એચ. કેલોગે આપેલા ભાષણનો તરજુમો. વ્યાખ્યાનકર્તાના 'ઑટો ઇન્ટોક્સિકેશન' નામના પુસ્તકમાં આ આખું વ્યાખ્યાન છપાયું છે.

ડને અટકાવી કરોડો મનુષ્યોના પ્રાણ બચાવે છે. આ મિલ્કસૂગરને લીધેજ દૂધ બગડતું નથી; ફક્ત ખાટું થઇ જાય છે. જ્યારે માંસ બગડી જાય છે, ડૉ. કેલોગ લખે છેઃ—"દશ વર્ષો પૂર્વે મેં એક માંસનો ટુકડો છાશની બરણીમાં નાખી મૂક્યો. આ ટુકડાને કોઇ પણ જાતની જંતુવિનાશક દવા લગાડ્યા વગરજ નાખ્યો હતો; છતાં આજે દશ વર્ષ પછી જોતાં એ એમનો એમ બગડ્યા વગર નીકળ્યો ! આ બધા પ્રતાપ પેલી મિલ્કસૂગરના અને ઍસિડ (ખટાશ) ઉત્પન્ન કરનાર જંતુઓનાજ છે; એટલે નાનાં બચ્ચાંની પાચનક્રિયા વગેરેને સંભાળવાનું કામ કુદરતજ દૂધની મારફત કરે છે.

દૂધમાં કેસિન નામનો જે પદાર્થ છે, તે શરીરનો વિકાસ અને મરામત ઘણી જલદી કરી ખોરાકને બરાબર પચાવે છે અને પોષણાર્થે શરીરમાં ભળી જાય છે. આ સિવાય દૂધમાં બીજા પ્રોટિન્સ પણ છે. એ પણ ઉપર પ્રમાણેજ કામ કરે છે.

વળી ગાયના દૂધમાં માતાના દૂધ કરતાં ચારગણા ક્ષાર છે. દૂધમાં મુખ્યત્વે કરીને ચૂનો વધારે છે. એક પીંટ ચૂનાના પાણી (લાઇમવૉટર)માં જેટલો ચૂનો હોય છે તેના કરતાં ૧૧ થી ૧૬ ગ્રેન જેટલો વધારે ચૂનો એક પીંટ દૂધમાંથી મળી આવે છે. આ જગાએ માંસાહાર અને વનસ્પતિઆહારનો ફેર પ્રત્યક્ષ થાય છે. માંસમાં દૂધથી ડબલ ચૂનો હોય છે, છતાં શરીરમાં તો તે ફક્ત અડધો ગ્રેનજ ભળવા દે છે. હાડકાંના વિકાસનો મુખ્ય આધાર ચૂના ઉપરજ છે; એટલે આખા શરીરના વિકાસ માટે કુદરતે દૂધ જેવો ઉત્તમ ખોરાક બીજો એકકે બનાવ્યો નથી. ચૂનો હાડકાંના વિકાસ માટે અને પ્રોટિન માંસપિંડના વિકાસ માટે વપરાઈ જાય છે.

એક બીજું અગત્યનું સત્ત્વ દૂધમાં છે, તેને વિટામિન કહે છે અને આ સત્ત્વને લીધેજ દૂધ ઉત્તમમાં ઉત્તમ ખોરાક કહેવાય છે. દરેક વનસ્પતિ પોતપોતાનું વિટામિન જમીનમાંથી સત્ત્વો કાઢી બનાવી લે છે, પણ ગાય બનાવી શકતી નથી. ગાય તો આવી જુદી જુદી

જાતની વનસ્પતિ જે પોતાને ઉપયોગી જણાય તે ખાય છે અને બધાં વિટામિનનો સામટો જથ્થો દૂધ વાટે બહાર કાઢે છે. અલબત્ત, આ જગાએ દૂધ તદ્દન ચોખ્ખું અને તાજુંજ દોહેલું સમજવાનું છે, નહિ કે ઉકાળેલું અથવા જંતુવિનાશક દવાઓના ભેગવાળું. (મુંબઇના દૂધ જેવું.)

દૂધમાં કેટલાક પાચક રસો પણ છે-ડાઇજેસ્ટિવ, ફરમેંટ્સ, ગેલેક્ટોઝ, ઓકસીડેઝ અને રીડક્ટેઝ. આ બધા પાચનક્રિયામાં ખાસ મદદ કરે છે. દૂધ ઉકાળવાથી આ બધા રસોનો નાશ થાય છે. આ રસનો નાશ થાય છે કે નહિ તે જોવા સ્ટોર્ચ નામના વિદ્વાને નીચે પ્રમાણે અખતરો અજમાવ્યો છે. એક કાચની કસનળી (ટેસ્ટ ટ્યૂબ)માં પાંચ ક્યુબિક સેંટિમિટર દૂધ લઇ તેમાં એક ટીપું બે ટકા હાઇડ્રોજન પેરોક્સાઇડ અને બે ટીપાં બે ટકા સોલ્યુ૦ પેરાફેનેલીન ડિયામિન નાખી હલાવવું. જો દૂધ ઉકાળેલું નહિ હોય તો ઘેરો જાંબલી રંગ દેખાશે અને ઉકાળેલું હશે તો કોઈ રંગજ થશે નહિ.

દૂધને આપણે પ્રવાહી "ટીશ્યુ" પણ કહી શકીએ; કારણ એ લોહીમાંથીજ બનેલું છે અને તાજુ દોહેલું, શરીરની ગરમીથી ગરમ લાગતું ધારોષ્ણ દૂધ લોહીની માફક જંતુઓને મારી નાખવાની શક્તિવાળું હોય છે. લોહીમાં દેખાતા એન્ટિબોડી, એગ્લુટિનીન, એન્ટિટોક્સિન અને ઓપ્સેનીન દૂધમાં પણ હોય છે. બધા એન્ટિબો-ડીઝનો જુદો જુદો ઉપયોગ માલૂમ પડ્યો નથી, પણ રોગને અટકાવવા માટે એ બધી ઘણી તૈયારીઓ કરી મૂકે છે એમ માનવાને સબળ કારણો મળી આવ્યાં છે.

દૂધ તાજું દોહેલું અને વગર ઉકાળેલુંજ વાપરવું જોઇએ. દૂધને ૧૫૮ ડિગ્રી ફેરનહીટ સુધી ગરમ કરવાથી એમાંના એન્ટી-બોડીઝ મરી જાય છે અને ૧૭૬ ડિગ્રી ફેરનહીટે એમાંના પાચક રસોનો નાશ થાય છે. તેથી દૂધ ઉકાળ્યા વગરનુંજ વાપરવું. વિજ્ઞાન-શાસ્ત્રીઓએ ઊંદર ઉપર દૂધના અખતરા અજમાવ્યા છે. થોડાક

ઊંદરો પકડી અમુક વખત સુધી કેટલાકને ફક્ત ઉકાળેલું દૂધ ખોરાક તરીકે આપ્યું ને થોડાને વગર ઉકાળેલું દૂધ આપવામાં આવ્યું. ઉકાળેલું દૂધ પીનારા ઊંદરો અમુક મુદત પછી તપાસતાં, જેવા હતા એવા ને એવા માલૂમ પડ્યા અને વગર ઉકાળેલું દૂધ પીનારા જાડા જબરા અને હૃષ્ટપુષ્ટ માલૂમ પડ્યા. આ અખતરો કુદરતી–ધારોષ્ણ–દૂધ વાપરવાની બાબતને પુષ્ટિ આપે છે.

વગર ઉકાળેલા દૂધમાં ખટાશ ઉત્પન્ન કરનાર બેક્ટીરિયા હોય છે. તે હાનિકારક જંતુઓની સામે થાય છે, તેથી દૂધ માંસની પેઠે ગંધાઇને બગડી જતું નથી પણ દૂધ ઉકાળવાથી એ જંતુઓ મરી જાય છે, તેથી દૂધને બગડતાં વાર લાગતી નથી અને હાનિકારક જંતુઓ પણ વગર અડચણે તેની અંદર ઊછરી શકે છે.

ખરેખર, કુદરતે ઉત્પન્ન કરેલું દૂધ વિટામિન અને એન્ઝાઇમથી ભરપૂર છે. એમાંનાં પ્રોટિન મગજને તથા સ્નાયુઓને પોષણ આપી વધારે છે. સોલ્ટસ :શરીરમાં રહેલા હાડપિંજરને પુષ્ટિ આપે છે અને ફેટ્સ–ઘી–(સ્નેહ) વિકાસક્રમની ગતિને આગળ ધપાવે છે; પણ અફસોસની વાત છે કે, આપણા લોકો એ દૂધને ઉકાળીને એટલે એમાંનાં ખાસ અગત્યનાં તત્ત્વોનો નાશ કરીનેજ વાપરે છે!

ઉકાળ્યા વગરનું દૂધ પણ ચોખ્ખું તો હોવુંજ જોઇએ. ઠેઠ ગાય બાંધવાના તબેલા આગળથી સ્વચ્છતાની કાળજી રાખવી જોઇએ. ગાય, ભેંસ વગેરે પ્રાણીઓ પણ નીરોગી હોવાં જોઇએ. રોગી પ્રાણીઓનું દૂધ અસંખ્ય રોગોને જન્મ આપે છે અને કરોડો મનુષ્યો આ રોગોના ભોગ થઈ પડે છે. ઘણી વાર એમ જણાયું છે કે, ગંદા તબેલાની ગાયભેંસના દૂધથીજ ક્ષય રોગ લાગુ પડ્યો હતો.

હવે દૂધ કેવી રીતે ખાવું જોઇએ? દૂધને જો આપણે નાના ઘૂંટડા ભરીને તથા 'ચાવી ચાવી'ને ગળે ઉતારીએ તો એ "સલાઇવા" લાળ સાથે ભળી જઇ મોઢામાં પાતળું થઇ પેટમાં જાય

છે તેથી એને પચતાં વાર લાગતી નથી; પણ એમને એમ ગળે ઉતારવાથી જઠરમાં પહોંચતાં પહોંચતાંજ ફાટીને દહીં બની જાય અને તેથી પચતાં ઘણો વખત લાગે.

જ્યારે નાનાં બચ્ચાંઓને માતાના દૂધને બદલે ગાયના દૂધથી ઉછેરવાનાં હોય, ત્યારે ગાયના દૂધને માફકસર પાતળું અને માતાના દૂધ જેવું બનાવી આપવું જોઇએ. અમેરિકામાં દર વર્ષે નવાં જન્મતાં પચીસ લાખ બાળકોમાંથી અઢી લાખ બાળકો દૂધની આ પ્રકારની સંભાળ નહિ લેવાથી મરણને શરણ થાય છે. ગાયના દૂધમાં માતાના દૂધ કરતાં ચારગણો ચૂનો, ત્રણગણાં પ્રોટિન્સ અને બે તૃતિયાંશ જેટલી ખાંડ હોય છે.

આંચળવાળાં પ્રાણી પોતાનાં બચ્ચાંનાજ વિકાસ માટે ઉપયોગી થાય એવું દૂધ ઉત્પન્ન કરે છે. ગાયનો વાછરડો બે વર્ષે જુવાન બળદ તરીકે ઓળખાય છે એટલે કે ગાયનું દૂધ એનાં બચ્ચાંને બે વર્ષે જુવાન બનાવે છે. માણસોમાં સોળ વર્ષે જુવાની આવે છે, એટલે ગાયના કરતાં આઠમા ભાગની પાચનશક્તિ ઇશ્વરે માણસને આપી છે. માતાનું દૂધ માફકસર અને સોળ વર્ષે જુવાન બનાવી શકે એવું બનાવ્યું છે, તેથીજ ગાયના દૂધને માફકસર પાતળું કરી નાનાં બચ્ચાંના ઉપયોગમાં લેવું. માફકસર પાતળું કરવાની સહેલી રીત નીચે પ્રમાણે છે:—જેટલું દૂધ હોય તેટલુંજ ચોખ્ખું પાણી લઇ એક શેરે અધોળ ખાંડ નાખી ઉપયોગમાં લેવું.

કેટલાક માણસોને દૂધ ઉપર કુદરતી અણગમો ઉત્પન્ન થયેલો હોય છે; એટલે દૂધની સામે નજર સુધ્ધાં કરતાં, એમનો જાણે જીવ ઊડી જાય છે. આવા માણસો ડૉક્ટરની દેખરેખ નીચે પહેલાં એક શેર પાણીમાં એક ચમચો દૂધ, પછી બે ચમચા, એમ ધીમે ધીમે પ્રમાણ વધારી દૂધ પીતાં શીખી શકે છે અને અણગમો દૂર કરી શકાય છે.

શરીરની ચરબી વધારવા તથા શરીરનો બાંધો મજબૂત કરવા ડૉક્ટરો દૂધને દવા તરીકે વાપરે છે ને એમાં એમને સફળતા પ્રાપ્ત થઇ છે.

દૂધ એ માંસ તથા ઈંડાં કરતાં ઘણો સસ્તો અને સલામતી-ભર્યો ખોરાક છે અને માંસ કરતાં વધારે ગુણકારી અને સલામતી-ભર્યો છે. એટલે માંસાહારી લોકો માંસ ત્યજી, ગાયોને પાળીપોષી દૂધજ ખાય-પીએ તો ઘણો ફાયદો થાય. સરકાર પણ કતલખાનાં તરફથી લક્ષ ઓછું કરી ગોરક્ષાના પ્રચારને ઉત્તેજન આપે તો નિર્દોષ પ્રાણીઓની હિંસા થતી અટકે અને ઠેર ઠેર નમાલાં અને માયકાંગલાં મનુષ્યોને બદલે હૃષ્ટપુષ્ટ (ચોખા જેવાં!) મનુષ્યોજ નજરે પડે.

('ગુજરાતી કેસરી'ના એક અંકમાંથી)

૪૭–हिंदुओने पडकार

ઢાકા જિલ્લાના હિંદુઓની પરિષદના પ્રમુખપદેથી ડૉક્ટર મુંજેએ જણાવ્યું છે કે, જ્યાંસુધી ધર્મમંદિરો અને અનાથ અબળાઓનું રક્ષણ કરી શકવાની આપણામાં શક્તિ નથી, ત્યાંસુધી સ્વરાજ્યની વાત કરવી નિષ્ફળ છે. જ્યારે ધર્મનો તદ્દન વિધ્વંસ થવાની પળ આવે, ત્યારે હિંદુઓને સ્વરાજ્યના વિચારો પણ ન આવવા જોઇએ. સ્વામી-જીનું મહાન કાર્ય તપાસો અને તરતજ આપણને માલૂમ પડશે કે, હિંદુ હિંદમાં સ્વરાજ્યની સ્થાપના એજ એમના જીવનનો મુખ્ય ઉદ્દેશ હતો; તેમજ જ્યાંસુધી આપણે અંત્યજોદ્ધાર ન કરી શકીએ, ત્યાંસુધી એ સ્વરાજ્યની સ્થાપના સ્વપ્નાં સમાનજ રહેવાની. બંગા-ળમાં સ્ત્રીઓની જે પતિત દશા આપણે જોઇએ છીએ તે ઉપરથી દરેક નેતાએ સમજવું જોઇએ કે, સ્વરાજ કરતાં પણ વધુ જરૂર આપણને એ માતાઓની છે. ભગવદ્ગીતામાં હું તો માનું છું અને ગીતા ચોખ્ખું કહે છે કે, શઠપ્રત્યે શઠતાનુંજ અનુકરણ કરવું.

("ગુજરાતી" ના એક અંકમાંથી)

૪૮—शरीरसुखाकारी जाळववानो अमूल्य उपाय

(લેખકઃ—શ્રી. રમણુલાલ જયકીશનદાસ, બી. એ.)

દુનિયામાં એવો કયો મનુષ્ય છે કે જે તંદુરસ્તી જાળવવા ન ઇચ્છે? સૌ કોઇને સુખ પ્રિય હોય છે. કહ્યું છે કે,—"આપ સુખી તો જગ સુખી!" સુખના સંગી થનાર અસંખ્ય મળે, પણ દુઃખમાં ભાગ પડાવનાર ક્વચિતજ નજરે પડે છે; તો પછી પ્રશ્ન એજ રહે છે કે, ખરો સુખી કોણ? સાર્વભૌમ રાજા, તવંગર શેઠિયો જંગલનો જોગી કે રસ્તાનો ભિખારી? આ બધામાં સુખી કોણ? આ પ્રશ્નનો એકજ ઉત્તર કે, સુખી એજ હોઇ શકે કે જે શરીરે તંદુરસ્ત છે. દુનિયાનાં સુખો પૈકીનું "પહેલું સુખ તે જાતે નર્યા" એમાં બે મત સંભવતાજ નથી. હરકોઇ આ વાત જાણે છે અને માને છે; પરંતુ ઘણેભાગે મનુષ્યો આ સુખ મેળવવા તથા જાળવવાના સહેલા ઉપાયોથી અજાણુ હોય છે અગર જાણતા હોવા છતાં તે પ્રમાણે વર્તવાની ટેવ વગરના હોય છે.

શરીરના કુદરતી સંચાને ચાલુ સ્થિતિમાં રાખવાને દરેક માણસે ખોરાક લેવો પડે છે; પરંતુ આ ખોરાક પણ શરીરને રુચતો અને માફકસરજ લેવાની જરૂર છે. ખોરાક પેટમાં ગમે તે પ્રકારે ઘોંચ્યો એટલાથી કાંઈ શરીરની સુખાકારી જળવાતી નથી; પણ જે ખોરાક શરીરમાં દાખલ થાય તેને પચાવવાની શક્તિની ખાસ આવશ્યકતા છે અને જે માણસની પાચનશક્તિ સતેજ હોય તેજ માણસ તંદુરસ્ત રહી શકે છે. ખોરાકનો અપચો અટકાવવાને અને આ પાચનશક્તિને હમેશાં સતેજ રાખવાને ફક્ત એકજ અને સહેલો ઉપાય છે અને તે એજ છે કે, "તમારા ખોરાકનો દરેક કોળિયો તેમાંનો તમામ રસ ચુસાઇ જાય ત્યાં સુધી ચાવવાની ટેવ પાડો." આ કાંઇ

હાલમાંજ થયેલી નવીન શોધ નથી. આશરે સો વર્ષ પહેલાં "સ્પેંસનઝાની" નામના મનુષ્યે પોતાની જાત ઉપરજ અખતરો કરી પુરવાર કર્યું હતું કે, સારી પાચનશક્તિ માટે પૂરેપૂરું ચાવવાની ખાસ આવશ્યકતા છે. દરેક ખોરાકમાં જુદો જુદો સ્વાદ રહેલો છે અને આ સ્વાદથી થતો આનંદ, તેમ પેટની તંદુરસ્તી આજ એક ટેવથી વધારી શકાય છે. તો શા માટે સહેલથી મેળવી શકાતી તંદુરસ્તી માટે દરેક માણસે નાનપણથીજ આ ટેવ પાડતાં ન શીખવું ? ચાવવાની ટેવ સારી હોય તો ગમે તે ચીજ વગરનુકસાન કર્યે શરીરમાં ગબડાવી શકાય. ગયા સૈકામાં ગુલામ વેચવાનો ધંધો કરનારા પણ પોતાના ગુલામોના દાંત તરફ ખાસ કાળજી રાખતા હતા અને ગુલામનો એક એક દાંત ઓછો થતાં તેની કિંમતમાં પણ તે પ્રમાણે ઘટાડો થતો હતો. મોટા મોટા ડૉકટરો પણ પોતાના દરદીને ચાવવા તરફ સંપૂર્ણ લક્ષ આપવા ખાસ ભલામણ કરે છે અને કહે છે કે, અપચો થવાનું મૂળકારણ અપૂર્ણ ચાવવું એજ છે. મહારાણી વિકટોરિયાના ડૉકટર સર એન્ડ્રુ કલાર્કે પણ કહ્યું છે કે, "આપણને પ્રભુએ બત્રીસ દાંત આપ્યા છે, તો આપણે ખાતી વખતે દરેક કોળિયાને બત્રીસ વખત ચાવવો જોઇએ." આટલુંજ નહિ પણ મોટી મોટી વીમા કંપનીઓ પણ વીમો ઉતારતી વખતે આ બાબત પણ ધ્યાનમાં રાખે છે.

આશરે પચાસેક વર્ષ ઉપર વેનિસમાં વસતા એક અમેરિકન વેપારીનો, શરીરમાં વિશેષ વધી ગયેલા વજનને લીધે, તેની ઉંમર પહોંચતી હોવા છતાં વીમા કંપનીએ વીમો લેવાની ના પાડી. આથી તેણે પોતાની તંદુરસ્તી વધારવા અનેક નિષ્ફળ પ્રયત્નો કર્યા; પછી એક અનુભવ કરી જોવા ખાતર સંપૂર્ણ રીતે ચાવવાની ટેવ પાડવા માંડી અને તેને ફક્ત થોડાજ વખતમાં તેનો મીઠો અનુભવ થવા લાગ્યો. તેની તબિયત સુધરવા માંડી. આ ઉપરથી ચાવવાના ગુણોનો ઊંડો અભ્યાસ કર્યો અને એક–બે વર્ષ જેટલા ટૂંકા સમયમાં

તો તેણે અજાયબ લાયકાત, તંદુરસ્તી અને શક્તિ મેળવી. ત્યાર પછી તો તેણે આજ વિચારોનો બહોળો ફેલાવો કરવાનો ધંધો હાથ લીધો અને તેનાં લખાણો વાંચીને અને ભાષણો સાંભળીને સેંકડો માણસો પોતાનો ખોરાક સંપૂર્ણ રીતે ચાવવા લાગ્યા અને સહેજમાં અજબ તંદુરસ્તીનો લાભ મેળવી શક્યા. આ અનુભવસિદ્ધ વાત દરેક જણે ધ્યાન પર લેવા જેવી છે.

વળી ખોરાક સંપૂર્ણ ચાવવાથી શરીરમાં રહેલા "સેલિવા" વગેરે પાચનક્રિયાને મદદ કરતા રસોને, ખોરાક સાથે એકરસ થઇ આ ક્રિયાને સતેજ કરવા તક મળે છે; તેમજ આ ટેવને લીધે ખોરાકનો જોઇતો સ્વાદ ચાખી આનંદ મેળવી શકાય છે; એટલુંજ નહિ પણ ખોરાક જ્યારે ચવાતો હોય છે ત્યારથીજ આપણે જેને "પાચન રસ" (એપિટાઇટ જ્યૂસ) કહીએ છીએ, તે પેટમાં પડવા માંડે છે અને એ રીતે ખોરાક એકરસ થઈ પેટમાં જતાંની સાથેજ તેને પચાવવાની શરૂઆત કરવા પેટ તૈયાર થઈ જાય છે. આ પ્રમાણે લેવાયલો ખોરાક પાચન કરવા પણ ઘણોજ થોડો વખત લાગે છે અને તંદુરસ્તીમાં પાચનશક્તિ સતેજ હોવાને લીધે કોઇ પણ જાતનો સડો પેસવા પામતો નથી; પરંતુ જ્યારે ખોરાક સંપૂર્ણ રીતે ચવાયા પહેલાં પેટમાં દાખલ થાય છે, ત્યારે આપણી પાચનક્રિયા કાંઇક મંદ થાય છે અને ખોરાક એજ સ્વરૂપમાં જોઇએ તે કરતાં વિશેષ વખત સુધી પેટમાંજ પડી રહે છે. આમ થવાથી વખતસર ભૂખ લાગતી નથી અને પેટમાં દુખાવો થઈ અનેક રોગોનો જન્મ થવા પામે છે.

ચાવવાની ક્રિયાને પેટમાં રહેલાં આંતરડાં સાથે પણ સીધો સંબંધ હોય છે. આ ક્રિયા એકલા પેટનેજ તેનું કામ કરવા સતેજ કરે છે એટલુંજ નહિ, પણ જ્યાં જ્યાં ખોરાકનાં પરમાણુઓને ફરવું પડે છે, તે સઘળા અવયવોને ઉત્તેજિત કરી બળવાન બનાવે છે.

માટે શરીરની તંદુરસ્તી જાળવવા તથા વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત

કરવા ઇચ્છનાર દરેક મનુષ્યે, જેમ બને તેમ સત્વર સંપૂર્ણ રીતે ખોરાક ચાવવાની ટેવ પાડવા પ્રયત્ન શરૂ કરવો જોઇએ. આ પ્રમાણે વર્તવાથી વખતોવખત ડોકટરોનાં બિલ ચૂકવવાનો કડવો અનુભવ સહેજમાં દૂર થઇ જશે. દરેક સમજુ પુરુષે આ ટેવ પાડી પોતાની જાતને તંદુરસ્ત કરી અન્યને પણ તેનો લાભ લેવા પોતાથી બનતો બોધ આપવો. ("વ્યાયામ" ના એક અંકમાંથી)

હે હિંદુસ્તાનના વીરપુત્ર ! તું બહાદૂર થા, હિંમતવાન થા, તું હિંદુ છે તે માટે મગરૂર થા ! અને જગતને જાહેર કર કે, "હું હિંદુ છું, હિંદુસ્તાનમાં જન્મ્યો છું અને દરેક હિંદવાસી હિંદનો બ્રાહ્મણ અને ભંગી પણ–મારા ભાઇઓ છે."

ઓ હિંદવાસી ! તારી કેડ ઉપર એકમાત્ર લંગોટી રહેલી હોય તોપણ તું ગર્વથી મોટે સાદે કહેજે કે, "હિંદનું જીવન એજ મારું જીવન છે; હિંદના દેવોજ મારા ઉપાસ્ય છે; હિંદની સમાજ એ મારા બાળપણનું પારણું, જુવાનીની વિલાસભૂમિ અને ઘડપણની સ્વર્ગસમી કાશી છે."

ઓ મારા ભાઇ ! તું જગતને કહેજે કે, "હિંદુસ્તાનની પવિત્રભૂમિ એજ મારી સ્વર્ગભૂમિ છે અને હિંદુસ્તાનનું કલ્યાણ એજ મારું કલ્યાણ છે."

હે ભારતીય ! આ મહામંત્રનો તું રાતદિવસ જપ કરજે કે, "હે લક્ષ્મીપતિ ! હે ગૌરીપતિ ! હે જગદંબા ! મને ખરું પુરુષત્વ આપજો ! હે સર્વ પ્રકારના બળ–ઐશ્વર્યના ભંડાર ! મારી નિર્બળતાનો, મારી બીકતાનો નાશ કરજો અને મને ખરો મર્દ બનાવજો."

—સ્વામી વિવેકાનંદ

४९–शास्त्रोक्त खर्पर× अथवा खापरियानी ओळख

હાલ કેટલાક માસથી "અનુભૂત યોગમાલા" નામના પાક્ષિક હિંદી પત્રમાં શાસ્ત્રોક્ત ખાપરિયા સંબંધી ઘણી ચર્ચા કરવામાં આવી છે. તેમાં કેટલાએક વિદ્વાન વૈદ્યરાજોએ એવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે, ખર્પર એટલે તુત્થભેદ અને તે તુત્થભેદ મળતો ન હોવાથી તેને બદલે મોરથૂથુ (તુત્થ)નો ઉપયોગ કરવો. ખર્પર એ તુત્થભેદ છે એવું બતાવનારાં પ્રમાણો તેમણે ભાવપ્રકાશ, ધન્વંતરિનિઘંટુ, રસમંજરી વગેરે ગ્રંથોમાંથી આપ્યાં હતાં. હવે આ બાબતમાં મોટા મોટા પ્રમાણભૂત રસગ્રંથોનો આધાર લઇને હું, મારો વિચાર આપ સર્વ વિદ્વાનો સમક્ષ રજૂ કરું છું. પ્રથમ તો રસશાસ્ત્રમાં ખર્પરનાં કયાં કયાં નામો આપવામાં આવ્યાં છે તેનો વિચાર ઉપયોગી થઇ પડશે.

१–रसकेजसदं चौरं सीसकाकारसत्वकम् । रसकामधेनु ।

આમાં ખર્પરનું નામ જસત છે એવું સ્પષ્ટ કહ્યું છે.

२–खर्परो नेत्ररोगारी रीतिकृत्ताम्ररंजनः । रसार्णव ।

આમાં **रीतिकृत्** અને **ताम्ररंजनः** એ બે શબ્દોથી નિઃસંદેહ સિદ્ધ થાય છે કે, ગ્રંથકારને જસત અર્થ અભીષ્ટ છે. **रीतिकृत्** એટલે પિત્તળ બનાવનાર. અને **ताम्ररंजनः** એટલે ત્રાંબાને રંગ આપનાર. આ કાર્ય જસતથી થાય છે, પણ તુત્થ અથવા તુત્થભેદથી થતું નથી.

३–जसदं द्विविधं प्रोक्तम् जसदं सस्यकं तथा । धातुरत्नमाला ।

આમાં પણ જસત શબ્દ સાફ લખ્યો છે.

× જયપુર નિ० ભા० વૈદ્ય સંમેલનમાં વૈદ્યરાજ ત્રંબકલાલ ત્રિભુવનદાસ મુનિએ "શાસ્ત્રોક્ત ખર્પર" એ વિષય ઉપર આપેલું વ્યાખ્યાન.

४-रसको रसकं चैवमस्तंयशद् कारणम् मृत्तिकाभक्ष्यपीतामः रसतरंगिणी (नवीन)।

આમાં **यशद् कारणम्** આ શબ્દ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આ ગ્રંથકારે જેમાંથી ખર્પર ઉત્પન્ન થાય તેવી માટીને ખર્પર માની છે.

૫–કાઠિયાવાડ પ્રાંતમાં જસતને ખારીપારી કહે છે, ખારીપારી શબ્દ ખર્પરનો અપભ્રંશ છે.

હવે આપણે ખર્પરના ગુણધર્મસ્વરૂપનો શાસ્ત્ર પ્રમાણે વિચાર કરીએ. રસશાસ્ત્રના અનેક ગ્રંથોમાં લખ્યું છે કે, ખર્પરમાંથી કલઇ જેવું અથવા સીસા જેવું સત્ત્વ નીકળે છે.

६–वंगाभं पतितं सत्त्वं समादाय नियोजयेत्। रसरत्नसमुच्चय।

આમાં કલાઇ જેવું સત્ત્વ નીકળવાનું કહ્યું છે.

७–सत्त्वं कुटिलसंकाशं मुच्यतेनात्रसंशयः। रसार्णव।

આ પ્રમાણમાં સીસા જેવું સત્ત્વ નીકળવાનું લખ્યું છે.

८–सत्त्वंवंगाकृतिग्राह्यम् रसकस्यमनोहरम्। रसरत्नाकर।

આ ગ્રંથકાર પણ કલઇ જેવું સત્ત્વ નીકળવાનું લખે છે.

९–तदासीसोपमं सत्त्वं पतत्येवनसंशयः। रसप्रकाशसुधाकर।

આમાં પણ ખર્પરનું સીસા જેવું સત્ત્વ નીકળવાનું માન્યું છે.

જો ખર્પરનો અર્થ માત્ર તુત્થભેદ અથવા તુત્થ એવો માનીએ તો તુત્થભેદ અથવા તુત્થમાંથી નાગવંગ જેવું સત્ત્વ નીકળવાનો કેવળ અસંભવ છે. તુત્થ અથવા તુત્થભેદમાંથી તો તામ્રજ નીકળે.

૧૦–વળી ખર્પરનો એવો સ્વભાવ છે કે, અગ્નિ ઉપર રાખવાથી તેમાંથી ધૂમ નીકળે અને બીજી ધાતુઓની જેમ અગ્નિ ઉપર સ્થિર રહે નહિ.

अस्थिरोऽग्निगतोऽत्यर्थं दह्यते क्षणमात्रनः। रसराजसुंदर।

११–नागार्जुनेनकथितौ शुद्धौश्रेष्ठरसावुभौ।

कृतौ येनाग्निसहनौ रसखर्पर कौशुभौ ॥
तेनस्वर्णमयीसिद्धिरर्जितानात्र संशयः । रसप्रकाशसुधाकर ।

અર્થઃ—નાગાર્જુને પારો અને ખર્પર આ બે રસોને શ્રેષ્ઠ ગણ્યા છે અને આ બન્નેને જે કોઈ અગ્નિ સહન કરે એવા બનાવે તેણે સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી એમાં કંઇ સંદેહ નથી.

૧૨–આ નીચેનો શ્લોક પણ ઘણા રસગ્રંથોમાં જોવામાં આવે છે.

रसश्चरसकश्चोभौ येनाग्निसहनौ कृतौ
देहलोहमयीसिद्धिर्दासीतस्य न संशयः । रसरत्नसमुच्चय–
रसार्णव ।

रसकामधेनु, टोडरानंद, आयुर्वेदप्रकाश, रसराजसुंदर.

અર્થઃ-પારાને અને ખર્પરને જો અગ્નિ સહન કરે એવા બનાવી શકે તો દેહસિદ્ધિ અને લોહસિદ્ધિ દાસી છે.

૧૩–રસ કામધેનુમાં પણ ખર્પરમાંથી ધૂમ નીકળવાનું લખ્યું છે.

यदिवह्नौ विनिक्षिप्तः खर्परोधूमवान् भवेत् । पृष्ठ १५१

ખર્પરનો એક એવો ગુણ છે કે, તામ્ર આદિ ધાતુઓને રંગ આપે છે. તેમને સુવર્ણસમ પીતવર્ણ બનાવે છે.

१४–शुद्धं ताम्रं रसं तारं भवेत्स्वर्णप्रभं यथा । रसरत्नाकर ।

રસાર્ણવમાં તો તેનું નામજ તામ્રરંજન એવું આપ્યું છે.

હવે ખર્પરના વર્ણ અને સ્વરૂપનો વિચાર કરીએ. કેટલાક રસગ્રંથોમાં તેનો વર્ણ પીત લખ્યો છે અને કેટલાક આચાર્યોનો મત છે કે, શોધન પછી તે પીતવર્ણ થાય છે.

१५–कटुकालाबुनिर्यासेनालोड्यरसकंपचेत् ।
शुद्धोदोषविनिर्मुक्तः पीतवर्णस्तु जायते । रसार्णव ।

અર્થઃ-કડવી તૂમડીના રસમાં ખર્પરને પકાવવું તેથી શુદ્ધ દોષરહિત પીતવર્ણ થાય છે.

१६-पारदटंक एकः स्याद् द्विपलंपीतखर्परम् । आयुर्वेद प्रकाश ।

આમાં પીતવર્ણ-ખર્પરનો પ્રયોગ કર્યો છે.

જો કે ભાવપ્રકાશમાં ખર્પરના ગુણ તુત્થસમાન લખ્યા છે તોપણ અન્ય ગ્રંથો જોવાથી એવું દેખાય છે કે, ખર્પરમાં તુત્થથી જુદા બીજા ગુણો છે.

१७-रसकः सर्वमेहघ्नः कफपित्तविनाशनः ।
नेत्ररोगक्षयघ्नश्च लोहपारदरंजनः ॥
त्रिदोषघ्नं च तत्सत्वं नेत्ररोगविनाशनम् । रसकामधेनु ।

१८-त्रिदोषजित्पित्तकफातिसार क्षयज्वरघ्नोरसकोतिरूक्षः ।
नेत्रामयानां प्रकरोति नाशं स्याद्रंजकः कामलनाशनश्च ॥
रसराजसुंदर ।

અર્થ:-ખર્પર સર્વ પ્રમેહને મટાડે છે તથા નેત્રરોગ, ક્ષયરોગ અને કફપિત્તનો નાશ કરે છે. તામ્ર તથા પારદનું રંજન કરે છે. (તેને રંગ આપે છે.) તેનું સત્ત્વ ત્રિદોષ તથા નેત્રરોગનો નાશ કરે છે.

ભાવપ્રકાશે ખર્પરના જે વામક અને ભેદક ગુણો લખ્યા છે, તેનો આમાં ઇશારો પણ નથી અને તુત્થના ગુણોથી ભિન્ન બીજા ગુણોનું વર્ણન છે.

૧૯-ખર્પરમાં નવીનજ્વર મટાડવાનો વિલક્ષણ ગુણ છે.

त्रिःसप्त जंभजलभावितखर्परस्य
चूर्णं निशोत्थनवनीतविमर्दितं स्यात् ।
वल्लद्वयं हरतिशर्करयानुपानं
सद्योज्वरंज्वरमुराररिसश्चपुंसाम् ॥ निघंटुरत्नाकर ।

અર્થ:-તાજા માખણમાં ખર્પરનું મર્દન કરી તેને એકવીસ વાર લીંબુના રસની ભાવના આપવી. આ જ્વરમુરારિ નામનો રસ બે વાલ પ્રમાણમાં સાકરના અનુપાન સાથે આપવાથી નવીન જ્વરને મટાડે છે.

આમાં નવજ્વર મટાડવાનો ગુણ ખર્પરમાં હોવાનું લખ્યું છે.

હવે લઘુમાલિની વસંત જે બે ભાગ ખર્પર અને એક ભાગ સફેદ મરીને માખણ તથા લીંબુના રસમાં ઘૂંટવાથી બને છે, તેના શાસ્ત્રોક્ત ગુણોને પણ લક્ષમાં લેવા જોઇએ.

२०-जीर्णे ज्वरे धातुगतेतिसारेरक्तान्वितेतक्कभवेविकारे ।
घोरव्यथे पित्तमथे च दोषे वल्लद्वयं दुग्धयुतं च पथ्यम् ॥
प्रदरंनाशयत्याशुतथाशुनार्मशोणितम् ।
विषमं नेत्ररोगं च गजेंद्रपिवकेसरी ॥
वसंतोमालिनीपूर्वः सर्वरोगहरः शिशोः
गर्भिण्यैसवदेयोवैजयंत्याः पुष्पकैः सह
सर्वज्वरहरः श्रेष्ठो गर्भपोषण उत्तमः ॥ योगरत्नाकर ॥

અર્થઃ—આ માલિની વસંત જીર્ણજ્વર, ધાતુગતજ્વર, રક્તાતિસાર, રક્તવિકાર, અતિશય પીડાવાળો પિત્તદોષ-એમાં બે વાલ આપવો અને દૂધસહિત પથ્ય આપવું. તે પ્રદરને તથા અર્શના લોહીને મટાડે છે અને જેમ સિંહ હાથીનો નાશ કરે છે તેમ વિષયનેત્ર રોગોનો નાશ કરે છે. આ માલિની વસંત બાળકોના સર્વ રોગોનું હરણ કરે છે. ગર્ભિણીને જાઇના ફૂલ સાથે આ દવા આપવી. આ શ્રેષ્ઠ રસ સર્વજ્વરનો નાશ કરનાર તથા ઉત્તમ રીતે ગર્ભનું પોષણ કરનાર છે. હવે આ રસમાં આપણે જો ખર્પરના સ્થાનમાં તુત્થ ભસ્મ નાખીએ તો શું ઉપર કહેલા સર્વ ગુણો થવાનો સંભવ છે? વળી મોરથૂથુ જેવી વામક, ભેદક અને જીવ ગભરાવનાર વસ્તુ બે વાલ પ્રમાણમા બાળકોને અને ગર્ભિણીને આપી શકાય? તે શું ગર્ભનું પોષણ કરે?

२१-तुत्थं टंकणसूतखर्परविषं स्याद्गंधकं तालकं ।
सर्वं खल्वतमेविमर्घघटिकांतत्कार वल्लीरसैः ॥

गुंजैकागुटिकासुशर्करयुतासज्जीरकेणाथवा ॥
एकीद्वित्रिचतुर्थशीतहरणः शीतांकुशानामतः योगरत्नाकर

અર્થઃ—મોરથૂથુ, ટંકણ, પારો, ખર્પર, વછનાગ, ગંધક, હડતાળ, આ સર્વ વસ્તુઓ શુદ્ધ લઇ પ્રથમ કજ્જલી કરી, બીજી વસ્તુઓ મેળવી એક ઘડી સુધી કારેલીના રસમાં ઘૂંટવું. પછી ગુંજા પ્રમાણ ગોળી બનાવી સાકર કે જીરાના અનુપાનમાં તે આપવી. આ શીતાંકુશ નામનો રસ એકાહિક, ધ્યાહિક, ત્ર્યાહિક, ચાતુર્થિક અને શીતજ્વરોનો નાશ કરે છે.

આ શીતાંકુશ નામના રસમાં ખર્પર અને તુત્થ આ બન્ને વસ્તુઓ વાપરી છે તેથી સિદ્ધ થાય છે કે, આ બન્ને વસ્તુઓ એક નથી તેમજ એકને બદલે બીજી પણ વાપરી શકાય નહિ.

૨૨–વળી રસશાસ્ત્રવેત્તા પંડિત યશોધરે પોતાના રસપ્રકાશ સુધાકર નામના ગ્રંથમાં ખર્પરની શુદ્ધિ લખી છે તે નીચે પ્રમાણેઃ–

कांजिकेवाथतक्रेवानृमूत्रेमेषमूत्रके ।
द्रावितोढालितः सम्यक्खर्परः परिशुध्यति ॥

रसप्रकाशसुधाकर ।

અર્થઃ–ખર્પરને સારી રીતે ગાળીને કાંજીમાં, છાશમાં, માણસના મૂત્રમાં તથા ઘેટાના મૂત્રમાં ટાળવું. એ પ્રમાણે કરવાથી ખર્પરની સારી રીતે શુદ્ધિ થાય છે. આમાં ગાળવાનું અને ટાળવાનું જે લખ્યું છે તે ધાતુઓનું બની શકે પણ તુત્થ અથવા તુત્થભેદનું બની શકે નહિ.

ઉપર આપેલાં બધાં પ્રમાણોથી એવું સિદ્ધ થાય છે કે, ખર્પર શબ્દનો અર્થ જસત અથવા જેમાંથી જસત ઉત્પન્ન થાય છે તેવી માટી અથવા પથ્થર એવો માનવો જોઇએ.

અર્થમાં ભ્રમ થવાનું કારણ

ખરી વસ્તુસ્થિતિ એવી છે કે, ખર્પર શબ્દના બે અર્થ છે.

૧-જસત, ૨-ખર્પર તુત્થ. આ પ્રમાણે હોવાથી આ સર્વ મતભેદ ઉત્પન્ન થયો છે.

खर्परं द्विविधं प्रोक्तं जसदं सस्यकं तथा। धातुरत्नमाला।

અર્થઃ-ખર્પર બે પ્રકારનું. એક જસદ અને બીજું તુત્થભેદ. રસકામધેનુમાં તુત્થના બે ભેદ કહ્યા છે. એક મયૂરતુત્થ (મોરથૂથુ) અને બીજો ભેદ ખર્પરીતુત્થ. **तुत्थं तु द्विविधं प्रोक्तं मायूरं खर्परं तथा।** આ બે પ્રકારમાં મોરથૂથુ તો સર્વત્ર પ્રસિદ્ધ છે; પણ બીજો તુત્થભેદ કહ્યો છે તેનો કોઇ આચાર્યે, ગ્રંથકારે કે ટીકાકારે સ્પષ્ટતાથી નિર્દેષ કર્યો નથી કે તે કઇ વસ્તુ છે.

મારી કલ્પના એવી છે કે, જે વસ્તુને ફિરંગદાના દાનહ ફરંગ કહે છે, તે આ બીજો તુત્થભેદ હોવો જોઇએ. તેમ માનવાનાં કારણો પણ છે. ફિરંગદાના મેલા લીલા રંગની વસ્તુ છે. સાફ લોખંડ ઉપર લીંબુનો રસ લગાડી જો ફિરંગદાના ઘસવામાં આવે તો ત્રાંબાનો કસ આવે છે. એટલે જેમ મોરથૂથુમાં તામ્ર છે તેમ આમાં પણ છે. હવે પ્રશ્ન એવો ઊભો રહે છે કે, જ્યાં ખર્પર કે રસંક શબ્દ વાપરવામાં આવ્યો હોય ત્યાં કઈ વસ્તુનો ઉપયોગ કરવો? જસતનો કે ખર્પરી તુત્થનો? ઉપર કહેલાં લઘુમાલિની વસંતનો વિચાર કરીએ. તેના ગુણોમાં લખ્યું છે કે, જીર્ણજ્વર, ધાતુગતજ્વર, અતિસાર, રક્તાતિસાર, પિત્તજન્ય દોષ, સ્ત્રીઓનો પ્રદરરોગ, રક્તાર્શ એ સર્વ રોગોને મટાડે છે. સર્વ પ્રકારના જ્વરોને દૂર કરે છે. વિષમ નેત્રરોગનો નાશ કરે છે. આ રસ જાઇના ફૂલની સાથે ગર્ભિણીને આપવો. તે ઉત્તમ રીતે ગર્ભનું પોષણ કરે છે અને બાળકોના સર્વ રોગોનો નાશ કરે છે. તે બે વાલ પ્રમાણમાં આપવો, પથ્યમાં દૂધ આપવું. શાસ્ત્રમાં તુત્થના ગુણ વામક, લેખન અને કફ તથા પિત્તનો નાશ કરનાર (વમનદ્વારા) એવા લખ્યા છે. આ બાબતનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે, મોરથૂથુ જેવી તીવ્ર વસ્તુ ગર્ભિણી તથા બાળકને આપવાયોગ્ય નથી. શું બે વાલ પ્રમાણમાં આપવાથી તુત્થભસ્મ કે શુદ્ધ

તુલ્ય અતિસાર કે રકતાતિસારને મટાડી શકે છે? અથવા શું તે બાળક અને ગર્ભિણીને પોષણ આપી શકે છે? આવો વિચાર કરવાથી સિદ્ધ થાય છે કે, આ પ્રયોગમાં જસતની માટી કે જસતની ભસ્મનો ઉપયોગ કરવો ઉચિત છે. જસતના પૌષ્ટિક ગુણો આયુર્વેદ અને આંગ્લ પદ્ધતિમાં સુપ્રસિદ્ધ છે. આ પ્રમાણે સુવર્ણમાલિની વસંતનો વિચાર કરીએ. આ પ્રયોગ જ્વરપ્રકરણમાં લખવામાં આવ્યો છે. વૈદ્યગણ શક્તિ વધારવા માટે તથા ક્ષયાદિ રોગોમાં ભુંહણ કાર્ય માટે તેનો ઉપયોગ કરે છે. આમાં પણ જસતનો ઉપયોગ કરવો ઉચિત છે. આવા પ્રયોગમાં ઘણા વૈદ્યો જસતની ભસ્મ કરીને વાપરે છે. બીજા કેટલાક વૈદ્યો જસતની માટી જેને અંગ્રેજીમાં કાલામિના પ્રિપેરેટા કહે છે તે વાપરે છે. આ માટી તે એક પ્રકારની જસતની ભસ્મજ છે. તેને અંગ્રેજીમાં "ઇમ્પ્યોર કારબોનેટ ઓફ ઝીંક" એવું બીજું નામ આપવામાં આવ્યું છે; માટે આવા પ્રયોગોમાં તે વાપરવામાં કંઇ પણ શંકા કરવા જેવું નથી.

("વૈદ્યકલ્પતરુ"ના એક અંકમાંથી)

૫૦–हरिनामरूपी रसायण साथे पाळवानुं पथ्य

(સંત હરિદાસકૃત)

(એસા ધ્યાન શિવ હરિહર કા ધરકર આસન વાઘંબર કા–એ રાગ)

હરિનું નામ રસાયણ સેવે પણ જો પથ્ય પળાય નહિ,
નામરટણનું ફળ નવ પામે ને ભવરોગ ટળાય નહિ. ૧
પહેલું પથ્ય અસત્ય ન વદવું નિંદા પરની થાય નહિ,
નિજ વખાણ કરવાં નહિ સુણવાં વ્યસન કશુંયે કરાય નહિ. ૨

હરિજનને દુભાય ન જરીયે હરિજન નિંદા થાય નહિ,
ખળ આગળ હરિનામ તણા ગુણ ભૂલે પણ વરણાય નહિ. ૩
હરિહર માંહે ભેદ ગણીને વિતર્કવાદ વદાય નહિ,
વેદશાસ્ત્ર આચાર્યવરોનાં વચનો ઓળંગાય નહિ. ૪
નામતણા અતુલિત મહિમાને વ્યર્થ વખાણ ગણાય નહિ,
છે હરિનામ હવે ડર શો એમ જાણી પાપ કરાય નહિ. ૫
છે હરિનામ હવે ડર શો એમ નિજ કર્તવ્ય તજાય નહિ,
નિજ વર્ણાશ્રમ ધર્મ સાચવી દુર્જનસંગ સજાય નહિ. ૬
પરનારી માતા સમ લેખી કદી કુદૃષ્ટિ કરાય નહિ,
ત્યમ, પરધન પાષાણ ગણીને નિજ અભિલાષ ધરાય નહિ. ૭
જીવ સઘળા હરિના જાણીને કોઇને કષ્ટ અપાય નહિ,
મન–વાણી–કાયાથી કોઇનું કિંચિત્ કૂડું થાય નહિ. ૮
હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરૂંસો જાય નહિ,
જે હરિ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ. ૯
ઇતર નામ સરખું સાધારણ હરિનું નામ ગણાય નહિ,
લૌકિકધર્મની સાથે નામને કદીયે સરખાવાય નહિ. ૧૦
કર્યું, કરું છું ભજન આટલું જ્યાંત્યાં વાત કરાય નહિ,
હું મોટો મુજને સૌ પૂજે એ અભિમાન ધરાય નહિ. ૧૧
આ સૌ પથ્ય હૃદયમાં રાખી કદીયે પણ ભુલાય નહિ,
નામરસાયણ સુખથી સેવે તો તે એળે જાય નહિ. ૧૨
સ્વલ્પ કાળમાં સિદ્ધિ મેળવે ત્યાં સંદેહ જરાય નહિ,
શ્રી હરિદાસ તણા સ્વામીને મળતાં વાર જરાય નહિ. ૧૩

૫૧–दर्दीओने सलाह

(સલાહકારઃ–શ્રી. બ્રહ્મચારી આત્માનંદ ત્રિવેદી)

મૂત્રાઘાત (પેશાબ બંધ થઈ જવો)

આ દરદ જે વખતે ઊપડે છે તે વખતે દરદીનો પ્રાણ છૂટી જશે એવો બનાવ બની જાય છે અને થાય છે પણ તેમજ કે, ઘણો વખત થઇ જવાથી દરદી દેહ છોડી પણ દે છે. આવાં દરદોમાં વિલાયતના મોટા પાસ થયેલા (એમ. બી. બી. એસ.) ડૉકટરો ફક્ત ઑપરેશન અને ઇંજકશન મુકાવવા માટે ભલામણ કરે છે કે, ત્યાર-સિવાય મટશેજ નહિ; પણ અમારા ઇંડિયાની વનસ્પતિમાં શું ગુણ છે તે જ્યારે અઘોર જંગલોમાં ભટકે ત્યારેજ સમજી શકાય એમ છે. જુઓ સાહેબો, નીચેનો સહેલોસટ જેવો ઉપાય છે.

કાપડ બનતા અગર કપાસ પીલના એંજિનમાં જ્યાં સ્ટીમ તૈયાર થાય છે, ત્યાં પાણીનો ખાર બાઝે છે. તે ખારામાંથી એક ચોખાપુરથી ચણોઠીપુર સુધી રોગીનું બળાબળ જોઇ પાણી સાથે આપવાથી વગરઇજાએ તરત પેશાબ છૂટે છે અને સળી મૂકવાની જરૂર રહેતી નથી. આ ખાર ઘણો ઉત્તમ છે.

બરોલ (પ્લીહા) બરોડ

આ બરોલ નામનું દરદ તાવ આવવાથી ઊપડી આવે છે અને દરદીના પેટમાં જાણે પથ્થર ઘાલ્યો હોય તેમ થઇ જાય છે અને રિબાઇને મરણતુલ્ય થઇ જાય છે. તો તેનો અનુભવસિદ્ધ ઉપાય બનાવી વાપરીને દુઃખથી પીડાતાઓ માટે જાહેર જીવનમાં મૂક્યો છે.

ખડબૂચાની છાલનો ક્ષાર (ક્ષાર કાઢવાની રીત વૈદ્યને પૂછી લેવી) કાઢીને તે ક્ષાર અર્ધી રતીની માત્રાથી દરરોજ ઊંટડીના મૂત્રમાં અથવા ગરમ પાણીમાં જમ્યા પછી–ખોરાક પચી ગયા પછી અથવા સવારમાં લેવાથી ગમે તેટલી જૂની બરોલ હોય તોપણ સાત દિવ-સમાં મટી જાય છે. માત્રા ઉમરના પ્રમાણમાં અર્ધી રતીથી બે રતી સુધી લેવી જેથી મટી જશે. ઇતિ શિવમ્.

સંગ્રહણી

અસાધ્ય સંગ્રહણીનો અનુભવસિદ્ધ ઉપાયઃ-સંચળખાર તોલો ૧, અફીણ તો. ૧, ઊંચી હિંગ તો. ૧, એક કળીનું છોલેલું લસણ તો. ૧, સૂંઠનો વસ્ત્રગાળ ભૂકો તો. ૧ એ બધાં ઔષધોને સાથે વાટી કાગદી લીંબુના રસમાં ખૂબ ઘૂંટી એક એક વાલની ગોળી કરવી. સવારસાંજ ગાયના દહીં સાથે અગર છાશ સાથે અગર પાણી સાથે એકેક ગોળી ખાઇ જવી, જેથી જૂના કે નવા ઝાડા, દોષજન્ય અતિસાર, આમાતિસાર, રક્તાતિસાર, મરડો, વાયુ, કૃમિના ઝાડા અને વૈદો અને ડૉક્ટરોએ ત્યાગ કરેલી એવી અસાધ્ય ઠરેલી સંગ્રહણી ઉપર કદી નિષ્ફળ ન નીવડે એવો અને પંચામૃત પરપટી તથા ગ્રહણી કપાટરસ, જે રોગી ઉપર નિષ્ફળ નીવડેલા તેવા ઘણા રોગીઓ આ ગોળીથી સારા થયા છે. પરેજીઃ-ઘઉંનો ખોરાક, વાસી અન્ન, ખીચડી, કઠોળ, દૂધ અને મૈથુન, એટલાંનો ત્યાગ કરવો. પથ્યઃ-છાશ, સાઠી જૂના ચોખા, સિંધવ, જીરું, મરી એટલું ખાઇ શકાય છે.

ખાંસી, શ્વાસ અને દમ

આ ઉપાય ઘરડા, જુવાન, બાળક વગેરે પીડાતાઓને આશીર્વાદરૂપ થઈ પડે છે. બનાવીને વાપરો, પછી જુઓ કે તે શું કામ કરે છે!

ગોળીની બનાવટ

લીંડીપીંપર બંગાળી તો. ૫, સફેદ મરી તો. ૫, શુદ્ધ વછનાગ તો. ૨, આ ત્રણ વસ્તુ બારીક ખાંડી ચૂર્ણ કરી કપડછાણ કરવું પછી કાળીદ્રાક્ષ તો. ૫, ઠળિયા કાઢીને લેવી અને તેમાં કાળી તમાકુનાં ડાંખળાંની રાખ (કોયલા) કરવી. એ સર્વે વસ્તુનું મિશ્રણ કરી તેમાં એલચી, જાયફળ, લવિંગ, એ ત્રણે એકેક તોલો નાખી ખૂબ ઘૂંટી ગોળી મગના દાણા જેવડી બનાવી તેમાંથી સવાર-સાંજ એકેક ગોળી ગરમ પાણી સાથે લેવી. કફ છૂટો થઇ ખાંસી મટી જશે. તે લાંબો વખત લેવાથી શ્વાસ, દમ સારો થઇ જશે.

(દૈનિક "હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

૫૨–खोराकमां ऊतरतुं वासणनुं झेर

(લેખકઃ–શ્રી. મોહનલાલ માણેકલાલ ઝવેરી)

જુદી જુદી ધાતુઓનાં વાસણો ઉપર ખોરાકની વસ્તુઓની શી અસર થાય છે અને એ વાસણોની ધાતુ એ ખોરાકમાં કેટલે અંશે ઓગળે છે, તે સંબંધમાં કેટલીક જાણવાજોગ હકીકત અમેરિકાના સરકોસંબંધી અને ફળોના મુરબ્બા વગેરે બનાવવાના વિષયોને લગતા એક માસિકના જાન્યુઆરીના અંકમાં એક લેખ આવેલો, તેના ઉપરથી નીચેનો લેખ ઘડી કાઢવામાં આવ્યો છે. એ લેખ ન્યૂ જરસી અને પેન્સિલવેનિયાના સ્ટેટ કેમિસ્ટ અને ન્યૂયોર્કના ખોરાક તપાસનારા કેમિસ્ટ શ્રી. આર. ઓ. બ્રુક્સ. બી. એસ. સી.એ લખેલો છે.

કર્ટીસ એ કેમિકલ કંપનીમાં ફળોના રસ, સરકો વગેરે એક પીપમાંથી બીજા પીપમાં લઈ જવા માટે નળ, વાલ્વ અને કૉક અનેક ધાતુઓના વાપરી જોવામાં આવ્યા અને કેટલીક ધાતુઓને વાસ્તે તો તેના બનાવનારાઓએ ખાતરી આપેલી કે, એ ધાતુઓ ઉપર ખટાશની કશીજ અસર થતી નથી. ધાતુઓનાં કેટલાંક મિશ્રણો બાબત મોટી મોટી જાહેરખબરો આપીને એમ કહેવામાં આવે છે કે, એ ધાતુઓ ઉપર ખટાશની કશીજ અસર થતી નથી; પણ પોલ હેસાક નામનો એક સરકાસંબંધી રસાયનશાસ્ત્રી કે જેણે ઘણાં કારખાનાં બાંધ્યાં છે તે કહે છે કે, એવી એકેએક ધાતુ મીઠાં ફળો માંહેલી સહેજ ખટાશને લીધે પણ ખવાઇ જાય છે અને તેથી દરેક જગાએ હવે ધાતુને બદલે કડક રબર વાપરવું પડે છે. સરકો બનાવનારાં અને ફળોના રસ, મુરબ્બા વગેરેનો વેપાર કરનારાં સઘળાં મોટાં મોટાં કારખાનાંઓ હવે કોઇ પણ જાતની ધાતુને બદલે રબર અને લાકડુંજ વાપરે છે. વાસણો, નળ, પંપ, ટાંકીઓ, બ-

ધુંજ રબરનું બનાવવામાં આવે છે અને હાલ તરતને વાસ્તે એમ મનાય છે કે, રબરથી શરીરને નુકસાનકારક કોઈ પરિણામ ખોરાકીની કોઇ વસ્તુમાં આવતું નથી.

દરેક ધાતુ ખોરાકમાં રહેતી સહેજ પણ ખટાશમાં ઓગળે છે અને તે ખોરાકની સુગંધ, તેનો રંગ અને તેનો સ્વાદ, એ ત્રણેને બગાડે છે; એટલુંજ નહિ પણ સ્વાસ્થ્યને એથી ઘણું નુકસાન થાય છે. કારખાનાંઓમાં મોટે જથ્થે તૈયાર કરાતી ખોરાકીની વસ્તુઓમાં અમુક પ્રમાણથી વધારે ઓગળેલી ધાતુનો ભાગ જણાય તો તે ખોરાક નષ્ટ કરવાની અને તેવો ખોરાક વેચનારાને ફોજદારી કાયદા પ્રમાણે સજા કરાવવાની વ્યવસ્થા સુધરેલા દેશોમાં કડકપણે જાળવવામાં આવે છે.

દાખલા તરીકે પારસીઓ, મુસલમાનો અને અંગ્રેજો જે જિલેટિનની જેલી બનાવીને ખાય છે, તેમાં જો એક લાખ ભાગે ત્રણજ ભાગ તાંબું ઓગળેલું જણાય, તો તે જિલેટિન નષ્ટ કરવામાં આવે છે. જો જસતનાં વાસણોમાં અથવા જસત ચઢાવેલાં લોખંડનાં પતરાંની ગેલ્વેનાઇઝ્ડ ટાંકીઓમાં જિલેટિન બનાવવામાં આવ્યું હોય અને તેમાં એક લાખ ભાગે માત્ર દશ ભાગ જસત ઓગળ્યું હોય તો તે જિલેટિન નષ્ટ કરવામાં આવે છે અને તેના બનાવનારને સજા કરાવવામાં આવે છે. આપણે અહીં કેરીનો રસ, જીવન અથવા બીજાં ચાટણો, મુરબ્બા વગેરે ટીનના ડબાઓમાં પેક કરીને વેચાય છે તેમ, સુધરેલા દેશોમાં સહેલાઇથી વેચી શકાતું નથી. અમેરિકાના ફૂડ ઇન્સ્પેકશન ડિસિશન નં. ૧૨૬ પ્રમાણે ટીનના ડબાઓમાં પેક કરેલા ખોરાકમાં જો એક ભાગે ત્રીસ ભાગ ટીન (કલઇ) ઓગળ્યું હોય તો તે નષ્ટ કરવામાં આવે છે. અહીં તો જીવનના ડબાની અંદરની કલાઇજ નહિ, પણ લોખંડ સુધ્ધાં ઓગળીને ડબાની અંદર પા પા ઇંચ જેટલું જીવન કાળાશ પડતા રંગનું થઇ ગયેલું હોય, એવા ડબા વેચાતા આ લેખકે નજરે જોયેલા છે.

વિલાયતી ખોરાકીના ડબાઓ પણ આવાજ બગાડવાળા હિંદુસ્તાનમાં ઢગલાબંધ વેચાય છે. બેકિંગ પાઉડર એટલે પાંઉ, બિસ્કૂટ વગેરે બનાવનારાઓ લોટ બાંધીને તેમાં આથો લાવવા વાસ્તે જે સફેદ ખાર–બેકિંગ પાઉડર–વાપરે છે તે ઘણી વખત સીસાના ખારના ભેગવાળો હોય છે અને એક લાખ ભાગે બે ભાગ સીસાનો ખાર મળેલો હોય, તોપણ તેવો બેકિંગ પાઉડર સુધરેલા દેશોમાં દાખલ સુધ્ધાં થવા દેવામાં આવતો નથી તો વેચાય તો ક્યાંથીજ! અહીં તો કલાઈ કરનારાઓ કલાઇની સાથે સારી પેઠે સીસું મેળવી તેનાથી વાસણોને કલાઇ કરી જાય છે અને ગામડાના તેમજ શહેરના નિર્દોષ વસનારાઓ અજાણતાં રસોઇમાં ઝેર ખાય છે.

શહેરોના હેલ્થ ઑફિસરોએ આવા ઝેર ખવડાવનારાઓની કદી પણ ખબર લીધી હોય એવું હિંદુસ્તાનમાં વર્તમાનપત્રોમાં વાંચવામાં આવ્યું નથી. એક રીતે નહિ પણ હજારો રીતે શહેરોની અંદર મોટા પગાર લેતા તંદુરસ્તીના સાહેબશાહી અમલદારોની આંખમાં ધૂળ નાખીને ઝેર ફેલાવવાનું કામ વેપારીઓ, કારીગરો, ખોરાકી વેચનારાઓ, ડૉકટરો, સુગંધીદાર પદાર્થો વેચનારાઓ, રંગ વેચનારાઓ, દવા વેચનારાઓ અને એવાજ બીજા અનેક જણ અનેક રીતે કરે છે અને કોઇ પણ તંદુરસ્તીના અમલદારમાં એટલી હિંમત આવેલી જોવામાં આવી નથી કે, તે આવા એકાદ પણ ખુનીને પકડીને સજા કરાવે ! ! સડેલું ખજૂર અથવા સડેલા ઘઉં વેચનારાને સુરત અને દિલ્હીના તંદુરસ્તીના અમલદારે કનડીને ખજૂર અને ઘઉં ફેંકાવી કે દટાવી દીધાનું સાંભળ્યું છે, પણ વિલાલતી વેપારી અથવા તો ઉપર જણાવ્યા પ્રમાણે ઝેર ફેલાવનાર એકે માણસને કોઈ અમલદાર પકડતો નથી.

ઝેર ફેલાવવાનું કામ કરનારા દૂધવાળાઓ તો મુંબઇ જેવા શહેરમાં પણ છડેચોક વેપાર ચલાવે છે, જ્યારે નયું પાણી મેળવનાર પણ અંગ્રેજી ન જાણનાર પરદેશી ભૈયા ઇન્સ્પેકટરને આજીજી

ન કરે, તો માર્યો જાય છે. ટંકણખાર અને ફોર્મેલ્ડી હાઇડ અને બીજી અનેક પ્રકારની વસ્તુઓ મેળવેલું દૂધ મોટાં શહેરોમાં છડેચોક વેચાય છે; પણ એ આગળ વધેલા, સભ્યતા શીખેલા અને કાયદામાંથી કેમ છટકવું તે જાણનારા વેપારીઓનું નામ દેવાની કોઇની તાકાત નથી. નેશનલ બેબી વીકમાં પણ દૂધમાં ઊડેલી ધૂળના રજકણો બતાવવા વાસ્તે ફીલ્ટર પેપરો (ચપટી ધૂળ ઉમેરીને) બગાડવામાં આવ્યાં હતાં અને આ લેખક આખા સ્ટોલમાં ચશ્માં પહેરીને ખૂણે ખૂણે શોધી વળ્યો; છતાં દૂધમાં મેળવાતાં આવાં ઉપર કહેલાં અંગ્રેજી ઝેરોનું દિગ્દર્શન કરાવનારું કશુંયે તેના જોવામાં આવ્યું નહિ! બેબી વીકની વ્યવસ્થાપક સમિતિમાં એક કરતાં વધારે રાજમાન્ય ડૉકટરો હોવાનું આ લેખક સારી રીતે જાણે છે; છતાં અજાયબીની વાત છે કે, ડૉકટરોને દૂધમાં મેળવાતી ઝેરી વસ્તુઓ બાળમરણ અને બાળકોની માંદગીમાં કારણભૂત જણાઇ નથી. શું એના પરથી એમ સમજવું કે, **हिरणमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्?**

કોઇ એમ ધારવાની ભૂલ ન કરે કે, વાસણની ધાતુ માત્ર ખટાશથીજ ઓગળે છે. જસતને ઓગાળવાને ગરમ પાણી પણ બસ છે. બોઇલરમાં જસતના પતરાના કટકા નાખવામાં આવ્યા હોય, તો તે ઊના પાણીમાં ઓગળતાં પાણીમાંનો હાઇડ્રોજન છૂટો પડી આખા બોઇલરને ફાડી નાખે છે. આવા દાખલા સત્તાવાર રીતે નોંધાયેલા છે. ગૅલ્વેનાઇઝ કરેલી લોખંડની બાલદીઓ અને ટબ કદી ચૂલે ચઢાવતા નથી, છતાં માત્ર ઠંડા પાણીમાંજ તેનું જસત વખત જતાં ખવાઇ જાય છે. એજ પ્રમાણે ગૅલ્વેનાઇઝના પતરાની ટાંકીઓમાં તૈયાર કરવામાં આવેલાં શરબતો, ચાટણો, મુરબ્બા, સરકા, આસવો, અથાણાં અને માખણ, તેલ વગેરે બધામાં જસતનું ઝેર વ્યાપે છે. ઈંડાંમાં જરાયે ખટાશ હોતી નથી, છતાં જસતના વાસણમાં રાખવામાં આવે તો ઇંડાંની સફેદી વગેરે ઝેરી બને છે ને હજારો રૂપિયાનો એવો માલ સુધરેલા દેશોના તંદુરસ્તીના અમલદારો દરિયામાં

હોમાવી દે છે.

સફરજન, પીચ, વગેરે મીઠાં ફળોમાં રહેલો મેલિક ઍસિડ, નારંગી, સ્ટ્રૉબેરી, કિસમિસ, ટમેટાં, વગેરેમાં રહેલું સાઇટ્રિક ઍસિડ તથા દ્રાક્ષ અને આમલીનું તારતરીક ઍસિડ તો ધાતુઓ ઉપર જબરી અસર કરે છે. જીવનમાં વપરાતાં આમળાંમાં, દ્રાક્ષ અને આમલી કરતાં ઓછું ઍસિડ (ખટાશ) હોતું નથી અને આ બધી ઉપર જણાવેલી વસ્તુઓ જુદી જુદી ધાતુઓનાં વાસણોમાં રંધાતાં કટાણો સ્વાદ પેદા કરે છે. વિલાયતી વટાણા કે જે ડબાઓમાં પૅક થઇને આવે છે તે, લીલા દેખાય એટલા માટે તાંબાના ક્ષારથી રંગવામાં આવે છે. એ રંગવાના કામમાં ઘણોજ થોડો, સ્વાદવગરનો અને અદ્રાવ્ય ક્ષાર વપરાય છે; છતાં સુધરેલા દેશોના તંદુરસ્તીના અમલદારો એ વટાણાને પોતાના દેશમાં પેસવાને નાલાયક અને ઝેરી ગણે છે; તો જે હોટેલો, લૉજો, વીશીઓ વગેરેના ખોરાકો, સવારથી સાંજસુધી ઊકળતું ચાનું વાસણ અને ચાટણો, અવલેહો, આસવો વગેરે સીસું મેળવેલી કલાઇથી સસ્તામાં કલાઇ કરાવેલાં વાસણોમાં અથવા સદંતર કલાઇ વગરનાં તાંબાનાં વાસણોમાં કલાકોસુધી ઉકાળ ઉકાળ કરવામાં આવે છે, તેના ઝેરીપણાની હદ કેટલી હોવી જોઇએ તે સહેલાઇથી સમજાય એવું છે. મુંબઇમાં રોજનાં હજાર હજાર માણસો જ્યાં જમે છે, એવાં હોટેલો કે લૉજોનાં દાળશાક મુંબઇના હેલ્થ ઑફિસરે કોઇ દિવસ પૃથક્કરણ કરી જોવા લીધાં હોય એવું કોઇએ કદી સાંભળ્યું છે?

ઈ. સ. ૧૯૨૨ ના જુલાઈ માસના અમેરિકન વિનિગર ઈંડસ્ટ્રી એન્ડ ફૂડ પ્રોડક્ટ્સ જર્નલમાં મિ૦ બુકસે લખેલા એક લેખમાં સ્પષ્ટપણે સિદ્ધ કર્યું હતું કે, સરકામાં ચારથી બાર ટકા ઍસેટિક ઍસિડ આવે છે અને સરકો સીસાને, તાંબાને, પિત્તળને અને જસતને પણ ઓગાળીને ઝેરી બને છે. દ્રાક્ષાસવ કે જે એક જાતનો સરકોજ છે, તે ક્યાં, કેવી પરિસ્થિતિમાં બને છે, એ જોવા—તપાસવાની આપણી

५३–हृदयोद्‌गार

(લેખકઃ–શ્રી. આશાવાદી)

ભગવન્! મેરી વિનય–અનુનય આપ કે કર્ણ–ગોચર હોને પર ભી નિષ્ફલ હુઇ! સારા રોના–ધોના વૃથા ગયા! યાચના કા મૈં સદા સે વિરોધી થા. કિન્તુ યહ સમઝ કર કિ આપ ઐસે ઉદાર સ્વામી કે નિકટ કોઈ વસ્તુ અદેય ન હોગી. મૈંને અપના હઠ ભી છોડા; પર ઉસકા ભી કુછ અસર ન હુઆ. આપ ઐસે ધીર–વીર અજાન બાલકોં કે કરુણ–ક્રન્દન સે કબ વિચલિત હોતે હૈં ?

ફલ–પ્રાપ્તિ કી મુઝે વિશેષ ચાહ ન થી, કિન્તુ ઉસ કી અપ્રાપ્તિ ને મેરા ચિત્ત ચંચલ કર દિયા. જબ તક યાચક નહીં બના થા તબ તક સંતોષ થા. હાથ પસાર કર અસફલ મનોરથ રહને કો મંને આપ કી અપ્રસન્નતા કા દ્યોતક સમઝા–અપની અયોગ્યતા કા નહીં! ક્યોં કિ જીતની આપને કૃપાયેં કી હૈં ઉન મેં મૈં કિસ કે યોગ્ય થા!

પ્રભો! આપ કી દયાલુતા મેં સંદેહ કરના મેરી નીચતા થી. તુચ્છ સાંસારિક લાભ કે અર્થ આપ કો દોષી ઠહરાના અપની ભક્તિ મેં કલંક લગાના હૈ. યદિ મૈં આપ કે નિકટ અપને અર્થ કોઈ વસ્તુ અદેય નહીં માનતા, તો આપ કી કૃપા કે સમ્મુખ મેરે લાભ કી કોઇ ઐસી વસ્તુ નહીં, જીસ કા આપ કી પ્રસન્નતા કે લિએ મૈં સહર્ષ ત્યાગ ન કર સકૂં. ફિર રોના કિસ બાત કા? દુઃખ ઔર દોષારોપણ કેવલ ઇસી લિએ થા કિ મૈં અપની ભૂલ સે સાંસારિક ઐશ્વર્ય કો આપ કે પ્રેમ ઔર અનુગ્રહ કા સૂચક સમઝતા થા. કદાચિત્ ઇસી મૂલ કા સંશોધન કરને કે અર્થ આપને મુઝે ઇચ્છિત વસ્તુ કી સિદ્ધિ સે વંચિત રક્ખા, અથવા ઇસ અસફલતા કા યહ કારણ હો કિ મૈં અપને કો આપ કા કૃપાપાત્ર સમઝતા થા ઔર આપ

મુઝે ઇસ અનુચિત અભિમાન સે મુક્ત કરના ચાહતે હોં. પ્રભો ! આપ ઇસ અબોધ બાલક કો સાંસારિક મિઠાઇ ખિલાકર બિગાડના નહીં ચાહતે. નહીં, નહીં, આપ અપને પ્રિય શિષ્ય કો શાયદ યહ ઉપદેશ દેના ચાહતે હૈં કિ વહ કાયરોં કી ભિક્ષા-વૃત્તિ છોડ શૂરોં કી ભાંતિ યુદ્ધક્ષેત્ર મેં આવે. પ્રભો ! ભિક્ષા-વૃત્તિ કા તો મૈં વિરોધી થા હી. આપને અપને ભક્ત કે વિચારોં કી ઔર ભી પુષ્ટિ કર દી. ઇસિ અસફલતા ને મુઝે નિષ્કામ-સેવા કે દૃઢ માર્ગ પર અગ્રસર કર દિયા. આપ કી કૃપાઓં કી ભાંતિ મૈં અપની ભક્તિ કો સહજ ઔર કામના-રહિત બનાને કી ચેષ્ટા કરુંગા. આપ કી ખુશી મેં અપની ખુશી સમઝૂંગા. અપને હિત કો આપ કે હાથ મેં સોંપ દૂંગા. જીસ બાત કે લિએ આપ મુઝે અનધિકારી સમઝેંગે, આપ કી પ્રસન્નતા કે હેતુ ઉસ કી અપ્રાપ્તિ કો અપના પરમહિત માન સદા પ્રસન્ન રહૂંગા. કિન્તુ ભગવન્! મૈં આપ સે યુદ્ધ ન કરુંગા. મૈં ભીષ્મ નહીં હૂં, જો કેવલ આપ કા પ્રણ છુડાને કે લિએ આપ સે લડૂં. મૈં સ્વયં અપના સર્વસ્વ છોડને કો તૈયાર હૂં મૈં અર્જુન નહીં હૂં જો દાર્શનિક પહેલિકાઓં કે ચક્કર મેં આકર કર્તવ્ય-પરાયણ યોદ્ધા બનને કી ખ્યાતિ કે અર્થ મનુષ્યોચિત માયા-મોહ કો છોડ બૈઠૂં. મૈં રાવણ ભી નહીં હૂં, જો વિરોધ-દ્વારા ભક્તિ કરું. આપ કો મારના હો તો બિના યુદ્ધ કે હી માર લીજીએ. '**सत्संगजानि निधनान्यपि तारयन्ति** ।' આપ કે સમ્મુખ નતમસ્તક હો દીન-ભાવ સે અપને અસ્ત્ર-શસ્ત્ર સમર્પણ કરને મેં હી મૈં અપના પરમ શ્રેય સમઝતા હૂં. પ્રેમ કી હાર કો મૈં જીત સે બઢકર માનતા હૂં.

("સરસ્વતી" ના એક અંકમાંથી)

૫૪—ગામડાંની શારીરિક અવદશા

(લેખકઃ—શ્રી. બિહારી)

ગુજરાતી હિંદુઓ દિવસે દિવસે નબળા થતા જાય છે અને મોટાં તેમજ નિશાળે જતાં કુમળાં હિંદુ બાળકો અન્ય કોમના તેમના બિરાદરો જેવાં તંદુરસ્ત કે મજબૂત નથી, તે વાત જગજાહેર છે. આપણા કયા દોષોની આ સજા છે તે જાણવાને શાંત ચિત્તે પ્રયત્ન કરવો જોઇએ. બાળવિવાહ, બાળલગ્ન, બાળકોને ગૃહસંસારમાં નાખવાં, ગરીબાઇ, હાલનું શિક્ષણ વગેરે વગેરેને શિરે સઘળો દોષ દેવાય છે; પણ તેમાં બધાં કારણો આવી જતાં નથી. ગુજરાતી હિંદુઓ એવા ગરીબ નથી કે તેમને ખાવાના સાંસા પડે. હાલનું શિક્ષણ એટલું બધું અઘરું નથી કે તેથી તબિયત આમ છેક લથડી જાય. થોડેઘણે અંશે તેથી ઊપજતી ચિંતાને લીધે શરીર બગડે છે એમાં શક નહિ, પણ બધો દોષ તેને દઇ શકાય તેમ નથી. વળી આ ચિંતા શહેરીઓને વધારે છે અને ગુજરાતી સાત ચોપડી સુધી ભાગ્યેજ પહોંચનારાં ગામડાંનાં હિંદુ બાળકોને તેવી ચિંતા બહુ નડતી નથી. બાળલગ્ન અને બાળસંસારની માઠી અસરો ઘણીજ થાય છે, એ વાત બેશક છે. આ રસમ એકદમ નાબૂદ થઇ શકે એમ નથી, પણ આ ઉપરાંત કેટલાક ખરાબ રીતરિવાજો એવા છે કે, જે નાબૂદ થઇ શકે એમ છે. તેની માઠી અસરો ગામડાંનાં બાળકો પર થવા લાગી છે અને તે એટલી બધી હદે કે, જ્યાં ત્રણ પેઢી જોવામાં આવે છે ત્યાં મોટાં હાડકાંવાળાં, ભરાઉ શરીરવાળાં, મજબૂત અને કદાવર દાદાના પૌત્ર લખોટી જેવાં મોંવાળાં, સૂકલકડી ને માઇકાંગલાં જોવામાં આવે છે.

ગુજરાતના ઘણા ભાગોમાં હું ફર્યો છું અને ત્યાંના રીતરિવાજોને તપાસી જોયા છે. હું ખાતરીથી કહું શકું છું કે, નીચે જણાવેલાં

કારણોની અસર થોડી માઠી નથી થતી. એ કારણો એવાં છે કે, જે લોકો તરત દૂર કરી શકે. લગ્નને ધર્મ સાથે જોડેલું છે, પણ આ કારણો દૂર કરવામાં ધર્મનો એ બાધ આવી શકે તેમ નથી. જેટલી એ બાળસંસારની માઠી અસર થાય છે તેથી અધિક માઠી અસર આ રિવાજોની થાય છે એ રિવાજો છોડવાનો પ્રયત્ન કરી છોડી ન દેનાર પ્રજા આત્મઘાતી છે.

પાતળા સોટા જેવા શરીરવાળા, પોતાના હાડકાંના માળાને ઢાંકી દેવા જોઈતાં–પૂરતાં ચરબીમાંસ વગરના, બેસી ગયેલાં ડાચાંવાળા, નિસ્તેજ આંખો અને ફિક્કા હોઠવાળા, આનંદ, ઉમંગ, આશા વગેરે સદ્‌ગુણોથી વિમુખ થયેલા ગામડાંના યુવકો અનેક પ્રવૃત્તિઓથી ભરેલા આ સંસારને માટે ધીમે ધીમે નાલાયક બને છે અને જો આજ પ્રમાણે ઘણો વખત ચાલ્યું તો ગામડાનો ગુજરાતી સમાજ નષ્ટ થશે. શહેરીઓની ખરી હરકતો ઘણી છે, પણ ખરી હરકતોની સાથે દેખાડવાની ખોટી હરકતો બતાવી તેઓ શરીર સુધારવા તરફ લક્ષ દેતા નથી. તેમને અને તેમની હરકતોને બાજુ પર મૂકીએ; પણ જે ગામડાંઓમાં ચોખ્ખાં હવાપાણી ને ખોરાક સહેલાઇથી મળી શકે છે. ત્યાં તેમના પારસી અને મુસ્લિમ બિરાદરો કરતાં હિંદુ બાળકો નબળાં, ફિક્કાં અને શરીરે વજનમાં હલકાં માલમ પડે છે. આને માટે તેમનો ખોરાક અને તેમની રહેણીકરણી પણ જવાબદાર છે. મુસલમાન કે પારસીભાઇઓમાં નાનાં કુમળાં બાળકોને સંસારમાં ધકેલી દેવામાં નથી આવતાં તેથી પણ તેમનાં શરીર સારાં રહે છે.

હાલના હિંદુઓએ કેવો હલકા પ્રકારનો ખોરાક ખાવા માંડ્યો છે તે તપાસીએ. પહેલાંનાં હિંદુ બાળકો સવારમાં ઊઠી રોટલો કે ભાખરી ખાતાં અને જોડે ગોળ યા અથાણું, પાપડ, દૂધ કે છાશ ખાતાં ને પછીથી નિશાળ હોય તો નિશાળે જતાં અથવા પોતાનાં માબાપોને ખેતરના કામમાં મદદ કરવા જતાં. બપોરે પાછાં આવી દાળભાત,

ખીચડી, કુરિયો કે થૂલી ખાતાં. જુવારના ફાડાઓને દાળના પાણીમાં રાંધવાથી કુરિયો બનતો અને ઘઉંના ફાડાઓને પાણીમાં રાંધવાથી થૂલી બનતી. કુરિયો સુરત જિલ્લાના કણબીઓ વગેરે ખાતા અને થૂલી અમદાવાદ જિલ્લામાં ખવાતી. પછીથી તેઓ પાછાં નિશાળે જતાં અને સાંજે છૂટતાં. નિશાળમાંથી છૂટચા બાદ ગામને પાદરે ગેડીદડા, આમલીપીપળી વગેરે મરદાની રમતો રમી થાકચાપાકચા ઘેર આવતાં અને ભૂખ્યાડાંસ જેવાં થયાં હોય, ત્યારે રોટલા–રોટલી અને દૂધ કે શાક એ બન્નેનું વાળુ કરતાં. કેટલાંક વળી ખીચડી પણ ખાતાં.

જ્યારે છોકરાઓ આ પ્રમાણે રમતા અને કૂદતા ત્યારે છોકરીઓ પણ રમતી–કૂદતી. અંબોલાડીની, ફેરફૂદડીની બળદાયક રમતો રમતી. આનંદદાયક અને બળવર્ધક આ તેમની રમતોની અસર બાલિકાઓનાં શરીર પર અને મન પર થતી. વળી તેમનાં ઘર એક નાનકડી કસરતશાળા જેવાં હતાં. તેમને ત્યાં વાસણ માંજવાનાં, કપડાં ધોવાનાં, દાણા દળવાના કે ભરડવાના, ભાત ખાંડવાનું વગેરે કામ કરવાનું હતું. દરેક બાલિકાને પોતાની શક્તિ મુજબ કામ કરવાનું હતું. તેઓ પણ પોતાના ભાઇઓના જેવોજ પુષ્ટિકારક ખોરાક ખાતી. બાળલગ્નથી થતી માઠી અસરોથી થયેલાં કમતાકાત શરીરો આને લીધે પાછાં કૌવતવાન થતાં.

ત્યારે આજે કેમ આમ છે? નવી રૂઢિઓ દાખલ થઇ અને ખોરાક બગડ્યો ને કસરત ગઇ તેથી, એમ કહ્યા વગર ચાલે તેમ નથી. નવી દાખલ થઇ પડેલી રૂઢિઓએ તો બાળકોનાં લોહી સોસવા માંડ્યાં છે. પ્રથમ જવાબદાર રૂઢિ તો ચા પીવાની ટેવ છે. જે ચા પહેલાં ફક્ત વારતહેવારે થતી, તે ચા આજ સામાન્ય ચીજ થઇ પડી છે. ગામડાંમાં કંઇ ઊંચી જાતની ચાને થોડો વખત પાણીમાં પલાળીને ચા થતી નથી, પણ હલકી યા મધ્યમવર્ગની ચાને પુષ્કળ લઇ પુષ્કળ ઉકાળી તેમાં પુષ્કળ ખાંડ નાખી પુષ્કળ પીવામાં આવે છે. સવારના પહોરમાં ચાના કડવા ઉકાળાએ નાસ્તાનો પગ

ટાળ્યો છે. આવી સખત ચા જેને ગામડાંના લોકો "સટોંગ" કે "સ્ટ્રોંગ" ચા કહે છે, તે સવારમાં અનેક વખત લેવાય છે. કોઇ મળવા આવે કે ચમચીના માપે નહિ પણ બાચકાના માપે નંખાતી ચાના ઉકાળા મોટાનાના સર્વે પીએ છે. આથી તેમની ભૂખ મરી જાય છે. આ ચા પર અગિયાર–બાર વાગ્યા લગી બાળકો મગજ-મારી કરે છે. પછીથી તેમને દાળભાત રોટલી કે રોટલા ખાવા મળે છે. બપોરે પાછી ચા મળે અને સાંજે રોટલારોટલી કે ખીચડી-દૂધ મળે છે. સવારનાં રોટલોરોટલી તેમનાં ગયાં તે ગયાં અને તેને બદલે ઝેરપાન થયાં, એ એક નુકસાન. મરી ગયેલી ભૂખને લીધે બપોરે ને સાંજે ઓછું ખવાય એ બીજું નુકસાન. આ ઉપરાંત ભાતદાળ, રોટલારોટલીની બનાવટમાંએ ફેરફાર થયો. પ્રથમ હાથ-છડના અને તે વળી એકવડી ઘડનો બેઠો ઓરેલો ભાત ખવાતો ત્યારે હાલ મિલછડના પાલીસ કરેલા ચોખાને ઘણા પાણીમાં બાફી, ઓસાવી નાખી, સફેત બનાવી ખાવામાં આવે છે; જેથી પાણીમાં ઓગળી શકે એવાં સઘળાં પૌષ્ટિકતત્ત્વોરહિત તેમનો એ ખોરાક છે. આ ઓસામણ પહેલાં કાઢતા તો તેને દાળ કે કઢીમાં નાખતા અથવા તેનાથી રોટલા બાંધતા, પણ હવે તો તે ઓસામણને ખાળમાં ફેંકી દેવામાં આવે છે. ઘઉં કે બાજરીના રોટલારોટલી બનાવવા સારુ તેને દળી, મોટા વેહની ચાળણીમાંથી ચાળી તેને વાપરવામાં આવતો; જેથી ફક્ત વગર દળાયેલા દાણા કે છેકજ જાડું ચળામણ નીકળી જતું. આ પણ પાછું તે પછીથી દળવાના દાણા ભેગું નખાતું. હાલમાં લોટને ઝીણા હવાલાવતી ચાળી બધું થૂલું બહાર ફેંકી દેવામાં આવે છે. ઘઉં વગેરેમાંથી આમ હાડકાં બાંધનાર પૌષ્ટિક તત્ત્વોને રસ્તામાં ફેંકી દેવામાં આવે છે. જાડી દાળની ધીમે ધીમે પાતળી દાળ થવા માંડી છે. શાકને પહેલાં તેલમાં વઘારી તેમાં પાણી નાખી બાફવામાં આવતાં તેને બદલે હવે તેને તેલમાં તળી ઉપરથી સહેજ કાળાં કરી ખાવામાં સ્વાદથી ખાધું ગણાય છે. આથી શાકમાં

રહેલી કુદરતી સુવાસ ઊડી જાય છે. આ પ્રમાણે પાણીમાં ઓગળી શકે એવાં પૌષ્ટિક તત્ત્વો ખાળમાં જાય છે, હાડકાં બાંધનાર પૌષ્ટિક તત્ત્વો રસ્તામાં પડે છે અને સુવાસિત તત્ત્વો આકાશમાં ઊડી જાય છે. આ ઉપરાંત આવી રીતે તૈયાર કરેલા ખોરાકમાંથી વિટામિન નામનું તત્ત્વ પણ ઊડી જાય છે. હાલના હિંદુઓ પેટ ભરે છે ખરા, પણ તેમનો ખોરાક કમપૌષ્ટિક છે. મોટા તેમજ નાના આવા ખરાબ ખોરાક અને ચાના ઉકાળાની અસરથી હેરાન થાય છે. ગામડાંના હિંદુઓને પુકારીને કહેવાની જરૂર છે કે, ચામાં રહેલા થીઇન, કેફીન, અને ટેનીનથી ભૂખ મરી જાય છે અને તેથી બદહજમી થાય છે. આવી બદહજમીથી પીડિત નરનારીઓની પ્રજા નબળી હોય તેમાં નવાઇ શી? અને વળી આવાં નબળાં જન્મેલાં બાળકને નાનપણથીજ ચાના ગરાડી બનાવવાને તેમને લાડ લડાવનાર તેમનાં માબાપો પ્રયત્ન કરે તો પ્રજા મજબૂત ક્યાંથી થાય?

આ ઉપરાંત વળી લોકો ખાંડસાકરને પૌષ્ટિક ખોરાકમાં ગણવા લાગ્યા છે. નાના બાળકના શરીરમાં અતિ મીઠું દૂધ કે અતિ મીઠી ચા પડે છે અને તે ઉપરાંત છૂટાં પતાસાં કે સાકર પણ બાળકને ખવડાવવામાં આવે છે. છેક નાનાં બાળકને સાકર કે પતાસાનું પાણી આપી તેમને રડતાં છાનાં રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. મોટા માણસને ખાંડ પચવી મુશ્કેલ છે, તો પછી નાનાં બાળકોની શી દશા? તે તેમનાં પેટમાં ખદબદી ઊઠે છે, જેથી ત્યાં ખટાશ પેદા થાય છે અને અંદરની પાતળી ત્વચાને નુકસાન કરે છે. બાળકોના ઘણા રોગોનું આ એક કારણ છે.

બાળકોનો ખોરાક બગાડવાના બીજા અનેક રસ્તા પણ લેવાય છે ને તેમાં મુખ્ય ખોરાકમાં નખાતા મરીમસાલા છે. શું હિંદુઓ એમ સમજે છે કે, ચાનો કડવો ઉકાળો, પુષ્કળ ખાંડ, કમપૌષ્ટિક ખોરાક અને મસાલા નાખીને તમતમાટ બનાવેલી વાનીઓ કોઈ અકળ ક્રિયાને લીધે જઠરમાં બદલાઇ તેનું ચોખ્ખું લોહી, મજબૂત

હાડકાં અને માંસ બનશે? જે હિંદુઓ બારે માસ આવી ચીજોનું સેવન કરી અર્ધ માંદા થયા હોય છે, તે હિંદુઓ શ્રાવણ અને ભાદરવા માસમાં જ્યારે તેમના અનેક તહેવાર આવે છે, ત્યારે મીઠાઇ વગેરે પુષ્કળ ચાંપી માંદા પડે છે. ચોમાસામાં જ્યારે ભેજ વગેરે કુદરતી કારણોને લીધે પાચનક્રિયા મંદ પડે છે, ત્યારે તેઓ આમ કરે તે શું ઓછી બેવકૂફી છે? તેઓ પેટને લોઢાની નળી માનતા હોય એમ જણાય છે.

જે હિંદુઓ મદિરાપાન કરતા હોય છે તેમની દશા તો તેથીયે બૂરી હોય છે. તે પૈકીના ઘણા તો ગરીબાઇને લીધે મદિરા અને ખોરાક બે લઇ શકતાજ નથી, તેથી નશાની ચીજ લે છે અને ખોરાક વગર કે થોડા ખોરાકે ચલાવી લે છે.

તેમની નબળાઇનું બીજું કારણ રમતગમત અને કામકાજનો અભાવ છે. પહેલાંની બળદાયક અને ચપળતાવર્ધક દેશી રમતો રમવામાં છોકરાઓ આનંદ માનતા, પણ હાલમાં એવી રમતોની સાથે જે અવાજ થાય છે, તે અવાજથી કંટાળો ખાનાર માબાપો અને તેમને ખુશ રાખવા પ્રયત્ન કરનાર કેટલાક શિક્ષકો આવી રમતો તરફ તિરસ્કાર દેખાડી, તેમને તે રમતો રમતા અટકાવે છે, જ્યાં એવી રમતો રમાતી બંધ થઇ કે આનંદ, ઉત્સાહ વગેરે નષ્ટ થાય છે, આ પ્રમાણે માબાપો અને તેમના મળતિયાઓ બાળકના જીવનને ખારું બનાવી દે છે. કમપૌષ્ટિક ખોરાક અને કમતાકાત કરનારાં પીણાંઓના ભોગ થઇ પડેલાં બાળકોની રમતગમત છીનવી લીધાથી તેઓનાં શરીર સુધરી શકતાં નથી. વળી માબાપો પણ જાણે છોકરો ભણે છે એટલે શું? તેમ સમજી રવિવાર કે રજાને દિવસે તેને પોતાનું કામ–ખેતરનું કામ–પણ સોંપતાં આંચકો ખાય છે. છોકરીઓની દશા તો એથીયે બૂરી છે. છોકરાઓ તો બહાર પણ જઇ શકે છે અને થોડીઘણી પણ સારી હવા લઈ શકે છે ને થોડું કદાચ રમી શકે છે; પણ બિચારી છોકરીઓને

દોડવું-કૂદવું હવે દુર્લભ થઇ પડયું છે. એવી રમતો ન છાજતી ગણાય છે. વળી પહેલાં ગૃહવ્યાયામશાળામાં દળવાખાંડવાનું હતું તે બંધ થયું છે. સંચા દળે છે ને ખાંડે છે. ફક્ત ન છૂટકે પાણી ભરવાનું રહ્યું છે અને તે પણ જ્યાં કોળી, ભીલ, દૂબળા, ધારાળા વગેરે જાતના લોકો પાણી ભરનારા ન મળે ત્યાંજ. પોતે નાનપણમાં રમીકૂદી કામ કરી આનંદમાં ઊછરેલી માતા પોતાના બચપણનો વખત ભૂલી જઇ પોતાની બાળકીઓને તેમ ન કરવા દેવામાં મોટાઇ માને છે. આમ કસરતના અભાવે તે બાળકીઓ પાછળથી માતા થવાને નાલાયક બને છે અને પહેલીજ પ્રસૂતિએ તે પૈકી કેટલીક ગુલેગુલાબ જેવી દેખાતી બાળાઓનાં બદન તૂટી જાય છે અને ખખળી ઊઠે છે. આનંદે ઊભરાતાં અને સુખી ગૃહોને બદલે નાદુરસ્તોને રહેવાનાં શાંત નિવાસસ્થાનો જ્યાં ત્યાં નજરે પડે છે, જ્યાંના દુર્ભાગી લોકો તંદુરસ્ત, મજબૂત અને આનંદી માતાઓને બદલે ફિક્કી, માંદલી અને દુઃખી માતાઓને તેમનાંજ જેવાં ફિક્કાં બાળકોને ઉછેરતી જુએ છે.

આ ઉપરાંત ગામડાંની પ્રજાની જંગલી રીતભાતો પણ તેમની તંદુરસ્તી બગાડવામાં મદદગાર થઇ પડે છે. જ્યાંત્યાં ગંધાતાં પાણીનાં તળાવડાં જોવામાં આવે છે, જેમાં બારેમાસ રસોડામાંથી વહી જતું પાણી ભરાઇ રહે છે અને તેમાં કીડા પણ ખદબદે છે. ઘરોની પાસે કે પાછળ ઉકરડાના ઢગલા જોવામાં આવે છે અને અંધારા કોઢારામાં રહેલાં ઢોરોનાં છાણમૂતરની વાસ પણ ઘરમાં પ્રસરી રહેલી હોય છે. ગામડાંની ચોખ્ખી હવા, ચોખ્ખું પાણી વગેરેનાં વખાણ કરનારાઓને આ ગામડાંઓમાં ફેરવવામાં આવે અને ત્યાં રહેલાં માખી, મચ્છર, ચાંચડ વગેરેનાં ઉત્પત્તિસ્થાનો દેખાડવામાં આવે અને તેમાંથી નીકળતી બોની તેમને લહેજત લેવા દેવામાં આવે, તો તે પછી વખાણ ગાવાનાં છોડીજ દેશે. આ ઉકરડા તેમનાં ઘરની પાસેનાં જળાશયો બગાડે છે. તે ઉપરાંત તેઓ ઘણી વખતે તળાવની પાળે કે તેની અંદર અને નદીના ભાઠાની અંદર દિશાએ જાય છે

અને ત્યાં પણ બગાડ કરી મૂકે છે. જે લોકોને ત્યાંનાં જળાશયો આમ થોડાંઘણાં બગડે અને જ્યાં પ્લેગ, કોલેરા વગેરે રોગોને આણનાર અને ફેલાવનાર માખી, ચાંચડ, મચ્છરની ફોજો હોય, ત્યાં રોગચાળા વખતે ઘણાં માણસનો કચ્ચરઘાણ નીકળી જાય તેમાં નવાઇ શી? આ જંગલી રૂઢિઓ પ્રમાણે ચાલનારા ગામડાંમાં વસતા આપણા ભાઇઓને થોડીક આરોગ્યવિદ્યા શીખવવાની જરૂર છે.

ગામડાંમાં વળી પ્રસુતિના સમયે જે બેદરકારી બતાવવામાં આવે છે, તેવી શહેરોમાં ઘણાભાગે હવે દેખાડવામાં નથી આવતી. શહેરો છેકજ સુધરી ગયાં છે એમ તો કહેવાનું છેજ નહિ; ત્યાં પણ તેટલાજ બેદરકાર લોકો વસે છે, પણ જરૂર પડે ત્યારે સાધનો મળે છે જેથી તેનો ઉપયોગ કરે છે. જેમ શહેરોના ઘણા ભાગમાં જોવામાં આવે છે, તેમ ગામડાંઓમાં બધે પોતાના ઘરને થોડાક સમયમાં ઉજ્જવલ કરનાર છે તેવી સદ્ભાગી સ્ત્રીના તરફ તેનાં સગાંવહાલાં ઓછી નિર્દયતા નથી વાપરતાં. જ્યારે પ્રસુતિને સમયે ચોખ્ખામાં ચોખ્ખો હવાઉજાસવાળો ઓરડો જોઇએ, પહેરવાને સારુ તદ્દન ચોખ્ખાં કપડાં જોઇએ, ત્યારે હિંદુ માતાઓને નસીબે અંધારો ઓરડો–જેમાં બહારની હવા પ્રવેશ કરીજ ન શકે તેવો ચોંટેલો હોય છે; તેમને ગંદાં–જૂનાં કપડાં પહેરવા મળે છે અને ગંદી બેદરકાર હજામડીઓ પાસે તેમને લગતું સઘળું કામ કરાવવામાં આવે છે. નવાઇની વાત એ છે કે, સ્ત્રીની હત્યા કરવા માટે આટલા બધા ઉપાયો લીધા છતાંયે તેઓ પૈકી ઘણી જીવતી રહે છે; પણ જે માતાઓ જીવતી રહે છે, તે પૈકી ઘણીનાં શરીર પ્રસુતિના આંચકા બાદ ખખળી ગયેલાં લાગે છે. જે હિંદુ પ્રજા તેમના તરફ બેદરકારી અને નિષ્ઠુરતા બતાવે છે, તે હિંદુપ્રજાની નજરે તેમનાં કરેલાં પાપોની એંધાણીરૂપ માંદલી માતાઓના ફિક્કા અને નિસ્તેજ ચહેરા, ઉદાસી આંખો અને માંહી રહેલાં હાડકાંના માળાને જાણે મોટી પડતી હોય એવી તેમની ઝૂલી ગયેલી ચામડી નજરે

પડે છે. આ નબળી થયેલી અને નબળી થતી માતાઓ નબળાં બાળકોને ઉછેરે છે. શું હિંદુઓને આથી શરમાવા જેવું નથી ?

બચપણથી પ્રજાદોષે નબળાં થયેલાં આ બાળકોને તેમના પિતાઓનાં ચોખ્ખી હવા વગેરેથી વિમુખ એવાં ઘરોમાં ઊછરવાનું છે, ત્યાં અર્ધ બેદાગરુ જિંદગી ગાળવાની છે, વિટામિન વગરનો અને ઘણાં પૌષ્ટિક તત્ત્વો જેમાંથી કાઢી નાખેલાં છે એવો કમકૌવતદાર ખોરાક ખાવાનો છે, મરીમસાલા ગળી જવાના છે, રોજના અનેક પ્યાલા ભરી ચાના કડવા ઉકાળા ગટગટાવવાના છે અને જે ઠેકાણે માંકડ, મચ્છર, ચાંચડ, વગેરે મનુષ્યના દુશ્મનોનો વાસ હોય ત્યાં સૂવાનું છે. હવે કોણ કહેશે કે ગામડાંની ભવિષ્યની પ્રજા મજબૂત થશે ?

હવે એક કારણ રહ્યું. જ્યારે શહેરના લોકો સાંસારિક, ધાર્મિક, રાજદ્વારી વગેરે અનેક બાબતો પર ચર્ચા કરે છે, તેમને તેવી બાબતો પર વારેઘડીએ સાંભળવાનું પણ મળે છે અને તેથી તે ઉપર વિચાર કરવાનું તેમને મન થાય છે; ત્યારે ગામડાંમાં તેવું નથી, જેથી તેઓ અંદરઅંદરની ખટપટની કે વિવાહ, લગ્ન, સીમંત વગેરેના ઉપર વાતો કરે છે. આવી વાતો કરતી વખતે ઘણીક વખત તો જે ભાષા વપરાય છે તેમાં બીભત્સ ભાવ ઘણો જોવામાં આવે છે. આ પ્રસંગે ઊછરતાં બાળકો પાસેજ હોય છે અને એવી ભાષાની અસરથી તેમના વિચારો બગડે છે. જે બિચારા આત્માઓ કમનસીબે હિંદુમાં અવતરે છે, તેમના શરીર પર આવાવિચારોની અતિ માઠી અસર થાય છે.

સંસારસુધારકો શહેરોમાં પરિષદો ભરી સમજેલાને સમજાવવા પ્રયત્ન કરે છે. તેને બદલે ગામડાંમાં જઇ સાદાં અને જાદુઇ ફાનસોની મદદવતી ભાષણો કરી, ત્યાંની રહેણીકરણી, ખાણુંપીણું વગેરેની શી માઠી અસરો થાય છે તે સમજાવવા પ્રયત્ન કરે તો તેઓ બળહીન થયેલી અને થતી પ્રજાને પાછી બળવાન કરવાને ભાગ્યશાળી નીવડશે અને હિંદુપ્રજાને નષ્ટ થતી અટકાવશે.

("પ્રજાબંધુ"ના રૌપ્ય–મહોત્સવાંકમાંથી)

૫૫–ચીચોડના મિયાંઓનું દીપડા સાથે દ્વંદ્વયુદ્ધ

શિયાળાની સૂસવતી ટંડી અને પરોઢિયાનો પહોર ! વજ્રાંગ મારુતિસરખા જુવાનોનાયે હાંજા ગગડી જાય એવું એ કાળઝાળ હિમ ! સવારના પાંચ વાગ્યાને શુમારે જ્યારે મેઘલીનાં અંધારાં ભળભાંખળાંથી ભેદાવા લાગ્યાં, ત્યારે ગોંડળ રાજ્યના પાટણવાવથી બે કોસ દૂર ચીચોડમાં એક ભરવાડના આંગણામાંથી ગોકીરો ઊઠ્યો કે,

"ધ્રોડજ્યો રે, આંઇ દીપડો બેઠો સે."

કોશ, કોદાળી ને કડિયાળી ડાંગો લઇને જુવાનિયાઓ ભેગા થયા, ત્યાં તો દીપડો કામ પતાવીને, ઘોડીને ચીરીને ફાળ ભરતો નાઠો. અંધારામાં પત્તો લાગ્યો નહિ.

ઉગમણી દિશામાં સૂરજનારાયણની લાલ લાલ કિરણ્યું ફૂટિયું, એટલામાં તો ગામમાં વાત ફરી વળી કે, પેલા ફાટેલ-પેધી ગયેલ દીપડાએ આજે ભરવાડની ઘોડી ઉપર મારણ કર્યું. આ ઉન્મત્ત દીપડાનો ત્રાસ ત્રણ ત્રણ ચોમાસાંથી ચાલુ હતો. એને મારવાના પ્રયત્નો બધાજ નિષ્ફળ ગયેલા. ગઇ સાલ એણે ઢોરઢાંખરનો દાળોવાટો કાઢ્યો હતો. એકાંતરે સવાર પડે ને કોઇના બળદ ઘોડા–ગાય–ભેંસની ગળકી ચુસાયાની રાડ પડીજ હોય !

પણ આજે તો એને ગોતીને ઠાર કરવાનો નિરધાર કરી ગામલોક ચાલી નીકળ્યા અને એ ગામલોકને અગ્રે કોણ કોણ ? ચીચોડના મિયાંજાતિના જીવાઇદાર ગિરાસીયા–જુવાન અને વૃદ્ધ સાથે સાથે. આ લોકો ચીચોડના ગામેતી કહેવાય છે. દીપડાને સગડે સગડે આદમીઓનું ટોળું આગળ ને આગળ ચાલ્યું. સૂરજદેવ આભામંડળમાં બે ત્રણ નાડાવા ઊંચા ગયા અને દશ વાગ્યાને શુમારે એક ખેતરમાં દીપડો દૂર દૂર તબક્યો. ગામેતીઓએ ચીસ નાખી "એલા, એ રિયો" અને બધાએ પૂરપાટ દોટ દીધી. આડા

ફરીને ' હુડિયો, હુડિયો, ' કરતાં દીપડાને ચીચોડની આથમણી દ-શમાં તગડ્યો. ત્યાં ખેતરમાં જાનવર ઢીલાનાંગળ કરીને એરંડાના છાંયડામાં ' ભસાક કરતું ' બેસી ગયું અને લાંબું લસ થઇને સૂતું. જાણે આદમીનાં ટોળાંની બીકજ નહિ !

પંદર આદમીના ટોળામાંથી જુવાનીના ખમીરવડે ત્રસત્રસતી લાંબી ભુજાવાળા, ગામેતી ખીમા ડોસાએ આગળ ડગ ભરી જામગરી સળગાવી અને ગોળી 'સણુણુ' કરતી જઇને ચોટી દીપડાના પડખામાં. પેટાળ નીચે છરકો કરતીકને પેલી મેર ચાલી ગઈ.

પણ દીપડો તો જાણે ફૂલ ન ફરક્યું હોય, તેમ નિરાંત કરીને પડચોજ રહ્યો. પાંચ મિનિટ, દશ મિનિટ, પંદર મિનિટ વીતી પણ એ તો ન હાલે કે ન ચાલે. માત્ર ઘડી બે ઘડીએ પટપટ પૂછડી હલાવે ! એટલે બીજા જુવાન ગામેતી રામા સાંગાએ ફરીને જામગરી ચેતાવી અને બંદૂક ફૂટી ન ફૂટી, કાન આગળ દારૂને ધુમાડો ઊઠ્યો, એટલામાં તો દીપડો ' હૂ હૂ હૂ હૂ ' કરતો ફાળ દઇને રામા સાંગા ઉપર ત્રાટક્યો ને તરાપ મારીને રામાને ધરતી ઉપર ફેંકી દીધો. નીચે પટકતાંવેંત એક થાપો મારી એના થંભામાં નોર ખુતાડી દીધા.

રામાના બાપ ઘરડા ડોસા સાંગાએ જોયું કે, ' હાય હાય ! રાવણ જેવા મહાજોધ દીકરાને હમણાં મારી નજરું આગળ આ દીપડો વીંખી નાખશે. મારા જીવતરમાં ધૂળ પડી ' ! સાંગાની વૃદ્ધ નસોમાં ઝનૂન ધખકી ઊઠ્યું અને તેણે એકજ કૂદકે દીપડાની ડોકી પકડી, મરડી તેને રામા ઉપરથી ઊંચકી નીચે નાખી દીધો. તરતજ દીપડે એના ઉપર તરાપ મારી. દીપડો એના ઉપર આવે ત્યારે પહેલાં તો સાંગાએ રામાની નીચે પડેલી બંદૂક ઊંચકી લીધી અને દીપડાનો થાપો પડતાં પહેલાં તો તે આડી ધરી દીપડાના મોઢામાં ખોસી દીધી. સાથે થોડોક હાથ પણ દીપડાના મોઢામાં ચાલ્યો ગયો.

દીપડો હવે તો વીફર્યો. તેણે કારમી ત્રાડ નાખી, જોરથી દાંત

ભીંસી 'કચ કચ કચ કડડ' કરતી બંદૂકને ને સાંગાના હાથને બન્નેને ચાવી નાખ્યાં અને સાંગાના પડખામાં એક પ્રચંડ થાપો મારી તેને નીચે પટક્યો. નીચે ડોસો સાંગો અને ઉપર જમદૂત સરખો રાવણમથ્થો દીપડો!

બેય જામગરી ખાલી! હવે શું થાય? કોઈની પાસે બીજું હથિયારે ન મળે. સાંગાના દીકરા રામાના હાથમાં માત્ર એક કાટેલી જૂનવાણી બુઠ્ઠી તરવાર હતી અને કરુણા ગામેતીના હાથમાં હતી એક ખોખડધજ કડિયાળી ડાંગ. તરવારનો ઘા કેમ થાય? નીચે પડેલા ડોસાને વાગે તો?

કરુણા ગામેતીને શૂર ચઢયું. એણે હાકલ દીધીઃ "થાજે માટી" અને પોતાના માથા ઉપર ત્રણવાર ફેરવીને કડિયાળી ડાંગ ભડ લઇને દીધી દીપડાના કપાળમાં.

ડાંગનો ઘા પડતાં દીપડો રઘવાયો બન્યો ને સાંગા ગામેતી ઉપરથી ઊઠી એણે કરુણા ઉપર લાય સાંધી. કરુણાએ ટાંપ ચુકાવી પોતે ગુલાંટ ખાઇ દીપડાની પૂંઠે જઈ ઊભો. દીપડાની વડજમાં આવ્યો ગામેતી ખીમા રૂડા ને એક થાપા ભેગો જઇ પડ્યો હો!

દીપડો એના ઉપર ચડી બેસવા જતો'તો એટલામાં તો બાહોશ બનેલા રામા ગામેતીએ પોતાની જૂનવાણી તરવાર ફેરવી સોઇ ઝાટ-કીને ઝીંકી દીપડાની ખોપરીમાં ને ભડસ કરતી ખોપરીમાં સોન્સરવટ ફાચ્ય પડી ગઈ. સાથે તરવારના બે કટકા ખણખણાટ કરતાં બે બાજુએ ઊડી પડ્યા. દીપડો પણ પડ્યો. ત્યાં તો પેલા બારેય જણ કોદાળી, બરછી ને કુહાડી લઇને અડપી પડ્યા.

પેલા થાપા ખાઇને નોર ખૂંચી જવાથી ઘાયલ થયેલા રામા સાંગા અને ખીમાને લોકો ઉપાડીને ગામમાં લાવ્યા અને પડદે નાખ્યા.

દીપડા સામેની આ ત્રણે જણની સમરલીલા કાંઈ કલાક બે કલાક નહોતી ચાલી; ત્યાં તો ફાટેલા, રઘવાયા થયેલા હિંસક પ્રાણીની ક્રૂર વીજળીક ગતિ સામે એટલીજ ત્વરાથી દાવપેચ ખેલવાના હતા;

એટલે તો આ ભયંકર, જીવસટોસટની રમતમાં પ્રહાની ઘડી જેવી દસ મિનિટો વીતી; પણ એ એક એક મિનિટ એટલે તો પેલા બહાદુરોને મન હશે એક એક યુગ!

ચીચોડના મિયાંઓ કહે છે કે, "જે જગ્યાએ દીપડો માર્યો એ ધરતીજ નગદ શૂરવીરાઇનું પુરાતન ક્ષેત્ર છે. અમારા પંદરે ભડવીરોમાંથી એકેય પાછો હઠ્યા. નહિ, એટલેજ એકબીજાની હિંમત વડે અમે સાંગોપાંગ ઊતર્યા. અમે આ કંઇ પહેલવહેલો દીપડો નથી માર્યો. આમ ને આમ પૂરા સત્તરને અમે રામશરણ કરી દીધા છે."

પણ આ દ્વંદ્વયુદ્ધ તો અનોખુંજ છે. આ તો—

"કાઠી ખસિયા વસ્યા શૂર રજપૂત જ્યાં મીર, આહિર, ગોહિલ, વંકા;
ખડ્ગના ખેલની રંગભૂમિ મહીં, જંગના વાજતા નિત્ય ડંકા.
સિંધુડો સૂર જ્યાં ભીરુને ભડ કરે, ધડુકતા ઢોલ ત્રાંબાળુ ધણુણી;
ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર—ધરણી!"

એવી–શૌર્યનાં અગણિત સંસ્મરણો વડે બહેકતી સોરઠની અમર ભોમકાનો એટલોજ અમર શૌર્યપ્રસંગ છે.

દીપડા સાથે ભીષણ બથ્થંબથ્થા કરી, લોથ થઇને ઘેર આવેલા આ શૂરવીરોને દેખતાંજ ધોમ ધખતે બપોરે ચીચોડનો પસાયતો સતરાબાજ દોડતો પાટણવાવ પૂગ્યો અને ફોજદારને ખબર કર્યા. ફોજદારે ટેલિફોનથી ગોંડળનરેશને સમાચાર મોકલ્યા અને ઘાયલ થયેલાઓને અને મરેલ દીપડાને લઈ પાટણવાવ આવવા હુકમ મોકલ્યો.

ફોજદારે તેમનો ધોરણસર પંચક્યાસ કરી તેમને ઇસ્પિતાલમાં જવાની પરવાનગી આપી; પણ હવે તો તેમના ઘા ઠરતા હતા અને અસહ્ય વેદના થતી હતી. દરદ વધવા માંડ્યું, અને સાંજ પડી. ત્રણેને ચીચોડ મોકલવામાં આવ્યા.

અને આ શૂરવીરોની કદર ગોંડળના રાજવીએ કેવી રીતે કરી? તેમને ઇનામ અકરામ કે સારો હોદ્દો આપીને નહિ. એમણે તો દીપડા સાથે મલ્લકુસ્તી કરનારાઓને બહાદુરી બદલ દીપડાનું ચામડું

એનાયત કરવાનું નમૂનેદાર ફરમાન કર્યું. ફોજદારે ઢેડો પાસે ચામડું ઉતરાવી તે નરવીરોને આપ્યું, પણ ચામડું યે અનેક છોડાં અને વીંધોવાળું હોવાથી તદ્દન નકામું નીવડ્યું. અત્યારે તે વ્યાઘ્રચર્મ પાટણવાવના પોલીસથાણામાં ચીચોડના શૂરવીર ગામેતીઓની સ્મૃતિને પણ વિસરાવતું એક અંધારે ખૂણે સડી રહ્યું છે.

ચીચોડના શૂરવીર મિયાંઓએ કંઇ બદલો કે ઇનામ–અકરામની અપેક્ષાએ દીપડા સાથે રણજંગ નહોતો જમાવ્યો. એમને આવી જાહેરાતની પરવાહ પણ નહિ હોય; પણ સમજુ માનવીની સામાન્ય બુદ્ધિ આવી બહાદુરીની કદરદાની જોવા હમેશાં આતુર હોયજ. ઇંગ્લેંડ કે અમેરિકામાં આવી વીરતા કોઇએ દાખવી હોય તો તેની ફિલ્મો લેવાય, જાહેર પ્રજા તેની પાછળ ઘેલી ફરે, રાજ્ય તેના ઉપર માન–ચાંદ–કિતાબ ને ઇનામની નવાજેશો વરસાવે, વર્તમાન-પત્રોમાં એ અદ્‌ભુત પ્રસંગના લાંબા ઝગમગતા અહેવાલો છપાય, સાપ્તાહિકો ને માસિકોને પાને પાને તેમની તસ્વીરો ઊભરાય ને કંઇ કંઇ થાય; પણ આ નિઃસ્પૃહી ને નિરભિમાની ગામડિયા તો રહ્યા કોઇ અજાણ્યે ખૂણે સડતા હેમ્પડનો, ક્રોમ્વેલો, બ્રેડબાર્ડો અને યુજેન સેન્ડાઓ. તેમને માત્ર ચામડાથી નવાજવા સિવાય, શુદ્ધ સ્વરૂપમાં દુનિયા સમક્ષ કોણ મૂકે? ગરવા સોરઠમાં એક કાળે ધરણી ધ્રુજા-વતી વીરતા અને અંગાર સરીખાં ખમીર આજે ઓસરી પડ્યાં છે. તેનું મૂળ રાજવીઓની અને પ્રજાની આ વીરનરો પ્રત્યેની જડતાભરી બેદરકારી–બિન–કદરદાનીમાંજ છે.

એ માસ અગાઉ આ બનાવ ગોંડળની હદમાં બનેલો. ત્યાર-પછી ગોંડળના કુમારશ્રી નટવરસિંહજી એ બાજુ રંજાડ કરતા એક બીજા દીપડાને મારવા સારુ તા. ૧૭–૧–૨૬ના રોજ સિધાવેલા. પાટણવાવના ફોજદારે તેમને પેલી ભાંગેલી તરવારના ટુકડા અને જામગરીવાળી બંદૂક બતાવ્યાં, ત્યારે કુમારશ્રીએ દિગ્મૂઢ બની પૂછ્યું, "શું? શું? આ હથિયારથી દીપડો માર્યો?" ફોજદારે માફી

માગીને કહ્યુંઃ "બાપુ! ક્ષમા કરજો, એ તો મજબૂત ને અનાડી જાત રહી, એટલે દીપડાને માત્ર બથ્થંબથ્થા કરીને પૂરો કરી નાખ્યો." કુમારશ્રી સાશ્ચર્ય નયને જોઈ રહ્યા !

પછી કુમારશ્રી નટવરસિંહજી પચાસ માણસોના રસાલા અને બંદૂક–ગોળાના ગાડીભર સરંજામ સાથે ચીચોડ આગળ ઓસામના ડુંગરોમાં રખડી રખડીને થાક્યા, પણ શિકાર ન થવાથી પાછા સ્વગૃહે સિધાવ્યા. ("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

૫૬–लोकमान्य तिलकनां थोडांक संस्मरणो

લોકમાન્યનાં સૌથી મોટાં દીકરી પાર્વતીબાઇ કેતકર લખે છે કે, હું ફિમેલ હાઇસ્કૂલમાં જતી, ત્યાં મરાઠી ચોથા ધોરણ જોડે અંગ્રેજી પહેલી ચોપડી પણ શરૂ કરાવતા. બારમા વરસ પછી છોકરીઓ પરણે છે ને ત્યાંસુધીમાં મરાઠી પણ તેમનું પૂરું થતું નથી. ત્યાં અંગ્રેજી પણ ટ. ફ. જ થાય; તેથી પ્રથમ મરાઠી પૂરું પાકું થયા વગર અંગ્રેજી નજ શીખવવું, એમ દાદા કહેતા ને એજ કારણથી દાદાએ અમારી નિશાળમાં આવીને અંગ્રેજીના કલાક વખતે મને બીજા એકાદા ગણિત કે સંસ્કૃતના વર્ગમાં બેસવા દેવી, એવી ગોઠવણ કરી હતી. આથી તે વખતના, શાળામાંના કેટલાક શિક્ષકો દાદાને 'ચક્રમ' કહેતા ને ટીકા કરતા.

× × × ×

હું નિશાળેથી ઘેર આવું એટલે મારે સાડી બદલવી પડતી; તેથી એક વાર મેં દાદાને કહ્યું કે, "મને છીંટનો સાળુ લઇ આપો." દાદાએ જવાબ આપ્યોઃ "છીંટનો સાળુ ન લેવાય. બધા વિલાયતી હોય છે." આમ કહીને લંબાણપૂર્વક સ્વદેશીનો મહિમા મને કહી સંભળાવ્યો. ત્યારથી સમજતી થઇ કે, નિશાળમાં બીજી છોકરીઓ

જે ભભકાબંધ કપડાં પહેરીને આવે છે, તે બધાં વિલાયતી કપડાંનાં બનેલાં હોય છે. અમારા ઘરમાં સુતરાઉ બધું થાણા કલોથ અને ગરમ કાપડ–વૂલન મિલોને બદલે ધાબળીઓનું વપરાતું.

× × × ×

ઘરમાં એ વખત ચા થતી પણ આઇ અમને કદી ચા આપતી નહિ. અમને દૂધજ અપાતું. અમે દાદાને પૂછીએ: "તમે કેમ ચા પીઓ છો?" દાદા કહેશે: "ટેવ પડી; તમારે તેમાંથી બચવું જોઇએ. બાપ દારૂડિયો હોય તોપણ છોકરાંઓએ દારૂ પીતાં કદી ન શીખવું જોઇએ." વિશ્વનાથ (લોકમાન્યનો સ્વર્ગસ્થ જ્યેષ્ઠ પુત્ર)ને જનોઈ દીધા પછી દાદા રોજ તેની પાસે સંધ્યા કરાવતા. કોઈવાર ન કરી હોય તો ગુસ્સે થતા. એક દિવસ વિશ્વનાથે કહ્યું: "ત્યારે તમે કેમ સંધ્યા નથી કરતા?" દાદા કહે: "હું તારા જેવડો હતો ત્યારે રોજ કરતો, હવે તો હું રોજ વેદ વાંચું છું એટલે સંધ્યા નથી કરતો." અમને એમના ઉપર વિશ્વાસ બેઠો નહિ, એમ જોઈ મેક્સમૂલર સાહેબે કરેલાં વેદોનાં ભાષાંતરનાં જાડાં જાડાં પુસ્તકો દાદાએ અમને દેખાડ્યાં ને કહ્યું: "પૂર્વે દૈત્યો વેદને ચોરીને લઇ ગયા હતા, હવે જર્મનો ભાષાંતર કરીને ધોળે દહાડે લઇ ગયા છે."

× × × ×

સવારે ચા પીતી વખતે દાદા રોજ ટપાલ જોતા અને વિનોદ કરતા. ૧૯૦૮ ના સુરતના બખેડા પછી મોડરેટ તેમજ એક્સ્ટ્રિમિસ્ટ છાપાંઓ વચ્ચે સારી પેઠે ગાળો ચાલતી. એક દિવસે ચા પીતી વખતે અમને પૂછવા લાગ્યા: "તમે બધાં રોજ ચાની સાથે કંઇને કંઇ ખાઓ છો; હું શું ખાઉં છું તે કહો જોઇએ?" દાદા ચા સાથે કોઇ દિવસ કશું ખાતા નહિ, તેથી અમે કહ્યું કે, "તમે તો કોઇ દિવસ કશું ખાતા નથી." દાદા હસીને કહે: "કેવું અજ્ઞાન! અરે, હું રોજ ચા સાથે ગરમાગરમ ગાળો ખાઉં છું!"

× × × ×

સને ૧૯૦૬-૦૭ ની સાલમાં સ્વદેશી હિલચાલ ઊપડી અને સરકારની દમનનીતિ શરૂ થઇ, તે વેળા બિપિન બાબુએ છાપાંઓદ્વારા જાહેર કર્યું કે, જેમને જેલની તૈયારી કરવી છે તેમણે અગાઉથીજ ઘરમાં જારબાટીના રોટલા વગેરે ખાવાની તાલીમ લેવાનું શરૂ કરી દેવું જોઇએ. આ વાંચીને લોકમાન્યે કહેલું કે, "જેલને સારુજ શું આવડી તૈયારી કરવાની! જેલ મળો કે ન મળો. દેશને સારા દિવસ ન આવે ત્યાંસુધી આ જેલજ છે, એમજ માનીને દેશભક્તે ચાલવું જોઇએ. જેને જેલમાં જવું પડે એટલા ખાતર જારબાટીના રોટલાની તાલીમ લેવી પડે તેણે કર્મયોગ જાણ્યોજ નથી એમ સમજવું. જારબાટી ખાઇને ભલે તે ચાહે તેટલી તૈયારી કરે, તેને હાથે કાર્યસિદ્ધિ થવાની નહિ."

(દૈનિક "હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

૫૭-पुरोहितनुं बलिदान !

પુરોહિતઃ—રાણાજી! તમને બન્નેને આ શું સૂઝયું? ક્ષત્રિયની તરવાર ભાઇભાઈના ગળા પર! હા! આ નરવીરોની ભૂમિનો આ શો અધઃપાત! રાણાજી! ચિતોડનું સત્યાનાશ વળી જશે. આ તરવારના ઘા ભાઇને ગળે નથી, એ ચિતોડને ગળે જાણજો. દુશ્મનો ઝઝૂમી રહ્યા છે; ચિતોડ ઉપર ઘોર આફ્ત લટકી રહી છે; આ વખત ભાઈભાઈનાં ગળાં કાપવાનો! પૃથ્વીરાજે અને જયચંદે લડીને આર્યાવર્ત ગુમાવ્યું, એ યાદ છે? યાદ કરો! તમારા પ્રતાપી પૂર્વજોનું વીરત્વ સંભાળો! ચિતોડ તમારો મોંઘો વારસો છે. બલિદાન અને શિરસમર્પણની આ ભૂમિ ભારતની કીર્તિનો ખજાનો છે. ભાઈભાઈ કપાઈ મરશે, તો એની રક્ષા કોણ કરશે? એના રક્ષકો એકમેકના ટોટા પીસશે તો ચિતોડનું શું થશે? તમારી સમશેરો-તમારું વીરત્વ-

તમારી શક્તિ—શત્રુઓ સામે વાપરજો! ભાઇભાઈની આ તકરાર ચિતોડના નાશની ઘોર ખોદે છે. જો ચિતોડની દાઝ હૈયે હોય, તો આ હાથ આ રીતે લોહીથી ખરડાતા બચાવો અને વેર ભૂલીને ભાઇએ ભાઈ ભેટો! આ બ્રાહ્મણના આશીર્વાદ છે કે...

શાક્તસિંહઃ—ચિતોડ! અરે ચિતોડ તો હવે મોગલોનું છે. ગોરદેવ! એ વિદ્વત્તાનાં શાસ્ત્રો ચોરીના માંડવામાં સંભળાવજો. શાક્તસિંહ હવે આ વેર નહિ ભૂલે. કાં તો હું નહિ કે કાં તો આ મિથ્યાભિમાની પ્રતાપ નહિ. ચિતોડ જશે તો એવાને પાપે જશે. આ અપમાન કરતાં ચિતોડ દુશ્મનનું થાય, એ શું બહેતર નથી? જાઓ, દૂર જાઓ; નહિતર તમે નાહક છૂંદાઈ જશો.

(પુરોહિતને હડસેલે છે.)

પુરોહિતઃ—અધધધ! હું આ શું સાંભળું છું! આ બ્રાહ્મણનું અપમાન! ઓ નરાધમ! લે! હું આ ઊભો! ચલાવ તારી એ પાપિણી તરવાર, આ ગળે ચલાવ! ક્ષત્રિયો ધર્મ ભૂલ્યા, જાત ભૂલ્યા, ટેક ભૂલ્યા, દેશ ભૂલ્યા, ત્યાં બ્રાહ્મણની જિંદગી શા કામની? હાય! રજપૂતાનાનો વિનાશ હવે અચૂક છે! ઓ ઊંચા આકાશ! તારા વજ્રનિપાતો વરસાવ! ઓ પ્રતાપી માર્તંડ! તારી આગની જ્વાલાઓ પ્રકટાવ! ઓ મેઘ! તારા પ્રલયથી આ ધર્મભ્રષ્ટ ભૂમિનો નાશ કર! ઓ ઉડુગણો! આ પતિત ભૂમિ ઉપર તૂટી પડો! ઓ દિગ્ગજો! આ હૃદયશૂન્ય માનવજાતિનો ભાર હલકો કરો! ઓ શેષ! તારી ફણા સળકાવ! ઓ દેવાધિદેવો! તમારાં આયુધોથી આ આર્યત્વવિહોણી ભૂમિને આસુરી તત્ત્વોથી ઉગારો! ઓ નવખંડ પૃથ્વીને વીંટાયેલા અપાર રત્નાકર! તારાં અમાપ જળમાં આ અધર્મી જાતિને સમાવી દે! તપસ્વીઓની યોગસમાધિશા, માનવલોક અને સ્વર્લોકની સીડીશા, ઓ ધુર્જટિ હિમાદ્રિ! તારી અચલતા છોડ અને આ આચાર, કર્મ અને ધર્મભ્રષ્ટ મનુષ્યો ઉપર તૂટી પડ!

ઓ કૈલાસવાસી ત્રિપુરારિ! તમારું ત્રીજું લોચન ખોલો અને ભારતમાંથી અધર્મને બાળીને ભસ્મ કરી નાખો! નથી–નથી–ભારતમાં હવે આર્યત્વ નથી, ક્ષત્રિયોમાં ક્ષત્રિયત્વ નથી, બ્રાહ્મણોમાં બ્રહ્મત્વ નથી, આર્યત્વનાં ઓજસ નથી! જે ભૂમિમાં નરરત્નો પાક્યાં, તે ભૂમિમાં પથરા નીકળ્યા! જે આર્યબાળાને–સતીને ખોળે વીર કેસરી ધર્મમૂર્તિ અમર પુરુષો જન્મ્યા, તે ખોળે ભાઈભાઈના વેરી જન્મ્યા! એ સતીઓ–એ શૂરી ક્ષત્રિયાણીઓ ચોધાર આંસુએ રડે છે! ભડભડાટ બળતી આગમાં હસતે મોઢે દેહ સળગાવી દેનાર એ ભારતની દેવીઓ આજે લાજે છે! હા! ભારત એના શત્રુઓનું વિહારભુવન થશે. આજે એક શત્રુ હશે, પણ યાદ રાખજો, એ એકના અનેક તમારે પાપે આ ભૂમિમાં ઊભરાશે! આજે પ્રતાપ અને શાક્તસિંહ કપાઇ મરશે; પણ યાદ રાખજો કે એ આગ સમસ્ત ભારતમાં, કોમેકોમમાં અને ઘેરઘેર સળગશે! અને ભાઈભાઇના વિનાશના એ દાવાનળમાં આ પ્રાચીન ભૂમિનાં પુરુષાર્થ, ધર્મ અને સંસ્કૃતિનો નાશ થશે. ઓહ! આ મારાથી નથી જોવાતું! ચિતોડની ભસ્મ ચોળીને, ચિતોડની ધૂળ માથે ચઢાવીને, ચિતોડના કાંકરાની શિવપૂજા કરીને, ચિતોડની રિદ્ધિસિદ્ધિના અભિલાષ સેવીને હું મોટો થયો, એ આશાઓના આજે ચૂરેચૂરા થઇ ગયા! બસ! હવે હદ થઇ! તમારામાંથી એક મરે તે પહેલાં હું આ ભૂમિનો ત્યાગ કરીશ! (પુરોહિત પોતાના શરીરમાં ખંજર ભોંકી દે છે.)

("પ્રતાપ"ના એક અંકમાંથી)

૫૮–हिंदु जातिनी महत्ता

(લેખકઃ–શ્રી. ઓચ્છવલાલ છોટાલાલ કચેરિયા)

જગતભરની તમામ સંસ્કૃતિઓમાં હિંદુ સંસ્કૃતિનું સ્થાન ઊંચામાં ઊંચી કોટિએ પહોંચેલું છે. ક્ષમા અને ત્યાગની પ્રત્યક્ષ મૂર્તિસમી એ સંસ્કૃતિની છાપ એટલી સજ્જડ પડે છે કે, જે વરસો સુધી ભૂંસાતી નથી; એટલુંજ નહિ પરંતુ તેની ભાવનાઓ એટલી પ્રબળ હોય છે કે, હિંદુધર્મમાંથી પતિત થયા પછી પણ તે વિશુદ્ધ ભાવનાઓના રણકારા તેના હૃદયને ઝમઝમાવે છે. અત્યારે એવા હજારો અને લાખો, પતિત થયેલા હિંદુઓ પોતાને હિંદુધર્મમાં પાછા દાખલ કરવા પોકારી રહ્યા છે. કારણ? કારણ એજ કે, તેમનાં હૃદયમાં હિંદુ સંસ્કૃતિની ઊંડી છાપ પડેલી હોય છે. કેટલાંક કારણોને વશ થઇ જેઓ અત્યારે હિંદુધર્મ સ્વીકારી શકતા નથી, તેવા પરકોમમાં ભળી ગયેલા પણ અત્યારે પોકાર કરે છે કે, અમે પણ એક વખત હિંદુ હતા અને હિંદુના પુનિત નામથી પોતાનું ગૌરવ સમજે છે. હિંદુ સંસ્કૃતિની પ્રબળ ભાવના ઉપર વિધર્મીઓના અનેક પ્રહારો પછી પણ તે અજોડ અને અજેય ઊભેલી છે અને તેના ગૌરવમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

આત્મશુદ્ધિનું ભાન થયેલ હજારો અને લાખો પતિત હિંદુઓનો સ્વધર્મમાં પાછા આવવાની પ્રબળ ઇચ્છાનો વેગ એટલો વધ્યો કે, હિંદુધર્મમાં ધુરંધર નેતાઓનું લક્ષ તે બાજુ ખેંચાયું અને હિંદુત્વનાં છૂટાંછવાયાં થઇ ગયેલાં અંગ–ઉપાંગોને એકત્ર કરવા શુદ્ધિ અને સંગઠનની હિલચાલના પ્રચંડ પાયા મંડાયા અને તે ધર્મકાર્ય કરતાં કરતાં અનેક સંકટો અને મુશ્કેલીઓ સહેતાં સહેતાં, ચૂસ્ત હિંદુત્વના આક્ષેપો અને પ્રહારોની દરકાર નહિ કરતાં, વિધર્મીઓ તરફથી આપવામાં આવતી પ્રાણાંત દંડની ધમકીઓ નહિ લેખવતાં, રાજ્યની પણ

ખફગી વહોરીને, એ ધર્મકાર્ય અપનાવવા સતત પ્રયત્ન કરતાં એક મહાન રાષ્ટ્રવિધાયક નરવીર ક્ષત્રિયજાયો, હિંદુત્વના ગૌરવસમો આત્મા, એક ક્રૂર અત્યાચારી મુસ્લિમના હાથે હણાયો. ધર્મચર્ચાના બહાને બિછાનાવશ મહાન નરનું સ્વાગત સ્વીકાર્યા પછી તે નરપિશાચે પાંચ પાંચ ગોળીબારથી જાન લીધો. આ મહાન નરનું સંસારી નામ મુન્શી-રામ હતું, જે દુનિયાભરમાં સ્વામી શ્રદ્ધાનંદને નામે વિખ્યાત હતું. એ એવા ભડવીર હતા કે, જેણે મૂર્ખાઓની સંગીનો અને મશીન-ગનો સામે પોતાની છાતી ખુલ્લી કરી પોતાના અડગ ધૈર્યનો પરિચય આખા જગતને કરાવી દીધો અને ઈશ્વરમાં અપૂર્વ શ્રદ્ધા દાખવી પોતાનું શ્રદ્ધાનંદજી તરીકેનું નામ દીપાવ્યું. આ મહાન નરની ખોટ એકલી હિંદુ કોમને નહિ, પરંતુ સમસ્ત ભારતવર્ષને ન પુરાય તેવી પડી છે; પરંતુ હિંદુધર્મ આવા અત્યાચારીઓને પણ શિક્ષા કરવા ના પોકારે છે અને ક્ષમા આપવાના પોતાના પવિત્ર સિદ્ધાંતને વળગી રહે છે.

ઇ. સ. ૬૦૦ ની સાલથી એક એવી માન્યતા પ્રચલિત છે કે, કાફરનું ખૂન કરવાથી બેહેસ્ત અને હૂરી પ્રાપ્ત થાય છે અને એ માન્યતા ખોટી હોવાનો એકરાર અમુક ગણ્યાગાંઠ્યા મુસ્લિમ બંધુ-ઓને બાદ કરતાં કેટલાઓએ કર્યો છે ? અને તે ધર્મઘેલી ભાવના-ઓને પોષી આ પરિણામ આવ્યું છે. ઇ. સ. ૬૦૦ થી તે આજ દિનસુધી લગભગ ૧૩૦૦ વર્ષના ગાળામાં એવો એક પણ બનાવ નથી બન્યો કે, કોઇ ધર્મઘેલા હિંદુએ પ્રામાણિક ધાર્મિક મતભેદના કારણે કોઇ વિધર્મીનું ખૂન કર્યું હોય.

દરેક હિંદુભાઇઓ પોતે પોતાનો "ફર્ગીવ એન્ડ ફર્ગેટ" અર્થાત્ "ક્ષમા કરો અને ભૂલી જાઓ" નો સિદ્ધાંત ન ભૂલે અને ગમે તેવા અપકૃત્ય તરફ પણ ક્ષમા બતાવી હિંદુધર્મને અને તેનીજ સંસ્કૃતિને શોભાવે. ("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

५९–नवयुवकों को बस्वानी का संदेश

ગુરુકુલ જયંતિ કે અખિલ–ભારતીય યુવક સંમેલન મેં આચાર્ય બસ્વાની ને સ્ફૂર્તિપ્રદ વાણી મેં કહા કિ, હમ લોગ શ્યામસુન્દર કૃષ્ણુ કે સેવક હૈ. વહી હમારા ઇષ્ટદેવ હૈ, ઔર હમ ચાહતે હૈ કી શ્રીકૃષ્ણુ કે સંદેશ સે હમારે નવયુવકોં કા હૃદય ભર જાય. કોઈ કહતા હૈ કિ યહ શાંતિયુગ હૈ; કિન્તુ મેરા વિશ્વાસ હૈ કિ, યહ શાંતિ કા યુગ નહીં, યુવકોં કે કર્મ કા યુગ હૈ. મૈં હમેશ સે યુવકોં કો પ્યાર કરતા રહા હૂં, ઔર મેરે હૃદય મેં અબ ભી યુવકોં કે પ્રતિ ઘોર પ્રેમ કા સાગર લહરા રહા હૈ. મેરા વિશ્વાસ હૈ કિ, પરમાત્મા કી અતુલ અનુકમ્પા સે યુવક હી નવીન રાષ્ટ્ર કે નિર્માતા હો સકતે હૈં. લોગ કહતે હૈં કિ, ભારતીય યુવક ભટક રહે હૈં, નષ્ટ હો રહે હૈં ઔર ઉન સે કોઇ આશા નહીં; પર મૈં આશાવાદી હૂં. ઔર મૈં ભારત કા ઉદ્ધાર નયુવકોં દ્વારા દેખતા હૂં. મૈં રાત્રિ મેં, એકાંત મેં આકાશ કે તારોં કો દેખતા હૂં, ઔર ઉસ સમય હમારે હૃદય સે દર્દભરી આવાજ નિકલતી હૈ, ઔર સોચતા હૂં કિ ઇન્હીં તારોં ને રામ–કૃષ્ણુ કે ભારત કો, ગૌરવમય ઔર સમ્પન્ન ભારત કો, બલશાલી ઔર જગતગુરુ ભારત કો દેખા હૈ, ઔર આજ યે દરિદ્ર, પરતંત્ર, ઘૃણિત ઔર અછૂત ભારત કો દેખ રહે હૈં. ઉસ સમય હમ અપની માતા સે પૂછતે હૈં કિ, ઐ માં, તૂને હમારે નવયુવકોં કી ઓર સે ક્યોં મુખ ફેર લિયા હૈ? માતા કહતી હૈ કિ, ભારત કે યુવક ઔર યુવતિયોં કી ઓર દેખો. વહી ભારત કા ઉદ્ધાર કરનેવાલે હૈં. ઉન્હી કે હાથોં મેં ભારત કા ભવિષ્ય હૈ, ઔર વે હી ભારત કી આશાલતા હૈં. ઇસ પ્રેમ કે બદલે મેં મૈં ઉનસે યહી ચાહતા હૂં કિ, વે સત્ય ધર્મ પર આરૂઢ રહેં.

એક જમાના થા કિ, જબ ભારતવર્ષ સારે સંસાર કા ગુરુ

થા, કિન્તુ આજ વહ અછૂત માના જાતા હૈ. હજારોં વર્ષ પૂર્વ ભારત સૈકડોં દેશોં પર શાસન કરતા થા. ભારત કો, સ્વતંત્રતા કૌંસિલોં ઔર પાર્લામેન્ટ સે નહીં પ્રાપ્ત હોગી, વરન્ વહ યુવકોં કી શક્તિ કે હી બૂતે મિલેગી. ઇસ હેતુ યુવકોં કો નિયન્ત્રિત હોને કી અત્યંત આવશ્યકતા હૈ. આપને આદેશ કિયા કિ દેશ કે હર ભાગ મેં આશ્રમ ખોલે જાને ચાહિયે, જહાં પર યુવકગણુ સત્ય ધર્મ પર ડટ કર ભારત કા ભાગ્ય-નિર્માણુ કરને કે લિએ શિક્ષા પા કર તૈયાર હો સકે, જો ભારતીય ધર્મ કે ફૈલાને મેં સહાયક હોં. ભારતવર્ષ કેવળ અપને હી લિએ નહીં જીતા, વરન્ વહ સંસાર કી માનવતા કી-ભલાઇ કે લિયે જીતા હૈ. યદ્યપિ ભારતમાતા આજ મલિન ઔર દલિત હૈ, તથાપિ મેરા વિશ્વાસ હૈ કિ, વહ અમિટ ઔર અમર હૈ.

આશ્રમોં કો ચલાને કે લિએ પ્રોગ્રામ કા જિક્ર કરતે હુએ આચાર્યને કહા કિ, આશ્રમ કે પ્રત્યેક મનુષ્ય કો પ્રાચીન ભારતકા સંદેશ અવશ્ય પઢના ચાહિયે. પ્રત્યેક આશ્રમવાસી કો દૃઢ ઔર સરલ હોના ચાહિયે; ક્યોંકિ સરલતા મેં હી બલ ઔર જીવન વાસ કરતે હૈ. સાદગી મેં શક્તિ હૈ, બલ હૈ, ઓજ હૈ. દેશ કે નવયુવક ફૈશન કે ગુલામ હૈ, પર ફૈશન મૂર્ખતા હૈ ઔર ઇસ પ્રકાર મૂર્ખતા કે પીછે હમારે નવયુવકોં કો નહીં પડના ચાહિયે. હમારે ઋષિમુનિ ઔર પૂર્વજ સાદે થે. × × × યુવકોં કો ફૈશન કા દાસ ન હોના ચાહિયે, ક્યોંકિ ફૈશન કા અર્થ મૂર્ખતા હૈ. પ્રત્યેક નવયુવક કો મહાપુરુષોંકી જીવનિયોં કા અધ્યયન કરના ચાહીયે ઔર ઉનકે પદચિહનોં કા અનુસરણુ કરના ચાહિયે. મહાત્મા સુકરાત ને યુવકોં કો યહી ઉપદેશ દિયા થા કિ, અપને કો પહિચાનો. હમ આજ દેખતેં હૈ કિ હમારે નવયુવક અપને દેશ કે પ્રાચીન ગૌરવ કો ભૂલતે જા રહે હૈં. પર ભારત કી સ્વતંત્રતા કે લીએ નવયુવકોં કો ઉસ પ્રાચીન ગૌરવ કો અપનાના હોગા. ઉન્હેં રામાયણુ, મહાભારત, ગીતા આદિકા અધ્યયન કરના હોગા; ઔર પાંચવાં મંત્ર-અન્તિમ પદ સબસે મુખ્ય

સેવા હૈ, ઔર આશ્રમ કે પ્રોગ્રામ મેં ઇસકા મહત્ત્વ બહુત હી અધિક બઢા હુઆ હૈ, રાષ્ટ્ર-નિર્માણ બ્રહ્મચર્ય-નિર્માણ કે અતિરિક્ત અન્ય વસ્તુ નહીં હૈ, અતએવ યુવકોં કો બ્રહ્મચર્ય કો દઢ કરના ચાહિયે.

ભારત મેં યહ એક ભારી દુર્ગુણ હૈ કિ, વહ પશ્ચિમ કા ઉપાસક બનતા જા રહા હૈ. મૈં પશ્ચિમકી સ્વાધીનતા, કારીગરી, બુદ્ધિચમત્કાર સબકો પ્યાર કરતા હું, પરન્તુ જો પશ્ચિમ હમારે પૈરોં મેં બેડિયાં ડાલતા હૈ, ઉસ કી કઠોર ઔર કરુણાહીન સભ્યતા કો મૈં સહન નહીં કર સકતા. મૈં ચાહતા હું કિ, પ્રત્યેક યુવક પાશ્ચાત્ય સભ્યતા કે સમસ્ત ચિહ્નોં ઔર વિચારોં કો અપને ઉપર સે ઉતાર ફેંકે, ઔર ભારતીયતા કો ગ્રહણ કરે. (હર્ષ) અંત મેં આચાર્યને હૃદય-બીણા કે તારોં કો ભણકાર દેને વાલે મર્મસ્પર્શી શબ્દોં મેં યુવકોં સે અપીલ કી કિ, "જાઓ, પ્રિય નવયુવકો ! ગ્રામો કો જાઓ ! સત્યતા, ધર્મ ઔર પ્રેમ કે રાજ્ય મેં જાઓ ! અપને દેશ કી ઇજ્જત કે સ્થાનોં કો જાઓ ! જાઓ, ઔર બતા દો પીડિત ભાઇયોં કો કિ, ભારત અબ તક કયોં જીવિત હૈ, જબ કિ, રોમ, ગ્રીસ ઔર મિસર મ્રિયમાણ હોકર ગંભીર સમાધિ મેં સુપ્ત હો રહે હૈં ! હે રાષ્ટ્ર કે વીર યુવકો ! જાઓ ! જાઓ ! ઔર સમસ્ત ભારત કો મંત્ર-મુગ્ધ કર દો, ઉસે જગા દો ! (હર્ષ) ઇસકે બાદ પ્રિન્સિપાલ બસ્વાનીને નિમ્નાશય કી કવિતા કો પઢ કર અપના ભાષણ સમાપ્ત કિયા:—

"જાગો ! જાગો ! હે પૂર્વ દેશ કે ઋષિયોં કી સન્તાનો ! જાગો. કબ તક નીંદ કી ખુમારી મેં પડે રહોગે ? કયા જાગોગે અથવા યશ આનંદ કે સપને હી દેખા કરોગે ?"

("વર્તમાન" ના એક અંકમાંથી)

૬૦–एक मद्रासी स्त्रीनी वीरता

(લેખકઃ—શ્રી. ગોપીનાથ વર્મા)

એક મદ્રાસી યુવક ઘણા દિવસથી જમશેદપુરમાં રહે છે. સ્થાનિક કંપનીમાં નોકર છે. આ યુવક તા. ૨૩ મી જુલાઇને દિવસે રાતના દસ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી નોકરી ઉપર હતો. તે રાત્રિએ તે પોતાને કામે થોડો વહેલો જઇ પહોંચ્યો. ઘેર સ્ત્રી એકલી હતી. પહેલેથીજ દાવ શોધતો એક નરપિશાચ પંજાબી લાગ મળતાં તે મદ્રાસી યુવતીના ઘરમાં ઘૂસ્યો. મદ્રાસી યુવતી ભણેલી-ગણેલી તથા બુદ્ધિમાન હતી. ઘરમાં ઘૂસતાંજ તે પંજાબી તેને ડરાવવા–ધમકાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, " ઘરમાં જેટલા પૈસાટકા હોય તે બધું હાજર કરી દે નહિ તો તારું ખૂન કરીશ અને આબરૂ લઇશ." યુવતીએ પોતાની બુદ્ધિ પ્રમાણે તરતજ જવાબ આપ્યો, " અરે ! આપ આટલા નાખુશ શા માટે છો ? ઊભા રહો, હું આપની આગળ ઘરની સઘળી અમૂલ્ય વસ્તુઓ હાજર કરી દઉં છું. મારા પતિ મને બહુ દુઃખ દીધા કરે છે. હું જાતેજ તમારી સાથે ચાલી નીકળીશ. લો, આ ઘરેણાં છે તે બાંધી લો. થોડાઘણા રૂપિયા પેલા ખૂણામાં દાટેલા છે તે હમણાંજ ખોદીને કાઢી લાવું છું." આટલું સાંભળતાં તો તે પાપી પંજાબી અતિશય ફુલાઇ ગયો. ઘરેણાં તથા બીજી અમૂલ્ય વસ્તુઓ એક પોટલીમાં બાંધવા લાગ્યો. યુવતી ખૂણામાં ગઇ. તેણે પેટીમાંથી એક ધારવાળો છરો કાઢીને પોતાનાં પાલવમાં સંતાડ્યો. કેટલાક રૂપિયા પણ સાથે લીધા. પંજાબીની આગળ રૂપિયા મૂકીને તેને ગણી જોવાને કહ્યું. તે દુષ્ટ રૂપિયા ગણવા લાગ્યો. બરાબર લાગ જોઇને સ્ત્રીએ તેની છાતીમાં છરો ઘોચી દીધો અને તે બેહોશ થઈ નીચે પડ્યો. યુવતીએ તાળું વાસીને, સ્થાનિક થાણામાં જઇને પોલીસને ફરિયાદ કરી. પોલીસના માણસો તેજ રાત્રે ૧૧ વાગે તે જગાએ આવ્યા. યુવતીએ કહેલી સઘળી બાબત જેમની

તેમ મળી આવી. તે રાત્રિએ યુવતી કોઈ નજીકના સગાને ત્યાં સૂઈ રહી. સવારે ૭ વાગે તેનો પતિ પણ આવી પહોંચ્યો અને સઘળી હકીકત સાંભળી. આ બનાવ નજરોનજર જોયેલો છે. સંભળાય છે કે, તે સ્ત્રીને ઇનામ આપવામાં આવશે. શહેરમાં આ બનાવે સનસનાટી ફેલાવી દીધી છે, તે દુષ્ટ પંજાબી મરી ગયો છે.

("ગૃહલક્ષ્મી"ના એક અંકમાંથી)

६१—ईसाईयें का प्रचार

પાદરીલોક હિંદુસ્તાન કો ઈસાઈ બનાને કે લિયે કિતના પ્રયત્ન કર રહે હૈં. યહ ઇસ બાત સે જાના જા સકતા હૈ કિ ઉન્હોંને જૈસા કિ ઈસાઈયોં કે "પ્રચાર" નામક અખબાર સે પ્રકટ હોતા હૈ. ૧૯૨૭ ઇ૦ મેં ધર્મપ્રચાર કે લિયે ૫૬૮૨ પાદરી નિયુક્ત કિયે હૈં, ખર્ચ કે લિએ ૭૦ કરોડ રૂપિયોં કી મંજૂરી દી ગઇ હૈ ઔર અબતક સબ મિલકર ૨૨૨૨૭૬૮ આદમી ઇસાઇ બનાયે જા ચૂકે હૈં. પ્રચાર કી શિક્ષા દેને કે લિયે ૧૦૭ વિદ્યાલય ખોલે ગયે હૈં. ઇસાઇ હોને વાલે અધિકતર લોગ હિન્દૂ હી હૈં. યહ તો ઇસાઇયોં કા કામ હુઆ, ઉધર મુસલમાનોં કી તબલીગ દેખિયે. કિસ પ્રકાર હિન્દુઓં કો હડપ કર રહી હૈ. એક હમારી હિન્દૂ મહાસભા હૈ જો સાલ ભર મેં એક બાર કિસી જગહ અપના મહાધિવેશન કરને કો હી સફલતા કા સારાંશ સમઝતી હૈ. હમ નહીં જાનતે કિ વહ મહાસભા કિસ લિયે કાયમ હુઇ હૈ ઔર તબ તક ઉસને ક્યા કિયા ? ક્યા સભા અપને ઉદ્દેશ્ય કી પૂર્તિ મેં કુછ ક્રિયાત્મક કાર્યવાહી કરને કો તૈયાર નહીં હૈ ? અગર સભા કો જીવિત રહને કી ઇચ્છા હૈ તો ઉસે જાતિઉન્નતિ કે લિએ કુછ કામ કરના ચાહિયે, નહીં તો ઈસ પ્રકાર કી દિખાવટી સભાઓં સે કોઇ લાભ નહીં.

("ઉદ્યોગ"ના એક અંકમાંથી)

૬૨–સ્ત્રીઓની શોભા

(લેખિકાઃ–શ્રી. સૌ. પાર્વતીબહેન પુરુષોત્તમદાસ)

કેળવણીના અભાવે ઘણી સ્ત્રીઓ ઘરેણાંકપડાંથી શરીરને શોભાવવામાં ખરી શોભા માને છે. પોતાના ગજા ઉપરાંત પોતાના પતિ પાસે નકામો ખર્ચ કરાવે છે અને પોતાના ધણીને ઘણી મુશ્કેલીમાં લાવી મૂકે છે; પરંતુ બહેનો! ખરી શોભા શરીર શોભાવવામાં નથી, પણ સદ્ગુણરૂપી શણગાર અને શિયળરૂપી સાડીમાં જેવી શોભા છે, તેવી ગમે તેવા અમૂલ્ય દાગીના કે સાડી પહેરવામાં નથી. સ્ત્રીઓએ ગૃહકાર્યોમાંથી પરવારી જેટલો નવરાશનો વખત મળે તેટલો સારા ઉદ્યોગમાં ગાળવો; જેમકે આપણને ઉપયોગી થાય તેવાં હુનરકામ શીખવાં, શિખામણ લેવા યોગ્ય હોય તેવાં ગીતો ગાવાં, સારાં પુસ્તકો વાંચવાં વગેરે. પોતાના મનને અવળી અસર થાય તેવું પુસ્તક કદાપિ વાંચવાં નહિ, કેમકે ખરાબ ચોપડીનું વાચન ઝેર પીવાસમાન છે. અસલની મહાન સતીઓ આપણા માટે અમૂલ્ય જ્ઞાનરૂપી વારસો મૂકી ગઇ છે–પોતાનો જન્મ સફળ કરી પોતાનાં નામ અમર કરી ગઇ છે. અસલની સ્ત્રીઓ સદ્ગુણ અને શિયળરૂપી શણગારમાં એટલી બધી શોભા માનતી હતી કે, જસમા ઓડણ કે જે ઓડ જેવી મજૂર અને હલકી વર્ણમાં અવતરી હતી, છતાં પોતાના શિયળરૂપી શણગાર માટે સિદ્ધરાજ જેવા મહાન પરાક્રમી રાજાની સમૃદ્ધિને પણ તુચ્છ ગણી પોતાનું નામ અમર કરી ગઇ છે.

પતિને બોજારૂપ ન થઈ પડતાં આપણાથી બને તેટલી તેમના કાર્યમાં મદદ કરવી. તેમના મનને આનંદમાં રાખવું, વ્યાવહારિક ઝઘડાવાળી વાતો કરી તેમના મગજને અશાંતિ કરવી નહિ. પતિ કામમાંથી પરવારી ઘેર આવે ત્યારે તેમને કેવી રીતે આનંદ આપી શકાય એનો વિચાર કરવો. પતિ પાસેથી જ્ઞાન લેતાં શીખવું. ઘણી

બહેનોને એવી કુટેવ પડી હોય છે કે, પારકાની નિંદા અને કુથલીમાંજ પોતાનો અમૂલ્ય વખત ગાળે છે; પરંતુ વખત અમૂલ્ય છે. કરોડ રૂપિયા ખર્ચતાં પણ ગયેલો વખત ફરી મળતો નથી. તેનું તેમને બિલકુલ ભાનજ હોતું નથી. ડાહ્યા માણસો કરોડ રૂપિયા ગુમાવવા કરતાં એક પણ સેકંડ જવા દેવામાં વધારે નુકસાની સમજે છે. પહેલાંના વખતમાં સ્ત્રીઓ પોતાના પતિને મિત્રની ગરજ સારતી; પરંતુ હાલ તો બોજારૂપ થઇ પડે છે.

બહેનો ! આ એક વાત વળી ધ્યાનમાં રાખવા જેવી છે. બાળકને બાળપણમાં સારી કેળવણી નહિ મળવાથી જોઇએ તેવાં સદ્‌ગુણી બની શકતાં નથી. પોતાની આવક કરતાં ખર્ચ ઓછો રાખવો, કરકસર કરવી, પણ કંજૂસાઇ કરવી નહિ. જેટલો વખત લેખે કાઢ્યો હોય તેટલો આપણને લાભ છે; પણ વખત નકામો હોય તો તેટલું નુકસાન થયું સમજવું.

જેટલી શોભા આપણે શરીરની વધારવા મથીએ છીએ એથી કરોડગણી શોભા આત્માની વધારવા મહેનત કરવી. હાડ, માંસ અને રુધિરથી ભરેલા આ દેહને શણગારી શું લાભ કાઢવો છે ? આપણા મનની અંદર ભૂતપ્રેત જેવા ભ્રમ, દોરા, ચિઠ્ઠી, બાધા જેવા અનેક જાતના વહેમ ઘર કરી બેઠા છે, તેને જ્ઞાનરૂપી પાણી સીંચી મગજમાંથી ભ્રમરૂપી કચરો કાઢી નાખવો. ઘણી સ્ત્રીઓ તો વળી પોતાના પતિથી ખાનગી રીતે બાધાઓ રાખે છે, દોરાચિઠ્ઠી કરાવે છે. આવી અજ્ઞાનતાને લીધે ઢોંગી ધુતારા ફાવી જાય છે. જેટલે અંશે અજ્ઞાનતા વધારે તેટલે અંશે બાહ્ય વસ્તુઓથી શરીર શોભાવવાનો શોખ વધારે હોય છે. ખરી શોભા તો સદ્દવર્તનમાં રહેલી છે.

("ચેતન"ના એક અંકમાંથી)

६३–वीणा की झनकार

(લેખકઃ–શ્રી. 'નારદ')

દુનિયા મેં સબ સે અધિક ધર્મપરાયણ જાતિ યદિ કોઇ હૈ તો હિંદુજાતિ હૈ. ઇસ કે ધર્મ કી મહિમા દેખની હો તો ચલો વૃન્દાવન કો, જહાં બડા ભારી મેલા હો રહા હૈ અગર વહાં ન જા સકો તો ચલો હરિદ્વાર કો, જહાં કુમ્ભ કા મહામેલા હોનેવાલા હૈ.

× × ×

વહાં ધર્મ કે બડે અદ્ભુત નમૂને દિખાઈ દેંગે. ઐસી ઐસી બાતેં દિખાઇ દેંગી, જિન્હે સીધી ખોપડી કે આદમી સમજ ન સકેં.

× × ×

જો જો કુછ દિખાઇ દેગા, ઉસ કે કુછ નમૂને સુનિયે. આપ કો વહાં ઐસે મહાત્મા મિલેંગે જિન સે નમ્બર દસિયે ભી શર્મા જાયં.

× × ×

વહાં આપકો ઐસે ત્યાગી દિખાઇ દેંગે જિન કે તબેલોં મેં દસ દસ હાથી ખડે હૈં. દસ દસ નૌકર સોને ઔર ચાંદી કે બર્તનોં મેં ખાના ઔર પાની લેકર તૈયાર ખડે રહતે હૈં.

× × ×

વહાં આપ ઐસે ઐસે જતી દેખેંગે જિનકે ઘરોં મેં દો દો તીન તીન ભગતનિયાં રહતી હૈં, ઔર ઉન કી વાસનાઓં કો તૃપ્ત કરતી હૈં.

× × ×

વહાં આપ કો ઐસે ઐસે મહન્ત ભી દિખાઇ દેંગે જિન કા જીવન મેં જો કોઇ કામ હૈ તો ગરીબોં કી મહેનત કી કમાઇ કો ઉડાના ઔર મજે ઉડાના, ઔર સ્વયં દંડ પેલના ઔર ખાએ હુએ માલ પચાના.

× × ×

ઉસ કુમ્ભ મેં આપ ઐસી ઐસી કુલાંગનાઓં કો દેખેંગે જો મુંહ પર હાથભર કા લમ્બા ઘૂંઘટ કાઢે બિના ઘરસે બાહિર નહીં નીકલતી, પરન્તુ લુચ્ચોં ઔર બદમાસોં કી આંખોં કે સામને નંગે બદન નહા કર મોક્ષ પાના ચાહતી હૈં.

× × ×

વહાં આપ કો ઐસે ઐસે ધર્માત્મા શેઠ ભી દિખાઇ દેંગે જો ઘર મેં અનાથાલય કા ચન્દા આને પર વહી સે સાબિત કર દેતે હૈં કિ ઉન કે પાસ દાન દેને કે લિએ એક કૌડી ભી નહીં હૈ, પરન્તુ નિઠલ્લે અન્નમય કોષોં કે ચરણોં મેં હજારોં કી થેલિયાં રખને કો તૈયાર હો જાયંગે.

× × ×

જિસ જાતિ કે પાસ ઐસે ઐસે ધર્મ કે નમૂને હો, ઉસ કે બરાબર ધર્માત્મા જાતિ સંસાર મેં કહાં મિલેગી ? બસ, યહાં તો જો કુછ હોતા હૈ, ધર્માનુકૂલ હોતા હૈ. ચોરી, બદમાસી, ગરીબોંકી લૂંટ, દુરાચાર ઔર મુફતખોરી–સબ ધર્મ કે નામપર. બોલો ધર્મ કી જય !

("અર્જુન" ના એક અંકમાંથી)

"પાશ્ચાત્ય જ્ઞાનવિજ્ઞાનને તજો એમ મારું કહેવું નથી, પણ એ જ્ઞાનવિજ્ઞાનને લોકહિતકારી બનાવવાં અને તેને અનુકૂળ મનોવૃત્તિ રાખવી; પરંતુ જ્યાંસુધી આપણી ભોગ અને વિલાસની પ્રવૃત્તિ ઉચિત સીમામાં ન થાય, યમનિયમની કઠણ સાધનાથી આપણે ઇન્દ્રિયનિગ્રહ ન કરીએ; જ્યાંસુધી ત્યાગ અને સેવાથી આત્માને પુષ્ટ ન કરીએ, ત્યાંસુધી જ્ઞાન અને વિજ્ઞાનને લોકહિતકર કરવાં અશક્ય છે. આપણાં ગુરુકુલો અને રાષ્ટ્રીય વિદ્યાલયોનો ઉદ્દેશ એ હોવો જોઇએ કે, આવશ્યક જ્ઞાનવિજ્ઞાનની ચર્ચા અને સંપ્રદાયની સાથે સાથે આપણને આત્મનિગ્રહ, ત્યાગ અને સેવાની દીક્ષા આપે."

(ગુરુકુળ–કાંગડીમાં આપેલા રાજેન્દ્રબાબુના ભાષણમાંથી)

૬૪–कोने पडी छे?

(લેખકઃ— શ્રી. બાપુલાલ વી. ગામી)

દુનિયામાં આપણે જોઇએ છીએ કે, કોઇને કોઈની પડી હોતી નથી. સૌને પોતપોતાની પડી હોય છે. બહારથી પરાર્થ દેખાતા પ્રયત્નોનું કેન્દ્ર જો તપાસીએ તો તે સ્વગામીજ હોય છે. પરાર્થે પીડા વહોરનારા અને તેમાં માનનારા વિરલાજ હોય છે અને આવા વિરલાઓજ સમાજ અને દેશનું કંઇ ભલું કરી શકયા છે.

અત્યારે આપણા સમાજમાં જે દાવાનળ સળગી રહ્યો છે, જે દાવાનળની પીડાથી હજારો કુટુંબો પાયમાલ થતાં જાય છે, જેના ત્રાસથી પુરુષ, સ્ત્રી અને છોકરાંનાં જીવન છિન્નભિન્ન અને અધોગામી બની રહ્યાં છે, તે દાવાનળને ઠારવામાં, તેની ભભૂકતી જ્વાળાઓને શાંત પાડવામાં, કેટલા બધા પ્રયત્નની જરૂર છે અને કેટલા ત્યાગની આવશ્યકતા છે, તે યથાર્થ જાણી લઇ તે પ્રમાણે કાર્યો ઉપાડી લેવાની દરેક સમાજસેવકમાં જો લાગણી થઈ આવે, તો તે કાર્ય સુલભ થઇ પડે. અનેક કુરિવાજો, વહેમો અને અજ્ઞાનાંધકારનો ભોગ થઇ પડેલો આપણો સમાજ દિનપ્રતિદિન તેજવિહીન, શક્તિવિહીન અને નમાલો બનતો જાય છે. તેમાંથી તેને ઉગારવાનો ઇલાજ નથી વાતોમાં રહ્યો, નથી ભાષણોમાં રહ્યો, નથી લેખોમાં રહ્યો કે નથી ઠરાવોમાં રહ્યો. તેને માટે તો ધન, માન અને કીર્તિનો ભોગ આપી, જગતથી અજ્ઞાત એકાદ ખૂણામાં પડ્યા રહી, શાંતિથી કાળજાતૂટ કામ કરવાની જરૂર છે. હુન્નર, ઉદ્યોગ અને કેળવણીનાં નવાં નવાં ક્ષેત્રો ઉઘાડી, તેને વિકસાવી દિનપ્રતિદિન તેને આગળ ને આગળ ધપાવી મંડ્યા રહેવામાંજ આપણો ઉદય સમાયો છે. તમસમાં ઘોરતા આપણા સમાજ આગળ કામના ઢગેઢગ રજૂ કરવાની જરૂર છે. આવડતને અભાવે તેની શક્તિનો વેગ વિરુદ્ધ દિશામાં વહી જાય છે.

કુસંપ, ઇર્ષ્યા અને અજ્ઞાનમાં રિબાતા સમાજને તારવાનો ઉપાય તેની આજુબાજુ સંસ્કાર અને ઉદ્યોગનું વાતાવરણ ખડું કરવામાં રહેલો છે.

પણ પ્રશ્ન એ થાય છે કે, આ બધું કરે કોણ?

અજ્ઞાનાંધકારમાં ભટકતો સમાજનો વિશાળ સમૂહ એ કામ સ્વયં ઉપાડવા, યથાર્થ જ્ઞાનને અભાવે અશક્તિમાન છે; ત્યારે સમાજના કેળવાયેલા આ કાર્ય ઉપાડી શકે? કેળવાયેલાને સમાજની કંઇ પડી છે? તેમનાં હૃદય સમાજનાં દુ:ખો અને વહેમો જોઇ ખળભળી ઊઠ્યાં છે? પોતાના સમાજને જગતમાં ઉચ્ચ સ્થાન અપાવવા તેમના હૃદયમાં તનમનાટ વ્યાપી રહ્યો છે? સમાજનું ઋણ વાળવા તેમનું હૃદય તૈયાર છે? ધન, માન, કીર્તિનો ભોગ આપવા તેમણે નિશ્ચય કર્યો છે? યજ્ઞાર્થે કર્મ કરવામાં તેમને આનંદ મળે છે? એક નાનું શું ભીંતડું ચણવું કઠણ છે; જ્યારે મોટાં મકાનો તોડવાં એ સહેલું છે; એ તો જેને અનુભવ થયો હોય તે જાણી શકે છે.

સામાન્ય અનુભવ એવો છે કે, જે કાર્યમાં હાડકાં નમાવ્યા સિવાય કીર્તિ, માન અને મોટાઇ મળતી હોય છે, તે કાર્યનાં યશોગાન ગાવા, તેનું અગ્રપદ લેવા સૌ કોઇ તૈયાર થઈ જાય છે. જ્યાં ફક્ત બોલીને, ઠરાવો કરીને કે વાહ વાહ કહીને કામ કરવાનું હોય છે, ત્યાં જરૂર આપણા કેળવાયેલા આગળ પડતા હોય છે, જ્યાં સત્તાની લગામ મળવાનો સંભવ જણાતો હોય છે, ત્યાં બેલાશક આપણા કેળવાયેલા તૈયારજ હોય છે; કાર્યનું ગમે તે થાય પણ પોતાનો માનમરતબો જળવાતો હોય, તો કોઈ પણ કામ કરતાં ન અટકવામાં હમેશાં આપણા કેળવાયેલા તૈયારજ હોય છે.

યાદ રાખવાની વાત એ છે કે, કોઇ પણ કાર્ય બોલવાથી થતું નથી. કાર્ય ઉપર એકનિષ્ઠા કે ભક્તિ સિવાય તે કાર્ય ફળતું નથી. તેને માટે સતત વિચાર કર્યા સિવાય કાર્યની પ્રગતિ થતી નથી, તે પોષાતું નથી અને ખીલતું પણ નથી. આખાયે વર્ષમાં બે–ચાર

દિવસ તે ઉપર વિચાર કરવાથી શું કરી શકવાના હતા? ચોવીસે કલાક પોતાની જંજાળમાં મચી રહેનારા, યથાર્થ કર્મ કરવાના રહસ્યને શું સમજી શકે? જંજાળમાં ગૂંચવાયેલી અને તેમાંજ રમમાણ થતી બુદ્ધિ સ્પષ્ટ શું જોઇ શકે? એનો તો જ્યાં ત્યાં પોતાના જેવાજ વ્યવહાર દૃષ્ટિએ પડે તેમાં શું આશ્ચર્ય? સ્વચ્છ બુદ્ધિ સ્વચ્છ કાર્યોને જોઈ શકે. સ્વાર્થના આવરણથી ઢંકાયેલી બુદ્ધિને સર્વત્ર સ્વાર્થ દેખાય, સારામાં પણ ખોટાનો ભાસ થાય, ગુણોને ન પારખી શકે, છિદ્રો ઝટ શોધી કાઢે અને છિદ્રોને દૂર કરવાનો ઉપાય ન લેતાં આખીયે વસ્તુનો નાશ કરવા તૈયાર થઇ જાય.

આવી સ્થિતિમાં કોને કોની પડી હોય? બીજાનું ગમે તે થાય, પણ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને શો ફાયદો મળવાનો છે, તેનોજ વિચાર કરવામાં આવે છે.

"ભાષણો કરવામાં મારું શું જાય છે? લાવને પચીસ પચાસ વાક્યો પોપટની માફક બોલી નાખું! ક્યાં એ મારા હૃદયને અડે છે? ક્યાં મને એ લાગુ પડે છે? ભલે, લોકો તે પ્રમાણે વર્તે કે ન વર્તે તેમાં મારું શું જવાનું છે? આપણને માન મળે છે, મોટાઇ મળે છે, પછી બીજું શું જોઇએ? આપણી વાહવાહ ગવાય છે. ભલેને પડે બીજા ઊંડા ધરામાં! તું તારું સાધી લેને!" આવી વિચારપરંપરાથી જ્યાં કાર્યો થતાં હોય તે કેટલા દિવસ ટકે? તેની અસર કોના ઉપર થાય?

"બાળલગ્નથી સમાજ નિર્વીર્ય અને નમાલો બની જતો હોય તેમાં મારે શું? બારમાંઓમાં હજારો રૂપિયા ચટણી થઇ જતા હોય અને ઘરનાં ઘર ઊપડી જતાં હોય તોયે શું? આખુંયે જીવન મીઠું ને રોટલો ખાઇને અને કૂતરાના જેવું ગાળીને સંસારયાત્રા પૂરી કરવામાં આવતી હોય તેમાં મારે શું? સામાન્ય સિપાઇને જોઇ કાળજું થડકતું હોય, નીચું મોં કરી તેની બે–ચાર ગાળો સહન કરી

લેવાતી હોય તોયે શું થઇ ગયું? શું મારાં છોકરાંઓને એશઆરામી કેળવણી નથી મળતી? નિરાંતે હાડકાં નમાવ્યા સિવાય મને તો રોટલો મળ્યે જાય છે. મારી કીર્તિ અને વાહવાહ સમાજ આખામાં ગવાઇ રહી છે. મોટી મોટી સભાઓના પ્રમુખ થવાનું મને માન મળ્યે જાય છે. સમાજના કોઇ પણ કાર્યમાં મારો અગ્રહિસ્સો તો હોયજ છે. સર્વ મારી તરફ માન અને ડરની દૃષ્ટિથી જોઇ રહ્યા છે. તેમની દૃષ્ટિએ હું કેટલો બધો મોટો લાગું છું? ટાઢા લોહીનો રોટલો મને મળી રહ્યો છે, તો પછી મારે શું જોઇએ?"

સૌને પોતપોતાની લાગી હોય છે, ત્યાં કોણ કોને સંભારે? પોતાનું કાર્ય સાધવા જતાં કદાચ સમાજનું કામ અડફટે આવી જાય તો ઠીક છે. બે–ચાર વાક્યો બોલી હા ના કરી મોટા થવાનું માન લેવામાં શું જવાનું છે? જ્યાં આવુંજ ચાલી રહ્યું હોય ત્યાં ઉન્નતિની શી આશા રખાય? જ્યાં જ્ઞાતિહિત માટે ધગશ અને બળતરા ન હોય, ત્યાં કેવાં કાર્ય થઇ શકે? પોતાનું પડતું મૂકી, રઝળાવી, સમાજનું કે દેશનું હિત સાધવા જ્યાંસુધી યુવકો ન નીકળી આવે, ત્યાંસુધી જે કાંઇ બોલવું તે થૂંક ઉડાડવા બરાબર છે, લખવું તે ખાલી લીટા કર્યાસમાન છે અને ઠરાવો કરવા તે ખાલી દંભ છે. પરમાત્મા આપણુ સર્વને યથાર્થે કામ કરવાની પ્રેરણા આપે!

("ચેતન"ના એક અંકમાંથી)

૬૫–खरो कर्मयोगी केवो होय ?

[કીર્તિપ્રેમી કાંઈ કર્મયોગી નથી, પણ એ તો એક પ્રકારના લૌકિક વિષયનો ભોગી છે અને કેવો પૂર્ણ નિસ્પૃહી તથા ત્યાગી હોય તો કર્મયોગી ગણાય, તે સમજવા માટે આ લેખ ઉપયોગી હોવાથી તે 'સુવર્ણમાળા'માંથી લીધો છે. લેખકનું લખાણ મળ્યું નથી.]

તેને સ. પાગલ કહેતા. તે કોણ હતો ને ક્યાંથી આવ્યો હતો, તે કોઇ જાણતું નહિ; પણ દીઠે સૌ તેને ઓળખતા. તેને માટે જાતજાતની વાતો પ્રચલિત હતી. કોઇ કહેતું કે, એ જાદૂગર છે. કોઇનો મત પડતો કે, વહાલાના વિયોગમાં એનું મગજ સાવ ગયું છે. કેટલાક એમ કહેતા કે, તે શ્રીમંત છે પણ ગરીબીનો ઢોંગ કરે છે. વળી કેટલાક તેને તદ્દન મુફલિસ માનતા. ઘણાની નજરે એ ઉસ્તાદ ઉઠાઉગીર લાગતો ને ગામના એક બે પોલીસ સિપાઇઓ તેના પર નજર પણ રાખતા. કોઇનો મત હતો કે એ તરંગી છે. તેની ઉદારતાની ઘણાને પિછાન થઇ હતી. ગામમાં બાળકો તો તેની પછવાડેજ ભમતાં હતાં, કારણ તેઓને પીપરમીંટ, અખરોટ, કાજુ કે એવુંજ કંઇક મળ્યા કરતું. પાગલનાં ખિસ્સાં આ વસ્તુઓથી સદાયે ભરેલાંજ રહેતાં.

પણ એક વાત તો હું કહેતાંજ ભૂલી ગયો. કોઇ કોઇ વખત શ્મશાનમાંથી કે નદીકિનારેથી કે એવીજ કાંઈ એકાંત જગાએથી મધ્યરાત્રિની શમશમાકાર નીરવ શાંતિમાં દિલના તાર હલાવે ને મૃત આત્માઓ પણ અનંત નિદ્રા ત્યાગે એવું અદ્દભુત સંગીત સંભળાતું. બીકણ લોકો, એ ગાન યક્ષણીઓ ને ડાકિનીઓ ગાય છે, એમ કહી ફફડી ઊઠતા. માત્ર કોઇક કોઈક હિંમતવાન ગામડિયાઓજ જાણતા કે એ ગાન ગાનાર પાગલ હતો.

× × × ×

એક સાંજે હું ફરવા નીકળ્યો. રાસ રમવા નીકળનાર બાળાઓની માફક સમીરલહરિઓ સ્વચ્છંદે વિહરવા લાગી હતી. ગામબહાર થોડે છેટે ઊભેલા કોઈ ભૂતપૂર્વ વીરના સ્મારકચિહ્નન સમા એકાદ પાળિયા પાસે કેટલાક મોટા પથ્થરો પડ્યા હતા. એમાંના એક પર હું બેઠો ને વિચારવા લાગ્યો કે, બહારના પાગલ દેખાવ નીચે મનુષ્યજાતિનું કોઇ બેમૂલું છૂપું રત્ન તો નહિ હોય! કદાચ એમ પણ સંભવ છે કે, એ ખરેખરો બદમાસ પણ હોય. જે હોય તે, તપાસ તો કરવીજ જોઇએ. આમ નિશ્ચય કરી મેં આસપાસ નજર ફેરવી, ખેતરથી પાછા વળતાં એક ખેડૂત પર મારી દૃષ્ટિ પડી.

"એલા, હે...એ...એ અહીં આવ તો." મેં હાક મારી. ખેડૂત પાસે આવ્યો.

"આ ગામમાં એક પાગલ રહે છે, તેને તું ઓળખે છે?" મેં પૂછ્યું.

"પાગલ! હા, હા, ઓલ્યો ગાંડિયો. એને કોણ ન ઓળખે? એનું કામ પડ્યું?" કહેતાંની સાથેજ તેના મોઢા પર હાસ્ય છવાયું; પણ મારા સભ્ય દેખાવ પર નજર પડતાંજ તે પાછો ગંભીર થઈ ગયો.

"ખાસ કામ તો નહિજ, પણ એ ક્યાં રહે છે તે મારે જાણવું છે, તને ખબર છે?" મેં કહ્યું.

"હા, જુઓ, આ પાછળ નદીની પેલી તરફ વડલો છે, તેની પાછળ જે ઝૂંપડી જેવું દેખાય છે ત્યાં તે રહે છે, પણ.........આ એજ આવે." એમ કહી ખેડૂતે ગામ તરફ દૃષ્ટિ કરી અને પછી ચાલતો થયો.

જે તરફ એણે દૃષ્ટિ કરી તે તરફથી એક માણસ ચાલ્યો આવતો હતો. એક બે છોકરાં તેની પછવાડે આવતાં હતાં. મુઠ્ઠી ભરી કાંઈક આપી તેમને વિદાય કરી એ પાળિયાની દિશામાં ચાલ્યો આવ્યો. પાસે આવ્યા પછી મેં તેને ધારીને જોયો. તેણે માથા પર એક પટકો જેમ તેમ બાંધ્યો હતો. શરીરે ધોળી કફની પહેરી હતી. તેનું

મોઢું લંબગોળ ને આકર્ષક હતું. બે બાબત એકદમ ધ્યાન ખેંચે તેવી હતી. એક તો તેના હોઠ આસપાસ રમી રહેલું સ્મિત ને બીજી તેની દૂર-સુદૂર કાંઈક જોયા કરતી હોય તેવી ઘેનઘેરી આંખો. તે સ્મિત બેજ માણસોમાં હોય છે. કાં કોઈ ગાંડામાં અથવા તો કોઈ અવધૂતમાં.

તે ઝપાટાબંધ મારી પાસેથી પસાર થઈ ગયો. હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. થોડી વારે ઝૂંપડી આવી, તેમાં એ પેઠો.

"હું અંદર આવું ?" મેં વિવેકથી પ્રશ્ન કર્યો.

"આવોને ભાઇ!" જવાબ મળ્યો.

હું અંદર ગયો. અંદર ઝાઝો સામાન નહોતો. ખૂણામાં એક પાણીનો ગોળો, થોડાંક ઠામ, વચમાં એક સાદડી ને એક તરફ એક જૂની પુરાણી દિલરુબા; બસ આટલુંજ રાચરચીલું હતું.

"કંઇ કામકાજ ?" તેણે મારા તરફ જોઇ પૂછ્યું.

"કામકાજ તો ઘણુંયે હતું; પણ તમે કાંઇક ઉતાવળમાં છો એટલે હવે પછીજ વાત." મેં કહ્યું.

"હા, મારે ઉતાવળથી એક ઠેકાણે જવું છે." તેણે કહ્યું.

"હું સાથે આવું ?" મારાથી પુછાઈ ગયું.

તે એક ક્ષણ મારી તરફ જોઇ રહ્યો, પછી કહ્યું: "મારી સાથે? મને બધાય શું કહે છે તે જાણો છો ને? મારી સાથે આવવામાં શો લાભ મળશે? મારા માર્ગ ન્યારા છે."

"ન્યારા ભલે બીજાને માટે રહ્યા, મને એવા નહિ લાગે; પણ તમને ખાસ વાંધો ન હોય તો મારી એટલી વિનતિ સ્વીકારશો."

"ઠીક, ચાલો." કહી તેણે એક કપડામાં દિલરુબા વીંટાળીને બગલમાં મારી. અમે બે નદીને માર્ગે ચાલ્યા. પાએક કલાક ચાલ્યા પછી એક જીર્ણ થયેલું મકાન આવ્યું. ખડકી ધીમેથી ઉઘાડી અમે અંદર ગયા. એકજ ઓરડો હતો. અંદરના ભાગમાં એક અર્ધ-તૂટેલી ખાટલીમાં એક ડોશીમા સૂતાં હતાં.

"કાં મા! આજ કેમ છે?" કહી પાગલે તેને કપાળે હાથ અડાડ્યો.

"બેટા! કાલ કરતાં કાંઇક ઠીક છે." ડોશીમાએ ક્ષીણ સ્વરે જવાબ આપ્યો.

"મા! આજ એવી દવા આપું છું, કે જેથી તાવ નહિ રહે." એમ કહી પાગલ ખાટલી પાસે બેઠો અને દિલરુબા કાઢી તાર મેળવ્યા ને એક ભજન ઉપાડયું. હું સંગીતશાસ્ત્રથી સાવ અજાણ્યો નહોતો. નાનપણમાં કેટલાયે તાનપલટા મારી લીધા હતા. અનેક ઉસ્તાદોના પણ સમાગમમાં હું આવ્યો હતો, પણ આ ભાવ મેં કદી જોયો નહોતો. પાગલે એકતાન થઇ ભજન છોડવા માંડયું. વાતાવરણમાં ભક્તિરસની છોળો ઊડવા માંડી. મકાનની બહાર હાલતાં વૃક્ષો સ્થિર થઇ ગયાં. અનિલ પણ થંભી ગયો હોય તેમ લાગ્યું. ભજન અર્ધે પહોંચ્યું ત્યાં ડોશીમાને કપાળે આછો આછો પરસેવો થવા માંડ્યો. ભરસભામાં દ્રૌપદીજીએ ચીર ખેંચાતી વખતે કરેલી પ્રાર્થના કે નરસિંહ મહેતાએ કટોકટીને પ્રસંગે કરેલું સ્તવન કઈ જાતનાં હશે તેનો કાંઇક ખ્યાલ અને પહેલવહેલો આવ્યો. એ તો દિલના તાર પરબારા પરમશક્તિ સાથેજ જોડાતા હોય તેમ લાગ્યું. થોડી વારે ભજન પૂરું થયું, પણ આ શું? ડોશીમા ખાટલીમાં એકદમ બેઠાં થઇ ગયાં.

"વાહ! પ્રભુજી વાહ,. બેટા! મારો તાવ ગયો. દીનોનાથ તારું ભલું કરે" કહેતાંની સાથેજ મા ઊભાં થઇ ગયાં. દીવાસળી માટે થોડી શોધ કરી દીવો પ્રકટાવ્યો. પછી પાગલ પાસે આવી તેનું મોઢું ધારી ધારીને જોયું. આંખમાં આંસુ ઊભરાણાં. ગદ્ગદ કંઠે તેણે કહ્યું:–"પેટનો દીકરોયે ન કરે એવું તેં કર્યું, શું આપું? મારી પાસે કાંઇ ન મળે. થોડીક મીઠી રાબ કરી આપું?"

"ના, મા! મારે કાંઇ ન જોઇએ. મોડું થયું છે એટલે જઇશું." કહી પાગલ ઊપડ્યો. હું પણ બહાર પડ્યો. થોડેક ચાલ્યા પછી પાગલે

મને કહ્યું:–

"બિચારીની સંભાળ રાખનાર કોઇજ નથી." હું તો ત્રણ બાબતોથી અજાયબીમાં ગરકાવ થઈ ગયો હતો. પાગલની સહૃદયતા, તેણે સાધેલી અદ્ભુત કલા ને સંગીતનો દર્દ પર પ્રભાવ. થોડી વાર રહીને મેં કહ્યું:—

"તમારી પાસે આવી કળા છે તો કોઇ અમીરઉમરાવ......" હજી હું વાક્ય પૂરું કરું તે પહેલાંજ એ બોલી ઊઠ્યો:–

"શું ? એ તમારા ઉમરાવોની વાતજ કરશો નહિ. પચીસ વર્ષ એ સાધનામાં ગાળ્યાં તે મુઠ્ઠીભર નિષ્ઠુર અમીરોને ખુશ કરવા નહિ, પણ ગરીબ નિરાધારોની સેવાર્થે."

"પણ ક્યાં બીમારી ને ક્યાં સંગીત ?" મેં પૂછ્યું.

"સંગીતની દરદો પર શું અસર થાય છે, એ વાત તો પશ્ચિમના વિદ્વાનો તમને જણાવશે ત્યારેજ તમે જાણશો. મેં જે જાણ્યું ને અનુભવ્યું, તે તમે નહિજ માનો. બાકી જગતભરના કળાભક્તોને કહેજો કે, તમારું લક્ષ્યબિંદુ કળાજ નહિ પણ તે દ્વારા સેવા છે." તેણે કહ્યું.

ત્યાં તો ઝૂંપડી આવી. હું તેનાથી છૂટો પડ્યો. મારા મનમાં એકજ વિચાર ઘૂમતો રહ્યો: "કળાનો ઉપયોગ સેવા, માત્ર રંજન નહિ." અરેરે, શાસ્ત્રોમાં ને ઇતિહાસમાં આપણી સમક્ષજ પડેલા દાખલાઓ આપણે કાં ન સમજીએ ? .

લોકો ગમે તે કહે પણ પાગલની સાચી પ્રવૃત્તિઓ થોડી ને ટૂંકમાં કહેવાય એવી હતી. કોઈ અત્યંત કંગાળ કે નિરાધાર આદમી બીમાર હોય ત્યાં પાગલ પોતાની દિલરુબા લઇ પહોંચ્યોજ હોય. આઠજ પૈસા ખિસ્સામાં હોય તો તે ચાર આપી દેતાં ખંચાતો નહિ. કોઇ દૂબળી ગાય કે એવુંજ કોઇ પ્રાણી જુએ, તો તે તેને ગળે હેતથી હાથ ફેરવી કાંઈક વાત કરવા લાગી જતો. તે હમેશાં શ્રીમંત ભપકાદાર કે અધિકારી જેવા માણસોથી ભડકીને દૂરનો દૂરજ

નાસતો. કોઇ કોઇ વખત તો ખેતરે પણ જઇ બુલંદ સૂરે દુહા પર દુહા લલકારી ખેડુઓ કે કણબણોનાં મોઢાં હસતાં કરી આવતો. બાકી તેને વધારેમાં વધારે આનંદ ત્યારેજ મળતો કે જ્યારે એ કોઇ ગરીબ દરદીની મેલી પથારી પાસે બેસી કોઇ ધૂળિયા મકાનમાંથી આભ સાથે હાથતાળી લેતી ભૈરવી કે કલ્યાણની તાન ઉપર તાન લેતો હોય.

તરંગ ચઢે તો કોઇ કોઇ વખત સામેથી હાંફતાં હાંફતાં ચાલ્યાં આવતાં કોઇ મજૂર કે મજૂરણના માથા પરથી બોજો પોતાને માથે થોડો વખત લઇ પાગલ તેઓને રાહત આપતો. આમ જ્યારે થાય ત્યારે બોજો ઉપાડનાર વ્યક્તિ આ અણધાર્યા સહાયક તરફ ડોળા ફાડી જોઇ રહે ને પાછળથી "સાવ પાગલ" કહે તો એમાં એનો શું વાંક? પણ આવી બાબતો કયાં ગણાવવા બેસું?

તેનું મૂળ નામ અમૃતપ્રસાદ હતું. ઉત્તરહિંદુસ્તાનના કોઇ શહેરમાં તેનો જન્મ શ્રીમંત માબાપને ત્યાં થયો હતો. નાનપણથીજ તેને સંગીતનો શોખ હતો. તેના પિતા એને વેપારી બનાવવા માગતા હતા; પણ વેપારમાં પ્રસાદનું ચિત્ત બિલકુલ લાગતું નહિ. જન્મથીજ તેની મનોવૃત્તિ નોખી હતી. જે મોજશોખના વાતાવરણમાં એ ઊછર્યો તેનેજ એ અંતઃકરણથી ધિક્કારવા લાગ્યો. બારજ વર્ષની વયે કોઇ ઉસ્તાદની સાથે એ ભાગી ગયો. તેના પિતાએ બહુયે શોધખોળ કરી, પણ પત્તો નજ લાગ્યો. એ ઉસ્તાદજી પાસે પચીસ વર્ષ સુધી રહી તેણે સંગીતશાસ્ત્રનાં મૂળતત્ત્વો ઘૂંટી ઘૂંટીને પીધાં. ઉસ્તાદજી પણ શિષ્યની તેજસ્વી બુદ્ધિથી તાજુબ થયો. ત્યારપછી ઉસ્તાદજીએ પોતાના માનીતા શિષ્યના, લાહોરમાં જલસાઓ કરાવ્યા. શ્રોતાજનો એનો અદ્ભુત કાબુ જોઇ દિગ્મૂઢ થયા, ચારે તરફ વાહવાહ થઇ રહી!

પછી કોઈ અમીરે તેની દીકરીને સંગીત શીખવવા પ્રસાદને રાખી લીધો. પાછળથી ઘણીયે વાર્તાઓમાં બને છે તેમ બન્યું. એ

બાળા પ્રસાદની સાથે પ્રેમમાં પડી—ના, ના, મોહમાં પડી એમ મારે કહેવું જોઇએ; કારણ, પ્રેમ શબ્દ તો બહુજ પવિત્ર છે. પ્રસાદ તેને બેટી કહીનેજ બોલાવતો. જ્યારે જ્યારે પ્રેમ આપવા-લેવાની હમેશની જાણીતી વાત નીકળતી, ત્યારે પ્રસાદ આટલુંજ કહેતોઃ— "બહેન ! કળાને અભડાવાય નહિ, સાચી કળાનો ભક્ત હમેશ સ્ત્રીઓનું ભાન ભુલાવે છે, પણ ધિક્કાર હજો જે કળાભક્ત ભાન ભૂલે તેને ! તું તો મારી દીકરી જેવીજ છે ને રહેવાની. બહેન ! તારે પૂજાજ કરવી હોય તો કળાના શુદ્ધ સ્વરૂપની કર, તેના ભક્તની નહિ." જેને મોહજ થયો હોય તે પ્રસાદના સિદ્ધાંતો શે સમજે ? પરિણામ એ આવ્યું કે, એ બાળાએ ઝેર ખાઇ આત્મહત્યા કરી. પ્રસાદ તેને એક પિતાના જેવા નિર્મળ પ્રેમથી હૃદયપૂર્વક ચાહતો હતો. તેના આવી રીતના અવસાન પછી પ્રસાદ પલટાઇ ગયો. તેણે ભપકાદાર વસ્ત્રો ત્યાગ્યાં. એક સાદી કફની ને માથે જેમ તેમ વીંટાળેલો પટકો, આ એનો પહેરવેશ બન્યો. અમીર-ઉમરાવો કે રાજામહારાજાઓને ત્યાં થતા જલસાઓમાં જવાનું તેણે માંડી વાળ્યું. આગલા જલસાઓને લીધે તેની પાસે જે કાંઇ નાણું થયેલું તે તેણે છૂટે હાથે ગરીબ ને દુઃખી લોકોને વહેંચવા માંડયું. બસ, તેણે પોતાની રાજીખુશીથીજ મુફલિસ હાલત પસંદ કરી લીધી.

એ પછી કોઇ પણ એક સ્થળે લાંબો વખત તે રહેતો નહિ. કોઇ કોઇ વખત તો એ સાવ ફના થઇ જતો; છતાં ખૂબી એ હતી કે, એવી મુફલિસીમાં પણ દેવી અન્નપૂર્ણા તેના પર કૃપા રાખતી.

એક પ્રભાતે ખબર મળી કે, એ ઓચિંતોજ આ ગામમાંથી ક્યાંક ઊપડી ગયો હતો. એ કયાં ગયો તેની કોઇને ખબર પડીયે નથી ને પડવાનીયે નથી.

હજીયે કોઇ કોઇ વાર એકાંતમાં એ વિચિત્ર વ્યક્તિની મૂર્તિ નજર સમક્ષ તરે છે અને સારી સૃષ્ટિમાં પડઘા પાડતો સ્વર સંભળાય છે કે, "કળા એટલે સેવા !" ("અર્જુન"ના એક અંકમાંથી.)

૬૬–"लहराती है खेती दयानंद की"

(લેખકઃ–શ્રી. સત્યવ્રત)

મનુષ્યસ્વભાવ અત્યંત વિલક્ષણ અને વિચિત્ર છે. જનસમાજમાં અનેક મહાન પુરુષો ઉત્પન્ન થાય છે, પણ તેમની હયાતીમાં તેમની ખરી કિંમત આંકવાની કૃતજ્ઞતા અને વિવેકબુદ્ધિ સમાજમાં નથી. તેમના મરણ પછી જનસમાજને આંચકો લાગે છે અને પછી તેમની ખરી કિંમત આંકવાનો અવસર પ્રાપ્ત થાય છે. આવુંજ સ્વામી શ્રીદયાનંદજી મહારાજના વિષયમાં પણ બન્યું છે. તેમના જીવતાં સુધી તેમનો વિરોધ કરવામાં આવ્યો. પૌરાણિકોએ તેમને નાસ્તિક ઠરાવ્યા, બીજાઓએ તેમને છુપા ખ્રિસ્તી પ્રચારક ગણ્યા, ત્રીજાઓએ તેમને વર્ણાશ્રમભંજક તરીકે પિછાન્યા, કોઇએ તેમને ધર્મના દુશ્મન તરીકે જાણ્યા અને કોઇએ કંઇ. કોઇએ તેમના પ્રાણ હરવામાટે પાનના બીડામાં હળાહળ દીધાં, કોઇએ ધર્મ રક્ષવા એ એકાકી સંન્યાસી ઉપર તરવારના પ્રહાર કર્યા, કોઇએ મશ્કરી કરવા ગધેડા પર સવારી કઢાવી, કોઇએ ગાળોનો વરસાદ વરસાવ્યો તો કોઇએ ઈંટ–પથ્થરોનો ઉપહાર આપી પોતાની કૃતજ્ઞતા (!) પ્રગટ કરી. આમ તેમની જાહેર જિંદગીના પ્રભાવથી ઝેરથી પ્રાણ લીધાની અંતિમ સંધ્યાક્ષણસુધી એ એકલ મલ્લ સંન્યાસીને અન્યાય અને ઘોર અન્યાય દેશભરમાંથી મળ્યા કર્યો; પણ આખી જિંદગી સુધી ઘોર તપ તપેલો એ સંન્યાસી, પોતાના મૃત્યુને એવું વિદ્યુત-શક્તિવાળું–જોરદાર બનાવી જાય છે કે, તેમના મૃત્યુ પછી તેમનાં અનેકવિધ કાર્યો એવા ઝપાટાથી ચાલ્યાં કે, આજનો ભારતનો જાયો એ ઋષિના પુણ્યશ્લોક નામ ઉપર કૃતજ્ઞતાથી અશ્રુઅંજલિઓ આપતો અને પોતાના પૂર્વજોએ કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત આદરતો અનુભવાય છે. આજ એજ ઋષિના તપઃપ્રભાવથી પ્રભાવિત થયેલો ભારત–તરુણ નવજીવનના સંદેશાઓ તેમના મૃત્યુ–પ્રસંગમાંથી વીણી

વીણી પોતાનો ભાવીમાર્ગ ઘડે છે અને સમાજ શું કે ધર્મ શું, રાજકારણ શું કે વિશ્વભ્રાતૃત્વ શું–દરેક દિશામાં ઋષિએ મૂકેલ પગલાંને અનુસરવા આતુર અને ઉમંગભર્યો દેખાય છે. ઋષિએ જીવનભરમાં જનતાને મૂર્તિપૂજાથી મુક્ત કરવા અનેક ઉપદેશો આપેલા, પણ તેમાં વિઘ્ન નાખનાર સનાતનીઓના ચિરંજીવીઓ એજ પથ્થરોને આજ પણ ગંગા–યમુનામાં પધરાવી રહ્યા છે. પિંડદાન અને તર્પણનાં શાસન હવે ભારતના ધર્મપટલપરથી ઝાંખાં થવા લાગ્યાં છે. ધર્મગુરુઓનાં ધતિંગો જે દયાનંદે કડવી રીતે બતાવેલાં, તેના કરતાં શતગણાં વધુ તીવ્ર અને અસહ્ય કટુ ધતિંગો આજ ચોમેર ઉઘાડાં પડી રહ્યાં છે. સ્ત્રીઓની તેમણે કરેલી વકીલાત આજે પુષ્પિત થઇ રહી છે. વર્ણાશ્રમધર્મના તે વેળાએ ગણાતા એ ઉચ્છેદકનેજ આજનો હિંદુ ચાતુર્વર્ણ્યનો સુયોગ્ય રખેવાળ માની તેમના અદૃશ્ય ચરણમાં પોતાનું માથું ભક્તિભાવથી નમાવે છે. સર્વ રોગોની રામબાણ મહૌષધિ બ્રહ્મચર્યસેવનના ડિંડિમઘોષો કેવળ આ દેશમાંજ નહિ, સમસ્ત સંસારભરમાં ઉદ્‌ઘોષિત થઇ રહ્યા છે. સનાતનીઓના અજેય દુર્ગ કાશીધામમાં આજ શુદ્ધિના ગણેશ મંડાયા છે અને સમસ્ત દેશ, આજ દયાનંદને અનેક રીતે પહેલાં નિંદેલ, છતાં અસ્પૃશ્યતાનું ધર્મ–મહાપાતક ટાળવા પ્રતિજ્ઞા લઇ રહેલ છે. પચાસ વર્ષ–અડધી સદીના નાનકડા ગાળામાં દયાનંદના તેજસ્વી અને વીર્યવંતા સિદ્ધાંતોનો આ ચોમેર સમગ્ર પરિવર્તનકાળ અદ્દ્ભુત વિજય નથી સૂચવતો ? દયાનંદે સહેલાં ઘોર કષ્ટો અને તપેલાં અદ્‌ભુત તપોનો શું આથી વધુ યોગ્ય વિજય બીજો કોઇ હશે ખરો ? જેમને અર્ધી સદી પહેલાં, જે સિદ્ધાંતો માટે મારી નાખવામાં આવ્યા, આજ તેનાજ તેજ સિદ્ધાંતો સમગ્ર દેશ સ્વીકારે એ, તે ધર્મવીર મહાત્માનું સર્વોત્તમ માહાત્મ્ય નથી સૂચવતું શું ? “ લહરાતી હૈ ખેતી દયાનંદ કી”ની સત્યતા પ્રતીત નથી થતી શું ?

આજ અમે તેમના સિદ્ધાંતોની બધી બાજુ ઉપર આ સ્થળે

વિચાર કરી શકતા નથી. કેવળ એકજ પ્રશ્નની ગડી ઉકેલવા પ્રયત્ન કરીશું અને તે એજ કે, જેમને સમગ્ર દેશે બંગાળથી સિંધુ નદી સુધી અને હિમાચળથી કન્યાકુમારી સુધી તાત્કાળિક અત્યંત મહત્ત્વ આપ્યું છે તે પ્રશ્ન, એટલે અસ્પૃશ્યતા–નિવારણનો મહાપ્રશ્ન. મહાસભાના ચોપડેથી માંડી છેલ્લામાં છેલ્લી હિંદુસભાની નાની શાખાના ચોપડા સુધી અને તે દ્વારા પ્રત્યેક હિંદુ આબાલવૃદ્ધ નરનારીના કોમળ હૃદયમાં જે પ્રશ્ને આગ ભડકાવી છે, તે પ્રશ્ન એટલેજ અસ્પૃશ્યતા–નિવારણનો માર માર કરતો આજનો કાળધર્મ થઈ પડેલો મહાપ્રશ્ન! આ પ્રશ્નને હાથમાં લઈ કેવળ પંપાળી હાથ ફેરવી પાછો મૂકી દેવાય એવો નિર્માલ્ય હવે નથી રહ્યો. એ પ્રશ્ન આજ છેવટનો હિંદુધર્મનો ફેંસલો કરી નાખવા તૈયાર થયો છે; તે કહે છે કે, મારું–અસ્પૃશ્યતાનું–નિવારણ કરી હિંદુજાતિ અમર થાઓ અથવા આ સંસારમાંથી તેનું નામનિશાન નાબૂદ થાઓ. કાં તો તેના નિવારણથી ફરી આર્યસંસ્કૃતિ અને હિન્દવી સ્વરાજ્યને હાંસલ કરો અગર ઋષિમુનિઓના નાનાવિધ તપસંચિત અમર વારસાને દફનાવી વિધર્મીઓના પગતળે છૂંદાઇ અદૃશ્ય થઇ જાઓ. આ મહાપ્રશ્ન હવે સમાધાનનીતિ–બાંધછોડની નીતિ નથી ચાહતો. તે એક ઘાએ ચોખ્ખા બે કટકા કરવા માગે છે. તે તો આજ ઘેરા સ્વરે ગગન ગજાવતો કહે છે કે, કાં તો જીવો અને જિવાડો અથવા મરો અને નાબૂદ થાઓ. હા કે ના એકજ સ્પષ્ટ ઉત્તર. ચોખ્ખો અને ચટ ફેંસલો તે પ્રશ્ન માગે છે અને તે પણ તુરતજ. તે અમુક મુદ્દતને હવે ઓળખવા ના પાડે છે. તે પ્રશ્ને આજ રુદ્રસ્વરૂપ ધારણ કરી ભયંકર વિકરાળતા ધારણ કરી છે. તેના ઉકેલમાંજ આર્યજાતિ–હિંદુજાતિનું જીવન છે, તેના નકારમાંજ તેનું મૃત્યુ ઊભું છે. તેના નિવારણથી આવતા નવજીવનને ખાળવા ઇસાઇયત કે મુસલમાનિયત જરાય શક્તિમાન નથી અને તેના નકારથી હિંદુજાતિના આવતા મહામૃત્યુને પણ ખાળવા કોઇ ધન્વંતરી સમર્થ નથી. એવો અનનુભૂત અને અશ્રુત મહાપ્રશ્ન

આજ ભારતના સામાજિક, ધાર્મિક, રાજનૈતિક પ્રત્યેક ગગનમાં ગાજે છે અને દરેક ક્ષેત્રને પોતાના સૂરથી તે તરફજ ટકટકી લગાવતો આકર્ષિત કરી રહ્યો છે. સંસારના ઇતિહાસમાં આ મહાપ્રશ્નની મહત્તાની જોડીનો બીજો પ્રશ્ન નહિજ હોય. જે પ્રશ્ને જીવન અને મૃત્યુની દાંડી કેવળ હા કે ના ઉપર ધરી હોય તેવો પ્રશ્ન સમગ્ર સંસાર આજ પહેલવહેલો ભારતમાં અનુભવે છે. આ સ્થિતિ છે માટેજ અસ્પૃશ્યતાનિવારણનો પ્રશ્ન એટલે ભારતના જીવન-મરણનો મહાપ્રશ્ન. અમે નિર્ભય થઇ એ પણ કહી શકીશું કે, આ પ્રશ્નની મહત્તા પાસે સ્વરાજ્ય અને ચરખાના પ્રશ્નો 'સૂર્ય' આગળ પતંગિયાસમાન તુચ્છ છે. જેનો નિકાલ સૌથી પહેલો કરવાનો છે તે આજ, અને આ એકજ મહાપ્રશ્ન છે. અસ્તુ. આ પ્રશ્નની ગંભીરતા આજથી પચાસ વર્ષો પૂર્વે તે અદ્ભુત દ્રષ્ટા મહર્ષિ દયાનંદે પારખેલી, જેને આજ અમે હજી પણ તેટલી ગંભીરતાથી અનુભવી શકતા નથી. તેમણે તર્કથી અને દલીલોથી, શાસ્ત્રોથી અને વેદોથી, મનુષ્યતાના નામથી અને દયાના નામથી, પાપના પ્રાયશ્ચિત્તના પ્રકારથી અને ઉજ્જ્વળ ભાવિ થવાના સદભિપ્રાયથી એનો નિકાલ કર્યો કે, અસ્પૃશ્યતા-એક ભાઇને-એકજ પરમ પિતાના અમૃતસંતાનને, અડકવા ના પાડવી, અડકતાં અભડાઇ જવાની વૃત્તિ રાખવી, તે પ્રભુ પિતાનું ભયંકર અપમાન કરવા બરાબર છે. કોઇ વેદ, કોઈ ધર્મગ્રંથ મનુબાંધવનો બહિષ્કાર કરવા ના પાડે છે અને જે તેમ કરવા કહે છે તે શાસ્ત્રજ નથી. તે ધૂર્ત-પ્રપંચ છે, માયાવી રાક્ષસની દાનવી-લીલા છે, અઘોર નરકાસુરનું ઘોર નર્ક-તાંડવ છે! કોઇ જન્મમાત્રથીજ અસ્પૃશ્ય નથી, તેમ કોઇ જન્મમાત્રથીજ સ્પૃશ્ય નથી. સત્ય ન્યાય, સમભાવ, પ્રેમ, પવિત્રતા, સદાચાર, એ જેમાં જેમાં હોય, ગમે તે દેશની ગમે તે જાતમાં-તે તે સ્પૃશ્ય છે; અને તદ્વિપરીત-અનાચારયુક્ત જાતિ કોઇ પણ દેશની ધમંડખોર કાં ન હોય-તે તે અસ્પૃશ્ય છે. જન્મ અમુક જાતિમાં થવો એનો કંઇ હિસાબ નથી,

ગુણ, કર્મ અને સ્વભાવ એજ પ્રધાન વિચારણીય છે. ટૂંકમાં ધર્મ એ સ્પૃશ્ય અને અધર્મ એ અસ્પૃશ્ય છે. ધર્મ કોઇ એકજ દેશની, એકજ જાતિની બાપીકી મિલકત નથી. જે ધારણ કરે તે ધાર્મિક અને જે ધાર્મિક તેજ સ્પૃશ્ય.

આ તે આદર્શ દ્રષ્ટાની આજના મહાપ્રશ્નપરત્વે ૫૦ વર્ષ પૂર્વેની મીમાંસા હતી, જે આજ પણ જેવી ને તેવીજ ઊભી છે. બલ્કે આજ તે મીમાંસા વધુ સ્પષ્ટ સ્વરૂપમાં નજરે તરવરવા લાગી છે. અર્ધી સદી પૂર્વે દયાનંદની આ મીમાંસા તે સમયના જનસમાજને કડવી લાગી, પણ આજે તે મહૌષધિ સમાન તેને નવજીવન દઇ રહી છે. એને માટેજ અમે આજના અમારા લેખનું મથાળું.

'लहराती है खेती दयानंद की'

એ રાખ્યું છે. આ મહાપ્રશ્ને આજે કેવું ગંભીર રૂપ લીધું છે અને તેના નિરાકરણમાંજ અમારું જીવન તથા **મુક્તિ** છે, તે બતાવવા અને તે સાથે દયાનંદના ઉપદેશનો વિજય સૂચવવા હું નીચલું બ્યાન (સ્થલાભાવ ધ્યાનમાં હોવા છતાંયે) રજૂ કરીશ.

શુમારે બે માસ પૂર્વે મધ્યપ્રાંતના છત્તિસગઢ વિભાગમાં દુર્ગ (દુગ) જિલ્લાના મહાર–અસ્પૃશ્ય ભાઇઓએ હિંદુધર્મ છોડી ધર્માંતર કરવા વિચાર કર્યો. તેમની સંખ્યા ૧,૨૦,૦૦૦ એક લાખ અને વીસ હજારની હતી. ધર્માંતર કરવાનો–મુસલમાન અને ખ્રિસ્તી થઇ જવાનો વિચાર એટલા માટે તેમને નિરુપાયે કરવો પડ્યો કે, ત્યાંના ધોબી, હજામ વગેરે લોકોએ તેમનાં કામ છોડી દીધાં. આટલાથી શાંતિ ન થઈ તે ઊંચ વર્ણોએ તેમને પીવાના પાણી માટે પણ તંગ કર્યા. આ અન્યાય અને ઘોર અત્યાચારના ઉપાય તરીકે તેમણે ધર્માંતરનું શસ્ત્ર ઉગામ્યું અને અનેક પાદરીઓ, અનેક મુલ્લાં–મોલવીઓ આ પંખીડાંઓને જાળમાં સપડાવવા આખા જિલ્લામાં દોડધામ કરવા લાગ્યા. હિંદુધર્મ ઉપર એ ભયંકર સંકટની વેળા હતી. હિંદુ-

ધર્મનું નાક કપાવાની એ વિપત્તિપૂર્ણ ક્ષણુ હતી; પણ હિંદુ-ધર્મનાં સમગ્ર પુણ્યો ખતમ થયાં નહોતાં; થોડાંક પુણ્યો બાકી હતાં. ઋષિ દયાનંદે તપેલાં તપો ફલિત થવાનાં હતાં, તેથી હિંદુધર્મની લાજ રહી. ત્યાંના હિંદુ કાર્યકર્તાઓએ કલકત્તા, ઉમરાવતી વગેરે સ્થળોની હિંદુસભાઓને તારથી ખબર કર્યા અને ત્યાંના કાર્યકર્તાઓનું મંડળ ગયા ડિસેમ્બરની ૨૭ મી તારીખે એ જિલ્લાનાં ગામડાંઓમાં ઘૂમ્યું. ઠામઠામ વ્યાખ્યાનોની ઝડી લાગી અને એક દિવસ હિંદુધર્મની ઉદારતા, શ્રેષ્ઠતા અને સમાનતા વિષે ઉપદેશના ધોધ ફાટી નીકળ્યા. બીજા દિવસે અસ્પૃશ્યો સાથે કરેલા અત્યાચારના પ્રાયશ્ચિત્તરૂપે બહારથી આવેલા આગેવાનોએ સ્વયં તે મહારબંધુઓની હજામત પોતાના હાથે કરી, પોતાના ઉપદેશની સત્યતા સિદ્ધ કરી આપી, ધર્માંતર કરવા ઇચ્છનારાઓને પાછા વાળ્યા. શ્રીઘનશ્યામસિંહ ગુપ્ત, સુંદરલાલ શર્મા, પં. રત્નાકર, ઝા, પં. જંગીલાલજી, શ્રી ઓગલે વગેરે મહાશયોએ જનસમાજના દેખતાં તેમની મૂછો કરી દીધી. તળાવમાં તેમની સાથે બધાએ સ્નાન કર્યું અને કેટલાક આગેવાનોએ અસ્પૃશ્ય ગણાતા ભાઇઓનાં ધોતિયાં પણ ધોઇ આભ્યંતર અભિમાનમળ દૂર કર્યો. આટલાથી કામ અટક્યું નહિ. ડિસ્ટ્રિક્ટ બોર્ડના જાહેર કૂવા ઉપર બધા ગયા અને અસ્પૃશ્ય ભાઇઓએ તેમાંથી જળ કાઢ્યું, જે આગેવાનોએ પીધું. ક્યાં અછૂતોને કૂવા ઉપર ચડવાની મનાઇ અને ક્યાં તેમના હાથથી કાઢેલું પાણી પીવાનો મનોહર પ્રસંગ ! અસ્પૃશ્યતાનું નિવારણ સિદ્ધ થઇ ચૂક્યું. અનેક શતકોના પાપનું પ્રાયશ્ચિત્ત આરંભાયું અને ઋષિના ઉપદેશે ક્રિયાત્મક સ્વરૂપ લીધું; માટેજ ત્યાંના સવાલાખ ભાઇઓએ ધર્માંતર કરવાનો વિચાર છોડી દીધો અને હિંદુજાતિના પુત્રોજ બની રહેવાનો નિર્ધાર કર્યો. પાદરીઓ અને મુલ્લાં-મોલવીઓ, મૌલાનાઓ અને અનેક અલીઓને હાથ ઘસી, નાક ચડાવી પાછા ફરવાનો સમય આવ્યો; માટેજ વાચક ફરી એક વાર બોલ અને આનંદથી ગરજી ઊઠ કે, **लहराती है चोटी**

दयानंद की !

વાચકબંધુ ! દરાવો કરી આશ્વાસન આપવાનો જમાનો હવે નથી. હવે ક્રિયાત્મક કાર્ય કરવાનો સમય આવ્યો છે. જો તને તે મહાન ઋષિ દયાનંદના સિદ્ધાંતોનો પ્રેમ હોય અને શ્રદ્ધાનંદજીના ખૂનનો બદલો સરસ રીતે લેવા માગતો હોય તો આજથી દઢ પ્રતિજ્ઞા કર કે, અસ્પૃશ્યો મારાજ ભાઈ છે, તેમને હું ખુશીથી સ્પર્શીશ અને મારામાં મેળવીશ. યાદ રાખ આ દલિતોના ઉદ્ધાર વખતેજ તારા શ્રદ્ધાનંદનો ઘાત કરવામાં આવ્યો છે. હુતાત્મા શ્રદ્ધાનંદ તારામાં અછૂતોદ્ધાર કરવાનું સામર્થ્ય આપે ! આમીન.

("પ્રચારક"ના એક અંકમાંથી)

"આજે મેટ્રિક્યુલેટો અને ગ્રેજ્યુએટોની વીસ–પચીસની મામૂલી નોકરી માટે સેંકડો અને હજારો અરજીઓ થતી આપણે જાણીએ છીએ. સરકારી શિક્ષાલયોમાં ભણવાથી નોકરી મળીજ શકે છે, એ દાવો તો મિથ્યા છે. સરકારી વિદ્યાલયોના–સરકારી શિક્ષણ પદ્ધતિના મોટામાં મોટા અને કટ્ટામાં કટ્ટા પક્ષપાતીઓને હું પૂછું છું કે, શું તેઓ બતાવી શકે છે કે, ત્યાં કેળવાયેલા બધા વિદ્યાર્થીઓને નોકરી મળીજ જાય છે અથવા તેમની રોટલીનો સવાલ ટળી જાય છે? જો તેમ ન હોય, તો શા સારુ આપણને પૂછવામાં આવે છે કે, રાષ્ટ્રીય શિક્ષાલયો–ગુરુકુલો સુધ્ધાં–ના વિદ્યાર્થીઓનું ભવિષ્યમાં શું થશે? બંને ઠેકાણે રોટીનો સવાલ સરખોજ મુશ્કેલ હોય તો લોકો રાષ્ટ્રીય વિદ્યાલયોને શા સારુ નથી અપનાવતા? કારણ આમાંથી નીકળીને તો વિદ્યાર્થીઓને રાષ્ટ્ર-સેવા અને સમાજસેવાનો અવસર મળશે, જ્યારે સરકારી વિદ્યાલયોમાં રહીને તો સરકારી ચક્કી ચલાવવાની છે, સરકારને ગુલામીનું રાજ્ય કાયમ રાખવામાં મદદ કરવાની છે."

(ગુરુકુળ કાંગડીમાં રાજેન્દ્રબાબુએ આપેલા ભાષણમાંથી)

૬૭–બૈરાંનું પંચ

(લેખકઃ–શ્રી. આનંદપ્રિય આત્મારામ પંડિત)

"મુસલમાનના હિંદુ? બાપરે બાપ!!"

"ઓ બહેન! સાંભળ્યું કેની? આજે ગામમાં શાસ્ત્રી ધ્રુવશંકરજીએ હોમ કરીને મુસલમાનોને હિંદુ કરી નાખ્યા!!! મુસલમાનના હિંદુ કર્યા, બાપ રે! એ તે કેમ થાય? કોઇ પણ કાળે મુસલમાનના હિંદુ ના થાય. કદી ગધેડાની ગાય તે થતી હશે?" એમ સુભદ્રા ડોશી તપખીરની ચપટી લેતાં લેતાં બોલ્યાં.

સીતાબા બોલ્યાંઃ—"કાંઇ હિંદુ કરવાથી હિંદુ થઇ શકે ખરા? તેમના હિંસક રિવાજો કદી સુધરેજ નહિ. રહેવા દોને, આજ લગી હિંદુના મુસલમાન થતા તો અમે જોયા, પણ મુસલમાનના હિંદુ થતા તો ક્યાંય જોયા નહિ. તેનું બધું ખાધેલું-પીધેલું ભૂંસાય નહિ. કાગડાનો વળી હંસ તે ક્યાંથી?"

છઠ્ઠા ધોરણમાં ગયેજ વરસે પાસ થયેલી લક્ષ્મી બોલી ઊઠીઃ "સુભદ્રા કાકી! ગધેડાની ગાય તો નજ થાય, પણ એ તો કહો કે, ગાયનો ગધેડો પણ થાય કે?"

"હંહં......ગાયનો ગધેડો કોઇ કાળે થાય ના." સુભદ્રા ડોશી બોલ્યાં.

"વારુ, ત્યારે હંસનો કાગડો થાય કે?" લક્ષ્મી બોલી. "ના, ના. તું જાણે છે તો ખરી. એટલું પણ સમજતી નથી!" સીતાબા બોલ્યાં.

લક્ષ્મીઃ—ઠીક! એક રજપૂત હોય કે એક બ્રાહ્મણી હોય, તમે તેને હંસ માનો છો, ગાય માનો છો. જો તેઓ મુસલમાનના ઘરનું પાણી પીએ અથવા બ્રાહ્મણી મુસલમાનના ઘરમાં બેસે તો એ વટલે કે?

સીતાબાઃ—હાસ્તો. મુસલમાનનું ખાધું એટલે વટલેસ્તો.

લક્ષ્મીઃ—પછી આ તો હંસ, કાગડો થયો બા!

સુભદ્રાઃ—લક્ષ્મી! તારી વાત તો ખરી છે; પણ આ કેમનું

થતું હશે? કોણ જાણે! આપણે તો એટલુંજ જાણીએ-હિંદુ વટલી શકે છે.

લક્ષ્મી બોલી ઊઠી:—કાકી! જે વટલે છે તે સુધરી પણ શકે છે. પગે કાદવ ચોંટે, ધોઇએ તો નીકળી જાય; તો પછી બીજા ધર્મમાં જવાથી જે વટાળ લાગે છે તે પણ કાઢી શકાય છે અને શુદ્ધ આચારવિચારવાળા હિંદુ બનાવી શકાય છે.

સુભદ્રા ડોશી:—હા! હા! બ્હેન, તારી વાત ગળે તો ઊતરે છે; પણ કોઇ વાર આપણે મુસલમાનને હિંદુ થતા જોયા નથી એટલે આપણને નવાઇ લાગે છે.

લક્ષ્મી:—કાંઇ નહિ કાકી, હવે હિંદુઓ, મુસલમાનને હિંદુ કરે છે. આ ક્રિયાને શુદ્ધિક્રિયા કહે છે. એક ખ્રિસ્તી કે મુસલમાનની શુદ્ધિ થાય છે, તો તે પછી આપણા સમાજમાં આવે છે અને તેને હિંદુ તરીકેના બધા હકો આપવામાં આવે છે.

સુભદ્રા:—ચાલો બહેનો! આપણા ગામની મોલેસલામ ગરાસણીઓ હિંદુ થઇ છે, તેને મળવા જઇએ.

લક્ષ્મી:—ફુલાકાકાએ હમણાંજ કહ્યું કે, સવારે તે બધાં હિંદુ થયાં છે. તેમાંની કેટલીકે તો ઇજાર પહેરવી છોડી દીધી. કેટલીકે શુદ્ધિ પછી માટીનાં જૂનાં બેઢાં ફોડી નાખ્યાં ને કેટલીકે તો ઘરની થાપ સુધ્ધાં ઊખેડી નાખી. પેલી સમજુબાએ તો ચૂલે ચડાવેલી હાંલ્લી પણ ચકલે મૂકી દીધી.

સુભદ્રા:—વિધર્મીને પાવન કરવાથી મોટું પુણ્ય છે એ ચંદ્રાનંદશંકર કથામાં કહેતા હતા, તે આજ બરોબર મને સાંભરે છે. બીજું બધુંય જવા દઇએ, પણ એકેક ગાય તો મરાતી બચી ને?

લક્ષ્મી:—હવે તો ધડાધડ બીજાં બધાં ગામો શુદ્ધિમાં પડવાનાં. શુદ્ધિનો જબરો પવન વાયો છે. કોઇ મોડું હિંદુ થશે તો કોઇ વહેલું.

સીતાબા:—સમજણનો ફેર પડેરતો.

("પ્રચારક"ના એક અંકમાંથી)

६८–हे राम !

"श्रीरामः शरणं समस्तजगतां रामं विना का गति ।
रामेण प्रतिहन्यते कलिमलं रामाय कार्यं नमः ॥
रामात् त्रस्यति कालभीमभुजगो रामस्य सर्वं वशे ।
रामे भक्तिरखंडिता भवतु मे राम त्वमेवाश्रयः ॥"

પ્રભો! આજ કા હી વહ દિન થા, જબ તુમ અયોધ્યા કે રાજમહલોં મેં માતા કૌસલ્યા કે ગર્ભ સે પ્રકટ હુએ થે. યહી ચૈત્ર શુક્લા નવમી કી પુણ્ય-તિથિ થી, ઐસી હી મધુમાસ કી મધુર મલય-વાયુ પ્રવાહિત હો રહી થી. જગત મેં ઋતુરાજ વસન્ત કી નિરાલી શોભા છાયી હુઇ થી. વૃક્ષ-વૃક્ષ મેં નયે પત્તે, ડાલ-ડાલ મેં નયે ફૂલ નિકલ આયે થે. મઞ્ઝરિત રસાલ કી ડાલ પર બૈઠી હુઇ પ્યારી કોકિલાએં પ્રાણ-મન-વિનોદિની સૂરીલી તાનેં છેડ રહી થી. હૃદય-હૃદય મેં નયી ઉમંગે લહરેં લે રહી થી ઔર દશરથ કે આંગન મેં તો—

"પારાવાર પૂરન અપાર પરબ્રહ્મ-રાસિ,
કોસિલા કે કોર એક વાર હી કુરૈ પરી."

ઉસ સમય પૃથ્વી પાપ કે બોઝ સે દબી હુઇ થી, ઋષિ-મુનિયોં ઔર સાધુ-સંતોં કા પૂજા-પાઠ ભી નિર્વિઘ્ન નહીં હોને પાતા થા, કુલ-લલનાઓં કા સતીત્વ દુષ્ટ રાક્ષસોં કી ક્રીડા કી સામગ્રી હો રહા થા, ચારોં ઓર અત્યાચાર નગ્ન મૂર્તિ ધારણ કર તાંડવનૃત્ય કરતા દિખાઇ દેતા થા. લંકા મેં રાવણ નામ કા રાક્ષસોં કા રાજા અન્યાય, અધર્મ, અત્યાચાર, અતિચાર ઔર અવિચાર કી સંદેહમૂર્તિ બનકર ધર્મ ઔર ધર્માત્માઓં કે ધ્વંસ પર તુલા બૈઠા થા. પ્રતિકાર કા કોઇ ઉપાય દષ્ટિગોચર નહીં હોતા થા. સિવા અન્યાય કે સામને સિર ઝુકા દેને કે કિસી મેં વહ શક્તિ નહીં રહ

ગયી થી, જો સંસાર કો ઈસ પ્રબલ ધૂમકેતુ કે ઉપદ્રવ સે બચા દે.

ઉસી સમય હે રામ! તુમ ધરાધામ પર આયે. દશરથ ને સોચા, કિ ઉનકે જીવનવ્યાપી ધર્માચરણ કે ફલ સે, પુણ્યોં કે પ્રતાપ સે, ચૌથેપન મેં ઉનકો પુત્ર-રત્ન પ્રાપ્ત હુઆ હૈ; પરંતુ રામ! તુમ તો કેવલ દશરથ યા કૌશલ્યા કી હી સમ્પત્તિ નહીં થે-તુમ તો અખિલ બ્રહ્માંડ કે નાયક થે, પરમાત્મા કે અવતાર થે, જગત્ કે અસંખ્ય જીવોં કો અત્યાચાર કી ચક્કી મેં પિસને સે બચાને કે લિયે નર-રૂપ મેં અવતીર્ણ હુએ થે. ઈસી સે ભરી જવાની મેં, જબ સંસાર કે સાધારણ સે ભી સાધારણ શ્રેણી કે યુવક જીવન કી સબસે પ્યારી ઘડિયોં કો આનંદ કે સાથ, હસીખુશી મેં હી બિતા દેના ચાહતે હૈં, તુમને સસાગરા પૃથ્વી કે ચક્રવર્તી-રાજ્ય પર લાત મારકર ચૌદહ વર્ષોં કે લિયે કઠિન વનવાસ કા વ્રત અંગીકાર કર લિયા.

રાજતિલક કી પૂરી તૈયારી હો ચૂકી થી, સારે અવધ મેં બધાવે બજ રહે થે, ઘર-ઘર મંગલ કે ગીત ગાયે જા રહે થે, ગતઃકાલ હી રામ કો યુવરાજ કા પદ દિયા જાયેગા, યહ નિશ્ચિત હો ચૂકા થા; પરંતુ એકાએક સુધા-કલશ મેં વિષ કી બૂંદ પડ ગયી. સૌતેલી માતા કૈકેયી કે મનમેં કુટિલા મંથરા કી કપટ-મંત્રણા કે કારણ કુમતિ ઉત્પન્ન હુઇ ઔર ઉન્હોંને સત્યવ્રત રાજા સે રામ કે વનવાસ કી આજ્ઞા માંગ લી. પુત્ર-વત્સલ પિતાને અપને મુંહ સે વહ કઠોર આજ્ઞા જારી નહીં કી-યહ કામ ભી ઉનકી ઓર સે કૈકેયીને હી કિયા; પરંતુ નિર્દોષ પર વજ્ર-પ્રહાર કરતે હુએ એક વાર ક્રૂર સે ભી ક્રૂર આત્મા ભી કાંપ જાતી હૈ; કૈકેયી સે તુરત હી કુછ કહતે ન બન પડા, રામ કે યહ પૂછને પર કિ, પિતાજી એકાએક ઐસે દુઃખી ક્યોં હો રહે હૈં? ઉનકે મન મેં કૌનસા કષ્ટ હૈ? કૈકેયી ને કહા: "પુત્ર! ન તો મહારાજ કો કોઇ દુઃખ હૈ, ન તો વે તુમસે અસંતુષ્ટ હૈં; પરંતુ કોઇ બાત ઐસી ઉનકે મન મેં અવશ્ય હૈ, જિસે વે સંકોચ કે મારે તુમસે નહીં કહ સકતે. યદિ તુમ ઉનકી બાત માનને કે લિએ

તૈયાર હો, તો અભી તુમસે મૈં સબ બાતેં ખોલકર કહ સકતી હું."

યહ સુન, રામને કિસ શાંતિ ઔર ગંભીરતા કે સાથ ઉદારતા એવં વીરતા સે ભરે હુએ વચન કહે થે, વહ સુનિયેઃ—

"**अहो! धिग्! नार्हसे देवि! वक्तुमामीदृशं वचः।**
अहं हि वचनाद्राज्ञः पतयेमपि चार्णवे॥
भक्षयेयं विषं तीक्ष्णं पतयेमपि पावके।
नियुक्तो गुरुणा पित्रा नृपेण च हितेन च॥
तद्ब्रूहि वचनं देवि! राज्ञो यदभिकांक्षितम्।
करिष्ये प्रतिजानीहि रामो द्विर्नाभिभाषते॥"

"માતા! યહ તુમ ક્યા કહ રહી હો? મેરે લિયે તુમ્હેં ઐસા કહના ઉચિત નહીં હૈ. ક્યા તુમ્હેં માલૂમ નહીં હૈ કિ મૈં મહારાજ કી આજ્ઞા પાઉં, તો ધધકતી આગ મેં કૂદ પડૂં, સમુદ્ર મેં ડૂબ જાઉં ઔર હસતે હસતે ભયંકર વિષ કા પ્યાલા પી લૂં? વે મેરે પિતા, ગુરુ, રાજા ઔર હિતૈષી હૈ–ઉન કી આજ્ઞા મેરે લિયે વેદ-વાક્ય સે ભી બઢકર હૈ. શીઘ્ર કહો, વે ક્યા ચાહતે હૈ? વે જો કહેં, વહ કરને કે લિયે મૈં તૈયાર હું. ઠીક જાન લો, રામ દો બાતેં નહીં કરતા, જો કહતા હૈ, ઉસે પૂરા કર દિખાતા હૈ."

ઇસ પ્રતિજ્ઞાવચન કો સુનકર કૈકેયી ને અપને તરકસ કે વે દોનોં તીર નિકાલે; જો કદાચિત્ બડે સે બડે ધીર પુરુષ કા હૃદય ચીર ડાલતે; પર રામને ઉન્હેં ફૂલ કી તરહ સ્વીકાર કર મુસ્કુરાતે હુએ કહા–"માઁ! ઇતની સી બાત કે લિયે મહારાજ કો ઇતના દુઃખ હૈ! લો મૈં અભી વન જાતા હું. ભાઇ ભરત કો ગદ્દી મિલે, ઇસ સે બઢકર આનંદ કી બાત મેરે લિયે ઔર ક્યા હોગી? હાં, યહ દુઃખ મુઝે અવશ્ય રહા, કિ ભરત કી રાજગદ્દી મૈં અપની આંખોં ન દેખ સકુંગા."

યહ કહ, રામ બિના ક્ષણ–ભર કા વિલંબ કિયે, વન જાને કો

તૈયાર હો ગયે. કૈકેયી કે કોપ–ભવન સે ઐસા વજ્ર સા કઠોર આદેશ લેકર બાહર આને પર ભી કિસીને ઉન કે તેજોમય મુખ-મંડલ કી કાંતિ મેં તનિક ભી કમી નહીં દેખી. કિસી કો યહ અનુમાન કરને કા ભી અવસર નહીં મિલા કિ અભી–અભી ઇસ કોમલતા કી ખાનપર ઇંદ્ર કા ભયાનક વજ્ર બરસ પડા હૈ.

પિતા કા વહી આદેશ રામને એક દિન, દો દિન નહીં, ચૌદહ વર્ષોં તક સિર–આંખોં પર રખ્ખા. હજારોં તરહ કે કષ્ટ ઉઠાયે, પર એક દિન કે લિયે ભી પીછે ફિરકર નહીં દેખા; પિછલે દિનોં કે લિયે પશ્ચાત્તાપ તક નહીં કિયા–સામને હુએ નીરસ ઔર કઠોર કર્તવ્ય કે પાલન મેં હી પ્રાણપણ સે લગે રહે.

કિતને પરિવર્તન હુએ; પરંતુ રામ! તુમ્હારે રૂપ મેં તો કભી કોઇ પરિવર્તન નહીં દિખાઇ દિયા. વહી સાગરસા અગાધ અનંત ગગનસા ઉદાર–હૃદય જીવન કે સુખમય પ્રભાત સે લેકર જીવનાન્ત કી અંધેરી સંધ્યાતક સદા કામ કરતા રહા. માનોં જગત્ કો યહી શિક્ષા દેને કે લિયે તુમ ઇસ પૃથ્વી પર અવતરિત હુએ થે, કિ જીવન કા સમર–સ્થલી મેં નિરંતર યુદ્ધ કરના હી વીર કે જીવન કી સાર્થકતા હૈ. ઉસે એક દિન કે લિયે ભી વિશ્રામ, સુખ યા સુવિધા કા મુંહ જોને કી આવશ્યકતા નહીં. યુદ્ધ હી ઉસકી પ્રકૃતિ હૈ, કષ્ટ સહના હી ઉસકા પુરસ્કાર હૈ.

ઔર, તુમ્હીંને પહલે–પહલ હમેં યહ સિખલાયા, કિ જગત્ મેં કોઇ જીવ છોટા યા નીચ નહીં હૈ. સભી મેં ઉસ પરમાત્મા કા અંશ વર્તમાન હૈ, જો સૂર્ય કી કિરણોં કી ભાંતિ આબ્રાહ્મણ–ચાંડાલ સબ કે ભીતર બૈઠા હુઆ હૈ. ઐસા ન હોતા, તો નિષાદોં કે રાજા ગુહ કો તુમ ક્યોં પ્યાર સે અપના સખા બનાતે ઔર ઉસે ગલે લગાતે? જિન બન્દરોં કા સવેરે–સવેરે કોઇ નામ ભી નહીં લેતા, ઉન્હીં કો અપના મિત્ર ક્યોં કર બનાતે? વિભીષણ કો અપના પરમ સખા કહકર ક્યોં કર આલિંગન કરતે? ભીલની કે

જૂઠે બેરોં કો ક્યોં સરાહ–સરાહ કર ખાતે? નાથ! ઇસી લિયે તો હમ તુમ્હેં પરમાત્મા કહકર જાનતે, માનતે ઔર પૂજતે હૈં. ઇસી સે તો હમારા યહ વિશ્વાસ હો ગયા હૈ કિ–

"રામ–ભક્તિ–મણિ ઉર બસ જાકે, દુઃખ–લવલેસ ન સપનેહુ તાકે"

હે પ્રભો! હે રામ! આજ ઇસ રામનવમી કે દિન હમેં તુમ્હારે કૌન–કૌનસે ચરિત નહીં યાદ આતે? પરંતુ દેવ! સચ જાનના, હમ આજ ઐસે પતિત હો ગયે હૈં, કિ તુમ્હારે ઉપાસક કહલાકર ભી હમ થોથે અભિમાન ઔર ઝુઠે ધમંડંબર મેં પડકર, જગતભર સે નિંદિત ઔર ઉપહાસાસ્પદ હોતે હુએ ભી, ન જાને કૌનસા બુરા–ભલા દિન દેખને કે લિયે અબ ભી અપને કો આર્ય ઔર હિંદુ કહતે હુએ, પૃથ્વી કા ભાર બઢાયે હુએ હૈ. શતાબ્દી કે બાદ શતાબ્દિયાં બીતતી ચલી ગયી–હમને દાસતા કે દિન બડે સુખ સે કાટ ડાલે ઔર આજ તક ઉસ કે સાથ નાતા જોડે બૈઠે એક બાર શતસહસ્ર કંઠ મિલાકર તુમ્હારે ચરણોં મે અપની વિપત્તિ કી કથા ભી નિવેદન કરના નહીં ચાહતે. ભાઇ ભાઇ કા જો પ્રેમ તુમ દિખા ગયે હો, આજ યદિ હમ મેં ઉસકા શતાંશ તો ક્યા, સહસ્રાંશ ભી હોતા, તો ન જાને હમારે યે દુઃખ કે દિન કબકે બિદા હો ગયે હોતે. તુમને તો વાનરોં કો સખા બનાયા થા ઔર આજ હમ સ્વયં વાનરોં સે ભી ગયે–બીતે હોકર અપને હી ભાઇયોં સે ઇતની ઘૃણા કરતે હૈ, ઉન કી વિપત્તિ દેખકર મન હી–મન ઇતને પ્રસન્ન હોતે હૈ, કિ હિંસ્ર પશુ ભી કદાચિત્ અપને કિસી સજાતીય પશુ કી પીડા દેખકર ઉતના પ્રસન્ન નહીં હોતા હોગા! સ્વાર્થ, આત્માર્થીપન ઔર નિર્લજ્જ હૃદયહીનતા કે હમ પુતલે બને હુએ હૈં! નાથ! ઇસ પાપ–પંક સે, ઇસ અધમ દશા સે કૌન હમારા ઉદ્ધાર કરેંગા? દયામય! ક્યા ફિર એક બાર આકર અપને પ્યારે ભારત કી વર્તમાન દયનીય દુર્દશા કો દૂર ન કરોગે?

ક્યા ચાહતે હો? હમારે અસ્તિત્વ કા લોપ? નાથ! વહી

હોતા, તો ફિર રોના કાહેકા થા? ફિર તુમ્હેં ઉલાહના દેને કા હી ક્યા કામ થા? તબ તો હમ પોથીપુરાણોં કે પન્નેં ઉલટકર યહ નહીં દેખને જાતે, કિ તુમને એક સમય ઉસી હિંદુજાતિ કોં અપને જીવન સે પવિત્ર કિયા થા, જિસ કે નામ પર કલંક કી કાલિમા લગાનેવાલે આજ એક કી જગહ હજારેં રાવણ હમારે હી ઘર કે અંદર મૂછેં ફટકારતે હૈં! કિસ દિન કે લિયે પ્રભો! તુમને હમેં નિર્વીર્ય હોને સે બચા રખા હૈ? કૌનસા દિન દેખના બડા હૈ, જિસ કે લિયે શત–શત વર્ષોંસેં પતિત દશા કો પ્રાપ્ત હુઇ યહ હિંદુજાતિ પૃથ્વી કે ઉપર જીતી–જાગતી દિખાઇ દે રહી હૈ? જાપાન મેં ઇતને ભૂકંપ આતે હૈં! પરંતુ પ્રભુવર! હમારે લિયે કોઇ ઐસા ભૂકંપ ક્યોં નહીં આતા, કિ હમ સબ એકસાથ હી અરબ–ઉપસાગર યા બંગાલ કી ખાડી મેં ડૂબ મરતે? ઇસ જીવન સે મૃત્યુ ક્યા સહસ્ત્ર-વાર વરણીય નહીં? યહ તિલ–તિલ કર કે જલના, તપેદિક કે બિમાર કી તરહ રોજ ઘુલ–ઘુલ કર મરના, યહ પ્રતિદિન એક કે બાદ દૂસરી વિપત્તિ ઉઠાતે રહના ક્યા કોઇ સુખ કા જીવન હૈ?

આઓ, પ્રભો! એક બાર ફિર આઓ! હે રામ! માતા આદ્ય-શક્તિ કે સાથ એક બાર ફિર ભારત મેં આઓ! હિંદુ–જાતિ કો, હિંદુધર્મ કો ઇસ પ્રકાર ડૂબનેસે બચાઓ! હિંદુ હી હિંદુ-ધર્મ ઔર હિંદુ–જાતિ કો ડૂબા રહે હૈ! ધર્મ–કર્મ કા લોપ હોતા જાતા હૈ! અધર્મ બઢતા જાતા હૈ. રહ ગયી હૈ કેવળ સૂખી શાન ઔર મુહમેં રામ બગલ મેં છૂરી! પરંતુ નાથ! ક્યા સચમુચ તુમ કભી આઓગે? તુમ બડે હી નિષ્ઠુર ન્યાયકર્તા, વિકટ વિચારક હો! તુમને “ઝુઠે હી કલંક સુની સીતાસી સતી ત્યાગી, હમ સાચે હૂં કલંકિનકો કૈસે અપનાઓગે?”

પરંતુ રમાનાથ! સચમુચ તુમ્હારે ચરિત્ર બડે હી વિચિત્ર હૈ! હમ ક્ષુદ્ર માનવ ઉન્હે કૈસે સમઝ સકતે હૈ? કૌન જાનતા હૈ હમારે સામને જો વિકટ વર્તમાન મુંહ ફૈલાયે નજર આ રહા હૈ, ઉસકે

ભીતર તુમ્હારી કૌનસી મહતી લીલા છિપી હુઇ હૈ ? ઈસ જગત મેં જો કુછ હો રહા હૈ, જો કુછ હો ચૂકા હૈ ઔર આગે જો કુછ હોનેવાલા હૈ, વહ સબ તો તુમ્હારી હી લીલાઓં કે ભિન્નભિન્ન રૂપ હૈ! હમ ઈસી સત્ય કો ભૂલ ગયે હૈ, ઇસી સે તો હમ જો નીચે ગિરે હૈ, સો ઉપર ઉઠને કા નામ તક નહીં લેતે! યદિ હમ યહ જાન લેં, કિ હમેં ઇસ અવસ્થા મેં પટકકર તુમ્હીં હમેં ઇસ બાત કી શિક્ષા દે રહે હો, કિ ગિરકર ઉઠ ખડે હોના હી સચ્ચી મનુષ્યતા હૈ, તો ફિર હમારે ઉઠતે દેર ન લગે! પરંતુ હમારે પાપોં ને હમારી મનો-વૃત્તિ પર, હમારે જ્ઞાનપર, હમારે વિવેકપર, હમારી બુદ્ધિપર, તમ કા વહ પરદા ડાલ દિયા હૈ, કિ હે અનંત! હમ ઇસ અનંત બ્રહ્માંડ મેં સર્વત્ર તુમ્હારા હી અનંત રૂપ કો વિદ્યમાન નહીં દેખતે! યદિ દેખતે, તો પ્રહ્‌લાદ કી તરહ હમ ભી અપને મેં, પરાયે મેં, ખડ્‌ગ મેં, ખંભ મેં, પૃથ્વી મેં, આકાશ મેં, મિત્ર મેં, શત્રુ મેં, સ્વજાતિ મેં, વિજાતિ મેં, બ્રાહ્મણ મેં, શૂદ્ર મેં, પતિત મેં, પુણ્યા-ત્મા મેં, ધર્મ મેં, અધર્મ મેં-સર્વત્ર, સબ સમય, તુમ્હારી હી વ્યાપક રૂપ દેખ પાતે.

કૌનસી સાધના કરને સે હે રામ! હમ ભી તુલસીદાસ કી તરહ ભાંગ સે તુલસી હો સકતે હૈ, યહ બતલાઓ! પ્રભો! તુમ્હારે બિના હમારે ઉદ્ધાર કા ઔર કૌનસા પંથ હૈ? જ્ઞાન કા અંજન હમારી આંખોં મેં દેકર હમારી દૃષ્ટિ કી સારી મલિનતા દૂર કર દો. હે સીતાપતે! જિસમેં હમ માતા કે અતુલનીય સ્નેહ-સાગર મેં, પિતા કે અનુપમ વાત્સલ્ય મેં, ભ્રાતા કે નિષ્કપટ બંધુત્વ મેં, સખા-ઓં કે સુખદ સખ્ય-ભાવ મેં, સ્વજાતિ મેં, અભિમાન મેં, સ્વધર્મ કે ગર્વ મેં તુમ્હારા હી મંગલમય રૂપ દેખેં ઔર અખિલ વિશ્વપર અપને હૃદય કા સમસ્ત પ્રેમ ડાલ કર સબ કો અપના સગા સમઝના સીખ જાયેં. હમ મેં વહી ભાવના ભર દો, ભગવન્! જિસ સે હમ ઉસી તરહ અપને પરમ શત્રુવેં ઉપર ભી દયા કરેં ઔર

કુછ ઉસી આંતરિકતા કે સાથ ઉસ કે નિધનપર અશ્રુ-વિસર્જન કરે; જૈસી સહૃદયતા કે સાથ અપને પરમ વૈરી આતતાયી રાવન કે રણુ-શય્યાપર અનંત શયન કરતે દેખ તુમ્હારી આંખેં ભર આયી થી! હમેં ઐસા કઠોર બના દો, દયામય! કિ તુમ્હારી હી તરહ હમ ભી જગત-ભર કે કષ્ટોં કા પર્વત સિરપર ઉઠાયે હુએ કર્તવ્ય કે પથ સે પગભર ભી ઇધર-ઉધર ન હોં! ઉસકે લિયે હમ રાજ્ય ત્યાગ દેં, પ્રાણુ દે દેં, પ્રાણુપ્યારી કો ભી આંખોં કી આંટ કર દેં! ધર્મકા પાલન કરને કે પથ મેં કોઇ બાધા હમેં રોક ન પાયે-અવિરામ ગતિ સે હમ નિરંતર આગે હી બઢતે ચલે જાયેં!

રામ! હમ ચાહે લાખ ગિર ગયે હૈ, પરંતુ તુમ્હેં અભીતક નહીં ભૂલે! જન્મ લેકર મરણુ પર્યંત હમ તુમ્હેં નહીં ભૂલતે. પ્રતિદિન, પ્રતિક્ષણુ કિતને બહાનેસે હમ સેંકડો બાર તુમ્હારા નામ લેકર અપને હૃદયમેં હર્ષ, શોક, ઘૃણા, નિર્વેદ, કરુણા આદિ ભાવ વ્યક્ત કરતે હૈ! મરને પર "રામનામ સત્ય હૈ" કી ધ્વનિ કે સાથ હી હમારી જીવન-લીલા કા અંત હોતા હૈ! ઉસી દિન સબસે અધિક પ્રખરતા કે સાથ હમેં યહ વિદિત હોતા હૈ, કિ ઇસ સંસાર મેં રામ-નામ હી સત્ય હૈ ઔર સબ કુછ મિથ્યા હૈ! ઉસી દિન હમ ઇસ સત્ય કી ઉપલબ્ધિ કરતે હૈં, કિ તુમ્હીં ઇસ જગત કી સૃષ્ટિ, સ્થિતિ ઔર સંહાર કે કારણુ હો! તુમ્હીં માતા હો, તુમ્હીં પિતા હો, તુમ્હીં ભ્રાતા હો, તુમ્હીં બંધુ હો, તુમ્હીં સ્વામી હો, તુમ્હીં સેવક હો! માતાપિતા હો કર તુમ્હીં સંતાન કે ઉપર સ્નેહકા સુધા-કલશ ઢાલતે હો ઔર સંતાન બનકર તુમ્હીં ઉસ સ્નેહ-વાત્સલ્ય કા ઉપભોગ કરતે હો, પ્રભુ હોકર તુમ્હીં દાસપર શાસન કરતે હો ઔર દાસ બનકર તુમ્હીં પ્રભુ કી સેવા મેં અપના અસ્તિત્વતક ભૂલ જાતે હો. તુમ્હીં ધની હોકર દાન દેતે ઔર યાચક બનકર ભિક્ષા-પાત્ર ફૈલાતે હો, તુમ્હીં નાયક-નાયિકા કે પ્રાણોં કે અંદર બૈઠકર ઉનસે પ્રેમ-લીલા કા સરસ અભિનય કરાતે હો, તુમ્હીં સકલ ધર્મોં કે

કર્તા, સકલ ધર્મોં કે ધાતા, સબ વિધિયોં કે વિધાતા ઔર નિખિલ વિશ્વ કે નિર્માતા હો.

હે રામ ! હમારે બડે ભાગ્ય થે, જો તુમને હમારે દેશ મેં, હમારે સજાતીય ઔર સહધર્મી બનકર જન્મ ગ્રહણ કિયા, ઔર હમેં હી ક્યા, સારે સંસાર કો અપને આદર્શ દિખા ગયે, ઉન આદર્શોં કો હમ ભૂલ ગયે, ઇસી લિયે હમ આજ ક્ષુદ્ર હૈ, ક્ષુદ્રાદપિ ક્ષુદ્રતર હૈં, મિટ્ટી કે ઢેલે સે ભી તુચ્છ એવં અપદાર્થ હૈ; પર જિસ દિન હમ અપને આપકો પહચાનકર ફિર ઉઠ ખડે હોંગે, ઉસી દિન હમારે યહાં ફિર દશરથ હોંગે, કૌસલ્યા હોંગી, અયોધ્યા હોંગી, ભરત હોંગે, લક્ષ્મણ હોંગે, સતીશિરોમણિ સીતા હોંગી ઔર હોંગે રણ-દુર્મદ રાવણ કે અત્યાચાર સે દબી હુઇ પૃથ્વી કા ભાર હટાનેવાલે અશરણશરણ, અઘ-હરણ, તરણ-તારણ, વિઘ્ન-વિદારણ, જાનકી--રમણ ભગવાન રામચંદ્ર.

શ્રી રામચંદ્ર કી જય!

("હિંદુપંચ"ના અંકમાંથી)

૬૧-रामनवमी

(લેખકઃ-શ્રીયુત કુમાર ગંગાનંદસિંહજી)

આજ કા દિન હમેં શ્રીરામચંદ્રજી કી શક્તિ કી ઉપાસના કરને કા સ્મરણ કરાતા હૈ. અત્યાચાર શમન કરને કે લિયે યદિ હિંદુઓં કે આદર્શ રામચંદ્રજી કો શક્તિ કી ઉપાસના કરને કી આવશ્યકતા પ્રતીત હુઇ, તો ન માલૂમ આજ નિર્બલ-નિરીહ હિંદુઓં કો શક્તિ કી ઉપાસના કરને કી કિતની અધિક આવશ્યકતા હૈ. હમારે જીવન કે પ્રત્યેક શ્વાસપ્રશ્વાસ સે અધિકાધિક સ્પષ્ટ હોતા જાતા હૈ, કિ પ્રત્યેક પલ હમારી શક્તિ કા કેવલ હ્રાસ હી નહીં હો રહા હૈ, વરન હમારી શક્તિ-સંચય કરને કી ક્ષમતા ભી નષ્ટ હોતી જા રહી

હૈ. યહી કારણ હૈ, કિ હમ હિંદુ-સંગઠન કે વિષયમેં ઇતની મતવિભિન્નતા પાતે હૈ ઔર ઉદાસીનતા હમ પર અધિકાર જમાયે હુઇ હૈ.

બહુધા દેખા જાતા હૈ, કિ જહાં કહીં હિંદુ સભા સ્થાપિત હુઈ ઔર કાર્યકર્ત્તા ચુને ગયે, કિ અવશિષ્ટ વ્યક્તિ સમઝતે હૈ, કિ યહી ઉનકે ઉત્સાહ કી પરાકાષ્ઠા હૈ. કાર્યકર્ત્તા યા તો અપની પદ-પ્રાપ્તિ સે હી સંતુષ્ટ હો જાતે હૈ યા અવશિષ્ટ જનતા કે નિરુત્સાહ ઔર નિરુદ્યમ કો દેખકર કિંકર્તવ્ય-વિમૂઢ હો, ચુપચાપ બૈઠ રહતે હૈ. કહનેકા તાત્પર્ય યહ હૈ, કિ કભી કાર્યકર્ત્તાઓં કી અકર્મણ્યતા કે કારણ ઔર કભી જનતા કી અકર્મણ્યતા કે કારણ હમ અપને લક્ષ્ય કા સાધન નહીં કર પાતે. મૈં માનતા હું, કિ કાર્યકર્ત્તા કે સિરપર બડી ભારી જિમ્મેદારી હૈ. વહ આન્દોલનરૂપી રથ કા સારથિ હૈ; પર જિસ પ્રકાર રથ કે અંગ યદિ સુદૃઢ ન હોં, તો ચતુર-સે ચતુર સારથિ ભી ઉસે દક્ષતાપૂર્વક નહીં લે જા સકતા, વૈસે હી કુશળ કાર્યકર્ત્તા ભી જનતા કે વાસ્તવિક સહયોગ કે વિના આંદોલન કો ખડા નહીં રખ સકતા.

આજ હિંદુજનસમુદાય કે અતિરિક્ત હિંદુજાતિ કે હાથ મેં કોઈ શક્તિ નહીં હૈ. યહ ભલી ભાંતિ જાનતે હુએ ભી યદિ વિભિન્નતાઓં કો એકતા મેં વિલીન કરને કા કોઇ હાર્દિક પ્રયત્ન હમ ન દેખેં, તો ઇસ કે સિવા ક્યા કહના પડેગા, કિ હમમેં યથેષ્ટ ક્ષમતા નહીં હૈં, કિ હમ અપને વિખરે હુએ અંગોં કો ઇકટ્ઠે કરેં!

દો બાતેં તો હમારે સામને પ્રાયઃ પ્રત્યક્ષ હૈઃ—

(૧) હિંદુસંગઠન કિસી અન્ય આન્દોલનપર અવલમ્બિત નહીં હૈ. ચાહે કોઈ આન્દોલન ચલે યા ન ચલે, ચાહે અવસ્થા કિતની હી ક્યોં ન બદલ જાય! જબતક હિંદુ-સભ્યતા, હિંદુ-આદર્શ તથા હિંદુ-ઉત્કર્ષ કી રક્ષા કરને કી આવશ્યકતા હૈ, તબતક હિંદુ-સંગઠન કે આન્દોલન કી આવશ્યકતા ભી નિર્વિવાદ હૈ.

(૨) હિંદુ–જાતિ કો અપને આપ બલ ઉપાર્જન કરના હૈ. ઉસ કા ઐસા સોચના વૃથા હૈ કિ વહ કીસી દૂસરી જાતિ કે અસહયોગ યા સહાનુભૂતિ સે કુછ પાયેગી. યદિ ઉસકે અપને પૌરુષ સે, અપને ઉદ્યમ સે, અપને અધ્યવસાય સે કુછ લાભ નહીં હુઆ, તો વહ નિશ્ચય જાને કિ ઉસે કિસી દૂસરે કા મુંહ તાકને સે કુછ લાભ હોને કા નહીં.

સારા સંસાર અપની જાતિ, અપને દેશ ઔર અપને ધર્મ કી ઉત્કૃષ્ટતા જગત મેં સ્થાપિત કરને કે લિયે છટપટા રહા હૈ. હમ ઉન જાતિયોં કી પ્રતિદ્વન્દ્વિતા દેખ રહે હૈં. ઐસે સમય મેં જબ હિંદુજાતિકો અપની વિભિન્નતા બનાયે રખનેકી હી લગન લગી હુઈ હૈ, તબ હમ ઇસસે કયા નિષ્કર્ષ નિકાલે?

ભારતવર્ષ મેં આજ દો વાતોંપર વિશેષ જોર દિયા જા રહા હૈ. એક તો "હિંદુ ઔર મુસલમાનોં કે બીચ એકતા" ઔર દુસરી "સ્વરાજ્ય;" પર જબતક હિંદુઓંકી આવાજ એક નહીં હોંગી, ઉનકી ક્રિયા એક મનસે નહીં કી જાયેગી, તબતક મુસલમાનોંસે સમઝુતા કરેંગા તો કૌન ઔર સ્વરાજ્ય મિલેગા તો કિસે?

હિંદુ–જાતિ આજ કે દિન કા મહત્ત્વ સમઝે, શક્તિ કી ઉપાસના કરે, ઉસે અપની રક્ષા આપ કરની હૈં. શક્તિસંચય કરને કે વિષમ મેં ઉદાસીનતા દિખાના માનોં અપને આપહી આત્મઘાત કરના હૈ. શક્તિ–સંચય કર લેને પર હી હમ 'રામરાજ્ય' સ્થાપિત કર સકતે હૈં. હિંદુ–જાતિ નિરીહતા છોડે, અવિશ્વાસ છોડે, હિંદુસભા કે કાર્યકર્તા નિરુત્સાહ ઔર નિરુદ્યમ કે વશીભૂત ન હો, તભી ભગવાન હમારા સહાયક હોગા ઔર હમ અપને લક્ષ્યકી પૂર્તિ કરેંગે.

("હિંદુપંચ"ના અંકમાંથી)

७०–श्रीरामचंद्र

(લેખકઃ–શ્રી. બાબુ કેશવચંદ્ર ગુપ્ત)

ચૈત્ર કી શુભ રામનવમી ! આજ કે દિન દીન ભારત, રઘુકુલ કે ચંદ્ર શ્રીરામચંદ્રકી પુણ્ય–સ્મૃતિ બહાનેકો અપને સ્મૃતિ–ભાંડારકી એક શ્રેષ્ઠ સમ્પત્તિ લેકર, ઐશ્વર્ય કે મદ મેં અપની હીનતા, હીનતા ઔર જડતા કી અનુભૂતિ સે ભી પરે હો ગયા હૈ. હો ભલા ક્યોં નહીં ? પ્રાચીન ઔર નવીન કે મધ્યમેં ભાવ કા એક સ્રોત તો નિરંતર બહતા હી રહતા હૈ. જિસ પ્રકાર કિસી વ્યક્તિ કે સમસ્ત જીવન કે ભિન્ન ભિન્ન સ્તર, ભિન્ન ભિન્ન યુગોં કી ભાવના ઔર કલ્પના, ધ્યાન ઔર ધારણા તથા કૃતકર્મો કે કર્તૃત્વ કે અભિમાન કે ઉપર હી ઉસકા વ્યક્તિત્વ પ્રતિષ્ઠિત હૈ. વૈસેહી જાતીયતા કે અંતઃસ્રોત કી વિશિષ્ટતાકી અનુભૂતિકા મૂલ ભી ભિન્ન ભિન્ન યુગોંમેં અપને સંઘ કે કર્તૃત્વ કા અભિમાન હી હૈ. અનેક સામાજિક અનુષ્ઠાન આંશિક ભાવ સે દેખનેપર તબતક વિચારાનુમોદિત નહીં માલૂમ પડતે, જબતક ઉન્હેં પૂર્ણ સમાજ કે અંગસ્વરૂપ માનકર ઉનપર વિચાર નહીં કિયા જાતા. શ્રીરામચંદ્ર કા વનવાસ, લક્ષ્મણ કા ત્યાગ આદિ અનેક ઐસી ઘટનાઓં કા ઇસ ક્ષત્રિય–અવતાર કે જીવન કે સાથ ઘનિષ્ટ સંબંધ હૈ, કિ ઉન્હેં સમઝનેકે લિયે અહિંદુઓં કો બડી કઠિનાઇકા સામના કરના પડતા હૈ; પરંતુ આર્યજાતિકે સમસ્ત સંસાર કે અંતસ્તલ–નિહિત આદર્શ કી દૃષ્ટિ સે દેખને પર ઇસમેં તનિક ભી સંદેહ નહીં રહ જાતા, કિ શ્રીરામચંદ્ર કે સમાન આદર્શ મહાપુરુષ કા શરીર ધારણ કર ભગવાનને જો લોકશિક્ષા પ્રદાન કી હૈ વહ બડી હી અમૂલ્ય હૈ.

ભગવાન કે દસોં અવતારોં મેં શ્રીરામચંદ્ર કર્મ કે અવતાર હૈ. વે ક્ષત્રિય થે ઔર કર્મ હી ક્ષાત્ર–ધર્મ કા બીજ હૈ. શોકપર શોક

આકર ઇસ રાજપુત્ર કે પૈરાંપર પછાડ ખા–ખાકર ગિર પડે ઔર ચૂરચૂર હો ગયે—કમલ કે પત્તે પર પડે હુએ જલ–બિંદુ કી તરહ અના·કુત, અસંલગ્ન ઔર વિજિત હો ગયે ! કિસી પ્રકારકા શોક ઉનકો અભિભૂત કર અકર્મણ્ય નહીં બના સકા. યહ થા સહિષ્ણુતા, ક્ષત્રિય–તેજ, નિષ્કામ–કર્મ અથવા શમ–દમ–તિતિક્ષા સે પુષ્ટ હુઆ વિક્રમ. ધર્મ કે ઉપર પ્રતિષ્ઠિત કર્તવ્ય કી સાધના કા અભાવ હી શાયદ ધર્મ કી ગ્લાનિ હૈ. યહી વાત ઉસ સમય હુઇ થી, ઇસી લિયે નારાયણ ને અપને કો શ્રીરામચંદ્ર કે રૂપ મેં પ્રકટ કિયા થા. સીતા લક્ષ્મી હૈ, સ્વર્ગ કી સમ્પદ્ હૈ–જાનકી કો પાને કે લિયે ઇસ ક્ષત્રિયવીર કો શિવ–ધનુભંગ–રૂપી શિવશક્તિ કી પરીક્ષા દેની પડી થી; પરંતુ ઇસી દુર્લભ નારી–રત્ન કો જિસને વનવાસ દે દિયા, વહ ઔર ભી ઊંચી શક્તિ થી–નિર્લોભિતા, દેવ–દુર્લભ સંયમ ઔર સત્ય કે ચરણોંપર આત્મ–બલિદાન! આસુરી વિક્રમ કે આદર્શ રાવણને ઉસી સીતા કો હરણ કર લિયા. પ્રભુ ને પુનઃ અપને ક્ષત્રિય વિક્રમ કી પરીક્ષા દી–ધર્મ કે સામને અધર્મ પરાજિત, વિધ્વસ્ત ઔર લજ્જિત હુઆ. ફિર ઇસ સીતા કા ઉદ્ધાર લાભ કે લિયે નહીં, કર્તવ્યપાલન કે લિયે કિયા ગયા. ફિર ઉસી રત્ન કો ક્ષત્રિય–રાજ કે ઉચ્ચ કર્તવ્ય કે આદર્શ કી રક્ષા કરને કે લિયે વનવાસ કરને કો ભેજ દિયા ગયા. પ્રજાનુરંજન કે ઉચ્ચ આદર્શ કે લિયે–મૂર્ખ ઔર મિથ્યા સંદેહ મેં પડકર અપની બુદ્ધિ ઔર જ્ઞાન કો ખો દેનેવાલી પ્રજા કી પ્રીતિ કે લિયે–ઇસ નિષ્કામકર્મવીર નરપતિ કી આજ્ઞા સે ઉસ રમણી–રત્ન કો વનવાસિની બનના પડા. 'રામ' યહ શબ્દ મુંહ સે નિકલતે હી હમ એક આદર્શ કર્તવ્ય-બુદ્ધિ ઔર પ્રગાઢ સંયમમૂલક નીતિજ્ઞાન કે માની સમઝતે હૈં. નવીન જગત મેં ભી અઠારહવી શતાબ્દી મૈં ઐસી હી એક સમસ્યા ઉઠ ખડી હુઈ થી. રાજ–પત્ની મેરી ઍન્ટની કો મૂર્ખ ઔર પ્રતિહિંસાપરાયણ પ્રજા કે હાથોં સિર કટવાના પડા થા. આધુનિક

રૂસ કે ઇતિહાસ મેં ભી ઐસા હી હુઆ. ઇસી લિયે "ડિપ્લોમેસી" (કૂટ-નીતિ) કે હિસાબ સે ભી રામબુદ્ધિ બડે ઉંચે દર્જે કી રાજ-નીતિ હૈ. પ્રજા કે વિદ્રોહી હો જાનેપર તો મહારાની કો ખો હી દેના પડતા. મૈં યહ નહીં કહતા, કિ સીતા કે વનવાસ કે મૂલ મેં ભય થા; પરંતુ મેરે કહને કા મતલબ યહ હૈ, કિ યદિ રાજનીતિ કે હિસાબ સે ભી દેખા જાયે, તો ઇસ કાર્ય સે ઉચ્ચ શ્રેણી કી નીતિ કા પરિચય પ્રાપ્ત હોતા હૈ.

હિંદુઓં કે સમસ્ત અનુષ્ઠાનોં કા આદર્શ પૃથ્વી કે અમૂલ્ય પુરાણ 'રામાયણ' મેં હૈ. જિન સબ નીતિયોં કે અનુશાસન કો વિધિબદ્ધ કરને કે લિયે વર્ત્તમાન સારા જગત ભાવરાજ્ય મેં ચક્કર કાટ રહા હૈ, ઉન્હીં સબ નીતિયોં સે ભરે હુએ કાર્યોં કે દષ્ટાંત શ્રીરામચંદ્ર ઔર રઘુવંશ કે ઇતિહાસ મેં ભરે પડે હૈ. કૌલિક ધર્મ યા ચર્ય કે સાથ રાષ્ટ્ર કા કિસ પ્રકાર સમાધાન હો સકતા હૈ? ઉસકી મીમાંસા રામાયણ મેં હૈ. વસિષ્ઠજી ઔર વિશ્વામિત્રજી નૈતિક ઔર ધાર્મિક ભાવો કે નમૂને હૈ. વહ શક્તિ રાજશક્તિ કી તલવાર ઔર કર્મકે ઉપર નિર્ભર કરતી હૈ-ક્રિયાકાંડ કે પ્રવર્તન કે લિયે, અન્યાય કો શક્તિ કે દ્વારા દમન કરતે સમય. પરંતુ રાજશક્તિ કા નીતિજ્ઞાન ન્યાયવિચાર કે લિયે ધાર્મિક આદર્શ કે સામને હી ઘૂંટને ટેકતા હૈ. તાડકા-રૂપિણી અધર્મ-મૂર્ત્તિ કે વિનાશ કરને કી માન-સિક વૃત્તિ તો બ્રાહ્મણ કી થી; પરંતુ ભુજાએં ક્ષત્રિય કી થી. અહ-લ્યા કે સ્થવિરતા-રૂપ ઇકટ્ઠે હુએ પાપોં કા અંત કરને કી ચેષ્ટા ઔર સંધાન તો બ્રાહ્મણ કા થા, પરંતુ ઉસ પ્રસ્તરીભૂત અન્યાય કા અંત કિયા ક્ષત્રિય અવતાર કે ચરણોં કે સ્પર્શને!

અસ્પૃશ્યતા કે જિસ અજ્ઞાનાંધકાર મેં આજ હિંદુ-સંસાર ડૂબા હુઆ હૈ, રઘુકુળમણિ શ્રીરામચંદ્ર કી તેજોમયી દીપ્તિ ઉસકે લિયે રોશની કા કામ કર સકતી હૈ. ગુહ ચાંડાલ થા; પરંતુ પૂર્ણ-બ્રહ્મ રામ ઉસકે મિત્ર થે, શૂદ્ર કા દાસત્વધર્મ ઉસકો ઘૃણા કા પાત્ર

નહીં બનાતા–બડા બનાતા હૈ. પૂજનીય બનાતા હૈ–ઇસ નીતિ કે નિદર્શન શ્રી હનૂમાનજી હૈ. યે દાસ થે, સેવક થે; પરંતુ ઉસી અટલ ભક્તિને હનૂમાનજી કો ઐસા બના દિયા, કિ બ્રાહ્મણ ભી ઉન્હેં પ્રણામ કરતે હૈ. ફિર દ્વાપર મેં ગોકુલચંદ્ર શ્રીકૃષ્ણ ને વિદુર કે ઘર જા, રૂખે સાગ–પાત ખાકર, ઇસી નીતિ કા પ્રચાર કિયા થા, ઇસી ભક્તિ ને વિભીષણ કો વરેણ્ય બના ડાલા હૈ, વિભીષણ કે દાંત લંકા કે સિંહાસનપર ગડે હુએ થે, વહ સ્વજાતિ–દ્રોહી, બંધુ–વિરોધી થા. ભ્રાતૃવત્સલ શ્રીરામચંદ્ર ને ક્યોં ઇસ રાક્ષસ કો અપના અનુચર બનાયા થા, યહ સોચકર બહુતસે લોગ અચંભે મેં પડ જાતે હૈં; પરંતુ ઇસકા કારણ અસલ મેં યહ થા, કિ વિભીષણ પ્રભુ કે એકાંત ભક્ત થે. ઐસી અચલા ભક્તિ કો તુચ્છ સમઝને સે ભક્તિ કી જો હૃદય કો બાંધનેવાલી શક્તિ હૈ, ઉસકા અપમાન કરના હોતા, ઇસીસે રઘુકુલમણિ ને વિભીષણ કો અપને શિબિર મેં સ્થાન દિયા થા. વિભીષણ અનાર્ય રાક્ષસ થે. આર્યોં કે વિધિનિયમ કી તરાજૂ-પર વિભીષણ કો તૌલને સે તો ન્યાય કી મર્યાદા અક્ષુણ્ણ નહીં રહતી. વ્યાઘ્ર યા સર્પ કા વિચાર મનુષ્ય કે નીતિશાસ્ત્ર કે અનુ-સાર કરના, વ્યાઘ્ર યા સર્પ કે ઉપર ઘોર અવિચાર કરના હૈં. રાક્ષસ સ્વભાવતઃ ક્રૂર, અત્યાચારી, માયાવી થા–ઉસકી અભિવ્યક્તિ મેં ક્રમશઃ ભક્તિ ઔર મહત્ કી સેવા આ પડી; અત્યાચાર કે વિરોધ મેં ઉઠનેવાલી તરવાર ને રાક્ષસ કો અભિવ્યક્તિ કે ઊંચે સ્તરપર પહૂંચા દિયા થા. ઉસી માપ–દંડ સે માપને સે સમઝ મેં આ સકતા હૈ, કિ ક્યોં વિભીષણ કે ચરિત્ર કે મહત્ત્વ, ઉદારતા ઔર ઐકાંતિક ભક્તિ ને ઉસકો હનૂમાન આદિ ઊંચે દર્જે કે ભક્તોં કી શ્રેણી મેં પહુંચા દિયા થા?

આસુરી સંપત્ ઔર સાત્વિક સંપત્ કા પાર્થક્ય રામાયણ મેં હી ચિત્રિત કર કે દિખલાયા ગયા હૈ. અયોધ્યા ઔર સોને કી લંકા ઇસ તુલના કે દૃષ્ટાંત હૈ. અન્ય દૃષ્ટાંત રાજકુમાર રામ–લક્ષ્મણ ઔર

ઇન્દ્રજિત આદિ રાજકુમાર હૈ. વીરત્વમેં ઇન્દ્રજિત આર્ય–રાજકુમારો કે સમકક્ષ થા, પરંતુ ક્ષમતા કા અંત યહીં હો જાતા હૈ. શેષ જો કુછ હૈ, વહ પ્રકૃતિ કી વિભિન્નતા કા નિદર્શન હૈ.

પ્રાચીન ભારત કા સમાજ–રૂપી મહલ પારિવારિક જીવન કી ઘનિષ્ઠતા કે હી ઉપર પ્રતિષ્ઠિત થા. વહ પ્રાચીન જગત કા હી વિશેષત્વ થા. સંઘબદ્ધતા કી ભિત્તિ ગોત્ર મેં થી. પહલે–પહલ યૂરોપ ને હી ઇસિમેં ગડબડ ગોટાલા કિયા હૈ. વહાં કે સ્ત્રી–પુરુષ આજકલ અપની મનોવૃત્તિ કે ઉપર સંઘ કી સ્થાપના કરતે હૈં–વહાં સભી સ્વતંત્ર હૈં, કોઇ કિસી કે સાથ બંધા હુઆ નહીં હૈ. સબ અપની અપની રુચિ ઔર વાસના કે હી બંધન મેં બંધે હુએ હૈં. વંશ કી ધારા વંશ કે નામ કે સાથ હી પર્યવસિત હો જાતી હૈ. મનુષ્ય ચાહેં તો ઉસકો ભી બદલ દેં. ઇંગ્લૈંડ મેં પિતા કી સ્થાવર સંપત્તિ કા ઉત્તરાધિકારી કેવલ ઉસકા બડા બેટા હી હોતા હૈ. વિવાહ કે નિયમોં મેં સપિંડ, સગોત્ર, સમાલોચક આદિ કે ઝગડે–ઝંઝટ નહીં હૈ. ભાઈ–બહન મેં બ્યાહ નહીં હોતા ઔર લોગ યદિ બુઆ યા માસી કે સાથ બ્યાહ કર લેં, તો ઉનકી સંતાન જારજ માની જાયેંગી; પરંતુ આર્યાવર્ત કે ઇસ ટૂટે–ફૂટે સમાજ મેં ભી સપિંડ ઔર સગોત્ર કા ખ્યાલ હટા દેના બડી મુશ્કિલ બાત હૈ. સબ ભાઇયોં કો ઇકટ્ઠે એક પરિવાર મેં રહના પડતા હૈ, ઇસ યૌથ-પરિવાર કા રહસ્ય સમઝ લેને સે હી રામ, લક્ષ્મણ, ભરત ઔર શત્રુઘ્ન કે સ્નેહ કી શિક્ષા સમઝ મેં આ જાતી હૈ. તભી સમઝ મેં આતા હૈ, કિ ક્યોં યુવક ભરત ને એક ઇતને બડે રાજ્ય કો અકસ્માત્ હાથ મેં પાકર ભી વન મેં ખદેડે હુએ અપને સૌતેલે ભાઇ કી ખડાઉં સિંહાસન પર રખ દી ઔર આજકલ કી નીતિ કે અનુસાર અપને કો પૂરા મૂર્ખ પ્રમાણિત કર દિયા. ઇસ ભ્રાતૃપ્રેમ કે મહત્ત્વ ઔર ઉદારતા કો વહી ભલી ભાંતિ સમઝ સકતા હૈ, જિસને પારિવારિક પ્રેમ કો હી સમાજ કી ભિત્તિ કે રૂપ મેં દેખના સીખા

હૈ. યહ અનુષ્ઠાન હિંદુ-સમાજ કે મૂલ મેં હૈ-ઇસી લિયે જિસ ગ્રંથ ને ઇસ અનુષ્ઠાન કો ઉચ્ચ સ્થાન પર બિઠા રખા હૈ વહ ગ્રંથ હિંદુ કે લિયે આદર્શ ગ્રંથ હૈ.

ઔર રામાયણ કી મહાલક્ષ્મી જાનકી-ચિરદુઃખિની સતી, ગૃહ-લક્ષ્મી, રાજ્યલક્ષ્મી, વિષ્ણુપ્રિયા, સીતા સતીત્વ કી મુકુટમણિ ઔર કોમલતા કે આવરણ કે ભીતર હિમાલય કી તરહ દઢ હૈ, વે ચિર-વિરહિણી હૈ, તો ભી સદા હી શ્રીરામચંદ્ર કે હૃદય કે પવિત્ર સે ભી પવિત્ર ગુપ્તસ્થલ મેં વે કમલ કે સિંહાસન પર બૈઠી હુઇ હૈ. જાનકી કો ઉસ અમલ-શુભ્ર મન કી જ્યોત્સ્ના કી છટા ને અંધકાર સે મલિન બને હુએ આર્યાવર્ત કો યુગ-યુગાંત સે ઉદ્‌ભાસિત કર રખા હૈ. જનની કા નામ લેતે હી સબસે પહેલે માં જાનકી કી બાત યાદ આંતી હૈ. પૂર્ણબ્રહ્મ કે નામ કે સાથ નામ લેતે હુએ આજ ભી હમ સીતારામ કહતે હૈં-શ્રીરામચંદ્ર કે પવિત્ર નામ કા ઉચ્ચારણ કરને કે પહલે હમ કલ્યાણમયી માતા જાનકી કા પવિત્ર નામ લેતે હૈં. સીતા કે દુઃખ કી કથા સ્મરણ કર જગત કે જીવ કિતના સુખ પાતે હૈં! ક્યોંકિ જગન્માતા કે સામને દુઃખ કો સદા પરાજિત હોના પડા થા.

ઇસ શુભ રામનવમી કે દિન મૈંને સ્વજાતિ ઔર સ્વદેશ કી મંગલ કામના સે પ્રેરિત હોકર હી ઉસ રઘુવંશ કી કથા કી આલોચના કરને કા દુસ્સાહસ કિયા હૈ, જિસ રઘુવંશ કી કથા કહતે સમય અમર કવિ કાલિદાસ ને હતાશ ભાવ સે કહા થાઃ—

क्व सूर्यप्रभवोः वंशः क्व चाल्पविषया मतिः ।
तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥

ઉન્હીં રઘુકુલમણિ કે શ્રીચરણોં મેં પ્રણામ કર મૈં પ્રાર્થના કરતા હું, કિ ઉનકા આદર્શ ફિર ભારત મેં દિખાઇ દેને લગે, ઇન ધર્મગ્લાનિ કે દિનોં મે વે ફિર સભી કે હૃદય મેં ઉતર આયેં ઔર અપને અમોઘ બાણોં સે જડતા, અજ્ઞતા, હિંસા, લોભ ઔર ભીરુતા-રૂપી રાક્ષસોં કા વધ કર ડાલેં. ("હિંદુપંચ"ના એક અંકમાંથી)

७१–श्रीरामचंद्रजी का अहिंसावाद

(લેખકઃ–શ્રી. પં. બદરીનાથ ભટ્ટ બી. એ.)

કરી તેમાંથી પાંચસાતને પોતાની સાથે તેડતા ગયા. ત્યાં તેમને સામી બાજુથી ત્રણ પઠાણ રોકેલા જોવામાં આવ્યા. જેમને એમણે પોતાનો નિશ્ચય જાહેર કરી દીધો કે, મોલવીએ આમાં હાથ ઘાલ્યો નથી. આમ પઠાણોને સમજાવ્યા તેથી પઠાણો નરમ પડી ગયા.

થોડીવારે પેલો ભલો મુસલમાન નીચે આવ્યો અને કહ્યું કે, તે પૂરેપૂરું માનતો નથી, પણ કંઇ નરમ પડ્યો છે. હવે તમને ગમે તેમ કરો. આ પરથી આ ભૈયાઓએ એક વિકટોરિયા બોલાવીને બાઇના તે લાગતાવળગતામાંથી બે જણ સાથે આઠ ભૈયા ઉપર ચઢી ગયા. બાઇની સાથે વાતો કરવાની હુજ્જત કીધી. બાઇની સાથે વાતો થઇ. બાઇએ પોતાની પાપભરી ગફલત પર પુષ્કળ રોઇને તેમની સાથે આવવા કાલાવાલા કર્યા. બાઇને એક ધોતી આપવામાં આવી. બાઇએ ધોતી પહેરી લીધી ને ચોરણી પહેરાવવામાં આવી હતી તે ફેંકી દીધી. પગમાં ચાંદીનો કોઈ મુસલમાની દાગીનો હતો તે પણ ઉતારી નાખ્યો અને ભૈયાઓ સાથે આવવા ઓરડીની બહાર નીકળી. ખટપટ રકઝક ઘણી થઇ, પણ બાઇ નીચે આવી ગાડીમાં તેમની સાથે બેઠી. બે ભૈયા ગાડીમાં બેઠા, એક ઉપર બેઠો; બાકીના પગે ચાલતા આગળ વધ્યા; પણ મામલો ઠીક ન ભાળી રસ્તામાં આવતાં એક ભૈયાના ઘરમાં ઊતરી પડ્યા. ચાર કલાક બાદ મામલો સહિસલામત દેખાતાં તેઓ બાઇને લઇ રેલવેદ્વારા સાંજે સાત વાગે માટુંગે આવી પહોંચ્યા અને આ બાઇનો ઉદ્ધાર કર્યો.

બાઈની કરવામાં આવેલ શુદ્ધિ

આ બાઈ અહીં એક ભૈયાની વૃદ્ધ માતા સાથે રહે છે અને એની વૈદિકવિધિ અનુસાર શુદ્ધિ કરવામાં આવી છે.

આવી રીતે નાનકડો માટુંગા આર્યસમાજ ધર્મ અને પૂરતી જાતિભક્તિસહિત પરાક્રમભરી રીતે પોતાનો પાઠ ભજવી રહેલ છે.

આ બાઈ મુસલમાનના ઘરમાં ત્રણ રોજ રહી તે દરમિયાન પોતાને હાથે રાંધી ખાતી હતી. જે ઘરમાં બાઇને રાખવામાં આવી

હતી તેમાં હિંદુ લોક પણ રહે છે; પણ જાત્યાભિમાનની જ્યોતિ વગર તેઓ કાંઇ ઉપયોગી થયા હતા નહિ.

આ બાઇને મુસલમાનને સોંપી દેનાર ઘણી અંગ્રેજી ભણેલો ને કલાર્ક તરીકે માસિક રૂા. ૮૦) પગાર મેળવનાર છે.

હિંદુ પ્રજાને અપીલ

મુંબઇમાં આટલી વસ્તી છતાં આવે વખતે ઉપયોગી થઈ પડે તે માટે, તેમનું હજી એક પણ રેસ્કયુ હોમ સ્થપાયું નથી. સેંકડો મંદિરો અને તેમના પૂજારી મહારાજો કે માલિકોનાં ઘરો આવી દયાપાત્ર સ્ત્રીઓ માટે નકામાં છે. પશુઓ માટે પાંજરાપોળો અને પક્ષીઓ માટે કબૂતરખાનાં છે; પણ આવા નિરાધાર ગભરુ માનવો માટે બદમાસોનાં શિકારસ્થાન સિવાય કશું પણ પરિણામ નથી. આ દશા ઘણી ખામીભરી છે. આને માટે મહાન સ્વર્ગસ્થ સ્વામી શ્રદ્ધાનંદજી છેલ્લી ફેરે મલબાર જતાં અહીં પધારેલા ત્યારે તેમણે તુરતમાંજ અહીં રેસ્કયુ હોમ સ્થાપવાની આગ્રહભરી અપીલ કરેલી. વળી છેલ્લી પ્રાંતિક હિંદુપરિષદ થઇ હતી; ત્યારે તે માટે એક ઠરાવ પણ થયેલો. તે બાદ સ્વામીજીના ખૂન પછી તેમના નામથી તે સ્થાપવા અહીં નિર્ણય પણ થયેલો, ફંડની શરૂઆત પણ થયેલી, પણ પૂરતું ઉત્તેજન ન મળવાના કારણે તે હજી સ્થપાયું નથી. આ મુંબઇની હિંદુપ્રજા પર અત્યંત કાળા ડાઘસમાન કલંક છે, તે તેણે કોઈ પ્રકારે સત્વર ધોઈ કાઢવું. આ માટે પૈસાનો વર્ષાદ વરસાવી દેવો જોઇએ અને આ બાઈના પતિએ બતાવી આપેલી હિંદુઓની ધર્મગ્લાનિ, શૂન્યતા, અચેતનતા અને જાતિયઅભિમાન–વિહીનતાની દશા સુધારવા માટે તેણે પૂરતો ઊંડો વિચાર કરવો જોઇએ તથા જાતિધર્મની આવી કમજોરીઓ અને બેવકૂફાઇઓ દૂર કરવા યત્ન કરી રહેનાર ભારતની આર્યસમાજો અને હિંદુસભાઓને તેણે સર્વ પ્રકારે અનુકૂળ અને તન–મન–ધનથી સહાયક થઇ પોતાની દશાને સુધારવી જોઇએ. ઇત્યોમ્ ("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

८०–ओ हिंदु बडेखांओ! वांचो, विचारो अने रडो !

અને જો એટલું પણ હવે તમારા નસીબમાં રહેલું ન હોય તો નક્કી જાણજો કે, તમે છેક રસાતળમાંજ જવાને સરજાયેલા છો !

લેખ પહેલો

(લેખકઃ–ઢેડગોર–શ્રી. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર)

[આ લેખનું મથાળું મેં ઇરાદાપૂર્વક મૂક્યું છે. લેખ નનામો છે પણ "ઢેઢના ગોર" કંઇ શેરીયે શેરીયે ભટકતા જોવામાં નથી આવતા. એટલે આ અભિમાની "ઢેઢના ગોરે" પોતાનું નામ છુપાવવાનો ઢોંગ કરીને આપણને સૂચવ્યું છે કે, ઢેઢના સેવક ભલે ઘણા થાય પણ "ઢેઢના ગોર" તો એક ઠક્કરબાપાજ રહેશે. લેખ લાંબો છે તેથી વાંચનાર ન કંટાળે. જો તેનામાં જરાયે લાગણી હશે તો વાંચવાનો આરંભ કર્યા પછી તે તેને છોડી નહિ શકે. આ લેખની લીટીએ લીટીએ દલિતો પ્રત્યેનો પ્રેમ ટપકી રહ્યો છે. એમાંથી થોડાં બિંદુ લઇને પણ જો આપણે આપણાં હૃદયને ભીનાં કરીએ તો દલિતોનું ને આપણું બન્નેનું દુઃખ ભાગે. —**મો૦ ક૦ ગાંધી**]

(આ લેખમાં અંગત વાતો છે, પણ જાહેર કાર્યને લગતી હોઇને ખાનગી નથી; છતાં અંગત વાતો જાહેરમાં ન મૂકવાના શિષ્ટાચારને લીધે લેખકના પ્રત્યે વાંચનારને અણગમો થવા સંભવ છે. આ જોખમ વેઠીને પણ આ લેખ પ્રસિદ્ધ કરવો મને દુરસ્ત લાગ્યો છે. —લેખક)

તા. ૧૫–૨–૨૭ ની રાત્રે અંત્યજ સેવામંડળના આઠ સેવકો બોરસદ તાલુકાના બોલાદ ગામે એકઠા મળ્યા હતા. જુદી જુદી બાબ-

તેોની ચર્ચા કરી સોળ ઠરાવો કર્યા હતા. અને તે ઠરાવો પ્રોસિડિંગની ચોપડીમાં લખાયા હતા. આ આઠ પૈકી પાંચ સેવકોને સવારમાં રવાના થઇને પોતપોતાને સ્થળે–નવસારી, નડિયાદ, માણુસા–પહોંચી જવાનું હતું. સૌને પોણા ૭ વાગે જગાડ્યા. શૌચ–દાતણ કરી, ચા પી, એક ભાડાની ફોર્ડમોટરમાં પાંચે ભાઇઓ સાત માઇલને રસ્તે વાસદ સ્ટેશને જવા નીકળ્યા. અમે ત્રણ–પરીક્ષિત, ચુનીભાઇ પટેલ અને હું ચાલતા આશરે દોઢ–બે માઇલ દૂર પામોલ ગામે જવા નીકળ્યા. આ ગામના અંત્યજ ભાઇઓની ઘણા વખતથી માગણી હતી કે, તેમને અમારે એક શાળા કાઢી દેવી, એટલે એક શિક્ષક મોકલી કેવળ અંત્યજો ઢેડ, ચમાર, ખાલપા, ગરોડા (પણ ભંગી નહિ, કારણ ભંગીઓને ઢેડ પણ અસ્પૃશ્ય ગણે છે!)નાં બાળકોને મફત શિક્ષણ આપવું અને અંત્યજોને અન્ય રીતે ઉપયોગી થઇ પડવાનું સાધન પૂરું પાડવું. આશરે દસ–બાર માસ પહેલાં તેમને આવી શાળા આપવાની વ્યવસ્થા યોજી હતી; પણ જે પાટીદાર શિક્ષકને ત્યાં મોકલવા ધાર્યો હતો, તે બિચારો ક્ષયરોગનો ભોગ થયો. આથી આ શાળા ખોળંબે પડી હતી; કારણ અંત્યજબાળકોને શિક્ષણ આપવાને હોંશ ધરાવનારા (પૂરું વેતન લઇને પણ) બહુ દુર્મિળ હોય છે.

પામોલનો ઢેડવાડો

આ ગામ મોટું છે. વસ્તી આશરે ૧૭૦૦ છે. તેમાં ઢેડભંગીનાં ઘર આશરે ૭૫, એટલે વસ્તી ૩૦૦ થી પણ વધારે છે. ઢેડવાડાના રસ્તા બલ્કે ગલીઓ, બહુજ સાંકડી, આશરે દશ ફૂટની હશે. તેમાં દરેકના ઘર સામે સામી લાઇનના ઘરની પછીતે ખૂંટા ઠોકીને તેની સાથે ભેંસો, પાડીઓ હારબંધ પુષ્કળ બાંધેલી હતી. ચોમાસામાં તો આ ગલીઓમાં છાણમૂતરની નદીઓજ વહેતી હશે. આજે શિયાળા ઉનાળાની સંધીએ પણ ગંદકીનો પાર નહોતો. શહેરના સુધરાઇ-ખાતાવાળાઓ અને તંદુરસ્તીના અમલદારો ટીકા કરે છે કે, હિંદી-લોકોને સુઘડતાથી રહેતાં આવડતું નથી; પણ જ્યાં નગરરચના આવી

એટલે કે બિલકુલ વાડા નહિ અને ગલીઓ દશ ફૂટથી પહોળી નહિ, ત્યાં બિચારા અંત્યજોને ભાગે તો પૂરતી રહેવા જગ્યા પણ આવે નહિ. પોતાને રહેવાને પૂરુંપાધરું ઘર ન હોય, ત્યાં વળી પોતાનાં ઢોર, ભેંસ, ગાય, ઇ૦ને રાખવા તો જુદાં ઘર અથવા છાપરાં ક્યાંથીજ હોય? ગરીબીનો અને દરિદ્રતાનો ખ્યાલ સેંકડોના પગાર ખાનાર અમલદારો અને યુરોપના ધનિક દેશોમાંથી આવતા મુસાફરોને ક્યાંથી આવે?

પામોલ અંત્યજશાળા

અમારા મંડળને અત્રે શાળા કાઢતાં વખત લાગ્યો, તેથી આઈ. પી. મિશને અત્રે છેલ્લા પંદર દિવસ થયાં એક શાળા ઉઘાડી છે, તે અમે જોઇ. સવારના નવેક વાગ્યા હતા, તેથી શાળા તો ચાલતી ન હતી; પણ ત્રણ ચાર છોકરાઓ એકઠા થયા હતા. તેમને એક છોકરો ભીંત ઉપર મૂળાક્ષરો લખ્યા હતા તેના ઉપરથી 'ધમણનો ધ' અને 'નગારાનો ન' એમ બોલાવતો હતો. આઠ–દશ ઢેડભાઇઓને એકઠા કરી શાળા સંબંધી ચર્ચા કરી. અમારી શાળા–ગાંધીજીની હિંદુ શાળા–તમારે જોઇએ છે? એમ પૂછતાં તેમણે કહ્યું કે, "અમને તો જે અમારા છોકરાને ભણાવે, સુધારે, તેવી નિશાળ જોઇએ. અમારે તો પાદરીની નિશાળ હોય તોયે ઠીક, પણ પાદરીની નિશાળમાં સારું ભણાવતા નથી. માસ્તર બે–ત્રણ કલાક થોડુંઘણું ભણાવી, બે–ચાર ગીતો ગવડાવી, પોતાને ગામ ચાલતો થાય છે. તે જો અહીં ઠામ કરીને રહેતો હોય તો છોકરા કાંઇક રળે. અમે તો ચાર–છ આનાની મજૂરી ખોવડાવીને છોકરાને નિશાળે મોકલીએ અને તોય માસ્તર ન શિખવાડે, તો અમારું બેય બગડે. તમે સારું ભણાવતા હો તો અમારે તમારી નિશાળ જોઇએ. પહેલાં અમારે ત્યાં પાદરીની શાળા હતી, તે ઊઠી ગઇ. પછી મુક્તિફોજની આવી તેય ઊઠી ગઇ. પછી વળી રોમન કેથલિકની આવી. અમે જાણતા હતા કે રોમન કેથલિક તો પૈસાવાળા, તેની શાળા આવશે તો નહિ ઊઠી જાય;

પણ તેયે ગઇ. ગરીબનાં નસીબ ગરીબ. આ વળી પાદરીની ૧૦–૧૨ દિવસ થયાં આવી છે. તે કેટલા દહાડા ટકશે તેની કોને ખબર? તમારી શાળામાં પાછું આમ જ નહિ થાય ને?" અંત્યજોને ભણવાની ગરજ નથી, તેઓ બહુ અજ્ઞાન છે, તેમને પોતાના સ્વાર્થની પણ ખબર નથી. એવું કહેનાર ઊંચ વર્ણના હિંદુઓને હું પૂછવાની હિંમત કરું છું કે, તેમણે કોઈ દિવસ અંત્યજના વાસમાં જઇ, તેમના ખાટલા પર બેસી, તેમનો વિશ્વાસ મેળવી, બે ઘડી નિરાંતે વાતચીત કરી, તેમના છોકરાઓને ભણાવવા માટે શાળા કરી આપવા કે એવા કાંઇ સેવાકાર્ય માટે વાતચીત કરી છે? હજારો ગાઉથી, પરદેશથી, પરધર્મી લોકો, તમોએ ધુત્કારેલા લોકોને ભણાવવા, તેમને બે અક્ષર કે બે આંકડા શિખવાડવા પ્રયત્ન કરે છે, તેના દસમા હિસ્સાનો પ્રયત્ન તમારા પોતાના ધર્મના લોકો–આ કમનસીબ અંત્યજોને માટે તમે કર્યો છે? વળી પાદરીઓ તેમને વેઠ–બેગારમાંથી બચાવે છે, રક્ષણ આપે છે, તેવો માનવધર્મ તમે કદી બજાવ્યો છે? આ સંબધમાં આ અંત્યજભાઇઓમાંથી એકે કહ્યું કે, "જ્યારે અમારા પડખેના ગામમાં વધારાની પોલીસનું થાણું હતું, ત્યારે અમારામાંથી દસ–પંદર માણસને, સિપાઇઓ અમારા ગામમાં આવે ત્યારે કાયમ ચોરામાં તેમની તહેનાતમાં બેસાડી રાખતા હતા. પાદરીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે અમારી વારે ચડીને તેમણે તે સિપાઇઓના જમાદારની ધૂળ કાઢી નાખી હતી. હવે તો અમને પહેલાના જેવો વેઠનો ત્રાસ નથી; પણ પાદરીની ઓથ હોય છે ત્યારે કોઇ અમારું નામ લઇ શકતું નથી." આવી રીતે કયા હિંદુભાઇઓ, કયા શહેરી સહેલાણીઓ, કયા મોટી ફી મેળવનારા વકીલો કે કયા હિંદુપંથના બાવા, બ્રહ્મચારીઓ કે સંન્યાસીઓ તેમને મદદ આપે છે અને હલકા સિપાઇઓના જુલમમાંથી બચાવે છે?

ઉપર પ્રમાણેની નહિ ધારેલી દલીલો આ બુદ્ધિમાન અને ડાહ્યા અંત્યજભાઇઓને મોંએથી સાંભળ્યા પછી મારાથી તેમને શાળા

આપવાની ના પાડવાની હિંમત કેમ ચાલી શકે? શાળાને માટે એક ઓશરી તેમણે બતાવી તે જોઇ. તે નાની હતી. તેથી બે ઓશરીઓમાં મળીને શાળા બેસે એમ ઠરાવી, દસ–પંદર દિવસમાં શિક્ષક મોકલી આપીશ એવું વચન આપી હું બીજા કામે વળ્યો.

અંત્યજોનું પાણીનું દુઃખ

અંત્યજોને પાણીનું જે દુઃખ, હાડમારી ને ત્રાસ પડે છે, તેની તો નજરે જોયા વિના વાંચનારને કલ્પના ન આવી શકે. પાણીના કૂવાની આસપાસ એક, બે કે ત્રણ કલાક સુધી, કોઇ દયાળુ અંતઃકરણવાળી ઊંચ કહેવાતી હિંદુવર્ણની પાણી ભરનારી બાઈ પાણી નામશે એવી આશાએ બેસી રહેવું પડે, સંધ્યાસમયે કે રાત્રે ઢોરને પાણી પીવાના હવેડામાંથી પણ ચોરીછૂપીથી ઘડા ભરી લાવવા પડે, આમ કરતાં પણ કોઇને કાંઈ ઊણું પડે તો ગાળોનો વરસાદ વરસે, તે સામો એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના સાંખી લેવી પડે! આ શિક્ષા પ્રભુ દુષ્ટમાં દુષ્ટ જનને પણ ન આપે!

પામોલના લોકો બોરસદની તાલુકા બોર્ડની સહાયથી એક કૂવો હાલ બાંધી રહ્યા છે. બોર્ડે તેમને એક હજાર રૂપિયા મદદ દાખલ આપવા કહ્યું છે, તેમાંથી અરધી રકમ કૂવાનું અરધું કામ ખોદાણ અને ચણતર સહિતનું થઇ રહે ત્યારે મળે અને બીજી અરધી કૂવાનું કામ પૂરું થઈ રહે અને ઉપરનું મથાળું બંધાઈ રહે, ત્યારે મળે એ શરત છે. તે પ્રમાણે પ્રથમથી અરધી મદદ મળી ગઇ છે. અત્યારસુધી કૂવાનું કુલ ખર્ચ રૂા. ૧૮૦૦ થઇ ચૂકયું છે. પાંચસો મળેલા તે બાદ કરતાં બાકીના ૧૩૦૦ રૂા. તેમણે અનેક કષ્ટથી એકઠા કર્યા હતા. કોઇ શાહુકારની પાસેથી વ્યાજે લઈ આવે અને તે ભરવા માટે પોતપોતામાં ઉઘરાણું કરે. આવી રીતે ત્રણ વખત ઉઘરાણું કરવું પડયું હતું. તે ઉઘરાણું એકઠું કરનાર આગેવાન મોરાર તેજા આ ઉઘરાણાના પૈસા એકઠા કરવામાં તેને પડેલી તકલીફ માટે અતિશય બૂમ મારતો હતો અને સોગન ખાઇને કહેતો હતો કે,

ફરીને હું આવું કામ ન્યાતનું હોય તોપણ કરવાનો નથી; પણ બીજી જ ક્ષણે તેણે પોતાનો વિચાર બદલ્યો, કારણ કે તેણે જાણ્યું કે વગરવ્યાજે સાત માસ સુધી હું તેમને રૂ. ૫૦૦ અંગઉધાર ઉછીના આપવા તૈયાર હતો.

શાહુકારી કે પઠાણી વ્યાજ?

આ ઢેડપંચે ત્રણ વખત મળીને રૂ. ૧૩૦૦ એકઠા કર્યા હતા. તેમાં પેટલાદવાળા પ્રસિદ્ધ દાનવીર નારણભાઇ શેઠે રૂ. ૨૫૦ બક્ષિસ આપેલા તેનો સમાવેશ થયેલો હતો. બાકીના રૂ. કટકે કટકે વ્યાજે કાઢી લાવી વાપરેલા, તે પાકની મોસમ વખતે કે મજૂરી કરી લોકો કમાઇને ભરી દેતા; પણ જ્યારે વ્યાજે શાહુકાર પાસેથી લઇ આવતા ત્યારે વટાવના એટલે કે કોથળી છોડામણના, સેંકડે રૂપિયા ત્રણ તેમને ભરવા પડતા. તે ઉપરાંત મહિને રૂપિયે દોઢ દોકડાનું વ્યાજ, એટલે કે દરવર્ષે દરસેંકડે ૧૮ ટકાનું વ્યાજ જુદું! આવા પ્રમાણિક માણસો પાસેથી, તેઓ વખતસર પૈસા પાછા પહોંચાડે છે એવી શાખવાળા હોવા છતાં પણ, આટલું જબરું વ્યાજ લેવામાં આવે છે, તેનું કારણ કે તેઓ ગરીબ અસ્પૃશ્યો છે. ખેડા જિલ્લામાં સાધારણ વ્યાજનો દર હલકો છે; પણ ગરીબો પાસેથી અને વળી ઢેડની પાસેથી વધારે વ્યાજ ન લેવાય તો કોની પાસેથી લેવાય? ગરીબોને નિચોવવામાં, પડેલાને પાટુ મારવામાં, રિબાતાને રિબાવામાંજ આપણા વૈશ્યોની વૈશ્યવૃત્તિ સમાયેલી છે.

મારી પાસેના જાહેર ફંડમાંથી રૂ. ૫૦૦ વગરવ્યાજે આવતા ભાદરવા માસ સુધી ઉછીના આપવાનું મેં વચન આપ્યું. આ સાંભળી તેઓ ખુશ ખુશ થઇ ગયા. અને "નવો કૂવો બંધાવી આપવા જેટલું તમને પુણ્ય થશે, એવા ઉદ્ગારો સહેજે તેમના મોઢેથી નીકળ્યા. "આ વખતે અમારી પાસેથી કોથળી છોડામણના સેંકડે પાંચ રૂપિયા લેત અને વ્યાજના રૂપિયા પચાસેક થાત. આ આશરે રૂ. ૭૫ ની રકમ તમે બચાવી, તેથી પ્રભુ તમારું ભલું કરશે." આવા ઉદ્ગારો

તેઓમાંથી વૃદ્ધ હતા તે કાઢતા હતા. પાસેના બોદાલ ગામે પાછા ફરી, ત્યાંના કાર્યકર્તાઓ સમક્ષ આ બાબતનું લખાણુ કરાવી, સદરહુ પંચની સહીઓ લઇ, મારી મુસાફરીને અંતે ચારપાંચ દિવસમાં હૂંડી મોકલી આપવાનું વચન આપી ખુદાના આ કમનસીબ બંદાઓથી અમે જુદા પડ્યા.

જગતમાં આવું ક્યાંય હશે? અસ્પૃશ્યોના અસ્પૃશ્ય!

બોદાલમાં ભંગીઓના કૂવાનું પ્રકરણ જાણવા જેવું છે, સાંભળીને રડવા જેવું છે, આપણી સમાજની સ્થિતિ જાણી આંસુ ઢાળવા જેવું છે. હિંદુસમાજનો મોટો ભાગ એમ સમજે છે કે અંત્યજ એટલે એકજ કોમ, એકજ જ્ઞાતિ અને બધાજ સરખા; પણ આ માન્યતા સત્યથી કેટલી વેગળી છે? અંત્યજોમાં ઢેડ અથવા વણુકર, ચામડિયા અથવા ચમાર અથવા ખાલપા, ગરોડા, તુરી, શેણુવા, થોરી, ભંગી અથવા ઓળગાણુા, નાડિયા ભંગીઓ, તથા મહારાષ્ટ્રમાં મહાર, મોચી, ઢોર અને માંગ જ્ઞાતિઓનો પણ સમાવેશ થાય છે, પણ અસ્પૃશ્યોમાં પણ અસ્પૃશ્ય તે ભંગી! ગરીબ બિચારા ભંગી. તેમણે તો આપણું મેલું ઉઠાવવાનો ધંધો સ્વીકાર્યો, આપણા શહેરોની શેરીઓ અને રસ્તાઓ સાફ કરવાનું સ્વીકાર્યું તે દિવસથી, જ્યારથી આ મહાન સેવા કરવાનું તેમણે કબૂલ કર્યું કે તેમની પાસેથી જબરજસ્તીથી કે તલવારના ગોદે કબૂલ કરાવ્યું ત્યારથી તેઓને હમેશને માટે આપણે ખાડામાં હડસેલ્યા, પતિતના પતિત માન્યા! ગામડાંઓમાં તેમને મેલું સાફ કરવાનું કે એવું કામ કરવાનું કવચિતજ હોય છે. તેમનું ગુજરાન વાંસના ટોપલા, સૂપડાં બનાવી વેચવાનું કે ખેતરમાં મજૂરી કરવાનું હોય છે; છતાં તેમના બાપદાદાઓને આપણે જે અમાપ ઊંડા ખાડામાં હડસેલી પાડ્યા હતા તે અધમ માનેલી સ્થિતિમાંથી તેમના વંશજો અનેક જમાના પછી પણ નીકળી શકતા નથી, બલ્કે આપણે તેમને નીકળવા દેતા નથી.

સાતેક વર્ષ પહેલાં કાઠિયાવાડમાં કોડીનાર તાલુકામાં હું ખાદીના કામે ફરતો હતો. ત્યારે કેટલાંક ગામોમાં ઢેડ અંત્યજોના માટે જુદો કૂવો હોય, તે ઉપરાંત ગાયકવાડ સરકારે ભંગીનો કૂવો પણ જુદો બંધાવી આપેલો મેં જોયો હતો. તે વખતે મારા અજ્ઞાનને લીધે મને એમ લાગેલું કે ગાયકવાડ સરકાર આવા પૈસા શીદ બગાડતા હશે? અને ઢેડોને તેમના માટે બંધાવેલા જુદા કૂવામાંથી ભંગીઓને પાણી ભરવા દેવાની ફરજ કેમ નહિ પાડતા હોય? પણ આજે બોદાલમાં જોયેલી હકીકતથી અને સ્થાનિક કાર્યકર્તાઓએ કહેલી હકીકતથી જાણ્યું કે ગાયકવાડ સરકારે ગરીબોનાં દુઃખોનો ઊંડો અભ્યાસ કરી, પછીજ આનો હુકમ છોડ્યો હોવો જોઈએ.

બોદાલ ગામમાં ભંગીનાં ઘરો આશરે ૨૦–૨૫ છે. એકજ ગામમાં ભંગીવાડો આટલો મોટો હોય એવાં ગામો બહુ થોડાં હોય છે; પણ તેમને પીવાના પાણીનો જુદો કૂવો આજસુધી નથી સાંપડ્યો તેથી તેમની મુશ્કેલીનો પાર નથી. તેમાંનાં ઘણાં કુટુંબો અમદાવાદ, મુંબઈ, વડોદરા એવાં મોટાં શહેરોમાં આ દુઃખને લીધે ચાલ્યાં ગયાં છે. ઢેડને માટેના ત્રણે કૂવા આ ગામમાંજ હોવા છતાં તેમાંથી એકે કૂવામાંથી તેમને પાણીનું ટીપું પણ ભરી જવાની પરવાનગી નથી. આમાં ઢેડભાઈઓનો હું ખાસ દોષ નથી કાઢતો, કારણ કે તેમણે તો કેવળ વાણિયાબ્રાહ્મણનું અનુકરણજ કરેલું છે. જેવું આપણે તેમના પ્રત્યે કર્યું, તેવું તેમણે ભંગીઓ પ્રત્યે કર્યું. "શ્રેષ્ઠો જે જે આચરણ (કે દુરાચણ) કરે તેવું ઈતર જનો કરે" એ ગીતાવાક્ય પ્રમાણે થયું છે. ઈતર જનોનો બિચારાનો શો દોષ? કહેવાતા શ્રેષ્ઠો સુધરશે, પછી ઇતર જનો લાંબા વખતે સુધરશે. આજે તો એવી સ્થિતિ છે કે, કોઈ અંત્યજ વિદ્યાર્થીઓના આશ્રમમાં ભંગીનો છોકરો દાખલ થાય છે કે તરત ઢેડ અથવા ખાલપા વિદ્યાર્થીઓ કે તેમનાં માબાપો કોલાહલ કરી મૂકે છે! અંત્યજકામમાં રંગાયેલ અને ઓતપ્રોત થયેલ મામા ફડકે પણ ભંગીના છોકરાઓને

પોતાના આશ્રમમાં આકર્ષવા નિષ્ફળ નીવડ્યા છે અને ખ્રિસ્તી મિશનોને પણ ભંગી ખ્રિસ્તીને ઢેડ ખ્રિસ્તીઓથી જુદા રાખવા પડે છે! પામોલના અંત્યજના કૂવા માટે રૂા. ૫૦૦) વગરવ્યાજે ઉછીના આપવાવું નક્કી કર્યું ત્યારે મેં ટકોરમાં પૂછ્યું કે "આ કૂવે ભંગીનાં પાંચ-સાત ઘરો છે, તેમને પાણી પીવા દેશો ને?" લોકો ચમકી ઊઠ્યા, "હેં એ શું કહ્યું?" એમ મોટે સાદે અનેક મુખેથી ઉચ્ચારણ થયું અને એકે તો એમ પણ કહ્યું કે, "એમ હોય તો તો અમારે તમારા પૈસા ન જોઇએ." મારે પાઘડી ફેરવી બાંધવી પડી કે, "એ તો હું જરા મશ્કરી કરું છું. અમે લોકો અમારે કૂવે તમને પાણી નથી ભરવા દેતા, તો પછી તમે ભંગીને શાના ભરવા દો?" આમ કહી વાત બદલી નાખી.

"બહેન, આ ભંગીબાઇને પાણી નહિનામે?"

ભંગીઓને પાણીને માટે કેટલો ત્રાસ પડે છે, તે મારે નજરે જોવું છે, એમ કહેતાંજ સ્થાનિક કાર્યકર્તા ભાઇ અંબાલાલ મને ગામને કૂવે લઇ ગયા. ત્યાં એક ભંગીબાઇ બે-ત્રણ કલાકથી પાણીના બે ઘડા ભરવા આવેલી, કૂવાથી થોડે દૂર પોતાનાં બચ્ચાંને ધવરાવતી બેઠી હતી. તેને મેં પૂછ્યું કે, "બાઇ તું ક્યારની અહીં બેઠી છે?" તેણે કહ્યું, "ભાઇ સવારની બેઠી છું." તે વખતે સવારના અગ્યાર વાગ્યા હતા. તેના કહેવામાં અતિશયોક્તિ હશે એમ શંકા થતાં, તે કૂવા ઉપરજ એક પાટીદારની બાર-તેર વર્ષની છોડી પાણી ભરતી હતી તેને આ વાત ખરી છે કે એમ પૂછ્યું. તેણે કહ્યું કે, "હા એ બહુ વખતથી બેઠી છે." હવે સ્થિતિ એમ છે કે ભંગીઓના ઘડા કે માટલામાં સીધું કોઇ પાણી રેડતું નથી, રેડી શકતું નથી. અમારા શિક્ષક ચુનીભાઈ પટેલે એક વખત પોતાની ડોલમાંથી ભંગીના માટલામાં પાણી રેડવાની ધૃષ્ટતા આ કૂવા ઉપરથીજ કરી હતી અને તેના ઉત્તરમાં તેમને સખત ચેતવણી મળી હતી કે, "માસ્તર, આવું અમારા ગામમાં નહિ ચાલે." કૂવા-

ના પડથારની નીચે એક નાની કૂંડી બાંધેલી હોય છે, તેમાં જેને દયા આવે, જેના હૃદયમાં પ્રભુ વાસો કરતો હોય, તે બાઇ પાણી રેડે. કૂંડીમાંથી બહાર એક વાંસના કટકાની નળી નીકળતી હોય છે, તેની નીચે ભંગી પોતાનો ઘડો મૂકે અને તે પાણીથી તે બિચારીનો ઘડો અર્ધે કે એક કલાકે ભરાય; પણ તેમાંયે વળી આ વાત ધ્યાનમાં રાખવાની છે કે આખો ઘડો પાણી આ કૂંડીમાં રેડવા જેટલી દયા બતાવનાર બાઇ તો કોઇ ભાગ્યેજ નીકળે. પોતાના માટલામાં રેડતાં થોડુંઘણું વધે તેટલુંજ, કળશો બે કળશા જેટલું, પાણી આ કૂંડીમાં નાખે. ફેંકી દેવાને બદલે આ કૂંડીમાં રેડે એટલી તેમની મહેરબાની! બેઠેલી ભંગીબાઈ પાણી (ભરીને નહિ પણ) દયાથી મેળવીને, પોતાને ઘેર છોકરાને લઇને જલદી પહોંચી જાય તે મતલબથી ઉપર જણાવેલ પેલી પાટીદારની બાર-તેર વર્ષની કન્યાને મે વિનતિ કરી, “ બહેન, આ ભંગી બાઇને પાણીના બે-ત્રણ ઘડા તું કાઢી ન આપે ?” તેના કુમળા હૃદયમાં દયા આવી. કૂવો સાઠ-સિત્તેર ફૂટ ઊંડો હતો; છતાં આ બાળાએ આ ધર્મકાર્ય કર્યું અને અમે રસ્તે પડ્યા. અહીં ભંગીના કૂવાના ખોદાણ માટે રૂ. ૧૫૦) દોઢસો સુધી આપવાનું વચન આપી, તેનું ખોદાણકામ ઊધડું કોઇ પાસે કરાવી લેવા સ્થાનિક ભાઇઓને વિનતિ કરી બીજું કામ હાથમાં લીધું.

અંત્યજઆશ્રમ યોજ્યો

બોરસદ તાલુકાનાં ગામોમાં ઢેડવાડાઓ બહુ મોટા છે. ચાળીસ-પચાસ ઘરની વસ્તી એ તો સાધારણ. સો-સવાસો ઘરના ઢેડવાડાવાળાં ગામો પણ ખરાં. ભંગીનાં ઘરો પણ તેટલા પ્રમાણમાં નહિ, છતાં બીજા જિલ્લાનાં ગામડાંઓ કરતાં અત્રે વધારે છે. આટલી મોટી અંત્યજોની વસ્તી આ તરફ કેમ થઈ હશે તેનો ઇતિહાસ કોઇ શોધી શકે તો તેમાંથી કોઇ અતિ ઝનૂની અને જુલમગાર હિંદુરાજાની કે પાટીદાર “બાપા” ની કહાણી બહાર આવે; પણ મારે તેનું શું

કામ? આ તાલુકામાં અને આખા ખેડા જિલ્લામાં ખ્રિસ્તી મિશનોનો મોટો પથારો છે અને તેને પરિણામે ખ્રિસ્તી અંત્યજો–ઢેડ અને ભંગીઓની મોટી સંખ્યા છે, એ તો નિર્વિવાદ વાત છે. આવી મોટી અંત્યજ વસ્તીમાં "ગાંધી બાપુ"નો એક પણ અંત્યજ વિદ્યાર્થીનો આશ્રમ નહિ, એ મને ઘણા વખતથી સાલ્યા કરતું હતું. આણંદ મુકામે મળેલી સને ૧૯૨૨ ની અંત્યજ–પરિષદના પ્રમુખસ્થાનેથી મેં પોકારીને કહ્યું હતું કે, "આવતા બાર માસની અંદર આણંદમાં, છેવટ ખેડા જિલ્લામાં એકાદ અંત્યજ–આશ્રમ સ્થાપીશ." પણ તે વચન તો મારા મોંમાંજ રહ્યું હતું, તે પણ યાદ હતું. આવો એકાદો આશ્રમ પોતાના ગામને પાદરે નીકળે એવો અહીંના સ્થાનિક કાર્યકર્તાઓનો આગ્રહ છેલ્લા બાર માસથી ચાલુ હતો. આથી ભાઇ અંબાલાલને કહ્યું કે, ગામની નજીકમાં એવી કોઇ જમીન બતાવો કે જેમાં આશ્રમ બાંધી શકાય અને થોડી ખેડ પણ થઇ શકે. આશરે એક વીઘાની "સનંદિયા" જમીન તેમણે બતાવી અને તે મને પસંદ પડી. ત્યાં આશ્રમ સ્થાપવા માટે ગુજરાત પ્રાંતિક સમિતિની મંજૂરી માગવા માટે થોડી મોટી વિગતોવાળો યોજનાનો પત્ર તૈયાર કર્યો. આ આશ્રમ થોડા વખતમાં ચાલુ થઇ જશે, એમ કહી શકાય. અંત્યજના કામ માટે જોઇતા પૈસા મેળવી આપવાની જવાબદારી તો શ્રી. વલ્લભભાઇ પટેલ અને ગાંધીજી ઉપર છે. તેની તો મારે કાંઇ ચિંતા નથી. યોગ્ય કાર્યકર્તા મેળવી લેવાનીજ જવાબદારી મારા ઉપર છે અને ભાઇ પરીક્ષિત અને હરિવદન જેવા ઉત્સાહી યુવકોનો મને ટેકો છે, તો તેથી હું ગમે તેટલા અંત્યજ કામનો બોજો લઉં તોપણ ઉપાડી શકીશ. આશ્રમ બાંધવા માટે હાલ તુરત ત્રણ–ચાર હજાર રૂપિયા જોઇશે. તેમાં હરકત નહિ આવે અને આશરે ત્રીસ વિદ્યાર્થીનો ચાલુ ખર્ચ પણ ત્રણથી ચાર હજાર રૂપિયા દર સાલ લાગશે. હિંદુજનતા તેની અસહ્ય બેદરકારી, સ્વાર્થપરાયણતા અને ટૂંકી દૃષ્ટિ હોવા છતાં, ગાંધીજીને લીધે એટલી તો જાગૃત થઇ છે કે,

કાર્યકર્તા ચારિત્રવાન હોય તો આટલી રકમ તો દરસાલ આપી શકે.

અંધ વિદ્યાર્થી વહાલાભાઈ

મિત્રોએ આપેલા એ બળદના ડમણિયામાં બેસી બોદાલથી બોરસદ થઇને વાસણે આવ્યો. અહીંની અંત્યજશાળા તપાસી. વિદ્યાર્થીઓની હાજરી ઓછી હતી. ફક્ત ૧૦ હાજર હતા. ચાર-પાંચ છોકરાઓ જિનમાં મજૂરીએ ગયા હતા. કપાસની મોસંમ શરૂ થતાં બાર વર્ષની ઉપરના છોકરાઓ જિનના સંચામાં કપાસ ઓરવા પુરુષો કરતાં વધારે ઉપયોગી થઈ પડે છે. મોટી ઉંમરના પુરુષો કરતાં તેઓ વધારે કલાક કામ આપે છે અને મજૂરી થોડી માગે છે. આથી જિનો શરૂ થઇ જતાં અંત્યજોના બાળકોની માગ સારી જાગે છે ને નિશાળનું ભણતર છોડાવીને તેમનાં માબાપો તેમને આ મજૂરીએ તેડી જાય છે કે મોકલે છે. તેમને છથી આઠ આનાનું રોજ મળે છે; અહીંનો શિક્ષક ખ્રિસ્તી, પણ હિંદુધર્મ પ્રમાણે પ્રાર્થના કરાવનાર છે, તેથી તેની જોડે મુશ્કેલી આવતી નથી. આ શાળામાં એક અંધ છોકરો વહાલાભાઈ આવે છે. તે પ્રથમ અનિયમિત આવતો પણ તેને અહીં ભજનો શિખવાડવાની વ્યવસ્થા બોરસદ સત્યાગ્રહ–છાવણીવાળા નારણભાઇ પટેલની સાથે કરી દીધાથી તે નિયમિત થયો છે અને ૭ માસના અરસામાં બાવીસ મોટાં ભજનો સસ્તા સાહિત્યના "ભજન સંગ્રહ"માંથી તેણે મોંએ કરી નાખ્યાં છે. અમને "મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી" એ ઘણું લાંબું પંદર–સોળ કડીનું ભજન તેણે એક પણ ભૂલ વિના ગાઇ બતાવ્યું. તેના કેટલાક અશુદ્ધ ઉચ્ચારો સુધારવા મેં પ્રયત્ન કર્યો. તેની સ્મરણશક્તિ બહુ સારી છે. આંધળો દળે કે ગાય. તેનો બાપ તેની પાસે કોદરી ભરડાવે છે ને મેં ભજન શિખવાડવાની ગોઠવણ કરી આપી છે. એક છોકરાને પાઠ વંચાવતાં હાથના નખ–જીભવતી કેટલાક છોકરાઓ ઉતારે છે એમ તેમાં આવતાં પરીક્ષિતભાઇની દૃષ્ટિ તેજ છોકરાના નખ ઉપર પડી અને

તે મેલથી ભરેલા અને લાંબા વધારે જોયા આથી બધા છોકરાઓના નખ મેં અને પરીક્ષિતે તપાસ્યા ને અમારાં ખિસ્સાંનાં ચપ્પુઓથી જેના લાંબા હતા તેના ઉતાર્યા. અંધ વહાલાભાઇએ પોતાને હાથે પોતાના નખ ઉતાર્યા હતા પણ બરાબર ઊતર્યા ન હતા, તે પણ મેં ઠીક કર્યા. વહાલાભાઇના બાપ શાળામાં બેઠા હતા, તેના મોંમાંથી સહેજે નીકળી ગયું કે, "ખરા બાપ તો આ છે, હું નહિ." મને કંઇક સંતોષ થયો, પોરસ ચઢ્યો.

સીતાની પર્ણકુટી

વાસણાથી પગે ચાલતા બોરસદ આવતા હતા, ત્યારે રસ્તામાં નારણભાઈ પટેલ પોતાની ઝૂંપડીએ અમને લઇ ગયા. ત્યાં જવાની મારી ઇચ્છા બહુ ન હતી, પણ તેમના આગ્રહને માન આપી ગયા. ગયા પછી એમ લાગ્યું કે ન ગયો હોત તો મોટી ભૂલ થાત. તે સાધારણ ઝૂંપડી નહિ, પણ ખરેખરી પર્ણકુટી, ઝાડનાં પાંદડાં અને ડાંખળીઓનીજ બનાવેલી ઝૂંપડી હતી. આંબાના મોટા વૃક્ષની નીચે પણ સહેજ ઉગમણમાં આ કુટી બાંધી હતી; પણ તે સાથે તેમાં એક સીતા—નારણભાઇનાં પત્ની—પણ હતાં. આવા ખેતરમાં, એક કુટીમાં, હાથમાં પુસ્તક લઇને વાંચતી, એક આધેડવયની, બહુ ભીરુ નહિ તેમ બહુ વાચાળ નહિ એવી પાટીદાર કોમની સ્ત્રી જોઇ, ત્યારે પચાસેક વર્ષ પર મારી મોટી બહેને મને વાંચી સંભળાવેલ સીતાની પર્ણકુટીનું ચિત્ર તરતજ ખડું થયું; પણ મને લાગ્યું કે આ બાઇને આવા એકાંતમાં કોઇ પણ જાતના પાડોશ વિના, સગાંસાંઇથી દૂર, બાળબચ્ચાંની પણ સોબત વિના, કોઈ પણ એમિત્ર (કે શત્રુ) વિના કેમ ગોઠતું હશે? તેના દિવસ કેમ નિર્ગમન થતા હશે? નારણભાઇએ તરત ખુલાસો કર્યો કે પ્રથમ તો તેમને અહીં આવવું પોસાતું ન હતું. તેઓ વસો છોડીને મારી ઝૂંપડીમાં વાસ કરવા આવવા ખુશી નહોતાં; પણ નાગપુર સત્યાગ્રહમાં હું જઇ આવ્યા પછી, તેમને મારાપ્રત્યે વિશેષ

લાગણી થવાથી તેઓ મને સાથ આપવાને છેલ્લા અઢાર માસથી આવ્યાં છે અને હવે તો તેમને અહીં ગોઠે છે. હું કોઇ દિવસ રાત્રે બોરસદ કે વાસણાથી આઠ, નવ કે દશ વાગે આવું છું, ત્યારે પણ તેને એકલીને મૂંઝવણ આવતી નથી.

આવી કુટિમાં રાચરચીલું, જિંદગી ભોગવવાની ચીજો કઈ કઇ હશે તે જોવાનું કુતૂહલ મને થઇ આવ્યું અને તે દાબી શકયો નહિ. તે બહેનની પરવાનગી લઇ પર્ણકુટીમાં દાખલ થયો. ત્રણ દેવદારી પાટિયાંની પેટીઓ, એક લોઢાના પતરાની ટ્રંક, પાંચ–સાત ટીનના ડબ્બાઓ, કેસરી (મરાઠી)ના કેટલાક અંકો, નવજીવન પ્રકાશન મંદિરનાં કેટલાંક પુસ્તકો, રસોઇનો ચૂલો, હાંલ્લાં તથા થોડાં તપેલાં અને લોટા પ્યાલા, લીંબુના અથાણાની બે ત્રણ માટલીઓ, બે ચાર ગોદડાં અને એવી બહુજ સાદી ઘરવખરી હતી. કુટીની ભોંય બહુજ સ્વચ્છ રીતે લીંપેલી હતી, ને કુટી પણ વિશાળ હતી. સોળ ફૂટ લાંબી અને પંદર ફૂટ પહોળી હતી. આંબાની છાયાનું તો પૂછવુંજ શું? રજા લેતાં દિલગીરી ગઈ. અત્રે શાંતિ મેળવવા ખાતર, નિઃસંગ દશા ભોગવવા અને કુદરતનું સાન્નિધ્ય અનુભવવા, "અનુભવીને એકલું આનંદમાં રહેવું રે" એ સત્ય કરવા, એકાદી રાત્રિ રહેવા મન બહુ લલચાયું; પણ લોભ–સેવાનો પણ લોભ. આવતી કાલે વાંકળના ભીલ આશ્રમની મુલાકાત લેવાનો લોભ ન રોકી શકયો અને મૂંઝાયેલા હૃદયે સીતા તથા રામની–બન્નેની રજા લીધી. 'રામ' (નારણભાઇ) તો ઠેઠ બોરસદ સુધી મૂકવા આવ્યા અને વાસદ સ્ટેશન (૧૧ માઇલ દૂર) જવાની મોટરમાં અમને રવાના કરી પછી પોતાની પર્ણકુટીએ આશરે ૬ાા વાગે પાછા ફર્યા.

નારણભાઇની ને મારી નબળાઇઓ

ચાલતાં ચાલતાં મેં નારાણભાઇને પૂછયું હતું કે, "તમારે કાર્ય કરવું ગામલોકોની સાથે દિવસ આખો બહાર; એટલે કે બોરસદ કે વાસણામાં ફરીને કામ કરવું, તો પછી ગામમાં ઘર લઇને

ન રહેતાં, આમ કોઇના ખેતરમાં એકાંતવાસમાં કોઇના સંગ વિના, ઝૂંપડીમાં રહેવાનું શું કારણ?" તેમણે કહ્યું: "પ્રથમ હું ગામમાં રહેતો હતો. ત્યાંના વાસથી મારા મનની કેટલીક નબળાઇઓ બહાર આવી. ગાંધીજીના શિષ્યના શિષ્યને–બોરસદ સત્યાગ્રહ છાવણીના આજીવન સભ્યને આવી નબળાઇ ન હોવી જોઇએ, તેથી મેં મારી નબળાઇ ટાળવા, મારા મનને સંયમી કરવા, ગામ છોડી આ ઝૂંપડીમાં રહેવા આવવા ઠરાવ કર્યો અને આજે ત્રણેક વર્ષથી રહું છું. પ્રથમ તો એકલો રહેતો હતો; પણ હવે તો મારાં પત્ની પણ સાથે રહે છે. માનસિક નબળાઇઓ ત્યાગી શક્યો છું અને હવે તો આ ઝૂંપડી છોડવી કેમ ગમે? આવા નિખાલસપણે પોતાની નબળાઇઓનો દરેક માણસ એકરાર કરતો હોય, છેવટ, થોડા મિત્રોને પણ વાત કરતો હોય તો તેનો સુધરવાનો માર્ગ કેટલો સહેલો થાય? અને આ તકનો લાભ લઇને, હું મારી પણ એક નબળાઈનો એકરાર કરી દઉં તો પ્રભુ જરૂર મને માફી આપશે.

હું ધંધે ઇજનેર હતો. બંગલા, સડકો, મહેલો બાંધવાનું કામ તે સાથે કંટ્રાકટરોની સાથે રોજનો પરિચય. હજારો રૂપિયા કમાવી આપવાની કે ખોવડાવવાની જેના હાથમાં સત્તા હોય છે, તે સત્તાનો કાયમને માટે કોઇ દુરુપયોગ ન કરે એ તો કેમ બને? વેશ્યાની સાથે પોતાના ધંધાને અંગે ઘણો વખત પરિચયમાં આવવાનું બને અને તેના પ્રલોભનમાં ન પડવું, એ જેટલું એક સાધારણ મનુષ્યને માટે દુષ્કર છે, તેટલુંજ એક ઇજનેરે કંટ્રાકટર પાસેથી લાંચ ન લેવી એ દુષ્કર છે. મેં મારી ૨૩ વર્ષની ઇજનેર તરીકેની નોકરીઓમાં ફક્ત બે વખત લાંચ લીધી હતી, એમ મને યાદ છે. એક વખત પોરબંદર રાજ્યમાં ભાદરવીયર (બંધ)ના એક કંટ્રાકટર પાસેથી રૂા. ૪૦૦ ચારસેં લીધા હતા, તેમાં મારો બચાવ એટલોજ છે કે, તે વખતનું તેનું કામ પૂરું થઇ ગયું હતું. છેવટનું બિલ પણ બની ગયું હતું અને પછી તેણે લાંચ આપી હતી અને

અને મેં લીધી હતી. બીજી વખત પોરબંદર રાજ્યને માટે ઓસ્ટ્રિ-યાની બનાવટની નેતરની ખુરસીઓની મોટી ખરીદી કરવા મુંબઈ ગયો હતો. તે ખરીદીમાંથી આશરે ૩૦૦ રૂપિયા વધારે કિંમત બતાવી મારી ખાધા હતા. આ બે વખત પછી કોઇ વખત લાંચ લીધેલી મને યાદ નથી. આમ આ મારી નબળાઇનો જાહેર એકરાર કરી જાહેર માફી માગી શકું.

ટૂંકમાં આ દિવસે નીચે પ્રમાણેના સેવાકાર્ય કરવા હું ભાગ્ય-શાળી છું.

૧. પામોલ ગામમાં અંત્યજોના કૂવા માટે રૂા. ૫૦૦ વગર-વ્યાજે અપાવવા વ્યવસ્થા કરી, તેમનાં બાળકો માટે શાળા કઢાવી આપવાનું વચન આપ્યું.

૨. બોરસદ ગામમાં ભંગીના કૂવાના ખોદાણ માટે રૂા. ૧૫૦ સુધી આપવાનું વચન આપ્યું. ભંગીઓને પડતો પાણી માટેનો ત્રાસ નજરે જોયો.

૩. બોદાલમાં ૩૦ વિદ્યાર્થીઓના અંત્યજ આશ્રમ માટે યોજના કરી મંજૂરી માગી.

૪. વાસણાની અંત્યજશાળા તપાસી. છોકરાઓના વધેલા નખ ઉતાર્યા, અંધ છોકરાને ભજનો શીખવા ઉત્તેજ્યો.

૫. નારણભાઇની નબળાઇનો નિખાલસ એકરાર સાંભળી, મારી નબળાઇનો એકરાર કરવા પ્રેરાયો.

આ દિવસને અંતે રાત્રે ૯ થી ૧૧ સુધી વડોદરામાં શારદા-સુમંત એ સુખી યુગલ સાથે બે કલાક શાંતિથી જાહેર વિષયોની ચર્ચા કરવાનો પ્રસંગ મળ્યો, એ તો દૂધચોખામાં સાકર ભળવા જેવું થયું. અંગત વાતો લખવા માટે, વાચક! માફી આપશો?

("નવજીવન"ના એક અંકમાંથી)

લેખ બીજો

કાઠિયાવાડના એક ગામમાં અંત્યજશાળા છે. ત્યાંના શિક્ષક ભાઈ......સંસ્કારી, સેવાભાવવાળા અને જન્મે વણકર (અથવા ઢેડ) છે. ગાયકવાડ સરકારની ફરજિયાત કેળવણીની નીતિથી તેઓ ભણ્યાગણ્યા છે અને પોતાની જ્ઞાતિની ઉન્નતિ માટે પોતાથી બનતું કાર્ય કરી રહ્યા છે. તેઓ સુઘડ, સુવિચારના અને તેમની રહેણીકરણી ઉપરથી કોઇ ઢેડ તરીકે ન ઓળખે તેવા છે; છતાં પુરાણપ્રિય કાઠિયાવાડના એક નાના ગામમાં રહી તેમને પોતાની જ્ઞાતિનાં બાળકોને ભણાવવાનું ભાગ્ય કે કમભાગ્ય પ્રાપ્ત થયું છે, તેથી ત્યાંનો દરેક માણસ તેમને ઢેડ તરીકે ઓળખે છે અને અસ્પૃશ્ય ગણે છે; પણ તેઓ તેવીજ રીતે પોતાનું કાર્ય મૂંગે મોઢે કર્યેજ જાય છે; પરંતુ આવી અસહ્ય સ્થિતિ સહેતાં સહેતાં કોઇ વખત માણસનો ગુસ્સો, બળાપો ને દુઃખના ઉદ્‌ગાર બહાર આવી જાય છે, તે આ ભાઇના નીચેના પત્રોથી જાણવામાં આવશે. તેના દરેક ટૂંકા વાક્યમાં કરુણકથા ભરી છે. ગામનું નામ, ડૉકટરનું નામ, લેખકનું નામ, સજ્જન નગરશેઠ અને ગરાસિયાભાઈનાં નામો, જાણીજોઇને આપ્યાં નથી. આપવાથી કદાચ લેખક-શિક્ષકને કોઇ નુકસાન કરે એમ જાણી આપ્યાં નથી.

૧

તા. ૯-૪-૨૭

નમસ્કાર સાથે વિ. કે તા ૫-૪-૨૭ ને રોજ મારી વહુની સુવાવડ થઇ. તા. ૭-૪-૨૭ ના રોજ બપોર પછી મારી સ્ત્રી બહુ બીમાર થઇ ગઇ. ઝાડા થયા ને બોલવાનું બંધ થયું, શ્વાસ વધારે ચઢ્યો, છાતી સૂજી ગઇ. પાંસોડાં ભીંસાતાં હતાં. હું અત્રેના મે. ડૉ......ને બોલાવવા ગયો, પણ તેઓશ્રીએ કહ્યું કે, "હું ઢેડવાડામાં આવવાનો નથી. ઢેડને અડીને તપાસવાનો પણ નથી." છેવટે

નગરશેઠ......તથા ગરાસિયા દરબાર......ને હું ડૉ. સા. પાસે તેડી ગયો. ત્યારે રૂા. ૨) ફીના નગરશેઠ પાસે કબૂલ કરાવ્યા; તે પછી આવવાને શરત કરી કે ઢેડવાડા બહાર દર્દીને લાવો, તો આવું. ડૉ. સા. આવ્યા. ઢેડવાડા બહાર બે દહાડાની સુવાવડી બાઇને કાઢી. પછી ડૉ. સાહેબે મુસલમાનને થર્મોમિટર આપ્યું ને તેમણે મને આપી. મેં મારી સ્ત્રીની કાખમાં મૂક્યું. ત્યારપછી થર્મોમિટર મેં મુસલમાનને આપ્યું; તેમણે ડૉ. સા. ને આપ્યું. તેઓશ્રીએ અંધારે દીવે જોઇને કહ્યું કે, 'ન્યુમોનિયા ને મુંજેરો થયો છે.' રાતના આઠનો વખત હતો. ડૉ. સાહેબ ગયા. દવા લાવ્યા. અળસીના લેપનો ડબ્બો હું દુકાનેથી લાવ્યો. દવા કરીએ છીએ. ડૉ. સાહેબે શારીરિક તપાસ કરી નહિ, છેટેથી જોઈ ગયા. રૂા. ૨) ફીના આપ્યા. આવી ગંભીર બીમારી છે.......થી મારા કુટુંબની ખબર કાઢવા આવ્યા છે. ઈશ્વર સુવાણ કરે તો થાય. આ બદલ શું કરવું તે આપ જણાવશો.

લિ૦ આપનો નમ્ર સેવક...

૨

વિ. કે મારો દીવો હોલવાઇ ગયો છે. મારી સ્ત્રી આજે બપોરના બે વાગે સ્વર્ગવાસી થઇ છે. લી. સેવક......

ઉપરના પત્રો ઉપર ચર્ચા કરવી કે બળાપા કાઢવા નકામા છે. ભણેલગણેલ ડૉક્ટર એક મુસલમાન ભાઇને વચમાં રાખવાથી અંત્યજને અડાડેલા કાચ અને પારાના થર્મોમિટરને શુદ્ધ થયેલું માને, બે દિવસની સુવાવડી અને માંદી બાઈ તરફ કૂતરાંબિલાડાં કરતાં પણ વધારે ખરાબ રીતે વર્તે, એ નિર્દય ડૉક્ટરને શું કહેવું? ને જે સમાજ આવી નિંદ્ય વર્તણુક સહન કરી લે, તેને શું કહેવું? તેને માટે તો વિચારીને રડવું એજ માર્ગ દેખાય છે.

("નવજીવન"ના એક અંકમાંથી)

८१–हिंदुपतनो तारणहार

(લેખકઃ–શ્રી. નાનાલાલ કવિ)

(૧)

એક ગુજરાતી તરીકે એ મહારાષ્ટ્રીય વીર શિવરાજ મહારાજની ત્રિશતાબ્દિની જયંતિમાં ભાગ લેતાં આજ હું ગૌરવ માનું છું.

હિંદુપતની પુનઃ સ્થાપના કરનારા વીરને મારી વંદના છે, સારા ગુજરાતની વંદના છે. ગુજરાતના–મહાગુજરાતના પ્રતિનિધિ તરીકે આજ આ સમારંભ વચ્ચે ઉભી વંદન વંદુ છું, એ ભારતવીરને !

ગુજરાતીઓને કાજે તો આજ સાત્ત્વિક અભિમાનનું પર્વ છે.

આપ પૂછશો કે, આજ મહારાષ્ટ્રનો ઉત્સવ છે, એમાં ગુજરાતીઓને શું ? ગુજરાતને શું ?

ઇતિહાસ અનોખીજ વાત ઉચ્ચારે છે.

ચિતોડના રાજપુત્ર સજનસિંહની અગિયારમી પેઢીએ શિવરાજ મહારાજ થયા એ જો ઐતિહાસિક સત્ય હોયઃ

શિવરાજ મહારાજ સિસોદિયા કુલના બાપ્પા રાવળના વંશના હતા એ જો ઇતિહાસ હોયઃ

તો–તો

ચિતોડને યે એ બાપ્પા રાવળ ઇડરે–ગુજરાતે દીધા ચિતોડને પણ ઘેલોહી–સિસોદીયા વંશ ગુજરાતે દીધો, એ ઇતિહાસ છે.

શિવરાજ મહારાજના વડીલોનું વતન ચિતોડ હોય, તો ચિતોડના મહારાણાઓના વડીલોનું વતન ગુજરાત હતું, એમ ઇતિહાસ ઉચ્ચારે છે.

એટલે ઇતિહાસ કહે છે કે, શિવરાજ મહારાજના પૂર્વજોનું મૂળ વતન ઇડર તે વલ્લભીપુર–ગુજરાત હતું.

કાશીપ્રયાગના ગંગાતીર્થમાં નાહો છો એ ઋષિકેશઃ મહા·

રાષ્ટ્ર હરદ્વાર આગળનાં ગંગાતીર્થ એ ચિતોડઃ ત્યાં ગંગાજીએ ગિરિમાળ છોડી, ત્યાં ગંગાજી ધરતીના સપાટ પ્રદેશમાં ઊતર્યાં.

શિવરાજ મહારાજની કુલગંગાના મૂળવંતનનાં તીર્થક્ષેત્ર એમ અમારા ગુજરાત દેશમાં.

મહારાષ્ટ્રીઓ ! ગુજરાતના પ્રતિનિધિ તરીકે ગુજરાતી તરીકે હું આજના ઉત્સવમાં સાચેજ ગૌરવ લઉં છું.

(૨)

બીજું: શિવરાજ મહારાજને કોણે કોણે ઘડ્યા ?

આપ તો જાણોજ છો એ કાળિદાસ કહે છે,

जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।

જગતમાત્રના **पितरौ**—પાર્વતી ને શંકર ભગવાનસમાં, સૌ-સૌનાં માતપિતા.

તે તેમને હોય સૌના જીવનની પ્રથમ વંદના.

શ્રુતિ ભગવતી ઉચ્ચારે છે કે, **मातृदेवो भव । पितृदेवो भव ।**

શિવરાજ મહારાજનાયે પ્રથમ ગુરુઓ એમનાં માતપિતા,

શાહજી ને જીજાબાઇ.

સિંહાદ્રિની શિલાસમા શાહજી હતા. વજ્રના વીર, મહારાષ્ટ્રના બ્રાહ્મણીવંશના ઇસ્લામી નરેશોના સરદાર, પણ ગારવવંતા, સ્વમાનવંતા, ટેકીલા રજપૂતસમા કરડા, એ સમશેરિયા હતા.

દેવગિરિના જાદવવંશની ને એમ શ્રીકૃષ્ણચંદ્રના યદુકુળની જીજાબાઇ હતાં વેલડી.

એ માતાપિતાએ શિવરાજને સરજ્યા.

પિતાએ પુત્રરૂપે પુનર્જન્મ લીધો, માતાએ હૈયાનાં હીર પાઇ ઉછેર્યાં ને ભરયૌવનમાંયે બાલવત્ શિખામણો દીધી.

પુત્રનો રાજ્યાભિષેક નીરખી, જીવનની પરમ કૃતકૃત્યતા પામી, યત્કિંચિત્ જીવનધર્મ અવશેષ નથી રહ્યો માની, જીવનયજ્ઞની જાણે

પૂર્ણાહુતિની આરતી ઉતારી, જગતભરમાં ડંકો ગજાવી, જીજાબાઇ મોક્ષમાર્ગે સંચર્યાં.

એ માતાએ તો જીવનમાં જિંદગીનો મોક્ષ સાધ્યો. એ માતાએ મનના પરમ મનોરથ ધરતીખોળે પૂરા કીધા.

(૩)

શિવરાજ મહારાજના ત્રીજા ગુરુ એમના ધર્મપિતા શ્રીસમર્થ રામદાસ સ્વામી.

જિંદગીનો પાયો ધર્મ છે, રાજ્યનો પાયો ધર્મ છે, સારા સંસારનો પાયો ધર્મ છે; એ સનાતન આર્યભાવના.

શિવરાજ મહારાજમાં એ આર્યત્વ સિંચનાર ને મ્હોરાવનાર શ્રીસમર્થ રામદાસ સ્વામી.

ગ્રાન્ટ ડફ કહે છે તેમ શિવરાજ મહારાજ જન્મે હતા સિંહાદ્રિના વાઘ! સ્થૂલદૃષ્ટ ગ્રાન્ટ ડફે જોયું નથી. તે એજ કે, એ વાઘના આર્યવીર સરજ્યા હતા શ્રીસમર્થ રામદાસ સ્વામીએ.

શિવરાજ મહારાજ હતા ગાંડીવધન્વા અર્જુનઃ એમને નિષ્કામ ધર્મ સદ્બોધ્યો શ્રીસમર્થ રામદાસ સ્વામીએ. શિવરાજ મહારાજના જીવનમાં ગીતાજીના યુગયુગજૂના જગતસંદેશ ઉતાર્યા શ્રીસમર્થ રામદાસ સ્વામીએ.

શિવરાજના રણધ્વજ ઉપર ભગવો ઝુંડો આરોપ્યો શ્રીસમર્થ રામદાસ સ્વામીએ.

ગ્રાન્ટ ડફે નથી પૂરા ઓળખ્યા રામદાસ સ્વામીને કે રામદાસ સ્વામીના નિષ્કામ સદ્બોધને. રામદાસ સ્વામીને, એમની ચીંદડીને ગ્રાન્ટ ડફે પૂરાં પારખ્યાં–પિછાન્યાં હોત તો, લખ્યું છે તે કદાચ ન લખત કે, 'શિવરાજ એટલે સિંહાદ્રિનો વાઘ' 'શિવરાજ એટલે સિંહાદ્રિનો લૂંટારો.'

સિંહાદ્રિમાં તો સિંહ પાકતા અને શિવરાજ એટલે સિંહાદ્રિનો ગાંડીવધન્વા ને શ્રીસમર્થ રામદાસ સ્વામી એટલે એ અર્જુનના શ્રીકૃષ્ણદેવ.

શિવરાજના સંગ્રામોને યજ્ઞસ્વરૂપ કીધા, શિવરાજના રણધ્વજને ધર્મધ્વજ કીધો શ્રીસમર્થ રામદાસ સ્વામીએ.

શ્રીરામદાસ સ્વામી શિવરાજના ધર્મપિતા ને ત્રીજા ઘડનાર.

(૪)

ને શિવરાજને ચોથા ઘડનાર તુળજાપુરનાં ત્રિભુવનેશ્વરી મહાશક્તિ જગદંબા તુળજાભવાની.

એમણે શિવરાજને સમશેર દીધી.

દંડકારણ્યમાં પ્રવેશતાં રામચંદ્રજીને અગસ્ત્ય ઋષિએ બ્રહ્માસ્ત્ર દીધું હતું.

શિવરાજ મહારાજને એમ તુળજાભવાનીએ દીધી સમશેર. શિવરાજ મહારાજની સ્વરાજ્યસિદ્ધિની એ મહાશક્તિ, હિંદુપતની પુનઃસ્થાપનાની એ મહાદેવી, શ્રીશિવરાજ મહારાજની સમશેર ભવાની.

એ ચાર શિવરાજ મહારાજનાં સર્જનહારાંઓ.

(૫)

શિવરાજ મહારાજના જીવનમાંથી મારી આંખ આગળ તો આજ પ્રસંગ તરવરી રહે છે.

કોઈની આંખે તોરણા લીધો એ પ્રસંગ તરવરતો હશે; કોઈની આંખે સિંહગઢ જીત્યો એ તરવરતો હશે; ગઢ આલા, પણ સિંહ ગેલા; કોઈની આંખે આગ્રાનો દરબાર, તો કોઈની આંખે રાયગઢનો રાજ્યાભિષેક તરવરતો હશે.

મારી બે આંખો સમક્ષ બે પ્રસંગો આજ તરવરે છે.

એક તો રામદાસ સ્વામીને રાજ્યસમર્પણ.

ઇતિહાસને ચોપડે કંઇ કંઇ દાન નોંધાયાં છે, પણ આ સમર્પણની જોડ જડવી દુર્લભ છે.

એ તો હતાં જીવનસિદ્ધિનાં પરમ સમર્પણ! જિંદગીભરનાં સાધનસિદ્ધિનાં એ હતાં મહાદાન!

એ અવસરે તો શિવરાજ મહારાજ જીવનનાં પરાક્રમ, જીવનના મહાશ્રમ, જીવનના સકલ રણસંગ્રામ, જીવનની સર્વેયે મહાશક્તિઓ, જીવનસર્વસ્વ ગુરુદેવને સમર્પતા હતા.

ઓ આર્યજનતા! શિવરાજ મહારાજ શ્રીસમર્થ સ્વામીને શું સમર્પતા હતા સકલ જીવનધન, પરમ આત્મભંડાર ગુરુચરણારવિંદે ત્યારે તે ઠલવતા હતા.

એ જીવનસર્વસ્વનાં મહાદાન આંખે આજ તરવરે છે.

(૬)

ને બીજો પ્રસંગઃ એ આળંદીની પર્ણકુટિ, એ તુકારામની સુદામાજીના જેવી ઝૂંપડી. સુદામાજીને ત્યાં જાણે કૃષ્ણદેવ પધાર્યા હોય ને!

પૂનાને શણગારવાની ભાવના શિવરાજને જન્મી. 'પૂનાને સંસ્કૃતિનું તીર્થ કરું; પૂના મારું થાય, મહાશક્તિઓનું ધામ; મહારાષ્ટ્રની રાજધાની બને; મહારાષ્ટ્રની પરમ આત્મભંડારની અલકાપુરી!' શિવરાજ મહારાજને એ સંસ્કારભાવના જન્મી.

અષ્ટપ્રધાનમંડળીને પાઠવી આળંદી. એ કવિવરને, એ ભક્તરાજને જઇ વિનવો મારા પુણ્યપત્તનમાં આવીને વસવા.

અષ્ટપ્રધાનમંડળી આળંદી સંચરી. પ્રણિપાતો કરી રાજસંદેશ ભાખ્યો કે, "મહારાજ વિનવે છે, પુણ્યપત્તન પધારો."

એ સુદામાએ કહ્યું કે, 'દ્વારિકાના વૈભવધામમાં–દ્વારિકાની રાજમંત્રણાઓમાં અમારાં કામ નહિ. મહારાજને આ એક અભંગ આપજો ને કહેજો કે જીવનાં જતન કરે છે એવાં ધર્મનાં જતન કરે."

એથી શું મહારાજને માઠું લાગ્યું કે, એ સુદામાએ કૃષ્ણદેવનાં રાજઆમંત્રણનાં અપમાન કીધાં?

નહિજ. શિવરાજ મહારાજ દેવમાટીના ઘડેલા મહાપુરુષ હતા.

કવિજનના સુદામામંદિરિયે પોતે સંચર્યાઃ " ભક્તરાજ ! પધારો મારે પુણ્યપત્રને. કવિવર ! આવો ને શોભાવો મારી રાજસમૃદ્ધિને."

ભક્તરાજે મહારાજનેયે નકાર્યા, કવિવરે રાજવૈભવનીયે ના પાડી. " રાજા ! માણ તારા રાજવૈભવને ને ખેલ તારાં સંસારકુરુક્ષેત્ર. જાળવજે જીવથીયે અદકેરો એક તારા સ્વધર્મને. "

આજેયે શિવાજી મહારાજને પગલે પગલે પુણ્યપત્રનથી આળંદી પાલખી પરવરે છે એ ભક્તજનની વંદનાએ, એ કવિવરના અભિનંદનાર્થે.

ને શ્રોતાજનો હો ! ત્રણ ત્રણ સદીઓથી—આજ ત્રીજી સદી પૂરી થાય છે, ચોથી સદીનું પ્રભાત ઊગે છે—ભારતવર્ષ કોને પૂજે છે ? એ દેહધારી શિવરાજની વ્યક્તિને ? કે સંગ્રામજયિની એ શિવરાજની સમશેરને ?

ના, ના. એ દેહધારીને એ ભારતજનતા પૂજતી નથી આજ; એ સંગ્રામ સોહાવતી વિજયવરશાલિની સમશેરનેયે આરાધતી નથી આજ.

ભારતજનતા એ વીર હૈયામાંની ભાવનાને વંદન વંદે છે.

(૭)

સજ્જનો ! શિવરાજને ઓળખો છો ? શિવરાજ એટલે કોણ ?

શિવરાજ મહારાજ એટલે ' ધી ગ્રેટેસ્ટ હિંદુ સિન્સ પૃથ્વીરાજ ચૌહાન ! ' છેલ્લી સાત સાત સદીઓમાંનો હિંદુપતનો રાજમુગટ, હિંદુત્વનું રાજતિલક !

૧૧૯૩માં પૃથ્વીરાજ ચૌહાણ પડ્યો; દિલ્હી પડી; સાથે હિંદુપત પડી. હિંદુ પાદશાહત આથમી.

શિવરાજ મહારાજને હિંદુ પાદશાહતની પુનઃ સ્થાપનાનું સ્વપ્નું સાંપડ્યું; " દિલ્હી જીતું; ભારતના એ સનાતન સિંહાસને હિંદુપતની પુનઃ સ્થાપના કરું."

હૈયાની ઝાળ સમી એ મહાભાવના શિવરાજ મહારાજ ન સાધી શક્યા. એમના પૌત્રના મંત્રીકુલદીપકે, એક ક્ષણભરના લીંબુઉછાળ

રાજપદની પેઠે, ઘડીક દિલ્હી જીતી; ઘડીક એ પાંડવજૂના કિલ્લાઓને કાંગરે ભગવો ઝુંડો ફરકાવ્યો, ઘડીક ભારતવર્ષને સનાતન સિંહાસને હિંદુપતની પુનઃ સ્થાપના કીધી; ઘડીક શિવરાજ મહારાજનું સ્વપ્નું સાચું પાડ્યું.

વિધિના આંક અવળા હશે. એ બધું સ્વપ્નવત્ ક્ષણજીવી નીવડ્યું.

ભારતનું હિંદુત્વ એના હૈયામાંના અણતાપ્યા હુતાશને આજ પૂજે છે. શિવરાજ મહારાજની મનોભાવનાને પૂજે છે.

એના રોમેરોમ ઉચ્ચરતા હિંદુપતની પુનઃ સ્થાપના: એના છિદ્રછિદ્રમાંથી નિર્ઝરતો હિંદુપતની પુનઃ સ્થાપનાનો મહામંત્ર.

ભારતનું હિંદુત્વ આજ પૂજે છે છેલ્લી સાતસાત સદીઓના એ હિંદુકુલતિલકને.

મેવાડનો રાણો પ્રતાપ. પંજાબકેસરી રાજ રણજિતસિંહ. વેદટંકારકારી બ્રહ્મચર્ય બિરદયશસ્વી મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી: એ ત્રણ એવીજ મહાભાવનાના વારસો, એવીજ મહાપ્રેરણાના પ્રેરિતો !

પણ શિવરાજ મહારાજ તો હિંદુપતની એ મહાત્રિપુટીનાયે મુગટમણિ !

રાણા પ્રતાપની 'નેગેટિવ' ભાવના હતી, 'ન નમું.' રાણા પ્રતાપની પ્રતિજ્ઞા હતી 'મેવાડ મુગલોને નહિ જાય.' મહારાણા પ્રતાપને પોઝિટિવ કંસ્ટ્રક્ટિવ મહાભાવના ન હતી કે, "દિલ્હીને જીતું, દિલ્હીને તખ્તે હિંદુપતને સ્થાપું, ભારતવર્ષમાં હિંદુપતની પુનઃ સ્થાપના કરું."

પંજાબકેસરી રણજિત, શીખોનો સિંહ, ગુરુઓનો વીર, એ તો પંજાબકેસરીજ રહ્યો, ભારતકેસરી ન થયો. એને એ ભાવ નહોતા જાગ્યા કે પંજાબકેસરી ખીલી ભારતકેસરી થાઉં.

ને સ્વામી દયાનંદ સરસ્વતી? સ્વામીજીને સ્વપ્નાં પડ્યાં હતાં આર્ય–સંસ્કૃતિને પુનર્જન્મે અવતારવાનાં. ભારતનું સનાતનત્વ, ભાર-

તની સર્વશ્રેષ્ઠ સંસ્કારિતા, ભારતની વેદપ્રાચીન સંસ્કૃતિ, ભારતનું કાળજૂનું આર્યત્વ આંગણે આંગણે રોળવાનાં એ સંન્યાસીને પડ્યાં 'તાં સ્વપ્નાં.

જગતમાં આર્યત્વ અમર છે; ને સાચ્ચાં પડશે અધ્યાત્મખંડે સ્વામીનાં એ સ્વપ્નાં, ક્યારેક ને પૃથ્વીભરમાં !

પણ આજ તો સ્વામી દયાનંદ સરસ્વતી એટલે શિવરાજવિહોણા શ્રીરામદાસ સ્વામી. ૧૯ મી સદીમાં મહર્ષિ દયાનંદજીને શિવરાજ મહારાજ ન સાંપડ્યા. પોતે શ્રીસમર્થના સમોવડિયા ખરા: એમને ન લાધ્યા શિવરાજ મહારાજ!

ઇતિહાસની સારવણી સારવતાંયે એમ શિવરાજ મહારાજ એટલે છેલ્લી સાત સાત સદીઓના હિંદુત્વના મંદિરના ધર્મધ્વજ !

જનતા આજ એમના હિંદુત્વને પૂજે છે, એમની એ મહાભાવનાને પૂજે છે.

શિવરાજ મહારાજનો સારોયે જીવનસમારંભ હતો હિંદુત્વનો મહાયજ્ઞ, ને એ મહાયજ્ઞની વેદીના હુતાશની કાળીકરાળી જિહ્વાઓ ઉચ્ચારતી ને રટતી ને ફડફડતી હતી એકજ મહામંત્ર: હિંદુપતની પુનઃ સ્થાપના! હિંદુપતની પુનઃ સ્થાપના !

આજ એ યજ્ઞભસ્મને ભારતનું હિંદુત્વ લલાટે આંકે છે, ભાગ્યદેશે ચડાવે છે, આત્મવંદના વંદે છે.

એ હૈયાના હુતાશને અભિવંદવા આ સમારંભે આજ એકઠો મળ્યો છે.

આપ સૌની સંગાથે મારીયે શિરસા વંદના છે, આનમ ઢાળીને અભિવંદના છે એ ભારતવીરના હૈયાના હુતાશને, એ ધર્મધ્વજીની મહાભાવનાને, સત્તરમા સૈકાના એ હિંદુપતના ગાંડીવધન્વાને !

('સૌરાષ્ટ્ર'ના એક અંકમાંથી)

૮૨–हिंदुवटनो रक्षणहार

(લેખકઃ–શ્રી. સાધુ વાસવાણી)

દક્ષિણના ડુંગરાઓમાં જાણે આજેયે એકલા અટૂલા ભટકતા દેખાતા એ પુરુષવરનું–શિવાજી મહારાજનું–પ્રાતઃસ્મરણીય નામ સ્મરણે ચડતાં, ઈંગ્લેંડના એ ક્રોમ્વેલ અને ઇટાલીના એ ગેરિબાલ્ડી, અમેરિકાના એ અબ્રહામ લિંકન અને હંગેરીના એ ડીકની મૂર્તિ-ઓ આંખ સામે ખડી થાય છે. ત્રણસો વર્ષ પહેલાં, મહારાષ્ટ્રમાં સ્વાધીનતાનો ભગવો ઝંડો ફરકતો કરનાર એ રાષ્ટ્ર–વીર નરસિંહની રોમાંચકારી જીવનલીલા અંતર–ચક્ષુથી નીરખતાં, ઘડીભર એમજ મનમાં વસી જાય છે કે, આજેયે તેના જીવન–સાથી ઘોડા ઉપર પલાણેલો એ પુરુષ, પૂનાના રાજમાર્ગ ઉપર એકાકી ઊભો ઊભો, ફિરંગીઓનું પ્રબલ સામ્રાજ્ય અને હિંદીઓની એટલીજ નિરાધાર નિર્બળતાને લાલ આંખે જોતો જોતો, તેના મરાઠા સરદારોને પડ-કારી રહ્યો છે કે, “ અય મર્દો, ફરી એક વાર સંઘબળ જમાવો અને સમરાંગણની વાટ લો ! ” આટલું પ્રેરણાદાયી, આટલું પ્રતાપી જીવન હિંદના ઇતિહાસમાં બીજા કયા નરનું છે ?

એ વિભૂતિ એક મહારાષ્ટ્રનીજ દોલત નથી; પણ તે સમસ્ત હિંદુસ્તાનની અને સકલ માનવ–જાતની સમૃદ્ધિ છે. એ નરશાર્દૂલ એક મરાઠા કોમનીજ નહિ, એક હિંદુજાતિનીજ નહિ, પણ દુનિ-યાના પડ ઉપર જ્યાં જ્યાં સ્વાધીનતાના પૂજારી અને શૂરવીરતાના ભક્તો વાસ કરતા હોય, જ્યાં જ્યાં સ્વાર્થત્યાગનો મહિમા મનાતો હોય–ત્યાં ત્યાંની તમામ પ્રજાઓની એ મિલકત છે.

× × × ×

અને છતાં, ક્રોમ્વેલ અને ગેરિબાલ્ડીની ગુણ–ગાથાઓ અજબ ભક્તિભાવપૂર્વક ગાનારા એના એ અંગ્રેજ ઇતિહાસકારોએ આ પુરુષને

કેવો કદ્રૂપો ચીતર્યો છે? એક અંગ્રેજે, એ અનન્ય દેશભક્તને અને સમરવીરને લૂંટારાઓનો સરદાર આલેખ્યો છે, ત્યારે બીજાએ તેને રખડુ મવાલી માન્યો છે અને ત્રીજાએ 'ડુંગરનો ઉંદર' કહ્યો છે અને એ આપણાં બાળકો, આપણી શાળાઓમાં, આપણા દેશના ઇતિહાસ તરીકે ભણે છે!

શિવાજીનો અવતાર થયો, ત્યારે ભારતવર્ષની અતિકરુણ દુર્દશા હતી. ઇસ્લામની ઉજ્જ્વળ પ્રણાલીઓ ભૂંસાવા માંડી હતી. મોગલોના અંતિમ દિવસોમાં, પ્રજા અરાજકતાના અને અસ્તવ્યસ્તતાના ત્રાસ નીચે, જુલમજહાંગીરી અને કરવેરાની અતિશયતાના ભારણ નીચે પિલાતી હતી. મુસ્લિમ ખલીફાઓની સાદગી અને પવિત્ર જીવનની પરંપરા તૂટી હતી અને ઇસ્લામનાં અનિયંત્રિત બળો હિંદુ શિલ્પકળાના સર્વોત્તમ નમૂનાઓને પયગંબરને નામે જમીનદોસ્ત કરવામાં મચ્યાં હતાં. એ વખતે શિવાજી અને તેનું મરણિયું મરાઠી કટક દક્ષિણની ક્ષિતિજ ઉપર દેખાયું. એ વખતે શિવાજીએ તેના અનુપમ બાહુબળથી, હિંદુત્વની અને હિંદદેશની રક્ષા કરી અને 'રક્ષણહાર'નો ગૌરવપ્રદ ખિતાબ તેના નામ સાથે જોડાયો.

હિંદુઓ તેને હિંદવટના રક્ષણહાર તરીકે પિછાની ગૌરવ લે છે અને એ પણ સાચુંજ છે. તેણે મુસ્લિમ આક્રમણકારીઓ સામે તેના સૈનિકોની કિલ્લેબંદી રચી, મહારાષ્ટ્રની રક્ષા કરી એ નિર્વિવાદ છે; પણ શિવાજી મહારાજની પૂજા તો એક હિંદુ તરીકે કરતાં એક હિંદી તરીકે થવી ઘટે છે. આજેયે જૂનાં મરાઠી દફતરોમાંથી એ શિવાજીએ તેના સિપાઇઓને સંબોધેલાં ફરમાન નીકળે છે કે, 'મુસ્લિમોના હિંદુમંદિરના હલ્લા વખતે સામે થજો, પણ કદી મુસ્લિમ ફકીર કે મુસ્લિમ મસ્જિદ ઉપર હાથ ઉગામશો નહિ." શિવાજીની રગેરગમાં હિંદુ સંસ્કૃતિના અમૃત વહેતાં હતાં; એટલેજ તેની દૃષ્ટિ રાષ્ટ્રવિધાતાની હતી.

અને આ મહાનુભાવના હૃદયમાં કેવા કેવા ઉદાત્ત ગુણોનું

સંમિલન થયું હતું? કદાચ એજ શક્તિ તેના બધા વિજયોની અને તેની જ્વલંત જીવનલીલાની વિધાત્રી છે. એ ઉદાત્ત ગુણોનાં અનેક દૃષ્ટાંતો મશહૂર છે; પણ એ માંહેના બે શિરોમણિ પ્રસંગો નોંધવા જેવા છે.

× × × ×

શિવાજીએ કલ્યાણનો કિલ્લો સર કર્યો. કલ્યાણનાં મુસ્લિમ કુટુંબો શિવાજીના સૈન્યની સત્તા નીચે આવ્યાં. એક સૈન્ય-નાયકે શિવાજી મહારાજને ખુશ કરવા, તેની અલ્પમતિ મુજબ, કલ્યાણના પરાસ્ત થયેલા સરદારની પુત્રીને પકડી, શિવાજીને ભેટ ધરી. એ મુસ્લિમબાળા અત્યંત રૂપવતી હતી. શિવાજીએ તેના પ્રત્યે એક પવિત્ર નજર નાખી, તેને બહેનના વહાલભર્યા સંબોધને બોલાવી, પોતાની માતા પાસે દીકરી તરીકેનું લાલન-પાલન પામવા મોકલી દીધી. પછી બીજે દિવસે પોતાના સિપાઇઓનો અને સરદારોનો દરબાર ભર્યો. તે બાળાને દરબારમાં બોલાવી. આખી સભા સ્તબ્ધ બની ગઈ. બાળાને ઢળેલે નેત્રે સભામાં પ્રવેશ કરતી જોઇ, શિવાજી તેના માનમાં ઊભા થયા અને સૌથી ઊંચેરું આસન એ યુવતીને આપ્યું.

"આ મુસ્લિમ બાળા મારી ધર્મ-ભગિની છે. મારી માતાએ મારું પારણું ઝુલાવતાં હાલરડાં ગાયેલાં કે રાવણ મહાન હતો, પણ તેણે સીતા પ્રત્યે કુદૃષ્ટિ કરી અને તેનો નાશ થયો. માતાનું એ વચન મારે માટે શાસ્ત્રાજ્ઞા છે." શિવાજીએ એની ધર્મ-બહેનને પહેરામણી કરી અને પછી તેના પિતા પાસે સહીસલામત પહોંચાડી. શિવાજીને ખુશ કરવા આ અપકૃત્ય આચરનાર પેલો સૈન્ય-નાયક આખી સભાના ફિટકારનો માર્યો જાણે ત્યાં ને ત્યાં જમીનમાંજ સમાઇ ગયો!

× × × ×

જેવું શિવાજીનું ચારિત્ર્ય વિશુદ્ધ હતું, તેવીજ ઉચ્ચતમ ધર્મમયતા અને નિઃસ્પૃહતા તેના જીવનમાં છલોછલ ભરી હતી.

મહારાષ્ટ્રના નવજન્મમાં અપ્રકટ છતાંયે અત્યંત જબ્બર હિસ્સો આપનાર, ભગવા ઝુંડાના સંસ્થાપક સ્વામી રામદાસ શિવાજીના ગુરુ હતા. શિવાજીએ તેની જીવનદીક્ષા આ ગુરુને ચરણે લીધેલી. એ જીવનદીક્ષાને પ્રતાપે શિવાજીના ભાગમાં મહાન મરાઠા સામ્રાજ્યનું વિધાન કરવાનું સાંપડયું. મોગલસમ્રાટ જેને નામે કાંપી ઊઠે, એવા એક બલિષ્ઠ હિંદુસમ્રાટ તરીકે સારા દેશમાં તેની ગણના થવા માંડી હતી. શિવાજીના જીવન ઉપર કીર્તિનો કળશ ચડી ચૂક્યો હતો. ગૌબ્રાહ્મણપ્રતિપાલ શિવાજી મહારાજના નામની છડી મહારાષ્ટ્રમાં ઠેકાણે ઠેકાણે પોકારાતી હતી.

એ સમયમાં એક દિવસ શિવાજી, સમ્રાટને શોભે એવા રસાલા સાથે સતારા ગયા. ત્યાં તેના ગુરુજી વસે છે એવા તેને સમાચાર મળ્યા અને અચાનક તેના ગુરુદેવને પાસેના આંગણામાં ભિક્ષાપાત્ર લઇને 'મૈયા ભિક્ષા દે' નો અવાજ દેતા જોયા. શિવાજી ગદ્‌ગદિત થઇ ગયા. તેની આંખો સજળ બની. શિવાજી દોડયા. રામદાસજીના ચરણમાં લોટી પડયા.

"પ્રભુ મારું આંગણું પાવન કરો" અતિશય નમ્રભાવથી શિવાજીએ પ્રાર્થના કરી. ગુરુ રામદાસ શિવાજીની સાથે ચાલ્યા. શિવાજીએ ગુરુદેવનું પોતાના આંગણામાં સ્વાગત કરતાં એક કાગળ તેમના ભિક્ષાપાત્રમાં મૂક્યો.

"આ શું છે? હું ભૂખ્યો છું. મારે તો ભિક્ષા જોઇએ છે, અને તું તો કાગળનો ટુકડો આપે છે!" ગુરુદેવ બોલ્યા.

ગુરુજીએ કાગળ ઉપાડ્યો, ઊંધો–અવળો ફેરવ્યો. તેમાં શિવાજીએ લખ્યું હતું કે, "હું આપનો નમ્ર સેવક છું. આ સામ્રાજ્ય આપને અર્પણ છે."

રામદાસજી ખડખડાટ હસ્યા: "ત્યારે હવે તું શું કરીશ?"

"આપની સેવા."

"તારાથી આ ભગવાં અને ભિક્ષાપાત્ર ધારણ થઇ શકશે?"

"આપની કૃપાથી થશે." શિવાજીએ નમ્રભાવે નમસ્કાર કર્યા.

શિવાજીએ ભગવી કંથા પહેરી અને હાથમાં સંન્યાસીનું કમંડલુ ઉપાડયું. મરાઠાસામ્રાજ્યનો સ્થાપક ઘેર ઘેર ભિક્ષા માગવા તૈયાર થયો ! રામદાસ અત્યંત પ્રસન્ન થઇને શિવાજીને જોઇ રહ્યા.

"બેટા ! તને આ ન શોભે. તું તો ક્ષત્રિય છે. તારો ધર્મ રાજ્ય કરવાનો છે. લે, આ રાજમુકુટ પહેરી લે."

"જી, મેં રાજ્ય આપને અર્પણ કર્યું છે. હવે હું આપનો સેવક છું."

"ઠીક, લે તો હું તને આજ્ઞા કરું છું કે રાજા તરીકે નહિ, પણ ધર્મના સેવક તરીકે આ રાજ્યનો વહીવટ કરજે." શિવાજીએ ફરીવાર મસ્તક નમાવ્યું !

અને ધર્મના સેવક તરીકે–ભગવા ઝુંડાના રક્ષક તરીકે–શિવાજીએ કેવો ઉજ્જવળ કારભાર ચલાવ્યો તેનો સાક્ષી ઇતિહાસ છે !

("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

૮૩–हिंदुवटने हाकल !

"હિંદુ સંગઠન એટલે હિંદુ નામ ધરાવતા આ આર્યભૂમિના એક એક પુત્રને હિંદુત્વના ભગવા ઝુંડા નીચે ખડો કરવો તે. હિંદુ સંગઠન એટલે ગમે તે પંથ કે ફિરકાનું તિલક કરતા પણ દિલમાં હિંદુત્વનું ઉજ્જવળ અભિમાન સંઘરતા બાવીસ કરોડ આર્યોને હિંદુત્વની દુહાઇ સ્વીકારતા કરવા તે. આવી આત્મસંરક્ષક પ્રવૃત્તિને જો કોઇ આક્રમણ કહેતું હોય તો હું કહું છું કે, અમે આક્રમણકારી છીએ.

"કેટલાક શુભચ્છકો કહે છે કે, સંગઠનની હિલચાલ દિવસે દિવસે અસહિષ્ણુ બનતી જાય છે. એ બિરાદરોને મારો પ્રશ્ન છે કે, તમે સહિષ્ણુતા કોને કહો છો ? જો સહિષ્ણુતા એટલે નીચી મૂંડીએ

હલ્લો સહી લેવો એમ હોય, જો સહિષ્ણુતા એટલે તમારું જીવન હણી નાખવાને પ્રવૃત્ત થયેલાં બળો સામે પણ તમારે ચૂપ રહેવું એમ અર્થ થતો હોય, તો હું કહું છું કે, હિંદુ હવે એ સહિષ્ણુતામાં નથી માનતો. એ સહિષ્ણુતા નથી. એ આત્મસંહાર છે. કોઇ કોમ આત્મસંહારમાં નજ માની શકે.

"હિંદુઓને એટલુંજ કહેવા માગું છું કે, તમને આ પૃથ્વી ઉપરથી સાફ કરી નાખવા જબ્બર પ્રવૃત્તિ ચાલી રહી છે. એ આક્રમણકારી પ્રવૃત્તિની હાજરીમાં તમે નિષ્ક્રિય રહેશો એ નહિ ચાલે. હિંદુના આજની લાચાર દશા એ તેની નિષ્ક્રિયતાનુંજ પરિણામ છે. કોઇ ન માનજો કે, હિંદુધર્મ અપમાનો બરદાસ્ત કરી લેવા સૂચવે છે. હિંદુઓ! વસ્તુસ્થિતિને ઓળખો અને તેનો મર્દાનગીપૂર્વક સામનો કરો.

"દુનિયાની કોઈ પણ પ્રજા જેને માટે મગરૂર બની શકે એવા તમારા વિશિષ્ટ ધર્મ અને સંસ્કૃતિ ઉપર આજે આફત ઝઝૂમી રહી છે. કાં તો તમે તમારા મનુષ્યત્વની ઘોષણા કરો અને આફતને ટાળી નાખો અને કાં તો તમારી ગરવી સંસ્કૃતિને અને તમારા પ્યારા ધર્મને ભીરુતાપૂર્વક નાશ પામવા દો. હિંદુઓની જો આજની મનોદશા નહિ બદલાય, તો હિંદુકોમ અને હિંદુધર્મ તથા હિંદુસંસ્કૃતિનો આ પૃથ્વી ઉપરથી લોપ થશે......! હું દુનિયાના દેશદેશમાં ભટકયો છું અને મેં તમામ પ્રજાઓના ઇતિહાસ અને સંસ્કૃતિનું અવલોકન કર્યું છે. એ બધા પછી, હું પ્રમાણિકપણે માનું છું કે, હિંદુસંસ્કૃતિ અને હિંદુ જીવનની કયાંય જોડી મળે તેમ નથી. મને શ્રદ્ધા છે કે, એક દિવસ આખું જગત આ હિંદુસંસ્કૃતિની ઉપાસના માંડશે; પણ એ શુભ દિવસ ઊગે ત્યાંસુધી, હિંદુઓ! તમે તમારી સંસ્કૃતિને જીવતી રાખી શકશો?"

("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી લાલા લજપતરાયના ભાષણમાંથી)

८४—बडों की यारी

(લેખકઃ—સંસાર—જ્વાલા—દગ્ધ—દાસ)

વહ મૂર્ખ હૈ—

(૧) જો યહ નહીં જાનતા, કિ બડોં કી યારી બાલૂ કી ભીત હૈ અથવા "બડોં સે આસ રખે; પર પાસ ન જાયે."

(૨) જો યહ નહીં જાનતા, કિ મનુષ્ય સૂર્ય કી ગરમી તો સહ લેતા હૈ; પરંતુ બાલૂ કી ગરમી સે ઉનકી જાન હી ચલી જાતી હૈ.

(૩) જિસને આજતક નહીં સુના, કિ લંકા કે રાક્ષસોં કો રામ કે બાણોં સે ઉતની ચોટ નહીં પહુંચી, જિતની વ્યથા ઉન કે પ્રાણોં કો બંદરોં કી દાંતા—કિલ—કિલ સે હુઇ થી.

(૪) જો યહ સમઝતા હૈ, કિ બડે આદમી પ્યાર દિખલા રહે હૈં, વહ ઉનકી ઉદારતા યા ગુણગ્રાહકતા હૈ.

(૫) જો યહ નહીં જાનતા, કિ બડે લોગ છોટોં કો મહજ ખયાલ કે ઝોંક મેં આકર યા અપને મતલબ કે લિયે હી અપનાતે હૈં.

(૬) જો યહ સોચતા હૈ, કિ બડે આદમિયોં કી ખુશામદ મેં ફાયદા હૈ.

(૭) જો બડે આદમિયોં કી છત્રછાયા મેં ખડા હોકર સંસાર-જ્વાલા સે જલે હુએ કૃતી પુરુષોં કા અપમાન કરતા હૈં.

(૮) જો બડે આદમિયોં કા કૃપાપાત્ર બનકર અપની બરા-બરી યા અપને સે હીન અવસ્થાવાલે અભાગે મનુષ્યોં કી હંસી ઉડાતા હૈ.

(૯) જો યહ નહીં જાનતા, કિ બડે ઔર છોટે કા મિલન તભી મંગલકારી હોતા હૈ, જબ દોનોં અપની—અપની અવસ્થા સમઝ બૂઝકર મિત્રતા કરતે હૈં.

સમય

મૂઢ મનુષ્યઃ—

(૧) યહી સોચતા હૈ, કિ ઉસ કે યે સુખ યા દુઃખ કે દિન સદા ઐસે હી બને રહેંગે.

(૨) યહ નહીં સોચતા, કિ બૂરે દિન આને પર સોના ભી છુઓ તો મિટ્ટી હો જાતા હૈ ઔર અચ્છે દિન આને પર મિટ્ટી ભી છૂને સે સોના બન જાતી હૈ.

(૩) યહ નહીં સોચતા, કિ સમય કેવલ એક હી બાર આતા હૈ. ઉસ મોકે સે જો લાભ નહીં ઉઠાતા, ઉસે જન્મ-ભર પછતાના પડતા હૈ.

(૪) યહ નહીં જાનતા, કિ એક દિન કી ભૂલ જન્મ-ભર જી જલાયા કરતી હૈ.

(૫) ઇસ બાત કો ભૂલ જાતા હૈ, કિ એક રાત કા પાપ તીનપુશ્ત (પેઢી) તક પીછા નહીં છોડતા.

(૬) યહ નહીં જાનતા, કિ બૂરે દિન આને પર બડી સાવધાની ઔર હોશિયારી સે રહના પડતા હૈ.

(૭) યહ ભૂલ જાતા હૈ, કિ બૂરે દિન આને પર કિસી કો બાબા કહ કર પુકારને પર ભી વહ ઇસે અપના અપમાન સમઝતા હૈ.

(૮) યહ નહીં જાનતા, કિ બૂરે દિનોં મેં કોઇ કિસી કા અપના નહીં હોતા.

(૯) યહ નહીં જાનતા, કિ સમય કા ફલ મીઠા હોતા હૈ—સમય પર કા કિયા હુઆ કામ હી અચ્છા હોતા હૈ.

પરોપકાર

મૂઢ મનુષ્યઃ—

(૧) પ્રત્યુપકાર કી આશા સે અથવા કિસી કો કૃતજ્ઞતા-પાશ મેં બાંધ લેને કી ગરજ સે પરોપકાર કરતા હૈ.

(૨) સોચતા હૈ, કિ ઉસને, જિસકી ભલાઇ કી હૈ, ઉસકો ઔર ઉસકે ચૌદહ પુરુષોં કો ખરીદ લિયા હૈ.

(૩) યહ સોચકર ઉપકાર નહીં કરતા, કિ ઇસ પ્રકાર કી તો ફિર ચર્ચા હી નહીં હોગી. બલ્કિ ઉસને ઔર કુછ ભલાઇ ક્યોં નહીં કી, ઇસ કે લિયે ઉસકી નિંદા હોગી.

(૪) યહ સોચતા હૈ, કિ ઉપકાર કર કે વહ કિસી કો સંતુષ્ટ કર સકેગા.

(૫) યહ નહીં જાનતા, કિ કિસ કી ભલાઇ કરના, સો અપના કર્તવ્યપાલન કરના હૈ, અપની સ્વાભાવિક શુદ્ધ વૃત્તિ કા અનુશીલન ઔર અપની ઉન્નતિ કા સોપાન હૈ.

(૬) યહ નહીં સોચતા, કિ ઉસને કિસ કી ભલાઇ કી હૈ. ઉસ કે દિન અચ્છે હોને પર વહ ઉસકે સામને આને કો ભી રવાદાર નહીં હોગા; ક્યોં કિ ઐસા કરને સે ઉસે અપની પિછલી દુરવસ્થા યાદ આ જાયેગી યા દૂસરે લોગ જાન જાયેંગે.

(૭) યહ ભૂલ જાતા હૈ, કિ જિસપર ઉપકાર કિયા જાતા હૈ, વહ ભી મનુષ્ય હી હૈ. ઉસકે ભી સાધ હૈ, અભિલાષા હૈ, આશા હૈ, દુરાશા હૈ, હિંસા હૈ, દ્વેષ હૈ, તૃપ્તિ હૈ, વિરક્તિ હૈ.

(૮) યહ સોચતા હૈ, કિ જિસપર ઉપકાર કિયા જાતા હૈ, વહ સભી વિષયોં મેં હીન હૈ.

(૯) યહ નહીં સોચતા, કિ દેશ, કાલ ઔર પાત્ર કા વિચાર કર કે દાન કિયા જાતા હૈ.

(૧૦) યહ ભૂલ જાતા હૈ, કિ અકસર ઉપકાર પાનેવાલે (કુપાત્ર આદમી) કે પુત્ર યા આત્મીય ઉપકાર કરનેવાલે કે પુત્ર યા આત્મીય કે શત્રુ હોતે હૈં.

(૧૧) યહ નહીં સમઝતા, કિ ઉસ કે બાપ, ભાઇ યા આત્મીય જો ઉપકાર કરતે હૈં, ઉસકે લિયે વહ કૃતજ્ઞતા પાને કા અધિકારી નહીં હૈ.

સ્વામી ઔર સેવક

(૧) સ્વામી ઔર સેવક કા સંબંધ મધુર નહીં હો સકતા, યદિ દોનોં કો હી અપને વ્યક્તિત્વ કા અભિમાન હો.

(૨) સ્વામી ઔર સેવક દોનોં હી એક–દૂસરે કો મૂર્ખ યા વહમી સમઝતે હૈ.

(૩) યહ સમઝના નિરી મૂર્ખતા હૈ, કિ સ્વામી સદા, સબ સમય, સેવક સે શ્રેષ્ઠ જીવ હૈ.

(૪) યદિ અપની કુછ તરક્કી હોને કી આશા રહતી હૈ, તભી નૌકર માલિક કી ઉન્નતિ કે લિયે ભગવાન સે પ્રાર્થના કરતા હૈ.

(૫) નૌકર સોચતા હૈ, કિ માલિક કે ઘર ચોરી ન કરું, તો ક્યા દૂસરે કે ઘર ચોરી કર કે ચોર કહલાઉં ?

(૬) માલિક સોચતા હૈ, કિ અપને નૌકર પર ગુસ્સા ન દિખાઉં, તો કિસી ઔરપર દિખાકર ક્યા માર ખાઉં ?

(૭) બહુત સે બડે આદમી અપને માલિક કા ધન ચુપચાપ ચુરા કર હી પૈસેવાલે બને હૈં.

("હિંદુપંચ" ના એક અંકમાંથી)

૮૫–हिंदुजाति ! रो आंसु चोधार, केवो तारो सळगतो संसार ! !

(સળગતા સંસારની આ કારમી કથા ગુજરાતના એક શહેર-માંથી એક બહેન લખી મોકલે છે. પાપી વૃત્તિનો જેઠ નામનો એક નરરાક્ષસ પોતાના પાપકૃત્યમાં કેટલે સુધી પરવરે છે અને માડી-જાયાના પ્રાણ ઝૂંટવી લેવા ક્યાં સુધી હામ ભીડે છે, તે કથા રોમાંચક છે. અહિંસક અને ધર્મપ્રાણ હિંદુજાતિ ! ચેત અને તારા જીવનને વિશુદ્ધ અને ઉન્નત બનાવવા ઘરના કચરાને સળગાવી મૂક !–તંત્રી)

(૧)

આરંભમાંજ કહી દઉં કે, આ મારી પાપકથા છે, કલંકકથા છે, જીવનની કાળી બાજુની કથા છે; પરંતુ મારા જેવી અનેક ભોળી સ્ત્રીઓને ભરમાવનાર પાપી સ્વજનોથી આ કથા વાંચનારા ચેતતા રહે, એ હેતુથી પ્રેરાઇને હું આજે મારી કલંકકથા કહેવા તૈયાર થઇ છું.

સંસારસાગરમાં સ્ત્રીજાતિને ભરખી જવા માટે તેના નિકટના સ્વજનોજ ક્રૂર મગરમચ્છસ્વરૂપે કેવા તલપી રહેલા હોય છે, તેથી બિચારી ભોળી સ્ત્રીઓ અજ્ઞાન હોય છે, એમની એ અજ્ઞાન તથા નિરાધાર દશાનો લાભ લઇ તેમને યોગ્ય માર્ગેથી કેવી રીતે ચલિત કરવામાં આવે છે, તે મારી દુઃખી કથા બતાવશે. એ જાણીને મારી બહેનો ચેતતી રહે અને તેમની અજ્ઞાનતાનો દુષ્ટો લાભ ન લે એટલી સાવધાન થાય તો, મારી કલંકકથા પણ ઉપયોગી થયેલી માની મને સંતોષ થશે.

(૨)

ગુજરાતની એક સામાન્ય જ્ઞાતિમાં મારો જન્મ થયો છે. મારું જન્મસ્થાન ગુજરાતના એક મોટા શહેરમાં છે. અમારી જ્ઞાતિમાં બાળલગ્નની નવાઇ નથી! મારું લગ્ન પણ એજ રીતે મારી ત્રણ વરસની ઉંમરે કરવામાં આવ્યું હતું. મારા પતિની ઉંમર મારા કરતાં માત્ર છજ માસ વધારે હતી! ત્રણ વરસની વહુ અને સાડાત્રણ વરસનો વર! આનું નામ લગ્ન! હા, પણ ગુજરાતમાં આવી રમતોને પણ લોકો બેલાશક લગ્નનું નામ આપી, ‘લગ્ન’ એ ભવ્ય સંસ્કારની બેલાશક મશ્કરી ઉડાવી શકે છે!

પરણ્યા પછી ત્રણ વરસે હું એકડો ઘૂંટતી થઈ. તે પછી ધીરે ધીરે નિશાળમાં આવતી થઇ અને થોડુંઘણું અક્ષરજ્ઞાન મેળવ્યું; પણ જે જ્ઞાતિમાં ત્રણ વરસની બાળકીને પરણાવી દેવામાં આવતી હોય તે જ્ઞાતિ તેને સરસ્વતીમંદિરમાં ક્યાં સુધી રહેવા દે? અને સાસરે વળા-

વવાની પણ ઉતાવળ શું કામ ન કરે ? મારે ભાગ્યે પણ વિધાત્રીએ એથી જુદા આંકડા પાડ્યા નહોતા !

(૩)

સાસરામાં અમારું કુટુંબ ઠીક ઠીક ગણાતું. કુટુંબમાં માણસો પણ પ્રમાણમાં ઠીક સંખ્યામાં હતાં. સસરાજી તો પહેલેથી પરલોક સિધાવ્યા હતા, પરંતુ સાસુ, જેઠ, જેઠાણી અને બે દિયર એ પાંચ અને અમે બે મળી એકંદર સાત માણસો ઘરમાં હતાં.

સાસરે ગઇ ત્યારે મારી ઉંમર ચૌદ વર્ષની હતી. મારા પતિની વય સાડાચૌદ વર્ષ જેટલી હતી. તેમના મોટાભાઇ બેત્રણ વરસે મોટા હતા, નાના ગુજરાતી નિશાળે જતા હતા.

હિંદુસંસારમાં બિનઅનુભવી બાળકો સંસાર માંડી બેસે છે. અમે પણ તેમ કર્યું. અમારા જેવાં વરવહુનો સંસાર જેવા સુખથી ચાલી શકે તે રીતે અમારો સંસાર પણ સુખથી ચાલવા લાગ્યો.

હું સાસરે આવી એટલે બૈરીના વર બનેલા મારા પતિને સંસારની ચિંતા વળગી. થોડા વખતમાં તેમણે નોકરી શોધી કાઢી.

અમારા સંસારના પહેલા છ મહિના આમ સારી રીતે વહી ગયા.

(૪)

પણ સંસાર સરળતાથી કદી ચાલ્યો જાણ્યો છે ? જેમાં સરળતા ને સુખ સદા ન ટકે તેનું નામ સંસાર. મારે ભાગ્યે પણ છ મહિના પછી એનો અનુભવ થયો.

હું સાસરે આવી તેને થોડા દિવસ થયા ત્યારથીજ મારા જેઠ મારી તરફ સમભાવ બતાવતા હતા; પરંતુ એ સમભાવ કેવા સ્વરૂપનો હતો, તે હું જાણતી નહોતી.

એક દિવસ મને એમની ઓળખાણ થઇ. કામપ્રસંગે સાસુજી બહારગામ ગયાં હતાં. જેઠાણી તે પહેલાંજ પિયર સિધાવ્યાં હતાં. મારા પતિ નોકરી ઉપર ગયા હતા અને બન્ને દિયરો નિશાળે ગયા હતા.

મારા જેઠનો જમવાનો વખત સૌથી નિરાળોજ હતો, સવારે નોકરી ઉપર જાય અને બપોરે જમવા આવે; એટલે જ્યારે તે જમવા આવ્યા ત્યારે ઘરમાં માત્ર અમે બેજ હતાં.

અમારી જ્ઞાતિમાં ઘૂંઘટો રાખવાનો રિવાજ છે. તે પ્રમાણે હું એમને રસોઇ પીરસીને બહાર જઇને બેસતી; પણ આજે એમનાં ચેન જુદાંજ જણાતાં હતાં. સ્ત્રીઓ પુરુષોની પાપી નજરને જલદી પારખી શકે છે. મેં પણ પીરસતાં પીરસતાં પારખ્યું કે, જેઠજીનાં ચેન આજે જુદાંજ લાગે છે; પણ પીરસ્યા વિના ચાલે ?

થાળી પીરસીને હું બહાર જવા માંડી, ત્યાં તો મારા જેઠે મારું નામ દઇને મને ઊભી રાખી. હું ઊભી રહી, પણ ચમકી ગઇ. મારું હૈયું ધ્રૂજવા લાગ્યું. હું આખા ઘરમાં હું એકલી હતી; પણ જેઠની આજ્ઞા માન્યા સિવાય કેમ ચાલે ?

તેમણે મને કહ્યું: " અહીં બેસ, મારે તારી સાથે વાત કરવી છે."

હું બેઠી.

(૫)

ઓહ, પ્રભુ! એમની એ વાત શી હતી ?

" મારી લાજ કાઢવાના ઢોંગ શું કામ કરે છે ?" એકાએક એ દુર્મતિયા જેઠે ધડાકો કર્યો.

હું શું બોલું ?

પણ તે મારા બોલવાની વાટ જોવા થોભવાનો નહોતો.

" હું તને ચાહું છું." તેણે તડ ને ફડ સંભળાવી દીધું અને હું સાવધાન થાઉં તે પહેલાં તો મારા માથા ઉપરનો છેડો એણે ખેંચ્યો.

હું ગભરાઇ ગઇ, ચમકી ગઇ. " હાય, હાય! અત્યારે મારું બેલી કોણ ?" એ વિચાર થતાંજ ધ્રૂજવા લાગી ને એકદમ ત્યાંથી છટકી જવા માટે ઊઠી, નાસવા માંડી.

પણ કામીને શું લાજ કે વિવેક હોય ? તે મારી વાંસે ઊઠ્યો

અને પીઠ તરફથી મને બન્ને હાથના બંધનમાં મજબૂત રીતે બાંધી લીધી.

એ દુષ્ટે મારા અંગેઅંગને ભચડી નાખે તેમ મને દાબી.

મેં બૂમ મારવાનો પ્રયત્ન કર્યો, તેમાં પણ હું નિષ્ફળ ગઇ. તે દુષ્ટે મારા મોઢા ઉપર હાથ દાબી અવાજ નીકળવા ન દીધો.

દુષ્ટ શિકારીના હાથમાં ફસેલી હરિણી જેવી મારી દશા હતી. એના બળ આગળ હું હારી બેઠી. તે મને બીજા ખંડમાં ઘસડી ગયો.

પોતાના નાના બંધુની પત્નીને ભ્રષ્ટ કરતાં એ પાપીને કશોજ વિચાર ન થયો!

(૬)

નીતિ અને અનીતિ, પાપ અને પુણ્યની વચ્ચે માત્ર એકજ સૂક્ષ્મ પડદો હોય છે, તે તૂટયા પછી માણસ એ જોડકાંની વચ્ચેના ભેદાભેદ ભૂલી જાય છે.

મારી પણ એજ દશા થઇ. જેને દુષ્ટ ગણુતી હતી, તેની તરફ પણ પછી તો આકર્ષણ થવા લાગ્યું. મારે એક ભવમાં બે ભવ થયા.

પણ પારકી સ્ત્રીની ખૂબસૂરતીથી મોહાંધ બનેલાને એ ખબર નહોતી કે, તે એની સ્ત્રી તરફ બેવફા બન્યો તે પહેલાં એની સ્ત્રી તેનાથી બેવફા બની ચૂકી હતી.

એ વાત મારા વ્યભિચારી જેઠની નજરે જણાઇ.

માણસ એ કેવું વિચિત્ર પ્રાણી છે! અને કેવું સ્વાર્થી! પણ પોતે લગ્નથી સાંપડેલી સ્ત્રીની સાથે દગો રમી પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરી કુકર્મે વળેલો છતાં, પોતાની સ્ત્રીની પાસેથી વફાદારીની આશા રાખે! રાવણ કરતાં ભૂંડાં લક્ષણ હોવા છતાં જાનકીજીના પતિ થવાના અભિલાષ રાખે એ કેટલું વિચિત્ર છે!

મારા જેઠને બહાનું જડયું. એણે એની સ્ત્રીને વ્યભિચારિણી કરીને ઘરમાંથી હાંકી કાઢી; પણ એજ માણસ પોતાનાજ સગા ભાઈની સ્ત્રીને વ્યભિચારને માર્ગે દોરી રહ્યો હતો! એ વ્યભિચારિણી

ઉપર દીવાનો બન્યો હતો, તે ભૂલી જતો હતો! સાચેજ દુનિયા કોયડો છે!!

(૭)

જેઠાણીની આડખીલી વચ્ચેથી દૂર થઇ; એટલે મેં એક જીવનમાં બે ધર્મ કર્યાં. બિચારા મારા ભોળા હૃદયના પતિની ભલમનસાઇનો અમે પૂરેપૂરો લાભ લીધો! એ ભલા જીવે મારી ઉપર કદી વહેમ ખાધો નહિ, પણ મેં તો એમની સાથે પત્નીધર્મ બજાવી, એમની નિદ્રાવસ્થાનો લાભ ખોટી રીતે લેવા માંડયો!

મારા કામી વૃત્તિના જેઠની સલાહ અને હિંમત ઉપર ઝૂઝતી હું પ્રત્યેક રાત્રે એની પાસે-બાજુના ખંડમાં અમારી પાસેનાજ ખંડમાં તે સૂતો હતો ત્યાં-ઘસડાઇ જતી અને ત્યાં અમારી પૈશાચિક લીલાનો આરંભ થતો!

સાચેજ સ્ત્રીજાતિની હિંમત અજબ છે, એ ખોટું નથી. પાપમાર્ગે પગલાં પાડયા પછી તે ભારે નિર્ભય બને છે, એ મારાજ દાખલા ઉપરથી હું જાણી શકી.

બીજા ખંડમાંથી પ્રાતઃકાળે પાંચ વાગે હું મારા ખંડમાં જાઉં છતાં-પછી તો મને એ સ્વાભાવિક થઇ ગયું-ડરમાત્ર મેં પાછળ નાખી દીધો હતો.

અને જાણે અમારા આ પાપકર્મમાં સરળતા કરવા માટેજ ન હોય, તેમ અમારા કલંક-કથાના આરંભ પછી ચોથે મહિને સાસુજી પણ આ દુનિયા છોડી ગયાં.

અમારી આ શયતાન-લીલાની ઉપર આમ દોઢ દોઢ વરસનાં વહાણાં વાઇ ગયાં.

પછી તો હું સીમંતિની થવાથી પિયર ગઇ અને પુત્રીની માતા થઇને પાછી પણ આવી.

પાપનીયે અવધિ હોય છે. એક દિવસ આકસ્મિક સંજોગોમાં એ અવધિ પણ અણધારી આવી.

'સૌભાગ્યસુંદરી' નો ખેલ જોવા અમે ગયાં હતાં. ત્યાંથી મારા જેઠને નવીજ પ્રેરણા મળી. તેણે એ રાત્રે મને એક પડીકી આપી અને બીજે દિવસે મારા પતિને ભાત સાથે ખવડાવી દેવાની સલાહ આપી!

જગતની શરમ અને નીતિનાં બંધન છોડનાર ગબડે છે, ત્યારે અધોગતિની ખીણમાં ગયા સિવાય તેનાથી અટકી શકાતુંજ નથી. મારું પણ એમજ થયું.

આટલા પાપથી ઊઘડેલી તૃષ્ણાને તૃપ્ત કરવા રાક્ષસી વૃત્તિના મોટાભાઇએ નાનાભાઇનો કાયમનો ઘાટ ઘડવાનો નિશ્ચય કર્યો અને બિચારા મારા પતિનો કશો પણ વાંક ન હોવા છતાં એમનો જીવ લેવા હું કોણ જાણે કેમ તૈયાર થઇ! હું સ્ત્રી મટી રાક્ષસી બની!

બીજે દિવસે મેં ભાતમાં પડીકી નાખી પણ ખરી. ભૂકી સફેદ હતી. એટલે ખાનારને ખબર પડે તેમ નહોતું. માત્ર તે પેટમાં જવા-નીજ વાર હતી. હું પતિહત્યારી બનત અને મારા દુષ્ટ જેઠને સ્વ-ચ્છંદાચાર કરવાની ધારી તક મળત.

બિચારા મારા ભલા પતિ મને નિર્દોષ માનીને મારી સાથે સારી રીતે વર્તતા. કોણ જાણે કેમ પણ એમને શાક, દાળ ને રોટલી પીરસ્યા પછી મારું હૃદય ધ્રૂજવા લાગ્યું. મારા જેવી દગાબાજના દિલમાં પણ પાપનો ડંખ પીડા કરવા લાગ્યો. મારાથી રડી દેવાયું. મારી આંખોમાંથી શ્રાવણ ને ભાદરવો વરસવા લાગ્યો.

મારી આંખમાં આંસુ જોતાંજ તેમણે ખાવાનું પડતું મૂક્યું.

"કેમ રડે છે?" એમણે મમતાથી પૂછ્યું.

"કશું નહિ."

બીજો જવાબ મને સૂઝયો નહિ; પણ નીચ કામને માટે હું મારા પતિને દગો દઈ રહી હતી, એ ભાન મને 'સૌભાગ્ય સુંદરી' ના નાટકથી થયું હતું.

"તું સાચું ન કહે તો બબલીના સમ."

માતાને બચ્ચાના સોગનથી કેટલું લાગી આવે તે માતાજ સમજી શકે છે.

મારાથી એ વખતે ધ્રુસકું મૂકી દેવાયું.

(૮)

"મારું પાપ મને રડાવે છે." જેમતેમ કરીને મેં કહ્યું.

"મને કહે, હું તારું દુઃખ નિવારીશ."

"કહું, પણ એક શરતે, મને તમે વચન આપો તો–"

"મારું વચન છે."

"તમારે ત્રણ શરતો પાળવી પડશે."

"બેલાશક."

"મારા કલંકની કથા છે; પણ એ સાંભળી તમારે મને મારવી નહિ, એ પહેલી શરત. મને કાઢી મૂકવી નહિ, એ બીજી શરત અને જેનું નામ આવે તેની સાથે લડવું નહિ, એ ત્રીજી શરત."

ખરેખર, મારા પતિ ઉદારાત્મા છે. અમારી જ્ઞાતિમાં એવા સહિષ્ણુ પુરુષો વિરલજ છે.

એમણે મને વચન આપ્યું.

મેં મારી આ પાપકથા લગાર પણ પડદો રાખ્યા વિના એમને કહી સંભળાવી.

એ કથાનો અંતભાગ સાંભળતાંજ એમના સંયમની મર્યાદા તૂટી, પારાવાર ક્રોધ થયો અને એકદમ પ્રતિજ્ઞા લેવા લાગ્યા કે,– "કાં તો હવે હું નહિ કે કાં તો એ દુષ્ટ નહિ."

"પણ એથી આપણી આબરૂ જશે, તમારું વચન જશે અને વાત વધી પડશે તો ખૂનનો બદલો ફાંસી જેવું થતાં આ લીલી વાડી ઉજડ–વેરાન બની જશે." મેં ધબકતે હૈયે એમને સમજાવ્યા.

મારા જેવી દુષ્ટાનું વચન પણ એમણે માન્યું. ખરેખર, મારા પતિ માણુસ નહિ પણ દેવ છે. એમની મહાઅપરાધિણી અને

ભવોભવની હું ઋણી છું.

તેજ વખતે અમે એ ઘર છોડયું. મારા જેઠ સાથે અમારે કોઇને હવે તો બોલવાનો પણ વ્યવહાર નથી. નાનાભાઇની પત્ની તરફ કુદૃષ્ટિ કરી, માડીજાયાનું ખૂન કરાવવા તત્પર થનાર એ નીચની અત્યારે તો ઘણીજ ખરાબ દશા છે. એની એ દશા ઉપર અમને ઘણી વખત દયા આવે છે, પણ એનાં પાપકર્મ યાદ આવતાં તેની તરફ તિરસ્કાર થાય છે.

છૂટા થયા પછી એકાદ વર્ષ સુધી તો અમારો સંસાર જેમ-તેમ ચાલ્યો. મારા પતિએ મને ક્ષમા આપી હતી; છતાં તેમનો મારી તરફ જોઇએ તેવો પ્રેમ થતો નહોતો.

પણ પછી તો સમયે ભૂતકાળ ઉપર પડદા પાડ્યા અને હવે તો અમારો સંસાર પ્રભુકૃપાથી સર્વાંશે સુખી છે.

જાણે મારી કલંકકથાનું સ્મરણ પણ ભૂંસી નાખવું હોય તેમ કુદરતે મારી બબલીની જીવનલીલાને ન્યૂમોનિયા નિમિત્તે સંકેલી લીધી છે. હાલમાં મારા ખોળામાં કીકો રમે છે.

મને મારા કુકર્મનો અત્યારે પણ ભારે પસ્તાવો થાય છે. પ્રભુની દુનિયામાં મારા જેઠ જેવા નરરાક્ષસોને પ્રતાપે કેટકેટલાંના સંસાર સળગતા હશે? હિંદુસંસારમાં એવા શયતાનો કેટલા બધા હશે?

મારા પાપકર્મનો પશ્ચાત્તાપ થાય તે માટે પતિદેવની પરવાનગીથી, હું મારી કલંકકથા મારી બુદ્ધિ પ્રમાણે લખવા બેઠી છું.

આજ સુધી જે વાત જગતમાં અમે ત્રણજ માણસો જાણતાં હતાં, તે ભલે જગત જાણે અને જાણીને ઓળખી લે કે, તેના પેટમાં આવા નરરાક્ષસો વસે છે અને પડદા પાછળ આવી પૈશાચિક લીલાઓ ચાલે છે!

માનશો, આ પાપકથા લખતાં કલમ પણ કંપે છે. વાચકને એટલીજ પ્રાર્થના છે કે, તે ઉદાર નજરે વાંચે. જે સંજોગને આધીન થઇ હું પાપપંથે પરવરી તે જોઇ મને યોગ્ય ન્યાય આપે અને મારા

દુષ્ટ જોડની જે કામી વૃત્તિએ મારું જીવન કલંકિત બનાવ્યું તેની ઉપર તિરસ્કાર વરસાવે.

હિંદુસમાજ! જાગ્રત થા અને તારી પુત્રીઓનું રક્ષણ કર.

(વાંચનાર! હિંદુજાતિ માટે બીજા પણ કોઇ ને કોઈ ઉપકારક અને બોધપ્રદ લેખો 'હિંદુસ્તાન'માં આવ્યાજ કરે છે; આ પ્રકારની બીજી પણ વાર્તાઓ ખરા બનેલા બનાવોની તેમાં આવ્યા કરે છે.

—ભિક્ષુ અખંડાનંદ)

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

८६–ग्राम्यवासीओनां सद्‌भाग्य अने नगरवासीओनां दुर्भाग्य

લોકગીતોના એક લોકકવિએ સમાજને એક પ્રશ્ન પૂછ્યો છે કે, શહેરના લોકો પ્રભુને દિવસમાં કેટલી વખત યાદ કરે છે? જુઓ, ગામડાંના લોકો તો લોકગીતોદ્વારાજ પોતાની સ્થિતિનું રસિક વર્ણન કરે છે કેઃ–

હું તો ઢોલે રમું ને હરિ સાંભરે રે, મારાં હૈડાં પડી પડી જાય રે;
ઢોલે રમું ને હરિ સાંભરે રે.
હું તો દાતણ કરું ને હરિ સાંભરે રે, મારાં દાતણિયાં પડી પડી જાય રે;
ઢોલે રમું ને હરિ સાંભરે રે.
હું તો નાવણ કરું ને હરિ સાંભરે રે, મારાં નાવણિયાં ઠરી ઠરી જાય રે;
ઢોલે રમું ને હરિ સાંભરે રે.
હું તો ભોજન કરું ને હરિ સાંભરે રે, મારાં ભોજનિયાં ઠરી ઠરી જાય રે;
ઢોલે રમું ને હરિ સાંભરે રે.
હું તો પોઢણ કરું ને હરિ સાંભરે રે, મારી નિંદરડી ઊડી ઊડી જાય રે;
ઢોલે રમું ને હરિ સાંભરે રે.

શેરીએ શેરીએ ચંદ્રિકા ચમકે એટલે લોકહૃદય એ ચંદ્રિકાના તેજમાં નાચી ઊઠે; ઢોલ વાગતાં લોકહૃદયમાં પ્રભુનાં મીઠાં સ્મરણાં જાગે અને ખાતાં, પીતાં, બેસતાં, ઊઠતાં અને સૂતાં એ સ્મરણાં જાગ્યાજ કરે; એ લોકજીવન ક્યાં અને આજનું શહેરી જીવન ક્યાં? પેટને ખાતર, કીર્તિને ખાતર, સમાજમાં જીવવાને ખાતર કે ગમે તે ખાતર સવારથી સાંજ સરવાળા અને બાદબાકી કરતો એકાદ મુંબઇ જેવી મોહમયી નગરીનો રહીશ ક્યાં? એને જીવનની દરેક મિનિટે પૈસા કયી રીતે કમાવા એજ વિચાર હોય છે. કદાચ પૈસાનો વિચાર ફળીભૂત થાય તો સમાજમાં સારો કેમ કહેવાઉં? એ ચિંતા ઊભી થાય છે. કદાચ એમાંથી મુક્ત થાય તો સરકાર–દરબારમાં માનાપમાન શી રીતે પામું? એની ઉપાધિઓ વળગે છે. આવી સ્થિતિમાં એ શહેરમાં રહેનારો પ્રભુને કેટલી વખત યાદ કરે છે? એ પ્રશ્ન કોઇ દિવસ જરૂર પૂછજો. બહુ ઓછા ટકા, તમે ન માનો એટલા ટકા, માંડમાંડ પ્રભુને દિવસમાં એકાદ વખત યાદ કરતા હોય તો પ્રભુ જાણે! બાકી ગીતા વાંચનારા, સવારમાં પૂજાના પાટલા પાસે બેસી માળા ફેરવનારા પણ હરિને સાચી રીતે એકધ્યાનથી યાદ કરે છે કે નહિ, એનો જવાબ તો તેઓજ આપે તો ઠીક. પ્રભુને યાદ કરવામાં જે તલ્લીનતા–જે એકધ્યાનની મસ્તી જોઇએ એ તો બહુજ ઓછાના ભાગ્યમાં લખ્યું હોય છે. આવું જ્યાં સમાજની દૈનિકચર્યાનું ચિત્ર છે, એ સમાજ કોઇ વ્યક્તિ, જ્ઞાતિ કે દેશને માટે તલ્લીન બને એ ન માની શકાય એવી વાત છે.

("લોહાણા હિતેચ્છુ"ના એક અંકમાંથી)

८७—एक अति अगत्यनी कळा—जुजुत्सु

(લેખકઃ—શ્રી. લક્ષ્મણરાવ નારાયણ સપ્રે)

આપણે ગમે તે કળા અગર હુન્નરની ઉન્નતિ કેવી રીતે થાય છે, તે બાબત બારીકાઇથી વિચાર કરી જોઇશું તો જણાઇ આવશે કે, દેશની ઉન્નતિ હોય તોજ તે દેશમાં કળાની ઉન્નતિ થઇ શકે છે. તેજ પ્રમાણે જે દેશમાં તે કળા નિર્માણ થઇ હોય, તે દેશના આચાર-વિચારની પણ તે કળા ઉપર અસર થાય છે, તેજ સ્થિતિ જુજુત્સુની બાબતમાં પણ થઇ છે.

કેટલાક લોકોનું એવું માનવું છે કે, જુજુત્સુનો જન્મ પ્રથમ ભારતવર્ષમાં થયો અને અહીંથી તે વિદ્યા નેપાળને રસ્તે જાપાનમાં ગઇ છે. એ સમજ ખરી છે કે ખોટી છે તેનો નિર્ણય કરવા હાલ-માં સાધન નથી; પણ એટલી હકીક્ત સત્ય છે કે, આ કળા જાપાન-માં ૨૦૦૦ વર્ષથી છે. આ કળા પ્રથમ કોણે કાઢી તે જાણવાનાં સાધન ઉપલબ્ધ નથી; પણ રામાયણમાં વાલિ, સુગ્રીવ, લવ અને ભરત, એમના બાહુયુદ્ધનાં વર્ણનો વિસ્તારથી કરેલાં છે. તેજ પ્રમાણે ભારતના ભીમે હિડિંબ, જરાસંધ, કીચક વગેરે જોડે મલ્લયુદ્ધ કરેલું છે, તેનાં સરસ વર્ણનો વાંચવા મળે છે. તે પ્રમાણે જાપાની ભાષાના જૂના ગ્રંથોમાં આવાં યુદ્ધોનાં વર્ણનો છે. તે ઉપરથી એટલું જણાઇ આવે છે કે, ૧૦૦ વરસ પહેલાં આ કળાનો પ્રચાર ફક્ત 'સેમ્યુરાઇ' ન્યાતનાજ ક્ષત્રિય જાપાની લોકોમાં હતો.

આ વિદ્યા આ લોકોએ ગુપ્ત સ્થિતિમાં રાખી હતી. આશરે ૫૦ વર્ષ પહેલાં જાપાનમાં મોટી ક્રાંતિ થઇ. શોગન ઘરાણાના રાજાની સત્તાનો અંત થયો અને તે સાથેજ સેમ્યુરાઇ વર્ગનું પણ જુદું અસ્તિત્વ નષ્ટ થયું. તે લોકો બીજા જાપાની લોકોમાં સામેલ થઇ ગયા અને જાપાનમાં લોકસત્તાત્મક રાજ્યપદ્ધતિનો ઉદય થયો.

જૂના વિચારો બદલાઇ ગયા અને તે કારણે ગુપ્ત રાખેલી આ વિદ્યા પણ આખા જનસમાજને શીખવવાની શરૂઆત કરવામાં આવી. પોતાનું સામર્થ્ય વધારી શત્રુ પાસેથી પોતાનો બચાવ શી રીતે કરવો, તે આ વિદ્યા શીખવાથી સમજાય છે. આ વિદ્યાનો આખા દેશમાં પ્રચાર થવાથી તેનું મહત્ત્વ લોકોના અને સરકારના પણ ધ્યાનમાં આવ્યું, તેથી આ કળાનું શિક્ષણ દરેક સ્કૂલમાં ને કોલેજમાં આપવાની ગોઠવણ કરવામાં આવી; તેજ પ્રમાણે પોલીસ અને લશ્કરી ખાતામાં આનું શિક્ષણ ફરજિયાત તરીકે આપવાની શરૂઆત થઈ.

જે પ્રમાણે આપણા દેશમાં મલ્લવિદ્યાની અનેક પરંપરાઓ છે, તેજ પ્રમાણે જાપાનમાં જુજુત્સુની પણ અનેક જુદી જુદી પરંપરાઓ અસ્તિત્વમાં હતી. તે બધી પરંપરાઓમાંથી સારો ભાગ લઇ હાલ જાપાનમાં પ્રચલિત છે તે જુજુત્સુની પદ્ધતિ મુકરર કરવામાં આવી છે. જુડો અગર જુજુત્સુ એટલે શક્તિ અને યુક્તિના યોગ્ય મિશ્રણથી સામાવાળા ઉપર જય મેળવવાની કળા. બીજી કેટલીક પદ્ધતિઓ છે, પણ તેમાં યુક્તિ કરતાં શક્તિનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. 'કેમ્પો' નામની એક પદ્ધતિ છે, તેમાં દરેક દાવથી સામાવાળાના શરીરને નુકસાન થાય છે. એ પ્રકારના દાવો જુજુત્સુમાં છે, પણ તેનો ઉપયોગ પોતાનો જીવ જોખમમાં હોય ત્યારેજ કરવાનો છે. 'પેનક્રેશન' નામની એક ગ્રીકપદ્ધતિ છે તે કેમ્પોને મળતી છે. એ બે પદ્ધતિઓનું એટલું તો સામ્ય છે કે તે પદ્ધતિ મૂળમાં આ તરફથી ગ્રીસ દેશમાં ગઈ હશે એવું અનુમાન નીકળી શકે.

("વ્યાયામ"ના એક અંકમાંથી)

८८—छोकराओने छानो उपदेश—नठारी सोबतनुं फळ

जे विद्या वगरना छे, कामी छे, लोभी छे, दांभिक छे, मोजी छे अने गर्विष्ठ छे, एवा दुष्ट माणसोनां स्वप्नांमां सुध्धां नीति अने धर्म ए बे वस्तु शुं छे, ते समजवामां आवतुं नथी; तेथी तेओ जूठुं बोले छे, नहि खावा जेवा पदार्थो खाय छे, नहि पीवा जेवी वस्तुओ पीए छे अने नाना प्रकारनां व्यसनोने वश थाय छे; एटलुंज नहि पण तेने ताबे थवाने श्रम करवो पडतो नथी के वखत व्यतीत थतो नथी, परंतु उपर दर्शावेली खराब टेवो छोडाववी घणी मुश्केल पडे छे अने तेमांये वळी केटलीक पडेली कुटेवो छोडी छूटी शकती नथी. एटला सारु सूचववामां आवे छे के, आवा दुर्गुणवाळा मित्रोनो संग कदापि करवो नहि, तेमणे विस्तारेली जाळमां झंपलाववुं नहि अने श्रेयस्संपादननां साधनो साध्य करी लइ जीवनने सफळ करवुं.

आ लेख शरू करतां पहेलां केटलीएक व्यावहारिक सूचनाओ छे, ते आ स्थळे हुं आपुं छुं. पहेली सूचना छे ते जेमने रात्रे उपराउपरी स्वप्नां आवे छे तेमने माटे छे. बीजी सूचना छे ते अज्ञानना कारणथी मुष्टिमैथुननी टेव पडी जवाथी निरंतर जेओ तेने आधीन थयेला छे, तेवाओने नुकसानकर्ता कुटेव काढी नाखवानी अंतःकरणमां इच्छा छे, तेमने सारु छे.

स्वप्नां ओछां आवे तेने माटे उपायो पुष्कळ छे; पण खरी रीते जोइए तो शरीर निरामय राखवुं एज मुख्य उपाय छे. शरीर नीरोगी राखवा माटे नीचे जणावेली वातो खास ध्यानमां राखवीः—

(१) खुल्ली हवामां निरंतर निदान नियमितपणे बे कलाक सुधी बराबर रीते व्यायाम करवो. मने एक छोकराए कह्युं छे के,

રાત્રે સૂતા અગાઉ સેન્ડોના કહેવા પ્રમાણે કસરત (એકસર્સાઇઝ) કરવાથી મને સારો ફાયદો થયો છે.

(૨) હમેશાં ટાઢા પાણીથી નાહવું સારું છે. નિરંતર ટાઢા પાણીથી નાહવા વડે પ્રકૃતિ ઠીક ન રહે, તો અઠવાડિયામાં એકાદ દિવસ પણ ટાઢા પાણીથી નાહવું જોઇએ.

(૩) રાત્રિએ ઘણું મોડું જમવું નહિ અને ભૂખ હોય તેના કરતાં નિત્ય ચાર કોળિયા ઓછા ખાવા; તેમાં પણ રાત્રે તો જેમ ઓછું ખવાય તેમ સારું છે. કોઇ પણ પ્રકારનો માદક પદાર્થ પીવો નહિ. (થવાનું હશે તે થશે એમ કહી ચા–કૉફી બિલકુલ પીવાં નહિ.)

(૪) હમેશાં ઝાડો સાફ આવે તેને માટે કાળજી રાખવી.

(૫) જનનેન્દ્રિયની જગ્યામાં જો વારંવાર ખંજવાળવું પડે તો વૈદ્યની સલાહ લેવી કે, ખંજવાળવું કેમ પડે છે? વૈદ્યને એમ પૂછવામાં જરા પણ ડરવાનું કંઇ કારણ નથી. ખંજવાળ આવવાનું કારણ સામાન્ય હોય છે, પણ વૈદ્યની સલાહ લેવી એ શ્રેયસ્કર છે; કારણ કે એવી બાબતમાં યોગ્ય ઉપાય યોજવા વૈદ્ય વગર બીજા કોઇ ખરેખરી સલાહ આપી શકતા નથી.

(૬) હમેશાં જનનેન્દ્રિયના અગ્રભાગ ઉપરની ત્વચા પાછી હઠાવી અંદરનો ભાગ ટંડા પાણીથી બરાબર ધોઇ નાખવો. આ ભાગ ઉપર સફેદ રંગનો ચીકણો પદાર્થ રોજ જામે છે. જો તે બરાબર ધોઈ નાખવામાં ન આવે તો ત્યાં આગળ ઘણી ખંજવાળ આવે છે. તે શાથી આવે છે તે ન સમજવામાં આવ્યાથી, ત્યાં આગળ હાથ લગાડવાનો અનિવાર્ય મોહ ઉપસ્થિત થાય છે. આ જે ધોળી વસ્તુ છે તે વીર્યજ છે, એમ સમજી તરુણ માણસો ઘણીવાર ગભરાય છે; પરંતુ આ પદાર્થ સાથે વીર્યનો યત્કિંચિત્ માત્ર સંબંધ નથી. ખરેખરો પવિત્ર માણસ હોય છે, તેનું શુદ્ધ પવિત્ર વર્તન છતાં પણ આ ઠેકાણે ધોળા રંગનો થર બાઝે છે; માટે જો તે ધોઇ ના-

ખવામાં ન આવે, તો તેને લીધે ત્વચાના અનેકાનેક રોગો ઉત્પન્ન થવાનો સંભવ રહે છે.

(૭) નાહતી વેળાએ ગુહ્યસ્થાન નિરંતર સાબુ લગાડી ધોઇને સ્વચ્છ કરવાનો મહાવરો રાખવો. કેટલાક શરમાળ છોકરાઓ આ ગુહ્ય ભાગ ધોઇને ચોખ્ખો કરતા નથી, તેથી તેમને દરાજ, ગરમી વગેરે ત્વચાના રોગો થાય છે; એટલુંજ નહિ પરંતુ જે જગ્યાએ વારંવાર હાથ લગાડવો વાજબી નથી, ત્યાં આગળ ખૂજલી આવવાથી હાથ લગાડવો પડે છે.

(૮) રાત્રિએ સૂતી વખતે ધોયેલો સ્વચ્છ લંગોટ પહેરીને સૂઈ રહેવું. ઘણાખરા મનુષ્યો કહે છે કે, લંગોટ પહેરીને સૂઇ રહેવાથી નામર્દાઈ પેદા થવાની ધાસ્તી રહે છે; પરંતુ તેમનું આ કહેવું ઉચિત નથી. કુટેવને કમી કરવાના કામમાં લંગોટ ઉપકારક થઇ પડે છે. રાત્રિદિવસ લંગોટ પહેરી રાખવો, તે અત્યંત શ્રેયસ્કર છે.

સૂવાનું સ્થળ અને પથારી માટે નીચે જણાવેલી હકીકત ધ્યાનમાં રાખવી

(૧) સૂવાના સ્થળમાં સારી શુદ્ધ હવા આવવા દેવી. બારીબારણાં ઉઘાડાં મૂકીને સૂવું.

(૨) સૂતા પહેલાં પેશાબ કરી આવવો.

(૩) વીર્યપાત વારંવાર થતો હોય, તો સવારમાં ઊઠ્યા બરોબર પાંચ મિનિટ ઠંડા પાણીની ધાર ઇંદ્રિય ઉપર કરવી.

(૪) સવડ હોય તો પોતાને માટે સ્વતંત્ર એકાંત સ્થળમાં પથારી પાથરવી. પાથરવાની તળાઇ સાધારણ કઠણ કરવી પણ બહુ નરમાશવાળી રાખવી નહિ.

(૫) ફાવે તે પ્રમાણે પાસાભેર સૂઇ રહેવું. ચતા અથવા ઊંધા સૂઇ રહેવું, એ બરોબર નથી; કારણ કે તેથી ઇંદ્રિય ઉત્તેજિત થઇ, વીર્યપાત તરફ વૃત્તિ વાળે છે. પાસાભેર સૂઇ રહેવાની ટેવ પાડવી એ ઘણું સરળ છે. પાટીનો પટો અથવા ઝીણી બારીક પટ્ટી કમરના

ભાગમાં એવી રીતે બાંધવી કે, ગાંઠ પાછળના ભાગ પાસે વળી શકે. તાત્પર્ય એ છે કે, ઊંઘમાં કદાપિ ચતા થઇ જવાય તોપણ ગાંઠ ખૂંચવાથી જાગી જવાય, જેથી વિક્ષેપ આવી શકે નહિ.

(૬) બીજો ઉત્તમ માર્ગ એ છે કે, સ્વપ્નાં આવવાનો વખત જે ૨ થી ૫ સુધીનો છે, તે વખત વાંચવા માટે અથવા ખરેખરી ગાઢ નિદ્રા માટે મુકરર કરવો, એટલે સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થવાનો સમય આવી શકવાનો નથી, જાગ્રત થવાય તે વખતે પેશાબ કરવા જવાની આદત રાખવી.

ઉપર દર્શાવ્યા ઉપરાંત બીજી ત્રણ સાધારણ સૂચનાઓ ઉપર પણ લક્ષ આપવાની ખાસ અગત્ય છે.

(૧) ગમે તેમ થાય, પરંતુ ગુહ્ય ઇંદ્રિયને હાથ લગાડવાનો સ્વભાવ સારો નથી; માટે તેવી ટેવ પાડવી નહિ.

(૨) સારા વિચાર વગરના બીજા વિચારોમાં લક્ષ લગાડવું નહિ. ઘણા છોકરાઓનાં મનમાં ખરાબ વિચારો આવે છે; પરંતુ સારા છોકરાઓ તે તરફ ધ્યાન આપતા નથી. વિલક્ષણ ચિત્રો અથવા નકામી વાતો વિષે મનમાં વિચારો આવે તો તેને સર્પની પેઠે વેગળા કરી નાખવા. આ પ્રમાણે કરવાથી સ્વપ્નાવસ્થા બંધ થશે.

શરીરમાં ગમે તેટલી ધાતુ વધે, પણ તેનાથી કોઇ પ્રકારે ઉપાધિ થઈ શકતી નથી. જો મન સ્વાધીનમાં ન રહે અને વૃત્તિ વિહ્વલ થાય તો નિરામય શરીરવાળાને પણ વધેલી ધાતુ નુકસાન કરે છે તથા શરીરમાં રોગ કરે છે. કહેવાનો સારાંશ એ છે કે, ધાતુ વધવાથી રોગ થતો નથી; પરંતુ મનોવિકારની વૃત્તિ વિહ્વલ થવાને લીધે રોગ પેદા થાય છે.

(૩) બાર વરસની વયથી પચીસ વરસની ઉંમર સુધી (૧) વિષયી મિત્રો સાથે ગાઢો સંબંધ, (૨) સ્ત્રીના સ્વરૂપનું અને તેના

ગુણનું વર્ણન, (૩) શૃંગારિક કાદંબરીઓ, (૪) નાટક અને નોવેલો વગેરે વાંચવાં અને તેના પ્રત્યક્ષ થતા પ્રયોગો જોવા, (૫) વિષયની વાતો હાસ્યવિનોદમાં કહેવી, વગેરે બાબતો વર્જ કરવી. શરીરમાં વધેલી ધાતુ ન વપરાવાને લીધે શરીરમાં રોગ થાય છે એવી સમજણ વિષયવાસનાને વધારનારી અને અતિશય નુકસાન કરનારી છે. સુખમય જિંદગી ગાળવાના મુખ્ય સાધનરૂપ જે ધાતુ છે, તેને જે વયમાં એકત્ર કરી ભંડાર ભરી રાખવો જોઇએ, તેને બદલે વિષયવાસનામાં તલ્લીન થઈ જઇ, જેઓ તાત્કાલિક સુખ ભોગવે છે, તેઓ મોટી ભૂલ કરે છે અને તેઓ મનોવિકારની વિફરેલી વૃત્તિને વશ કરી, દીર્ઘાયુષ્ય સુખમય જીવન નિર્ગમન કરવા સારુ લવલેશ પ્રયત્ન આદરતા નથી, એ અત્યંત દિલગીરી ઉપજાવનારું છે, એમ અમારે ડિંડિમ વગાડીને કહેવું પડે છે.

મુષ્ટિમૈથુનની કુટેવમાંથી મુક્ત થવાનો ઉપાય

અજ્ઞાનતાને લીધે નુકસાનકારક મુષ્ટિમૈથુનની કુટેવમાં ફસી ગયેલાઓએ તેમાંથી મુક્ત થવાની ઇચ્છા હોય તો નીચે જણાવેલી સૂચનાઓનું અવશ્ય મનન કરવું.

(૧) પ્રથમ દર્શાવેલી પ્રત્યેક સૂચનાઓનું તેમણે કાળજીપૂર્વક પરિપાલન કરવું. સ્વાભાવિકપણે સ્વપ્નમાં આવે તો વિશેષ ગભરાવાનું કારણ નથી; પરંતુ કુક્રિયાની કુટેવના અભ્યાસને લીધે રાત્રિએ જો વીર્યપાત સ્વપ્નાવસ્થામાં થતો હોય તો પ્રથમ કુટેવ કાઢી નાખી, પછી સ્વપ્નમાં ન આવે તેવા યોગ્ય ઉપાયો યોજવા તજવીજ કરવી.

(૨) કુક્રિયાની કુટેવમાંથી મુક્ત થવાની જો કોઈ છોકરાના મનમાં ઇચ્છા હોય તો તેણે તે ટેવનો ત્યાગ કરવા સારુ અડગ નિશ્ચય આદરવો. અંતઃકરણથી બરાબર નિશ્ચય થયો નહિ હોય તો તે કુટેવ પુનઃ તેને વળગ્યા વગર રહેવાની નથી; માટે કુટેવની કુક્રિયાના ખરેખરા ઘોર પરિણામનો અંતઃકરણમાં ઊંડો વિચાર કરી એક વખત

દૃઢ પ્રતિજ્ઞા કરવી અને તે હમેશને સારુ સ્વીકારી લેવી. એ વગર અન્ય ઉપાય તેમને તેમાંથી મુક્ત કરાવનારો નથી. કુટેવ જેટલી વધારે અને જેટલા વધારે દિવસની હશે, તેટલો વધારે વખત તેને છોડવાને લાગશે અને તે છોડવા સારુ પ્રયાસ પણ વધારેજ કરવો પડશે. સાધારણ સામાન્ય કુટેવ ટળી જાય, તોપણ તે ટેવ જેમ બને તેમ સમૂળગી અંતઃકરણમાંથી અળગી થાય તેને સારુ જે કંઇ કરવું ઘટે તે કરવા તૈયાર રહેવું જોઇએ; કારણ કે અઠવાડિયું, મહિનો અથવા વરસ દિવસ થઇ જાય, વરસોનાં વરસો વીતી જાય તોયે કુટેવનો મોહ છોડી દેતાં છૂટી શકતો નથી. મોહ ન જાય પરંતુ પોતાના કરેલા દૃઢ નિશ્ચયનો ત્યાગ કરવો એ વાજબી નથી. કુક્રિયાની કુટેવ કાઢવા જે પ્રમાણથી પરિશ્રમ કરવામાં આવશે, તે પ્રમાણે તેમાંથી મુક્ત થવાનો વધારે સંભવ છે.

("વ્યાયામ" ના એક અંકમાંથી)

૮૧—अखंड सुखशांति मेळववाना उपाय

અપકાર ઉપર ઉપકાર કરવા; અવગુણ ઉપર ગુણ કરવા; ક્રોધને શાંતિથી વશ કરવો; કડવું બોલનારને મીઠાશથી વશ કરવો; વેરી તરફ ક્ષમા બતાવવી; હિંસા તથા નિંદા કરનાર તરફ દયા બતાવવી અને દુઃખ દેનારને પણ ધન્યવાદ આપતાં શીખવું. અખંડ સુખ તથા શાંતિ મેળવવા માટે આ બતાવેલા સદ્ગુણો શીખવા જોઇએ.

૧૦–हिंदुओ, सावधान !

તમારા બંધુઓને સાચવો

હિંદુજાતિને લાગુ પડેલો જાતિક્ષય કેટલો ભયંકર, તેમજ હિંદુ-જાતિની આંખ ઉઘાડનારો છે, તે ૧૯૧૧ થી ૧૯૨૧ સુધીના દસકામાં, જુદી જુદી જાતિઓના કેટલા હિંદુઓએ પરધર્મનો સ્વીકાર કર્યો, તેના આંકડા એક પત્રે પ્રગટ કર્યા છે; તે જોતાં કોઇ પણ હિંદુના દિલને આઘાત થયા વિના રહેશે નહિ એ આંકડા નીચે પ્રમાણે છેઃ—

બ્રાહ્મણ	૩૪૦૭૧૭	નાવી (હજામ)	૧૦૭૬૭૫
આહીર	૪૧૬૨૫	ચમાર	૨૩૦૮૫
મહાબ્રાહ્મણ	૧૯૮૬૦૯	ચાવા	૯૪૫૫૨
બાગદી	૧૪૫૪૧૫	ચાંડાળ	૨૨૪૭૧
વાઘરી	૪૩૩૦૨૮	ધોબી	૫૩૮૭૪
ભૂમિહાર	૨૧૧૨૨૭	ઢેડ (ડોમ)	૫૦૦૮૭૦
સુતાર	૪૧૫૧૬૬	દુસાચ	૧૪૭૭૦૨
ફકીટર	૧૮૮૫૭૯	જોગી	૧૫૨૯૦૫
ભરવાડ	૬૯૨૨૦	વણકર	૧૯૦૨૬૭
ગવલી	૪૩૬૨૫	માળી	૭૩૩૦૬
ગોલા	૧૨૧૨૬૩	કંસારા	૧૩૨૪૧૫
ગઉડ	૧૬૩૫૮	કડિયા	૬૦૫૬૪
વાણિયા (ગુર્જર)	૧૯૧૭૧	કેવટ	૬૫૧૭૫
		જનાવર કાપનાર	૬૭૧૩૬૫

આ રીતે પ્રત્યેક દશ વરસે લગભગ સવા કરોડ માણસો ઓછાં થતાં જાય તો ત્રણસો વર્ષમાં એક પણ હિંદુ, હિંદુઓની ભૂમિ

ઉપર રહેવાનો નહિ અને હજારો વર્ષથી જે ધર્મને લીધે આ ભૂમિનું નામ હિંદુસ્તાન પડ્યું, તે નામ પણ બદલાઇ જવાનું. શુદ્ધિ અને સંગઠનની કેટલી જરૂર છે, તે ઉપરના આંકડાજ બતાવી આપે છે.

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

९१–प्यारा भारत

(લેખકઃ–શ્રી. બાબુ ગંગાપ્રસાદ બી. એ. એલ. ટી.)

હમેં હૈ પ્યારા ભારત દેશ !

(૧)

સૌરભ–સિક્ત સમીર પ્રવાહિત, 'કલ–કલ' સરિતા–નાદ,
વન–પર્વત કી રુચિર રમ્યતા, વિવિધ ફલોં કા સ્વાદ;
કલિત કુસુમોં કા શુચિ આહ્વાન, ભ્રમરકી મીઠી 'ભન–ભન' તાન–
સભી પ્રકૃતિ કા ક્રીડાથલ હૈ, કૈસા ભારત–દેશ !
હમેં હૈ પ્યારા ભારત દેશ !

(૨)

સબસે પહલે જ્ઞાન–ભાનુ કા મિલા હમેં આ લોક,
કિયે ઉન્હીં કિરણોં સે હમને આલોકિત સબ લોક;
વહી અબ હા ! હમ હૈં પરતંત્ર, જગત કે સારે દેશ સ્વતંત્ર,
કિન્તુ ન ક્યા ફિર જગકર જગકો, દેંગે 'સુખ–સન્દેશ'?
હમેં હૈ પ્યારા ભારત દેશ !

("હિંદુપંચ"ના એક અંકમાંથી)

૧૨–પૂર્વજોનું ગૌરવ

(લેખકઃ–શ્રી. લોકમાન્ય તિલક)

પૂર્વજોનું ગૌરવ કરવું, તેમનું વર્ષમાં એક વખત પણ સ્મરણ કરવું એ ભાવિ ઉત્કર્ષનું ચિહ્ન છે. ઉદયોન્મુખ જે રાષ્ટ્ર હોય તેને તેની જરૂર છે.

મીલ, સ્પેન્સરના ગ્રંથોની આપણે પારાયણો કરીએ છીએ, પણ તેના કરતાં અતિ આગળ વધેલા આપણા પૂર્વાચાર્યોની ઓળખ સુધ્ધાં આપણે વીસરી જઇએ, એથી વધુ બુદ્ધિભ્રંશની બીજી કઇ નિશાની જોઇએ ?

જ્ઞાનની વૃદ્ધિ અને પ્રચાર થવાને પૂર્વાચાર્યોએ કરેલ કૃતિઓ તથા સિદ્ધાંતોનું પુનઃ પુનઃ પરીક્ષણ થવું જરૂરનું છે.

નાના છોકરાઓને પૂર્વપરંપરાનું જ્ઞાન આપ્યાથી તેમના મનમાં ઉદાત્ત તત્ત્વો રોપાય છે, તેમનામાં અભિમાન ઉત્પન્ન થાય છે તથા તેથી દેશની અને દેવની સેવા કરવાની તેમનામાં યોગ્યતા આવે છે.

"ઉત્સવ વ્યક્તિશઃ ઉપાસના માટે નથી, સામાજિક ધર્મબુદ્ધિ જાગ્રત કરવા માટે છે."

ખરો ઉત્સવ એટલે જેથી આપણી પ્રગતિને મદદ થાય તે.

મોટા લોકોના ઉત્સવો થાય છે, તે તેમના ગુણોનો પ્રચાર કરવા થાય છે. રાષ્ટ્રમાં ઊપજેલા મોટા મોટા લોકોનો ઉત્સવ કરવાથી રાષ્ટ્રના લોકોનું કલ્યાણ થાય છે, એ નિર્વિવાદ છે.

૧૩–भारतीय संस्कृतिना संरक्षक शिवाजी महाराज

છત્રપતિ શિવાજી મહારાજના નામસ્મરણ સાથે ભારતનો ત્રણસો વર્ષ પહેલાંનો ઇતિહાસ આપણી આંખ આગળ ખડો થાય છે. રાજકારણના અભ્યાસીઓ એને રાજનીતિની કુટિલતાના સમય તરીકે ભલે ઓળખાવે; પણ અમે તો ભારતનો એ યુગનો ઇતિહાસ એટલે સપ્તસિંધુ, અંતરવેધ અને નૈમિષારણ્યના તપોવનમાંથી પ્રસરેલી ધર્મ-પ્રાણ સંસ્કૃતિ સાથે અરબની મરુભૂમિની સર્વગ્રાસી સુધારણા સાથેનો મહાસંઘર્ષકાળ માનીએ છીએ. પૃથ્વીરાજના પતન પછી યમુનાતીરે ઇસ્લામી સભ્યતાનો પાયો નખાયો અને પાંચ સૈકાના ગાળામાં એ સભ્યતાએ ધીરે ધીરે દૂર દૂરના પ્રદેશમાં પગપેસારો કર્યો. માર માર કરતી હૂણ–શકાદિ જાતિઓને પોતાના વિરાટ ધર્મબળે એકરંગી કરી નાખવાની શક્તિ ભારતીય જાતિમાંથી ઘટી હતી અને ભારતના પ્રાચીન ધર્મનાં સદામુક્ત દ્વાર ધીરે ધીરે બંધ થતાં ગયાં હતાં—આંતરરાષ્ટ્રીય ઔદાર્યનું તત્ત્વ નાબૂદ થતું ચાલ્યું હતું. આ વખત મોગલ સલ્તનતનો કર્ણધાર બાદશાહ ઔરંગઝેબ કાશ્મીરથી ધનુષ-કોડીના કિનારા સુધી ઇસ્લામની એકરંગી સભ્યતા વડે સૌને રંગી નાખવાના મનોરથ રચતો હતો. એ મનોરથ સાથે સાથે મોગલ શહે-નશાહતની સરહદ લંબાવવાનું પણ બીડું તેણે ઝડપ્યું હતું. આ સમયે અસહિષ્ણુતા આવી ધર્મના નાવનું સુકાન પકડી બેઠી હતી અને હરપળે લાગ્યા કરતું કે, ભારતની કોટિ કોટિ પ્રજાના પૂર્વપુરુ-ષોની યુગવ્યાપી ધર્મસાધના અને સંસ્કૃતિનો લોપ થઇ ઇસ્લામના નવા કલેવરમાં તે સમાશે; પણ માનવ ઇતિહાસના પ્રારંભકાળથી શરૂ થયેલી આર્યપ્રજાની સંસ્કૃતિ અને અમૃતત્વના સંધાનમાં નીકળેલી જાતિની સાધનાનો લોપ થાય એમ ન હતું. રાજકારણના નિમિત્ત-માત્ર પાછળ સંસ્કૃતિના આ મહામંથને પ્રકૃતિના ઉદ્યાન સરખી

મહારાષ્ટ્રની ભૂમિમાં એક અજર અમર શક્તિ પેદા કરી. એ શક્તિનું કાર્ય હતું પ્રેરણા આપવાનું અને એ શક્તિ તે સમર્થ રામદાસ સ્વામી. એ પ્રેરણાશક્તિને ઝીલી કાર્યમાં ઉતારનાર વ્યક્તિની જરૂર હતી. એ વ્યક્તિ પણ મળી ગઈ. એ વ્યક્તિ તે છત્રપતિ શિવાજી મહારાજ! અને શિવાજી મહારાજનું જીવન એટલે ત્યાગનો ઝળહળતો પ્રકાશ; શિવાજી મહારાજ એટલે મૂર્તિમંત શ્રદ્ધા અને કર્મ; શિવાજી મહારાજની શક્તિ એટલે કંકરને શંકર બનાવી દેવાની સિદ્ધિ, ઉદાત્ત, ચરિત્ર; ચપળ બુદ્ધિ, અનંત ધૈર્ય, સર્વ ધર્મ પ્રત્યેનું ઔદાર્ય અને જગતને આ ગુણોનું નવેસરથી દાન આપવા "હિંદુપદ પાદશાહી" સ્થાપનના એમના સફળ પ્રયાસો અને એ સૌથી વધીને ભારતની પ્રાચીન સંસ્કૃતિને વિનાશમાંથી બચાવી લઈ તેને તેમણે આપેલું વ્યવહારુ રૂપ, એ સૌ દેવદુર્લભ ગુણોએ કરીને છત્રપતિ શિવાજી મહારાજનો જયજયકાર યુગ–યુગ સુધી કાયમ રહેશે.

આજ ભારતની ભૂમિમાં વિવિધ સંસ્કૃતિઓનો સંઘર્ષ ચાલી રહ્યો છે. એ વખતે ભારતની પ્રજાના અને જગતની કલ્યાણ–કામના માટે જો કોઈ પણ સભ્યતા ઉપયોગી નીવડી શકે એમ હોય તો તે હિંદુ સભ્યતાજ છે. આ સભ્યતાને સંઘર્ષની અગ્નિકસોટીમાં તાવી વિશુદ્ધ સ્વરૂપ બનાવી આપવા કાજે ભારતીય પ્રજાએ પ્રાણપણે પ્રયત્ન કરવાના છે અને એ પ્રયત્નમાં શિવાજી મહારાજનું પ્રેરણાબળ સદા સહાયક નીવડવાનું. આથી આજ ત્રણસો ત્રણસો વર્ષે શિવાજી-ઉત્સવના જે ધર્મસત્રનો આરંભ થયો છે, એ સદા શક્તિદાયક અને ભયવિનાશક નીવડો એજ અભ્યર્થના! જય મહાદેવ!!

("દલિત કોમ"ના એક અંકમાંથી)

१४–गोस्वामी तुलसीदास का जीवनकार्य

(લેખકઃ–શ્રી. બ્યોહાર રાજેંદ્રસિંહ એમ. એલ. સી.)

સમાજ કી વિશૃંખલા ઔર વિષમતા કો હટા કર ઉસે એક સૂત્ર મેં સંગઠિત કરને તથા બાહરી શત્રુઓં ઔર જગત કે દુઃખદાઇ દુષ્ટોં કા દલન કર કે દેશ મેં સુખશાન્તિમય ધર્મરાજ્ય કી સ્થાપના કરને કે લિયે રામાવતાર હુઆ થા. જબ ઇસ પ્રકાર કી અવસ્થાએં ઉત્પન્ન હોંગી, જો કિ મનુષ્યસમાજ મેં સદા ઉપસ્થિત હોતી રહતી હૈં, તબ તબ રામ કી આવશ્યકતા હોગી. ગુસાંઇજી કે સમય મેં ઐસી અવસ્થા ઉત્પન્ન હુઇ ઔર આજ ભી વૈસી હી દશા ફિર ઉપ-સ્થિત હો ગઈ હૈ. અપને સમય કે ધર્મ કે શત્રુઓં કે નાશ તથા વિશૃંખલ સમાજ મેં સુવ્યવસ્થા સ્થાપિત કરને કે લિયે ગુસાંઇજી કો દેશ કે સામને કિસી વીર કે આદર્શ ઉપસ્થિત કરને કી આવશ્યકતા પડી. ઉન્હેં રામ સે બઢકર દૂસરા આદર્શ દૃષ્ટિગોચર ન હુઆ. રામ કા આદર્શ ઉસ સમય કી આવશ્યકતાઓં કો પૂર્ણ કરને કે લિયે જિસ પ્રકાર સમર્થ હુઆ ઉસી પ્રકાર ઇસ સમય ભી હો સક્તા હૈ. ઉસ સમય ભી દેશ મેં દો પ્રકાર કી સમસ્યાએં થીં ઔર આજ ભી હૈં, એક આન્તરિક ઔર દૂસરી બાહ્ય.

(૧) આન્તરિક સમસ્યા ધર્મ કે નામ પર ફૈલી હુઇ કુરીતિયોં, અનાચારોં, ભ્રષ્ટાચારોં ઔર અત્યાચારોં કો દૂર કર અસલી ધર્મતત્ત્વ કા પ્રચાર કરના.

વિશૃંખલ સમાજ કો એક સૂત્ર મેં બાંધ કર એક આદર્શ કી ઓર લે જાના.

પહિલે કો ધાર્મિક ઔર દૂસરી કો સામાજિક કહા જા સકતા હૈ; કિન્તુ ગુસાંઇજી દોનોં કો ધર્મગ્લાનિ કે નામ પુકારતે હૈં.

(૨) બાહ્ય–ધર્મ શત્રુઓં સે સમાજ કી રક્ષા કરના. ઇસકે લિયે

ગુસાંઇજી ને "ગૌબ્રાહ્મણપ્રતિપાલ", "સંતરક્ષા" "ઔર "દુષ્ટ-દલન" આદિ શબ્દોં કા ઉપયોગ કિયા હૈ.

દોનોં સંમસ્યાએં એકદૂસરે પર આશ્રિત હૈં. બિના સમાજ-સંગઠન કે દુષ્ટદલન નહીં હો સકતા ઔર બિના દુષ્ટદલન કે સમાજ મેં શાન્તિસુખ નહીં હો સકતા. જો કિ સમાજસંસ્કાર કે લિયે નિતાન્ત આવશ્યક હૈ. સમાજ મેં આન્તરિક શાન્તિ સ્થાપન ઔર સંસ્કાર કરને કે પહિલે શાન્તિપૂર્ણ વાતાવરણ કી આવશ્યકતા હૈ. જિસકે લિયે બાહરી શત્રુઓં કા દમન પ્રથમ આવશ્યક હો જાતા હૈ. ઇસી લિયે રામ પહિલે સંત દુઃખદાઈ, દેશ-ધર્મ કે શત્રુઓં કા નાશ કરતે હૈં ઔર ફિર આદર્શ ધર્મરાજ્ય સ્થાપન કર સમાજ-સંસ્કાર ઔર આન્તરિક ધર્મવ્યવસ્થા આદિ કા અસલી કાર્ય આરંભ કરતે હૈં. ઇસ રામરાજ્ય કે દ્વારા ગુસાંઇજી જનતા કો ઉસ આદર્શ રાજ્ય કે આદર્શ કી ઔર લે જાતે હૈં, જિસમેં રાજા કેવલ બાહરી શક્તિ કે બલ પર રાજ્ય નહીં કરતા બલ્કિ પ્રજા કો પૂર્ણ સ્વાધી-નતા ઔર મહાધિકાર દેતા હૈ ઔર ઉનકા સેવક બન કર ઉનકે હૃદયસિંહાસન પર રાજ્ય કરતા હૈ. યહ આદર્શ પશ્ચિમી પ્રજાતંત્ર-વાદ આદિ કી અપેક્ષા ભારત કે લિયે અધિક ઉપયુક્ત હૈ. યહી ધર્મ રાજવાદ હૈ-યહી ભારત કા સદા સે આદર્શ રહા હૈ.

હમારે યહાં કી રાજ-સત્તા કેવલ રાજસત્તા નહીં હૈ. ઉસમેં ધર્મ કો સદા પ્રધાન સ્થાન દિયા ગયા હૈ. ઇસ ધર્મરાજ્ય મેં ધર્મ ઔર રાજનીતિ કા નિત્ય સંબંધ હૈ, ધર્મ પ્રધાન તથા રાજનીતિ ઉસકા એક અંગ-માત્ર હૈ. ભારત કી રાજનીતિક, સામાજિક ઔર ધાર્મિક પરાધીનતા સે મુક્તિ પાને કે લિયે ગુસાંઇજી ને ભારત કે સામને યહી અમોઘ ઉપાય ઉપસ્થિત કિયા હૈ.

રામ કે રૂપ મેં ઉન્હોંને હમેં વહ જાતીય નેતા દિયા હૈ જીનકી છત્રછાયા મેં હમ અધર્મ, અત્યાચાર ઔર અનાચાર કી સબ શક્તિયોં કો દમન કર સકતે હૈ. રામ કા રૂપ ઉસ ધર્મ કા રૂપ હૈ

જો સબ પ્રકાર કે અધર્મોં ઔર અત્યાચારોં તથા અધર્મિયોં ઔર અત્યાચારિયોં કે લિયે કાલરૂપ હૈ; ચાહે વે કિસી દેશ, કિસી વેષ યા કિસી રૂપ મેં પાયે જાયેં. તુલસીદાસ કા "રક્ષિત" શબ્દ કિસી જાતિવિશેષ કા દ્યોતક નહીં હૈ, કિન્તુ ઉન સબ જાતિયોં ઔર મનુષ્યોં કે લિયે ઉપયુક્ત હૈ, જીનમેં સમાજ ઔર ધર્મ કે વિરુદ્ધ આચરણ પાયે જાતે હૈં.

"જીનકે અસ આચરણ ભવાની, સો જાનહુ નિશ્ચર સમ પ્રાની"

ઇસ ચૌપાઈ મેં ઉન્હોંને યહ ભાવ સ્પષ્ટ કર દિયા હૈ.

ઉનકે રામરાવણ એક વિશેષ ભાવ કે દ્યોતક હૈં. વે કેવલ વ્યક્તિ નહીં હૈં બલ્કિ ભાવ હૈં, આદર્શ હૈં, ધર્મ–અધર્મ કે મૂર્તિમાન અવતાર હૈં. રામરાવણયુદ્ધ વ્યક્તિયોં કા યુદ્ધ નહીં કિન્તુ ઇન્હીં ભાવોં કા યુદ્ધ હૈ. બિના અધર્મનાશ કે ધર્મ કી સ્થાપના નહીં હો સકતી ઔર બિના અધર્મિયોં કે નાશ કે ઇસ અધર્મ કી જડ નહીં ઉખડ સકતી; ક્યોંકિ અધર્મ ઉનમેં ઇતના જ્યાદા હો જાતા હૈ, બિના ઉનકે નાશ કે અધર્મ કા નાશ નહીં હો સકતા. ઇસ પ્રકાર અધર્મિયોં કા નાશ ધર્મસ્થાપન કે લિયે અનિવાર્ય હો જાતા હૈ. ગુસાંઇજી ને હમેં વ્યક્તિયોં કે રૂપ મેં વે આદર્શ દિયે હૈં જો ઉન વ્યક્તિયોં કે ન રહને પર ભી હરકાલ ઔર હરસમય કે લિયે એક સે સત્ય હૈં.–ત્રિકાલાબાધિત હૈં. બિના વ્યક્તિયોં કે આદર્શોં કા પ્રત્યક્ષ રૂપ જનતા કો દૃષ્ટિગોચર નહીં હો સકતા. ઇસી લિયે ઉન્હોંને ઉન આદર્શોં કો વ્યક્તિયોં કે રૂપ મેં મૂર્તિમાન કર કે બતલા દિયા હૈ–વ્યક્તિ ઔર આદર્શ ઇતને એકાકાર હો ગયે હૈં કિ અલગ નહીં કિયે જા સકતે. યદિ કોઈ પૂછે કિ વીરતા, ધીરતા, સત્યતા આદિ પુરુષોત્તમોં કે ગુણોં કા ક્યા સ્વરૂપ હૈ તો હમ અધિક વ્યાખ્યા ન કર ધીરે સે દો અક્ષરોં કા નામ ઉપસ્થિત કર દેંગે. ઇન્હી ગુણોં કે રૂપ હોને કે કારણ રામ પુરુષોત્તમ હૈં. ઇસી

પ્રકાર કોઇ પૂછે કે ઇશ્વર કા કૈસા સ્વરૂપ હૈ–ઉસમેં કૌન કૌન સે ગુણ હૈં ? તો હમ વિચાર ન કર વહી સબમેં રમા હુઆ અધિક સોચ દો અક્ષર કા નામ લે દેંગે. જિસ ઇશ્વર કા સ્વરૂપ બડે બડે ગ્રન્થોં કે વર્ણન સુનને સે ભી સમઝ મેં નહીં આતા વહી ક્ષમા, દયા, કરુણા, ભક્તવત્સલતા આદિ કે મૂર્તિમાન અવતાર તુલસીદાસ કે રામ કો દેખકર તુરંત પ્રત્યક્ષ હો જાતા હૈ. રામ મેં ઇન ઇશ્વ-રીય ગુણોં કા અવતાર દેખકર કોઇ ભી યહ કહે બિના નહીં રહ સકતા હૈ, યદિ ઇશ્વર હોગા તો ઐસા હી હોગા. ઇનસે બઢકર ઇશ્વર મેં ઔર ક્યા હોગા ? સતીત્વ કા દૂસરા નામ સીતા કહા જા સકતા હૈ. ઇસી તરહ ભક્તિ ઔર સેવા કા અર્થ સમઝને કે લિયે ભરત ઔર હનુમાન કો સમઝને કી જરૂરત હૈ.

ઔર યદિ ઇસસે બઢકર કોઇ ઇશ્વર હૈ તો હમેં ઉસકી આવ-શ્યકતા નહીં. હમ સંસારી જીવોં કે લિયે ઐસે હી ઇશ્વર કી આવ-શ્યકતા હૈ, જો હમારે સુખઃદુખોં સે સુખી ઔર દુઃખી હોગા, સંતોં કી રક્ષા ઔર દુષ્ટોં કે દમન કે લિયે અપના ધામ છોડ કર બન બન ફિરેગા, ઔર છોટી સી પ્રેમ–ભક્તિ કે વશ હોકર બ્રહ્મલોક છોડ કર ઇસ દુઃખમય સંસાર મેં હમારેં દુઃખ બટાને કે લિયે નર–તન સે કષ્ટ સહન કરેગા.

યદિ કુછ લોગ ઐસે ઇશ્વર કો કલ્પિત ભી માનેં તો હમેં પર્વાહ–નહીં–ચાહે રામ તુલસીદાસ કી કોઇ કલ્પના હી કયોં ન હોં; પર દેશ, સમાજ ઔર વ્યક્તિ કી આવશ્યકતાઓ કી પૂર્તિ કે લિયે ઐસે હી ઇશ્વર ઔર ઐસે હી પુરુષ યા પુરુષોત્તમ કી જરૂરત હૈ. નહીં નહીં ઐસે હી મનુષ્યરૂપધારી ઇશ્વર કી આવશ્યકતા હૈ, જિસમેં ઇશ્વરત્વ ઔર મનુષ્યત્વ કી વિચિત્ર સમસ્યા હો.

જિસ પ્રકાર સમાજ કો એક આદર્શ નેતા કી આવશ્યકતા હોતી હૈ, ઉસી પ્રકાર વ્યક્તિ કો ભી આપના જીવન એક ખાસ

દિશા મેં લે જાને કે લિયે એક વ્યક્તિત્વ (પર્સનાલિટી) કો સામને રખના હોતા હૈ, જો ઉસકે વાંછનીય આદર્શો કી મૂર્તિ હો ઔર જિસસે વ્યક્તિગત આવશ્યકતાએં પૂરી હો સકેં. વ્યક્તિ કી આવશ્યકતાએં તીન પ્રકાર કી હૈં:—

વ્યક્તિગત, ગાર્હસ્થ તથા સામાજિક

ઇન તીનોં આવશ્યકતાઓં કી પૂર્તિ કે લિયે ગુસાંઇજી ને રામ કો ઉપસ્થિત કિયા હૈ. રામ કા વ્યક્તિગત જીવન ઉન સભી ગુણોં સે યુક્ત હૈ જો હમારી વ્યક્તિગત ઉન્નતિ કે લિયે આવશ્યક હૈ. વ્યક્તિ કો પરિવાર કા એક અંગ સમઝ કર પરિવાર કે પ્રતિ ઉસકા ક્યા કર્તવ્ય હૈ યહ બતાને કે લિયે રામ કા પારિવારિક જીવન યથેષ્ટ હૈ. સમાજ ઔર દેશ મેં વ્યક્તિ કા ક્યા સ્થાન હૈ તથા સમાજ કે પ્રતિ ઉસકા ક્યા ધર્મ હૈ, ઇસકી શિક્ષા ભી રામ કે જીવન સે મિલ સકતી હૈ.

ઇસસે સ્પષ્ટ હૈ કી ગુસાંઇજીને જીન રામ કો જનતા કે સામને ઉપસ્થિત કિયા હૈ, વે વ્યક્તિ તથા સમાજ કી સભી પ્રકાર કી આવશ્યકતાએં પૂર્ણ કરને કે લિયે સમર્થ હૈ. દુષ્ટ, દમનકારી ઔર ધર્મરાજ્યસ્થાપક રાજા કે રૂપ મેં વે હમારી લૌકિક આકાંક્ષાઓં કો પૂર્ણ કરતે હૈં. શત્રુઓં કા નાશ કરે વે હમારે ધર્મ કે રક્ષક ઔર સંસ્થાપક હૈ તથા ઉસકે બાદ ધર્મમૂલક રાજ્ય કો સ્થાપન કર સમાજસંગઠન ઔર સમાજ કે સ્થાપક તથા ઉસી કે દ્વારા નવીન રૂપ સે સમાજ સંસ્કાર લોક–ધર્મ–વ્યવસ્થા કે વ્યવસ્થાપક હૈ. ઉન મેં ધર્મગુરુ, સમાજસુધારક ઔર શાસક, તીનોં કે કાર્યકલાપ બડી સુંદરતા ઔર સામંજસ્યા કે સાથ મિશ્રિત હૈ. વે દીન દુનિયા દોનોં કે માલિક હૈં, વે પ્રજા કે પારલૌકિક મોક્ષદાતા ઈશ્વર ભી હૈ ઔર ઇહલૌકિક કલ્યાણકર્તા શાસક ભી હૈ. ઉનકા શાસન કેવલ બાહ્ય–દંડવિધાનપર સ્થાપિત રાજ્ય નહીં હૈ, કિંતુ આંતરિક

આત્મશાસન કી સુદૃઢ નીવ પર સ્થાપિત હૈ. પ્રજા કી લૌકિક વિભૂતિ બુદ્ધિ કે સાથ સાથ ઉન્હેં પ્રજા કી આત્મિક ઉન્નતિ ઔર પારલૌકિક યોગક્ષેમ કી અધિક ચિંતા હૈ.

પંડિત રામચંદ્ર શુક્લ ને અપની પુસ્તક "ગોસ્વામી તુલસીદાસજી" મેં ઇસ વિષય પર બડા અચ્છા પ્રકાશ ડાલા હૈ ઉસસે કુછ અવતરણ યહાં દેતે હૈં:

"યહ ધર્મરાજ્ય હૈ ઇસકા પ્રભાવ જીવન કે છોટે-બડે સબ વ્યાપારોં તક પહુંચનેવાલા હૈ. સમસ્ત માનવી પ્રકૃતિ કા રંજન કરનેવાલા હૈ! ઇસ રાજ્ય કી સ્થાપના કેવલ શરીર પર હી નહીં હોતી, હૃદય પર હોતી હૈ. યહ રાજ્ય કેવલ ચલતી હુઇ મશીન નહીં હૈ—આદર્શ વ્યક્તિ કા પરિવર્ધિત રૂપ હૈ. જિસ પ્રકાર હાથ પૈર હૈ ઉસી પ્રકાર હૃદય ભી હૈ, જિસકી રમણીયતા કે અનુભવ સે પ્રજા આપ ધર્મ કી ઓર પ્રવૃત્ત હોતી હૈ.

"સુશીલતા કી પરાકાષ્ઠા રામ કે રૂપ મેં હૃદયાકર્ષિણી શકિત હોકર ઉનકે બીચ પ્રતિષ્ઠિત થી. ઉસ શક્તિ કે સમ્મુખ પ્રજા અપને હૃદય કી સુંદર વૃત્તિયોં કો કર સ્વરૂપ સમર્પિત થીં. ભારતીય સભ્યતા કે બીચ રાજા ધર્મશકિતસ્વરૂપ હૈ."

ગોસ્વામીજી ને દેશ મેં પ્રચલિત સબ ધાર્મિક ઔર સામાજિક અનાચારોં કે દમન તથા સુખશાંતિ કે સ્થાપન કે લિયે સબ સમસ્યાઓં કો હલ કરને કે લિયે "રામરાજ્ય સ્થાપન" કો હી એકમાત્ર ઉપાય બતાયા હૈ. સબ પ્રકાર કે અનાચારોં ઔર અત્યાચારોં કા સમાવેશ ઉનકા "ધર્મગ્લાનિ" ઔર "મર્યાદા-ભંગ" શબ્દોં મેં હો જાતા હૈ. મર્યાદાભંગ સંક્ષિપ્ત રૂપ સે ગુસાંઇજી ને વિનયપત્રિકા કે એક પદ મેં રખ દિયા હૈ. ઉસકે દ્વારા વે અપને એકમાત્ર આંધાર રામ કો દેશદશા કી કરુણ કથા સુનાતે હૈં.

"દીન દયાલ દુરિત દારિત દુઃખ દુની સકલ તિહું. તાપતઈ હૈ.
દેવ દુઆર પુકારત આરત સબ કી સબ સુખ હાનિ ભઇ હૈ."

ઇસમેં વે દેશ કે તીન પ્રધાન કષ્ટોં યા તાપોં કા વર્ણન કરતે હૈં. દુરિત, દારિદ્રય ઔર દુઃખ. ઉનકે અનુસાર દેશ ઇન તીન મહાતાપોં સે પીડિત હૈ. ઉનમેં પ્રથમ હૈ "દુરિત" અર્થાત્ પાપ. ઇસ 'પાપ' શબ્દ મેં વે સભી ધાર્મિક, રાજનૈતિક ઔર સામાજિક પાપ શામિલ હૈં, જિસકા વર્ણન ગુસાંઇજી આગે કી લકીરોં મેં કરેંગે. ઉન સબ પાપોં કા ફલ દેશ મેં પ્રચલિત ભયાનક "દારિદ્રય" ઔર "દુઃખ" હૈ. ગુસાંઇજી કે વર્ણિત યે તીન તાપ–આધ્યાત્મિક, આધિદૈવિક ઔર આધિભૌતિક હૈં. "દુરિત" આધ્યાત્મિક, દુઃખ "આધિદૈવિક" ઔર દારિદ અધિભૌતિક તાપ હૈ.

ઇન તાપોં સે પૃથ્વી કે સબ પ્રકાર કે સુખોં કી હાનિ હો ગઇ. વહ ભગવાન કે દ્વાર પર આર્ત હોકર પુકાર કર રહી હૈ. યહાં પર "દુર્ગ" શબ્દ ભારતભૂમિ કા હૈ. યહ દૂસરે દેશ કે લિયે ઉપયુક્ત નહીં હૈ. ક્યોં કિ વે ઇસ દેશ કી દશા કા વર્ણન કર રહે હૈં. રામાયણ મેં ભી પૃથ્વી ગૌ કા રૂપ ધારણ કર ભગવાન કે પાસ ગઇ હૈ. ગુસાંઇજી દેશ કે ઇન તાપોં સે દુઃખી ઔર દેશભક્તિ સે પ્રેરિત હોકર ઉનકો દૂર કરને કે લિયે ભગવાન કે દ્વાર પર પુકાર કરતે હૈં. ઇસ સે સિદ્ધ હોતા હૈ કિ કોમલ હૃદય મહાત્મા તુલસીદાસજી દેશ કે દુઃખ કો અપના દુઃખ સમઝને વાલે સચ્ચે દેશપ્રેમી હૈં ઔર દેશભક્તિ કે પ્રેરિત હોકર હી ઉન્હોંને કવિતા કી. વે દેશ કે સચ્ચે પ્રતિનિધિ ઔર નેતા કા કામ કરતે હૈં. કવિ કે સચ્ચે કર્ત્તવ્ય કા પાલન કરતે હૈં. અપને વર્ણન સે દેશ કી દુઃખિત આત્મા કા કરુણ ક્રંદન–કરુણાત્મા તક પહુંચાતે હૈં.

આગે કી લકીરોં મેં ગુસાંઇજી દેશ મેં પ્રચલિત દુરિતોં યા મર્યાદાભંગ કા વર્ણન કરતે હૈં. વે દેશ કો તીન પ્રધાન જનસમુદાયોં મેં વિભાજિત કરતે હૈં. બ્રાહ્મણ, રાજા ઔર પ્રજા. બ્રાહ્મણ–જિનકે હાથ મેં ધાર્મિક શાસન કા કામ હૈ, રાજા યા ક્ષત્રિય–

જિનકે હાથમેં પ્રજા કા પાલનભાર હૈ તથા સાધારણ પ્રજા જીસમેં શેષ સબ આ જાતે હૈં. ગુસાંઇજી ને બ્રાહ્મણોં કો ભૂદેવ ઔર સબ વર્ણો મેં શ્રેષ્ઠ માના હૈ; ક્યોંકિ વે હી ભારતીય સભ્યતા કે સદા સે મૂલ રહે હૈ. પહિલે સમાજ કે સર્વશ્રેષ્ઠ અંગ યા ઉત્તમાંગ ઇન્હીં બ્રાહ્મણોં કી દુર્દશા કા વર્ણન કરતે હૈ.

"પ્રભુ કે વચન વેદ બુધ સંમત, મમ મૂરતિ મહિદેવ મઇ હૈ,
તિનકી રિસ રાગ મોહ પદ, લોભ લાલચી લીલ લઇ હૈ."

જિનકો સ્વયં ભગવાન ને અપની મૂર્તિ–રૂપ કહા હૈ ઔર જો યહીં પર દેવતુલ્ય હૈં ઉન્હીં કી મતિ જબ ક્રોધ, મોહ, લોભ આદિ ને નિગલ લી તબ ફિર દૂસરોં કા ક્યા પૂછના ?

અબ દૂસરા વર્ણ ક્ષત્રિય રાજાઓં કા હૈ જો લોકરક્ષા, લોકપાલન ઔર લોકશાસન કે લિયે જીમ્મેદાર હૈં. ઇસને ભી અપના કર્તવ્યપાલન ઔર મર્યાદા છોડ દી.

"રાજસમાજ કુસાજ કો ટિકટુ, કલ્પત કલુપ કુચાલ નઇ હૈ,
નીતિ પ્રતીત પ્રીતિપરિમિતિ પતિ, હેતુ બાદ હઠિ હેરિ હઇ હૈ."

ઇન પંક્તિયોં મેં દેશ કી રાજનીતિક દશા કા વર્ણન હૈ. ઇસ રાજસમાજ સે ગુસાંઇજી કા લક્ષ્ય ઉસ સમય કે યવન મહિપાલોં સે હૈ જીસકા ઉલ્લેખ વે ઇસ દોહે મેં કરતે હૈં:—

"ગોંડ ગંવાર નૃપાલ કલિ યવન મહા મહિપાલ,
સામ ન દામ ન ભેદ કછુ કેવલ દંડ કરાલ."

યે "યવન મહા મહિપાલ" સિવા મુગલસમ્રાટોં કે દૂસરે કૌન હો સકતે હૈં ? મરાઠી મેં શ્રી યાદવ શંકર જામદાર ને તુલસીદાસજી પર એક સમાલોચના–મૂલ માનસ હંસ અત્યુત્તમ પુસ્તક લિખી હૈ. માનસ કી રચના કે ઉદ્દેશ કે સંબંધ મેં હમારા ઔર ઉનકા મત

મિલતા હૈ કિ દેશ કી રાજનીતિક, ધાર્મિક સ્થિતિ ઠીક કરને હી કે લિયે ગુસાંઇજી ને ગ્રંથરચના કી. ગુસાંઇજી કે રાજનીતિક ઉદ્દેશોં કે સંબંધ મેં ઉનકા મત હૈ કિ મુગલરાજ્ય કો ઉલટ કર સ્વરાજ્ય સ્થાપન કરના હી ઉનકા ઉદ્દેશ થા. રાવણ કે ચરિત્ર પર વિચાર કરતે હુએ ઉન્હોંને યહાં તક કહ ડાલા હૈ કિ ગુસાંઇજી ને રાવણ કે કૃત્યોં કે દ્વારા અકબર કી ઓર ઇશારા કિયા હૈ. "નિશાચરોં" ઔર રાક્ષસોં કી જગહ "યવન" શબ્દ ઉનકે કર્મોં મેં બિના અંતર કિયે હી બડી સરલતા સે રક્ખા જા સકતા હૈ.

("મનોરમા"ના એક અંકમાંથી)

૧૫–ઘૂંટણભર પ્રાર્થના

(લેખકઃ–શ્રી. શ્રીનિવાસ આયંગર)

શબ્દોમાં ન વર્ણવી શકાય એવી વેદનાથી વ્યગ્ર બનીને હું મહિનાઓ થયાં દેશભરમાં ભટક્યા કરું છું. હું જ્યાં જ્યાં જોઉં છું ત્યાં ત્યાં, મારું સન્માન કરવાને ધસી આવતા પ્રેમઘેલા લોકોનાં ટોળાં જોઇ–હિંદુ અને મુસ્લિમ, પારસી અને ખ્રિસ્તી અને સૌ કોઈ ધર્મના અને કોમના લોકોને અત્યંત સદ્ભાવથી એકબીજા સાથે ખભેખભા મિલાવીને ઊભેલા જોઇ, મારા દિલમાં કાંઈનું કાંઇ થઈ જાય છે. હું પોકારી ઊઠું છું કે, આ ભલો–ભોળો, દેશપ્રેમની ઊર્મિ અનુભવતો જનસમૂહ–આ ગરીબડો લોકસમાજ, કોમને નામે ઝનૂને ચડી રમખાણો મચાવે છે! આ પ્રજાવર્ગ તેમની પ્યારી માતાના દેહને પોતાનું લોહી છાંટી તેને અભડાવે છે! તરતજ હૃદયમાંથી સ્પષ્ટ ઉત્તર ઊઠે છે કે, "ના, એ જનસમાજ રમખાણો નથી માંડતો, એ ટોળું હિંદુ દેવાલયની મૂર્તિઓ નથી ભાંગતું, એ ટોળું મુસ્લિમ મસ્જિદો ઉપર હલ્લો નથી લઇ જતું; ટોળું તો સાવ નિર્દોષ છે."

ઊંડા વિચારને અંતે મારી ખાતરી થઇ ચૂકી છે કે, ટોળું નિર્દોષ છે, તેનામાં કોઇ જાતની અસ્મિતાજ નથી; પણ સાચા દોષિત તો હું અને તમેજ છીએ. આજે ઠેર ઠેર જે રમખાણો મચે છે અને લોહીની નદીઓ વહે છે, તેને માટે હું અને તમેજ જવાબદાર છીએ. એ બધાં રમખાણોને માટે આપણો નેતાવર્ગજ જવાબદાર છે. મને હવે રજમાત્ર પણ આશંકા નથી રહી કે, હિંદુ–મુસ્લિમ એ બે કોમો વચ્ચે ન સંધાય એવી ફાટ પડી ગયાનું કહેનારાઓ જૂઠા છે. હું માનું છું અને જાહેર કરું છું કે, ભારતમાતાનાં બે ફેફસાં સમી એ બન્ને કોમો વચ્ચે–એ બન્ને કોમોના સામાન્ય જનસમુદાય વચ્ચે કશોજ ક્લેશ કે વિખવાદ નથી. જે કંઇ કલેશ અને વિખવાદ છે તે એ બન્ને કોમોના નેતાઓની વચ્ચે છે. જે કલહ દેખાય છે તે મારી અને તમારી વચ્ચે વર્તે છે–તે નેતાઓ નેતાઓની વચ્ચે વર્તે છે. એટલેજ હું કહું છું કે, લોકો તો એકત્રિત છે–માત્ર નેતાઓજ વહેંચાયેલા અને વિવાદગ્રસ્ત છે.

પણ હું આશાવાદી છું. આ સ્થિતિથી હું જરાયે નિરાશ નથી થતો. ઊલટું મને એક પ્રકારની શાંતિ છે કે, આ વિખવાદનું ઝેર હજી જનસમૂહના લોહીમાં નથી મળી ગયું; એથીજ હું આશાવંત છું કે, હરકોઇ ઇલાજે, મારા બંધુ નેતાઓની સમક્ષ ઘૂંટણીએ પડીને પણ, તેમને શાંતિના રાહ ઉપર હું ખેંચી શકીશ અને આ સભાના સભાજનો, તેમને તો હું અહીંજ ઘૂંટણભર બનીને પ્રાર્થના કરું છું કે, ખુદાને ખાતર, દેશને ખાતર, આવા ખૂનખાર ઝઘડાઓ ટાળવાનોજ નિર્ણય કરજો.

("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

१६–अछूतजाति की परमात्मश्रद्धा

(લેખકઃ–શ્રી. પ્રેમચંદજી)

(૧)

માતૃ–પ્રેમ! તુઝે ધન્ય હૈ. સંસાર મેં ઔર જો કુછ હૈ, મિથ્યા હૈ, નિઃસાર હૈ. માતૃપ્રેમ હી સત્ય હૈ, અક્ષય હૈ, અનશ્વર હૈ. તીન દિન સે સુખિયા કે મુંહ મેં અન્ન કા ન એક દાના ગયા થા, ન પાની કી એક બુંદ. સામને પુઆલ પર માતા કા નન્હા–સા લાલ પડા કરાહ રહા થા. આજ તીન દિન સે ઉસને આંખેં ખોલી થીં. કભી ઉસે ગોદ મેં ઉઠા લેતી, કભી પુઆલ પર સુલા દેતી. હંસતે–ખેલતે બાલક કો અચાનક ક્યા હો ગયા, યહ કોઇ નહીં બતાતા થા. ઐસી દશા મેં માતા કો ભૂખ ઔર પ્યાસ કહાં? એક બાર પાની કા એક ઘૂંટ મુંહ મેં લિયા થા, પર કંઠ કે નીચે ન લે જા સકી; ઇસ દુઃખિયા કી વિપત્તિ કા વારપાર ન થા. સાલભર કે ભીતર દો બાલક ગંગા કી ગોદ મેં સૌંપ ચૂકી થી, પતિદેવ પહિલે હી સિધાર ચૂકે થે. અબ ઉસ અભાગિની કે જીવન કા આધાર, અવલંબ જો કુછ થા યહી બાલક થા. હાય! ક્યા ઇશ્વર ઇસે ભી ઉસકી ગોદ સે છીન લેના ચાહતે હૈં? યહ કલ્પના કરતે હી માતા કી આંખોં સે ઝરઝર આંસૂ બહને લગતે થે. ઇસ બાલક કો વહ એક ક્ષણભર કે લિયે ભી અકેલા ન છોડતી થી. ઉસે સાથ લેકર ઘાસ છીલને જાતી. ઘાસ બેચને બાજાર જાતી તો બાલક ગોદ મેં હોતા. ઉસકે લિયે ઉસને એક નન્હી–સી ખુરપી ઔર નન્હી–સી ખાંચી બનવા દી થી. જીયાવન માતા કે સાથ ઘાસ છીલતા ઔર ગર્વ સે કહતાઃ–અમ્મા! હમેં ભી બડી–સી ખુરપી બનવા દો, હમ બહુત સી ઘાસ છીલેંગે. તુમ દ્વારે માચી પર બૈઠી રહના. અમ્મા! મૈં ઘાસ બેચ લાઉંગા. માં પૂછતીઃ–હમારે લિયે ક્યા ક્યા લાઓગે બેટા?

જીયાવન લાલ-લાલ સાડિયોં કા વાદા કરતા. અપને લિયે બહુત-સા ગુડ લાના ચાહતા થા. વે હી ભોલી-ભોલી બાતેં ઇસ સમય યાદ આ આકર માતા કે હૃદય કો શૂલ કે સમાન વેધ રહી થીં. જો બાલક કો દેખતા, યહી કહતા કિસી કી ડીઠ હૈ; (કોઇકની નજર લાગી છે.) પર કિસકી ડીઠ હૈ? ઇસ વિધવા કા ભી સંસાર મેં કોઇ બૈરી હૈ? અગર ઉસકા નામ માલૂમ હો જાતા તો સુખિયા જાકર ઉસકે ચરણોં પર ગિર પડતી ઔર બાલક કો ઉસકી ગોદ મેં રખ દેતી. ક્યા ઉસકા હૃદય દયા સે ન પિગલ જાતા? પર નામ કોઇ નહીં બતાતા. હાય, કિસસે પૂછે? ક્યા કરે?!

(૨)

તીન પહર રાત બીત ચૂકી થી. સુખિયા કા ચિન્તાવ્યથિત, ચંચલ મન કોઠે-કોઠે દૌડ રહા થા. કિસ દેવી કી શરણ જાય, કિસ દેવતા કી મનૌતી કરે; ઇસી સોચ મેં પડે-પડે ઉસે એક ઝપકી આ ગઇ. ક્યા દેખતી હૈ કિ ઉસકા સ્વામી આકર બાલક કે સિરહાને ખડા હો જાતા હૈ ઔર બાલક કે સિર પર હાથ ફેર કર કહતા હૈ, "રોં મત સુખિયા! તેરા બાલક અચ્છા હો જાયગા. કલ ઠાકુરજી કી પૂજા કર દે, વહી તેરે સહાયક હોંગે." યહ કહ કર વહ ચલા ગયા. સુખિયા કી આંખ ખુલ ગઇ. અવશ્ય હી ઉસકે પતિદેવ આએ થે, ઇસમેં સુખિયા કો જરા ભી સંદેહ ન હુઆ. ઉન્હેં અબ ભી મેરી સુધિ હૈ, યહ સોચ કર ઉસકા હૃદય આશા સે પરિપ્લાવિત હો ઉઠા. પતિ કે પ્રતિ શ્રદ્ધા ઔર પ્રેમ સે ઉસકી આંખેં સજલ હો ગઇ. ઉસને બાલક કો ગોદ મેં ઉઠા લિયા ઔર આકાશ કી ઓર તાકતી હુઇ બોલીઃ-"ભગવન્! મેરા બાલક અચ્છા હો જાય, મૈં તુમ્હારી પૂજા કરુંગી, અનાથ વિધવા પર દયા કરો."

ઉસી સમય જીયાવન કી આંખેં ખુલ ગઇ. ઉસને પાની માંગા. માતા ને દૌડ કર કટોરે મેં પાની લિયા ઔર બચ્ચે કો પિલા દિયા.

જીયાવન ને પાની પી કર કહાઃ-અમ્મા, રાત હૈ કિ દિન ?

સુખિયાઃ-અભી તો રાત હૈ બેટા ! તુમ્હારા જી કૈસા હૈ ?

જીયાવનઃ-અચ્છા હૈ અમ્મા, અબ મૈં અચ્છા હો ગયા.

સુખિયાઃ-તુમ્હારે મુંહ મેં ઘી-સક્કર હો બેટા ! ભગવાન કરે તુમ જલ્દી અચ્છે હો જાવ. કુછ ખાને કો જી ચાહતા હૈ ?

જીયાવનઃ—હાં અમ્મા! થોડા-સા ગુડ દે દો.

સુખિયાઃ—ગુડ મત ખાઓ ભૈયા, અવગુન કરેગા. કહો તો ખિચડી બના દૂં.

જીયાવનઃ—નહીં મેરી અમ્મા! જરા-સા ગુડ દે દે, તેરે પૈરાં પડૂં.

માતા ઇસ આગ્રહ કો ન ટાલ સકી. ઉસને થોડાસા ગુડ નિકાલ કર જીયાવન કે હાથ મેં રખ દિયા ઔર હાંડી કા ઢક્કન લગાને જા રહી થી કિ કિસીને બાહર સે આવાજ દી. હાંડી વહીં છોડ કર વહ કેવાડ ખોલને ચલી ગઈ. જીયાવન ને ગુડ કી દો પિંડિયાં નિકાલ લીં ઔર જલ્દી જલ્દી ચટ કર ગયા.

(૩)

દિનભર જીયાવન કી તબિયત અચ્છી રહી. ઉસને થોડી સી ખિચડી ખાઇ, દો-એક બાર ધીરે-ધીરે દ્વાર પર ભી આયા ઔર હમજોલિયોં કે સાથ ખેલ ન સકને પર ભી, ઉન્હેં ખેલતે દેખ કર ઉસકા જી બહલ ગયા. સુખિયા ને સમઝા બચ્ચા અચ્છા હો ગયા. દોએક દિન મેં જબ પૈસે હાથ મેં આ જાયેંગે તો વહ એક દિન ઠાકુરજી કી પૂજા કરને ચલી જાયંગી. જાડે કે દિન ઝાડૂ-બહારુ, નહાને-ધોને ઔર ખાને-પીને મેં કટ ગએ; મગર જબ સંધ્યાસમય ફિર જીયાવન કા જી ભારી હો ગયા તબ સુખિયા ઘબરા ઉઠી. તુરત મન મેં શંકા ઉત્પન્ન હુઇ કિ પૂજા મેં વિલમ્બ કરને સે હી બાલક ફિર મુરઝા ગયા હૈ. અભી થોડા-સા દિન બાકી થા. બચ્ચે કો

લેટાકર વહ પૂજા કા સામાન કરને લગી. ફૂલ તો જમીનદાર કે બગીચે મેં મિલ ગએ. તુલસી-દલ દ્વાર હી પર થા, પર ઠાકુરજી કે ભોગ કે લિયે કુછ મિષ્ટાન્ન તો ચાહિયે, નહીં તો ગાંવવાલોં કો બાંટેગી કયા? ચઢાને કે લિયે કમ-સે-કમ એક આના તો ચાહિયે હી. સારા ગાંવ છાન આઇ, કહીં પૈસે ઉધાર ન મિલે. તબ વહ હતાશ હો ગઇ. હાય રે અદિન, કોઇ ચાર આને પૈસે ભી નહીં દેતા. આખિર ઉસને અપને હાથોં કે ચાંદી કે કડે ઉતારે ઔર દૌડી હુઇ બનીએ કે દુકાન પર ગઇ, કડે ગિરો રખ્ખે, બતાસે લિયે ઔર દૌડી હુઈ ઘર આઇ. પૂજા કા સામાન તૈયાર હો ગયા તો ઉસને બાલક કો ગોદ મેં ઉઠાયા ઔર દૂસરે હાથ મેં પૂજા કી થાલી લિયે મંદિર કી ઓર ચલી.

મંદિર મેં આરતી કા ઘંટા બજ રહા થા. દશ-પાંચ ભક્ત-જન ખડે સ્તુતિ કર રહે થે; ઇતને મેં સુખિયા જાકર મંદિર કે સામને ખડી હો ગઇ.

પૂજારી ને પૂછાઃ-ક્યા હૈ રે? ક્યા કરને આઇ હૈ?

સુખિયા ચબૂતરે પર આ કર બોલીઃ-ઠાકુરજી કી મનૌતી કી થી મહારાજં! પૂજા કરને આઇ હૂં.

પૂજારીજી દિનભર જમીંદાર કે અસામિયોં કી પૂજા કિયા કરતે થે, ઔર શામ-સવેરે ઠાકુરજી કી. રાત કો મંદિર હી મેં સોતે થે, મંદિર હી મેં આપકા ભોજન ભી બનતા થા, જીસસે ઠાકુરદ્વારે કી સારી અસ્તરકારી કાલી પડ ગઇ થી. સ્વભાવ કે બડે દયાલુ થે, નિષ્ઠાવાન ઐસે કિ ચાહે કિતની હી ઠંડ પડે, કિતની હી ઠંડી હવા ચલે, બિનાસ્નાન કિયે મુંહ મેં પાની ન ડાલતે થે; અગર ઇસ પર ઉનકે હાથોં ઔર પૈરોં પર મૈલ કી મોટી તહ જમી હુઇ થી, તો ઇસમેં ઉનકા કોઈ દોષ ન થા. બોલે-તો ક્યા ભીતર ચલી આવેગી? હો તો ચૂકી પૂજા. યહાં આકર ભરભ્રષ્ટ કરેગી?

એક ભક્તજન ને કહાઃ–ઠાકુરજી કો પવિત્ર કરને આઇ હૈ.

સુખિયા ને બડી દીનતા સે કહાઃ–ઠાકૂરજી કે ચરન છૂને આઈ હૂં સરકાર! પૂજા કી સબ સામગ્રી લાઇ હૂં.

પૂજારીઃ–કૈસે બેસમઝી કી બાત કરતી રે? કુછ પગલી તો નહીં હો ગઇ હૈ? ભલા તૂ ઠાકુરજી કો કૈસે છુએગી?

સુખિયા કો અબ તક કભી ઠાકુરદ્વારે મેં આને કા અવસર ન મિલા થા. આશ્ચર્ય સે બોલીઃ–સરકાર! વહ તો સંસાર કે માલિક હૈ. ઉનકે દર્શન સે તો પાપી ભી તર જાતા હૈ. મેરે છૂને સે ઉન્હેં કૈસે છૂત લગ જાયગી?

પૂજારીઃ–અરે, તૂ ચમારિન હૈ કિ નહીં રે?

સુખિયાઃ—તો કયા ભગવાન ને ચમારોં કો નહીં સિરજા હૈ? ચમારોં કા ભગવાન કોઇ ઔર હૈ? ઇસ બચ્ચે કી મનૌતિ હૈ સરકાર!

ઇસ પર ઉસી ભક્ત મહોદય ને, જો અબ સ્તુતિ સમાપ્ત કર ચૂકે થે, ડપટ કર બોલેઃ–માર કે ભગા દો ચુડેલ કો. ભરભ્રષ્ટ કરને આઇ હૈ, ફેંક દો થાલી–બાલી. સંસાર મેં તો આપ હી આગ લગી હુઇ હૈં, ચમાર ભી ઠાકુરજી કી પૂજા કરને લગેંગે તો પિરથી રહેગી કી રસાતલ કો ચલી જાયગી!

દૂસરે ભક્ત મહાશય બોલેઃ—અબ બેચારે ઠાકુરજી કો ભી ચમારોં કે હાથ કા ભોજન કરના પડેગા. અબ પરલૈ હોને મેં કુછ કસર નહીં હૈ.

ઠંડ પડ રહી થી; સુખિયા ખડી કાંપ રહી થી ઔર યહાં ધર્મ કે ઠેકેદાર લોગ સમય કી ગતિ પર આલોચનાએં કર રહે થે. બચ્ચા મારે ઠંડ કે ઉસકી છાતી મેં ઘુસા જાતા થા, કિંતુ સુખિયા વહાં સે હટને કા નામ ન લેતી થી. ઐસા માલૂમ હોતા થા કી ઉસકે દોનોં પાંવ ભૂમિ મેં ગડ ગએ હૈં. રહ–રહ કર ઉસકે હૃદય મેં ઐસા ઉદ્ગાર ઉઠતા થા કિ જાકર ઠાકુરજી કે ચરણોં પર ગિર પડે. ઠાકુ-

રજી કયા ઇન્હી કે હૈં, હમ ગરીબોં કા ઉનસે કોઇ નાતા નહીં હૈ? યે લોગ કૌન હોતે હૈં રોકનેવાલે? પર યહ ભય હોતા થા કિ ઇન લોગોં ને કહીં સચમુચ થાલી–બાલી ફેંક દી તો કયા કરુંગી? દિલ મેં ઐંઠ કર રહ જાતી થી. સહસા ઉસે એક બાત સૂઝી. વહ વહાં સે કુછ દૂર જાકર એક વૃક્ષ કે નીચે અંધેરે મેં છિપકર ઇન ભક્તજનોં કે જાને કી રાહ દેખને લગી.

(૪)

આરતી ઔર સ્તુતિ કે પશ્ચાત્ ભક્તજન બડી દેર તક શ્રીમદ્-ભાગવત કા પાઠ કરતે રહે. ઉધર પૂજારીજીને ચૂલ્હા જલાયા ઔર ખાના પકાને લગે. ચૂલ્હે કે સામને બૈઠે હુએ હૂં–હૂં કરતે જાતે થે ઔર બીચબીચ મેં ટિપ્પણિયાં ભી કરતે જાતે થે. દસ બજે રાત તક કથાવાર્તા હોતી રહી ઔર સુખિયા વૃક્ષ કે નીચે ધ્યાનાવસ્થા મેં ખડી રહી.

સારે ભક્ત–લોગોં ને એક એક કરકે ઘર કી રાહ લી. પૂજા-રીજી અકેલે રહ ગએ. તબ સુખિયા આકર મંદિર કે બરામદે કે સામને ખડી હો ગઈ, જહાં પૂજારીજી આસન જમાએ બટલોઇ કા ક્ષુધાવર્ધક મધુર સંગીત સુનને મેં મગ્ન થે. પૂજારીજી ને આહટ પાકર ગરદન ઉઠાઇ તો સુખિયા કો ખડી દેખા. ચિઢકર બોલેઃ—કયોં રે, તૂ અભી યહીં ખડી હૈ?

સુખિયા ને થાલી જમીન પર રખ દી ઔર એક હાથ ફૈલા કર ભિક્ષા–પ્રાર્થના કરતી હુઇ બોલીઃ–મહારાજજી! મૈં બડી અભા-ગિની હૂં. યહી બાલક મેરે જીવન કા અલમ હૈ, મુઝ પર દયા કરો. તીન દિન સે ઇસને સિર નહીં ઉઠાયા. તુમ્હેં બડા જસ હોગા મહારાજજી!

યહ કહતે–કહતે સુખિયા રોને લગી. પૂજારીજી દયાલુ તો થે, પર ચમારિન કો ઠાકુરજી કે સમીપ જાને દેને કા અશ્રુતપૂર્વ, ઘોર

પાતક વહ કૈસે કર સકતે? ન જાને ઠાકુરજી ઇસકા ક્યા દંડ દેં. આખિર ઉનકે ભી તો બાલ-બચ્ચેં થે, કહીં ઠાકુરજી કુપિત હોકર ગાંવ કા સર્વનાશ કર દેં તો! બોલે-ઘર જા કે ભગવાન કા નામ લે, તેરા બાલક અચ્છા હો જાયગા. મૈં યહ તુલસીદલ દેતા હૂં; બચ્ચે કો ખિલા દે, ચરણામૃત ઉસકી આંખોં મેં લગા દે. ભગવાન ચાહેંગે તો સબ અચ્છા હી હોગા.

સુખિયાઃ-ઠાકુરજી કે ચરણોં પર ગિરને ન દોગે મહારાજજી? બડી દુખિયા હૂં, ઉધાર કાઢકર પૂજા કી સામગ્રી જુટાઇ હૈ. મૈંને કલ સપના દેખા થા મહારાજ! કિ ઠાકુરજી કી પૂજા કર, તેરા બાલક અચ્છા હો જાયગા, તભી દૌડી આઇ હૂં. મેરે પાસ રૂપયા હૈ. વહ મુઝસે લે લો, પર મુઝે એક છનભર ઠાકુરજી કે ચરનોં પર ગિર લેને દો.

ઇસ પ્રલોભન ને પંડિતજી કો એક ક્ષણ કે લિયે વિચલિત કર દિયા. કિન્તુ મૂર્ખતા કે કારણ ઇશ્વિર કા ભય ઉનકે મન મેં કુછ-કુછ બાકી થા. સમ્ભલ કર બોલેઃ-અરી પગલી! ઠાકુરજી ભક્તોં કે મન કા ભાવ દેખતે હૈં કિ ચરન પર ગિરના દેખતે હૈં? સુના નહીં હૈ 'મન ચંગા તો કઠૌત મેં ગંગા.' મન મેં ભક્તિ ન હો તો લાખ કોઇ ભગવાન કે ચરનોં પર ગિરે કુછ ન હોગા, મેરે પાસ એક જન્તર હૈ. દામ તો ઉસકા બહુત હૈ, પર તુઝે એક હી રૂપયે મેં દે દુંગા. ઉસે બચ્ચે કે ગલે મેં બાંધ દેના. બસ, કલ બચ્ચા ખેલને લગેગા.

સુખિયાઃ—તો ઠાકુરજી કી પૂજા ન કરને દોગે?

પૂજારીઃ—તેરે લિયે ઇતની હી પૂજા બહુત હૈ. જો બાત કભી નહીં હુઇ વહ આજ મૈં કર દૂં ઔર ગાંવ પર કોઇ આફત-વિપત પડે તો ક્યા હો, ઇસે ભી તો સોચ! તૂ યહ જંતર લે જા. ભગવાન ચાહેંગે તો રાત હી ભર મેં બચ્ચે કા કલેશ કટ જાયગા. કીસી કી ડીઠ પડ ગઇ હૈ. હૈ ભી તો ચોંચાલ. માલૂમ હોતી છત્તરી-બંસ હૈ.

સુખિયાઃ—જબ સે ઇસે જર આયા હૈ, મેરે પ્રાન નહોં મેં સમાએ હુએ હૈં.

પૂજારી:—બડા હોનહાર બાલક હૈ. ભગવાન જિલા દે, તેરે સારે સંકટ હર લેગા. યહાં તો બહુત ખેલને આયા કરતા થા. ઇધર દો-તીન દિન સે નહીં દેખા થા.

સુખિયા:—તો જંતર કૈસે બાંધુંગી મહારાજ?

પૂજારી:—મૈં કપડે મેં બાંધકર દેતા હું, બસ ગલે મેં પહના દેના. અબ તૂ ઇસ વેલા નવીન બસ્તર કહાં ખોજને જાયગી?

સુખિયા ને રૂા. ૨) પર કડે ગિરોં રખ્ખે થે. એક પહલે હી ભંજ ચૂકા થા. દૂસરા પૂજારીજી કો ભેંટ કિયા ઔર જંતર લેકર મન કો સમજાતી હુઇ ઘર લૌટ આઇ.

(૫)

સુખિયા ને ઘર પહુંચ કર બાલક કે ગલે મેં જન્તર બાંધ દિયા; પર જ્યોં-જ્યોં રાત ગુજરતી થી ઉસકા જ્વર ભી બઢતા જાતા થા; યહાં તક કિ તીન બજતે-બજતે ઉસકે હાથ પાંવ શીતલ હોને લગે. તબ તો વહ ઘબરા ઉઠી ઔર સોચને લગી. હાય ! મૈં વ્યર્થ હી સંકોચ મેં પડી રહી ઔર બિના ઠાકુરજી કે દર્શન કિયે ચલી આઇ. અગર મૈં અંદર ચલી જાતી ઔર ભગવાન કે ચરણોં પર ગિર પડતી તો કોઇ મેરા કયા કર લેતા? યહી ન હોતા, લોગ મુઝે ધકકે દેકર નિકાલ દેતે, શાયદ મારતે ભી; પર મેરા મનોરથ તો પૂરા હો જાતા. યદિ મૈં ઠાકુરજી કે ચરણોં કો અપને આંસુઓ સે ભિગો દેતી ઔર બચ્ચે કો ઉનકે ચરણોં મેં સુલા દેતી તો કયા ઉન્હેં દયા ન આતી? વહ તો દયામય ભગવાન હૈ. દીનોં કી રચ્છા કરતે હૈં, કયા મુઝ પર દયા ન કરતે? યહ સોચકર સુખિયા કા મન અધીર હો ઊઠા; નહીં, અબ વિલમ્બ કરને કા સમય ન થા. વહ અવશ્ય જાયગી ઔર ઠાકુરજી કે ચરણોં પર ગિર કર રોએગી. ઉસ અબલા કે આશંકિત હૃદય કો અબ ઇસકે સિવા ઔર કોઇ આશ્રય ન થા. મંદિર કે દ્વાર બન્દ હોંગે તો વહ તાલે કો તોડ ડાલેગી. ઠાકુરજી કયા કિસી કે હાથોં બિક ગએ હૈં કિ કોઇ ઉન્હેં બન્દ કર રકખે?

રાત કે તીન બજ ગએ થે, સુખિયા ને બાલક કો કમ્બલ સે ઢાંપ કર ગોદ મેં ઉઠાયા. એક હાથ મેં થાલી ઉઠાઇ ઔર મંદિર કી ઓર ચલી. ઘર સે બાહર નિકલતે હી શીતલ વાયુ કે ઝોંકોં સે ઉસકા કલેજા કાંપને લગા. શીત સે પાંવ શિથિલ હુએ જાતે થે. ઉસ પર ચારોં ઓર અંધકાર છાયા હુઆ થા. રાસ્તા દો ફર્લાંગ સે કમ ન થા. પગડંડી વૃક્ષોં કે નીચે-નીચે ગઇ થી. કુછ દૂર દાહિની ઓર એક પોખરા થા, કુછ દૂર બાંસ કી કોઠિયાં, પોખરે મેં એક ધોબી મર ગયા થા ઔર બાંસ કી કોઠિયોં મેં ચુડૈલોં કા અડ્ડા થા. બાંઇ ઓર હરેભરે ખેત થે. ચારોં ઓર સન-સન હો રહા થા. સહસા ગીદડોં ને કર્કશ સ્વર સે ' હુંઆં હુંઆં ' કરના શુરૂ કિયા. હાય ! અગર કોઇ ઉસે એક લાખ રૂપયે દેતા તો ભી ઇસ સમય વહ યહાં ન આતી; પર બાલક કી મમતા સારી શંકાઓં કો દબાએ હુએ થી. " હે ભગવન્ ! અબ તુમ્હારા હી આશરા હૈ ! " યહી જપતી હુઇ વહ મંદિર કી ઓર ચલી જા રહી થી.

ઇસકે બાદ આપ દેશ કે અસંખ્ય પ્રાણિયોં કે નિકટ ભારત કા–ભારત કે ધર્મ કા સંદેશ લેકર જાઇયે, જાકર ઉનસે કહિયે, કિ ભારત એક બહુત બડે ઉદ્દેશ કી પૂર્તિ કે લિયે જી રહા હૈ. કાર્થેજ ઔર બેબિલોનિયા નષ્ટ હો ગયે, પર ભારત અબ તક જીવિત હૈ. રોમ–વહ રોમ, જો સદૈવ વિશ્વવિજય ઔર સંસાર–શાસન કે હી સપને દેખ રહા થા ચલા ગયા, પરંતુ ભારત જીતા બચા હૈ. સભ્યતા કી શૈશવ–ભૂમિ યૂનાન–કલા ઔર દર્શન કા મંદિર–યૂનાન ચલા ગયા; પર ભારત જીવિત હૈ, પરંતુ વિના પ્રયોજન કે હી નહીં. ભારત જીતા હૈ, સંસાર કે સભી રાષ્ટ્રોં કો એક પરમ દિવ્ય સંદેશ સુનાને કે લિયે. ફિર ઐસે ભારત કી સેવા મેં જીવન–પાત કર દેના ભી કિતને સુખ કી બાત હૈ ? જાઇયે, ગાંવ–ગાંવ ઔર નગર મેં યહી સંદેશા જાકર સુનાઇએ ઔર સારે હિંદુસ્તાન કો પ્રાચીન આદર્શોં કે સૌંદર્ય સે મંત્ર–મુગ્ધ કર દીજીયે.×

("હિંદૂપંચ"ના એક અંકમાંથી)

× યહ વક્તૃતા સાધુ વાસ્વાનીજી ને ગુરુકુલ–કાંગડી કે યુવક–સંમેલન મેં દી થી.

१०७–उपवास की अवधि

મનુષ્ય બિના ભોજન કિયે કિતને દિન જી સકતા હૈ, યહ ઠીક ઠીક નહીં બતલાયા જા સકતા. કહા જાતા હૈ કિ વાયુ કા અભાવ હોને સે મનુષ્ય પાંચ મિનટ, જલ ન મિલને સે સાત દિન ઔર નિદ્રા કે અભાવ સે દસ દિન મેં મર જાતા હૈ; કિંતુ અનાહારાવસ્થા મેં મનુષ્ય કિતને દિનોં તક બચ સકતા હૈ, યહ નહીં કહા જા સકતા. કુછ લોગ દો દો તીન તીન મહીને તક યા ઇસસે ભી અધિક સમય તક બિના કુછ ભોજન કિયે રહ જાતે હૈં, કિંતુ ઔસત દર્જે કા મનુષ્ય બિના ભોજન કિયે સિર્ફ બારહ દિન તક બચ સકતા હૈ. ઇસ વિષય મેં વહ પક્ષી સે કુછ અચ્છા હૈ, ક્યોંકી પક્ષી ભોજન ન મિલને સે ૯ દિનોં સે જ્યાદા નહીં બચ સકતા. સચ પૂછિએ તો કુત્તે ઇસ વિષય મેં હમસે અચ્છે હૈં, વે બિના ખાયે ૨૦ દિન તક રહ સકતે હૈં. જો ખટમલ હમેં તંગ કરતે હૈં ઔર અનેક પ્રકાર કી બિમારિયોં ફૈલાતે રહતે હૈં ઉસને રક્ષા પાને કા અબ તક કોઇ અચ્છા ઔર સરલ સાધન નહીં નિકાલા જા સકા હૈ. ઉન્હેં ભૂખોં મારને કી ચેષ્ટા કરના તો વ્યર્થ હી હૈ, ક્યોંકિ વે ૧,૨૦૦ દિન તક બિના ભોજન કિયે રહ સકતે હૈં. મછલિયોં ઔર સાપ ભી બહુત દિનોં તક અનાહાર રહ સકતે હૈં. મછલિયાં એક હજાર દિન ઔર સાપ ૯૦૦ દિન તક ઉપવાસ કર સકતે હૈં મેંઢક પ્રાયઃ સાલ ભર તક ઉપવાસ કરતે હૈં ઔર કછુએ ૫૦૦ દિન તક. ઇસ સંબંધ મેં ઇસ તુલના મેં મનુષ્ય કિતના નિરીહ જાનવર હૈ, યહ સ્પષ્ટ હી હૈ. ઇસી સે તો મનુષ્યોં મેં ભોજન કે લિએ સંગ્રામ ચલતા રહતા હૈ. **“बुभुक्षितः किं न करोति पापम्”**

(“ સરસ્વતી ” માસિકના એક અંકમાંથી)

१०८–निर्बळतानां कारणो अने तेना उपायो

(લેખકોઃ–શ્રી. સ્વામી શિવાનંદજી તથા સ્વામી પરમાનંદજી સરસ્વતી)

× × × ×

ભારતવર્ષના યુવકો અને યુવતીઓ કે જેમના ઉપર ભારતવર્ષનો આધાર રહેલો છે, તેમનો રંગ ગુલાબના ફૂલ જેવો હોવો જોઇએ તે ક્ષિક્કોફસ જેવો દેખાય છે. ગુલાબના ફૂલ ઉપર જેમ હિમ પડવાથી જે અસર થાય છે, તેવીજ અસર આ ભવિષ્યના આધારરૂપ જુવાનિયાવર્ગ ઉપર જોવામાં આવે છે, તેનું કારણ માત્ર વીર્યની નષ્ટતાજ છે.

નબળાઇ તમામ રોગોનું મૂળકારણ હોય છે. નબળો માણસ ધનાઢ્ય છતાં બળવાન નોકરથી અંદરથી દબાતો રહે છે. નિર્બળ પુરુષ સ્ત્રીને આધીન હોય છે. કમજોર બાપ છોકરાઓની સંભાળ લેવામાં અશક્ત હોય છે. દુર્બળ મનુષ્ય આપત્તિસમે કોઇને ઉપયોગી થઈ શકતો નથી. કમજોર પોતાના કાર્યમાં નિષ્ફળતા મેળવે છે. બળહીન રેલવેની મુસાફરીમાં દુઃખી થાય છે, તેને કોઈ ડબ્બામાં બેસવા દેતું નથી. એક શીખ કે પઠાણને માટે એની મેળે જગ્યા ખાલી થાય છે. કમજોર ધનાઢ્ય છતાં ખાવાપીવામાં આનંદ લઇ શકતો નથી. નિર્બળ પોતાના દેવ-ધર્મની રક્ષા કરી શકતો નથી વગેરે, વગેરે. આ તમામ વાતો અમે જાણીએ છીએ પણ બળવાન થવાના યત્ન અમે કરતા નથી.

જુવાનિયાવર્ગમાંથી ભાગ્યેજ કોઇ એવો જોવામાં આવશે કે, જેણે પોતાના વીર્યની યથાવિધિ રક્ષા કરી હોય. વિદ્વાનવર્ગ તો વીર્યની નષ્ટતાનું કારણ બાળલગ્ન બતાવે છે અને તે વિષય ઉપર મોટાં મોટાં ભાષણો અને લાંબા લાંબા અનેક લેખો લખી ચૂક્યા છે. જો કે બાળલગ્ન વીર્યનષ્ટ થવાનું એક કારણ છે; પણ તેના કરતાં

એક મોટું કારણ બીજું છે, જેની તરફ હું તમારું ધ્યાન ખેંચવા માગું છું. તે કારણ અથવા દોષ હસ્તક્રિયા છે. આ રોગ એટલો બધો પ્રસરી ગયો છે કે, કોઇ પણ ઊછરતા છોકરાને લાગુ પડ્યા વિના રહેતોજ નથી અને તે એટલા બધા પ્રમાણમાં વધી ગયો છે કે, છોકરાઓનાં લગ્નનો વખત આવે તે પહેલાં તો તેઓનાં શરીરની પાયમાલી થઇ ચૂકી હોય છે. અમારી વૈદ્યકીય લાઇન હોવાને લીધે અમને અનુભવસિદ્ધ થઇ ચૂક્યું છે કે, ભણેલાવર્ગમાં આશરે નવ્વાણું ટકા છોકરાઓ આ ક્રિયામાં ઓછાવત્તા સપડાયેલા હોય છે અને ઊગતી જુવાનીમાંજ આ ઊધઇરૂપી ટેવથી કાંતિ, શક્તિ, ઉત્સાહ વગેરે નાશ પામે છે. યકૃત ક્રિયાહીન થઈ રંગ પીળો પડે છે, જઠરાગ્નિ મંદ થઇ ભૂખ નષ્ટ થાય છે, આંતરડાંની ક્રિયા શૂન્ય થવાથી કબજિયાતનો રોગ લાગુ પડે છે અને માથાનું દરદ થયા કરે છે. મગજ નબળાં પડવાથી યાદશક્તિ જતી રહે છે. કોઇની સાથે વાત કરવી પણ ગમતી નથી. તે એકલો રહેવાનું વધારે પસંદ કરે છે. હદપારની ટેવ વધી જવાથી અંતે પથારીવશ થઇ થોડી મુદતમાંજ પરલોકગમન કરી જાય છે અને કદાચ જો જીવતો પણ રહે તો છાપાંઓમાં જાહેરખબરો વાંચી તેમાંથી શક્તિની દવાઓ અને લગાડવાના લેપો શોધી, વાંચી, દવાઓમાં ધનનો નાશ કરી દિવસ વ્યતીત કરે છે. હવે આપણે વિચાર કરીશું કે, બાળલગ્ન વિષેનાં મોટાં મોટાં ભાષણો તથા લેખો કાંઇ પણ કામમાં આવી શકે ખરાં કે? કારણ કે ચોર આવે તે પહેલાં તો સર્વ નષ્ટ થઇ ગયું હોય છે. હવે રક્ષા શાની કરવી?

બાળલગ્ન કરો યા ન કરો તે બરાબરજ છે. હસ્તક્રિયા કરતાં પહેલાં અજ્ઞાનતાને લીધે ખબર નથી હોતી કે, વીર્ય એજ શરીરમાં તેજ, શક્તિ, કાંતિ અને અક્કલનું કારણ હોય છે. રૂપ અને તંદુરસ્તી વગેરે જે કંઇ છે, તે આનેજ પ્રતાપે છે. એ ભાન વીર્ય નષ્ટ થઇ ગયા પછી આવે છે; પણ **फिर पछताय क्या होत है जब चिडीयां चुग गई खेत?**

હસ્તક્રિયાથી બચી જઈ કદાચ જો થોડું વીર્ય રહી ગયું હોય, તો બાળલગ્નના ભોગ થઈ પડે છે ખરા, જેથી વખત બે વખત સ્ત્રીસમાગમમાં લુબ્ધ થઇ શારીરિક શકિતનો અંત આણે છે. જેમ જેમ માણસ દુર્બળ થતો જાય છે, તેમ તેમ વિષયવાસના વધતી જાય છે. દુર્બળતાને લીધે વિષયભોગ કરી શકાતો નથી, તોપણ સ્ત્રીસંગનો યત્ન રાતમાં અનેકવાર કરે છે; પરંતુ કંઇ ન વળી શકવાને લીધે સ્ત્રીની નજરમાં હંમેશને લીધે હલકો અને માનહીન થઇ, તેની ઇચ્છાને આધીન થઈ જાય છે. સ્ત્રીની તૃપ્તિ ન થવાથી તે બિચારી સારા કુટુંબની હોય તો દુઃખી થાય છે, જેના પરિણામે તે પ્રદર વગેરે અનેક રોગ આદિમાં સપડાઇ જાય છે અને દિવસે દિવસે ક્ષીણ થઇ ઊછરતી જુવાનીમાંજ મૃત્યુનો ભોગ થઇ પડે છે. આ બધી ક્રિયા એક ક્ષણમાત્રના આનંદને માટે થાય છે અને તે આનંદ પ્રાપ્ત થઇ શકતો નથી. તે પ્રાપ્ત થાય પણ કેવી રીતે? જ્યાંસુધી કુદરતી નિયમાનુસાર કોઇ કાર્ય કરવામાં ન આવે ત્યાંસુધી કાર્યસિદ્ધિ થતીજ નથી. કાર્યસિદ્ધિ જ્યાંસુધી થાય નહિ ત્યાંસુધી આનંદ પ્રાપ્ત થાયજ કેમ?

થાકેલા માણસને ઊંઘનો આનંદ ઘણોજ આવે છે. ઊંઘ્યા પછી તે હલકો ફૂલ જેવો જણાય છે. ખૂબ ભૂખ લાગવાથી અનાજમાં મીઠાશ અને સ્વાદ લાગે છે. અગર થાક વગર એક મશરુ કે મખમલની ગાદી પર પણ ઘણીવાર સુધી આળોટવું પડે છે. અંતે ઊંઘ તો આવે છે, પણ તે તો આળોટવાના થાકથીજ. ભૂખ વગર ખાય તો ગળામાં તો ઊતરશે પણ સ્વાદ વગર. ભલેને તેઓ ગમે તેવા પકવાન્ન અને મિષ્ટ પદાર્થો કેમ ન હોય? ખાધા પછી ગુણને બદલે અવગુણજ કરશે. તેજ પ્રમાણે સ્ત્રીભોગની હકીકત છે. કુદરતી ઇચ્છા થયા સિવાય સ્ત્રીસંગ કરવો તે અતિશય હાનિકારક છે.

બે બાજુ આવી સ્થિતિ હોવાથી પ્રજા ઉત્પન્ન કરવાની પણ શક્તિ રહેતી નથી અને કદાચ જો ગર્ભ રહી જાય તો એક-બે

માસમાંજ સ્રાવ થઈ જાય અગર નવ માસ થયા પહેલાંજ ગર્ભપાત થાય; અને કદાચ જો ગર્ભના દિવસો આશરે ૨૮૦ પૂરા થઇ જાય તો પ્રસૂતિ કરાવવા જેટલી પણ શક્તિ હોતી નથી, જેથી દવા અગર શસ્ત્રક્રિયા વગેરેના આધારે પ્રસૂતિ કરાવવી પડે છે, તે વખતે બાળક અને માતા બેમાંથી એક પણ સહીસલામત પાર ઊતરે તો ઈશ્વરનો પાડ. દિલગીરી એ છે કે આ આપણા ભણેલા વર્ગમાંજ આવી ભૂંડી દશા થાય છે. અભણ ગામડિયા આપણા શહેરીઓ કરતાં કંઇક સારા. જેમ જેમ મોટાં શહેરોમાં જોશો, તેમ તેમ શારીરિક સ્થિતિ વધારે પ્રમાણમાં ખરાબ જોવામાં આવશે. તેનું કારણ નાટક, સિનેમા અને પ્રેમરસમય નૉવેલો છે. આ ત્રણ વાનાંએ આપણા ભારતવર્ષની જે અધોગતિ આણી છે, તે વર્ણવવા યોગ્ય નથી. આ ત્રણના પ્રતાપે નાના યુવકો અને યુવતીઓ પ્રેમરસમાં પડી મનમાં અનેક કલ્પનાઓ ઘડી અનેક રોગોના ભોગ થઇ પડે છે. ઉપર વર્ણવેલી ત્રણ વસ્તુઓના પ્રતાપે નવજુવાન છોકરા અને છોકરીઓ કલ્પિત પ્રીતિપાત્ર પોતાના મનમાં કલ્પી રાતદિવસ તેમની કલ્પના કરી કરી ઝૂર્યા કરે છે. જેના પ્રતાપે વીર્ય અને રજ પાતળું થઇ સ્રાવ થયા કરે છે. પછી તેનું ભયંકર પરિણામ જે આવે છે, તે જગપ્રસિદ્ધ છે. વીર્ય પાતળું થવાથી હમેશાં સ્વપ્ન કે પેસાબમાં સ્રાવ થયા કરે છે, જેથી સ્રીસમાગમ કરતી વખતે તરત સ્ખલિત થઈ શીતળ થઈ જઇ શરમિંદા થાય છે; અને સુભાગ્યે જે કોઇ આવાં દુર્વ્યસનોથી બચી ગયેલો હોય તે પરણ્યા પછી સ્રીનો એટલો બધો દુરુપયોગ કરે છે કે અનેક વાર રતિક્રિયા કર્યાજ કરે છે, જેથી બન્ને બાજુ શરીરની હાનિ થયા સિવાય બીજું કાંઇ પરિણામ આવતું નથી. કોઇના સમજાવ્યાથી આ ટેવ મૂકવાને બદલે જવાબ આપે છે કે, અમારી પોતાની સ્રી છે, ગમે તેટલી વાર તેને વાપરી શકીએ; પણ તેને ખબર નથી કે પોતાની સ્રી તો શું પણ પોતાના શરીરને નષ્ટ કરવું તે કુદરતે અને સરકારે ગુનો ઠરાવ્યો છે. પોતાની કોઈ

પણ વસ્તુ ઉપયોગ કરવા માટે હોય છે, દુરુપયોગ કરવા માટે હોતી નથી. સરકારના કાયદાથી બચી જવાનો સંભવ છે, પણ કુદરતના કાયદા લાગુ પડ્યા વિના રહેશેજ નહિ અને તે ભોગવ્યા વગર છૂટકોજ નથી.

અમે જગતમાં કેવળ ક્ષણિક સુખને માટેજ ઉત્પન્ન થયેલા નથી. અમારે માથે અનેક જોખમદારીઓ છે. બાળબચ્ચાંને ઉછેરવાં, માબાપની સેવા કરવી, પાડોશીઓને મદદ આપવી, ભારતભૂમિની સેવા બજાવવી અને પરલોકની તૈયારી કરવી વગેરે. આ તમામ અમારા માથે છે. જ્યારે અમારાં પોતાનાંજ શરીર નિર્બળ કરી નાખીશું, પોતાની શક્તિ ખોઇ બેસીશું, તો બીજાના કાર્યમાં શું મદદ આપી શકીશું ? ધારો કે તમારી પાસે પુષ્કળ ધન છે તેથી શું ? જ્યારે શરીરથી કાયર થઇ તમારામાં બોલવાની પણ ઇચ્છા નહિ હશે અને લોકોની સામે આવતાં લાજ આવશે, ત્યારે તમારાં ધન વગેરે કંઇ કામ આવી શકશે નહિ.

જ્યારે સ્ત્રીપુરુષની સામાન્યતા વિષે વાત ચાલે છે, તે વખતે તો પુરુષ પોતાને એક મોટો ખાં, બુદ્ધિશાળી અને ડહાપણના ભંડારરૂપ માની દરેક વાતના આરોપ સ્ત્રીજાતિ પર ઢોળી પાડે છે. પુરુષને કામાંધ, નિર્બળ, વિષયાસક્ત વગેરે બનાવવાના તેનામાંજ અવગુણો છે; પરંતુ જો ઇન્સાફદૃષ્ટિથી પક્ષપાતરહિત થઇ જોઇએ તો સ્ત્રી જેને પુરુષ કમઅક્કલ, મૂર્ખ અને વિષયનો ભંડાર માને છે, તે કોઈ દિવસ પોતાના મોઢેથી પોતાની કામવાસનાને વ્યક્ત કરતી નથી અને પુરુષજ એવો અધીરો અને ઉતાવળિયો હોય છે કે જે વારેઘડીએ કામાંધ થઇ સ્ત્રી આગળ યાચના કર્યાજ કરે છે. જો પુરુષે પણ પોતાના મન ઉપર કાબૂ રાખી કુદરત ફરજ પાડે ત્યાંસુધી અટકાવ કર્યો હોત તો પ્રજોત્પત્તિનો એક જુદોજ આનંદ આવત. પોતાના મન ઉપર કાબૂ ન રાખવો, વારેઘડીએ વિષયવાસનાને આધીન થવું, સ્ત્રીઓ આગળ રતિક્રીડાની યાચના કરવી, એનુંજ નામ જો અક્કલ,

ડહાપણુ અને બુદ્ધિ હોય, તો પુરુષજ આવા ચાંદ લેવાને અધિકારી છે. મારા કહેવાનો ભાવાર્થ એમ નથી કે સ્ત્રીમાં વિષયવાસનાજ નથી. સ્ત્રીમાં તો પુરુષ કરતાં પણુ અધિક હોય છે; પરંતુ તેની સાથે તેના મન ઉપર કાબૂ અને લજ્જા પણુ અધિક હોય છે. જ્યારે પુરુષ તરફથી આરંભ અથવા છેડછાડ થાય છે, ત્યારેજ સ્ત્રી પોતાના મન ઉપરનો કાબૂ ખોઈ નાખે છે. પછી અરસપરસ લુબ્ધ થઇ કુદરત રોકવાની ફરજ પાડે છે, ત્યારેજ તેઓ બંધ થાય છે.

જેમ પશુ, પક્ષી, ઝાડ આદિ માટે કુદરતે રતિકાળ નિયત કરેલો છે, તેમ પુરુષો માટે પણુ છે. પુરુષ સિવાય બધા વર્ગ કુદરતના નિયમોને વળગી રહ્યા છે અને પુરુષોએ તો કુદરતના નિયમોને તિલાંજલિ આપેલી છે, જેના પરિણામે દિવસે દિવસે આયુષ્ય, બળ, બુદ્ધિ અને સંતતિ ઓછી થતી આવે છે. કુદરતનો નિયમ એવો છે કે, જ્યારે સ્ત્રી રજસ્વલાધર્મથી સ્વચ્છ થાય, ત્યારે પુત્રપ્રાપ્તિની ઇચ્છાવાળા પુરુષે બેકીની સંખ્યા એટલે ચોથ, છઠ, આઠમ વગેરેની રાત્રિએ પોતાના શરીરે ઘી મર્દન કરી દૂધ, ઘીયુક્ત ભાત વગેરે વસ્તુઓનું સેવન કરવું અને સ્ત્રીએ તેલ મર્દન કરી તે વખતે અડદવાળા પદાર્થો ભોજન કર્યા પછી અડધી રાત્રિ વ્યતીત થયા બાદ પરસ્પર પ્રેમથી સમાગમ કરવો; તથા કન્યાપ્રાપ્તિની ઇચ્છાવાળાં દંપતીએ એકીની સંખ્યા પાંચમ, સાતમ, નોમ વગેરેની રાત્રિએ સ્ત્રીએ તેલ મર્દન કરવું અને પુરુષે ઘી મર્દન કરી ઉપર બતાવેલા પદાર્થો ભોજનમાં લેવા, તો અવશ્ય કાર્યસિદ્ધિ થાય.

અહીં પ્રજોત્પત્તિની ટૂંક સમજ આપવી આવશ્યક છે. પુરુષનું શુદ્ધ વીર્ય અને સ્ત્રીનું શુદ્ધ રજ મળવાથી પ્રજાની ઉત્પત્તિ થાય છે. જો સ્ત્રીનું રજ વધારે પ્રમાણુમાં હોય તો કન્યા જન્મે છે અને પુરુષનું વીર્ય વધારે અને બળવાન હોય તો પુત્ર ઉત્પન્ન થાય છે. તે માટે ઉપર જે તિથિઓ બતાવી છે તેમાં સ્વાભાવિક રીતે સ્ત્રીપુરુષનું રજવીર્ય ઓછુંવત્તું હોય છે; અને જે ઘી–તેલનું મર્દન

અને ખાવાના પદાર્થો બતાવ્યા છે, તે અનુક્રમે વીર્ય અને રજની વૃદ્ધિ કરવાના કારણો છે. જ્યારે સ્ત્રી રજસ્વલાથી નિવૃત્ત થાય છે, ત્યારે પંદર દિવસ સુધી વત્તાઓછા પ્રમાણમાં તેમાં વિષયવાસના રહ્યા કરે છે અને કમળગર્ભાશયનું મુખ ખુલ્લું હોવાથી તેજ દિવસોમાં ગર્ભ પણ રહી શકે છે. રજસ્વલા બંધ થયા પછી ગર્ભાશયનું મુખ બંધ થવા માંડે છે અને પંદર દિવસ થતે થતે બંધ થઇ જાય છે. આયુર્વેદ (વૈદકશાસ્ત્ર)ની આજ્ઞા કહો કે નિયમ કહો તે એવો છે કે, જ્યારે સ્ત્રીને ગર્ભ રહી જાય અને પ્રજા ઉત્પન્ન થયા પછી બાળક ધાવતું હોય ત્યાંસુધી સ્ત્રીપુરુષે સમાગમ કરવો નહિ. આ નિયમાનુસાર ચાલવાથી સ્ત્રીપુરુષ બન્નેનું આરોગ્ય સચવાય છે. પ્રજા પણ બળવાન, સુંદર અને આરોગ્ય રહી શકે છે. આ નિયમ કેટલેક અંશે પશુ વગેરેમાં સચવાય છે; પણ ધન્ય છે મનુષ્યજાતિને કે ગર્ભ રહ્યા પછી ભલેને પૂરા નવ માસ થવા આવ્યા હોય અગર બાળક ધાવતું હોય, કે સ્ત્રી રજસ્વલામાં હોય તેની કોઈ પણ દરકાર રાખ્યા વગર તે તો ભોગ ભોગવવામાંજ મચ્યા રહે છે! સરકારના કાયદા ભંગ કરવાથી સરકાર શિક્ષા આપે છે, પણ ચોરીથી કાયદાનો ભંગ કરવામાં આવે અગર સાક્ષીઓ લૂલા પડી જાય તો બચી પણ જવાય છે; પણ કુદરતનો એવો અટલ નિયમ છે કે, તેમાંથી કોઇ પણ રીતે નિયમભંગ કર્યા પછી શિક્ષા ભોગવ્યાવગર કોઇ પણ બચી શકતોજ નથી. દિવસે દિવસે જે અધોગતિ થાય છે, તેનું આ પણ એક કારણ છે.

સ્ત્રીપુરુષે સમાગમ કરતી વખતે પરસ્પર પ્રેમ, શુદ્ધ ભાવના અને ઉત્તમ વિચાર રાખવા જોઇએ; કારણ કે તે વખતે જેવા વિચાર અને આચરણ હોય છે, તેવીજ પ્રજા ઉપર અસર થાય છે. પ્રજા ઉત્પન્ન કરવાની ખાતર યથાવિધિ એક માસપર્યંત જો સ્ત્રીપુરુષે બ્રહ્મચર્ય પાળેલું હોય અને ઉપર બતાવેલી વિધિપ્રમાણે સમાગમ કરવામાં આવે, તો અવસ્ય આયુષ્યવાન, તંદુરસ્ત, સુંદર અને

સારા વિચારવાળી તેની પ્રજા ઉત્પન્ન થાય છે. આજકાલ તો કેવળ વિષયવાસનાની નિવૃત્તિ અને કામાગ્નિને શાંત કરવા અર્થે રતિક્રીડા થાય છે અને સમાગમ કરતી વખતે એકબીજાને છેતરવાની–ખોટા પ્રેમ દેખાડવાની બીભત્સ વાતો સિવાય બીજું કાંઇ પણ હોતું નથી. જેના પ્રતાપે આજકાલની પ્રજા વિષયમયજ જન્મે છે અને નાની ઉંમરમાંજ નાની વયનાં છોકરાંઓ એજ રમત રમે છે. આવી પ્રજા-એ સ્વતંત્રતાની આશા રાખવી તે તો આકાશપુષ્પ, સસલાનાં શિંગ, ચકલીના દૂધ અને વાંઝણીના પુત્ર જેવું છે.

એક પૈસો કે પાઈ ખોવાઇ જાય અગર હિસાબમાં મેળ ન આવતો હોય તો તેને માટે ઘણી દિલગીરી, ખેદ અને વિચાર થયા કરે છે; પરંતુ દિલગીરી આટલી છે કે, ઘીનાં સો ટીપાં પચ્યા પછી એક ટીપું લોહી થાય છે અને તે લોહીનાં સો ટીપાંનું એક ટીપું વીર્યનું બંધાય છે. તે વીર્યનાં અનેક ટીપાં જ્યારે પુખ્ત ઉંમર થયા પહેલાં વ્યર્થ નકામાં ફેંકી દેવામાં આવે છે, ત્યારે લેશમાત્ર પણ દિલગીરી થતી નથી અને જ્યારે તેની સમજણ અને પશ્ચાત્તાપ થાય છે, ત્યારે તે ખોયેલી વસ્તુ મેળવવામાં અનેક ફાંફાં મારવાં પડે છે. ઝાડ ઉપરથી ફળ પાકાં થયા પહેલાં તોડી ખાવામાં આવે તો ખાટાં, તૂરાં અગર બેસ્વાદ લાગે છે. રાંધવા મૂકેલા કોઈ પણ પદાર્થ રાંધ્યા વગર ખાવામાં આવે તો બેસ્વાદ લાગશે અને શરીરમાં અનેક વ્યાધિ-ઓ ઉત્પન્ન કરશે. ઘરનાં ગટર કે મોરીને ગમે તેટલું સિમેંટનું પ્લાસ્ટર કરાવેલું હોય; પરંતુ તે પાકું થાય તે પહેલાં તેનો ઉપયોગ કરવામાં આવે તો પ્લાસ્ટર ઊખડી જઇ, પાણી ઘરમાં ભીતરશે, જેથી આખી ઇમારત ડગમગી જશે. તેજ પ્રમાણે જો યથાવિધિ વીર્ય પરિપકવ થયા પહેલાં વાપરવામાં આવશે, તો સ્વાદ આવ્યા વગર શરીરરૂપી ઇમારતને ધક્કો લાગ્યા વિના રહેશે નહિ.

સંસારમાં છોકરાંઓ એ એક ઉત્તમ વસ્તુ છે. જે ઘરમાં તે ન હોય તે દીવા વગરનું કહેવાય છે; પરંતુ છોકરાંઓ પ્રમાણમાં

હોય તોજ ઠીક. મારા ખ્યાલમાં તો મજબૂત તંદુરસ્ત બે છોકરા અને એવીજ એક છોકરી બસ છે. વધારે પ્રમાણમાં પ્રજા એ પણ એક દરિદ્રતાની નિશાની છે. વધારે પ્રજા ઉત્પન્ન કરી ઉછેરવામાં સ્ત્રીની તંદુરસ્તીનો તો અંતજ આવી જાય છે. પુરુષ તો વધારે છોકરાંથી કંટાળી ઘરથી બહાર પણ જતો રહે; પણ સ્ત્રી બિચારીને ભોગવ્યા વગર છૂટકોજ નથી.

આજકાલના સુધરેલા જમાનામાં દરેક પ્રકારની સ્કૂલો, કૉલેજો વગેરે ઉઘાડવામાં આવી છે, પણ કોઇ સ્કૂલ કે કૉલેજમાં બેટા થવું, બાપ થવું, ધણી થવું, એવું શિખવાડવામાં આવતું નથી. લગભગ દરેક માણસને આ ત્રણ અવસ્થામાંથી પસાર થવું પડે છે. દરેક અવસ્થામાં આકાશપાતાળ જેટલો અંતરાય છે.

કાયદાની અજ્ઞાનતાથી આરોપીને લાભ મળી શકતો નથી. આ નિયમ કાંઈ એકલા રાજ્યકર્તાના કાયદાનેજ લાગુ પડે છે એમ નથી, પરંતુ કુદરતના નિયમને પણ લાગુ પડે છે. આયુર્વેદના નિયમોનું ઉલ્લંઘન કરવાથી કુદરત તરત શિક્ષા આપે છે, તેમાં બહારના પુરાવાની પણ જરૂર હોતી નથી.

છોકરાઓની કેટલીએક ખરાબ ટેવો માબાપની નાની ભૂલોનાં ગંભીર પરિણામો હોય છે. જેમકે નાની વયના છોકરાને રમાડતી વખતે વારંવાર તેની ઉપસ્થ ઇન્દ્રિયને હલાવી રમાડે છે; અથવા તો તેને એવી રીતે તેડવામાં આવે છે કે તેનો તે ભાગ તેડનારના શરીર સાથે ઘસાયા કરે છે. ઘસારાથી અગર તો હલાવવાથી ઇન્દ્રિય જાગૃત થાય છે; પરંતુ અંડકોશમાં વીર્ય ઉત્પન્ન કરવાની શક્તિ ન હોવાને લીધે તેમાંથી કંઈ નીકળી શકતું નથી, પણ જેમ જેમ છોકરાઓ મોટા થાય છે અને નાનપણની કુટેવોને લીધે કોઇ કોઇ વખત સરખી ઉંમરનાં બાળકો રમતમાં પણ તે ક્રિયા ચાલુ રાખે છે, તેમ તેમ તેના પરિણામે ઘસારાથી ગરમી ઉત્પન્ન થઇ અંડકોશ પરિપકવ થએલા હોવાથી વીર્ય બહાર નીકળી પડે છે અને તે ક્ષણિક આનં-

દને લીધે પછી જો કુટેવ પડે છે, તો તે સર્વસ્વનાશ કરીનેજ જાય છે.

અગર તો માબાપને એવી ખરાબ ટેવ હોય છે કે, બાળકોને નાનાં ધારી તેમની રૂબરૂજ અનેક ચેષ્ટાઓ કરી તેમની સામેજ રતિ-ક્રીડા પણ કરે છે; પણ તેઓ જાણતાં નથી કે, બચ્ચાંની યાદશકિત, નકલ કરવાની ટેવ, પૂર્વજન્મના સંસ્કારને લઇને તીવ્ર હોય છે. માબાપને જોઇ તે પણ રમતમાં તેજ રમત રમે છે અને એ રમત અંતે તેમની પાયમાલીનું કારણ થઇ પડે છે.

હવે લગ્નસંબંધી થોડોક વિચાર કરવા જેવો છે; કારણ કે આજ-કાલના વિવાહ એ પણ નબળાઇનાં કારણોમાંનું એક કારણ છે. તેમાં એક દોષ તો બાળલગ્ન છે, જેના જવાબદાર માબાપ અને ભોક્તા બાળકો છે. તે સંબંધી ઘણીજ ચર્ચાઓ થયા કરે છે. તેનું પિષ્ટપેષણ કરવું વ્યર્થ છે.

ઘોડી, ગાય, ભેંસ અગર તો વૃક્ષો માટે માણુસ હમેશ સારી જોડની તપાસ કર્યા કરે છે. ગમે ત્યાંથી સારી જોડ લાવી સંબંધ કરાવે છે; પરંતુ પોતાનાં બાળકો માટે આટલો પ્રયત્ન કરવામાં આવતો નથી.

કુદરતે દરેક વસ્તુની જોડ ઉત્પન્ન કરી છે. તેમાં જો ન્યૂનાધિક થાય છે, તો તે કેટલીક આપણી ભૂલનુંજ પરિણામ છે. સ્ત્રીપુરુષ-ની જાતિ ઉપર પણ ઘણો આધાર રહેલો છે. પ્રાચીન ગ્રંથ અનુ-સાર તો ચાર જાતિ સ્ત્રીની અને ચાર જાતિ પુરુષની હોવી જોઇએ. પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની–એ સ્ત્રીની જાતિઓ અને તેજ પ્રમાણે શશક, મૃગ, વૃષભ અને અશ્વ–એમ ચાર જાતિ પુરુષ-ની છે. તેમાં પદ્મિની નારી અને શશક પુરુષનાં શરીર, અવયવ અને સ્વભાવ આપસમાં મળતાં આવે છે. તે બન્ને કોમળ, સુંદર, દેખાવડાં, ગાયક અને ગંધપ્રિય હોઇ વિષયવાસના મંદવાળાં હોય છે. તે બેઉનાં જો આપસમાં લગ્ન કરવામાં આવે, તો તે જોડું ઘણાજ સુખી દિવસો વ્યતીત કરી શકે. તે પછીની ઉત્તરોત્તર જાતિમાં

શરીરના બાહ્ય અને ગુપ્ત અવયવો મોટા અને વિષયવાસનાથી ભરેલા હોય છે. તેમાં હસ્તિની સ્ત્રી અને અશ્વજાતિના પુરુષની વિષયવાસના અને અવયવો એવી રીતના ઉત્પન્ન થયેલા હોય છે કે તેઓ એકબીજા-થીજ સંતોષ પામી શકે. હવે વિચાર કરવાનો છે કે, જો પદ્મિની અશ્વ સાથે અને હસ્તિની શશક સાથે શરીર સંબંધમાં જોડાય તો એમાંથી એકેને સુખી થવાનું હોઇ શકેજ નહિ. આ વિષય બહુજ લાંબો છે. એમાં તો આ ટૂંક લખાણથીજ સાર લેવાનો છે.

પરણ્યા પછી રતિક્રીડા કયા આસને અને કેવી રીતે થાય છે, એ વિધિ લખવાથી દીર્ઘ આયુષ્યવાળી સુંદર બળવાન પ્રજા ઉત્પન્ન થાય, તે સિવાય અન્ય હેતુ છેજ નહિ; પરંતુ બીજાઓની સંગત-થી એટલી બધી કુટેવો પડી ગયેલી છે કે, તેનું ટૂંક વર્ણન આપ્યા વગર છૂટકોજ નથી. ઊભા ઊભા આસને રતિક્રીડા કરવાથી પુરુષને પક્ષાઘાત થવાનો સંભવ છે તથા વીર્ય ગર્ભસ્થાનમાં ન જતાં બહાર નીકળી પડે છે; અને કદાચ ગર્ભ રહી પણ જાય તો પ્રજા લૂલી–લંગડી થાયજ. વળી સારી પ્રજાની ઉત્પત્તિ જે આપણો મુખ્ય હેતુ છે, તે પાર પડતો નથી. પુરુષ નીચે અને સ્ત્રી ઉપર રહીને જો સમાગમ કરવામાં આવે તો પ્રમેહ થવાનો સંભવ છે. વાસણનું મુખ જો નીચે હોય તો તેમાં નાખેલી વસ્તુ ક્યાંથી રહી શકે? અને કદાચ જો પ્રજા થાય તો દુર્બળ અને કદરૂપી થાય. બે જણ જો બેસીને રતિક્રીડા કરે તો તેમાંથી આંતરડાંની વ્યાધિમાં સપડાઇ દુઃખી થાય છે. તેમાં જો ગર્ભ રહી પ્રજા ઉત્પન્ન થાય તો તે પેટની અનેક વ્યાધિઓવાળી થશે. આ પ્રમાણે આવાં ઘણાં વિચિત્ર આસ-નોમાં હાનિઓજ રહેલી છે; માટે રતિક્રીડા કરતી વખતે એક વાત ખાસ યાદ રાખવાની છે કે, સમાગમ એવા સમયમાં કરવો જોઇએ કે જે વખતે સુવાવડ થાય તે વખતે અતિશય ગરમી કે અતિશય શરદી ન હોવી જોઇએ. પુરુષ તો સમાગમ કરી વેગળો રહે છે, પણ બિચારી સ્ત્રીને આશરે એક માસપર્યંત સુવાવડ–પથારીએ કેદ

રહેવું પડે છે. કેવળ પોતાનોજ સ્વાર્થ સાધવો અને બીનો ખ્યાલ ન રાખવો, એ પણ એક અનર્થ નહિ તો બીજું શું ?

સગપણ કરતાં પહેલાં છોકરા તથા છોકરીના જન્માક્ષર જોઇ ગ્રહ મેળવવામાં આવે છે, અને તેના ઉપરજ મુખ્ય આધાર રખાય છે. તેજ પ્રમાણે એકબીજાની પ્રકૃતિ મેળવવી એ પણ જરૂરનું છે. ધારો કે એક કુટુંબમાં કફ પ્રધાન છે તથા દરેકને કફનો રોગ થયા કરે છે, તો સ્વાભાવિક રીતે તે કુટુંબના છોકરાને પણ કફ વિશેષ હોવોજ જોઇએ; અને બીજું કુટુંબ જો કફ પ્રકૃતિવાળુંજ હોય તથા તે કુટુંબની કન્યા સાથે જો પેલા છોકરાનો શરીરસંબંધ જોડાય અને જો તેનાથી પ્રજા ઉત્પન્ન થાય તો તે પ્રજાની શી વલે ? તે તો હમેશાં ઉધરસ, સસણી, દમ આદિ અનેક રોગોમાંજ સપડાવાની; માટે આવાં બે કુટુંબોએ કદી લગ્નસંબંધમાં જોડાવુંજ નહિ. કફ-પ્રધાન પ્રકૃતિવાળા પુરુષે પિત્ત અગર વાતપ્રધાન કુટુંબમાં લગ્ન-સંબંધ જોડવાથી તેમની જે પ્રજા થશે તે આવા રોગોથી મુક્ત રહેશે, માટે લગ્નસંબંધ થતાં પહેલાં બન્ને બાજુથી વૈદકીય સલાહ લેવી જરૂરી છે.

મોટાં શહેરોવાળા, નાનાં ગામડાંઓમાં લગ્નસંબંધ જોડે તો કેટલાક અંશે ઠીક થઈ પડે અને જગતનું ભલું ઇચ્છનાર માબાપે ક્ષય, ગલતકુષ્ઠ, હરસ, દમ અને ગરમીના ચેપી રોગોવાળાં બાળકોને તો પરણાવવાંજ નહિ.

સુંદરતા, તંદુરસ્તી અને બળ દરેકને ગમે છે, તે જોઇ મન લલચાય છે, તેવા થવાની ઇચ્છા થાય છે; પણ તેમ બનવામાં યત્ન કરવામાં આવતો નથી. કદાચ પોતાને પૂરો લાભ નજ મળી શકે પણ તેવી પ્રજા ઉત્પન્ન કરવી એ સંભવિત છે. બગીચાના માળી ઝાડોનાં બીજમાં સુધારાવધારા કરી, ખાતરમાં ફેરફાર કરી વખત એ વખત પાણી આપી જમીનને વિધિસર ખોદી ફળફૂલમાં એટલો બધો ફેરફાર કરી નાખે છે કે જોનારને આશ્ચર્ય થયા વિના રહેતુંજ નથી;

તેજ પ્રમાણે પોતાની પ્રજા જેના ઉપર માબાપના ભવિષ્યનો આધાર રહેલો છે, તેને નિર્બળ, કદરૂપી અને અનેક રોગથી પીડાતી જોઇ માબાપના મનમાં કંઈ નહિ થતું હોય એમ નથી. તેમને તો ઘણુંજ લાગી આવતું હશે; પણ કુદરતને માથે દોષ મૂકી પ્રારબ્ધનો આશ્રય લઇ બેસી રહે છે. તેઓ નથી જાણતા કે, કોઇ બનાવનાર કોઇ વસ્તુ કોઇ દિવસ ખરાબ બનાવતોજ નથી અને પ્રારબ્ધ તો અમારું પોતાનુંજ બનાવેલું છે. ફરીને તેવું પ્રારબ્ધ ન બંધાય તે આપણા હાથમાં છે. છોકરાંઓને મૂર્ખ–ગાંડાં જોઇ માબાપ દુ:ખી થાય છે, પણ છોકરાં શું કરે ? તેઓ તો માબાપની ભૂલોના ભોગ થઈ પડેલાં હોય છે. આજકાલ કટોકટીનો વખત આવી ગયો છે. આખું જગત આગળ વધવાના યત્નમાં અને સ્વતંત્રતા મેળવવાની ઇચ્છામાં રોકાયેલું છે. આવા પ્રસંગમાં નિર્બળ, રોગી, ઉત્સાહહીન અને મંદબુદ્ધિવાળી પ્રજા પૃથ્વી ઉપર ભારરૂપ ઉત્પન્ન કરવી, તેના કરતાં જે બાળક અને બાળકીઓ ઉત્પન્ન થયેલાં છે, તેઓને યથાવિધિ બ્રહ્મચર્ય પળાવી, બળવાન બનાવી, કસરતનો શોખ તેઓના મનમાં ઉત્પન્ન કરાવી, ઉત્સાહી બનાવી પુખ્ત ઉંમર થયા પછી પરણાવાય, તો તેનાથી જે પ્રજા ઉત્પન્ન થશે તે તમારી આશાઓમાં કાંઇ સહાયતા કરશે અને એજ ક્રમ જો ચાલુ રહેશે, તો વખત વીત્યે એવી પ્રજા પાકશે કે સ્વતંત્રતા માગ્યા વગરજ લેશે.

આજકાલના છોકરાઓને વિષયવાસના કે હસ્તક્રિયાથી છોડાવવાનો એકજ રસ્તો છે અને તે કસરતનો શોખ, એજ બસ છે. કસરતનો શોખ લાગ્યા પછી છોકરો તમામ કુટેવો ભૂલી જાય છે અને કેવળ પોતાનું શરીર સુધારવાનીજ ચિંતામાં રહે છે. કસરત કર્યાથી શરીરમાં બળ, કાંતિ, વીર્ય અને ઉત્સાહ વધે છે એ તો નિર્વિવાદ છે, પરંતુ તે ઉપરાંત જે આજકાલ હિંદુ–મુસલમાનના ઝઘડા ચાલી રહ્યા છે, જેના માટે દિલ્હીમાં મોટી ચર્ચા ચાલી હતી અને કાગળિયાં ઉપર ઠરાવ પણ થયા હતા, તે સર્વે ઝઘડા એની

મેળેજ મટી જઇ શાંતિ પ્રસરશે.

વાઘ સાથે વાઘની મિત્રાચારી નભે છે. વાઘ અને બકરાની મિત્રાચારી હોઈ શકતી નથી; કદાચ હોય તો એમજ સમજવું કે બકરો તો વાઘની દયા ઉપરજ જીવે છે.

તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે કાંઇ બહારથી લાવવું પડે તેમ નથી. છોકરાઓએ ૨૪ વર્ષ અને છોકરીઓએ સોળ વર્ષપર્યંત બ્રહ્મચર્ય પાળવું, કસરત કરવી, ખુલ્લી હવામાં ફરવું, ખૂબ ચાવીને ખાવું, દરેક પ્રકારનાં વ્યસન-જેવાં કે ચા, કૉફી, બીડી અને દારૂ આદિથી દૂર રહેવું, એક પથારીમાં સ્ત્રીપુરુષે સુવું નહિ, પ્રેમરસનાં નોવેલ, નાટક અને સિનેમાનો ત્યાગ, સારા પુરુષોનાં જીવનચરિત્રોનું વાચન, મળમૂત્ર આદિનો વખતસર ત્યાગ, નબળાં આચરણ વગેરેથી દૂર રહેવું, આ તંદુરસ્તીની પ્રાપ્તિનાં મુખ્ય સાધનો છે. માબાપ જો પોતે આ નિયમ પાળશે, તો છોકરાંઓને અનુકરણ કરતાં વાર લાગશે નહિ.

१०९–'आलोचक' के प्रति वियोगी हरिजी के सुंदर वाक्य

"દુસરોં કી આલોચના કરને કે પહલે સ્વયં અપની ભી આલોચના તો કર લિયા કર; દિલ કી સફાઈ કર કે દુનિયા કા કૂડા કરકટ સાફ કર; ખુદી કો ખોકર બેખુદી મેં મસ્ત હો; આંખ પર સે એકતરફી ચશ્મા હટા કર યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર; આલોચક! જબ તેરા પ્રત્યેક શબ્દ વિવેક કે ગહરે રંગ મેં ડૂબ નીકલેગા, તભી તૂ સચ્ચી આલોચના કરને કા અધિકારી હો સકેગા."

११०—क्या यह क्रूर कर्म ही सनातनधर्म है?

મહન્ત બૈકુંઠદાસ કી લીલા ખુલી!

પુષ્કરનંદા પ્રાચી સરસ્વતી કે કિનારે કાનવાય નામ કા પવિત્ર તીર્થસ્થાન હૈ, જહાં જન્માષ્ટમી કા મેલા ભરાતા હૈ. કુછ સમય સે યહાં કે મહંત બૈકુંઠદાસ બાબા હૈં જીન પર અજમેર કે કઇ સેઠોં કી પૂરી શ્રદ્ધા હૈ. કહતે હૈં કિ બાબાજી કી ચેલી ધનડી ને એક લડકી જની જો જંગલ મેં ડાલ દી ગઇ. પાપ કા ભંડા ફૂટા, પુલિસ પહુંચી. કહતે હૈં કિ બંદ મકાન મેં ગડ્ઢે કે અંદર જીસપર મટકા ઢકા થા ધનડી ખૂન સે ભરે હુએ કંડોં સહિત મિલી. ઉસને બયાન દિયા. બતાતે હૈં કિ બાબાજી કા ગર્ભ થા. મામલા પુલિસ મેં હૈ. હિંદૂસભા કે પ્રધાન ભી વહાં પહુંચે. લડકી અભી જીંદી હૈ, જો ઉન્હોંને અપને સુપુર્દગી મેં રકખી હૈ.

તીર્થો મેં ઐસી ઘટના હિંદુજાતિ કે મુખ પર કાલિખ પોત રહી હૈં. હિંદુ અબ ભી ચેતેં ઔર ઢોંગી પાપ કે ઠેકેદારોં કો મહંતી સે પરે કરેં. ન જાને ઐસે આચારહીન પુરુષોં કો ગૃહસ્થી ક્યોં કર અપના દેવ બનાયે રહતે હૈં? દૂસરે યદિ કામવેગ નહીં રૂકા તો ખૈર, પર પાપ કો છિપાને કે લિએ યે ક્રૂર દુધમુંહોં પર ઇતના અત્યાચાર કૈસે કર લેતે હૈં ઔર સાથ હી ઇન પાપિયોં ને અપની સંગતિ મેં ગર્ભ મેં ૯ માસ તક બાલક કો પાલનેવાલી માતા કો ઇતના ક્રૂર ક્યોં કર બના લિયા! ક્યા યહી ક્રૂર કર્મ સનાતનધર્મ હૈ?

("અર્જુન" ના એક અંકમાંથી)

१११—अबलायें सबला बनेगी तभी देशोद्धार होगा

દિલ્લી સે એક દેવી ને હમેં લમ્બા પત્ર લિખા હૈ, જીસકા આવશ્યક ભાગ નીચે ઉદ્ધૃત કિયા જાતા હૈઃ—

"મૈં દિલ્લી..........મુહલ્લે કી રહનેવાલી હૂં. ઇસી મંગલ કો યાની ૨૪–૫–૨૭ કો અપની બહિન સે મિલને જા રહી થી, પરંતુ જબ મેં બિલ્લી મારાન સે જાને લગી ઇસી સમય અનેક મુસલમાનોં કે બડે અપમાનિત શબ્દ સુનતી ગઇ. મુઝે યાદ નહીં કિ ઉન્હોંને ક્યા ક્યા કહા ? પરંતુ કુછ યે હૈં 'શાબાશ પઠી,' 'ક્યા બની હૈ,' 'કિધર જા રહી હૈ,' 'મૈં તો યે રહી ?' 'માર ડાલા' ઇત્યાદિ, મુઝે ઠીક ઠીક માલૂમ નહીં કિ મૈં કિસ સ્થાન પર થી જબ કિ એક મુસલમાન ને જાન બૂઝ કર કુહની મારી. મૈં યહ કેવલ ઇસ લિયે લિખતી હૂં કિ હરેક હિંદુ આંખેં ખોલ કર પઢે, કિ ઉનકી સ્ત્રિયોં કી યહ કૈસી બેઇજજતી કરતે હૈં. કૃપા કર કે અપની સ્ત્રિયોં કો અકેલા ન જાને દિયા કરેં; જબતક કિ ઉનકે સાથ કોઇ આદમી ન હો." ઇસ પત્ર કો પઢ કર હમેં બડા રંજ હુઆ. ક્યા હમારા શહર ઇસ યોગ્ય નહીં રહા કિ ઇસમેં ભલે ઘરોં કી સ્ત્રિયોં બાજારોં મેં સે ગુજર સકેં ? ક્યા ધર્મ ઇસીકા નામ હૈ કિ મનુષ્યતા કો તિલાંજલિ દી જાય ? ક્યા મુસલમાન નેતા ઔર ધર્મપ્રચારક અપને અનુયાયિયોં કો ઇતની બાત સમઝાને કી કૃપા ન કરેંગે કિ વહ સ્ત્રીજાતિ કા આદર કરના સીખેં–ફિર વહ સ્ત્રી કિસી ધર્મ યા જાતિ કી હો.

હમ હિંદુ સ્ત્રીયોં સે ભી કુછ નિવેદન કરના ચાહતે હૈં. અબ ઝૂઠી શર્મ સે કામ ન ચલેગા. અપને આપ કો દુપટ્ટે મેં લપેટ કર ઔર ગાલિયાં સુનકર કાન દબાયે ચલાયે જાના ભી ક્યા શીલ મેં

શામિલ હૈ ? ક્યા યહ હિંદુનારી કા ધર્મ હૈ ? ક્યા યહ હિંદુ નારી કા ધર્મ નહીં હૈ કિ પાપી પુરુષ કે લિયે ચંડી કા રૂપ ધારણ કરે ? હમ કઇ વાર પ્રસ્તાવ કર ચૂકે હૈં કિ પ્રત્યેક હિંદુ સ્ત્રી કો કૃપાણ ધારણ કરની ચાહિયે, યદિ ઇસ પ્રસ્તાવ કો સ્વીકાર કિયા જાય, કિસી ગુંડે કી યહ શક્તિ નહીં હો સકતી કિ વહ આંખેં ઉઠાકર દેખે યા મજાક કરે. સ્ત્રિયોં કી માનરક્ષા કા કેવલ ઇતના હી ઉપાય નહીં હૈ કિ ઉન્હેં મકાન મેં યા બુર્કે મેં બંદ કરકે રક્ખા જાય. રક્ષા કા યહી અર્થ હૈ કિ વહ આઝાદી સે ઘૂમેં ફિરેં ઔર ફિર ભી ઉન્હેં છેડને કા કોઇ સાહસ ન કરેં. ઇસકે લિયે આવશ્યક હૈ કિ હિંદુ અબલાયેં અબલાત્વ છોડ કર સબલા બનેં તભી દેશ કા ઉદ્ધાર હોગા, અન્યથા નહીં.

("અર્જુન" ના એક અંકમાંથી)

૧૧૨–પવિત્રતાની પ્રાપ્તિનો એક આબાદ ઉપાય

શબ્દે શબ્દે મીઠાશ હોય, વાક્યે વાક્યે શુદ્ધ વિચાર હોય અને જીવનના પ્રસંગોમાં દિલ સાફ હોય એનું નામ પવિત્રતા. ગંગાકાંઠે સ્નાન કરી સ્વચ્છ કપડાં પહેર્યાં હોય, કપાળમાં તિલક કર્યું હોય, મુખે 'રામનામ' બોલતો હોય છતાં જો એનું દિલ સાફ ન હોય તો એનું નામ અપવિત્ર. માણસ મનુષ્ય તરીકે, લેખક તરીકે, વક્તા તરીકે વર્તમાનપત્રકાર તરીકે, વ્યાપારી તરીકે, સંસારી તરીકે અને સેવક તરીકે આવા પવિત્ર માણસો કેટલા છે ? શબ્દમાં મલિનતા હોય, વાક્યમાં ગંદા વિચારો ભર્યા હોય અને જીવનના પ્રસંગોમાં દિલમાં ઝેરવેર ભર્યાં હોય એવાઓથી પ્રભુ દેશને, માનવજાતિને બચાવે. એવા લાખ કરતાં જેનું દિલ સાફ હોય એવો એક પવિત્ર માણસ જગતને વંદનીય છે. જેને જેને રોજ એવા એક પવિત્ર માણસનું દર્શન થાય છે તેને આંગણે સાચી પવિત્રતા ઊતરે છે અને પ્રભુત્વનાં તેજકિરણ પ્રકાશે છે.

("લોહાણાહિતેચ્છુ" ના એક અંકમાંથી)

૧૧૩–હિંદુસમાજ! તને સમર્પણ! ધૂળ પડો તારા હિંદુપણા ઉપર!!

એક હિંદુ અબળાનો પુકાર! અને હિંદુસમાજ! સાંભળ. કાં તો હવે તું જઈને દરિયામાં પડ કે કાં તો ઋષિમુનિઓ તરફ વળ!!

હું બ્રાહ્મણ જાતિની ઊંચા ખાનદાનની ગરીબ અનાથ સ્ત્રી છું. કેટલાંએક વર્ષો થયાં પ્રભુની મારા ઉપર કરડી નજર છે. મારા પતિ દીવાના બની મને તજી પરદેશ ચાલ્યા ગયા છે. બે વર્ષ થયાં તેનો કંઇ પત્તો નથી. હાલ મારી ઉંમર લગભગ ૧૮–અઢાર વર્ષની છે અને મારે ચાર વર્ષનું અભાગિયું બાળક છે. દળણાં દળી અને ચરખો કાંતી હું મારું અને મારા અભાગી બાળકનું પોષણ કરું છું. પરંતુ કેટલાયે દિવસ થયાં મારા ઉપર નવી આફત આવી પડી છે. અહીંયાંના પોલીસના કોઇ મુસલમાન અધિકારીઓ મને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. (આ અધિકારીઓનાં નામ "પ્રતાપ" ના સંપાદક મહાશય પાસે આવી ગયાં છે, જે યોગ્ય સમયે તે પ્રગટ કરશે.) પહેલાં તો તે લોકોએ મારી પાસે એક હલકી સ્ત્રીને મોકલી. એ સ્ત્રીએ મને અનેક લોભ–લાલચથી ફસાવવા ચાહ્યું. મને કહે કે, "શા માટે દુઃખો સહન કરે છે? પોલીસના એક અમલદારનું ખાવાનું કરવું અને બેઠાં બેઠાં મોજ ઉડાવવી. એને તારા ઉપર દયા આવી છે, માટે તારી પાસે મને મોકલી છે." મેં એ બાઇને ચોખ્ખો ઇનકાર સંભળાવ્યો. કેટલાએક દિવસ બાદ ફરી તે સ્ત્રી મારી પાસે બત્તી વખતે આવી અને કહ્યું કે, "અમલદાર સાહેબને તારા ઉપર દયા આવી છે માટે તને કંઇ ખેરાત આપવા બોલાવેલ છે. ઊભાં ઊભાં પાછું આવવું છે, ચાલ હું તારી સાથે આવું." મેં વિચારીને રાત્રિને વખતે જવાની ના પાડી. એજ રાત્રે

લગભગ અગિયાર વાગે એ માણસ સફેદ પાયજામા પહેરી મારા મકાનમાં ઘૂસી આવ્યા અને મને હરકત કરવા લાગ્યા. ડરની મારી મેં બૂમ પાડવી શરૂ કરી અને પાડોશનાં માણસો ભેળાં થઈ ગયાં; એટલામાં તો તેઓ બન્ને ગસ્તના માણસ છે, એમ બહાનું બતાવી છટકી ગયા. પાડોશીએ પણ પોલીસનાં માણસો ધારી ડરથી કાંઇ ન કહ્યું. એ વખતે એમ માલૂમ પડી ગયું કે, એ બન્ને માણસ એક થાણાના અધિકારી છે. પોલીસના મુસલમાનો હજી સુધી મને તંગ કર્યા કરે છે. કેટલાક દિવસમાં ૩૪ મી કલમ મુજબ મારું જૂઠું ચલણ કર્યું. એક કેસ તો હાલ પણ લાગેલો છે. મેં મારા સર્વ હાલ-હવાલના ખબર અરજીદ્વારા પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબને મોકલ્યા છે અને મથુરા જિલ્લાના ક્લેકટર સાહેબ ઉપર પણ પ્રાર્થનાપત્ર મોકલ્યું છે; પરંતુ હજી સુધી સુનવાઇ થઈ નથી અને પોલીસવાળા હજી સુધી ઠેકાણે આવ્યા નથી. અગર સરકાર કે હિંદુ જનતા મારી કષ્ટકથા ઉપર ધ્યાન નહિ દે, તો હું અબળા મારો ધર્મ નહિ છોડતાં કોઇ કૂવા કે તળાવમાં ડૂબી મારો પ્રાણ તજીશ! શું હું આશા રાખું કે, સરકાર તથા હિંદુજનતા મારી ધર્મરક્ષાનો કંઇ પ્રબંધ કરશે?

અભાગી ચમેલી

× × × ×

હે ભગવાન! આ આર્યદેવીનો પુકાર તારા પ્રત્યે પણ ન ગયો હોય તો જરૂર થાઓ, તને સંભળાઓ અને તેનો ઉદ્ધાર થાઓ: પણ હે દીનાનાથ! રોજ સેંકડો આવા રાક્ષસી દુરાચાર થઇ રહ્યા છે અને હિંદુઓ પોતે પણ તેમાં સામેલ છે! હે દીનાનાથ! કાં તો હવે અમો હિંદુજાતિને દરિયામાં ડુબાવી દો, કે કાં તો અમારા ધનના કે ધનવાનોના ગુલામ રાષ્ટ્રસેવકોને અક્કલ આપો.

("પ્રતાપ" ના એક અંકમાંથી)

૧૧૪–ગુલામીની ભાવના છોડો !

(લેખકઃ–શ્રી. સંત પોલ રિશાર)

હિંદમાં ક્યાંયે સ્વતંત્રતા નજરે પડતી નથી. હરેક ઠેકાણે સ્વતંત્રતાને દબાવી દેવામાં આવેલી છે. જીવનના હરેક વ્યવહારમાં તેને ગૂંગળાવી નાખવામાં આવી છે. બાળકોની સ્વતંત્રતા પર માબાપોની એકહથ્થુ સત્તાનો સોટો ઘૂમ્યા કરે છે. સ્ત્રીઓના પર પુરુષો રાજ્ય કરે છે અને સમાજ, ન્યાતજાત અને રૂઢિનાં બંધનોમાં જકડાયેલો છે. દેશનાંજ બાળકો એકબીજાંને ગુલામ બનાવતાં હોય, ત્યારે પ્રજા તે કેવી રીતે મુક્ત–સ્વતંત્ર થઇ શકે ?

તમારે હિંદને સ્વતંત્ર બનાવવું છે ? તો પહેલાંજ તમે તમારી જાતને મુક્ત કરો ! તમારી પરવશતાનું કારણ તમારી અંદર રહેલી ગુલામીની ભાવના છે. આ ગુલામીની ભાવના તમારા પોતાના મકાનમાં બાળપણથીજ શરૂ થઇ જાય છે. એ મકાનોમાં નાનપણમાંજ તમારા મગજ પર કેમ તાબે થવું, એ ભાવનાઓ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. કેવી રીતે મહાન થવું, એ ભાવના ત્યાં શીખવવામાં આવતી નથી.

બીજાને તાબે થવું–આજ્ઞાપાલક બનવું એ પણ ખરેખર એક મોટી ફરજ છે–મહાન ધર્મ છે, પણ ક્યાં અને ક્યારે આજ્ઞાનું પાલન કરવું, એ સમજાવું જોઇએ. હિંદની પ્રજાનો આર્ય આદર્શ, પ્રાચીન ધર્મ એ કંઇ વડીલોની આજ્ઞા–હુકમને આંખ મીંચીને પાળ્યા જવાનું કહેતો નથી. પ્રાચીન ધર્મ તો કહે છે કે, માતા–પિતાને માન આપો, ગુરુના હુકમને તાબે થાઓ, આ જમાનામાં તો આખા દેશને દોરનાર ગુરુ હોઈ શકે. તેના હુકમને માથે ચડાવવો એ પ્રકૃતિના હુકમને માન્યા બરાબર છે. ફરજનો સવાલ આવી તમારી સામે ખડો રહે, ત્યારે તમે તમારી જાત કરતાં કુટુંબના, કુટુંબ કરતાં

દેશના અને દેશ કરતાંયે માનવજાતિના હુકમ ઉઠાવી લેજો—તે હુકમની બજવણી કરજો. આ રીતેજ તમે ખરેખરા સ્વતંત્ર બની શકશો; પણ તેની સાથે વિષ્ણુ ભગવાને ભરેલાં પેલાં ત્રણ ડગલાંની કથા હમેશાં યાદ રાખજો! એ ત્રણ કદમ તે સામાજિક, આર્થિક અને ધાર્મિક સુધારણાનાં છે.

સામાજિક સુધારણા માટે સ્ત્રીઓને કેળવણી આપવી પડશે. લગ્નના નવા કરારો અને આદર્શ રાખવા પડશે—લાકડે માંકડું વળગાડી દેવા સરખા હાલના રિવાજ નહિ ચાલી શકે અને જે સઘળી બનાવટી દીવાલો ખડી કરી છે તેને તોડી તોડી જમીનદોસ્ત કરવી પડશે. આ દીવાલો તે ખાસ કરીને આજ રસકસ વિનાની મુડદાલ બનેલી અને માણસને કચડી નાખનારી ન્યાતજાતની છે.

નાણાંની બાબતમાં સબળને હાથે નિર્બળની અને ધનવાનને હાથે ગરીબની થતી બરબાદીનો અંત આણવો જોઇશે. કારખાનાં અને નરકાગારસરખાં શહેરોના વેપારધંધાને વેગળા ફેંકવા માટે ઘર–ઉદ્યોગ અને ગામડાંના કસબોનો વિકાસ કરવો પડશે. આ ઉપરાંત પુખ્ત ઉંમરનો પુત્ર બાપકમાઇ પર જીવે અને બાપ છોકરાના ગુજરાન માટે અનેક અટકળો બાંધતો રહે, એ બન્ને શરમભરેલું છે.

ધર્મની બાબતમાં તેનું નવેસરથી મંડાણ કરવું પડશે, ધર્મમાંથી મગરૂબી અને સ્વાર્થનું જડમૂળ ખોદી કાઢવું જોઈએ.

આ રીતેજ તમે સ્વતંત્ર બની શકશો. સાચી મુક્તિ–સ્વતંત્રતા આ રીતેજ મળશે.

("દલિતકોમ"ના એક અંકમાંથી)

૧૧૫–જ્ઞાતિના નારાયણ

(લેખકઃ–શ્રી. પુરુષોત્તમ હરજી ભોજાણી)

ઉષાએ આછાં અજવાળાંના અંધારનાં મંડાણ માંડ્યાં છે. તેનાં અમીઝરણાંની ઝીણી સેરો ફૂટી રહી છે. કુદરતના કિલ્લોલના ગુંજાર ગુંજી રહ્યા છે.

પ્રભુનાં પ્રેરણાત્મક ભજનોના ઘોષ ગાજી રહ્યા છે; મૃત્યુલોકના માનવીની ઊંઘનાયે મૃત્યુઘંટ વાગી રહ્યા છે; છતાં જેમ મૃત્યુદેવની મહેરબાની ઉપરજ જીવતા માનવીને જીવનની તૃષ્ણા છૂટતી નથી, તેમ મૃત્યુલોકના માનવીની ઊંઘનાયે મૃત્યુઘંટ વાગ્યા છતાં ઊંઘનાં આળસ છૂટતાં નથી.

"...નારાયણ, નારાયણ" નો ઘોષ એકાએક કર્ણગોચર થયો. થતાંની સાથેજ હું ઊઠ્યો. આસપાસ કોઇયે નહોતું. ઊઠ્યા પછી નહોતો સંભળાતો "નારાયણ, નારાયણ" નો મર્મસ્પર્શી ઘોષ કે નહોતો સંભળાતો કોઇનોયે શબ્દમાત્ર. સર્વત્ર શાંતિ હતી, છતાં મને આશ્ચર્ય જેવું કશુંયે નહોતું. ઊલટું એક પ્રકારના આનંદની–તેજની છાયાના આછા પ્રકાશ પડતા હોય નહિ! તેમ લાગતું હતું.

પ્રકાશ આછો હતો, પરંતુ તેમાંથી સરતી તેજની સેરો અનેરી હતી અને તેમાંથી નીતરતી આનંદની છોળો તો અલૌકિકજ હતી.

× × × ×

પછી એક પ્રકારનું પરિવર્તન ધસી આવ્યું. એ અજબ પલટો હતો. "નારાયણ" ને સપડાવી લીધો. તે પણ વશ થઇ ગયો.

હુંયે તેને નારાજ થવા ન દેતો, ઊલટો તેને પ્રસન્ન રાખવા પ્રયત્નશીલ હતો. આથી ઉભય વચ્ચે મિત્રતા જામી અને મિત્રતાની આ ગાંઠે તો એવું સ્વરૂપ પકડ્યું કે જાણે તેને છોડવાના યુગયુગના

પ્રયત્નોયે નિષ્ફળ નીવડે એમ મને તે વેળા જણાયું.

પરંતુ પછી તો બાજી બદલાઇ ગઇ. તેણે–નારાયણે વૈભવ અને વિલાસનગર વસાવ્યાં. વચ્ચે ચેતનાના ચેતનવંતા અગ્નિની ચિનગારીના જ્વલંત પ્રકાશ પ્રકટાવ્યા. વૈભવ–વિલાસના વિષયદુર્ગમાંયે આ પ્રાણવંત અગ્નિની શિખો ભભૂકતી; મૃત્યુદેવની સામેય આ ચિનગારીઓ પોતાનાં અજેય આયુધ માંડતી અને વિજયવંતાજ સંમેટતી.

× × × ×

પરંતુ પછી? પછી તો તેણે દાવના પાસા ફેરવી નાખ્યા. સાથે રમતની રેખાએ બદલાવી દીધી. ધીમે ધીમે અગ્નિનો આત્મા ઊડવા લાગ્યો. ચિનગારીનાં ચેતન ચાલવા લાગ્યાં. આત્મા વિનાનો અગ્નિ ઓલવાવા મંડ્યો. ચૈતન્યરહિત ચિનગારીઓ બુઝાવા લાગી.

આ અંધારામાંયે અવશેષો આશાને આશ્વાસન આપતા કે, બાજી હજુયે હાથમાંજ છે, લગામ હાથમાંથી ગયેલ નથી. ખરેખર બાવો પાતાળમાં હતો અને ચોટી મારા હાથમાં હતી. જો આશ્વાસન જેવી કોઇ ચીજ હોય તો તેમાંની આ પ્રકારનીજ હતી. ચોટલી ઝાલીને બાવાને ઉપર આણવાના મારા સઘળા પ્રયત્નો મિથ્યા હતા, કારણ દેખીતુંજ છે. કોઇએ ચોટલી ઝાલીને બાવાને કૂવામાંથી કાઢ્યાનું સાંભળ્યું છે?

× × × ×

અને આજે? આજેયે ચોટલી–લગામનો એક છેડો હાથમાં હોવાનું મને ભાન છે. મારી આ નિરાશામાંથીયે આશાનાં અમર કિરણો ફૂટશે એવી માન્યતાને આધારે હું એક છેડો પકડી રહ્યો છું. નીચું જોતાં તો નાખી નજર સરખીયે પડતી નથી; હું હતાશ થઇ ગયો છું. જ્યારે હું મારી વર્તમાનદશાનો વિચાર કરું છું, ત્યારે મારી દષ્ટિએ દુઃખના ડુંગરો દેખાય છે અને મારા ઉપર આવાં આક્રમણો થતાં જોઇને સહેજજ પ્રશ્ન નીકળે છે કે, "નારાયણનું" નારાયણ-

તેજ જતાં મારી આ સ્થિતિ ?

× × × ×

અને વાચકબંધુ ! તનેયે આપણી સાંપ્રત સ્થિતિનો ખ્યાલ કરતાં જ્ઞાતિમૈયાનું તેજ ઝાંખું પડેલું જોઇને શંકા નથી થતી કે, "આપણાંયે તેજ ઓસરી ગયાં છે ?"

("લોહાણા હિતેચ્છુ" ના એક અંકમાંથી)

૧૧૬–गीताज साचो मार्ग बतावशे

નાભાનરેશ શ્રી રિપુદમનસિંહજીના ઉદ્દગાર

પ્રત્યેક ભારતવાસીએ શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ-અધ્યયન કરવું જોઇએ. ગીતા એ જ્ઞાનનો ભંડાર છે. સર્વ ધર્મોનું વાસ્તવિક તત્ત્વ તેમાં આવી જાય છે. સઘળા ભારતવાસીઓ સાચા મનથી ગીતાને કંઠસ્થ કરી તેમાં કહેલા ધર્મોનું આચરણ કરે, તો આ ચાલુ લડાઇટંટાઓ આપોઆપ નાબૂદ થાય અને આપણે આપણાં કર્તવ્ય કાર્યોમાં રોકાઇ જઇએ, તેથી આપણું કલ્યાણ થશે. મારા સ્વધર્મ મતાનુસાર ગ્રંથ સાહેબની કોઇ વાત મારા સમજવામાં આવતી નથી અને પૂજ્ય સાધુસંતો મારી શંકાનું સમાધાન કરી શકતા નથી, ત્યારે હું ગીતાજીનો આશરો લઉં છું. તે ઉપરાંત જ્યારે વ્યાવહારિક અડચણો તેમજ રાજનૈતિક ચિંતાઓ મને કર્તવ્યશૂન્ય બનાવી દે છે, ત્યારે હું ગીતાજીને શરણે જઇને શાંતિ પ્રાપ્ત કરું છું. ગીતાના ઉપદેશક શ્રીકૃષ્ણચંદ્ર સમસ્ત સંસારના ગુરુ હતા. અનેક યુગોથી તેમનીજ દિવ્ય વાણીથી ભારતનો ઉદ્ધાર થતો આવ્યો છે અને તેનાથી ભવિષ્યમાં ભારતવર્ષનું કલ્યાણ થશે.

("વિશ્વમિત્ર "ના એક અંકમાંથી)

૧૧૭–અરીઠાનો ઉપયોગ

(લેખકઃ–ડોક્ટર ટી. મોતીવાલા)

હિંદુસ્તાનના જંગલની વનસ્પતિ અને તેના ગુણદોષ વિષેના લેખો કે જેની હારમાળા આપણા પ્રખ્યાત "ગુજરાતી કેસરી" માં શરૂ થઇ હતી, જેનો લાભ સેંકડો ગરીબ–ગુરબાંઓ તેમજ ઘણાક સદ્‌ગૃહસ્થોએ લીધો હતો; ત્યાર બાદ કમનસીબે અમોને લેખ બંધ કરવાની જરૂર પડી હતી. લેખ બંધ કરવાનું કારણ એ હતું કે, ઘણાક માણસો નાહકના કાગળો લખી અમને ઘણીજ તકલીફ આપતા હતા, તેને અનુસરીને અમોએ લેખ આપવાનું મોકૂફ રાખ્યું હતું. હાલમાં ઘણા સદ્‌ગૃહસ્થો તરફથી અમને એવી ફરમાસ થઇ છે કે, તમારા વનસ્પતિના લેખો પાછા શરૂ કરો; કારણ કે તમારા લેખો વાંચી દુઃખી માણસો લાભ લે અને આપને આશીર્વાદ મળે. ખેર...! અમોએ તેઓનો સુખન રાખી હાલમાં આ સેવકે વળી પાછી પોતાની કલમ હાથ ધરી છે. હવે આજે અરીઠા વિષેનો લેખ શરૂ કરું છું. અરીઠા છે તો એક અદની વનસ્પતિ, પણ તેના ગુણો ઘણાજ બળવાન છે. અરીઠાને સંસ્કૃતમાં અરિષ્ટ, ફેનિલા, ગુચ્છફળ અને ગર્ભપાતન કહેવામાં આવે છે. ગુજરાતીમાં અરીઠા અને હિંદુ-સ્તાનીમાં રીઠા કહેવામાં આવે છે. અરીઠાના ઝાડની દરેકદરેક વસ્તુઓ ઉપયોગી છે. એનું સેવન કરવાથી ટૂંકજ વખતમાં ખરેખરો ફાયદો બતાવે છે; પણ મૂળ સવાલ એ છે કે, આ વીસમી સદીને અનુ-સરીને તેમજ કેટલાક વૈદ્યોની આળસને લઇને લોકોને દેશી દવા પરથી મોહ ઓછો થયો છે. અમો હિંમતથી કહીએ છીએ કે, જેવો ગુણ આવા ઝાડપાલામાં સમાયેલો છે, તેવો ગુણ બીજી રકમ–ધકમ-માં નથી. જ્યાં સો સો રૂપિયે તોલાની કીમતી દવાઓ નિષ્ફળ જાય છે, ત્યાં આ એક પાઇની વનસ્પતિ ફતેહમંદ નીવડે છે. અરીઠાનાં

ઝાડ વીસથી પચીસ ફૂટ જેટલાં ઊંચાં થાય છે. તેમાં ઘણી ડાળીઓ નીકળેલી ચોતરફ ફેલાયલી જોવામાં આવે છે. ફૂલ ફિક્કા ધોળા રંગનાં આસો-કારતક માસમાં આવે છે અને ફળ પોષ-મહા સુધીમાં તૈયાર થાય છે. મૂળનું લાકડું ફિક્કા ભૂરા-પીળા રંગનું રસભર્યું હોય છે, પણ કાપ્યા પછી તે પરની છાલ પીળા રંગની થઇ જાય છે. વાસ જરા તીખી ખુશબોદાર અને સ્વાદ કડવાશ લેતો મીઠો તથા ચીરપરો લાગે છે. પાનની વાસ અને સ્વાદ દાહક અને ઉગ્ર લાગે છે. ફળ કાચાં હોય છે, ત્યારે પીળાશ પડતાં લીલા રંગનાં હોય છે; પણ પાકીને સુકાય છે, ત્યારે તે પરની રંછાળ ધીમે ધીમે ખરી જાય છે. ગમે તેવો પેટનો દુખાવો-પેટમાં થતી ચૂંકના ઉપર અરીઠાનાં ફળની છાલનો ગળ ૨ થી ૩ ઘઉંભાર શરબત અને આસવમાં આપવાથી આરામ થાય છે. અરીઠાનો ગુણ જંતુનાશક, ગરમ, મેલને સાફ કરનાર તથા ઉત્તેજક છે. અરીઠાનું મૂળિયું કફઘ્ન ગણાય છે. અરીઠાનું લાકડું બટકણું હોય છે, તેથી તે વિશેષ કરીને કામમાં આવતું નથી; તોપણ તે થાંભલા, કોદાળી વગેરેના હાથાઓ, કાંસકી વગેરે બનાવવાના કામમાં આવે છે. સખ્તમાં સખ્ત અર્ધા તેમજ આખા માથાનો દુખાવો હોય તો નાસાવિરેચન તરીકે અરીઠાના ફીણનું નાકમાં ટીપું નાખવું; તેથી નાકમાંથી પુષ્કળ પ્રવાહી નીકળે છે. અરીઠાના ઠળિયાની માળા બનાવવામાં આવે છે, જે પહેરવાથી સાપ આવી શકતો નથી એવી ઘણા લોકોની માન્યતા છે. માથામાં જૂ પડી હોય અથવા તો ઢોરના શરીરમાં જૂ પડી હોય તો અરીઠાનું ફીણ ચોળવાથી જૂનો નાશ થાય છે. સાપ, વીંછી વગેરે ઝેરી જનાવરના કરડવાથી અથવા અફીણના ઝેરથી પીડા થતી હોય અથવા ઝેર ચડયું હોય, તો અરીઠાનું પાણી ઊલટી કરાવવા માટે આપવું. અરીઠાની છાલ અને સરગવાનાં પાન આ બે વનસ્પતિને લસણની સાથે વાટી તેમાં હળદર, મીઠું અને મરી મેળવી કૂતરાના કરડવા ઉપર બહારથી લગાડવામાં આવે છે. સરગવાનું

મૂળ અને છાલ ઘણાં દંભક છે, તેથી કરીને તે ગર્ભસ્થાન ઉપર બાહ્યોપચારથી પણ ઘણી ઝેરી અસર કરે છે અને તેથી ગર્ભનો પાત થાય છે. તે વિષે લંબાણુ હેવાલ કર્નલ કે. આર. કીર્તિકરે પોતાના "પોઇઝન્સ પ્લેન્ટસ ઑફ બોમ્બે" વૉ. ૧ માં આપેલો છે, તે જાણવા જેવો છે. અરીઠાની અસર ગર્ભસ્થાન ઉપર થાય છે અને તેથી ગર્ભપાત કરવામાં તે વપરાય છે. માથે લોહી ચડી જવાના રોગમાં, મૂર્ચ્છા અને બેશુદ્ધિમાં પણ તે વપરાય છે. ઝેરી જનાવર કરડેલું હોય અથવા ઝાડા કે કોલેરા થયેલ હોય તેની સુસ્તી ઉડાડવા માટે અરીઠાનું પાણી આપવામાં આવે છે. હિસ્ટિરિયા જેવા દરદમાં તેનો ધુમાડો આપવાથી સારો ફાયદો થાય છે. અરીઠાના ફળનું અંજન કરવાથી સર્પના ઝેરનો નાશ થાય છે. ઊલટી કરાવવાને માટે અરીઠાનું પાણી લગભગ પાંચ રૂપિયાભાર આપવું. અરીઠાનાં બી ઝેરી છે એમ નહિ સમજવું જોઇએ. અમુક એક વનસ્પતિનો એક ભાગ ખોરાક તરીકે વપરાતો હોય તો તેનો બીજો ભાગ ઝેરી ન હોય. ઝેર શબ્દથી લાંબો વિચાર કરી જોતાં માણસના શરીરને જે જે વસ્તુ હરકતકર્તા હોય તે સમજવું. એવા દાખલાઓ બનેલા છે કે, કેટલીક વનસ્પતિનો જ્યારે એક ભાગ સલામતી ભરેલી રીતે શાક વગેરે કરવામાં વપરાય છે, ત્યારે તેનો બીજો ભાગ ઝેરી પુરવાર થયેલો હોય છે. ગુજરાતમાં ફણસીની સીંગો ઘણી જાણીતી છે અને તેથી કરીને તેનું શાક ઘણા માણસો ખાય છે; પણ તેનું મૂળ ખાવામાં આવે તો તેથી ઝેરની અસર ઉત્પન્ન થાય છે. રતાળુના મૂળનું શાક તમામ લોકો ખાય છે, તેમ તેને બાફીને તથા તેનાં ભજિયાં આપણે ખાઇએ છીએ, પણ એના વેલાની કૂમળી ડાંડીઓનાં પાનનું શાક થાણાની તુરંગમાં કેદીઓએ ખાધું હતું, તેથી તેઓને ઝેરની અસર થતાં ઊલટી ને ઝાડો થયો હતો. શરીરે ફોલ્લા થયા હોય અને તે પાક પર આવતા ન હોય, તો અરીઠાના ફીણનાં પોતાં મૂકવાથી પાક પર આવી જાય છે. મગજ ભ્રમિત થયું હોય,

મગજ પર વાયુની અસર હોય એવાં દરદોમાં અરીઠાનો ભૂકો સુંઘાડવામાં આવે છે. અરીઠા ગર્ભને પાડી નાખે છે, ત્રિદોષને મટાડે છે અને અરીઠાની અંદરનો ગર્ભ પાચનશક્તિ વધારે છે. અરીઠાનું ફીણ રેશમી કપડાં ધોવા માટે સાબૂ કરતાં પચાસગણું વધારે સરસ છે. તેમજ માથાના વાળ, દાગીના તથા કપડાં સાફ કરવામાં ખાસ કરીને વપરાય છે.

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

૧૧૮–ધર્મને નામે અધર્મ

"દેવદાસીઓ" તરીકે રહેતી જુવાન બાળાઓની વેશ્યાઓ જેવી દશા–એક કુમારિકાનું બલિદાન આપઘાત કરતાં તેણે કરેલો એકરાર–શ્રીમતી મુથુલક્ષ્માંની અરજ

દેવદાસી તરીકે દેવને અર્પણ કરવામાં આવેલી, પરંતુ ખરી રીતે જોતાં વેશ્યાનું જીવન ગાળવાને સરજાયેલી, લોકોથી મનાતી શંપકાવલી નામની ૧૩ વર્ષની મદ્રાસી કુમારિકાએ આપઘાત કરીને પોતાની જિંદગીનો છેડો આણ્યો છે.

એ છોકરીએ "તામીલ નાડુ" પત્રના અધિપતિ અને જાણીતા પ્રજાકીય આગેવાન ડો. વરદરાજાલુ નાયડુ પર એક ઘણો દયાજનક પત્ર લખી કલંકિત જિંદગી કરતાં મોતને પોતે શા માટે પસંદ કર્યું, તેનો ચિતાર આપ્યો છે. એ કુમારિકા લખે છે કેઃ—

"મારા ખરાબ કર્મના સંજોગે એક 'દાસી'માતાને પેટે હું જન્મી હતી. મારી ૧૦ વર્ષની ઉંમરે તે મરણ પામી. પછી મારી દાદીમા મારા પર બહુ હેત રાખતી. તેણે મને મોટી કરી.

રામાયણની વાતો હું બહુ પ્રેમથી સાંભળતી અને દરરોજ પ્રભુને પ્રાર્થના કરતી કે, તે મને રામ જેવો પતિ આપે અને હું સીતા જેવી સુખી થાઉં.

"એક દહાડો મારી મોટીમાએ મને પણ 'દાસી' થવા કહ્યું, જેથી કરીને હું વેશ્યાના ધંધામાં પડું.

"મેં તેની ખરાબ સલાહ માનવાની ના પાડી અને તેને ભલી અને સદ્‌ગુણી થવા કહ્યું.

"એ પછી હું તેર વર્ષની થતાં ઉંમરલાયકની થઇ. બીજી વાર પણ તેણે મને દેવને અર્પણ કરવાને જણાવ્યું; કારણ કે હવે હું સ્ત્રી થઇ હતી. થોડા સમયમાં (દેવ સાથે) મારાં લગ્ન કરવાંજ જોઇએ.

સગાંઓનો બળાત્કાર

"તે સમયે પણ મેં તેને ઘણી સમજાવી કે, હું લગ્નની પવિત્ર ક્રિયાથી એક કૂતરા સાથે પણ લગ્ન કરીશ; પરંતુ "દાસી" તરીકે વેશ્યા તો થઇશજ નહિ.

"એ પછી, મારાં સગાંઓએ પોતાનું ધાર્યું કરવા મારા પર બળાત્કાર કર્યો; પણ હું ઘણી મક્કમ રહી. સાત દિવસ સુધી મને ભૂખે મારવામાં આવી. તેમ કરતાં એક મહિનો નીકળી ગયો. મેં આપઘાત કરવાની પણ ધમકી આપી.

દાદીમાનું તરકટ

"એક દહાડો એક શ્રીમંત માણસ મારી દાદીમા પાસે આવ્યો અને તેઓ વચ્ચેની લાંબી વાતચીત દરમિયાન, મેં દાદીમાના ફક્ત નીચલા શબ્દો સાંભળ્યાઃ—

'તે ઊંઘી જાય, પછી તમારે ફાવે તેમ મોજ ઉડાવજો;'

"આ શબ્દોથી મને સખ્ત આંચકો લાગ્યો, મધરાત સુધી હું જાગતીજ પડી રહી. પછી દાદીમા આવીને જોઇ ગઇ અને મને સૂતેલી ધારીને ચાલી ગઇ.

આબાદ બનાવ્યો!

"તરતજ મેં બેઠી થઇને પથારીમાં ઓસીકાને ઊભું સુવાડયું અને તેના પર મારી સાડી ઓઢાડી!

"હું બહાર જઇને ઊભી અને બારીમાંથી જોવા લાગી.

"તરતજ પેલો શ્રીમંત માણસ ઘરમાં દાખલ થયો અને ઓસીકાને જોસથી આલિંગન દીધું!

પુરુષવેષમાં નાઠી

"આ પછી હું ગુપચુપ મરદનો પોશાક પહેરીને અને રૂા. ૨૦૦ના દાગીના લઇને ઘરમાંથી નાઠી.

"પછી હું કલાદીના પવિત્ર તીર્થે ગઇ અને જગદ્‌ગુરુ શંકરાચાર્યની કુંબકોનમ ખાતે મુલાકાત લીધી.

"પોતાના મરણ અગાઉ લખેલા પત્રમાં કુમારી શંપકાવલી લખે છે કે, 'હે પ્રભુ! દેવદાસીઓને બચાવ!'

"હું પ્રભુને પ્રાર્થના કરું છું કે, હાલ મારે જે સહન કરવું પડે છે, તેવા દુઃખમાંથી મારા જેવી બીજી નિર્દોષ બાળાઓને ઉગાર! તેઓને પરણેલી જિંદગી ગાળવા દે! જો કે મેં મારું ઘર છોડી મારી પવિત્રતા જાળવી રાખી છે, છતાં દુનિયાની નિંદાથી બચવા ખાતર, મેં આ જિંદગીનો છેડો લાવવા ઠરાવ કીધો છે.

"મેં ડૉ. વરદરાજાલુ નાયડુને મારા કેસથી વાકેફ કીધા છે અને તે તેમને પોતાના પત્રમાં છાપવાને અરજ કરી છે.

"મારો પત્ર વાચકો વાંચશે, તે અગાઉ તો હું આ દુનિયા છોડી બીજી દુનિયામાં ચાલી ગઇ હોઇશ; જેથી કરીને મારા પેદા કરનાર પ્રભુને હું આજીજી કરું કે, તે મારી રાંક બહેનોને કલંકી 'દાસી'ની જિંદગીમાંથી બચાવે. મને આશા છે કે, મારા મોતથી મારી દાદીમાને ધડો મળશે." લી. કુમારી "શંપકાવલિ"

મદ્રાસની ધારાસભાની જાણીતી બાનુસભાસદ, શ્રીમતી મુથુલક્ષ્મી આ ભયંકર રિવાજ નાબૂદ કરવાની દિલ પિગળાવનારી

અપીલ કરતાં "હિંદુ"માં પત્ર લખી જણાવે છે કેઃ—

"ગઈ તા. ૧૭ મીના 'તામીલ નાડુ' પત્રમાં કુમારી શંપકાવલિ નામની 'દાસી'કન્યા કે, જેણે વેસ્યા તરીકેનું ભયંકર અને ત્રાસદાયક જીવન ગુજારવામાંથી મુક્તિ મેળવવા આપઘાત કર્યો છે, તેનો હૃદયભેદક પત્ર પ્રગટ થયો છે. તે જુવાન અને બિનઅનુભવી હતી અને આપઘાત સિવાય તેને બીજો કોઇ માર્ગ સૂઝયો ન હતો.

પોતાના જેવી હાલતમાં આવી પડેલી નિર્દોષ 'દાસી'–કુમારિકાઓ માટે તેણે સચોટ દિલ પિગળાવનારી અપીલ કરી છે.

આપઘાત કરતાં તેણે એવી ઉમદા અભિલાષા રાખી હતી કે, તેના જેવી છોકરીઓની જે કમકમાટીભરી હાલત થાય છે, તે તરફ સમાજનું ધ્યાન ખેંચાય તે માટે કંઈક સચોટ પગલાં ભરવાને પ્રજા જાગ્રત થશે.

તેના સદ્‌ગુણ, આત્મભોગ અને પવિત્રતાના રક્ષણ માટેની કાળજીએ દુનિયાને બતાવી આપ્યું છે કે, જિંદગી કરતાં પણ પોતાના શિયળને વહાલું ગણનાર સ્ત્રીઓ ધરાવવાનો, હજી આ દુનિયામાં દરેક કોમ દાવો કરી શકે છે. પછી તે કોમ ગમે તેટલી પછાત કાં ન હોય!

એ રિવાજ નાબૂદ કરો!

આ ભયંકર અનીતિને ધર્મની સંમતિ હોવાનો લોકોમાં ભ્રમિત ખ્યાલ પેસી ગયો છે. મંદિરના ટ્રસ્ટીઓ હઠ અને દુરાગ્રહથી તેને પોષી રહ્યા છે. "કોઇમ્બતુર સેનગુણતર મહાજન સંઘ" ની આ રિવાજ નાબૂદ કરાવવાની કોશિશ ઉપલા કારણસર નિષ્ફળ ગઇ છે; છતાં હિંદુ કોમે જાગ્રત થઇને પોતાના સમાજમાં પેઠેલી આ ભયંકર બદીને નાબૂદ કરવી જોઇએ.

કહેવાતા ધાર્મિક રિવાજના ખોટા ધતિંગ હેઠળ લાખો નિર્દોષ બાળકીઓને અનીતિના ભયંકર ખાડામાં હોમી દેવામાં આવે છે, જ્યારે ધર્માચાર્યો થઇ બેઠેલાઓ એ ભયંકર "વેશ્યા"સમૂહ તરફ

મૂંગે મોઢે જોયા કરે છે. સ્ત્રીકેળવણી નહિ હોવાથી, હિંદુસમાજ આવા અનર્થો જડમૂળથી દૂર કરવાને તૈયાર થતો નથી એ શોચનીય છે. સ્ત્રીઓના એક મોટા વર્ગની આવી પતિત દશાથી હિંદુઓની નૈતિક, ધાર્મિક, શારીરિક અને સામાજિક અધમ સ્થિતિ થતી જાય છે. ઘણા સુખી સંસારનું નખોદ વળે છે. આ જુવાન સ્ત્રીઓ પુરુષોનું મન ચલિત કરવા જિંદગીભર સરજાયેલી હોવાથી સમાજનો સડો વધતો જાય છે.

"દેવદાસીઓ" માં ઘણી વાંઝણી રહે છે; તેઓ પૈસા આપીને કુમળી બાળાઓ ખરીદે છે અને તેઓને "દેવદાસી" બનાવીને અનીતિના જીવનમાં સબડાવે છે. એવી હજારો બાળાઓ, હિંદુકોમમાં પરણીને પરણેલું સુખી જીવન નહિ ગાળી શકે? પણ હિંદુસમાજ આવા ભયંકર અનર્થો હજુ પણ ચલાવી લે છે, તે અફસોસની વાત છે!

છેલ્લે શ્રીમતી મુથુલક્ષ્મી, આ રિવાજ નાબૂદ કરવાનો સુધારો મદ્રાસની ધારાસભામાં હાલ રજૂ થયેલા "રિલીજિયસ એન્ડોનમેન્ટ્સ ઍક્ટ" (હિંદુ ધર્માદા ફંડને લગતા કાયદા) માં આમેજ કરવાની મજબૂત હિમાયત કરે છે."

("હિંદુસ્તાનના" એક અંકમાંથી)

११९–अस्पृश्यता शास्त्र विरुद्ध छे ?

કાશીમાં શંકરાચાર્યો, શાસ્ત્રીઓ, પંડિતો વગેરેએ ભેગા મળી, ધર્મશાસ્ત્રો તપાસી અસ્પૃશ્ય ગણાતા લોકોને શાળામાં, કૂવા ઉપર, સભાઓમાં અને તીર્થમંદિરોમાં એકસરખા ગણવા જણાવ્યું હોવાનું પંડિત જગતનારાયણ જણાવે છે.

("ખેડા વર્તમાન" ના એક અંકમાંથી)

१२०—आ ते पुरुषवर्गनां पराक्रम के क्रूर काळां कर्म?

(લેખિકાઃ—શ્રી. કુમારી જયવતી દેશાઈ)

લગ્નગાળો શરૂ થયો છે. એ વેદીમાં અનેક બાળાઓનાં બલિદાનો લેવાવાં શરૂ થયાં છે. હિંદુસંસારમાં ઠામઠામ અજ્ઞાનનાં અંધારાં વ્યાપી ગયાં છે. તેમાં કુરૂઢિઓની અંધભક્તિથી હોળીઓ સળગી રહે છે અને તે ભડભડતી હોળીઓમાં, જીવદયાના હિમાયતી હિંદુઓ પોતાનાંજ પુત્રપુત્રીઓને હોમી રહ્યા છે!

× × × ×

આ ભડભડતી હોળીઓમાં અપાતાં બલિદાનોનાં થોડાંક ઉદાહરણો જોઇએ.

(૧) વર કે કન્યા પૂરું બોલતાં કે ચાલતાંયે શીખ્યાં ન હોય, તેમને માબાપોની કમરે ચડાવીને અંધશ્રદ્ધાથી રૂઢિની ભડભડતી હોળીમાં લગ્નને નામે હોમવામાં આવે છે!

(૨) બાર વર્ષની બાલિકાને કુળ નામની રાક્ષણીની અંધભક્તિને નામે બાસઠ વર્ષના બુઢ્ઢાની પાંચમી પત્ની તરીકે ગોઠવણ કરવા નીકળેલા, પોતાની જાતેજ પોતાને અકુલીન માની લેવાની ગુલામી મનોદશાથી, પોતાની પુત્રીના હૈયામાં ભડભડતી હોળી સળગાવે છે!

(૩) એજ કુલરાક્ષણીની અંધભક્તિથી સાનભાન ભૂલી, કઠણ કાળજાનાં બનેલાં હિંદુ માબાપો સોળ વર્ષની પોતાની કુમારિકાને દશ વર્ષના કહેવાતા કુલીન ગભરુની 'બાયડી' બનાવવાની રાક્ષસી રમતમાં, લગ્ન નામની હોળીમાં પેટના ફરજંદનું બલિદાન હસતે મુખડે ચડાવી, "મૂછો છોકરાને આવશે કંઇ છોકરીને ઓછીજ

આવવાની છે?" એવી શબ્દબાણાવળીથી દઝાડેલાને ઉપરથી ડામવાની શેતાની ક્રૂરતા બતાવે છે!

(૪) ભણીગણી કન્યાને કોઇ અભણ, બેદી, વ્યસની કે રોગી વરની સાથે 'હાથેવાળો' મેળવવાને બહાને સળગતા સંસારનો ભોગ બનાવવામાં આવે છે!

(૫) દમડાનાં લાલચુડાં માતાપિતા કે સગાંવહાલાં કાગડાની કોટે દહીંથરું બાંધી, ઘરની તિજોરી તર કરવામાં કસાઇ કરતાંયે અધર્મ કામ કરી મલકાય છે. કસાઇ બકરાને રહેંસે છે, આ લોકો મનુષ્યજાતિમાં કોમળ ગણાતી સ્ત્રીજાતિને-પોતાનીજ પુત્રીને રહેંસે છે. કસાઇ મૂએલા પશુના માંસનું વેચાણ કરે છે, આ લોકો જીવતા મનુષ્યના માંસનું વેચાણ કરે છે!

'લગ્ન' નામની આવી હોળીઓ આ મહિનામાં ઠામઠામ સળગવી શરૂ થશે. તેની જ્વાળાઓથી હિંદુસંસાર હજી પણ વધુ ને વધુ સળગતો જશે.

અત્યારની લગ્નપ્રથા એટલે રાક્ષસીપ્રથા. પરણનારની સંમતિ લેવામાં ન આવે, તેની ઇચ્છા જાણવામાં ન આવે અને તેમ છતાં નક્કી થયેલા સાટાને જીવનભર વફાદારીથી વળગી રહેજો એવો 'માર-શલ-લૉ' નો પડકાર કરવામાં આવે તેનું નામ 'લગ્ન!' આવી રાક્ષસી રમતોને 'લગ્ન' નામ આપવું, તે 'લગ્ન'ની પુણ્યમય અને પવિત્ર ભાવનાઓને કલંકિત કરવા જેવું છે.

× × × ×

આવાં લગ્નથી હિંદુ 'વરવહુ' ઘરસંસાર ચલાવે છે, પ્રજોત્પત્તિ કરે છે; પણ તેથી સંસારમાં સ્વર્ગ ઊતરતું નથી. સમાજ સશક્ત, ઉજ્જ્વલ અને આહ્લાદક બનતો નથી. નિર્માલ્ય રૂઢિઓ બલવત્તર બનતી જાય છે, દેશ વધારે ને વધારે પરતંત્ર થતો જાય છે! આવાં લગ્ન એટલે બંધન, પડતી નિસરણી!

× × × ×

આ નિસરણીથી અધઃપતનને માર્ગે ઊછરતી ચૌદ, પંદર અને સોળ વર્ષની બાળાઓને પેટે પાકતી નિર્માલ્ય પ્રજા નથી તો તેનાં માતાપિતાને મદદ કરતી, નથી તો તેની જ્ઞાતિ, ગામ કે દેશને મદદ કરતી; પણ ખુદ પોતાની જાતને પણ તે મદદ કરી શકતી નથી! હતભાગી ભારતની પરતંત્રતા અને પડતીનું મોટામાં મોટું કારણ એજ છે.

× × × ×

જ્યાં આવી પ્રજા પાકે ત્યાં જગજ્જનનીઓને માટે જેલખાનાં અને ગુલામીખતો તૈયાર થાય, માતૃપદની ઠામ ઠામ અવગણના થાય, સ્વયંશક્તિ અને દેવીઓને અબળા, બેગમ એવાં અપમાનજનક વિશેષણો લગાડવામાં આવે, અરે એટલુંજ નહિ પણ–

माता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
पुत्रा रक्षति वार्धक्ये न स्त्री स्वातंत्र्यमर्हति ॥

જેવા શ્લોકો રચાય અને પોતાનીજ માતાઓની સ્વતંત્રતા હરી લઇ, પ્રજા જાતે સ્વતંત્રતા ગુમાવી બેસે! આવી રીતે પતન પામેલી પ્રજાની ઉન્નતિ માટેનો સાચો માર્ગ ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવું તે છે. સમાજના ઓ સુધારકો અને નેતાઓ! સાવધાન થાઓ અને આ લગ્ન–મહિનામાં લગ્નની ભડભડ હોળીઓ અટકાવી 'પરણવું એ તો પ્રભુતામાં પગલાં માંડવાં,' 'લગ્ન એટલે સ્વર્ગનું સોપાન' એ વ્યાખ્યાઓ સાચી પાડી બતાવવા મથો!

× × × ×

જૂનીપુરાણી થઇ ગયેલી રૂઢિઓને આંધળી રીતે અનુસરવા જતાં પ્રજા મુડદાલ અને અચેતન બની જાય છે. જે સમયે જે કારણસર રૂઢિ યોજવામાં આવી હોય, તે સમય અને કારણ બન્નેનો નાશ થઇ જવા છતાં, રૂઢિઓના ભૂતને પકડી રાખનાર પ્રજા જાતે ભૂત જેવી બની જાય છે. રૂઢિભક્ત પ્રજા અને ઘેટાના ટોળામાં ફરક રહેતો નથી. "ચાલ્યું આવે છે, માટે તેને ચલાવ્યા કરવું" એજ

એ મુડદાલ પ્રજાનું જીવનસૂત્ર બને છે. એ વહેમભરી રૂઢિઓના ડરથીજ પછી તો તે પ્રજા નીતિ અને ધર્મનું પણ પાલન કરે છે. પરિણામે પ્રજાનું પતન થાય છે. રૂઢિની ગુલામી એજ તે પ્રજાનું લક્ષ્ય બને છે.

× × × ×

સ્ત્રીઓને પડદા પાછળ ગોંધી રાખવાની પ્રથા એ જાતની રૂઢિની ગુલામીનું સુસ્મૃતિચિહ્‌ન છે. તુર્કસ્તાન સ્વતંત્ર થયું ને એ ગુલામીને તોડીફોડી નાખી. ઇજિપ્તમાં ચેતન આવ્યું અને સ્ત્રીઓના મુખ ઉપરથી પરતંત્રતાના, ગુલામીના, અપમાનના પડદા હટવા લાગ્યા ! પણ અચેતન હિંદમાં તો હિંદુ અને મુસલમાનોમાં પડદાનાં પ્રાબલ્ય હજી જેમનાં તેમ કાયમ છે.

× × × ×

એ પડદા સ્ત્રીઓ માટે અપમાનની પરાકાષ્ઠા છે. પડદા પાછળ રહેવાથીજ સ્ત્રીજાતિ પવિત્ર રહી શકે એવી ક્રૂર કલ્પનાનું એ મૂર્તિમંત સ્વરૂપ સ્ત્રીજાતિને હીણપત લગાડનાર છે અને શું સ્ત્રીઓ એ અપમાનને—એ હીણપતને પસંદ કરે છે ? કદી નહિ. નવા યુગની સ્વતંત્રતાને ચાહનારી સ્ત્રી કદી પણ એ માનભંગ દશાને લઇ ચલાવવા તૈયાર નથીજ.

× × × ×

એનું ઉદાહરણ બંગાળની સ્ત્રીકેળવણી પરિષદમાંનું મિસિસ આર. એસ. હુસેનના હૈયાનો પુકાર પૂરું પાડે છે; એ બહેન સામાન્ય બાઇ નથી. સોળ સોળ વરસથી તો એ સખાવત સ્મારક શાળા ચલાવી રહેલ છે. નથી તો એ ઉછાંછળાં કે નથી તો વગરવિચારે એક અક્ષર પણ બોલનાર. એ બહેન દરદભરી ચીસ પાડતાં કહે છેઃ—

" પડદાની રૂઢિને જીવલેણ કારબોનિક એસિડ ગેસની સાથે સરખાવવી જોઇએ. જો તે ગેસની સામે સાવચેતીના ઉપાય લેવામાં ન આવે તો તેનાથી દુઃખ વિનાનું મરણ થાય છે. તેજ રીતે પડદા પાછળ

અમારી બહેનોનું, એ પડદાને લીધે ઉત્પન્ન થતા પ્રાણસંહારક વાયુને લીધે દુઃખ વિના ધીરે ધીરે મરણ થાય છે—અર્થાત્ ધીરે ધીરે મરણ લાવનાર વિષ અથવા તો ગેસના જેવીજ પડદાની અસર વૈદકીય નજરે થાય છે."

× × × ×

પરંતુ મનુષ્યત્વની નજરે એના આત્મા ઉપર જે ખરાબ અસર થાય છે, તેની તો સીમાજ નથી! કુદરતે મનુષ્યને સરજીને ખુલ્લા હવાઅજવાળાની તેને ભેટ કરી! પણ મનુષ્યે પોતાની સ્ત્રીજાતિને માટે પડદો સરજીને એ નૈસર્ગિક ભેટ ઉપર લૂંટ ચલાવી! એથી સ્ત્રીજાતિના આત્માનું દેખીતી રીતે જન્નતજ થાય છે!

× × × ×

મિસિસ હુસેન એવી ફરિયાદ કરે છે કે, "હિંદમાં આ બહેનોની ફરિયાદ સાંભળનાર કોઇ નથી. ગાંધીજીએ અંત્યજો અને ત્રીજા વર્ગના રિબાતા મુસાફરોની રાડ સાંભળી, જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા માટે પણ ઘણી સંસ્થાઓ સ્થપાયેલી છે, એકાદા કૂતરા ઉપર ગાડી ફરી વળે તો એંગ્લો ઇંડિયન પત્રકારો ભારે હોહા મચાવી મૂકતા જણાય છે; પરંતુ જનાનામાં પૂરી મૂકવામાં આવેલી અમારા જેવી દુર્ભાગી સ્ત્રીઓની દયા ખાનાર સમસ્ત હિંદમાં એકકે વિરલો પુરુષ જણાતો નથી."

× × × ×

એ બહેન હૈયાની વરાળ કાઢતાં કહે છે કે, "સ્ત્રી અને પુરુષ એ સમાજનાં બે અંગ છે; છતાં કેટલાય વખતથી પુરુષો અમો સ્ત્રીજાતિને છેતરી રહ્યા છે અને અમે એ બધું મૂંગે મોઢે સહન કરી રહ્યા છીએ. એટલે જૂના જમાનાથી પુરુષજાતિ અમ સ્ત્રીજાતિ ઉપર વિજય મેળવવાને મલકાઇ રહી છે! પરંતુ એમનો આ વિજય પક્ષીની પાંખો કાપી તેને ઊડવા કહેવું અને તે ઊડી ન શકે એમાં પોતાનો વિજય માનવો તેના જેવો છે. સહૃદય બંધુઓએ આ

વાત વિચારવા જેવી છે."

× × × ×

સ્ત્રી અને પુરુષની બેલડી સંસાર-રથનાં બે ચક્ર છે. એમાંના એક ચક્રે મોટરનું ટાયરવાળું પૈડું જોડયું હશે અને બીજા ચક્રે જૂનામાં જૂના સમયના ગાડાનું પૈડું જોડયું હશે, તો કદી પણ એ રથ ચાલી શકવાનો નથી. હિંદનો સંસાર-રથ અત્યારે ખોળંભે પડ્યો છે, તેનું મૂળ કારણ આજ છે; પરંતુ વર્ષોના વિજયથી મસ્ત બનેલા મરદોને આપણે જ્યાંસુધી બરાબર શુદ્ધિ ઉપર લાવીશું નહિ, ત્યાંસુધી તેઓ આપણા હક સ્વીકારવા તૈયાર થવાના નથી. હક અને અધિકાર ભીખ માગવાથી કદી પણ મળ્યા જાણ્યા નથી. બહેનો! ઊઠો અને જ્યાંસુધી લક્ષ્યસિદ્ધિએ ન પહોંચો ત્યાંસુધી લગારે જંપો નહિ!

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

१२१–गउमाता की महत्ता

(લેખકઃ-શ્રી. કવિવર હરિશંકર શર્મા)

ભેદ-ભાવ ભૂલકર સબકો સમાનતા સે,
દૂધ, દહીં, ઘૃત, માવા, માખન ખિલાતી હૈ.
બોતે જોતતે હૈં બૈલ, સિંચતે હૈં ખેતીયોં કો,
ખીંચતે હૈં ગાડી અન્ન-પટ ભી હિલાતી હૈ.
હાડ મલ-મૂત, ચામ-ચબીં ચલાતે કામ,
વ્યય કો બચાતી, તુચ્છ તિનકે ચબાતી હૈ.
જીવન મેં જગ કી ભલાઈ કરતી હૈ ગાય,
મરને પૈ જનતા કી જૂતી બન જાતી હૈ.

("વિશ્વમિત્ર" ના એક અંકમાંથી)

१२२–गारत भारत की आरत

(લેખકઃ-શ્રી. નારાયણુદાસ ચતુર્વેદી)

અફસોસ! કિસી વક્ત થા ગુલજાર યે ભારત,
અબ રોના નજર આ રહા જો, યાર યે ભારત.
અર્જુન વ ભીમ, કર્ણ, દ્રોણ, ભીષ્મપિતામહ,
અભિમન્યુ સે વીરાં કા થા ભંડાર યે ભારત. ૧
થે ધર્મરાજ સે યહાં ધર્માત્મા મહીપ,
ભગવાન કૃષ્ણ કા થા પ્રાણાધાર યે ભારત. ૨
નીતિજ્ઞ રામચંદ્ર સે સીતા સી પતિવ્રતા,
ભાઈ ભરત સે પ્રેમ કા આગાર યે ભારત. ૩
આતે થે સીખને કો ગૈર મુલ્કસે યાં લોગ,
સબ ઈલ્મો હુનર કા રહા ચટસાર યે ભારત. ૪
પરવા ન કિસી કી ભી કભી રખતા થા જરા,
હર એક બસ્તુ કા થા ભંડાર યે ભારત. ૫
સબ દેશોં કા શિરતાજ થા કુછ થી કમી નહીં,
યોં થા કભી બના ન ખાકસાર યે ભારત. ૬
હે કૃષ્ણ કર્મવીર કહાં હો બત આ તો–
કબતક સહેગા ગૈરોં કી ફટકાર યે ભારત. ૭
અબ કરકે કૃપા આઓ ફિર એક બાર 'નારાયણ,'
કબ સે તુમ્હારી કરતા ઇન્તજાર યે ભારત. ૮

(વિન્ધ્યક્ષેત્ર-"વિશ્વમિત્ર" ના એક અંકમાંથી)

१२३–महारानी दुर्गावती का प्रोत्साहन

(લેખકઃ–શ્રી. રામવચન દ્વિવેદી)

ગઢામણ્ડલા થા ક્ષત્રિય કા, સુખદ મનોરમ રાજ્ય વિશાલ;
સભી ભાંતિ સંતુષ્ટ પ્રજા થી, લોગ સભી થે માલામાલ.
અકબર કી સેના ને જાકર, તહસ–નહસ કર દિયા તમામ;
તબ રાની બોલી વાચકવર ! વીરોચિત યહ વચન લલામ. ૧
"માતૃભૂમિ પર સંકટ અબ હૈ, પડા અહો ક્ષત્રિય–સંતાન !
અસ્ત્ર–શસ્ત્ર સે સજ્જિત હોકર, ઊઠો યુદ્ધ–હિત કરો પ્રયાન.
કાયરતા કી બાતેં છોડો, છોડો વનિતાઓં સી બાન;
દિખલા દો અરિગણ કો વીરો ! અપના ગૌરવ, અપની શાન. ૨
"યાદ કરો ચાણુક્ય–વીરતા, નાશ કિયા જો નંદ વિરાટ;
પરશુરામ કા વહ કુઠાર જો, ધરા પાટ દી ક્ષત્રિય કાટ.
ચક્રવ્યૂહ કે બીચ યુવકવર, અર્જુનસુત કા સુભગ વિહાર;
ભીષ્મ પિતામહ કી કઠોરતા, ઔર ભીમ કા ગદા–પ્રહાર. ૩
"આઓ રણ–કંકણ તુમ બાંધો, ચલો યુદ્ધ કા ધરકર સાજ;
અગર નહીં ચૂડી ખનકાઓ, પહનો સબ સાડી તુમ આજ.
બેટી–બહન હરી જાતી હૈં, આતી નહીં જરા ભી લાજ;
હૃદય–હીન ઐસે હિંદુ પર, હે ઈશ્વર ! ગિર જાવે ગાજ. ૪
"ધાયઁ–ધાયઁ બંદૂક–નાદ હો, છપ–છપ શબ્દ કરે તલવાર;
તનમેં જા કટાર 'ગપ' બોલે તેગા—ભાલે કા હો વાર.
બાજા બજે જુઝાઉ રણ મેં, હોવે સુખદ શંખ કા નાદ;
લગેં યુદ્ધ મેં યોદ્ધાગણ અબ, 'માં દુર્ગે' કા કર જય–વાદ. ૫
"હે સબકી રગ–રગ મેં અબ ભી, ખૌલ રહા ક્ષત્રિય કા ખૂન;

દશોં-દિશાઓં મેં વીરો! હૈ, ગુંજ રહી રણભેરી-ધ્વન.
કાયરતા કો દૂર ભગાઓ, સ્વાભિમાન કી છેડો તાન;
સાહસ અબ અપને મેં લાઓ, કરો ઓજમય હૃદય મહાન. ૬
"હોડ ધર્મ કી વેદી પર બલિદાન ચઢાઓ અપના શીસ;
કર્મવીર 'અરવિંદ' બનો અબ માતા કી તુમ હર લો ટીસ.
દહલ ઉઠે દિલ દાનવગણ કા, હોવે રણ-ચંડી કા નાચ;
ઉથલ-પુથલ મચ જાવે જગ મેં, બઢે યુદ્ધ કી અવિચલ આંચ."*

("હિંદુપંચ" ના એક અંકમાંથી)

१२४–बुद्धिमान देशभक्तो प्रत्ये एक खास महत्त्वनी सूचना

એ કચ્છી લોહાણા બહાદુર શિવદાસભાઇ! તમને બારોટનાં અભિનંદનજ છે. તમારી જ્ઞાતિની લાજ રાખવાની ભક્તિ સર્વવિદિત છે. તમારી નાડીમાં શૂરવીરતાનાં લોહી ફરે છે, તમે વીરરસના રસિયા છો, તમે જ્ઞાતિને શોભાવવા સારી રીતે સેવા કરો છો. એવાં કામ કરનાર શિવદાસભાઇને જ્ઞાતિ સાથે મીઠો સંબંધ જળવાઇ રહે એ જોઇને બારોટ રાજી થાય છે.

× × × ×

પણ શિવદાસભાઇ! મુંબઇમાં મળેલા ડાયરામાં તમે હાજર હતા કે? જો હાજર હો તો બારોટની મઢૂલી આગળ એક ભાઇ જે સૂચના કરી ગયા, એ સૂચના બારોટ તમારી આગળ મૂકે છે. એ સૂચના હિંદુવટ જાળવનારી ઊંચી સૂચના છે; તમે તો હિંદુવટ

*શ્રી કેશરવાની-હિંદી-પુસ્તકાલય, ગયા કે ચતુર્થ વાર્ષિકોત્સવ મેં પઠિત તથા રૌપ્ય-પદક સે પુરસ્કૃત.

જીવતી રાખવા માટે કમરે ભેટ બાંધી છે, એટલે એ સૂચના જરૂર ઝીલજો, ઝીલીને અમલી બનાવજો.

× × × ×

સૂચના એવી છે કે, જે ચારણોએ મુંબઇમાં ડાયરો જમાવ્યો હોય એવા ચારણોની એક સંસ્થા સ્થાપવી, એવા ચારણોને એમાં પગારદાર તરીકે રાખવા અને એ ચારણોનો સંઘ ગામડે ગામડે ફરે, ગામડે ગામડે ડાયરા જમાવી એમાં રામાયણ અને મહાભારતની વીરરસની કથાઓ કહે. જુઓ તો ખરા, તમે જે વીરરસને માટે આંખ લાલ કરો છો એવો વીરરસ સર્વ સ્થળે જામી જાય અને સૌની આંખ તમારા જેવી મર્દાનગીભરી લાલ થઇ જાય. અખતરો છે કરવા જેવો હો!

× × × ×

બારોટ તો માને છે કે, એ માત્ર અખતરો નથી પણ એક ખરી બિના છે. જો આવા ચારણોને રોકવામાં આવ્યા હોય, તો જે હિંદુત્વ સાચવવા માટે આજે હિંદે ભગીરથ પ્રયત્ન આદર્યો છે, એ કાર્યનાં ખૂબ સંગીન પરિણામ આવે. દસ વક્તાઓનાં શૂરવીરતા વિષે ભાષણો થાય એને બદલે કવિ મેઘાણંદ જેવો એક ગઢવી જો મહાભારત અને રામાયણની શૂરવીરતાનો પ્રસંગ કહે તો લોકોને ઊભા કરી દે, એમાં બારોટને જરાય શંકા લાગતી નથી. ભાષણો કરતાં આમવર્ગ ઉપર વાર્તાઓ સારી અસર કરી શકે છે. શિવદાસભાઇ! આ કામ (જરૂર) કરવા જેવું છે.

× × × ×

જો વિધવાઓ માટે શિવદાસભાઇનો એક મિત્ર હજારો રૂપિયા આપવાને તૈયાર હોય, તો વિધવા થતી વીરતા માટે તો જરૂર હજારો રૂપિયા શિવદાસભાઈના મિત્રો આપેજ. ત્રણ ચારણોને પગારદાર તરીકે રોકવા જેટલું ફંડ શિવદાસભાઇને કરવું, એ એક ચપટી

વગાડે તેટલામાં થઇ જાય એમ બારોટને લાગે છે.

× × × ×

બારોટ તો ઘણુંય ગામડાંમાં ફરે છે અને ગામડાંઓને ગોંદરે પ્રાતઃકાળે જ્યારે છાણના સૂંડલા લઇને ઊભેલી કન્યાઓને જુએ છે, ત્યારે એને આ યુગના જુવાનિયાઓ યાદ આવે છે. શકુંતલા અને અને શિરીનની કલ્પનામાં ઊડતા યુવાનની ભવિષ્યની અર્ધાંગના છાણના સૂંડલા ભરવા અહીંતહીં દોડે છે, એ વિચારજ તમને કઢંગો લાગતો નથી? સંસ્કારભૂખ્યા કંઇક જુવાનોની જિંદગી બગડે એમાં બારોટને કંઈ નવાઇ લાગતી નથી.

× × × ×

તંદુરસ્તી હોય પણ સંસ્કાર ન હોય, શરીર ગોરું હોય પણ અક્કલનો છાંટો ન હોય, હાથ-પગ મજબૂત હોય પણ હૈયું કાચું હોય, એવી છોકરીઓને પરણી પેલી શકુંતલા અને શિરીનની કલ્પનાવાળો જુવાન પોક મૂકીને રુએ તો એમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી!

× × × ×

ધનાઢ્યો આ કન્યાઓને સંસ્કાર આપવા પોતે એ કન્યકાઓના પિતા બને તો કેટલું બધું પુણ્ય હાંસલ થાય! એ કન્યકાઓની તંદુરસ્તી જળવાઈ રહે, એ કન્યકાઓની શરીરની કાંતિ કાયમ રહે, પણ સાથે સાથે થોડું શિક્ષણ એ કન્યકાઓને મળે એ ઉદ્દેશથી ઠામઠામ કન્યાશિક્ષણની પાઠશાળા ખુલ્લી મૂકવાની જરૂર છે.

× × × ×

ખરી રીતે તો મહાજને આ વાત ઉપાડી લેવી જોઇએ. મહાજન એટલે માત્ર તકરારો પતાવવાનું પંચ, એટલોજ અર્થ થતો હોય તો એ વાત તદ્દન ખોટી છે. મહાજને તો જ્ઞાતિના વિકાસનાં

સર્વ સાધનો તૈયાર કરી આપવાં જોઇએ. જ્ઞાતિ કેમ ઉન્નતિને શિખરે પહોંચે એના વિચાર, એની યોજનાઓ અને એનો અમલી કાર્યક્રમ યોજવો એ મહાજનનું મુખ્ય કર્તવ્ય છે. સ્થળેસ્થળનાં મહાજનો કન્યાકેળવણીનો પ્રશ્ન હાથ ધરે એવું કોણ નહિ ઇચ્છે ?

× × × ×

જગતમાં એવા પણ પડ્યા છે કે, જેઓ છોકરીઓને ભણાવવી એટલે એમાં એક પ્રકારનું મોટું નુકસાન માને છે. ભણેલી છોકરીઓ વરને છૂપા કાગળો લખે, ભણેલી છોકરીઓ પિયરમાં દુઃખના સમાચાર મોકલે, આવી આવી દલીલો કરનારાઓનો દેશમાં તોટો નથી; પણ એ દલીલો પોકળ છે. ભણેલી સ્ત્રી દેશને, જ્ઞાતિને અને સમાજને તારી શકે છે. ભણવું એટલે માત્ર પરીક્ષાઓ પાસ કરવી એટલું ન સમજવું. ભણવું એટલે સંસ્કાર પ્રાપ્ત કરવા. એવી સંસ્કાર રેડનારી કેળવણીનો પ્રબંધ જ્ઞાતિઓ કરે તો જરૂર ગૃહે ગૃહે દેવીઓના કલ્લોલ થાય. આજે તો ગૃહે ગૃહે શું થાય છે, એ સૌ કોઇ જાણે છે!

("લોહાણા હિતેચ્છુ"ના એક અંકમાંથી)

× × × ×

તા૦ ક૦—આ ભલામણ અગત્યની દેશસેવા બજાવનારા અને બજાવવા માગનારા દરેક સજ્જનને માટે સમજવાની છે. ભલામણ માત્ર આ એકજ નહિ, પણ એવી ને એવી અતિ અગત્યની બીજી અનેક બાબતો માટે કરી શકાય તેમ છે અને કરવી પણ છે; પણ એ તો બીજી રોકાણોમાંથી સમય મળવા ઉપર આધાર છે. આવા દેશોન્નતિના ઘણા આબાદ ઉપાયો તરફ દેશભક્તોનું ધ્યાન અત્યારસુધી ન જાય, એ તે બુદ્ધિનું મોટુંજ ભોપાળું કે કુંડાળું હશે!

લી. મેલો-ઘેલો-બાઉધરો-ઇ૦ અનેક અવગુણોનો સાગર

—ભિક્ષુ અખંડાનંદ

१२५–स्वामी विवेकानंदनी २५ मी संवत्सरी

દેવ કરતાં પણ દેશને વધારે ગણનાર સંત–વિશ્વવ્યાપક સંસ્કૃતિના ઉપદેશક–એમનાં કેટલાંક બોધવચનો

(લેખકઃ–શ્રી. દેશભક્ત)

ઘણાને ખબર પણ નહિ હશે કે, આજથી બરાબર પચીસ વર્ષ પહેલાં આજે હિંદુધર્મ અને હિંદી રાષ્ટ્રત્વનો કીર્તિધ્વજ યુરોપ-અમેરિકા સુધી ઉરાડનાર અને ઉપનિષદના અપૂર્વ તત્ત્વજ્ઞાનના ભંડારની પશ્ચિમને ઝાંખી કરાવનાર વીર વિવેકાનંદ સ્વર્ગે સિધાવ્યા હતા. સ્વામી વિવેકાનંદ ભગવાં વસ્ત્રધારી સંન્યાસી હતા, પરંતુ તેઓ આજના સાધુ–સંન્યાસીઓ કરતાં જુદી જાતના સંન્યાસી હતા. તેઓ વિશ્વવ્યાપક સંસ્કૃતિના સ્થાપક અને ઉપદેશક હતા. ધર્મના ઉપદેશદ્વારા તેમણે હિંદીઓના બુઝાઈ ગયેલા રાષ્ટ્રપ્રેમના અગ્નિને નવી આહુતિઓ આપીને સળગાવ્યો અને આજે રાષ્ટ્રવાદની જે જ્વલંત ભાવનાઓ હિંદમાં જાગી છે, તેમાં સ્વામી વિવેકાનંદનો હિસ્સો પણ જેવોતેવો નથી.× જ્યારે હિંદની સ્વતંત્રતાનો ઇતિહાસ આલેખાશે, ત્યારે સ્વામી વિવેકાનંદનું તેમાં અપૂર્વ સ્થાન રહેશે.

અત્યારે હિંદમાં ચારે તરફથી જાગ્રતિનું મોજું ફરી વળેલું છે, એટલે સ્વામી વિવેકાનંદના કાર્યની ભવ્યતા કોઇ સમજી શકે

× અરે ! આવું તે શા માટે લખ્યું હશે ? આખા જગતભરનું મહાનપણું હોઇયાં કરવા ઇચ્છનાર હાલના કોઇ મહાન દેશભક્ત કે જે આવા આવા સંતોની પણ નિંદામાં મજા માણે છે, તેમના જીવ તો આવુંતેવું વાંચીને બસ બળીને કોયલા જેવાજ બની જવાના ! કેમકે પોતે કોના પાયા ઉપર ઊભો છે તેનું તો ભાઇને ભાન પણ નહિ ! પ્રભુ એવાઓ પર દયા કરે એજ યાચના !

—ભિક્ષુ અખંડાનંદ

નહિ; પરંતુ તેમના કાર્યની મહત્તા સમજવાને તેમના કાર્યમાં દૃષ્ટિપાત કરવો જોઇએ. સ્વામી વિવેકાનંદના સમયનું હિંદ એટલે વિનીતોનો સમય અને એક રીતે કહીએ તો તે હિંદની રાષ્ટ્રીય ચળવળ પહેલાંનો કાળ. રાજદ્વારી આગેવાનો આપણી રાષ્ટ્રીય ચળવળની શરૂઆત બંગભંગના વખતથી આંકે છે અને તે સમય ઈ. સ. ૧૯૦૫ ની સાલથી શરૂ થાય છે; જ્યારે સ્વામી વિવેકાનંદ ૧૯૦૨ માં જુલાઈની ચોથી તારીખે સ્વર્ગવાસી થયા. એટલે તેમના જીવનકાળમાં તો હિંદમાં રાષ્ટ્રીય જાગ્રતિ જેવું કાંઇજ નહોતું. પ્રજા સંકુચિત ધાર્મિક ભાવનામાં ડૂબેલી હતી. કેળવણીનો પ્રચાર જૂજજાજ હતો. બ્રિટિશ સરકારના રાજતંત્રને સૌ સુવર્ણયુગની ઉપમા આપતા અને તે અમલ અમર તપે એવી અનેક શુભાશિષો ઉચ્ચારાતી. સ્વરાજ્યની ચળવળનું તો જરાયે નામ-નિશાન હતું નહિ. રાષ્ટ્રીય કોંગ્રેસનો જન્મ થયો હતો ખરો, પરંતુ તેની બેઠકો એટલે કોઇ શાળા કે કોલેજની ડિબેટિંગ સોસાયટી. તેમાં જે ભાષણો અને ઠરાવો થતા તે માત્ર પાર્લામેંટને વિનતિ તરીકે હતાં, જે કાંઇ પણ ચળવળ ચાલતી હતી તે સામાજિક સુધારાની ચળવળ હતી.

તેવા નરમ અને ઠંડા વાતાવરણમાં સ્વામી વિવેકાનંદને પ્રખર રાષ્ટ્રવાદના મંત્રો હિંદીઓના કાનમાં ફૂંકવાના હતા. વળી તે સ્વામી હોવાથી તેમની ગણના પણ તે વખતે બહુ થતી નહોતી; પણ તે વખતે એક બનાવ બન્યો, જેણે સ્વામી વિવેકાનંદની શક્તિઓનો પરચો બતાવ્યો અને ત્યારથીજ સ્વામી વિવેકાનંદની જ્વલંત દેશભક્તિ અને માતૃપ્રેમની ધગશ જોઇને હિંદીઓ અંજાયા. ઈ. સ. ૧૯૦૦ કે તેની આસપાસ શિકાગોમાં દુનિયાના સર્વ ધર્મોની પરિષદ ભરવામાં આવી હતી. ત્યાં દરેક દેશમાંથી ધર્મના પ્રતિનિધિઓને બોલાવવામાં આવેલા. હિંદ તરફથી શ્રી મજમુદાર અને બીજા આગેવાન ગયેલા. સ્વામી વિવેકાનંદને પ્રતિનિધિ તરીકે આમંત્રણ નહોતું મળ્યું; પરંતુ તેમનો પ્રભાવશાળી આત્મા એ પરિષદમાં જઇને હિંદની

ઝળકતી સંસ્કૃતિનો સંદેશ જગતને સુણાવવા તલસતો હતો; પરંતુ અમેરિકા શી રીતે જવું અને જાય તોપણ કોની સિફારસથી શિકાગો પરિષદમાં દાખલ થવું, એ બધી પારાવાર મુશ્કેલીઓ વિવેકાનંદના માર્ગમાં ખડકની માફક ઊભી હતી; પરંતુ દેહ અને આત્માનાં બલિદાન આપનાર તપસ્વીઓને કયું કાર્ય અસાધ્ય હોય છે? સ્વામી વિવેકાનંદ એ બધી મુશ્કેલીઓને વટાવીને અમેરિકા ગયા અને શિકાગો પરિષદમાં પ્રેક્ષક તરીકે સ્થાન મેળવી શકયા. તેઓ આ બધી મુશ્કેલીઓમાં કેમ તરી ગયા અને તેમાં તેમને કેટલાં જોખમો અને અગવડો વેઠવી પડી, એ ઇતિહાસ ઘણો રમૂજી છતાં તે અસ્થાને હોઇ અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. એટલુંજ કહેવું બસ થશે કે, તેમણે શિકાગોની પરિષદમાં હિંદુધર્મ વિષે બોલવાને ત્રણ મિનિટનો સમય મેળવ્યો; પરંતુ તેમની વક્તૃત્વકળાની અજબ શૈલીથી અને તેમના જ્ઞાનભંડારથી તેમણે પશ્ચિમના લોકોને એવો તો મોહપાશ નાખ્યો કે, ત્રણ મિનિટને બદલે ત્રણ કલાક ભાષણ કર્યું અને પરિષદના દિવસો પછી ભાષણોની પરંપરાથી અમેરિકાને તેમણે ગાંડું કર્યું. આજે અમેરિકા અને યુરોપમાં તેમના અનેક અનુયાયીઓ છે. વિવેકાનંદની આ ફતેહથી તેમણે હિંદનું ગૌરવ વધાર્યું અને ત્યારપછીજ હિંદ માટે પશ્ચિમના દેશોને નવીન માન અને નવીન ગૌરવની ભાવના જાગી.

પરંતુ સ્વામી વિવેકાનંદનો હેતુ હિંદનું ગૌરવ વધારીને બેસી રહેવાનો નહોતો. તેમને તો નવીન સંસ્કૃતિની સ્થાપના કરવી હતી અને સાથે સાથે હિંદીઓના સૂતેલા રાષ્ટ્રવાદને જગાડવો હતો; એટલે તેમણે હિંદમાં પણ ભાષણો, લેખો અને પુસ્તકોદ્વારા ઉપદેશ આપવા માંડ્યો; અને જો કે તેમનો આશય રાજકીય જાગ્રતિનો નહોતો; કારણ કે તે વખતે રાજકીય ચળવળ જેવું કાંઇ નહોતું–છતાં દેશાભિમાન જાગ્રત કરવાને તેમણે અનેક ઉપદેશો કર્યા છે. હિંદીઓને તેમનો શાશ્વત સંદેશો એ હતો કે, "**उत्तिष्ठत जाग्रत प्राप्यवरा-**

निबोधत" આ એકજ મંત્રમાં તેમની દેશાભિમાનની લાગણી સ્પષ્ટ થાય છે. હિંદની જાગ્રતિ માટે તેમણે એક સ્થળે ઉપદેશ આપતાં જણાવ્યું છે કે, "જ્યારે હિંદનાં અનેક સ્ત્રીપુરુષો સર્વ ઇચ્છાઓ અને વૈભવોને છોડીને તેમના દુઃખી થતા લાખો દેશબંધુઓની સેવા કરવાને જીવન સમર્પણ કરશે ત્યારે હિંદ જાગ્રત થશે. આવતાં પચાસ વર્ષ સુધી આપણે એકજ મંત્રની ધૂન મચાવવી પડશે કે, 'ભારત હમારા દેશ હૈ!' તે સમય દરમ્યાન બીજા દેવ-દેવીઓને તમારાં મગજમાંથી વિસારી દો. "ભારત" એજ આપણી પ્રજાનો મહાન પ્રભુ છે. ભારતના વિરાટ સ્વરૂપને મૂકીને બીજા મિથ્યા અને અચોક્કસ દેવોની આરાધના કરવા ભારતવાસીઓ શા માટે જાય છે? હિંદીઓ ભારતની પૂજા કરી શકશે, ત્યારેજ બીજા દેવોની પૂજા કરવાને તેઓ લાયક થશે; માટે હિંદના સંતાન! તું શૂરવીર બન! તું હિંદી છે, તે માટે અભિમાન ધર અને દુનિયાને અભિમાનથી જાહેર કર કે, હું હિંદી છું, દરેક હિંદી મારો ભાઇ છે; પછી તે અભણ હો, ભિખારી હો, બ્રાહ્મણ હો કે ભંગી હો; છતાં દરેક મારો ભાઈ છે, એ ભાવના કેળવ અને તેનો પ્રચાર કર, તથા દેશને ખાતર એક લંગોટી પહેરીને ભારતને અને જગતને એવો સંદેશો સુણાવ કે, હિંદી મારો ભાઇ છે, તે મારો પ્રાણ છે, ભારત મારું સ્વર્ગ છે, ભારતની ભૂમિ મને પ્રાણથી પણ પ્રિય છે અને ભારતના શ્રેયમાંજ મારું શ્રેય સમાયું છે."

આ મહામંત્રો આજે ૨૫ વર્ષ પછી પણ કેટલા સત્ય અને ઉપયોગી છે! દેશાભિમાન અને માતૃપ્રેમ તેમના વાકયે વાકયે નીતરી રહ્યો છે; અને આજે જ્યારે હિંદુ અને મુસલમાનો કોમીવાદના ઝનૂનથી એકબીજાનાં ગળાં કાપી રહ્યા છે તથા રાષ્ટ્રીય ભાવનાને કલંક લગાડી રહ્યા છે, તે વખતે બધાજ ધર્મોને અને દેવોને છોડીને ભારતનેજ પરમ પ્રભુ ગણીને તેની આરાધના કરવાનો અને દરેક જણે હિંદનાજ સંતાન હોવાની ભાવના કેળવવાનો સ્વામી વિવેકા-

નંદનો આ ઉપદેશ પોતાના જીવનમાં ઉતારવો કેટલો જરૂરી છે! આજે જો દરેક હિંદી, સ્વામી વિવેકાનંદે કરેલા ઉપદેશનું પ્રખર વ્રત લઇને ભારતની સેવા કરવાને બહાર પડે તો સ્વરાજ્ય અસાધ્ય કેમ બને? વંદન હો એ ભારતની મહાન વિભૂતિને કે જેણે ભારતનું ગૌરવ જગતમાં વધાર્યું છે.

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

१२६–विधवा आश्रम (आर्यसमाज) काशी

તીન વર્ષ હુએ કાશી કી આર્યસમાજ ને એક વિધવા આશ્રમ સ્થાપિત કિયા થા. સ્થાપિત હોતે સમય ઇસમેં કેવલ ૪ વિધવાએં થીં. રૂપયે કી તંગી ઔર કાર્યકર્તાઓં કી કમી હોને પર ભી ઇસ આશ્રમ ને આશ્ચર્યજનક ઉન્નતિ કી હૈ. યદ્યપિ ઇસ આશ્રમ કા નામ વિધવા આશ્રમ હૈ, પર ઇસમેં પ્રત્યેક અસહાય નારી કી રક્ષા કી વ્યવસ્થા કી જાતી હૈ. ૧ લી દિસમ્બર સન ૧૯૨૫ સે ૩૦ નવમ્બર સન ૧૯૨૬ તક પ્રવિષ્ઠ હુઇ સ્ત્રિયોં કી સંખ્યા વિધવા ૧૦૩, સધવા ૩૬, કુમારી ૫, કુલ સંખ્યા ૧૪૪ હૈ.

પાઠક દેખેં કિ વિધવાઓં કે અલાવા ૩૬ સધવાએં ઔર ૫ કુમારિયોં ભી અનાથાવસ્થા મેં ઇસ આશ્રમ મેં પહુંચી હૈં. આશ્રમ કે તૃતીય વાર્ષિક વિવરણ સે પતા ચલતા હૈ કિ યે સધવાએં ઔર કુમારિકાયેં અધિકતર અપને સંબંધી લોગોં સે હી બલાત્કારપૂર્વક ભ્રષ્ટ કી ગઇ હૈં, ઔર ભેદ ખુલને પર ઘર સે નિકાલ દી ગઇ હૈં. વિધવાઓં કે પતિત હોને મેં ભી સંબંધી લોગોં કા હી અધિક હાથ રહા હૈ. જબ ઘર કે હી લોગ અપને આશ્રય મેં પડી હુઇ અસહાય વિધવાઓં પર પાશવિક અત્યાચાર કરને લગે તો ઉનકી રક્ષા કૌન કરે? ઇન વિધવાઓં ને જો અપની આત્મકથાએં છપવાઇ

હૈં ઉનકો પઢ કર રોંગટે ખડે હો જાતે હૈં. કિસી પર સસુર ને, કિસી પર જેઠ ને, કિસી પર મામા ને ઔર કિસી પર દેવર ને બલાત્કાર કિયા હૈ. સમઝ મેં નહીં આતા કિ ઐસે લોગોં કો ભેદ ખુલને પર વિધવાઓં કો ઘર સે બાહર કર દેને કા ઔર વિધવા-વિવાહ કે વિરુદ્ધ આવાજ ઉઠાને કા ક્યા હક્ક હૈ? ઇસ આશ્રમને ૬૦ વિધવાઓં કે વિવાહ કરાયે હૈં. ૪ કો નૌકરી દિલાઇ હૈ. ૪૩ ગર્ભવતી વિધવાએં લી હૈં. આશ્રમ મેં ૩૩ બચ્ચે પૈદા હુએ હૈં. યદિ યહ આશ્રમ ન હોતા તો યે બચ્ચે જન્મતે હી મૌત કે મુંહ મેં ચલે જાતે.

ઇસ આશ્રમ કા કાર્ય બહુત સંતોષજનક ઔર સુચારુ રૂપ સે ચલતા હુઆ નજર આતા હૈ. પ્રત્યેક ભાઇબહિન કો ઇસ આશ્રમ કી સહાયતા કરની ચાહીએ.

(" ગૃહલક્ષ્મી "ના એક અંકમાંથી)

સૂચના:—ગુજરાતકાઠિયાવાડમાં પણ સ્ત્રીજાતિ પર આવી દુ-ષ્ટતા ચાલે છે, તે વર્તમાનપત્રોમાં આવતી હકીકતો કહી આપે છે. કાશી તો આવ્યું હિંદના હૃદયપ્રદેશમાં, એટલે આવા પ્રસંગોમાં સાચા હૃદયથી સેવા કરનારા આશ્રમો નીકળે તેમાં આશ્ચર્ય નથી. ગુજરાત તો આવ્યો મળપ્રદેશમાં, એટલે આ તરફના લોકો તો ધનપ્રાપ્તિ ને પોલી કીર્તિ માટે, કોઇ વળી ઉપર ઉપરથી મોટાં મોટાં નામધારી આશ્રમના બડેખાં બને તો બને. બાકી અંદરથી કોને પડી હોય કે આવીતેવી સેવાઓ પાછળ સમય અને ધનનો છૂટથી ઉપયોગ કરે! ઝખું સ્મરણ છે કે, કેટલાક આર્યસમાજી બંધુઓ આ તરફ પણ એવો યત્ન કરી રહ્યા છે. શ્રીહરિ તેમને અધિકાધિક ઉત્સાહ, આયુષ્ય અને સફળતા આપો. લી૦ **—ભિક્ષુ અખંડાનંદ**

૧૨૭–તક્ષશિલાની પ્રાચીન વિદ્યાપીઠ×

(લેખકઃ–શ્રી. રતિલાલ મોહનલાલ ત્રિવેદી)

"એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા" જેવા ગ્રંથમાં લખ્યું છે કે, હિંદના ઇતિહાસમાં કોઇ કાળે હિંદદેશ વિદ્યાના સંસ્કારથી રહિત નહોતો. દેવનાગરી લિપિનું મૂળ પ્રાચીનતામાં લુપ્ત થયું છે, શિલાલેખ, તામ્રપટ અને તાડપત્ર પરના લેખો તથા ઉત્તરકાળમાં કાગળના વિશાળ ઉત્પાદન (મેન્યુફેક્ચર) પરથી જણાય છે કે, હિંદમાં સામાન્ય કેળવણી હતી; એટલુંજ નહિ પણ લખવાની કળાનો પણ એ દેશમાં સર્વસાધારણ પ્રચાર હતો. વળી પુરાતનતા અને બુદ્ધિની સૂક્ષ્મતામાં બ્રાહ્મણોએ સાચવેલું હિંદનું સાહિત્ય અપ્રતિમ છે. રાજ્યોની અનેક ઊથલપાથલો છતાં ગામડાંમાં શિષ્ટવર્ગોને માતૃભાષાદ્વારા અતિ સરળ પ્રકારનું શિક્ષણ સર્વ કાળે આપવામાં આવ્યું છે. કાશી અને નદિયાનાં સરસ્વતી–મંદિરો, એથેન્સ અને અલેક્ઝાન્ડ્રિયાનાં વિદ્યાલયોનું સ્મરણ કરાવે છે અને ગણિતનું શિક્ષણ હોરેસે વર્ણવેલી રોમની કેળવણીનું સ્વરૂપ સંભારી આપે છે.

આપણા દેશમાં અતિ પ્રાચીનકાળથી તે અઢારમી સદીના મધ્યભાગ સુધી સાહિત્ય અને કલાનો અદ્દભુત સ્રોત વહ્યા કર્યો છે. "યુનિવર્સિટી એ વિદ્વજ્જનોનું મંડળ હોવી જોઇએ" એ ન્યુમેને બાંધેલું લક્ષણ તક્ષશિલા, નાલન્દા અને વિક્રમશિલા જેવાં પ્રાચીન વિદ્યાપીઠોને સુયોગ્ય રીતે લાગુ પડે છે. તક્ષશિલાની મહાન વિદ્યાપીઠનું વર્ણન કરવાનો આ લેખનો હેતુ છે. રાવલપિંડીની વાયવ્યમાં એકવીસ માઇલને અંતરે વિદ્યાનું આ સુપ્રસિદ્ધ કેંદ્રસ્થાન આવેલું હતું.

× હસ્તલિખિત 'અંજલિ' માંનો મારો લેખ થોડોક ફેરફાર કરીને પ્રસિદ્ધ કરેલો છે. —લેખક

હમણાંજ તક્ષશિલાના પૌરાતનિક અવશેષો સર જ્હોન માર્શલના પ્રયાસથી બહાર કાઢવામાં આવ્યા છે. એક અત્યંત મનોહર ખીણમાં ટેકરીઓની વચ્ચે તક્ષશિલા નગર હતું. પૂર્વે મધ્યએશિયા અને પશ્ચિમ એશિયાને હિંદ સાથે જોડનાર મહાન વ્યાપારી માર્ગ પર આ શહેરની સ્થિતિ હતી. સિકંદરના સમયમાં તે અતિ સમૃદ્ધ નગર હતું. નગરની વસ્તી ઘણી હતી, આસપાસનો પ્રદેશ ફળદ્રુપ હતો. ચીનના પ્રસિદ્ધ પ્રવાસી હ્યુએનસંગે એ પ્રદેશની રમણીયતા અને ફળદ્રુપતાનું વર્ણન કર્યું છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં આ વિદ્યાપીઠની ખ્યાતિ સર્વત્ર પ્રસરી હતી, એવાં પ્રમાણો આપણા પ્રાચીન ગ્રંથોમાં છે. મહાભારતમાં તક્ષશિલાના એક શિક્ષાગુરુ ધૌમ્યનો ઉલ્લેખ છે.

સમકાલીન જીવનની સ્થિતિનું પ્રતિબિંબ બૌદ્ધ જાતકોમાં પડેલું છે. વિદ્યા અને સંસ્કારિતાના વાતાવરણથી કેટલાંક જાતકો ભરપૂર છે. ખાસ કરીને તત્કાલીન કેળવણીની પદ્ધતિ અને વ્યવસ્થા વિષે આ ગ્રંથો ખૂબ પ્રકાશ પાડે છે.

કાશીના એક રાજાને બ્રહ્મદત્ત નામે પુત્ર હતો. જૂના વખતમાં પોતાની પાડોશમાં કોઇ પ્રસિદ્ધ વિદ્યાગુરુ હોય, તથાપિ રાજકુમારોની કેળવણીની પરિપૂર્ણતા માટે રાજાઓ તેમને દૂર દેશાવર મોકલતા. આમ કરવામાં એમનો હેતુ એ હતો કે, કુમારોનું અભિમાન ગળી જાય, ટાઢતડકો વેઠતાં શીખે અને જગતના વ્યવહારથી પરિચિત થાય. કાશીરાજે પણ સોળ વર્ષના બ્રહ્મદત્તને પોતાની પાસે બોલાવ્યો અને એક તળિયાવાળા ચંપલની જોડ, પાંદડાંની એક છત્રી અને એક હજાર દામ આપીને તેને કહ્યું: “પુત્ર! તક્ષશિલા જા અને ત્યાં અભ્યાસ કરી આવ.”

રાજકુમારે પિતાની આજ્ઞા માથે ચડાવી. માતાપિતાને વંદન કરીને યોગ્ય સમયમાં તે તક્ષશિલા પહોંચ્યો. ત્યાં તેણે આચાર્યના નિવાસની તપાસ કરી અને અધ્યયન પૂરું થયા પછી પોતાના ગૃહના દ્વાર પાસે આચાર્ય આમતેમ આંટા મારતા હતા ત્યાં તે જઇ પહોંચ્યો.

આચાર્યને જોતાંવેંતજ કુમારે ચંપલ કાઢી નાખ્યા, છત્રી બંધ કરી અને પ્રણામ કરી ગુરુસમક્ષ શાંતિથી ઊભો રહ્યો. કુમાર થાકી ગયો છે, એમ વિચારી ગુરુએ તેનું તત્કાલ સ્વાગત કર્યું. કુમારે ભોજન કર્યું અને થોડીવાર આરામ લીધો. પછી તે ગુરુ પાસે પાછો આવ્યો અને અદબ વાળી એમની સમીપ ઊભો.

"તમે ક્યાંથી આવો છો ?"

"કાશીથી"

"કોના પુત્ર છો ?"

"કાશીરાજનો પુત્ર છું."

"અહીંયાં કેમ આવવું થયું છે ?"

"અધ્યયનાર્થે આવ્યો છું."

"વારુ, તમે કાંઇ રકમ સાથે લાવ્યા છો કે અધ્યયનના બદલામાં મારી પરિચર્યા કરવા ઇચ્છો છો ?"

"જી, હું મારી સાથે રકમ લાવ્યો છું."

આમ કહીને બ્રહ્મદત્તે ગુરુ સમક્ષ એક હજાર દામની કોથળી મૂકી.

આ અવતરણ ઉપરથી તે સમયની કેળવણીનાં મુખ્ય તત્ત્વોનો આપણને પરિચય થાય છે.

તક્ષશિલા વિદ્યાનું સુવિખ્યાત સ્થાન હતું. હિંદુસ્તાનના જુદા જુદા અને દૂર દૂરના ભાગોમાંથી વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરવા આવતા. રાજગૃહ, મિથિલા, ઉજ્જયિની, કોસલ અને મધ્યપ્રાંતમાંથી તો ત્યાં વિદ્યાર્થીઓ ઊભરાતા. તક્ષશિલાની પ્રસિદ્ધિ ત્યાંના અધ્યાપકોને લીધે હતી. તેઓ 'જગપ્રસિદ્ધ' કહેવાતા; કારણ કે પોતપોતાના વિષયમાં તેઓ નિષ્ણાત અને પ્રમાણભૂત ગણાતા. દેશનાં વિવિધ વિદ્યાલયો તક્ષશિલાની વિદ્યાપીઠ સાથે જોડાયેલાં હતાં.

વિદ્યાનો આરંભ કરવા માટે નહિ પણ વિદ્યા પરિપૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ તક્ષશિલા જતા. સામાન્ય રીતે ત્યાં જવાને માટે સોળ વર્ષની ઉંમર યોગ્ય ગણાતી. સાધારણ નિયમ એવો હતો કે,

શિષ્યોએ અધ્યાપકોને પરિપૂર્ણ કેળવણીના બદલામાં એક હજાર દામ આપવા પડતા. જો રોકડ રકમ ન આપી શકાય તો વિદ્યાર્થીએ ગુરુની સેવા કરવાની હતી. આવા ઘણા વિદ્યાર્થીઓ દિવસે કાષ્ઠસંચય ઇત્યાદિ ગુરુનું કામ કરતા અને રાત્રે જ્ઞાન મેળવતા. કેટલીક વાર કોઇ ગરીબ વિદ્યાર્થી પોતાનો બધો સમય અધ્યયનમાં ગાળતો અને તેથી ગુરુની સેવા કે બીજું કામ કરી શકતો નહોતો. આવા બાબતમાં પોતાની કેળવણી પૂરી કર્યા પછી ફીની રકમ આપવાનું વિદ્યાર્થી વચન આપતો. તક્ષશિલામાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી એક બ્રાહ્મણ-વિદ્યાર્થીએ ગંગાની પારના પ્રદેશમાં યાચના કરીને ગુરુદક્ષિણા આપી. અતિદરિદ્ર વિદ્યાર્થીઓને માટે દાનવીરો તેમનું ખર્ચ પૂરું કરતા. કેટલીક વાર પરોપકારી ગૃહસ્થોને ત્યાં શિષ્યમંડળ સહિત અધ્યાપકોને ભોજનનું નિમંત્રણ થતું. કોઇ કોઇ વાર આખા વિદ્યાલયને માટે ક્રમવાર ભોજન આગળથી નિર્મિત થતું.

કેટલાક વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી શિષ્યવૃત્તિઓ મળતી. ઘણુંખરું આવા વિદ્યાર્થીઓને કેળવણી લેવા માટે પોતપોતાના દેશના રાજકુમારોના સાથીઓ તરીકે મોકલવામાં આવતા. કાશી અને રાજગૃહના રાજકુમારો સાથે રાજગુરુના પુત્રોને તક્ષશિલામાં મોકલ્યા હતા, એમ જાતકોમાં ઉલ્લેખ છે. કેવળ ઉચ્ચ કેળવણી માટે રાજ્ય તરફથી રાજ્યના ખર્ચે વિદ્યાર્થીઓ મોકલવામાં આવતા એવા પણ ઘણા દાખલાઓ મળી આવે છે. કાશીના એક બ્રાહ્મણના પુત્રને ધનુર્વિદ્યામાં પ્રવીણતા મેળવવા માટે રાજાએ જાતે તેને તક્ષશિલા મોકલ્યો હતો.

અધ્યાપનની ફી ખર્ચના પ્રમાણમાં ઘણી ઓછી લેવાતી. વિદ્યાર્થીને ખાવાપીવાનું તથા રહેવાનું મફત મળતું અને તે ઉપરાંત અન્ય જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવતી. કેટલાક વિદ્યાર્થીઓ અધ્યાપકો સાથે એકજ ગૃહમાં રહેતા અને કેટલાક નગરમાં સ્વતંત્ર મકાન રાખીને વિદ્યાપીઠમાં શિક્ષણ લેવા જતા. કેટલાક પરણેલા વિદ્યાર્થીઓ પોતાની સ્ત્રીસહિત સ્વતંત્ર ઘર રાખીને રહેતા અને

દિવસે વિદ્યાલયમાં અભ્યાસ કરતા.

ઓછામાં ઓછા પાંચસો વિદ્યાર્થીઓને એક અધ્યાપક ભણાવતો. અનેક વર્ગના અને વર્ણના વિદ્યાર્થીઓ તક્ષશિલામાં ભેગા થતા. તેમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોનું પ્રમાણ વધારે રહેતું; દૂર દેશાવરથી રાજકુમારો અને શ્રીમંતના પુત્રો અધ્યયન કરવા આવતા. વ્યાપારીઓ, દરજીઓ અને માછીમારના પુત્રોનો પણ છાત્રવૃંદમાં સમાવેશ થતો. માત્ર ચાંડાલોને દાખલ કરવામાં નહોતા આવતા. પોતાના જન્મનું દુર્ભાગ્ય વિચારીને બે ચાંડાલ-કુમારો પોતાની જાતિ છુપાવીને, બ્રાહ્મણ-વિદ્યાર્થીઓનો વેષ ધારણ કરીને તક્ષશિલા ગયા અને ત્યાંના એક પ્રસિદ્ધ અધ્યાપક પાસે તેઓએ અભ્યાસ કર્યો. એકે તો અભ્યાસમાં સફળતા સંપાદન કરી પણ એકવાર કોઇ ગ્રામવાસીએ વિદ્યાલયમાં ભોજન આપ્યું હતું ત્યાં અજાણતાં ચાંડાલની બોલીમાં બન્ને વાતચીત કરતાં પકડાઇ ગયા અને પરિણામે તેમને વિદ્યાપીઠમાંથી દૂર કરવામાં આવ્યા.

ચાંડાલ સિવાય બધી જાતિઓને અધ્યયન કરાવવામાં આવતું, એ આપણે જોયું. બધી જાતિઓ વંશપરંપરાના ધંધાને માટે તૈયારી કરતી એવું ખાસ નહોતું. કેટલાક બ્રાહ્મણો જાદૂનો અભ્યાસ કરતા અને કેટલાક ધનુર્વિદ્યામાં પ્રાવિણ્ય મેળવતા. કોઇ બ્રાહ્મણ વિજ્ઞાન શીખતો અને કોઇ વેદત્રયી તથા અઢાર કલાનો અભ્યાસ કરતો. બધા પ્રકારના અને બધી સ્થિતિના યુવાનો વિદ્યાના ઉપાર્જનમાં નાત-જાતના ભેદો ડુબાવી દેતા. રાજકુમારો અને શ્રીમંતના પુત્રો, વ્યાપારીઓ અને દરજીઓ, પોતાની ફી ન આપી શકે તેવા ગરીબ વિદ્યાર્થીઓ—સર્વે સમાનતાથી પરસ્પર વર્તતા. એકજ વિદ્યાલય અને વિદ્યાગુરુના શિષ્યો તરીકે બંધુભાવની ગાંઠથી તેઓ બંધાતા. પ્રામાણિક શ્રમનું ગૌરવ તેઓ સ્વીકારતા હતા. ગરીબ વિદ્યાર્થીઓને સેવકની પેઠે સેવા કરવી પડતી; પરંતુ ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓની સાથે તેઓ સમાનતાના ધોરણે રહી શક્તા. વળી વિદ્યાલયમાં સાદાઇ

અને નિયમનનાં કેટલાંક ધોરણો ઉપર ભાર મૂકવામાં આવતો, તેથી બધા ભેદ આપોઆપ દૂર થઇ જતા.

આપણે ઉપર જોઇ ગયા કે, કાશીના રાજકુમારને એના પિતાએ માત્ર એક ચંપલની જોડ, પાંદડાંની છત્રી અને એક હજાર દામ આપ્યાં હતાં. એમાંથી પોતાના ખાનગી ખર્ચ માટે રસ્તામાં તે એક પાઇ પણ વાપરી શકે તેમ નહોતું. આ પ્રમાણે એક રાજકુમાર એક નિર્ધન મનુષ્ય તરીકે વિદ્યાલયમાં પ્રવેશ કરે છે. કાશીના રાજકુમાર જુંહની વાત પણ કાંઇક આવીજ છે. એક વખત અંધારામાં અથડાવાથી એનાથી એક બ્રાહ્મણનું ભિક્ષાનું કમંડલુ ભાગી ગયું. એના બદલામાં એક ટંકના ભોજનની કિંમત આપવાનું એ બ્રાહ્મણે એને કહ્યું, ત્યારે રાજકુમારે ઉત્તર વાળ્યો: "અત્યારે હું ભોજનની કિંમત આપી શકું તેમ નથી. હું કાશીના રાજાનો પુત્ર છું, માટે જ્યારે હું મારા રાજ્યમાં પાછો જાઉં ત્યારે તું મારી પાસે આવજે." આ ઉપરથી જણાય છે કે, રાજાના પુત્રો પણ વિદ્યાલયમાં પોતાની પાસે દ્રવ્ય રાખી શકતા નહિ. વળી રાજપુત્ર અપરાધ કરે તો સામાન્ય વિદ્યાર્થીના જેટલોજ તેને દંડ થતો.

વિદ્યાર્થીઓને સાદો ખોરાક આપવામાં આવતો. ચોખાની ઘેંસ નાસ્તામાં અપાતી. ભોજનનાં નિમંત્રણોમાં શેરડી, ગોળ, દહીં અને દૂધ પિરસાતાં. બીજી રીતે પણ વિદ્યાર્થીનું જીવન આકરું હતું.

આ અનેકરંગી છાત્રોનાં વિદ્યાલયો ઉપરાંત તક્ષશિલામાં બ્રાહ્મણ કે ક્ષત્રિયના વિશિષ્ટ વર્ગને માટે પણ વિદ્યાલયો હતાં. કોઇ ગુરુને ત્યાં પાંચસો બ્રાહ્મણ-વિદ્યાર્થીઓજ હોય તો કોઇને ત્યાં માત્ર ક્ષત્રિયોજ હોય.

પાંચસો વિદ્યાર્થીઓને એકીસાથે શિક્ષણ આપવું, એ એક ગુરુને માટે અવશ્ય ઘણું કઠણ હતું. ઊંચા વર્ગના વિદ્યાર્થીઓ ગુરુને શિક્ષણકાર્યમાં ખાસ સહાયતા આપતા. કેટલીકવાર વિદ્યાગુરુ પોતેજ 'વડા વિદ્યાર્થી'ને પોતાની ગેરહાજરીમાં પોતાનું કામ સંભાળવાનું કહેતા.

તક્ષશિલાના એક વિદ્યાગુરુ એકવાર કાંઇ કામને માટે કાશી ગયા અને વડા વિદ્યાર્થીને કહેતા ગયા કે, "પુત્ર! હું બહારગામ જાઉં છું. મારી ગેરહાજરીમાં આ શિષ્યોનું શિક્ષણ તારે સંભાળવાનું છે." આ પ્રમાણે મોટા વિદ્યાર્થીઓ અધ્યાપકના કાર્ય માટે લાયક બનતા.

હંમેશાં વિદ્યાલયોમાં રાત્રે અને દિવસે જુદે જુદે સમયે ઘણા વર્ગો લેવાતા. વિદ્યાર્થીઓને અનુકૂળ આવે એવા સમયો ગોઠવી અધ્યાપન થતું. ગરીબ વિદ્યાર્થીઓ જેઓ દિવસે પરિચર્યામાં રોકાતા તેઓ ગુરુઓ પાસે રાત્રે ભણતા. રાજકુમાર જુંહ અધ્યાપક પાસેથી શિક્ષણ લઇ મોડી રાત્રે અંધારામાં પોતાને ઘેર પાછો ફર્યો હતો. જે જે વિદ્યાર્થીઓ ફી આપીને ભણતા તેમને જ્યેષ્ઠપુત્રસમાન ગણવામાં આવતા અને જયારે તેઓ ઇચ્છે ત્યારે તેમને શીખવવામાં આવતું.

હવે આપણે તક્ષશિલાના અભ્યાસક્રમ ઉપર આવીએ. જાતકોમાં વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તક્ષશિલામાં વેદત્રયી અને અષ્ટાદશ કલામાં કેળવણી પરિપૂર્ણ કરવાને વિદ્યાર્થીઓ આવતા. કેટલીકવાર વેદ અથવા કલાઓ એમાંથી એક વિદ્યાર્થીઓ પસંદ કરતા.

જાતકના સમયમાં અથર્વવેદનો સામાન્ય કેળવણીમાં સમાવેશ કરવામાં આવતો નહિ. વેદ કંઠે કરવા પડતા. તક્ષશિલાના ગુરુઓના મુખેથી પાંચસો વિદ્યાર્થીઓ વેદાધ્યયન કરતા. તક્ષશિલાનાં કેટલાંક વિદ્યાલયોમાં હસ્તિશિક્ષા, મૃગયા, ધનુર્વિદ્યા આયુર્વેદ વગેરે શીખવવામાં આવતાં. આમાથી એક વિદ્યામાં ઘણા વિદ્યાર્થીઓ નિષ્ણાત થતા.

પ્રત્યેક વિષયનું શાસ્ત્રીય તેમજ વ્યવહારોપયોગી જ્ઞાન આપવામાં આવતું. ગુરુની દેખરેખ નીચે આયુર્વેદનો અભ્યાસ કરાવવામાં આવતો. તક્ષશિલામાં વનસ્પતિનું જ્ઞાન સંપાદન કરવા માટે પ્રત્યેક છોડના ગુણો વૈદ્યકદષ્ટિથી તપાસવા પડતા. બીજા વિષયોમાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી વ્યાવહારિક જ્ઞાન મેળવવાને વિદ્યાર્થીઓ પ્રવાસ કરતા. એક બ્રાહ્મણ-વિદ્યાર્થીએ તક્ષશિલામાં ધનુર્વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી પોતાની કળાના વ્યવહારુ ઉપયોગને માટે છેક આંધ્રદેશ

સુધી પ્રવાસ કર્યો. મગધનો રાજપુત્ર, તક્ષશિલામાં બધી કળાઓનું જ્ઞાન પ્રાપ્ત કરીને વ્યાવહારિક જ્ઞાનાર્થે ગામેગામ ફર્યો. કેટલાક તો સ્થાનિક રીતરિવાજો સમજવાના હેતુથી પ્રવાસ કરતા. શિક્ષણ પૂરું કરીને વ્યાપારીના બે પુત્રો અને એક દરજીનો પુત્ર ગામડાંના રીત-રિવાજ જાણવાને માટે પ્રવાસે ગયા. કોસલનો રાજકુમાર વેદ અને કળાઓનું સાંગોપાંગ અધ્યયન કર્યા પછી વ્યવહારોપયોગી જ્ઞાન મેળવવાને દેશપરદેશ વિચર્યો.

આ પ્રમાણે આ સમયની કેળવણીનું અગત્યનું સ્વરૂપ એ હતું કે, સ્નાતક અથવા નિષ્ણાત થયા પછી જુદા જુદા દેશના રીતરિવાજ, મનુષ્યસ્વભાવ ઇત્યાદિ પારખવાને વિદ્યાર્થી પ્રવાસે જતો. આથી એની દૃષ્ટિ વિશાળ બનતી અને જીવનને માટે એ બહુ સારી રીતે તૈયાર થતો.

તક્ષશિલામાં આયુર્વેદની ઉત્તમોત્તમ કૉલેજ હતી. પ્રસિદ્ધ વૈદ્ય જીવક ત્યાંના વિદ્યાર્થી હતા. વળી ધર્મશાસ્ત્રનું પણ અહીંયાં સરસ જ્ઞાન અપાતું. તક્ષશિલાની "લશ્કરી શાળાઓ" કાંઇ ઓછી પ્રસિદ્ધ નહોતી. એવી એક શાળા તો હિંદના એકસો ત્રણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યાનું વાસ્તવિક અભિમાન લેતી.

મધ્યકાલીન હિંદમાં જે ઉચ્ચ પદ નાલંદાનું હતું, તેવુંજ ઉચ્ચ પદ પ્રાચીન હિંદમાં તક્ષશિલાનું હોય એમ જણાય છે; પરંતુ આ મહાન વિદ્યાપીઠનો નાશ અત્યંત સ્વચ્છંદી અને નિર્દય રીતે કરવામાં આવ્યો. ઇ. સ. ૪૫૦ થી ૫૦૦ સુધીમાં જંગલી હૂણ લોકોએ તક્ષશિલાની વિદ્યાપીઠનો વિનાશ કર્યો.* ("વસંત"ના એક અંકમાંથી)

---

* આ લેખ લખવામાં નીચેનાં સાધનોનો છૂટથી ઉપયોગ કર્યો છેઃ—

૧. ડૉ. એની બિસેંટનું 'ઇંડિયન એજ્યુકેશન—પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ.'

૨. પ્રો. રાધાકુમુદ મુકર્જીનો, વિશ્વભારતી, ઑક્ટોબર, ૧૯૨૩ માંનો 'ઇંડિયન એજ્યુકેશન ફ્રોમ ધી જાતકસ' નામનો લેખ,

१२८–ज्ञानना दीपक प्रगटावो

(લેખકઃ–આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોય)

આજ આપણે કટોકટીના જમાનામાંથી પસાર થઇએ છીએ. આથી કરીને આજથી ત્રણ–ચાર જમાના પહેલાં આપણે જે જાતની જિંદગી ગુજારતા, તે જાતની જિંદગી ગુજારવાથી આપણું કામ નહિ ચાલી શકે. આપણે પ્રજાઓ અને સામ્રાજ્યોની ચડતી અને પડતી નિહાળી છે. જાપાનના ઉત્થાન અને વિકાસ તમે જોયા. અર્ધી સદી પહેલાંનું જાપાન કેવું હતું તે તમે જાણ્યું છે. તેણે પોતાના આળસને દૂર ફેંકી દીધું, નમાલાપણાને હટાવી દીધું અને આજ તે પ્રજાસંઘની વચમાં જઈ ખડું છે. તે પ્રગતિ અને કીર્તિના માર્ગ ઉપર આગળ ધપી રહ્યું છે અને આપણે જમાનાઓ થયાં ઊંઘમાં પડ્યા છીએ. એ ઊંઘમાં ને ઊંઘમાં આપણે પાછળ પડતા ગયા છીએ.

બ્રિટિશ હિંદમાં આપણી આજની હાલત કાજે રાજકર્તાવર્ગને માથે સઘળો દોષ ઢોળવવામાં આવે છે; પણ તેજ વખતે આપણે એક બાબત ભૂલીએ છીએ. એ બાબત એ છે કે, આપણે ફરજ ચૂક્યા છીએ અને આ ભૂલનો દોષ બીજાને માથે ઢોળવાના બહાનાની સગવડ આપણે શોધી કાઢી છે, પણ માતૃભૂમિના સાચા પુત્રતરીકેની આપણી ફરજ જો આપણે અદા ન કરીએ, તો રાજકર્તા ગમે તેટલો ભલો હોય તોય શું કરી શકવાનો ?

સમસ્ત હિંદી પ્રજાનો એકજ ધર્મ છે. એ ધર્મ તે રાષ્ટ્રધર્મ, માતૃભૂમિ પ્રત્યે અનન્ય પ્રેમધર્મ. રૂસો–જાપાનીસ યુદ્ધસમયે જાપાનની પ્રજા એજ પ્રેમધર્મથી ઘેલી બની હતી. દેશની ભૂમિ પ્રત્યેના એ અનન્ય પ્રેમને કારણે એ યુદ્ધમાં કેટલીક માતાઓએ આપઘાત કરવાનું બહેતર માન્યું હતું; કારણ તેમનાં બાળકો લડાઈના કાયદાની રૂએ સૈન્યમાં ભરતી થઇ શક્યાં ન હતાં. જાપાનીસ માતાઓનો એ

અપૂર્વ જુસ્સો હતો. રજપૂત–વીરત્વના દિવસોમાં આપણા દેશમાં પણ એવી માતાઓ હતી અને અત્યારે પણ ફાંસીને લાકડે લટકતા પોતાના પુત્રને જોઇ હસનારી કોઈ કોઇ માતાઓ હયાત છે. પોતાની જાત–પેટની પૂજાને સ્થાને રાષ્ટ્રપૂજાની સ્થાપના કરવી પડશે. એ તત્ત્વ જ્યારે આપણી માતાઓ સમજશે, ત્યારે તે ક્ષણ આપણા દેશના ઇતિહાસમાં નોંધવાલાયક પળ લેખાશે. તમારા દેશ પ્રત્યેનો તમારો પહેલો ધર્મ એ છે કે, તમે તમારી માતાઓ, બહેનો, સ્ત્રીઓ અને પુત્રોને સમજાવો કે, વિશ્વવિદ્યાલયનું શિક્ષણ પામી બહાર આવવામાં સરકારી કે ખાનગી ગુલામી કરવા કરતાં કોઇ ઓરજ હેતુ રહેલો છે. તમારાં બાળકોને સ્નાતક બન્યા પછી વકીલાત કાજે ધકેલતા નહિ. રાષ્ટ્રની શક્તિના ગર્વનો ખ્યાલ રાખજો. આપણો દેશ વકીલોથી ઊભરાય છે. આજ દેશના ખૂણેખૂણામાં, ગામડે ગામડે, દૂર દૂરના ઝૂંપડે ઝૂંપડે, એ અજ્ઞાનના અંધકારમાં પડેલાં હરેક સ્થાનમાં જ્ઞાનનો દીપક પ્રગટાવવાની જરૂરત છે.

આપણા દેશના વાનપ્રસ્થ થયેલા અમલદારો પણ દેશકાર્યમાં સારી સેવા બજાવી શકે; પણ હાલ તો તેઓ પણ નોકરી પરથી ઊતર્યા પછી નકામો સમય બરબાદ કરે છે. આ અમલદારોમાંના કેટલાક તો પોતાના અમલ દરમ્યાન " સ્વદેશ "–વિલાયતયાત્રા કરવા પાછળ હજારો રૂપિયા ખર્ચી કાઢે છે. આ હજારો રૂપિયામાંથી જો તેઓ થોડી પણ રકમ તેમના આ દેશવાસી અજ્ઞાન ભાઇઓને કેળવણી આપવા પાછળ ખર્ચે તોયે દેશપ્રત્યે અગણિત સેવા બજાવી શકે. તેઓ ભલે રાજકારણમાં ભાગ ન લે! પણ દેશની સામાજિક, આર્થિક કે ધાર્મિક સુધારણા કાજે તેમણે શું કર્યું છે? " શૂન્ય ". તેઓ ગામડાંઓનાં પુનર્ગઠનની બાબતમાં લાંબી–ચોડી વાતો ફેંકે છે.

આપણા કાર્યનું કેન્દ્ર ગામડાંઓ છે. કેળવાયલા વર્ગને કોઈ ને કોઈ દિવસ ગામડાંઓમાં પાછા જવુંજ પડશે, તો પછી આજેજ તે કામ શા સારુ કરતા નથી? (" દલિતકોમ "ના એક અંકમાંથી)

१२९–परप्रांतना युवकोने शिक्षक बनाववाना खास वर्ग

દેશનું યૌવન પ્રખર અને મજબૂત બનાવવાનો નિશ્ચય

[અમરાવતીના "શ્રીહનુમાન વ્યાયામ પ્રચારક મંડળ" તરફથી "શારીરિક શિક્ષણવર્ગ"નો ૧૯૨૭ નો બહાર પડેલો હેવાલ અત્રે વિગતવાર આપવામાં આવ્યો છે. તે પ્રત્યે અમે ગુજરાતી યુવકોનું ખાસ ધ્યાન ખેંચી આવતા મે મહિનામાં આ વર્ગનો અવશ્ય લાભ લેવાની અતિ આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ. દેશભરમાં અંગબળ કેળવવા વ્યાયામશાળાઓ સ્થાપન થવી જોઇએ, એવી આ મંડળની ઉમેદ છે; અને તેથી તેઓ ઉપલો વર્ગ શરૂ કરી એક મહિનામાંજ શિક્ષકો તૈયાર કરે છે. અમે આશા રાખીશું કે, આવતા ઉનાળામાં ગુજરાતનાં શહેરેશહેરમાંથી થોડાઘણા પણ યુવાનો અમરાવતી જઇ આ વર્ગનો લાભ લેશે. —તંત્રી]

દેશના યુવાનવર્ગની શારીરિક ઉન્નતિ કરવાના હેતુથી સન ૧૯૧૪ માં અમરાવતીમાં "શ્રીહનુમાન વ્યાયામ પ્રચારક મંડળ" ની સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળ મારફતે હાલ એકલા વરાડ પ્રાંતમાંજ સો વ્યાયામશાળાઓ ચાલતી હોઇ તે સર્વેમાં મળી આશરે ત્રણ હજાર યુવકો અંગબળ કેળવી રહ્યા છે. આ સો શાળામાંનું હનુમાન વ્યાયામ મંદિર મુખ્ય હોઈ પાંચસો યુવાનો તેનો લાભ લે છે; એટલુંજ નહિ પણ પૂના, નાગપુર, જબલપુર, મીરજ, હૈદ્રાબાદ વગેરે જેવાં દૂરનાં સ્થળોએથી પણ કેટલાક વ્યાયામપ્રેમી યુવકો આવી અહીંથી તાલીમ મેળવી ગયા છે અને પોતપોતાનાં શહેરોમાં વ્યાયામપ્રચાર કરી રહ્યા છે.

મંડળના શિક્ષકવર્ગ

આજની સ્થિતિમાં દેશભરમાં વ્યાયામનો પ્રચાર થવો અત્યંત

અગત્યનો છે; પણ તે માટે કોઇ બહારના શહેરમાં જઇ પાંચ-છ વર્ષ સુધી રહીને તાલીમ મેળવવી અશક્ય થઇ પડવાથી આ મંડળે દર સાલ ઉનાળાની રજાના દિવસોમાં ખાસ શિક્ષકવર્ગ ખોલ્યા છે, જેમાં દોઢ મહિનામાં શિક્ષક તૈયાર કરવામાં આવે છે.

પહેલે વર્ષે આ વર્ગનો માત્ર ૧૩ વિદ્યાર્થીઓએજ લાભ લીધો હતો; પણ છેલ્લાં ત્રણચાર વર્ષમાંજ આ સંખ્યા ૨૦૦ જેટલી વધી પડી અને છેલ્લા ઉનાળામાં તો મદ્રાસ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પૂના, ગુજરાત, કાઠિયાવાડ, બિહાર, યુક્તપ્રાંત અને ખાનદેશ જેવાં દૂરનાં શહેરોમાંથી સિફારસપત્રોસહ લગભગ ૩૫૦ યુવાનો તાલીમ મેળવવા આવી ચડયા હતા; જેમાં હાઇસ્કૂલના માસ્તરો, હેડમાસ્તરો, વકીલો, ડૉક્ટરો, સ્કાઉટ કમિશ્નરો વગેરે પણ હતા. આથી "**नाट्यं भिन्नरूचेर्जनस्य बहुधाप्येकं समाराधनम्**" એ કવિવર્ય કાલિદાસની ઉક્તિ આ વર્ગને બરાબર લાગુ પડે છે.

લશ્કરી કૅમ્પની શિસ્ત

આ વર્ગની રહેવાની તથા ખાવાની વ્યવસ્થા શ્રીમાન શેઠ પન્નાલાલજીના બંસીબાગમાં લગભગ ૧૫ તંબૂ ઠોકી કરવામાં આવી હતી. આ તંબૂઓને 'શિવાજીશિબિર,' 'તાનાજીશિબિર' વગેરે નામો આપવામાં આવ્યાં હતાં. આથી કેમ જાણે લશ્કરી કૅમ્પમાં આપણે ફરતા ન હોઇએ એવો જોનારને ભાસ થયા વિના રહેતો નહિ. આ કૅમ્પ પર દેખરેખ રાખવા ચાર સુપરિન્ટેન્ડેન્ટો રાખવામાં આવ્યા હતા. રાત્રે પહેરો રાખવામાં આવતો. સુપરિન્ટેન્ડેન્ટની પરવાનગી સિવાય કેમ્પ બહાર જવાની મનાઇ હોય છે. વાંચવા માટે સર્વે પ્રમુખપત્રો રાખવામાં આવે છે. આ વર્ગનો લાભ લેનાર મહેમાનો માટે ૧૫૦ કાર્યકર્તાઓ કોઈ પણ જાતની ધનિક અપેક્ષા વિના કામ કરતા હતા.

કૅમ્પનું કામકાજ

પ્રાતઃકાળે બરાબર પાંચ વાગે બ્યૂગલ થતાંની સાથેજ સર્વ યુવ-

કોએ ઊઠીને પોતાના પ્રાતઃવિધિ આટોપી લઇ યુનિફોર્મ ચડાવીને પોણા ૭ વાગે મેદાનમાં હાજર થઇ જવું જોઇએ. બાદ પ્રથમ રાષ્ટ્રીય ભાવવાહી પ્રાર્થનાઓ ગાવામાં આવે છે. તે પછી ૭ વાગ્યાથી અભ્યાસક્રમ શરૂ થઇ જાય છે. આખા શિક્ષણક્રમના ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. પહેલા વર્ગના સાત વિભાગ છે. સવારના ૬ થી ૯ાા સુધીમાં ચાર વિષય અને સાંજે પાા થી ૭ાા સુધીમાં ત્રણ વિષય; એમ તાલીમ આપવામાં આવે છે. સવારના ૧૦ થી ૧૨ દરમિયાન નાહી-ધોઇ જમણ કરવાનું હોય છે. ૧૨ થી ૩ાા સુધીમાં આરામ, વાચન, શીખી ગયેલા વિષયોની નોંધ અને ડાયરી લખવાની હોય છે. આમાં માનસિક પ્રગતિ વિષે પણ લખવું પડે છે. ૩ાા થી ૪ાા કલાકમાં 'ફર્સ્ટ એઇડ' (તાત્કાલિક શુશ્રૂષા), પ્રકૃતિસ્વાસ્થ્ય, અંગબળ વગેરે વિષયો પર ભાષણો થતાં પાા થી ૯ સુધીમાં ભોજન પતાવી રાત્રે ૧૦ વાગે બ્યૂગલ થતાં આરામ કરવો એવો દૈનિક કાર્યક્રમ હતો. રવિવારે રજા આપવામાં આવતી, જ્યારે આજુબાજુનાં પ્રેક્ષણીય સ્થળો જોવા વિદ્યાર્થીઓને લઇ જવામાં આવતા.

પહેલા વર્ગનો અભ્યાસક્રમ

પહેલા વર્ગના વિદ્યાર્થીઓને, કુસ્તી, મલખંભ, લાઠી, સ્કાઉટિંગ, બોથાટી, યૌગિક વ્યાયામ, ભાલા, તલવાર, લેઝીમ, મગદળ, ડંબેલ્સ, એ શિક્ષણ આપવામાં આવે છે. બીજા વર્ગને ઉપલા ઉપરાંત જમ્બિયા, દાંડપટો, ડબલ બાર એનું શિક્ષણ આપવામાં આવે છે; જ્યારે ત્રીજા વર્ગમાં આ વિષયોની વધુ તાલીમ એટલે લાઠીના હુમલા, મારામારી, છરી ગદગા, પરશુના ઉપયોગ વગેરેની તાલીમ આપવામાં આવે છે.

કેમ્પમાં દાખલ કરતાં પહેલાં દરેક ઇચ્છુકને દાક્તરો પાસેથી તપાસવામાં આવે છે; તેમજ વચ્ચે વચ્ચે મિજબાની, કેમ્પ-ફાયર જેવા પ્રસંગો ગોઠવવામાં આવે છે. આથી શિસ્તની કઠોરતા ન

ભાસતાં વિવિધતા, નવીનતા અને મનોરંજકતાનો લાભ મેળવી વિદ્યાર્થી કદી કંટાળતા નથી.

એ રીતે એક મહિનાનો અભ્યાસક્રમ થતાં ત્રણ દિવસ તેની પુનરાવૃત્તિ (રિવિઝન) કરવામાં પસાર થાય છે. તે પછી પરીક્ષા લેવામાં આવે છે. ગઇ વખતે ૨૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા, જેમાંથી ત્રીજા વર્ગમાં ૧, બીજામાં ૧૭ અને પહેલામાં ૧૭૨ જણા પસાર થયા. તેમને અનુક્રમે વ્યાયામવિશારદ, વ્યાયામપટુ અને વ્યાયામ-પ્રવેશ એવાં પ્રશંસાપત્રો (સર્ટિફિકેટો) આપવામાં આવ્યાં હતાં.

× × × ×

ઉપર અમે ખાસ હેતુસર વિગતવાર માહિતી આપી છે, જે પરથી આ પ્રચંડ વ્યાયામ–પ્રચારનો પૂરેપૂરો ખ્યાલ વાચક મેળવી શકશે. ત્યાં પ્રાંતિક કે જાતીય ભેદ ન હોવાથી કોઇ પણ ગુજરાતી તેનો લાભ લઈ શકે છે. ગઇ સાલના વિદ્યાર્થીઓનાં અમે નામ મેળવી તપાસી જોયાં, જેમાં ગુજરાતીઓની સંખ્યા ઘણીજ ઓછી હતી. વાસ્તવિક પૈસેટકે ગુજરાત સમૃદ્ધ છે, એટલે અમરાવતી જવા–આવવાનું રેલવે ભાડું ખર્ચી શકે છે; પરંતુ આપણા ગુજરાતી યુવકોમાં અંગબળ માટે હજીય લાગણી પેદા થતી નથી, એ અતિ શોચનીય છે. જે ગુજરાતી વ્યાપારાર્થે આખું જગત પાદાક્રાંત કરે છે, યુનિવર્સિટીની મોટી પદવીઓ (ડિગ્રી) મેળવે છે, તે શું ખરા હૃદયથી નિશ્ચય કરે તો મજબૂત ન બને ? ગુજરાતના યુવકોએ હવે આ દિશામાં મનોનિગ્રહ કરી ઝંપલાવવું જોઇએ અને ‘ગાંડી ગુજરાત’ એવા અપમાનકારક શબ્દોથી બીજા લોકો સંબોધે છે, તે સંબોધન પ્રત્યક્ષ કૃતિથી ધોઇ નાખવું જોઇએ.

(“ હિંદુસ્તાન ”ના એક અંકમાંથી)

૧૩૦-विधवाविवाह योग्य छे के अयोग्य ?

(લેખકઃ-મહાત્મા ગાંધીજી)

અવિચારી માબાપે જેને બચપણમાં પરણાવી દીધી હતી, જેણે પતિને કદી જોયો કે ઓળખ્યો ન હતો, તે બાળા 'વિધવા' થઇ એ બીનાને વિષે મેં મત આપ્યો હતો કે, તેનો વિવાહજ હું થયો ગણું નહિ; પણ વિવાહ થયો ગણાય કે નહિ એ ચર્ચા બાજુએ મેલીને તે બાળાને ફરી પરણાવવાનો માબાપનો ધર્મ છે. આ મારો અભિપ્રાય છાપે ચઢ્યો જોઇ, એક સજ્જને મને લાંબો કાગળ હિંદીમાં લખ્યો છે તેની મતલબ આ છેઃ—

"જે કારણો તમે બાળવિધવાના પુનર્લગ્નને સારુ યોજશો, તે બધાં બીજી વિધવાઓને લાગુ પાડી શકાશે; તો પછી તમે વિધવામાત્રના પુનર્વિવાહને ઉત્તેજન આપશો ? હું તો કહું છું કે, પુરુષોનાંજ પુનર્લગ્ન રોકવાં જોઇએ, ને વિધવાવિવાહની છૂટ તો નજ આપવી જોઇએ."

આવા પ્રકારની દલીલથી મનુષ્ય ઘણાં પાપ કરતો આવ્યો છે. ઉત્તરધ્રુવમાં જ્યાં બારે માસ બરફ જામેલો રહે છે, ત્યાં મનુષ્યને માંસાહાર કરવો પડે છે; તેથી અહીં ગરમીમાં પણ માંસ ખાવામાં દોષ નથી એવી દલીલ કરનારા માંસાહારીઓને હું ઓળખું છું.

જ્યાંત્યાંથી પાપને પોષવાની વાત આપણને તુરત જડી આવે છે. પુરુષ પુનર્લગ્ન કરતો રોકાવાનો નથી, પણ એને આડે ધરીને વિધવાને ન્યાય ચૂકવવાનું મુલતવી રાખો. સ્વરાજ્યને સારુ આપણને નાલાયક બનાવનાર કહે છે, 'લાયક બનો ને સ્વરાજ્ય લો.' અસ્પૃશ્યને દબાવી તેની અધોગતિ કરનાર આપણે કહીએ છીએઃ 'અસ્પૃશ્યો સારા થાય ને ભલે આપણી સાથે ભળે.'

મનુષ્ય પોતાની પાસે ખોટા વાણિયાની જેમ બે ત્રાજવાં રાખે

છે. એકથી લે છે અને બીજાથી દે છે. પોતાના પર્વત જેવડા દોષ રાઈના દાણા જેટલા ઝીણા જુએ છે ને બીજાના રાઈ જેટલા દોષને પર્વત જેવડા જુએ છે.

જો ન્યાયબુદ્ધિથી પુરુષ વિચારે તો જાણે કે, વિધવાને દબાવવાનો તેને અધિકાર નથી. બળાત્કારે પળાવેલું વૈધવ્ય ભૂષણ નથી, પણ દૂષણ છે. એ ગુપ્ત રોગ છે ને સંગપ્રસંગે ફૂટી નીકળે છે. ઉમ્મરે પહોંચેલી સ્ત્રી વિધવા થતાં ફરી પરણવાની ઇચ્છા સરખી ન કરે તે જગદ્વંદ્ય છે–તે ધર્મનો સ્તંભ છે; પણ જેને ફરી પરણવાની ઇચ્છા થઇ છે, ને જે સમાજના ભયથી કે કાયદાના અંકુશથી રોકાય છે, તે તો મનથી ફરી પરણી ચૂકી છે. તે વંદના કરવા લાયક નથી, તે દયાને પાત્ર છે ને તેને ફરી વિવાહ કરવાની છૂટ હોવી જોઇએ. એ જાતની છૂટ પૂર્વે હતી. રૂઢિને વશ થઇને ઊંચ વર્ણના ગણાતા હિંદુઓએ આ ઐચ્છિક ધર્મને કાયદો કરી મેલી ધર્મમાં બળાત્કાર દાખલ કર્યો છે.

ન્યાય એમ કહે છે કે, જ્યાંલગી વિધુરને ફરી પરણવાનો હક છે, ત્યાંલગી વિધવાને તેજ શરતે હોવોજ જોઇએ. સમાજની રક્ષાને સારુ અમુક પ્રતિબંધોની આવશ્યકતા રહે છે. તે પ્રતિબંધ બન્ને વર્ગને સારુ સરખા હોવા જોઇએ ને તેમાં જેમ આખા સમજુ પુરુષવર્ગની તેમ સમજુ સ્ત્રીઓની સંમતિ હોવી જોઇએ.

બાળવિધવા અને બીજી વિધવા વચ્ચેનો ભેદ ભુલાવો ન જોઇએ. બાળવિધવાને ફરી પરણાવી દેવાનો માબાપનો ને સમાજનો ધર્મ છે; પણ બીજી વિધવાને વિષે તેવો ધર્મ નથી. તેમની ઉપર તો અત્યારે રૂઢિનો કે કાનૂનનો જે બળાત્કાર છે, તે દૂર કરવાનીજ આવશ્યકતા છે. એટલે કે તેવી વિધવા બીજો વિવાહ કરવા ઇચ્છે, તો તેને તેમ કરવાની છૂટ હોવી જોઇએ.

મોટી ઉમ્મરે પહોંચેલાં વિધુર કે વિધવાનાં પુનર્લગ્ન ઉપર તો

કેવળ પ્રજામતનો અંકુશજ હોઇ શકે. અત્યારે તો પ્રજામત ઊલટી દિશામાં વહી રહ્યો છે; પણ જ્યાં ધર્મનું, મર્યાદાનું, સંયમનું પાલન વ્યાપક હોય, ત્યાં થોડાંજ સ્ત્રીપુરુષો મર્યાદાનું ઉલ્લંઘન કરશે. અત્યારે તો જે પાળે તેનો ધર્મ છે. સાઠ વર્ષના ધનિક બુઢ્ઢા દશ કે બાર વર્ષની કન્યાની સાથે ત્રીજો વિવાહ કરતાં શરમાતા નથી ને સમાજ તેને સાંખે છે અને જ્યારે ગરીબ વીસ વર્ષની વિધવા સંયમ જાળવવાનો યત્ન કરતાં છતાં નથી જાળવી શકતી તેથી ફરી વિવાહ કરવા ઇચ્છે છે, ત્યારે સમાજ તેનો તિરસ્કાર કરે છે! આ ધર્મ નહિ પણ અધર્મ છે.

આ બળાત્કારને, અધર્મને દૂર કરવાની સામે બીજા દેશોની અનીતિ ઇત્યાદિ ટાંકવાં નિરર્થક અને અપ્રસ્તુત છે. બાળવિધવાથી માંડીને બુઢ્ઢી વિધવાપર્યંત સૌ સતી સીતા જેવી પવિત્ર હોય તોપણ હું કહું કે, તેઓને ફરી પરણવાની ઇચ્છા થાય, તો તેમને બળાત્કારે રોકવાનો કોઇને અધિકાર નથી. તેમને પ્રેમપૂર્વક સમજાવવાનું સમાજનું કામ છે, તેમને દબાવવાનો સમાજને અધિકાર નથી.

પોતાને વિષે જે ગજ આપણે વાપરીએ છીએ, તે બીજાને વિષે વાપરતા થઇ જઇએ તો દુનિયાના ત્રણે તાપ ટળે ને ધર્મની સંસ્થાપના ફરી એક વાર થાય.

("નવજીવન"ના એક અંકમાંથી)

१३१–उद्बोधन

(લેખકઃ–ઠા. અનુરૂપસિંહ)

ઉઠો ! જાગો પુત્રો હમારે,
હુએ કૈસે પ્રબલ હૈં રિપુ તુમ્હારે;
હમેં નિત પદ–દલિત વે કર રહે હૈં,
કઠિન અતિશય હમેં દુઃખ દે રહે હૈં. ૧
અહહ તુમ પર હૈ કૈસી નિંદ છાયી,
નહીં પડતા હૈ તુમ્હેં કુછ ભી દિખાયી;
તુમ્હારા ધન વિદેશી હર રહે હૈં,
તુમ્હારે સાથ છલ નિત કર રહે હૈં. ૨
ગુલામી મેં પડે કબતક રહોગે,
કઠિન પારતંત્ર્ય–દુઃખ કબતક સહોગે;
ઉઠો બૈઠો જરા આંખેં તો ખોલો,
કરોગે જગ મેં તુમ ભી કુછ તો બોલો. ૩
રહે પરતંત્ર જગ મેં દેશ જિતને,
સમ્હલતે જા રહે ઉનમેંસે કિતને;
જગે હૈં મિશ્ર, ટર્કી ઔર કાબુલ,
હુઆ હૈ ચીન ભી જગને કો વ્યાકુલ. ૪
મચી જાગૃતિ કી હલચલ વિશ્વભર મેં,
હુઆ હૈ જાગરણ પ્રત્યેક ઘર મેં;
લગી હૈ કાંપને જાગૃતિ સે ધરણી,
તજોગે નિંદ નહીં ક્યા કુંભકરણી? ૫
સુનો સ્વાતંત્ર્ય–વીણા બજ રહી હૈ,
ગુલામી એશિયા કો તજ રહી હૈ;
મૃદુલ ઉષા છટા નવ છા રહી હૈ,

સ્વયં સ્વાધીનતા જનુ આ રહી હૈ. ૬
સભી સ્વાધીન હોંગે દેશ જગ કે,
હટેંગે શૂલ નહીં ક્યા મેરે મગકે?
જગત કે લોગ જબ સબ જગ રહે હૈં,
તો અવસર આપ યહ ક્યોં તજ રહે હૈં? ૭
ઉઠો પુત્રો! નિશા વીતી હૈ કાલી,
છાઇ ઉષા કી પ્રાચી દિશિ મેં લાલી;
કરો સ્વાધીનતા કા અબ તો સ્વાગત,
સ્વયં જો આજ દેવી હૈ સમાગત. ૮
જરા સોચો તો મન મેં કૌન હો તુમ,
નહીં ક્યા વીર વંશજ આર્ય હો તુમ?
તુમ્હીં સંતાન અર્જુન ભીષ્મ કે હો,
તુમ્હીં અવતંશ લક્ષ્મણ, કર્ણ કે હો! ૯
ઉઠો પુત્રો! કરો હુંકાર તુમ ભી,
'બહાદુર' હો કહે સંસાર તુમ ભી;
ગુલામી કી કડી કો અબ ભી તોડો,
ઘૃણિત નિદ્રા સે અબ ભી મુખ તો મોડો. ૧૦
હરો પારતંત્ર્ય-રજની શીઘ્ર કાલી,
દિખાઓ વીરતા અપની નિરાલી;
અમર સ્વાતંત્ર્ય-રણ મેં નામ હોગા,
તુમ્હારા શ્લાઘ્ય જગ મેં કામ હોગા. ૧૧
યહાં સ્વાતંત્ર્ય-ઝંડા ફિર ગડેકા,
પુનઃ ભારત સમુન્નતિ પર ચઢેગા;
'અમર' જગ મેં તુમ્હારા નામ હોગા,
તુમ્હારા દેશ ફિર સુખધામ હોગા. ૧૨

("વિશ્વમિત્ર" ના એક અંકમાંથી)

१३२–मुस्लिम बिरादरोने भलामण

(લેખકઃ–શ્રી. "સલામ આલેકુમ")

બિરાદરો ! આજે તમારો વરસમાંનો એક મહત્ત્વનો તહેવાર છે. આ તહેવારનું મૂળસ્વરૂપ ધ્યાનમાં આણો. હિંદુઓના પિતૃપક્ષ, પારસીઓનાં ડોલસાં તેવોજ તમારો મોહરમનો તહેવાર છે. દરેક તહેવાર સાથે ભૂતકાળના ઇતિહાસની દાહક કે ઉલ્લાસક સ્મૃતિ રહેલી હોય છે; તેમ તમારા બુઝુર્ગોના દુઃખદાયક અંતનું સ્મરણ કરાવનારો આ તહેવાર હોવાથી, અત્યારે તમારે મનની એકાગ્રતા અને શાંતિ જાળવવી જોઇએ.

લીલા પર લાલ ડાઘા

હાલ તો કોમી રમખાણોના અગ્નિકુંડમાં દેશ હોમાયેલો છે. રોજ રોજ કંઇ ને કંઈ ખરાં ને ખોટાં તોફાનો, મારામારી, ગંભીર ઇજાઓ અને ખૂનના ચોંકાવનારા સમાચાર મળ્યાજ કરે છે. મોહરમનો તહેવાર શરૂ થયો એટલે તો ઉત્તર–હિંદમાંથી તોફાનના સમાચાર આવી પહોંચ્યા ! બિરાદરો ! તમારા ધાર્મિક ઝંડાનો રંગ લીલો છે. ઇસ્લામ એટલે શાંતિધર્મ, એ તમારો ધર્મ છે. લીલો રંગ એ તો સૃષ્ટિની લીલોતરી જેવો નજરને ઠંડક અને આહ્લાદ આપનારો તેમ મનને પ્રસન્નતા અને સોજ્જવલતા આપનારો છે; પણ કંઈક કારણસર ઉપરાછાપરી તે પર માનવલોહીના છાંટા ઊડે છે અને તેની આહ્લાદકતા તથા પ્રસન્નતા ઝાંખી પડી જાય છે. ધર્મનું નિશાન લોહીથી ખરડાવવું એજ બુઝુર્ગોનો આદેશ હોત, તો તેમણે તે લાલ રંગનું બનાવ્યું હોત, લીલા રંગનું નહિજ; પરંતુ જ્યારે સૃષ્ટિની અનુપમ પ્રસન્નતા દર્શાવનાર લીલા ઝંડા પર વારેવારે નજરને ત્રાસ આપનાર અને હૃદયમાં કમકમાટ ઉપજાવનાર લાલ લોહીના છાંટા ઉડાવવામાં આવે, ત્યારે સહેજે વિચાર કરવો પડે છે કે, શું આખા જગતને આનંદમય બનાવવાના હેતુઓ ધરાવનાર બુઝુર્ગોની આપણે

આવીજ કદર કરતા હોય શું ?

તોફાનો કેમ થાય છે?

તો પછી આપણે વિચારવું જોઇએ કે, આ તોફાનો કેમ થતાં હશે? ઉપરટપકે જણાવવામાં આવે છે તે શું ખરું હશે કે તોફાનમાં ભાગ લેનારા બધાજ હિંદુઓ અને બધાજ મુસલમાનો ગુંડા હોય? તેમને બસ ખાટકીની માફક મારફાડમાંજ મઝા લાગતી હોય? ના, ના! મનુષ્ય પ્રાણી આવું હલકટ અને નીચ મનોદશાવાળું તો નજ હોય. તો પછી તોફાનો શાને થતાં હશે? એકજ દેશમાં સદીઓથી વસતા અને એકજ ભૂમિના ખોળામાં ઊછરેલા ભાઇભાઇઓ આમ વેરીલા બની લોહીનું છંટાણુ શાને કરતા હશે?

આનાં બે કારણો છે. એક તો પ્રથમ સંપીલી પ્રજાના વિનાશમાંજ પોતાનું જીવન નભાવી રાખવાની ઇચ્છા રાખનાર, આપણામાંનાં સાદાં ભોળાં માણસોને ભોળવી કંકાસ કરાવે છે અને બીજું કારણ આપણામાંના માલેતુજાર નેતાઓ છે. બિરાદરો! દિનભર મહેનત ખેડી પસીનો ઉતારનારા તમારા મારા જેવા ગરીબોના આ કહેવાતા નેતાઓ દુશ્મન છે.

× × × ×

તમે જ્યારે તેમની ભયંકર પ્રપંચજાળ સમજતા થશો, તમારા ને મારા જેવા ગરીબ પણ પ્રમાણિક કામદારોને પગ નીચે ચગદી રાખી લૂંટવાના તેમના અનેરા પ્રયાસો તમે બરાબર જાણી લેશો, તો તમને આગેવાનો કહેવાતા શયતાનો સામે પૂરેપૂરો દ્વેષ ચડશે. આજે હિંદુ અને મુસલમાન કામદારોને તેમના માલદાર નેતાઓ જાણીબૂજીને લડાવી રહ્યા છે, તેનું રહસ્યજ એ છે કે, આપણી સ્થિતિ કોઈ પણ રીતે ના સુધારતાં, આપણને ભિખારી રાખીનેજ તેમને ગાડીઘોડા ને મોટરો દોડાવવી છે.

આ દાખલો જુઓ

દાખલા તરીકે એક વાત કહું. ધર્મને નામે ભોળા ભાઇઓના દિલમાં ખોટું ઝનૂન પેદા કરી આપણા નેતાઓ આપણને લડાવી

મારે અને આપણે મારામારી કરી પોલીસના પંજામાં સપડાઇ જેલ જઇએ. આ બધું આપણે આ નેતા કહેવાતા પ્રાણીની ઉશ્કેરણીથી કર્યું, પણ આપણા જેલભોગવટા પછી આપણાં જે કુટુંબીઓ પાછળ રહ્યાં તેમનું આ નેતાઓને જરાય ભાન છે? બડા નેતાઓના ભોળવવાથી અત્યાર સુધીમાં જેઓ રમખાણ કરી જેલમાં ગયા, તેમનાં ભાઇભાંડુ કે બાલબચ્ચાંની બરદાસ્ત આ નેતા કહેવાતા પ્રાણીએ કદી લીધી છે? કે તેમણે પોતાના મોંમાંનો કોળીઓ તમારા આફતના અવસરમાં તમારી આગળ ધર્યાનું તમને યાદ છે? કદીજ નહિ; કેમકે તમને લડાવી માર્યા કે તેમનો અર્થ સરી ગયો!

બાળબચ્ચાં તરફ જુઓ

એજ રીતે સહેજસહેજમાં મારામારી પર ઊતરી પડી પોલીસમાં સપડાઓ અને જેલ જવું પડે, તો તમારાં બાળબચ્ચાંઓની શી વલે થશે? તેમને ખાવા કોણ આપશે? તમારી ગેરહાજરીમાં ઘરનું ભાડું ચડે ને ઘરવાળો તેમને ઘરમાંથી કાઢી મૂકે, તો તેઓ બિચારાં કોનો આશરો કરશે? મહિનાના પૈસા ચડતાં દૂધવાળો દૂધ આપવાની ના પાડે તો તમારું વહાલું બાળક ભૂખ્યું ટળવળશે તેનું શું? આવે વખતે કદી તવંગરોએ ગરીબોને મદદ આપી છે? ૧૯૨૧-ની સાલમાં મુંબઇમાં રમખાણ થયું તે અંગે જે બિરાદરો જેલમાં પુરાયા તેમની જેલમાં કેવી હાલત થઇ છે, તે મેં નજરે નિહાળી છે; અને વળી તેમનાં બાળબચ્ચાંઓની ત્યારે કોઇએ કદર કરી હતી? આ સ્થિતિ ધ્યાનમાં લઇ જગતના ભોળા કામદાર બિરાદરો! નેતા કહેવાતા માલદારોના પ્રપંચ સમજી લો અને ભાઇભાઇની ગરદન ઉતારવાની ઘેલછા છોડી દઇ ભાઇચારો વધારો. હિંદ બહારના દરેક દેશમાં જે નવી સ્થિતિ ઊભી થાય છે તે ધ્યાનમાં રાખો. તુર્કી, અફઘાનિસ્તાન ને ઇરાનનું નાવ કઇ દિશાએ વહી રહ્યું છે તેનું નિરીક્ષણ કરો અને જગતની નજરમાં હાંસીને પાત્ર થતા અટકી ખરી આઝાદીનું સેવન કરો. આમીન!! ("હિંદુસ્તાન" ના એક અંકમાંથી)

१३३–धर्मने नामे लडी मरता भारत-वासीओने समर्पण!

चक्रवर्ती महाराजा अशोक शिलालेखद्वारा शुं कहे छे?

"**देवानां प्रिय** प्रियदर्शी राजा (अशोक) सर्व धर्मना साधुओ तथा गृहस्थोने दानवडे तेमज अन्य विविध प्रकारे पूजे छे; पण राजा दान अने पूजाने एटलुं महत्त्व नथी आपतो जेटलुं सर्व पंथनी सारवृद्धिने. सारवृद्धि अनेक प्रकारनी छे, पण तेनुं मूळ तो वाणीनो संयम एज छे. वाणीनो संयम एटले शुं? आपणे आपणी भाषा उपर एवो काबू राखवो जोइए के, जेथी पोताना पंथनीज स्तुति अने पारकाना धर्मनी निंदा न थाय. धर्मचर्चा जेवा गंभीर प्रसंग सिवाय गमे ते वखते पोताना धर्मनी सुंदरता अने बीजाना धर्मनी एब बताववा बेसवाथी आपणुने हीणपत लागे छे. जे वखते जेवो प्रसंग होय ते वखते ते ते प्रकारे परधर्मीनो आदरज करवो घटे छे. आम करवाथी माणुस पोताना धर्मने खूब वधारे छे अने बीजाना धर्मनी पण सेवा करे छे. एम नहि करवाथी माणुस पोताना धर्मने पण तोडे छे अने बीजाना धर्मने पण नुकसान पहोंचाडे छे.

माणुस पोताना धर्मनां वखाण करे छे अने परधर्मनी निंदा करे छे, ते तो पोताना धर्मनी भक्तिथीज करवा जाय छे. तेने थाय छे के, चालो आपणे आपणा धर्मने सुंदर करी बतावीए; पण तेम करतां ते पोताना धर्मनेज भारेमां भारे नुकसान पहोंचाडे छे, पोताना धर्मनोज भारे घात करे छे. बधा धर्मोमां प्रेमभाव होय, बधा हळीमळीने रहे, जाणे कुटुंब एज सारुं छे, एटले जुदाजुदा पंथवाळा लोको धर्मनो उपदेश सांभळे अने तेनुं पालन करे.

अशोक राजानी खास इच्छा छे के, सर्व पंथना लोको बहुश्रुत

થાઓ અને તેમનું જ્ઞાન કલ્યાણકારી નીવડો. (ધર્મ ધર્મ વચ્ચેના ઝગડા ત્યારેજ શમે, જ્યારે બહુશ્રુત થવાથી માણસના વિચારની અંધતા મટી જાય અને માણસની વિદ્વત્તા સમાજને કલ્યાણ તરફ દોરે.) આ વાત જેમને પસંદ હોય તેમણે લોકોને સમજાવવું જોઇએ કે, અશોક રાજા દાન કે પૂજાને એટલું મહત્ત્વ નથી આપતો જેટલું સર્વ ધર્મોની સારવૃદ્ધિને, એટલે કે કલ્યાણ કરવાની શક્તિને, એટલા માટેજ તેણે ધર્મ-મહામાત્રો નીમ્યા છે, સ્ત્રીઓને માટે ઉપદેશકો નીમ્યા છે, વ્રાત્યભૂમિકો નીમ્યા છે અને બીજી સભાઓ પણ સ્થાપી છે. આનું ફળ એ છે કે, દરેકના ધર્મની પણ વૃદ્ધિ થઇ જાય અને ધર્મનો વિજય થાય." —અશોકનો શિલાલેખ

("રાષ્ટ્રશક્તિ" ના એક અંકમાંથી)

૧૩૪—जगतमां मित्र—रत्न अणमूल!

(લેખકઃ— શ્રી. જમનાદાસ નારાયણજી અઢિયા)

મિત્ર—રત્ન અણમૂલ! જગતમાં મિત્ર—રત્ન અણમૂલ!
જળહળ જીવન-જ્યોત જગાવે! અજ્ઞ—તિમિરને શીઘ્ર હઠાવે!
વિચલિત—મનને સુપથ બતાવે! વિપદ કરી દે ચૂર! જ૦ ૧
સુખસમૃદ્ધિનો પૂરો સાધક! અઘટિત ઘટનાઓનો બાધક!
જીવન—રણમાં પ્રબલ—સહાયક! અડગ ટેકીલો શૂર! જ૦ ૨
રત્ન સમો ઉજ્જવલ પવિત્ર એ! પ્રેમ—દયાનું રમ્ય ચિત્ર એ!
ભવમાં ભાગ્યે મળે મિત્ર એ! સાચો, પ્રિય, અનુકૂલ! જ૦ ૩

("લોહાણા હિતેચ્છુ"ના એક અંકમાંથી)

१३५–हिंदु–जाति के आदर्श पुरुष श्रीकृष्ण

(લેખકઃ– શ્રી. ચતુર્વેદી દ્વારિકાપ્રસાદજી શર્મા)

જીન લોગોં ને શ્રીકૃષ્ણ–ચરિત્ર સંબંધી સંસ્કૃત ભાષા કે ગ્રંથો કા અનુશીલન કિયા હૈ, વે સમઝ સકતે હૈં, કિ શ્રીકૃષ્ણ મેં લોકોત્તર ગુણોં કા સમાવેશ થા તથા વે જ્ઞાન, વિજ્ઞાન ઔર યાવત નીતિયોં કે આશ્રય–સ્થળ થે. વે ધર્મોપદેષ્ટા હી ન થે, કિંતુ સ્વયં ધર્મ કા પાલન કરનેવાલે થે. વે દુષ્ટોં કે દમન–કર્તા થે ઔર શિષ્ટોં કો સહાય્ય પ્રદાન કિયા કરતે થે.

શ્રીકૃષ્ણ એક આદર્શ પુરુષ થે. ધર્મ કો છોડ અન્ય કોઇ ભી ઉનકા અપના ન થા. જીસ યદુવંશ મેં વે સ્વયં ઉત્પન્ન હુએ થે, ઉસ વંશ કે લોગ જબ ધર્મ પરિત્યાગ કર ઉદ્દંડ બન ગયે, મદિરાપાન મેં મસ્ત રહને લગે ઔર પૂજ્ય એવં શ્રદ્ધેય મહર્ષિયોં સે ભી હંસી–દિલ્લગી કરને લગે, તબ વે ઉનકા નાશ કરને મેં ભી ન હિંચકે. જો અપને મામા કંસ તથા ઉસકે ઘોર અત્યાચારી સસુર જરાસંધ કો અધર્મી હોને કે કારણ માર સકા થા, વહ પાપપરાયણ યદુવંશિયોં કો ક્યોં છોડને લગા?

શ્રીકૃષ્ણ કા ઉદ્દેશ્ય થા–મનુષ્યત્વ કા આદર્શ ઉપસ્થિત કરના. આરંભ હી સે ઉન્હેં બડેબડે હત્યારોં સે કામ પડા થા ઔર ઉન્હોંને ઉનકા ઉચિત શાસન ભી કિયા થા. જબ વે બહુત છોટે થે, તભી ઉનકે મામા કંસ ને ઉનકો વિનષ્ટ કર ડાલને મેં કોઇ બાત નહીં ઉઠા રખી થી. વે ઈન દુષ્ટોં કી દ્દષ્ટિ સે બચાને કે લિયે ગોપ–ગ્વાલોં મેં રખે ગયે થે. ગ્વાલ–બાલોં કે સાથ ખેલ–કૂદકે મિસ વે કસરત કર અપને તથા આપને સાથિયોં કે શરીર કો બલવાન બનાને મેં કોઈ બાત ઉઠા નહીં રખતે થે. ઉનકે અમાનુષિક કાર્યોં કો દેખ, અનેક લોગોં કો ઉનમેં શ્રદ્ધા ઔર અનુરાગ ઉત્પન્ન હો ગયા થા.

જબ શ્રીકૃષ્ણ સમુદ્રજલ–વેષ્ટિત સુદૂરવર્તિની દ્વારકાપુરી મેં રહતે થે, તબ ભી વે ભારતવર્ષ કે પ્રાયઃ સમસ્ત રાજાઓં કા શાસન કિયા કરતે થે. બડે–બડે બુદ્ધિમાન ઔર રાજનીતિ–વિશારદ રાજા, ઉનકે ચરણયુગલ મેં સીસ નવાતે થે. બડે–બડે ઋષિમુનિ તથા બડે–બડે પ્રસિદ્ધ જ્ઞાની એવં વિજ્ઞાની તપસ્વી ઉન્હેં લોકોત્તર ગુણોં કા આકર પ્રતિભા કી સાક્ષાત્ મૂર્તિ માન, એવં અથાહ પાંડિત્ય–પૂર્ણ ઔર નિર્હેતુક કૃપાલુ જાન, સબસે અધિક માનતે થે. સાધારણ જનોપર ઉનકા વિલક્ષણ આધિપત્ય થા. વે લોગ શ્રીકૃષ્ણ કો અપને પ્રાણોં સે ભી અધિક ચાહતે થે.

જીસ પ્રકાર પાપી ઉન સે થરથર કાંપતે થે, ઉસી પ્રકાર પુણ્યાત્મા ઉન કી ભક્તિ મેં વિહ્વલ રહા કરતે થે. ઉન કે સમય મેં નયે વિચારોં, નવીન ધાર્મિક યોજનાઓં એવં અભિનવ આનંદોં કા સામ્રાજ્ય છાયા હુઆ થા. કંસ, દુર્યોધન, જરાસંધ, શિશુપાલ જૈસે મહા અત્યાચારી એવં દુષ્ટ રાજાઓં કા આધિપત્ય નષ્ટ કર, શ્રીકૃષ્ણ ને ધર્માત્મા એવં પ્રજાપ્રિય મહારાજ યુધિષ્ઠિર કો ભારત કે સમ્રાટપદ પર પ્રતિષ્ઠિત કિયા થા.

શ્રીકૃષ્ણ એક વીર યોદ્ધા થે. વે કિસી સે કભી પરાજિત નહીં હુએ. બડે–બડે બલવાન વૈરિયોં કો ઉન્હોંને પરાસ્ત કર દિયા થા. ઉન કે અધીનસ્થ ગ્વાલોં કી એક બડી ભારી સેના થી. ઉન સે બઢકર રાજનીતિવિશારદ ન આજતક કોઇ હુઆ હૈ ઔર ન આગે હો હી સકતા હૈ. વે કેવલ મહારાજ યુધિષ્ઠિર કે હી નહીં, આર્યાવર્ત કે રાજાઓં કે પરામર્શદાતા થે. વે ઐસે કૂટ રાજ–નીતિજ્ઞ થે કિ, ઉન્હોંને ઇસ દેશ કી છિન્ન–છિન્ન એવં પરસ્પર વિરોધિની રાજ–શક્તિયોં કો એક ધાર્મિક એવં પુણ્યાત્મા સમ્રાટ કી છત્રછાયા કે નીચે લાકર ખડા કર દિયા થા. ચિરકાલ સે અત્યાચારી નરેશોં કે અત્યાચારોં સે પીડિત ભારતીય પ્રજા શાંતિ–સુખ સે કાલયાપન કરને લગી થી. શ્રીકૃષ્ણ કી દૂરદર્શિતા ઔર સુવ્યવસ્થા સે સબલ

નિર્બલોં પર અત્યાચાર નહીં કરને પાતે થે.

શ્રીકૃષ્ણ કી વિદ્વત્તા કા નમૂના શ્રીમદ્ ભગવદ્ગીતા હૈ; જીસ મેં ઉન્હોંને આર્યજાતિ કે લિયે એક ઐસે ઉપયુક્ત ધર્મ કી પ્રતિષ્ઠા કી હૈ, જીસ કે માનને સે આર્યજાતિ ઇસ લોક ઔર પરલોક મેં સુખ-શાંતિ કી અધિકારિણી હો ગઇ હૈ.

શ્રીકૃષ્ણ યાવત્ સદ્ગુણોં કે કેન્દ્રસ્થલ થે. વે અપરાજેય, અપરાજિત, વિશુદ્ધ, પુણ્યમય, પ્રેમમય, દયામય, દૃઢકર્મા, ધર્માત્મા, વેદજ્ઞ, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, લોકહિતૈષી, ન્યાયશીલ, ક્ષમાવાન, નિરપેક્ષ, શાસ્ત્રજ્ઞ, નિર્મલ, નિરહંકારી, યોગી ઔર તપસ્વી થે. ઈસી સે ઉનકો લોગ યોગેશ્વર ભી કહા કરતે થે. માનવીશક્તિ સે કામ કરતે હુએ ભી, ઉનકે યાવત્ ચરિત્ર અમાનુષિક થે. યહી કારણ હૈ, કિ ઉનકે ઇન અમાનુષિક કર્મોં કા રહસ્ય ન સમઝ, આજકલ કે અનેક જ્ઞાનદુર્વિદગ્ધ જન, ઉનકે ચરિત્રોં કો દુર્દષ્ટિ સે દેખા કરતે હૈં; કિંતુ વાસ્તવ મેં ઐસે દુર્લભ ગુણોં કા જો આધાર હો, વહ કયા માનવકોટિ મેં રખને યોગ્ય હૈ? કદાપિ નહીં. ઇસી સે ચિરકૃતજ્ઞ આર્યજાતિ શ્રીકૃષ્ણ કો ઈશ્વરાવતાર માનકર તથા ઉનકી પ્રતિમા બનાકર ઉનકે ઉપકારોં કો સ્મરણ કરતી ઔર પ્રતિવર્ષ ઉનકે જન્મદિવસ કો વિશેષ ઉત્સાહ કે સાથ મનાતી હૈ. યદિ વિચારપૂર્વક દેખા જાય તો યહી મનુષ્યોચિત ધર્મ હૈ. કયા કોઇ બતલા સકતા હૈ કિ, સંસાર મેં કોઇ ઐસે ભી સભ્ય જાતિ હૈ, જો અપની જાતિ કે કિસી વીર ઔર ઉપકારપરાયણ મહાપુરુષ કા સબ પ્રકાર સે સમ્માન કરને ઔર ઉસકે પ્રતિ મનસા, વાચા, કર્મણા સે કૃતજ્ઞતા પ્રકટ કરને મેં પરાઙ્મુખ હો? યદિ નહીં, તો આર્યજાતિ કો ભી અપને શ્રીકૃષ્ણ જૈસે મહાપુરુષ કે પ્રતિ કૃતજ્ઞતા પ્રકટ કરના પરમાવશ્યક હૈ ઔર હર્ષ કી બાત હૈ, કિ વહ અપને ઇસ કર્તવ્ય કે પાલન મેં, અપના સર્વસ્વ ગંવાકર ભી, પશ્ચાત્પદ નહીં હુઇ.

("હિંદુપંચ"ના એક અંકમાંથી)

૧૩૬–ભારતવર્ષની જનનીઓને

(લેખકઃ–શ્રી. પંડિત મદનમોહન માલવિયાજી)

દરેક યુવકે બ્રહ્મચારી વિદ્યાર્થી–જીવનનું વ્રત લઇને નિયમિત વ્યાયામનું સેવન કરવું જોઇએ, એમ હું જ્યારે કહું છું ત્યારે એકલા યુવકોને–કુમારોને ઉદ્દેશીનેજ નથી બોલતો; પણ ત્યારે હું ભારતવર્ષની કુમારીઓને પણ કસરત કરવાનું કહું છું.

પુરાતનકાળમાં આર્ય નારી આજના જેવી નિર્બળ નહોતી. જેને ઊંચકવા જતાં લંકાપતિ દશાનનના ગર્વના ચૂરેચૂરા થઇ ગયા હતા, એ શિવધનુષ્યને પોતાની એક આંગળીએ સાવ સહેલાઇથી ફેરવતાં માતા સીતાદેવીમાં કેટલું અગાધ સામર્થ્ય હતું, તેની તમને કલ્પના આવી શકે છે? પોતાને ઊંચકી જતા બળશાળી જયદ્રથ રાજાને ધક્કો લગાવી પાતાળમાં હડસેલી દેનારાં પાંડવપત્ની દ્રૌપદીજી કેટલી અતુલ તાકાત ધરાવતાં હતાં, તેનો તમને ખ્યાલ આવી શકે છે? યુદ્ધમાં એકચિત્ત બનેલા દશરથરાજાના રથની ધરી એકાએક તૂટી ગઇ ત્યારે પોતાની આંગળી ધરીને સ્થાને ગોઠવીને, દશરથ મહારાજને વિજયી બનાવનારાં કૈકેયીની શક્તિનું તમે માપ કાઢી શકો છો? ભૂતકાળમાં આર્ય નારી એવી અદ્દભુત શક્તિ ધરાવતી અને શક્તિમાતાનું ગર્વદાયી નામ પામીને પૂજાતી.

આજે એક ભારતવર્ષ સિવાય, આખી દુનિયાની નારીઓ "શક્તિમાતા" બનવા જેટલું સામર્થ્ય ધરાવે છે. માત્ર ભારતવર્ષની મહિલાજ અબળા બની ગઇ છે. એક પ્રજા તરીકે આપણે સ્વમાનપ્રિય બનવું હોય તો, આપણા પુત્રો અને પુત્રીઓને દુનિયાના કોઇ પણ દેશનાં પુત્ર–પુત્રીઓ સાથે શારીરિક તાકાતમાં સ્પર્ધા કરી શકે એવાં બળશાળી બનાવ્યા વિના છૂટકોજ નથી. હું વૃદ્ધ છતાં, પ્રભુધામ તરફ પ્રયાણ માંડું એ પહેલાં, આ પવિત્ર ભૂમિ ઉપર

એવો રૂડો દિવસ જોવા તલસું છું, કે જ્યારે મારી પાસે બેઠેલી આ બાળાઓમાંથી કૈકેયીઓ, દ્રૌપદીઓ અને સીતાદેવીઓ પ્રગટ થઇ, ભારતવર્ષના અને ભારતીય સંસ્કૃતિના વિજયની ગાથાઓ ગાતી હોય......આજે બાળલગ્નની ક્રૂર રૂઢિએ આપણાં નવજુવાન કુમાર અને કુમારીઓનાં તેજ હરી લીધાં છે અને બીજી અનેક રીતે, હિંદી પ્રજાના--ખાસ કરીને હિંદુ કોમના પ્રાણનો વધ થઈ રહ્યો છે. એ બધું છતાં, હું આશા રાખું છું કે, મારી પાસે બેઠેલા આ પ્રફુલ્લ વદનવાળા જુવાનો એ ક્રૂર રૂઢિઓને જોતજોતામાં દફનાવી દેશે અને ભાવિ ભારતવર્ષની જન્મદાત્રીઓને એવી પ્રતાપી, એવી પ્રાણવાન અને એવી શક્તિવાળી બનાવશે કે તેમના પ્રતાપે આ ભારતવર્ષ પ્રાચીનકાળમાં જેવું હતું તેવું, જગતભરનું પુનિત તીર્થ-ધામ બની રહેશે !

("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

૧૩૭–પ્રભુ પ્રાર્થના

ભારતના લોક મોહસિંધુમાં નિમગ્ન થયા,
દઈ ગીતાજ્ઞાન તેને દુઃખથી છોડાવજો;
પાપીઓથી પૃથવી છે પૂર્ણ પરાધીન બની,
પ્રાણીઓની વિષમ વિભિન્નતા હઠાવજો.
ભૂલી પંથ ભટકી રહ્યા છે બધા ભારતીઓ,
સત્વર સુમાર્ગ કર્મયોગનો બતાવજો;
દિવ્ય દર્શાવે જ્યોતિ મુક્તિની બતાવી યુક્તિ,
દાસની સુણીને રાડ, વાર ન લગાડજો.

("વિશ્વમિત્ર"ના એક અંકમાંથી)

૧૩૮–ગોવધની ચળ ઉપર રામબાણ દવા–ડુક્કરનું તેલ

ડુક્કરનું તેલ અનેક પ્રકારના વાતવિકાર વગેરે રોગો ઉપર ઉત્તમ છે, એમ આપણા વૈદકશાસ્ત્રમાં કહેવામાં આવે છે; પણ એ તેલમાં બીજા અસાધ્ય રોગોને પણ સારા કરવાનો ગુણ છે. ઉત્તર–હિંદુસ્તાનના કેટલાક વૈદ્યોએ હવે જાહેર કર્યું છે કે, હાલમાં આપણા મુસલમાન ભાઇઓમાં ગોવધલાલસાની ચળનો વિકાર ઘણો વધી પડેલો છે. એ ચળ મટાડવાને કરવામાં આવેલા કેટલાક ઉપાયો નિષ્ફળ નીવડ્યા છે; પણ તે રોગ ઉપર ડુક્કરનું તેલ ચોળતાંજ–નહિ માત્ર ડુક્કરના તેલની વાસથીજ–એ ચળ કેટલેક ઠેકાણે મટી ગઇ છે. નમૂના તરીકે કલકત્તાનોજ દાખલો લો. ગઇ બકરી ઈદને દિવસે એક મસ્જિદમાં ગોવધની લાલસા તીવ્ર થઇ પડવાથી, મુસલમાનોએ કાપવા માટે ગાય લાવી બાંધી. તેને છોડાવવા માટે મારામારી, કોર્ટના ઝઘડા અને તોફાનના ગાંડા ઉપાયો કરી, નાહક સેંકડો માણસોનાં માથાં ફોડવા કરતાં કેટલાક હિંદુઓએ સરસ યુક્તિ શોધી કાઢી. મસ્જિદની સામેજ શીખોનું ગુરુદ્વાર હતું. એ ગુરુદ્વારમાં શીખોએ એક ડુક્કર લાવી બાંધ્યું અને જણાવ્યું કે, તમે સુખેથી ગાય કાપો; પણ જેવી તમે અમારી સામે ગાય કાપશો કે તરતજ તેજ વ્યક્તિસ્વાતંત્ર્યની છરી વડે અમે આ ડુક્કરને કાપી તમારી આંખો ઉઘાડીશું. આ ઉપાય રામબાણ નીવડ્યો. તે ડુક્કરના તેલની વાસની કલ્પનાથીજ ગોવધલાલસાની ખંજવાળ ઠંડી પડી ગઈ. અત્યાર સુધી પોલીસ પાસે મોટેભાગે હિંદુઓનેજ રોદણાં રડવાં પડતાં હતાં કે, જુઓ, મુસલમાનો ગાય મારીને અમને ચીડવે છે, પણ એવું કાંઇ ન કરતાં કલકત્તાના હિંદુઓએ માત્ર વરાહ ભગવાનનીજ આરાધના કરી. આ રામબાણ ઉપાયને લીધે મુસલમાનોનેજ પોલીસ પાસે રડતાં જવું પડ્યું કે, જુઓ, હિંદુઓ અમને ચીડવવા માટે અમારી

સામે કુક્કરનું લોહી રેડવાની તૈયારી કરી રહ્યા છે. છેવટે પોલીસે આવી ગાય અને કુક્કર બન્નેને છોડી મૂકયાં અને ઝઘડો મટાડ્યો.

("શ્રદ્ધાનંદ" ઉપરથી "આર્યપ્રકાશ"ના એક અંકમાંથી)

૧૩૯–નેવનાં પાણી મોભે ચડ્યાં !!

હિંદુધર્મના ઇતિહાસમાં તા. ૨૧ મી ઑગસ્ટ ૧૯૨૭ નો દિવસ જરૂર યાદગાર બની જશે! દિલ્હીમાં તે દિવસે ગોસ્વામી શ્રી-ગંગાપ્રસાદજી મહારાજે પોતાના કટરાનીલ મંદિરમાં અંત્યજોને દાખલ થવા દીધા! સાંજના ૭ વાગે મોટો જલસો કરવામાં આવ્યો અને સંખ્યાબંધ અંત્યજોએ યમુનાજીમાં સ્નાન કરીને અને કપાળ-માં તિલક લગાવીને મહારાજશ્રીની મંજૂરીથી દેવમંદિરમાં પ્રવેશ કર્યો! હિંદુભાઇઓએ તેમનો સત્કાર કર્યો અને પ્રસાદ વહેંચવામાં આવ્યો! દિલ્લીના "અર્જુન" પત્રના તા ૨૮ મી ઑગષ્ટના અંકમાં આ ખુશ-ખબર પ્રગટ કરવામાં આવી છે અને આવા આવકારદાયક પગલાનું દેશભરમાં અનુકરણ કરવામાં આવે અને હિંદુધર્મ ઉપરના કલંકને ટાળવાની સાથે, બ્રિટિશ સંસ્થાનોમાં અસ્પૃશ્યતાના સંબંધમાં, એ હિંદીઓના હકો લૂંટનારા તુંદમિજાજી ગોરાઓ જે મેણાંટોણાં મારે છે, તેનો પણ સદાને માટે અંત આવે; એવું આખા દેશનો નીતિ-પરાયણ, ધર્મપ્રેમી, વિચારશીલ વર્ગ ઇચ્છે છે!! હિંદુમાન્યતા મુજબ ગંગાનદીમાં નાહવાથી જેમ પવિત્ર થવાય છે, તેમ મહારાજશ્રી ગંગાપ્રસાદજીએ પોતાની ઉદાર બુદ્ધિના ઉદધિમાં સ્નાન કરાવી અસ્પૃશ્ય મનાતા અંત્યજોને પાવન કરીને, પોતાના સુયશને સદાને માટે અમર બનાવ્યો છે! પરમાત્મા અમારા ધર્માચાર્યોના સકળ સંઘને આવી સન્મતિ અર્પો!!!

("હિંદુસ્તાન" ના એક અંકમાંથી)

१४०—दरिद्रतामांज मानवरत्नो वधारे पाके छे

(લેખકઃ-શ્રી. " કુમાર ")

એક બાર ઇમર્સન કે કિસી મિત્રને હાર્વર્ડ વિશ્વવિદ્યાલય મેં એક અત્યંત પ્રતિભાશાલી તથા હોનહાર વિદ્યાર્થી કે સંબંધ મેં ઉસકી સંમતિ પૂછી. ઇમર્સન ને તુરંત હી જો સંક્ષિપ્ત ઉત્તર દિયા; વહ ઇસ પ્રકાર થાઃ—

" બસ, ઉસે અબ અગર કિસી વસ્તુ કી આવશ્યકતા હૈ તો વહ 'દરિદ્રતા' હી હૈ. "

ઇમર્સન કે ઇસ અદ્‌ભુત ઉત્તર કો સુનકર ઉસકા મિત્ર એકદમ ચકરા ગયા ઔર ઉસકે ચેહરે કો બડી ઉત્સુકતા સે દેખને લગા.

ઇમર્સન તુરંત હી ઉસકે હૃદય મેં ઉઠતે હુએ ભાવ કો તાડ ગયા. ઉસને અપને મિત્ર કે સંમુખ મુસ્કુરાતે હુએ દરિદ્રતા કી ઇસ પ્રકાર વ્યાખ્યા કર ડાલીઃ—

" દરિદ્રતા કો બહુધા લોગ ઈશ્વરીય પ્રકોપ યા શાપ સમઝતે હૈં; પર વાસ્તવ મેં ઐસી બાત નહીં હૈ. વહ તો પરમાત્મા કા સર્વશ્રેષ્ઠ વરદાન હૈ. "

" સંસાર મેં જીતને બડે-બડે મહાપુરુષ હો ગયે હૈં; ઉનમેં સે ઐસી વ્યક્તિ બહુત હી કમ હૈં, જો દરિદ્રાવસ્થા મેં ન પૈદા હુએ હોં યા જીનકા ઉત્થાન પતિતાવસ્થા સે ન હુઆ હો. "

" દરિદ્રાવસ્થા મેં રહ, ફટે-પુરાને કપડે પહિન, પેટ-ભર અન્ન ન પા તથા સુખ-સાધન-રહિત અવસ્થા મેં હી મનુષ્ય અપને સચ્ચે સ્વરૂપ તથા જ્ઞાન-શક્તિ કો પહચાનતા હૈ. "

"કિસી પ્રકાર કે સાજસામાન સે રહિત, સૂનસાન કમરે મેં હી ઉસકી આત્મા સે વહ જ્યોતિ પ્રજ્વલિત હોતી હૈ, જીસકા પ્રકાશ કિસી દિન સારે સંસાર મેં ફૈલ જાતા હૈ આર વહ વ્યક્તિ

મહત્તા કો પ્રાપ્ત હો ગૌરવ પાને લગતા હૈ."

"પ્રકૃતિ ને મનુષ્ય કો ઇસ પ્રકાર બનાયા હૈ, કિ વહ સ્વભાવતઃ કાર્ય ઔર ઉદ્યોગ સે ઘૃણા કરતા હૈ. ઐસે મનુષ્ય ઇસ સંસાર મેં થોડે હી હોંગે, જીનમેં ઇસ પ્રાકૃતિક નિયમ કે ઉલ્લંઘન કરને કે યોગ્ય આત્મિક શક્તિ હો."

"દરિદ્રતા હી વહ શક્તિ હૈ, જીસસે મનુષ્ય કાર્ય ઔર ઉદ્યોગ કરને લગતા હૈ. કેવલ ઈતના હી નહીં, ઇસમેં એક વિશેષ ગુણ ભી હૈ–યહ મનુષ્ય કો વાસ્તવિક 'મનુષ્ય' બનાતી હૈ."

"દરિદ્રતા સે મનુષ્ય કા ઉન હજારોં, લાખોં વ્યક્તિયોં સે સંપર્ક હો જાતા હૈ, જીનકી આવશ્યકતાએં ઔર દુઃખ–દર્દ, સ્વાર્થપરતા ઔર ઉસકી આત્મા કો વિશ્વાત્મા કી મધુર સંગીત ધ્વનિ સે અનુણિત કર વ્યક્તિગત સ્વાર્થ કો સંસાર કે સ્વાર્થ મેં વિલીન કર દેતી હૈ, જીસસે વહ સમસ્ત સંસાર કો અપના સમઝને કા મહાજ્ઞાન પ્રાપ્ત કર લેતા હૈ."

"દરિદ્રતા આત્મ–શક્તિ પ્રદાન કરતી હૈ ઔર શિષ્ટાચાર કી સુંદર શિક્ષા દેતી હૈ. અતએવ દરિદ્રતા કોઇ ઈશ્વરીય પ્રકોપ યા શાપ નહીં, બલ્કિ પરમ પિતા પરમાત્મા કા સર્વોચ્ચ આશીર્વાદ હૈ."

("હિંદુપંચ"ના એક અંકમાંથી)

१४१–संतसमागमनो महिमा

विपत् संपदिवाभाति मृत्युश्चाप्यमृतायते।
शून्यमापूर्णतामेति भगवज्जनसङ्गमात्॥

અર્થાત્ હરિજનોનો સંગમ (મેળાપ) થવાથી વિપત્તિ પણ સંપત્તિ જેવી ભાસે છે, મૃત્યુ પણ અમૃત બની જાય છે અને શૂન્યતા પણ પૂર્ણતા જેવી થઇ રહે છે.

("નવજીવન"ના એક અંકમાંથી)

१४२–प्रभुप्रसाद पामनारा भक्तना उद्‌गार

તમે સાંભળો સખી એક વાર્તા રે,
મને સાંભર્યું તે કાંઇક સંભારતાં રે. (ટેક)
હું તો હરજીને જોવા નીસરી રે,
મુજને સંસારની વાત વીસરી રે. તમે૦ ૧
મુજને ખોળતાં કંઇ એક લાધ્યું રે,
લાધ્યું અખંડ બ્રહ્માંડ આ બાધું રે. તમે૦ ૨
હું તો હરજીને જોતાં હું ટળી રે,
જ્યમ સાગરમાં સરિતા ભળી રે. તમે૦ ૩
હું તો જ્યાં જોઉં ત્યાં રે તેજ ને રે,
મેં તો મનશું વિચાર્યું એજ રે. તમે૦ ૪
સર્વ વસ્તુ તણો વેરો ટળ્યો રે,
જેને જોતી'તી તે મુજને મળ્યો રે. તમે૦ ૫
સર્વ પરબ્રહ્મ કેરાં પૂતળાં રે,
રૂપે એક થકી એક આગળાં રે. તમે૦ ૬
દશે દિશા સન્મુખ હરજી થયા રે,
મારા હ્રદેકમળમાં વસી રહ્યા રે. તમે૦ ૭
એક હરિ વિના બીજું દીસે નહિ રે,
મારી દોષની દૃષ્ટિ ટળી ગઇ રે. તમે૦ ૮
મારાં અનંત લોચન ઊઘડચાં રે,
સર્વ રામજીનાં રૂપ દૃષ્ટે પડચાં રે. તમે૦ ૯
હું તો હરખે હીંડું ને જોતી ફરું રે,
મુજને પ્રપંચનું વૈકુંઠ વીસર્યું રે. તમે૦ ૧૦

બાધું અખંડ મંડળ નિહાળતાં રે,
થઈ તન તદ્રૂપ સંભાળતાં રે. તમે૦ ૧૧
નખશિખ લગી હરિ વ્યાપી રહ્યો રે,
જેવો વેદે કહ્યો તેવો લહ્યો રે. તમે૦ ૧૨
ભૂલ્યું હતું તે ધન ઘરમાં જડ્યું રે,
મહાઆનંદ ઊપજ્યો મનડું ઠર્યું રે. તમે૦ ૧૩
હવે જન્મ સફળ થયો માહરો રે,
મળ્યો બાવન અક્ષર બાહરો રે. તમે૦ ૧૪
સર્વ ઠામથો અળગો ન થાય રે,
અણુ માંહે તે અણું માંહ્ય રે. તમે૦ ૧૫
હવે પ્રપંચ પુરાણના પરા થયા રે,
દાસ ગોપાળના પ્રભુ જ્યારે લહ્યા રે. તમે૦ ૧૬

("સાહિત્ય"ના એક અંકમાંથી)

૧૪૩–अनुरोध

સુનતા હૂં સર્વેશ વિશ્વ મેં સત્વર આને વાલે હો,
અનય નશાને વાલે જગ મેં શાન્તિ બસાને વાલે હો;
યદિ આતે હો તો અપને હી નિજગૃહ મેં આના ભગવન્,
યદુકુલભૂષણ, ઔર કહીં મત ભારત તજ જાના ભગવન્. ૧
સર્વ પ્રથમ તેરી પદ પૂજા કરને કા અધિકાર હમેં,
તેરે પદ ગહિ પતન સિંધુ સે, તરને કા અધિકાર હમેં;
પ્રગટિત કરકે અપની પ્રતિમા, જગ કો આલોકિત કર દો,
ભારત કી કમનીય કીર્તિ, હે કૃષ્ણ! ભુવનભર મેં ભર દો. ૨

("હિંદુપંચ"ના એક અંકમાંથી)

१४४–आजनुं शिक्षण ए शिक्षण नथी
પરંતુ ગુલામીનાં બંધનોને મજબૂત કરનારૂં એક ભયંકર યંત્ર છે

(લેખકઃ–શ્રી. મૂળશંકર જાદવજી વ્યાસ)

આપણી નિશાળો અને વિદ્યાલયો દેશોન્નતિનાં અમીઝરણાં હોઈ શકે, આપણો સમાજ અને ધર્મ ઇતિહાસના દુર્ગસમાં હોઈ શકે, સ્વાતંત્ર્ય અને સ્વરાજના રથચક્રસમાં બની શકે; પરંતુ એ બધું ક્યારે? જ્યારે એ શિક્ષણ–કારોબાર આપણા મત મુજબ ચલાવાય ત્યારેજ.

અંગ્રેજો પૂરા વિચક્ષણ છે, એમણે ભારતવર્ષનો યશસ્વી ઇતિહાસ નિહાળ્યો, એમણે આર્યસંસ્કૃતિની ઝમક તથા પ્રાચીન ઋષિમુનિઓના પવિત્ર સંસ્કારો જોયા, પ્રાચીન શૂરવીરોનાં વીરત્વનાં ગુણગાન સાંભળ્યાં, બ્રહ્મર્ષિઓની ગૃહે ગૃહે વ્યાપી રહેલી બ્રહ્મદીક્ષાઓનું સચરાચર તેજ ભાળ્યું, ગ્રીસ અને સ્પાર્ટાના કેસરીઓથી પણ અધિક ક્ષત્રિયોની ભસ્મમાં છુપાયેલી દૈવી શક્તિની ચિનગારીઓ ભાળી, વૈશ્યોનાં વાણિજ્યશક્તિનાં સાહસો માપ્યાં, શૂદ્રોની ભક્તિપરાયણ નિઃસ્વાર્થ સેવાઓ જોઇ, આકાશમાંથી ઉતરતા વજ્ર સામે ટટાર ઉભા રહેનાર વીરકેસરીઓની સુકીર્તિઓ સાંભળી અને રણમેદાને જતા કંથને કુંકુમતિલક કરીને કમરે સમશેર બાંધનારી અને મૃત પતિની સાથે ચિતામાં હસતે મોઢે 'જય માતૃભૂમિ, જય માતૃભૂમિ', 'જય પતિદેવ, જય પતિદેવ'ની જયગર્જના કરતી સળગી જનારી ભારતી સતીઓનો અપાર મહિમા સાંભળ્યો.

જે દેશમાં આવી અજબ સંસ્કૃતિ, આવું અદ્ભુત શૂરાતન, અનેરું ઓજસ અને અપૂર્વ શક્તિ હોય; આ ક્ષણભંગુર દેહને ફેડીને યશસ્વી દેહને ચિરંજીવી કરવાની હોંશ જે દેશમાં હોય; એવા દેશની વિરાટ પ્રજાને વશ કરવાવાળું–તેને ગુલામ બનાવવાવાળું

આ જગતમાં કોઇ જન્મ્યું નથી. એ સનાતન સત્ય અંગ્રેજોની વિચક્ષણ બુદ્ધિએ પારખી લીધું. ભારતવર્ષમાં અંગ્રેજ સલ્તનતના પાયા ઊંડા નાખવા એ વિદેશીઓએ હિંદના બાળહૈયા ઉપર જુદીજ છાપ ચીતરવા માંડી. હિંદની અગાધ શક્તિને મુઠ્ઠીમાં પકડી અને આ દેશમાં ટેક, સ્વમાન અને પવિત્ર કીર્તિ માટે મરી ફીટવાનું આદર્શશિક્ષણ મળતું, તેજ દેશમાં આજે અમારા યુવાન હિંદીઓને કોલેજોમાં બ્રિટિશોસમા કોઈ બહાદુરો પાકયા નથી, હિંદના ઇતિહાસમાં યુરોપના ઇતિહાસસમું દૈવત નથી, વેલિંગ્ટન અને નેલ્સન તો ઇંગ્લેંડમાંજ પાકે, નેપોલિયન અને ક્રોમ્વેલ તો યુરોપમાંજ જન્મે, ઇલિઝાબેથ અને સમ્રાજ્ઞી વિકટોરિયા જેવી સ્ત્રીવિભૂતિઓ તો લંડનની યશસ્વી ગાદીએજ હોય !

વાચક ! ભારતીય ઇતિહાસનો પડદો જરા ઊંચો કર. ઇંગ્લેંડ કે યુરોપની વિભૂતિઓનાં નામો તો ત્યાંજ અમર હશે અને ત્યાંજ રહેશે.

પરંતુ જગતના દોઢસો કરોડ માનવલોકના ઇતિહાસમાં ભગવાન શ્રીકૃષ્ણ અને પ્રતાપી રામચંદ્ર કેટલા થયા છે? જગતમાંથી ગર્વનો નાશ કરનાર પરશુધારી રુદ્રના અવતારસમા ભગવાન પરશુરામ કેટલા છે? દ્રૌપદી અને સીતા જેવી અડગ ટેકીલી, દમયંતી અને તારામતી જેવી આદર્શ સતીઓ કેટલી છે? રણમેદાને ઝઝૂમનારી દુર્ગાના અવતારસમી બ્રાહ્મણસમાજના રત્નસમી લક્ષ્મીબાઇ કેટલી છે? મહાન સિકંદર જેની અપૂર્વ શક્તિથી શરમાયો તેવા બ્રાહ્મણસમ્રાટ પૌરસ કેટલા છે? મરણિયા પ્રતાપ અને વીર દુર્ગાદાસ કેટલા છે? દેવદીવાલો ખડી કરીને શત્રુઓની સામે માતૃભૂમિની રક્ષા માટે કિલ્લા રચનારા બ્રહ્મતેજથી દેદીપ્યમાન બ્રહ્મર્ષિઓ અને ક્ષાત્રતેજથી સૂર્યસમા ક્ષત્રિયો કેટલા છે? ૨૫–૩૦ વર્ષની ટૂંકી મુદતમાં જગતની એક મહાન જબરદસ્ત સલ્તનતના પાયા હચમચાવી મૂકી તેના ચૂરા કરનારા શિવાજી મહારાજ કેટલા ?

હિંદમાં છે, પણ એ ભાન કરાવનાર શાળાઓ અને કોલેજો તો આજે અમારા ભારતના ભાવી સંચાલકોને ગુલામી પ્રથાનુંજ શિક્ષણ દે છે.

ભૂખે મરતી માતાઓ-બ્હેનો અને બચ્ચાંઓના દુઃખભર્યા પોકારો સાંભળીને, માતૃભૂમિનો ઉપહાસ થતો જોઇને જે વિદ્યાર્થીઓનાં હૈયાં નથી દુખતાં તે વિદ્યાર્થીઓ, તે શિક્ષણ હિંદને ભારરૂપ છે, બોજારૂપ છે. જે વિદ્યા, જે શિક્ષણ નવયુવાનોમાં સ્વાતંત્ર્યજુસ્સો ઉત્પન્ન ન કરી શકે, માતૃભૂમિની ભક્તિ, સ્વમાન અને સ્વધર્મ માટે મરી ફીટવાનું આદર્શ શિક્ષણ ન આપી શકે; તે વિદ્યા, તે શિક્ષણ, તે શાળા અને કોલેજો ભારતીય ઉન્નતિ અને સ્વરાજ્ય તેમજ સ્વતંત્રતાની પ્રાપ્તિમાં અડચણ અને વિઘ્નરૂપજ છે. આજનું શિક્ષણ એ શિક્ષણ નથી, પરંતુ ગુલામીનાં બંધનોને મજબૂત કરનારું એક ભયંકર યંત્ર છે. રાજ્યકારોબારમાં સહેલાઇથી સસ્તાપણે ચલાવવામાં સહાયભૂત થનારું-ગુલામીને પોષનારું એક યંત્ર છે. જો દેશમાં સ્વરાજ સ્થાપવું હોય, તો વિદ્યાર્થીઓને સ્વમાન, સ્વધર્મ અને સ્વાતંત્ર્યના સંસ્કારો ઉત્પન્ન કરવા પ્રયાસો આદરો. રાષ્ટ્રોન્નતિ એજ જિંદગીનું સાર્થક્ય. એ પવિત્ર મંત્ર વિદ્યાર્થીઓના કાનમાં જ્યારે ગુંજાર કરતો થાય, ત્યારેજ આપણો પવિત્ર ધર્મ, આપણો વહાલો દેશ ઉન્નત થાય, સ્વતંત્ર થાય અને જગતમાં ત્યારેજ આપણે ભારતવર્ષનો વિજયડંકો વગડાવી શકીએ.

("રાષ્ટ્રશક્તિ"ના એક અંકમાંથી)

१४५–हिंद हजी पण जगतने संस्कृतिना पाठ आपी शके तेम छे

હિંદના સંગીતવેત્તા શ્રી. દિલીપ રૉય

એમના અનુપમ સંગીતથી યુરોપમાં દૃઢ થતી જતી એ છાપ

[મહાન બંગાળી નાટકકાર શ્રી. દ્વિજેન્દ્રલાલ રૉયના ચિરંજીવી શ્રી. દિલીપકુમાર રૉય એક ઉસ્તાદ સંગીતશાસ્ત્રી છે અને હિંદના સંગીતનો ઉદ્ધાર તેમના દિલમાં નિરંતર રમી રહ્યો છે. એજ કામને માટે તેઓ હમણાં થોડાજ સમય ઉપર હિંદનો કિનારો છોડીને યુરોપ-અમેરિકાને પ્રવાસે ગયા હતા અને હમણાંજ તેમને અમેરિકામાં અપૂર્વ સત્કાર મળ્યાના સમાચાર અત્રે આવ્યા છે. તેમનું સંગીત સાંભળવું એ માનવજીવનની અનેરી મોજ છે. 'મને ચાકર રાખોજી' ના ભજનથી એઓ ગુજરાતને જાણીતા છે.]

પશ્ચિમની પાસેથી શિક્ષણ લેવા જવાને બદલે તેને શિક્ષણ આપવા માટે પૂર્વમાંથી ઘણી ઓછી વ્યક્તિઓ ત્યાં ગઇ છે. એવી થોડી વ્યક્તિઓમાંની એક તે જાણીતા બંગાળી સંગીતવેત્તા બાબુ દિલીપકુમાર રૉય છે. ઘણી બાબતમાં પશ્ચિમને આમ શિક્ષણ આપવા ઘણા પુરુષોને હિંદ ત્યાં મોકલી શકે તેમ છે; પરંતુ ઇંગ્લેંડની સફરે જતા હિંદના ખરેખરા એકનિષ્ઠ એવા પુત્રો ઘણાજ ઓછા છે કે, જેઓ પશ્ચિમની સફરે જવા અગાઉ અથવા તો ત્યાં પહોંચ્યા પછી "સાહેબશાહી" બની ગયા ન હોય. આ નાનકડા બેટમાં (ઇંગ્લેં-ડમાં) જે હજારો હિંદી વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા રહે છે, તેઓ 'સાહેબશાહી' બની ગયા છે, એ સાચેજ દિલગીર થવા જેવું છે.

હિંદની સંસ્કૃતિ માટે અભિમાન

એવા હિંદુઓ તો આપણને માત્ર ગણ્યાગાંઠ્યાજ મળે છે કે, જેમને એવી પૂરેપૂરી આત્મશ્રદ્ધા બેસી ગઇ હોય કે, હિંદની પાસે

પોતાની તેમજ યુગયુગથી પોતાનામાં પચાવી દીધેલી એવી પરની સંસ્કૃતિમાંથી પશ્ચિમને ઘણુંય આપવા જેવું છે. જો કે થોડાં વર્ષો પહેલાંજ હિંદ માત્ર ઘરને ચાહનારાઓનોજ દેશ ગણાતો, માણસો ભાગ્યેજ દરિયાપાર જતા; છતાં પણ તેમના ઉદાત્ત હૃદયને લીધે, તે દેશવાસીઓ પોતાનીજ ભૂમિમાં અનેક જાતિ અને સંસ્કૃતિના સમાગમમાં આવેલા છે.

શ્રી.દિલીપ બાબુ

શ્રી. દિલીપ બાબુ એવી આત્મશ્રદ્ધાઓ ધરાવનારામાંના એક છે, કે જેઓ એમ માને છે કે, હિંદમાં "આપવા"ની શક્તિ છે. તેઓ સંકુચિત નજરના માનવી નથી. તેમણે દરિયાપારની સફરો ખેડેલી છે અને તેમનું દૃષ્ટિબિંદુ વિશાળ છે. તેમજ પશ્ચિમની ઘણી જાતિઓનાં જીવનમાં તે ભળેલા પણ છે. આ બધાને સારુ એમના દિલમાં સ્થાન છે. તોપણ હિંદના આદર્શ સંગીતની દેશીયતા મટી જાય તે એમને ગમતું ન હોવાથી એજ એક વિચાર હમેશાં રહે છે.

હિંદનું આદર્શ સંગીત

હિંદનું સંગીત આદર્શ છે, એ વાત હજી પશ્ચિમને સમજવાની છે. એ વાત શ્રીદિલીપ બાબુ પાસેથી જાણી શકાય છે. જેમણે સર જગદીશચંદ્રના ભાષણમાંનો "કેટલાક રોપાઓ હિંદુઓ કરતાં ચારગણી વધુ લાગણીવાળા હોય છે, પરંતુ સામાન્ય યુરોપિયન કરતાં હિંદુ વિદ્યાર્થી બમણી લાગણી ધરાવે છે." એ ખુલાસો સાંભળ્યો છે, તેઓ દિલીપકુમારની કદર કરી શકશે તેમજ તેમને સમજી શકશે.

હિંદી સંગીતમાંનું સત્ય

આમાં રહેલું સત્ય કદાચ હિંદી સંગીતમાંથી પણ તરી આવે છે; કારણ આપણે વાંચીએ છીએ કે, "પશ્ચિમના સંગીતની સ્વરમાલિકામાં અર્ધસપ્તકથી કમી સૂર નથી, જ્યારે હિંદી સંગીતમાં પાસપીકના સૂર પણ છે અને તેને લીધે યુરોપિયનો હિંદી સૂરોની નકલ કરી શકતા નથી." વળી પ્રાચીન હિંદુ રાગો ઘણાજ થોડા

યુરોપિયનો જાણે છે અને એ રાગોનાં સ્વરૂપ એવાં છે કે, આપણે પશ્ચિમની "ઓર્કેસ્ટ્રેશન" ની પદ્ધતિમાં ઊતરી શકતા નથી.

હિંદી સંગીતનું ઉચ્ચ વાતાવરણ

ડૉ૦ બેસંટે એક વખત ભાષણ કરતાં જણાવ્યું હતું કે, હિંદી સંગીત બરાબર સમજવા માટે યુરોપિયનોના કાનો કેળવવા જોઇએ. બન્ને સંગીતોમાં તફાવત એ છે કે, જ્યારે પશ્ચિમનું સંગીત મનુષ્યના મૂળ વિકારો અને ભાવોને ઉત્તેજિત કરે છે, ત્યારે હિંદી સંગીત નિર્મળ ભાવવાળું હોઇ ગાનારને ઉન્નત વાતાવરણમાં લઇ જાય છે અને એ વાતાવરણમાંથી પછી ગાનાર અને સાંભળનાર પવિત્ર ધાર્મિક જગતમાં પ્રવેશ કરે છે.

સદીઓ લાગશે

ડૉ૦ રૉયે થોડા વખત ઉપર "હિંદી સંગીતમાં રાગો" એ વિષય પર ભાષણ આપ્યું હતું, જેણે હિંદી સંગીતની સુંદરતા પ્રત્યે આપણી આંખો ઉઘાડી હતી. આ સંબંધમાં એક જાણીતા લેખકના શબ્દો અત્રે યાદ કરવાની જરૂર છે. તે એ કે, "જ્યારે એંગ્લો-સેકસન જાતના વડવાઓ જંગલો અને ગુફામાં રહેતા હતા, પોતાનાં નાગાં બદનો રંગોથી ચીતરતા હતા, કાચું માંસ ખાતા અને વસ્ત્રોમાં જાનવરોનાં ચામડાં પહેરતા હતા, તે વખતે હિંદના ગગનમાં સંસ્કૃતિનો સૂર્ય પૂર્ણ પ્રકાશી રહ્યો હતો અને તેથી હિંદી સંગીત સમજવા માટે આપણા કાનો પૂરતા 'સેન્સિટિવ' થવા માટે જમાનાઓ જોઇશે.

પૂર્વનો ગુપ્તવાદ

પશ્ચિમ સાથે સરખાવતાં ધાર્મિક વિચારણાના ક્ષેત્રમાં હિંદે ઘણી પ્રગતિ કરી છે અને આપણા લોકો પૂર્વનો ગુપ્તવાદ અને ધર્મ શું છે, તે હવે રહી રહીને સમજવા લાગ્યા છે. હિંદી સંગીતની મીઠાશ અનુભવવા માટે આ ગુપ્તવાદનો સાક્ષાત્કાર થવાની જરૂર છે.

મી૦ રૉયની પદ્ધતિ

અંગ્રેજ પ્રેક્ષકો, જે સંગીત તેમની આગળ રજૂ થાય તેનો

રાગ અને આલાપ સાંભળતાં પહેલાં તેનો અર્થ જાણવાને આતુર હોય છે. મિ૦ દિલીપકુમાર આ ખાસિયત જાણતા હોઇ, જ્યારે જ્યારે અંગ્રેજ–પ્રેક્ષકો સમક્ષ ભાષણ કરે છે કે પોતાનાં ગાયનો રજૂ કરે છે, ત્યારે જે રાગો ગાવાના હોય તેના અર્થનો અંગ્રેજી તરજૂમો તે પ્રેક્ષકોને પૂરો પાડે છે અને આ અર્થ ઘણોજ સુંદર હોય છે. રાગની મીઠાશની સાથે ઊંડું તત્ત્વજ્ઞાન અને વેદાંત તેમાં સમાયલું હોય છે. વળી રાગની અંદર જે શબ્દો હોય છે, તે પણ જાણે મોતીના દાણાને ચૂંટી ચૂંટીને મૂકવામાં આવ્યા હોય છે અને તેથી સંગીતની અસર ઘણી બળવત્તર થાય છે.

ભિખારીએ શીખવ્યું

એક વાતથી હું ખરેખર છક થઇ ગઇ. એક મેળાવડામાં એક ઘણોજ અચ્છો રાગ રજૂ કરતાં મિ. દિલીપકુમારે એ નવાઇ જેવી ખબર આપી કે, એ રાગ તેમને કલકત્તામાં તેમના દ્વારે માગવા આવેલા એક ભિખારીએ શીખવ્યો હતો. મિ. રોયને બદલે કોઇ પશ્ચિમનો સંગીતવેત્તા હોત તો એમ જાહેર કરત કે, ઑનરેબલ ફલાણા ઢીંકણા કે લૉર્ડ પેલા કે લેડી પેલીએ, જેમની મિત્રતાનું પોતાને માન છે, તેમણે એ રાગ શીખવ્યો હતો.

મિ૦ રૉયની દેશપ્રીતિ

મિ૦ દિલીપકુમાર રૉયની દેશપ્રીતિ, તેમનાં વર્તન અને તેમના પોશાકમાં તરી આવે છે; પણ તે સાથે મિ૦ રૉયમાં વધુ ગુણ તો એ છે કે, પોતાની સંસ્કૃતિ જાળવી રાખવા સાથે બીજી સંસ્કૃતિ-ઓમાં સારું તત્ત્વ દેખાય તેને ગ્રહણ કરવા તેઓ તત્પર અને આતુર રહે છે.

મિ૦ રોયનો ડ્રેસ શુદ્ધ હિંદી છે અને તે કેવો સુંદર લાગે છે ? અંગ્રેજો પરદેશમાં જાય ત્યારે પોતાનો સ્વદેશી પોશાક જાળવી રાખે છે, પણ તેમના પોશાકમાં રંગોની અચ્છી મેળવણીની ખૂબી હોતી નથી. જ્યારે હિંદી પોશાકમાં રંગોની સુંદર મિલાવટથી આંખ-

ને ઠંડક લાગે છે, ઉપરાંત તંદુરસ્તી માટે પણ તે ઇચ્છવાજોગ છે. વિજ્ઞાને પણ હવે તો સાબિત કર્યું છે કે, ચોક્કસ રંગોથી ચોક્કસ દુ:ખ-દરદો દફે થાય છે. મિ૰ રોય યુરોપ અને ઇંગ્લેંડમાં ઘૂમતાં પોતાના હિંદી પોશાકને છોડતા નથી.

મિ૰ રોય કદી પણ કહેવાતા મોટા લોકોને ખુશ કરવા મથતા નથી. તેમનો પેગામ ઈંગ્લેંડના સામાન્ય વર્ગમાંજ અને તેમને મોજ ચખાડવામાંજ તેમને પોતાને આનંદ આવે છે. વળી મિ૰ રોયમાં બીજો ધ્યાન ખેંચનારો ગુણ તેમની સ્વમાનની તીવ્ર લાગણી છે.

ઇંગ્લેંડમાં વસતા બીજા હિંદીઓની માફક તેઓ "પોતે જિતાયલી પ્રજા છે અને અંગ્રેજો રાજ્ય કરતી પ્રજા છે," એમ કદી માનતા નથી. પોતાના સ્વમાનનો સવાલ આવે ત્યાં તે અડગ હોય છે.

ઇંગ્લેંડમાં સત્કાર

જો કે મિ૰ રોય આ વખતે ખાસ ગોઠવણથી ઇંગ્લેંડ નથી આવ્યા, છતાં પણ અત્યાર સુધીમાં ઈંગ્લેંડ અને સ્કોટલેંડમાં તેમનો સારો સત્કાર થયો છે. થિયોસોફિકલ સોસાયટીની ફેલોશિપલ કલબમાં તેમણે ભાષણ અને સંગીત રજૂ કર્યું હતું. ત્યાં તેમને દિલોજાન આવકાર મળ્યો હતો. લંડન યુનિયન સોસાયટીની કોન્સર્ટ અને ક્રોમ્વેલ એન્ડ નેશનલ ઇંડિયન એસોસીએશનના મેળાવડામાં પણ તેમને ઘણું માન મળ્યું હતું. એક ડ્રામેટિક સોસાયટી સમક્ષ બડવાનનરેશે મિ૰ રોયની ઓળખાણ આપી હતી, ઓકસફર્ડમાં તેમના માનમાં એક મોટો મેળાવડો કરી તેમને ખાણું આપવામાં આવ્યું હતું. પેરિસમાં સોસાયટી ડી સાવા, અનેનાસ આગળ કાઉન્ટેસ પ્રોસોડસના સાલોમાં તેમણે સંગીત રજૂ કર્યું હતું. "ફેલોશિપ ઓફ ફેઇથ" એટલે સર્વધર્મની પરિષદમાં મિ૰ દિલીપકુમાર ભાષણ આપવાના છે અને ત્યાર પછી અમેરિકા જવાના છે. અમેરિકામાં સ્વામી વિવેકાનંદે જે છાપ પાડી હતી, તેવીજ છાપ રોય પાડશે તેમાં નવાઇ નથી. ("હિંદુસ્તાન અને પ્રજામિત્ર"ના એક અંકમાંથી)

૧૪૬–कुलीनतानो काळो नाग

(લેખકઃ–શ્રી સુધાકાન્ત ભટ્ટ)

(એક બળતી બાળાની સાચી કરુણ કથા)

(૧)

[કુલીનતાને નામે સમાજમાં ચાલી રહેલાં પારાવાર પાપની હવે અવધિ થતી જાય છે. નીચેની કરુણ આત્મકથા ગુજરાતના હિંદુસમાજમાં ખરેખરી બનેલી છે. એ હિંદુસમાજ ! મૃત્યુશય્યા પર સૂતેલી બાઇના રડતા હૃદયની કારમી ચીસ સાંભળ અને સાવધ થા !]

" બા, પુષ્પા કાકી, ચંપા ભાભી ! તમે બધાં અહીં આવો; બહાર બીજું જે કોઈ બેઠું હોય તેને પણ લેતાં આવો. ભલે મારી બા ગમે તે કહે. હવે હું તમારી ઘડી બે ઘડીની મહેમાન છું. "

" શ્રદ્ધા, તારું સો વર્ષનું આયુષ્ય હો. એવું અમંગળ ન બોલીએ. " પુષ્પા કાકીએ તેની પાસે જતાં કહ્યું.

" બેટા ! ડોક્ટરે કહ્યું છે કે, તું વધારે બોલીશ તો મગજ ઉપર દબાણ વધશે, માટે આજનો દહાડો શાંત રહે." શ્રદ્ધાની બા વિદ્યાએ દયામણું મોઢું કરીને કહ્યું.

" બા ! મારે આજેજ બોલવું છે. કાલે તો પછી હું અહીં બોલવા કે તને સતાવવા રહેવાની નથી. " મંદસ્વરે શ્રદ્ધાએ શ્વાસ ખાતાં ખાતાં કહ્યું.

ગુલાબની ખીલતી કળીને ભઠ્ઠીમાં નાખી હોય, તેવી શ્રદ્ધાની દશા હતી. એના શરીરનું વાન, એના ચહેરાનો ડોળ, એનું સપ્રમાણ નાક અને એનાં દીર્ઘ ભ્રૂકુટીવાળાં નેત્રો જોઇને કોઇ પણ કહી શકે કે, તંદુરસ્ત હાલતમાં શ્રદ્ધા ખૂબસૂરત ગણાતી કન્યાઓમાંની એક હશે; પરંતુ સુકોમળ વેલીને વિદ્યુતના આછા આછા તાપે કરમાવી નાખવામાં આવી હોય, તેવી તેની દેહલતા કરમાઇ ગઈ હતી.

માંદગીએ તેના શરીરને જેટલું નહોતું તાવી નાખ્યું તેટલું માનસિક વ્યથાએ તાવી નાખ્યું હતું.

પુત્રીનાં કરુણ વચન સાંભળીને વિદ્યાનાં નેત્રોમાંથી મોતી જેવાં અશ્રુઓ ટપકી રહ્યાં. તેણે સાડી પાછળ મુખને ઢાંકવાના ઘણાયે પ્રયત્ન કર્યા; પરંતુ ચતુર શ્રદ્ધા તે જોઇ ગઇ. માતાને આશ્વાસન આપતાં તેણે કહ્યું: "બા ! આમ શોક કર્યે શું વળવાનું છે ? જો હું તને વહાલી હોઉં તો મારી મૃત્યુશય્યા ઉપરની છેલ્લી ઇચ્છા તું પૂર્ણ કર—બધાંને અંદર આવવા દે."

શ્રદ્ધાના શબ્દોથી સર્વને દયા આવી. પુત્રીના આગ્રહ આગળ ડૉકટરની આજ્ઞા માતાને માલ વિનાની લાગી. તેણે બહાર બેઠેલાં સર્વને માનપૂર્વક અંદર બોલાવ્યાં.

માંદા માણસની પાસે આવી, તેને અનેક તરેહના પ્રશ્નો પૂછી કંટાળો આપી, માંદગીમાં વધારો કરવા જેવું હિંદુસંસારમાં નિત્ય બને છે. ડૉકટરોની ગમે તેવી સલાહ હોય કે દરદીને ખુલ્લામાં રાખવો, તેની પાસે વધારે ગરદી થવા ન દેવી, તેની સાથે તો કોઇને વાતસરખીયે કરવા ન દેવી; પરંતુ હિંદુસમાજમાં સોમાં પંચાણું ઠેકાણે તેનાથી ઊલટુંજ વર્તન કરવામાં આવે છે.

પરંતુ વિદ્યાએ આજ સુધી ડૉકટરની દરેક સૂચનાઓનો કડક અમલ કર્યો હતો. આજે પુત્રીનાં કરુણ વચનોએ તેની એ દઢતાને પિગળાવી દીધી.

(૨)

બહારથી બધાં અંદર ગયાં. શ્રદ્ધાએ ધીરે રહીને પડખું બદલ્યું. સૌનો સત્કાર કરતાં તેણે કહ્યું: "આવો."

તેને લાગુ પડેલી ખાંસીથી તેનો અવાજ બદલાઈ ગયો હતો, છતાં પણ એક વખતે તેના ગળામાં કોયલ કે બુલબુલનો વાસો હશે, એવું જણાતું હતું. વિનય અને વિવેકની તો તે શ્રદ્ધામૂર્તિજ હશે. એવું અત્યારે પણ તેની વાતચીતની ઢબ ઉપરથી લાગતું હતું અને

હતું પણ તેમજ.

"બહેન! બધાં આવ્યાં છે, પણ હવે તું વધારે ન બોલે તો સારું." પુષ્પાએ સૌની વતીથી કહ્યું.

"પુષ્પા કાકી! તમારી મારા ઉપરની મમતા એમ કહેવડાવે છે; પરંતુ મારો અંતરાત્મા કહે છે કે, હવે હું બહુ બહુ તો એકાદ દિવસનીજ મહેમાન છું. હું પણ સમજું છું કે, વધારે બોલવાથી મારી પ્રકૃતિ બગડશે; પરંતુ હવે મને જિવાડવાના તમારા બધા ઉપાયો વ્યર્થ જવાના છે. મારી બા, બાપુ, ભાઇ તથા ભાભીએ મારે માટે થાય તેટલું બધું કર્યું છે, પરંતુ એ બધું પાણી વહી જવા પછીથી પાળ બાંધવા જેવું છે."

શ્રદ્ધા ચડેલા શ્રમને લીધે લગાર વિસામો લેવા થોભી. તે વખતે તેણે જોયું તો સાંભળનારામાંથી કોઇની પણ આંખ કોરી નહોતી.

ધીરે રહીને વળી શ્રદ્ધા બોલી: "મારે આજે તમને સર્વને આ મૃત્યુશય્યા ઉપરથી એક શિખામણ આપવી છે. એ મારો જાતિઅનુભવ છે, મારા ટૂંકા જીવનની એ કરુણ કથા છે. હું ઇચ્છું છું કે, એ કથા સાંભળી તમારાં હૃદય દ્રવો! તમે બધાં અત્યારે મારી કાળજી રાખો છો, તેટલી કાળજી મારાં લગ્ન ગોઠવતાં કેમ ન રાખી? બા! પુષ્પા કાકી! માફ કરજો. જીવન સુધી તમારી શરમ પાળી છે, હવે મરણને કાંઠે આવી પહોંચી છું, એટલે જેટલું કહેવું છે તે કહેવા દો. કદાચ એમાં મર્યાદાનું ઉલ્લંઘન થતું જણાય તો માફ કરજો."

"શ્રદ્ધા! એ શું બોલી? તારા જેવી દીકરીઓ બહુ ઓછી થશે." સજળ નયને વિદ્યાએ કહ્યું.

"મારા પિતાજીએ મોટાઇ મેળવવા માટે મારાં લગ્ન સરખાં સરખાંઓમાં નહિ કરતાં, પોતે માની લીધેલા કુળવાનને ઘેર કર્યાં, એ તો તમે સૌ જાણો છો. મારા સસરા આખી નાતને સુધારવાને મોટો બોજો માથે લઇને ફરે છે. મારાં સાસુ દેશમાંથી ચાની બદી દૂર કરાવવા જાહેર ભાષણો કરે છે. મારા પતિ કૉલેજનું ઉચ્ચ

શિક્ષણ મેળવે છે. તમે બધાં એમને કુલીન માનો છો. એ લોકો પણ પોતાને કુલીન ગણાવે છે; પરંતુ અનુભવે મને શીખવ્યું છે કે, તેમનામાં સાચી કુલીનતાનો છાંટો પણ નથી. તેમનું હૃદય કુલીનને છાજતા સદ્‌ગુણોથી વિભૂષિત નથી; પરંતુ નાતમાં એમનું ગામ કુલીન ગણાય છે, એનું માત્ર મિથ્યાભિમાન છે. મારાં માબાપે એ મોટાઇના યજ્ઞમાં મારું બલિદાન આપ્યું છે. મારું અકાળ મરણ મિથ્યા કુલીનતાનેજ આભારી છે. તમે બધાં એ સમજો અને તમારી બાળાઓને એવા ઊંડે કૂવે ન ઉતારો માટેજ હું આ બધું કહી લઉં છું."

વિદ્યાથી ન રહેવાયું. તેનાથી મોટેથી ધ્રુસકે ધ્રુસકે રડી જવાયું. સૌ તેને આશ્વાસન આપવા લાગ્યાં.

વિસામો ખાઇને માંદી શ્રદ્ધા બોલી: "બા! હવે બધો શોક નકામો છે. કુલીનને ઘેર દીકરી દઇ ખોટી મોટાઇ મેળવવાની તમારી લાલસાએ તમારી દીકરીનો ભોગ લીધો છે. કુલીનતાને પગથિયું બનાવી મોટાઇના મંદિરે ચડવાની કલ્પના તમારો ભ્રમમાત્ર હતી. ત્યાં તો પોલો કૂવો હતો, તમારી દીકરીને તમે એમાં ધકેલી મૂકી હતી. બા! માફ કરજે. તારા ગુણોનો પાર નથી. હું ભવોભવની તમારી ઋણી છું; પરંતુ સત્ય વાત કહેવામાં શા માટે અચકાઉં?"

"દીકરી? અરેરે, અમે તે વખતે આમ જાણ્યું નહોતું." વિદ્યાએ રડતાં રડતાં કહ્યું.

"બા! બેશરમી માફ કરજે, પરંતુ આ તારી અઢાર વર્ષની પુત્રી બે વર્ષની પરણેતર જિંદગી ગાળી, અખંડ બ્રહ્મચર્ય સાથેજ ચિતાએ ચડશે. તારો જમાઈ દુનિયાની નજરમાં ભણેલો ગણાતો હોવા છતાં, મારી તેને લગારે કિંમત નહોતી. એનાં માબાપ એના કાનમાં એજ વિષ રેડતાં કે, આપણે કુલીનને તે વળી સ્ત્રીઓનાં માન શાં? બા! મારી સામે ઊભા રહીને તે કદી હસ્યા પણ નથી. મારી સાથે કદી વાત પણ કરી નથી. જ્ઞાતિનો ઉદ્ધાર કરવાનો દંભ

કરનારા મારા સસરા અને દેશને સુધારવાનો દાવો કરનાર સાસુ આ પુત્રવધૂને સદૈવ નળ, ઘંટી અને એઠવાડમાંજ દાટી રાખતાં, ખાવાનું પણ ઠંડું, વાસી અને ઠરેલું. છસો રૂપિયા તમે આપો તોજ સાસુ મને રસોડું બતાવે કે પરણ્યાને મારી સાથે વાત કરવાની પરવાનગી આપે! ઓ પુષ્પા કાકી! ચંપા ભાભી! જોજો, આ તમારાં કુલીન સગાંની કુલીનતા! ડૉક્ટર કહે છે કે નહિ, પરંતુ મને ક્ષય-રોગ લાગુ પડ્યો છે. જેને પૂરેપૂરું ઓઢવા–પાથરવા કે ખાવા ન મળે અને હમેશાં દરણાં દળવાં, પાણી ભરવાં, એઠવાડ કાઢવા, કપડાં ધોવાં એમાંજ રોકાઇ રહેવું પડે અને રાત્રિઓના અખંડ ઉજાગરા થાય, સાસરવાસમાં વિધવાથી પણ વધારે ખરાબ જીવન છતાં સૌભાગ્ય ગાળવાનું થાય, તેને ક્ષયરોગ ન થાય તો બીજું શું થાય? કુલીન સસરાની પણ મેં કેટલીયે ગાળો સહી છે, ખાનદાન સાસુ-જીના હાથના મીઠા મેથીપાક પણ આરોગ્યા છે! વધારે કેટલું કહું?"

શ્રદ્ધાની વીતકવાતો સાંભળી સૌ રડી રહ્યું હતું. તેના પિતા તથા ભાઈ પણ તે દરમિયાન બહારથી આવી વાત સાંભળી રહ્યા હતા અને પોતાને મનમાં ધિક્કારી રહ્યા હતા.

શ્રદ્ધાએ તો આજે બોલવાનો નિરધારજ કર્યો હતો, તે ફરીથી બોલવા લાગી. આ વખતે તેનાં નેત્રોમાં અનેરું તેજ–મુખમંડળ ઉપર દૈવી ઓજસ–ચમકી રહ્યું હતું. કોઈ યોગિની મૈયાસમી તે દીપી રહી હતી. "શું કામ રડો છો? હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, પણ તમારી દીકરી દુઃખી થાય તેમાંયે દૈવી હેતુજ રહ્યો છે. જે ઘેર પારકી પુત્રીઓ દુઃખી થઇ હોય, તે ઘરની પુત્રીઓને સ્વપ્ને પણ સુખ નજ મળે. પિતાજી! બોલો, તમારાજ કુટુંબમાં પુત્રવધૂઓને હીંચકાની સાંકળે ચોટલાઓ બાંધી હીંચકવામાં આવી નથી? તેમને ઘોડાઓની ચાબુકે ફટકાવવામાં આવેલ નથી? તેમના મુખમાં શ્વાનવિ... ભરવામાં આવેલ નથી? નરકયાતના આથી વધારે શું હશે? જગત-ના લોકો! કાન હોય તો આ મૃત્યુશય્યામાં પડેલી સ્ત્રીનાં વચનો

સાંભળજો. જે ઘરની પુત્રવધૂઓ ઉપર ત્રાસ પડે છે, તે ઘરની દીકરીઓ કદી સુખી નહિ થાય. જે ઘરમાં પુત્રવધૂઓ પીડાય છે, તે ઘરની લક્ષ્મી, સુખ, ઉન્નતિ, વિદ્યા, સદાચાર સઘળું હરાય છે! ઓ ખોટી મોટાઈ માટે મરતાં, સાચી ખાનદાની સિવાયના કહેવાતા કુલીનોને ઘેર રહેંસાવા માટે તમારી દીકરીઓ દેનારાં માબાપો! આંખો હોય તો જુઓ, કુલીન કુટુંબનો ભોગ થઈ પડેલ આ સ્ત્રીને!"

(૩)

શ્રદ્ધાની જ્ઞાતિમાં એક વર્ગ પોતાને કુલીન મનાવતો હતો, બીજા વર્ગને તેઓ પોતાનાથી ઊતરતો ગણતા. તેમને પોતાની દીકરીઓ દેતા નહિ; પરંતુ જેમને તેઓ ઊતરતા માનતા તેમની દીકરીઓ ચાંલ્લા વિના લેતા પણ નહિ. બીજા વર્ગમાં પોતાની જાતને માટે શ્રદ્ધા અને આત્મભાન કશુંયે નહોતું. ધીરે ધીરે બધું લુપ્ત થઇ ગયું હતું, એટલે એવું અપમાન પણ રાજી થઇને કબૂલ કરવામાંજ પોતાને મોટાઇ મળેલી ગણતા. પરિણામે કુલીનો એમની દીકરીઓ (પોતાની સ્ત્રીઓ)ને અપાર કષ્ટ આપતા. તેમને પેટપૂરતું ખાવા કે પહેરવા વસ્ત્રો પણ આપતા નહિ. વસ્ત્રો તો એના બાપેજ પૂરાં પાડવાં જોઇએ; એટલુંજ નહિ પરંતુ રસોડાપ્રવેશ માટે તથા બીજી વિધિઓ માટે પણ કન્યાના પિતાએ મોટી રકમ આપવીજ જોઇએ, એવો હક એ વર્ગે સ્થાપિત કરી દીધો હતો.

ન્યાયની ખાતર કહેવું જોઇએ કે, નોકરશાહીનો ખરાબમાં ખરાબ સભ્ય પણ એ કહેવાતા કુળવાનો જેવો સંગદિલ નથી હોતો; જનરલ ડાયરની ક્રૂરતા પણ એમની ક્રૂરતા આગળ કુચ્છ બિસાતમાં ન ગણાય. જેની પુત્રીને તેઓ પત્ની તરીકે સ્વીકારે, તે માણસે એમનું તમામ ખર્ચ નિભાવવુંજ જોઇએ, એવી તેમની માન્યતા હતી. એ વર્ગના શિક્ષિત યુવકો સુધ્ધાં એજ મતને માનનારા અને સ્ત્રીઓને ઘરની ઊંદરડી કરતાં પણ તુચ્છ ગણનારા હતા. આમ છતાં શ્રદ્ધાના પિતા જેવા અનેક પિતાઓ એમની ન્યાતમાં હતા, કે જેઓ કર-

ગરીને પણ તેમને કન્યાઓ આપતા અને એથી પોતાના કુળને આકાશમાં ચડાવેલું ગણતા! જે વર્ગમાંથી સારાસારનો વિચાર કરવાની શક્તિ, સ્વાભિમાન અને વિવેકબુદ્ધિનો નાશ થયો હોય, તે વર્ગની શ્રદ્ધા જેવી નિર્દોષ બાળાઓ અકાળે મૃત્યુમુખે પડે તેમાં શી નવાઇ? એ વર્ગનો ઉદ્ધાર શી રીતે થાય?

શ્રદ્ધા જન્મથીજ કોમળ હૃદયની, સંસ્કારી આત્માવાળી અને દુશ્મનને પણ વહાલી લાગે તેવા સ્વભાવવાળી હતી. એનાં માતપિતાની તે એકની એક પુત્રી હોવાથી કુટુંબની લાડકી હતી. એ લાડને પરિણામે તેના વિદ્યાભ્યાસમાં કે ગૃહવ્યવહારના કાર્યનાં યોગ્ય શિક્ષણમાં લગારે ક્ષતિ આવવા દીધી નહોતી.

શ્રદ્ધાના પિતા એના ગામમાં ડાહ્યા પુરુષ ગણાતા, પાંચ પૈસે સુખી અને પોતાના વિભાગમાં કુલીન ગણાતા; એટલે શ્રદ્ધાને કહેવાતા કુલીનને ઘેર દેવામાંજ તેઓ મોટાઇ માનતા હતા. એને લીધેજ તેમણે પોતાના કુટુંબના રિવાજની સામે થઇને, ન્યાતમાં વધારે ખાનદાન ગણાતા કુટુંબમાં શ્રદ્ધાને દીધી; પરંતુ એમની ન્યાતમાં ચારિત્ર્ય કે વિદ્યાની કસોટીથી ખાનદાની નહોતી અંકાતી. અમુક ગામમાં અને તેમાં પણ અમુક કુટુંબમાં જન્મે તે—પછી ભલે ચોરી કરતો હોય, ગરીબોનાં ગળાં રહેંસતો હોય, ખરાબ કર્મો કરી જેલ સેવી આવ્યો હોય, ભીખ માગતો હોય, છતાં પણ તે—ખાનદાન ગણાતો. પોતાને હલકા ગણાવનારાઓ એ રીતે ખાનદાનીની કસોટી કરતા; એટલે એ કહેવાતા કુલીનો વધારે મક્કમ બની પોતાની જોહુકમી વધાર્યેજ જતા. એ ન્યાતનો યુવકવર્ગ આ નીતિની સામે થતો, પરંતુ શ્રદ્ધાના પિતા જેવાઓ તેમને હસી કાઢતા. પરિણામે કુલીનો વધારે ખાંડ ખાતા. આજે પુત્રીની વાત સાંભળી એજ પિતા પસ્તાઇ રહ્યો હતો!

(૪)

"બહેન! શાંત થા, તારી વાત ખરી છે. અમે હવે અમારી

ભૂલ જોઇ શકીએ છીએ. પ્રભુ તને આરામ કરશે." શ્રદ્ધાના પિતાએ એની શય્યા આગળ આવીને કહ્યું.

બાજુમાંજ શ્રદ્ધાનો જુવાન ભાઈ અવનીશ ચોધાર આંસુ વરસાવી રહ્યો હતો. પોતાની બહેનની વીતકવાર્તા આજે તેણે પહેલીજ વખત સાંભળી હતી. તેનો આત્મા હિંદુસમાજ અને ખાસ કરીને કહેવાતા કુલીનો સામે બંડ ઉઠાવવા કકળી રહ્યો હતો.

"પિતાજી! હવે આરામ તો પ્રભુ પોતાની પાસે બોલાવીનેજ આપશે, પરંતુ તમે મારા દૃષ્ટાંતને ભૂલશો નહિ. મારા ભોગે પણ ન્યાતમાં આટલો સુધારો થાય કે બીજી બાળાઓના ભોગો લેવાતા બચે તોપણ ક્યાં?"

શ્રદ્ધા વધુ બોલવા ઇચ્છતી હતી, પરંતુ શ્રમ એટલો જણાતો હતો કે બોલી શકાતું નહોતું.

એના પિતાએ કપાળ પર સ્નેહથી હાથ ફેરવતાં કહ્યું: "બહેન! વિશ્રાંતિ લે, હવે બહુ બોલવા જતાં તબિયત બગડશે."

શ્રદ્ધાના મુખમંડળ ઉપર દિવ્ય તેજ પ્રકાશી ઊઠયું. કોઈક અકલ્પ્ય બળે તે બેઠી થઇ ગઇ. તેને ભાન નહોતું, હવામાં હાથ ફેરવતાં તે પોકારી ઊઠી: "હિંદુસમાજ! મૃત્યુશય્યામાં સૂનારીનાં વચનો સાંભળી લે! હજી જો તારા પિશાચી યંત્રમાં સ્ત્રીવર્ગને આમજ છૂંદાવા દઇશ તો હાલના કરતાં પણ તારો વધુ અધઃપાત થશે! પ્રભુની નજરમાં પણ હવે આ જુલમ ખૂંચી રહ્યો છે. નિર્દોષ બાળાઓની ચિતામાં બળી ન મરવું હોય તો ઓ સમાજ! ચેત."

છેલ્લા શબ્દો બોલતાંજ શ્રદ્ધા ગબડી પડી, તેનાં નેત્રો વિકસિત થઇ ગયાં, મોં સહેજ પહોળું થઇ ગયું; તે હમેશને માટે ગઈ.

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

१४७–धर्मनी अंतिम परीक्षा*

મુગલસરાયના સ્ટેશન ઉપર અસંખ્ય મનુષ્યોની ભીડ જામી હતી. સૂર્યગ્રહણ–સ્નાનનું મહાપુણ્ય મેળવવાના હેતુથી સેંકડો ગામના યાત્રાળુઓ દૂર દૂરથી આવેલા હતા. અર્ધી રાત્રિના સમયે મુગલસરાયના સ્ટેશનનું પ્લેટફૉર્મ મધમાખોની પેઠે યાત્રાળુઓથી ઊભરાઈ ગયું હતું. એટલી બધી ભીડ હતી કે નબળાપોચા માણસને તેમાંથી સુરક્ષિત બહાર નીકળવું મુશ્કેલ હતું. શોરબકોર પણ એટલો હતો કે, કોઇ કોઈની વાત સ્પષ્ટ સાંભળી શકાતી નહોતી. કેટલાક એકબીજાનો હાથ પકડીને કંપાઉંડ બહાર જવા માટે પ્રયત્ન કરતા હતા. કેટલાક એક સ્થળે ઊભા રહી ભીડ ઓછી થવાની રાહ જોઇ રહ્યા હતા. કેટલાક ગભરાયેલી હાલતમાં પોતાનાથી છૂટા પડી ગયેલાને બૂમો પાડી રહ્યા હતા.

આ ભયંકર ભીડમાંથી એક બાળા છૂટી પડી જવાથી પ્લેટફૉર્મના એક ખૂણા ઉપર ઊભી ઊભી કાંપતી હતી. તેનું વય આશરે ૨૨ વર્ષનું હશે. તેણે બે–ત્રણ વર્ષનું એક નાનું બાળક તેડેલું હતું. તેનાં વસ્ત્ર વગેરે જોઈ તે કોઈ કુલીન ઘરની વિધવા હશે, એમ સહજ અનુમાન થઇ શકતું હતું અને ખરેખર તે વિધવાજ હતી. તેનું નામ શાંતા. ૧૮ વર્ષની ભરયુવાનીમાં સગર્ભાવસ્થામાં પ્રભુએ તેને વૈધવ્ય આપ્યું હતું. ઊગતી જુવાનીમાં પતિવિહીન બનેલી શાંતા પોતાના નાના બાળકનું મુખ જોઇ વૈધવ્યદુઃખને વીસરી જવા મથતી હતી. આ બાળકને તે પોતાનું સર્વસ્વ સમજતી હતી. તેનાં સાસુ–સસરા તેના ઉપર ઘણીજ માયા રાખતાં હતાં. પોતાની પુત્રી પ્રમાણે પુત્રવધૂ પ્રત્યે વર્તતાં હતાં, તેઓ અત્યંત ધાર્મિક હતાં. આજે

* હિંદી ઉપરથી ભાવાનુવાદિત

સૂર્યગ્રહણ-પ્રસંગે નદીસ્નાન કરવા માટે શાંતાને લઇને મુગલસરાય આવ્યાં હતાં. અત્યંત ભીડમાં શાંતા તેમનાથી છૂટી પડી જવાથી પ્લેટફોર્મના એક ખૂણામાં ઊભી રહી સાસુ-સસરાને શોધી રહી હતી.

અર્ધી રાત્રે અજાણ્યા સ્થળે આમ એકાએક વડીલોથી જુદી પડી જવાથી તે ગભરાઇ ગઇ હતી. તેણે બે હાથમાં ગોપાલને (તેનો પુત્ર) તેડ્યો હતો. સાસુ-સસરાને જોવા માટે તે વ્યાકુળ હૃદયે ઊંચી થઇ થઇને ચારે બાજુ દૃષ્ટિ ફેરવી રહી હતી. એવામાં એક આધેડ વયની સ્ત્રી તેની બાજુમાં આવીને ઊભી. થોડી વારે તેણે શાંતાને પૂછ્યું:-"બહેન! ક્યાં જવાનાં છો?" શાંતા તેના સામું જોઇ રહી, કંઇ બોલી નહિ. થોડી વારે વળી પેલી સ્ત્રીએ અતિ નમ્રતા અને મીઠાશથી પૂછ્યું:—

"તમે ક્યાં જવાનાં છો? કોઇ તમારી સાથે છે કે એકલાં છો?"

શાંતાએ કહ્યું: "મારી સાથે મારાં વડીલો છે, તેઓ મારાથી છૂટાં પડી ગયાં છે. તેમની શોધમાં હું અહીં ઊભી છું."

પેલી સ્ત્રીએ કહ્યું: "બહેન! તમે ગભરાશો નહિ. હમણાં તેઓ આવી પહોંચશે, નહિ તો હું તેમને શોધી કાઢીશ."

શાંતા: "પણ આટલી ભારે ભીડમાં તેઓ શી રીતે હાથ લાગશે?"

પેલી સ્ત્રીએ કહ્યું: "હા, ભીડ તો ઘણી છે. મને લાગે છે કે કદાચ તેઓ સ્ટેશનની બહાર પણ નીકળી ગયાં હોય! તમે મારી સાથે ચાલો. આપણે બહાર નીકળીને તેમની તપાસ કરીએ!"

કદી પણ ઘરની બહાર નહિ નીકળેલી ભોળી શાંતા ગભરાયેલી હાલતમાં ગોપાલ સહિત અજાણીની પાછળ પાછળ ચાલવા લાગી. સ્ટેશનની બહાર ઘોર અંધારું હતું, અહીં તો નજીક ઊભેલું માણસ પણ હાથ લાગે તેમ નહોતું. પેલી અજાણી સ્ત્રીએ શાંતાને કહ્યું કે,"અહીંથી થોડે દૂર સામે એક મોટી ધર્મશાળા છે. ત્યાં સઘળા જાત્રાળુઓ એકઠા

થાય છે, માટે આપણે ત્યાં જઇશું તો જરૂર તમારાં વડીલો મળી જશે."

શાંતાની શુદ્ધિ ગુમ થઈ ગઇ હતી. તેને આ સૂચના ઠીક લાગી. આગળ પેલી સ્ત્રી અને પાછળ બાળકને તેડી શાંતા ચાલવા લાગી. અર્ધી રાત્રિ વીતી ગઈ હતી. સ્ટેશન સામેના જનશૂન્ય મેદાનમાં થોડુંક આગળ ચાલ્યાં તેટલામાં એક મોટા વૃક્ષ પાછળથી ત્રણ પુરુષો નીકળી આવ્યા. તેમાંના એક જણે પ્રશ્ન કર્યો: "કોણુ અમીના ?"

પેલી અજાણી સ્ત્રીએ ઉત્તર આપ્યો: "જી હાં, હજૂર ! હું છું. આજે તો એક કાફર ગુલામડીને આપની સેવા માટે પકડી લાવી છું."

શાંતા આ અણુધારી ઘટનાથી અત્યંત ગભરાઈ ગઇ. ભયભીત બનીને ધ્રૂજવા લાગી.

અમીનાએ તેને કહ્યું: "અત્યારે રાત્રિ ઘણી વીતી ગઇ છે, માટે હમણાં મારી સાથે સામેના મકાનમાં ચાલો અને થોડી વાર વિશ્રાંતિ લો. સવારે ધર્મશાળામાં જઈ, તમારાં વડીલોને મળીશું !"

શાંતાએ કંઇ જવાબ આપ્યો નહિ. શું કરવું તે વિચારવા લાગી ! નાસીને અજાણ્યા સ્થળે કયાં જવું ? બૂમ મારું તો કોણુ સાંભળે? વગેરે તર્ક–વિતર્કથી તેનું મગજ ભમી ગયું. તેને ચક્કર આવતાં હતાં, તોપણુ એક વસ્તુનું તેને પૂર્ણ ભાન હતું; તેનું શિયળ ભયમાં હતું. તેણે દૃઢતાથી પેલી કુલટાને ઉત્તર આપ્યો: "મારે કોઇ ઠેકાણે આવવું નથી. મને પાછી સ્ટેશન ઉપર પહોંચાડી દો."

આ વાકય તેના મુખમાંથી નીકળતાંજ પાછળથી એક દુષ્ટ મુસલમાને તેને બાથમાં પકડી લીધી, બીજાએ મુખ ઉપર લૂગડાનો ડૂચો દબાવી દીધો, ત્રીજાએ તેના બાળકને ઉપાડી લીધું. શાંતાને પણુ ઊંચકી લીધી. શાંતાએ પાપીઓના હાથમાંથી છૂટવા માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ યમદૂત જેવા મ્લેચ્છોના બળ આગળ તે સઘળું વ્યર્થ હતું.

આ દુષ્ટોની એક ટોળી હતી. તેમાં અમીના પણુ મળેલી હતી. તે નિત્ય સ્ટેશન ઉપર પ્રત્યેક ગાડીના સમય ઉપર હાજર રહેતી અને

કોઇ અણજાણી-ભૂલેલી હિંદુ અબળા હાથ લાગી જાય તો તેને ફસાવીને આ ટોળીવાળાને સોંપી દેતી. ટોળીવાળા પાપી મુસલમાનો તે સ્ત્રીનું સતીત્વ નષ્ટ કરી બળાત્કારે તેને મુસલમાન બનાવી દેતા. અહીં સપડાયેલી કોઇ સ્ત્રી ભાગ્યેજ પુનઃ પોતાના મૂળ ઠેકાણે જવા યત્ન કરતી; કારણ કે આવા સ્થળમાંથી પાછી ફરેલી સ્ત્રીનો તેના કુટુંબમાં સ્વીકાર થવો પણ અસંભવિત હતો.

શાંતાને આ દુષ્ટો એક ઘરમાં ગુપ-ચુપ લઇ ગયા. ત્યાં એકાંત ઓરડામાં તેને તથા તેના ગોપાલને પૂરવામાં આવ્યાં! તે પછી બાજુના ઓરડામાં સઘળા યવનો એકઠા થયા અને શાંતાનું શિયળ ભંગ કરી તેને મુસલમાન બનાવવાનો વિચાર કરવા લાગ્યા. પેલી દુષ્ટ અમીના બહારના દરવાજે ચોકી કરતી બેઠી.

અહીં કેદ પકડાયેલી શાંતા અજાણ્યા એકાંત સ્થળમાં ભયભીત હાલતમાં ગોપાલને ખોળામાં લઇને મુક્ત થવા માટે અનેક તર્ક-વિતર્ક કરવા લાગી. તેને કોઇ માર્ગ સૂઝતો નહોતો. નાનકડા ગોપાલ અને પોતાનું ભવિષ્ય અતિ ભયંકર જણાવા લાગ્યું. તેને એક વિચાર સૂઝી આવ્યો. જાજરૂ જવાનું બહાનું કાઢી નાસી છૂટવું; પણ પોતાના પ્રાણપ્રિય પુત્રનું શું થાય? પુત્રને લઇને જાજરૂ જવાનું બાનું કાઢી શકાય નહિ. જો નાસી છૂટાય નહિ, તો જેના માટે ભારતની રમણીઓ ભડભડતી આગમાં ઝુકાવીને પોતાના જીવનનું બલિદાન આપી દેતી, તે મહામૂલા શિયળનો સંપૂર્ણ નાશ થવાનો સંભવ હતો. પવિત્ર આર્યકુળનું ધાવણ ધાવેલી શાંતા પણ સર્વસ્વનો-એકના એક પુત્રનો પણ નાશ થાય તોપણ ધર્મભ્રષ્ટ થવા તૈયાર નહોતી. શિયળ માટે પુત્રપ્રેમને તુચ્છ સમજનારી આર્યજનની આ પૃથ્વીમાં એકજ અને અજોડ છે. શાંતાએ પુત્રને છાતીસરસો ચાંપી આંસુભરી આંખે તેને પ્રભુના ખોળે મૂકી ઓરડાના દ્વાર પાસે જઇ, "ઓ બાઈ! ઓ બાઈ!" એમ કહી પેલી દુષ્ટા અમીનાને

બોલાવવા લાગી, તેનો અવાજ સાંભળી અમીના અને બે–ત્રણ યવનો બારણું ઉઘાડી અંદર આવ્યા. શાંતાએ તેમને નમ્રતાથી જાજરૂ જવાની ઇચ્છા દર્શાવી. પ્રથમ તો આ પાપીઓ વહેમાયા, પરંતુ શાંતાનો બાળક ઓરડામાંજ હતો, એટલે તેને છોડીને તે નાસી નહિ જાય એમ જાણીને અમીના સાથે તેને ઘરબહાર જાજરૂ જવાની રજા આપી. શાંતાએ કઠોર હૈયું કરીને પુત્રને છેવટનો નીરખી લીધો. તેનાં નેત્રોમાં આંસુ છલકાઇ ગયાં. નીચું મુખ કરીને તે અમીના સાથે ઓરડા બહાર નીકળી. પેલા પાપીઓ પાછા પોતાના ઓરડામાં જઇ બેઠા.

શાંતાએ હવે ચંડિકાનું રૂપ ધારણ કર્યું. તેના રોમરોમમાં પવિત્રતા–સતીત્વના જોશથી ઉષ્ણ રુધિર વહેવા લાગ્યું. પેલા પાપી યવનો પોતાના ખાનગી ઓરડામાં જઈ બેઠા કે તરતજ શાંતાએ તે ઓરડાનાં અંદરથી બંધ કરેલાં દ્વારને બહારની સાંકળ ચડાવી દીધી. અને વિકરાળ વાઘણની પેઠે કૂદીને નીચ અમીના ઉપર તૂટી પડી! અમીના આ પ્રસંગ માટે બિલકુલ તૈયાર નહોતી. તે બિલકુલ અસાવધ હોવાથી શાંતાએ કંઈ પણ હરકત વગર તેનો ચોટલો પકડી જમીન ઉપર ચત્તાપાટ પછાડી અને છાતી ઉપર ચડી બેઠી! અમીના બૂમો મારવા લાગી. પેલા યવનો તેની બૂમો સાંભળી એકદમ બહાર આવવા માટે ઊઠ્યા; પરંતુ ઓરડાના દ્વારની બહારથી સાંકળ વાસેલી હતી. ઘણા આંચકા મારવા લાગ્યા, પરંતુ મજબૂત દ્વાર અને મજબૂત સાંકળ જરા પણ મચક આપે તેમ નહોતું. તેઓ દ્વાર તોડવા માટે અંદરથી લાકીઓના પ્રહાર કરવા લાગ્યા. બહાર શાંતા અને અમીનાનું દ્વંદ્વયુદ્ધ થઇ રહ્યું હતું. અમીનાની છાતી ઉપર ચડી બેઠેલી શાંતાને એકદમ કંઇ પ્રેરણા થઈ આવી હોય તેમ તેણે મહાકાળીનું રૂપ ધારણ કરી પાપિણી અમીનાના કંઠ ઉપર બન્ને હાથના અંગૂઠા જોરથી દબાવી દીધા. અમીનાનો પ્રાણ રૂંધાવા લાગ્યો અને તેના હાથ–પગ તરફડવા લાગ્યા.

આ બાજુ લાઠીના પ્રહારથી ઓરડાનું મજબૂત દ્વાર તૂટે એમ

નહિ લાગવાથી યવનોએ એક યુક્તિ શોધી કાઢી. તેમણે જોરથી બૂમ મારી શાંતાને ધમકી આપી કે, “જો દ્વાર નહિ ઉઘાડે તો તારા છોકરાને કાપી નાખીશું !” શાંતા તો ગાંડી બની ગઇ હતી, તેને દેહનું પણ પૂરું ભાન નહોતું; તે તો અમીનાના કંઠમાં બન્ને અંગૂઠા ઘુસાડી દેવા માટે જોર કરી કરીને આંચકા દઇ રહી હતી. યવનોએ શાંતાના બાળકને સોટી વડે મારવા માંડયો. બાળક બૂમે બૂમ પાડવા લાગ્યો. શાંતા આ કંઇ સાંભળતી નહોતી. થોડી વારમાં તો પાપીએ દરવાજા ઉપરની જાળીમાંથી બાળકનો કાંડામાંથી કાપી નાખેલો પંજો બહાર ફેંકયો. રુધિરથી લાલચોળ રંગાઇ ગયેલો પંજો બરાબર શાંતાની સમક્ષ આવી પડ્યો. પડતાંજ તેના રુધિરના છાંટા શાંતાના મુખ ઉપર પડ્યા. શાંતા ચમકી. આંખો ફાડીને પંજા સામું જોઇ રહી. કુમળી કળી જેવી પુત્રની આંગળીઓ ઓળખી કાન ફાડી નાખે તેવી ચીસ પાડીને તેણે અમીનાનો કંઠ દબાવી દીધો ! અમીનાની આંખો ફાટી ગઈ. અંતે જિંદગીભર કરેલાં પાપોનો હિસાબ આપવા તેનો અધમ આત્મા કિરતારના દરબારમાં ઊડી ગયો !

શાંતા અર્ધઘેલી જેવી હાલતમાં તે દુષ્ટાની છાતી ઉપરથી ઊઠીને બહાર માર્ગ ઉપર દોડી આવી, બૂમો મારવા લાગી. થોડીવારમાં પાંચ-પચીસ માણસોનું ટોળું તેની આસપાસ ફરી વળ્યું. પોલીસના બે-ત્રણ સિપાઇઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે શાંતાને શાંત પાડી, વસ્તુસ્થિતિ જાણી બીજા વધારે પોલીસોને બોલાવીને તેઓએ દરવાજો ઉઘાડયો, સર્વને પકડી લીધા. બહાર અમીનાનું મુડદું પડયું હતું. શાંતા “મારો પુત્ર કયાં ?” એવી બૂમ પાડી જ્યાં પોતાને પૂરવામાં આવી હતી તે ઓરડામાં દોડી. પાપીઓએ તેના પુત્રનું માથું ધડથી જુદું કરી નાખ્યું હતું. તેણે છાતી-માથું કૂટયાં નહિ. તેની માનસિક અવસ્થા દિવ્ય બની ગઇ હતી. પુત્રના મસ્તકને તેણે હાથમાં ઉપાડી લીધું અને છાતીસરસું ચાંપીને નાચવા લાગી-ગાવા લાગી.

મેં તો દીકરો વેચી સત લીધું રે,
મેં તો ધન્ય જીવન આજ કીધું રે."

પેલા યવન-પાપીઓને પ્રાણદંડ મળ્યો; તેમાંના માત્ર બે જણ કાળા પાણીની સજા પામ્યા. શાંતાને સરકારે શાબાશી આપીને સસરાને ઘેર પહોંચાડી દીધી. તેને માટે ગામમાં વાત ચાલી:—
"દીકરો ગુમાવ્યો, પણ શિયળ-ધર્મ ન ગુમાવ્યો !"

("આર્યપ્રકાશ"ના એક અંકમાંથી)

૧૪૮—नवुं काट नहि खाय तेवुं पोलाद

રસાયણી પ્રયોગોમાં વધારે ઉપયોગી અને બીજે બધે સ્થળે પણ વધારે કીમતી, કાટ નહિ ખાય તેવું પોલાદ કે જેનું પ્રમાણ ઉત્તમ પીગળી જાય તેવું ગણાય છે, તે વસ્તુની બનાવટ મેસર્સ ફર્થ કંપનીએ હમણાં કરી છે અને બજારમાં વધારે કિંમતે વેચે છે. આ પોલાદ પતરાં, સળિયા, બારો, નળીઓ, તારો વગેરે દરેક જાતના આકારમાં મળે છે; અને ઉપરાંત હવાના ફેરફારની સામે ટક્કર ઝીલે છે, કાટ ખાતું નથી, ભેજ લાગતો નથી, દરિયાનું પાણી અસર કરતું નથી, તેમજ તેજાબ પણ આ પોલાદનું મુદ્દલ રૂપ ફેરવતું નથી. દર ચોરસ ઇંચે ૧૫ ટનની આ પોલાદની પેદાશ છે અને સ્ટેબ્રાઇટ સિલ્વર સ્ટીલને નામે વિલાયતના બજારમાં વેચાય છે.

("હિંદુસ્તાન"ના એક અંકમાંથી)

भाग बीजो समाप्त

भारतीय वीरने !

હે હિંદુસ્તાનના વીરપુત્ર ! તું બહાદુર થા, હિંમતવાન તું હિંદુ છે તે માટે મગરૂર થા ! અને જગતને જાહેર કર કે, હિંદુ છું, હિંદુસ્તાનમાં જન્મ્યો છું અને દરેક હિંદવાસી–હિં બ્રાહ્મણ અને ભંગી પણ–મારો ભાઈ છે."

ઓ હિંદવાસી ! તારી કેડ ઉપર એકમાત્ર લંગોટી રહેલી તોપણ તું ગર્વથી મોટે સાદે કહેજે કે, "હિંદનું જીવન એજ : જીવન છે; હિંદના દેવોજ મારા ઉપાસ્ય છે; હિંદનો સમાજ એ મારા બાળપણનું પારણું, જુવાનીની વિલાસભૂમિ અને ઘડપણની સ્વર્ગસમી કાશી છે."

ઓ મારા ભાઈ ! તું જગતને કહેજે કે, "હિંદુસ્તાનની પવિત્ર ભૂમિ એજ મારી સ્વર્ગભૂમિ છે અને હિંદુસ્તાનનું કલ્યાણ એજ મારું કલ્યાણ છે."

હે ભારતીય ! આ મહામંત્રનો તું રાતદિવસ જપ કરજે કે, "હે લક્ષ્મીપતિ ! હે ગૌરીપતિ ! હે જગદંબા ! મને ખરું પુરુષત્વ આપજો ! હે સર્વ પ્રકારના બળ–ઐશ્વર્યના ભંડાર ! મારી નિર્બળતાનો, મારી ભીરુતાનો નાશ કરજો અને મને ખરો મર્દ બનાવજો."

હે ભારતવાસી ! તું ભૂલી જતો નહિ કે, તારી સ્ત્રીઓનો આદર્શ સીતા, સાવિત્રી અને દમયંતી છે; જે દેવને તું પૂજે છે તે મહાત્યાગી ઉમાપતિ–શંકર છે; તારું લગ્ન, દ્રવ્ય અને જીવન ઇંદ્રિયસુખને માટે નથી, તેમ તે તારા એકલાનાજ સુખને માટે પણ નથી; તારો જન્મ માતૃભૂમિના યજ્ઞમાં બલિદાનને માટેજ છે; અને તારું સામાજિક બંધારણ પ્રભુપ્રેમનું પ્રતિબિંબજ છે.

શુ. ૨. —સ્વામી વિવેકાનંદ